# શ્રી મલ્લિનાથ

## ચરિત્ર મહાકાવ્ય

### ભાગ-૧ (સાનુવાદ)



-: સંપાદિકા :-

પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ. સા.

-: પ્રકાશક :-

સ્વ. પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા, હળવદ.

પૂ.આ.ભ.શ્રી વિજયવિનયચંદ્રસૂરીશ્વરજી
મહારાજા વિરચિત

# શ્રીમલ્લિનાથ ચરિત્ર

## મહાકાવ્ય ભાગ-૧

## (સાનુવાદ)

❖ પૂર્વ સંશોધક ❖

શ્રાવક પં. હરગોવિન્દદાસ તથા બેચરદાસ

❖ સુદપદેશક ❖

વાત્સલ્યવારિધિ પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્
વિજય નરચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

❖ સંકલન-સંપાદન ❖

જયશિશુ પૂ. સા. શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ.સા.

❖ પ્રકાશક ❖

સ્વ. પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર
જૈન ગ્રંથમાળા, હળવદ

❖ **શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય સાનુવાદ ભાગ-૧**

❖ **કર્તા :** પૂ.આ.ભ. શ્રી વિજય વિનયચંદ્રસૂરિ મ. સા.

❖ **પૂર્વ સંશોધક :** શ્રાવક પંડિતશ્રી હરગોવિંદદાસ અને બેચરદાસ

❖ **સદુપદેશક :** પૂ. આ. ભ. શ્રી વિજયનરચંદ્રસૂરિ મ.સા.

❖ **સંશોધક :** પૂ. મુનિશ્રી ધર્મતિલકવિજય ગણિવર

❖ **સંકલન-સંપાદન :** જયશિશુ પૂ.સા.શ્રી સૌમ્યજ્યોતિશ્રીજી મ.સા.

❖ **પ્રકાશક :** સ્વ. પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી ગણિવર જૈન ગ્રંથમાળા, C/o. મનોજ પી. શેઠ
ન્યુજૈન સ્વીટ માર્ટ, ધ્રાંગધ્રા દરવાજા
બહાર, હળવદ (સૌ.) ૩૬૩૩૩૦

❖ **પ્રકાશન વર્ષ :** ૨૦૭૧, ચૈત્રવદ-૫, આવૃત્તિ-પ્રથમ (સાનુવાદ)

❖ **નકલ :** ૫૦૦ ❖ **કિંમત રૂ.** ૪૫૦/- બન્ને ભાગની.

❖ **મુદ્રક :** નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, મો. ૯૮૨૫૫૯૮૮૫૫

**પ્રાપ્તિસ્થાન**

| | |
|---|---|
| **(૧) પ્રકાશક**<br>સ્વ.પૂજ્ય પંન્યાસપ્રવરશ્રી<br>કાંતિવિજયજી ગણિવર<br>જૈન ગ્રંથમાળા, હળવદ | **(૩) દેવાંગ કે. ચોક્સી**<br>૨૩-એ, રંગસાગર ફ્લેટ<br>પી.ટી.કોલેજ રોડ<br>ચંદ્રનગર કે પાસમેં, પાલડી<br>અમદાવાદ-૩૮૦૦૦૭ |
| **(૨) મયૂરભાઈ દવે**<br>મહારાષ્ટ્ર ભુવન<br>તલેટી રોડ<br>પાલિતાણા-૩૬૪૨૭૦ | **(૪) દિપક જી. દોશી**<br>કાપડના વેપારી<br>દેપાળાવાડ સામે<br>વઢવાણ શહેર(સૌ.)૩૬૩૦૩૦ |

**(૫) સરસ્વતી પુસ્તક ભંડાર ફોન નં. ૦૭૯-૨૫૩૫૬૬૯૨**
હાથીખાના, ૧૧૨, રતનપોળ, અમદાવાદ

# તમે લાભ સવાયા લીધા

પૂજ્યપાદ સિદ્ધાન્તમહોદધિ કર્મસાહિત્યનિપુણમતિ સ્વર્ગીય પરમગુરુદેવ આચાર્ય ભગવંતશ્રીમદ્ **વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજાના** પટ્ટાલંકાર પરમ સંયમમૂર્તિ નિઃસ્પૃહ શિરોમણિ પૂજ્યપાદ આચાર્યભગવંત શ્રીમદ્ **વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના** પટ્ટાલંકાર વર્ધમાન તપોનિધિ શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્ **વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજા**ના સદુપદેશથી પ્રસ્તુત ગ્રંથ શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય સાનુવાદ ભાગ-૧-૨ પ્રકાશિત કરવાનો સંપૂર્ણ લાભ

૧. શ્રી શાંતિભુવન જૈન સંઘ-જામનગરના જ્ઞાનખાતાના દ્રવ્યમાંથી તથા

૨. શ્રી મણીબાઈ શ્રાવિકા જૈન ઉપાશ્રય જામનગરના જ્ઞાનખાતાના દ્રવ્યમાંથી આ ગ્રંથ પ્રકાશિત કરવાનો લાભ લેવામાં આવ્યો છે તેની અમે ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ.

લિ. પૂ. પં. શ્રી કાંતિવિજયજી ગણિવર
જૈન ગ્રંથમાલા

હળવદ

## "त्वदीयं तुभ्यं समर्पयामि"

પૂજ્યપાદ સૂરિપ્રેમના પટ્ટાલંકાર અને સૂરિરામના લઘુબંધુ નિઃસ્પૃહ શિરોમણિ પૂજ્યપાદ આચાર્યદિવશ્રીમદ્ વિજય હીરસૂરીશ્વરજી મહારાજાના પટ્ટધરરત્ન વર્ધમાન-તપોનિધિ સરળસ્વભાવી પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્-વિજય લલિતશેખરસૂરીશ્વરજી મહારાજાના સુવિનીત વિનેય પટ્ટાલંકાર ગીતાર્થ શિરોમણિ-મહાસંયમી-પ્રાચીન ગ્રંથોના ભાવાનુવાદના સ્પેશ્યાલિસ્ટ સ્વર્ગીય ગુરુદેવ પૂજ્યપાદ આચાર્યદેવેશશ્રીમદ્ **વિજય રાજશેખર-સૂરીશ્વરજી મહારાજા !**

આપે મારા પર કરેલા અનંત ઉપકારોની સ્મૃતિ આ ત્રીજુ પુષ્પ

૧. જયતિહુઅણ સ્તોત્ર સાર્થ

૨. મદનરેખા આખ્યાયિકા

૩. શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય સાનુવાદ

સાદર સમર્પણ કરતા ધન્યતા અનુભવું છું.

**- જયશિશુ સા. સૌમ્યજ્યોતિશ્રીની**
**કોટીશઃ વંદનાવલી**



**શ્રી મલ્લિનાથ ભગવાન**

શ્રી ભોયણી મહાતીર્થ

# प्रस्तावना

अस्य श्रीमल्लिस्वामिचरितनाम्नो महाकाव्यस्य प्रणेतारः कविचक्रशक्राः कुन्देन्दुकीर्तय आगमगगनगगनध्वजाः श्रीविनयचन्द्रसूरयः के ?, कीदृशाः ?, कं च लोकं कदा स्वचरित्रपावित्र्येण पावयांचक्रिवांस ?, इति जिज्ञासमानस्य जिज्ञासाऽस्यैव काव्यस्य प्रशस्तिप्रतिष्ठितश्लोकान् दृष्ट्वैवोपशाम्यति; तथाहि –

तमोपहारी सद्वृत्तो, गच्छश्चन्द्रोऽभवद् भुवि ।
चित्रं न जलधी रागं, यत्र चक्रे कदाचन ॥१॥

तस्मिन्नभूत् शीलगणाभिधानः, सूरिः समापूरितभव्यवाञ्छः ।
यत्पञ्चशाखः किल कल्पवृक्षश्छायां नवीनां तनुते जनानाम् ॥२॥

यत्पार्श्वं किल देवता त्रिभुवनस्वामिन्युपेता स्वयं,
पूर्वप्रीतितरङ्गितेव वचसा बद्धैव कृष्टेव च ।
सौभाग्याद्भुतवैभवो भवमहाम्भोराशिकुम्भोद्भवः,
श्रीमानत्र स मानतुङ्गगणभृन्नन्द्यादविद्यापहः ॥३॥

यस्योच्चैः परिपाकपेशलतरां तृप्तिं प्रदत्तेऽङ्गिनां,
व्याख्यापर्वणि भारती रसवती लावण्यपुण्या भृशम् ।
एतद् नूनमजीर्णमप्यविकलं यस्याः सुखं निस्तुषं,
श्रीमानेष रविप्रभः स विजयी स्तात्सूपकारः परः ॥४॥

विविधग्रन्थनिर्माणविरञ्चिरुचिरो गुरुः ।
योऽभूद् रजोगुणो नैव, नालीकस्थितिमान् क्वचित् ॥५॥

श्रीमद्रैवततुङ्गशैलशिखरे सुध्यानलीनायुषा
स्वायुःकर्मतरुप्रपातवशतो लेभे गतिस्ताविंषी[१] ।
भव्यव्रातमनःकुरङ्गशमकृत् तत्पट्टभूषाकरो
रामः श्रीनरसिंहसूरिरभवत् विद्यात्रयीपावनः ॥६॥

---

१. दैवी ।

नित्यं यः समितौ रतः कलयते सद्गुप्तिशक्तित्रय-
सातत्यं व्रतपञ्चवल्लभलसद्गन्धर्वगर्वोद्धुरः ।
श्रीमत्पूज्यरविप्रभप्रविकसत्पट्टक्षमालंकृतिः
साक्षादेष नरेन्द्र एव जयति श्रीमन्नरेन्द्रप्रभः ॥७॥

दुर्वारप्रतिवादिविन्ध्यशमकृच्चान्द्रे कुले विश्रुतो
देवानन्द इति प्रसिद्धमहिमोद्दामा मुनिग्रामणीः ।
अष्टव्याकरणाम्बुधीन् निरवधीन् शब्दोर्मिमालाऽऽकुलान्
यः स्वव्याकरणप्रशस्तिचुलुकैश्चित्रं चकारोच्चकैः ॥८॥

तच्छिष्योऽजनि जागरूकमहिमा रत्नप्रभाख्यप्रभुः
पट्टे श्रीकनकप्रभः प्रतिमया वाचस्पतिर्मूर्त्तिमान् ।
तत्पादाम्बुजचञ्चरीकचरितः प्रद्युम्नसूरिर्नव-
प्रीतिः श्रीविनयेन्दुना तदखिलं चाशोधयद् बोधये ॥९॥

पूज्यश्रीरत्न(?) सिंहसूरिसुगुरोः श्रीमन्नरेन्द्रप्रभो-
रादेशाद् विनयाङ्कपार्श्वचरितस्त्रष्टाशया (?) ।
गच्छोत्तंसरविप्रभाभिधगुरोः शिष्योऽल्पमेधा अपि
सूरिः श्रीविनयेन्दुरेष विदधे मल्लेश्चरित्रं नवम् ॥१०॥

क्षेत्रे भारतनामके जिनपतेर्यावत् परं शासनं
(?) शस्यमिदं वृषव्रजपरीपोषक्षमं वर्धते ।
एतद् नीरदवृन्दसुन्दरतनोः श्रीमल्लितीर्थेशितुः
प्रोद्दामं रसपूरचारुचरितं तावच्चिरं नन्दतात् ॥११॥

आपादयति चात्रार्थे तैरेव निर्मितस्य कल्पनिरुक्तनाम्नो ग्रन्थस्य पाश्चात्यः कियानंशो विशेषतो दार्ढ्यम्; स चायम्—

"सैद्धान्तिकश्रीमुनिचन्द्रशिष्याः प्राज्ञा अनूचानवरा जयन्ति ।
श्रीरत्नसिंहाह्वयसूरिमुख्या यच्छिष्यलेशो विनयेन्दुसूरिः ॥१॥

श्रीविक्रमात् तत्त्व-गुणे-न्दुवर्षे (१३२५)
चूर्ण्यादि वीक्ष्य स्वगुरोर्मुखाच्च ।

ज्ञात्वाऽनघं पर्युषणाभिधाने
कल्पस्य किंचिद् विदधे निरुक्तम्" ॥२॥

किञ्च, श्रीधर्मविधिग्रन्थवृत्तिविधायकाः श्रीउदयसिंहसूरयोऽप्येतानेवाचार्यवर्यान् महाकवित्वेन ग्रन्थशोधकशिरोमणित्वेन च प्रख्यापयन्ति, तथा च धर्मविधिप्रशस्तिः—

"स श्रीमाणिक्यप्रभगुरुसेवी स्वगुरुबन्धुसंमत्या ।
आचार्य उदयसिंहश्चक्रे श्रीधर्मविधिवृत्तिम् ॥११॥

श्रीमत्पूज्यरविप्रभमुनिपतिपदकमलमण्डनमरालः ।
वृत्तिमशोधयदेनां महाकविर्विनयचन्द्राख्यः ॥१२॥

या शासनपुष्टिपरा जननीवद् भव्यसंततिं पाति ।
सा श्रीशासनदेवी शिवतातिर्भवतु संघस्य ॥१६॥

रस-मङ्गल-सूर्य(१२८६)-मिते वर्षे श्रीविक्रमादतिक्रान्ते ।
चक्रे चन्द्रावत्यां वृत्तिरियं संघसान्निध्यात् ॥१७॥"

एभिः सकलैः प्रमाणैरेषां सूरिवराणां समयो द्वादशशताब्द्यादिभूतस्त्रयोदशशताब्द्यन्तभूतश्चेति नितरां निश्चीयते ।

सरसं समुपवर्णितं चात्र गगनकुसुमायमानमनोमनोरथलक्षजलसंकुलं दम्भस्तम्भानेकनक्रचक्रचक्रवालबलप्रबलं दुःखात्मनैकदुष्करमकरप्रकरप्रपूरितं मिथ्याहंकाराकारभूरिभूधराधृष्यकूटविकटं सर्वत्र दुर्योधक्रोधप्रसर्पत्सरीसृपसर्पणभीषणमनादिगभीरापारसंसारपारावारं संशोष्य, संभूष्य च स्वं निखिलनिर्मललोकाऽलोकलोकिन्या विज्ञानश्रिया, प्रतिष्ठाप्य च सकललोकाऽमितहितावहं संसारोत्तारकं तीर्थम्, प्रतिबोधय च गाढमिथ्यात्वनिशानिद्रावशीभूतप्रभूतभूतगणान्, उत्तार्य च कांश्चन संसारसागरात्, प्रापय्य च प्रवरशिवनगरनिकटम्, परमामनश्वरीमितरदेवदवीयसीं गरीयसीं पदवीं प्राप्तानां श्रीमल्लिस्वामिजिनेश्वराणामामूलचूलमदभ्रपापाभ्रधवित्रं पुष्करारिष्टमललवित्रं निसर्गगुणगणपवित्रं चरित्रम् । अन्तर्भावितानि चात्र श्रीमल्लिमित्रषट्ककथानकानि । अन्या अपि लोकप्रबोधविधायिन्यो बह्व्यः कथाश्च

व्यावर्णिताः । तत्र तत्र चानुरूपं सुन्दरं सकलरसावर्षि संवर्णनमपि पाठकहृदयकोशप्रवेशं प्रापितम् । समावेशितानि चात्र महाकाव्यनिखिल-लक्षणानि । इति सर्वैरेव प्रकारैरयं चरितग्रन्थः चरितग्रन्थेषूत्तमं स्थानं लम्भितः ।

इमे चाचार्यपूज्या अन्यानपि कल्पनिरुक्त-श्रीपार्श्वचरितप्रभृतीन् ग्रन्थान् जग्रन्थुः, व्यशूशुधंश्च धर्मविधिवृत्तिप्रमुखानल्पग्रन्थान् । एतेषां च सूरिवराणां ग्रन्थग्रन्थितृत्वं ग्रन्थशोधकत्वं चेदमुभयं तदपूर्वादूष्य-वैदूष्य-लोकापकार-कत्वाऽन्यथानुपपद्यमानं तेषां परमकारुणिकत्वं सकलशास्त्रनिष्णातत्वं च स्पष्टं निष्टङ्कयति ।

संशोधकाश्चास्य शोधकप्रकाण्डतां गताः श्रीप्रद्युम्नसूरयः[१], येषां

---

१. यदाह धर्मकुमारपण्डितः स्वीये शालिभद्रचरित्रे प्रतिप्रक्रमम्–

"श्रीशालिचरिते धर्मकुमारसुधिया कृते । श्रीप्रद्युम्नधिया शुद्धे"

अन्त्यप्रक्रमे च–

"इयं कथा वृद्धकुमारिकेव सदूषणा भूषणवर्जिताऽऽसीत् ।
प्रद्युम्नदेवस्य परं प्रसादाद् बभूव प्राणिग्रहणस्य योग्या" ॥१५३॥

तेषां च श्रीविनयचन्द्रसूरिकृतं श्रीमल्लिनाथमहाकाव्यम्, श्रीप्रभाचन्द्राचार्यविरचितं श्रीप्रभावकचरित्रम्, श्रीदेवेन्द्रसूरिप्रणीतः श्रीउपमितिभवप्रपञ्चकथासारोद्धारः, श्रीरत्नप्रभसूरि-विहिता श्रीकुवलयमालाकथा, श्रीबालचन्द्रसूरिनिर्मिता श्रीउपदेशकन्दलीटीका श्रीविवेक-मञ्जरीटीका, श्रीउदयप्रभसूरिरचिता उपदेशमालाकर्णिकाटीका चेत्यादितात्कालिकबहुग्रन्थानां संशोधकत्वेन ग्रन्थसंशोधननैपुण्यम्, श्रीसमरादित्यसंक्षेपादेः स्वतन्त्रं संविधानेन च शास्त्रवैशारद्यं च सुतरां प्रतीतम् । ये पुनस्तदानीन्तनाचार्यैर्बाढं संमानिता बभूवुरित्यपि श्रीमानतुङ्गाचार्यविरचितश्रीश्रेयांसनाथचरित्रान्तर्गतेन–

"शिष्यः श्रीकनकप्रभस्य सुकविः श्रीबालचन्द्रनुजो
ज्यायान् श्रीजयसिंहतः प्रतिभया श्रीवस्तुपालस्तुतः ।
अस्मद्गोत्रमहत्तरः कविगुरुः प्रद्युम्नसूरिप्रभु-
र्विद्वदवृन्दकवित्वशोधनधनो ग्रन्थं मुदाऽशोधयत्" ॥१॥

इति पद्येन व्यक्तमाविर्भवति ।

शोधननैपुण्यं बहवः कविकुञ्जरा व्यावर्णयांबभूवांसः । अतोऽपि चरितमिदं विशेषेण महत्त्वमचकलत् ।

एतस्य श्रीमल्लिचरितस्य पुस्तकचतुष्टयमावां प्राप्तवन्तौ, तदर्थं च तदर्पयितॄन् नामग्राहमभिवन्दावहे—

१. श्रीमल्लिचरितमस्मद्गुरूणां श्रीशास्त्रविशारदजैनाचार्यश्रीविजयधर्मसूरीणां शुद्धदेश्यम् ।

२. श्रीमल्लिचरितमस्मद्गुरूणां पुण्यपत्तनस्थडक्कनकॉलेजाख्यपुस्तकालयस्य, नात्यशुद्धम् ।

३. श्रीमल्लिचरितमस्मद्गुरूणां मुनिमोहनलालजिपुस्तकालयस्य, अशुद्धम् ।

४. श्रीमल्लिचरितमस्मद्गुरूणां स्तम्भनपुरस्थधर्मशालाभिधभाण्डागारस्य, अपूर्णम्, शुद्धप्रायं च ।

तदेवं पुस्तकचतुष्टयमाश्रित्य संशोधितम्, तत्र तत्र पाठान्तरितं च चित्ताह्लादकमिदं चरितं सकर्णा निजविमलनेत्रसन्निकर्षाद् नाययन्तु स्वीयनेत्रे पावित्र्यम् । पठित्वा चैतत् त्यजन्तु कपटनाटकपाटवपटं पटवः, मुनयश्च लोकयन्तु कर्मनरपतिवैचित्र्यम्, मुच्यतां च सकलो लोकः, उत्साहयन्तु चास्मत्परिश्रान्तिम्, संशोधयन्तु सूचयन्तु च मतिमान्द्यसहभूनि दृग्दोषहेतूनि सीसकाक्षरयोजकजातानि च दूषणानि हंसन्तः समन्ततः सन्तः ।

अस्य च मुद्रणादिव्ययदातुः परमोदारश्रीश्रेष्ठिप्रवरगोकुलभाइतनुजनुषो वदान्यवरेण्यस्य श्रीश्रेष्ठिवरमणिलालस्य परमं धन्यवादं समर्पयावः ।

इति

**निवेदयतो—**

**हरगोविन्द-बेचरदासौ ।**

# "જિનવર નામે જય હુવે"

- વિજય નરચંદ્રસૂરીશ્વરજી મ. સા.

સમસ્ત વિશ્વનો ઉદ્ધાર કરવાની પ્રબળ ભાવનાના પ્રતાપે ત્રીજાભવે શ્રી તીર્થંકર નામકર્મની નિકાચના કરીને આર્હંત્ય લક્ષ્મીને પ્રાપ્ત કરનારા અને તેના પ્રભાવે વિશ્વમાં સુવિશુદ્ધ મોક્ષમાર્ગનું પ્રકાશન કરનારા શ્રી તીર્થંકર ભગવંતો જગતમાં જયવંતા વર્તે છે.

શ્રી તીર્થંકર દેવોએ આ જગતનું શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વ્યક્તિત્વ છે. આધ્યાત્મિક ક્ષેત્રે સર્વથી શ્રેષ્ઠતા ધરાવનારા તે પુણ્યવંત આત્માઓની કર્મના ઔદયિકક્ષેત્રે પણ શ્રેષ્ઠતા સહજરૂપે જ હોય છે.

શ્રી તીર્થંકરદેવનો આત્મા પણ એક વખત તો આપણા સૌની જેમ સંસારમાં રખડતો જ હતો. અનાદિકાળથી વિશિષ્ટ પ્રકારના દશગુણબીજકોને અન્તર્ભૂત રીતે ધરાવનારો પણ તે મહાન્ આત્મા જ્યાં સુધી સમ્યગ્દર્શન ગુણને પામતો નથી ત્યાં સુધી તેની કોઈ વિશેષ પ્રકારે ગણના કરવામાં આવતી નથી.

શ્રીશાસ્ત્રકાર ભગવંતો ફરમાવે છે કે આત્મા જ્યારે દર્શનમોહનીયનો ક્ષયોપશમ સાધી સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. ત્યારે જ તેના ગુણો ખરા અર્થમાં ગુણ કહેવાય છે. ત્યારે જ તેનો ધર્મ આત્મસાધક ધર્મ બને છે. અને ત્યારે જ તેમના ભવોની ગણના ચાલુ થાય છે. સમ્યગ્દર્શનગુણ સંસારને ટૂંકાવવાની અદ્ભુત તાકાત ધરાવનારો ગુણ છે. તેથી સમ્યગ્દર્શનને પામેલા જીવો બહુલતયા અલ્પ સંસારી જ હોય છે. તેથી શ્રી અરિહંત પરમાત્માનો આત્મા પણ જ્યારે સમ્યગ્દર્શન પામે છે, ત્યાર પછી

તેઓના ભવની ગણના શરૂ થાય છે.

વર્તમાન ચોવીશીમાં થયેલા સત્તર શ્રી અરિહંત ભગવંતો તો સમ્યક્ત્વ પ્રાપ્ત કરીને ત્રણ જ ભવમાં મોક્ષે પધારી ગયા હતા. તારક એવા જે આત્માઓની ભવસ્થિતિ લાંબી હતી તેવા સાત પરમાત્માઓના ભવો થોડા વધુ થયા હતા તેમાં પરમાત્મા શ્રી મહાવીર દેવના ૨૭ ભવ જે સૌથી વધુ હતા.

સામાન્ય જીવોના સમ્યક્ત્વ કરતાં શ્રી તીર્થંકર પરમાત્માના જીવોનું સમ્યક્ત્વ શ્રેષ્ઠ કોટિનું હોય છે. તેથી તેને **વરબોધિ** તરીકે ઓળખવામાં આવે છે. અન્ય જીવોનું સમ્યક્ત્વ મુખ્યત્વે આત્મતારક હોય છે. જ્યારે શ્રી અરિહંત દેવોનું સમ્યક્ત્વ આત્મતારક થવા સાથે અગણિત ભવ્યાત્માઓને તારવા માટે જ સર્જાયેલું હોય છે. આવા **વરબોધિ** સમ્યક્ત્વને પામ્યા પછીથી ક્રમશઃ આત્મવિકાસ સાધતાં સાધતાં તેઓ જ્યારે છેલ્લા ભવમાં પહોંચે છે. ત્યારે તેમનું જગદુદ્ધારક વ્યક્તિત્વ પૂર્ણપણે ખીલી ઉઠતું હોય છે.

ખરેખર શ્રી અરિહંત ભગવંતોના નામ સ્મરણનો પણ અપૂર્વ મહિમા હોય તો પછી ભગવંતની સ્તવના કે ભગવંતના જીવનના આલેખનનો તો કેવો અનેરો મહિમા-પ્રભાવ હોય ? આજ કારણે શાસ્ત્રકાર મહામનીષી શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી મહારાજાએ કલ્યાણમંદિર સ્તોત્રમાં જણાવ્યું છે. "હે પ્રભો ! અચિન્ત્ય મહિમાવાળુ આપનું સ્તવન તો દૂર રહો, આપનું નામ પણ જગતનું રક્ષણ કરનારું છે. ભયંકર તાપથી મુસાફરને ગરમીમાં પદ્મસરોવરની ભીનાશવાળો પવન પણ આનંદ પમાડે છે."

આવા પરમાત્માનું માત્ર નામસ્મરણ પણ ભવોભવના સંચિત

પાપકર્મોનો નાશ કરવા શક્તિમાન છે.

સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિને સારું જીવન જીવવાની શ્રેષ્ઠ કળા ચરિત્ર ગ્રંથોમાંથી મળતી હોય છે. ઉત્તમ જીવન જીવી ગયેલા પુણ્યાત્માઓના જીવનને આંખ સામે રાખવામાં આવે તો વ્યક્તિ પોતે પણ ઉત્તમ જીવન બનાવી શકે છે. ચરિત્ર ગ્રંથોમાંથી લાયક વ્યક્તિને ઘણી ઘણી પ્રેરણા પ્રાપ્ત થાય છે. આવા ચરિત્રોમાં પણ શ્રી તીર્થંકર ભગવંતનું ચરિત્ર અતિ ઉત્તમકોટિનું હોય છે. તેઓ નિશ્ચિતપણે-પૂર્ણપણે આત્મગુણોનો વિકાસ સાધી જગદુદ્ધારક બનનારા પરમ આત્માઓ હોય એમ જરૂરથી કરી શકાય છે. તેઓનું જીવનચરિત્ર એટલે અખૂટ પ્રેરણાનો સ્રોત.

પૂર્વના શ્રી શીલાંકાચાર્ય શ્રી હેમચન્દ્રાચાર્ય આદિ અનેક મહાપુરુષોએ "ચઉપ્પન્ન મહાપુરુસ ચરિયં" શ્રી ત્રિષષ્ઠિ શલાકા-પુરુષ ચરિત્ર મહાકાવ્ય આદિ અનેક ચરિત્રો બનાવ્યા છે. જેમાં શ્રી જ્ઞાતાધર્મકથાંગ નામના છઠ્ઠા આગમસૂત્રને આધારભૂત બનાવીને આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ અનેક રીતે અદ્ભુત એવા શ્રી મલ્લિનાથચરિત્ર મહાકાવ્યની રચના કરી છે. તે ચરિત્ર કુલ આઠ સર્ગમાં મળીને ૪૩૪૪ શ્લોકો થાય છે. મહાકાવ્યના લક્ષણો પણ આમા સંપૂર્ણપણે જોવા મળે છે.

આઠ-આઠ સર્ગના વિસ્તારમાં ફેલાયેલું આ ચરિત્ર વીતશોકાનગરીમાં બળરાજાના રાજ્યમાં શ્રીરત્નચન્દ્ર મુનિની પાવન પધરામણીથી શરૂ થતું અને શ્રીમલ્લિનાથ પ્રભુના પરિવાર અને નિર્વાણ કલ્યાણકની ઉજવણીથી પૂર્ણતાને પામતું અતિરોચક આ કથાનક છે. આઠ સર્ગમાં શ્લોકો અનુક્રમે - ૧-૫૭૬, ૨-૬૭૦, ૩-૨૫૭, ૪-૨૦૭, ૫-૩૩૨, ૬-૫૬૧, ૭-૧૧૫૮, ૮-૫૮૩

= ૪૩૪૪. આટલા વિસ્તારમાં પથરાયેલા આ ચરિત્રમાં ઠામ-ઠામ ઉપદેશાત્મક મહાવાક્યો, પ્રસંગને અનુરૂપ કથાઓ તેમજ પ્રસંગને અનુરૂપ ઉપમા-અલંકાર-લાલિત્ય-ભાષા સૌષ્ઠવ-શબ્દ લાલિત્ય આદિથી ભરપૂર છે. દરેક સર્ગનો સામાન્ય પરિચય આ મુજબ છે. સવિશેષ તો અનુક્રમણિકા જોવાથી ખ્યાલ આવશે.

**પ્રથમ સર્ગમાં :-** શ્રી રત્નચંદ્રમુનિ પોતાની કથાદ્વારા બળ-રાજાને વૈરાગ્યવાસિત કરે છે વચમાં નમસ્કાર મહામંત્રના શ્રવણનો અનેરો મહિમા બતાવી તે વાતને પુષ્ટ કરવા ગંધાર નામક શ્રાવકની કથા દર્શાવી છે. જૂની આવૃત્તિમાં શ્લોક નં. ૨૩૧ બે વાર ભૂલથી નંબર અપાયેલ તે આમાં સુધારેલ છે.

**બીજા સર્ગમાં :-** પોતાના પુત્રને રાજગાદી મળે અને પોતે રાજમાતા બને, આવા અરમાનોને કારણે સાવકીમાતા શોક્યના પુત્ર ઉપર કેવા પ્રકારનો ગંભીર આરોપ મૂકે છે ! તે બતાવી સ્રીચરિત્રની ગહનતાનું સારું એવું વર્ણન કર્યું છે. શ્લોક નં. ૧૩૨માં એક અક્ષર ઘટતો હોવાથી "तु" ઉમેરેલ છે. ગુજરાતી ભાષામાં વપરાતો બકરી શબ્દ बकरीमिव - ૩૨૬, दिक्करी (સં.૭-૭૯) શબ્દપણ અહિ મળે છે. "દઢપ્રહારી" બ્રાહ્મણપુત્ર હોવાથી તે અવધ્ય છે. તે વાત પણ અહિયા મળે છે.

બળરાજાની દીક્ષા બાદ મહાબલકુમાર રાજા બને છે. અન્ય-અન્ય દેશના છ રાજાઓ સાથે કલ્યાણમૈત્રીનો કોલ કરાર કરે છે. ન્યાય-નીતિપૂર્વક રાજ્ય શાસન કરતા કરતા એકવાર નગરમાં પધારેલા શ્રી વરધર્માચાર્યની દેશનાશ્રવણના પ્રતાપે વૈરાગ્યવાસિત બની પોતાના પુત્ર બળભદ્રને રાજગાદીએ બેસાડવા શ્રેષ્ઠ જ્યોતિષીને બોલાવે છે. તે પ્રસંગે જ્યોતિષશાસ્રની પ્રાસંગિક

સુંદર વાતો બતાવી છે. અને છએ મિત્રો સાથે પંચમુષ્ટિ લોચ કરી સંયમધર્મનો સ્વીકાર કરે છે.

**ત્રીજા સર્ગમાં :-** ગુરુભગવંત સાથે વિહાર કરતા કરતા જ્ઞાનાદિનો અભ્યાસ કરતા કરતા અનુક્રમે ગીતાર્થ બન્યા. ગુર્વાજ્ઞાથી છએ મુનિવરો સાથે વિચરતા વિચરતા મહાબલ રાજર્ષિ પુત્રની રાજધાનીમાં પધાર્યા. મહાબલમુનિની વૈરાગ્યજનક, ઉપમિતિની શૈલીમાં વર્ણવેલા સંસારનગરમાં વસતા કર્મપરિણામ રાજા અને ચારિત્રધર્મરાજાના સંબંધવાળી ધર્મદેશનાના પ્રતાપે બળભદ્ર રાજાએ બારવ્રત સ્વરૂપ ગૃહસ્થધર્મનો સ્વીકાર કર્યો ને માસકલ્પાન્તે સાતે મુનિવરોએ ત્યાંથી વિહાર કર્યો. તેઓ સાતેએ સમાનતપ કરવાની પ્રતિજ્ઞા કરેલી પરંતુ મહાબલમુનિએ વધુ તપસ્વી દેખાવાની ઇચ્છાથી માયા કરી પરિણામે છઠ્ઠે-સાતમે ગુણઠાણેથી પતિત થઈ મિથ્યાત્વ ગુણઠાણે ગયા - સ્ત્રીવેદનો બંધ કર્યો. "સવી જીવ કરું શાસન રસી"ની ભાવનાપૂર્વક વીશસ્થાનક મહાતપના વીશે પદની અપૂર્વ આરાધના કરવા દ્વારા શ્રી તીર્થંકર-નામકર્મની નિકાચના કરી ૮૪ લાખ પૂર્વના આયુષ્યને પૂર્ણ કરી અન્તિમ સાધના કરીને સાતે મુનિવરો ત્રીજા વૈજયંત નામના અનુત્તરમાં ઉત્પન્ન થયા.

**ચોથા સર્ગમાં :-** જંબૂદ્વીપ-દક્ષિણ ભરતક્ષેત્રમાં વિદેહ દેશમાં મિથિલા નગરીમાં કુંભ નરેસરની પટ્ટરાણી શ્રી પ્રભાવતી દેવીની કુક્ષિને વિષે સ્ત્રીપણે અવતર્યા. તે સમયે બધા જ ઇન્દ્રોએ સ્વપ્નદર્શનનો ફળાદેશ કર્યો. નમુત્થુણં સૂત્ર દ્વારા પરમાત્માની સ્તવના કરી. મૌન એકાદશીના શુભદિવસે શ્રી મલ્લિનાથ પ્રભુનો જન્મ થયો ઇન્દ્રોએ મેરુપર્વત ઉપર જન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી કરી પ્રાતઃકાલે કુંભરાજાએ અનુપમ જન્મોત્સવની ઉજવણી કરી.

નીલવર્ણી ને પાંત્રીશ ધનુષ્યની કાયાને ધરતા પ્રભુજી બાલ્યાવસ્થા ઓળંગી યૌવનાવસ્થા પામ્યા. પરમાત્માના રૂપ વૈભવના અદ્ભુત વર્ણન દ્વારા સર્ગની સમાપ્તિ કરવામાં આવી.

**પાંચમા સર્ગમાં :-** પૂર્વભવના છએ મિત્રરાજાઓનું અલગ-અલગ દેશમાં રાજપુત્ર તરીકે અવતરણ. અન્તે બધા સ્વપિતૃપદે રાજા થયા. જુદા-જુદા નિમિત્તો પામીને છએ રાજાઓએ શ્રી મલ્લિકુંવરીની કુંભરાજા પાસે દૂતો દ્વારા માંગણી-સુવર્ણની પુતળી-આહાર કવલ પ્રક્ષેપ દ્વારા મલ્લિકુમારીનો છએ રાજાઓને પ્રતિબોધ - અન્તે તેઓએ ચારિત્ર ગ્રહણની ભાવના વ્યક્ત કરી - શ્રી મલ્લિકુમારીએ ૩૦૦ સ્ત્રીઓના આંતર પરિવાર અને ૩૦૦ રાજાઓના પરિવાર સાથે મૌનએકાદશીના પુણ્યદિવસે સંયમ ધર્મનો સ્વીકાર કર્યો. અને તે જ દિવસે ચાર ઘાતિકર્મો ખપાવી કૈવલ્ય લક્ષ્મીની પ્રાપ્તિ-ઈન્દ્રો-દેવો દ્વારા સમવસરણના મંડાણ, પ્રભુ સાધ્વીજીઓની પર્ષદામાં રહેતા. ગણધર ભગવંતો દિવસે દૂરથી જ નમન-વંદન કરતાં - છએ મિત્ર રાજાઓનું આગમન.

**છઠ્ઠા સર્ગમાં :-** શ્રી મલ્લિનાથ પ્રભુની અમોઘ દેશનામાં સમ્યક્ત્વ સહિત શ્રાવકધર્મના બારવ્રતનું કથાનકો દ્વારા વર્ણન - આ સર્ગમાં સમ્યગ્દર્શન ઉપર નલ-દમયંતીની અદ્ભુત કથા કહી છે. દમયંતીને પિતાના ઘરે જ નિર્વાણી દેવી દ્વારા ભાવી જિનેશ્વર શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિમા અર્પણ-ત્રિકાળ પૂજા-સ્વયંવર મંડપ દ્વારા નલરાજા સાથે પાણિગ્રહણ-જુગારના વ્યસન દ્વારા નલે રાજ્ય ગુમાવ્યું. વનવાસ-દમયંતીનો ત્યાગ-દમયંતીને ધનદેવ નામક સાર્થવાહનો ભેટો થયો ત્યાં શ્રી મલ્લિનાથ પ્રભુની પ્રતિમાના દર્શન-પ્રશ્નકથન-ધર્મગુપ્તાચાર્ય પાસે સાંભળવા મલ્યું કે તમે શ્રી મલ્લિનાથ પ્રભુના તીર્થમાં પ્રસન્નચંદ્ર રાજા બનીને મોક્ષે જશો

તેથી તે પ્રભુની ત્રિકાળપૂજા (૩૦૧ થી ૩૦૭) પિતા દેવ દ્વારા નલનું કુબ્જીકરણ. નલે શુંશુમારપુરમાં શ્રી નમિનાથ પ્રભુના ચૈત્યના દર્શન કર્યા. અન્તે અનેક દુઃખોને વેઠવાપૂર્વક શ્વશુરગૃહે બન્નેનો મેળાપ-ઇત્યાદિ વાતો વિસ્તારસહિત બતાવી છે.

**સાતમા સર્ગમાં :-** વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટા આ સર્ગમાં શ્રાવકના બારવ્રતનું વર્ણન બતાવ્યું છે તેમાં.

**પહેલાવ્રત ઉપર :-** સુદત્તશ્રેષ્ઠિ પુત્રની કથા છે તે શ્રીચંદ્રપ્રભ સ્વામી પાસે દીક્ષા લઈ ચોથા દેવલોકે જઈ પછીના ભવમાં મોક્ષે પધાર્યા.

**બીજા વ્રત ઉપર :-** જંબૂદ્વીપના ઐરાવતક્ષેત્રમાં થયેલ તલચોર સંગમની કથા પ્રભુએ બતાવી છે.

**પાંચમા વ્રત ઉપર :-** શ્રી મલ્લિનાથ પ્રભુના કાળમાં થયેલા ભોગદત્ત-સુદત્તની કથા છે અન્તે બન્ને જણ પ્રભુજી પાસે દીક્ષાગ્રહણ કરી સુંદર સંયમ જીવન જીવી મોક્ષે પધાર્યા.

**છઠ્ઠા વ્રત ઉપર :-** પુષ્કરાવર્તના ઐરાવત ક્ષેત્રમાં થયેલા વિલાસી મિત્રાનંદની કથા છે. અવાંતર કામલતા ગણિકા જેવી ગણિકાની કથા છે. પતિ પાસેથી રાજા અપહરણ કરે છે તેણીની રાજાને મારી પતિ પાસે જાય છે ત્યાં સર્પદંશથી પતિ મૃત્યુ પામે છે. અન્તે પરદેશ જતા અચાનક વેશ્યાને ત્યાં આવતા શ્રેષ્ઠ ગણિકા બને છે. તેમાં પોતાનો જ પુત્ર અચાનક આવતા તેની સાથે ભોગ ભોગવે છે ખબર પડતા જ પુત્ર અગ્નિશરણ સ્વીકારે છે. પોતે અગ્નિશરણ સ્વીકારવા છતા ન મરતા ભરવાડના હાથમાં આવે છે અન્તે ભરવાડણ બને છે. કર્મની ગતિ કેવી વિચિત્ર હોય છે તેનું તાદૃશ ઉદાહરણ છે.

**આઠમાવ્રત ઉપર :-** લોભનંદીની કથા છે વચ્ચે અવાંતર કથા તરીકે આ. શ્રી અજિતપ્રભસૂરિ કૃત શાંતિનાથ ચરિત્રમાં આવતી રત્નચૂડ જેવી કથા છે. અનીતિપુરે ગમન-વંચક (ઠગ) લોકોના હાથમાં અન્તે ગણિકાના વચને ધન પાછું મેળવે છે. તેવી કથા આમાં બતાવી છે. અને સ્વરોદય શાસ્ત્રનું સુંદર વર્ણન કર્યું છે.

**દશમા વ્રત ઉપર :-** ધનસેનનું કથાનક છે. તેમાં વચ્ચે અવાંતર કથા તરીકે ચંદ્રયશાનું નવભવનું ચરિત્ર બતાવ્યું છે. પરંતુ ભવોની ગણના કરતા સાત જ ભવ થાય છે. તેમાં કહ્યું છે કે દુષ્ટ દેવી-દેવતાઓ જિનપ્રતિમા પાસે રહી શકતા નથી. - શ્લો. ૮૮૦

**અગ્યારમાં વ્રત ઉપર :-** શ્રી મલ્લિનાથ પ્રભુના સમયમાં થયેલા શિખરસેન રાજાની કથા છે. તે પૂર્વના ભીલના ભવમાં માર્ગ ભૂલેલા મુનિવર પાસેથી ધર્મશ્રવણ કરી પૌષધવ્રતની નિર્મળ આરાધના કરતા હતા, એકવાર સિંહનો ઉપદ્રવ થયો છતાં ડગ્યા વિના સમાધિથી મૃત્યુ પામી શિખરસેન રાજા થયા તેવું જાણતા જ પ્રભુજી પાસે સંયમધર્મનો સ્વીકાર કરી અન્તકૃત્ કેવલી બની મોક્ષે પધાર્યા.

સર્ગાન્તે પ્રભુજીના માતા-પિતા-છ મિત્ર રાજા બધાએ દીક્ષા સ્વીકારી પ્રભુ પહેલા જ છએ મિત્રરાજાઓ મોક્ષે પધાર્યા. ભિષગ્ આદિ ૨૭ ગણધરો-ચતુર્વિધસંઘ-શાસનરક્ષક યક્ષ-યક્ષિણીની સ્થાપના કરી પ્રભુજી ભવ્યજીવો ઉપર ઉપકાર કાજે પૃથ્વીતલને વિષે વિહાર કરવા લાગ્યા ઇત્યાદિના વર્ણનપૂર્વક સર્ગની પરિસમાપ્તિ.

**આઠમા સર્ગમાં :-** નામમાત્રથી આસ્તિક બાકી પ્રદેશી રાજાની જેમ નાસ્તિક એવા રાજાના ચંદ્રપુરનગરમાં પૃથ્વીતલને પાવન

કરતા કરતા પ્રભુજી પધાર્યા. પ્રભુ સાથે આત્માદિ વિષયક ઘણી પ્રશ્નોત્તરીને અન્તે ભાવથી આસ્તિક રાજા બની પ્રભુજી પાસે ૭૦૦ રાજપુત્રો સાથે શ્રમણધર્મનો સ્વીકાર કરે છે ત્યાં જ શાલ્મલી ગામનો કઠ નામક ખેડૂત કામકુંભ પામવાથી ગર્વિત બની સ્વજનો આગળ મસ્તકે લઈ નાચ કરતા તે નાશ પામ્યો. ત્યાં પરમાત્મા આવેલા જાણી શ્રી મલ્લિનાથ પ્રભુ પાસે સાચા કામકુંભ સમાન શ્રમણધર્મને પામી આત્મકલ્યાણ સાધ્યું. હસ્તિનાગપુરમાં ખેડૂત એવો દેવપાળ ગાય-ભેંસ ચરાવતા તેને પરમાત્માની પ્રતિમાના દર્શન થયા. દરરોજ જલ-દૂધ-પુષ્પપૂજા કરે છે દેવો દ્વારા કરાયેલી પરીક્ષામાં પાસ થતા અન્તે તે રાજા બન્યો. પ્રભુજીએ તેને પ્રતિબોધી સંયમધર્મને પામી આત્મશ્રેયઃ સાધ્યું. તો પ્રભુજીએ એક અભિમાની બ્રાહ્મણને ચિલાતીપુત્રના દૃષ્ટાંત દ્વારા પ્રતિબોધી સન્માર્ગે વાળ્યો. શ્વેતાંબી નગરીમાં ક્રોધાવિષ્ટ ૩૦૦ તાપસોને પ્રભુજીએ ચંડરુદ્રાચાર્યની કથા કહીને પ્રતિબોધ પમાડ્યા. ત્યાંથી મદિરાવતી નગરીમાં સ્ત્રીલંપટ યશશ્ચન્દ્ર રાજાને શંખરાજાના પુત્ર કુલધ્વજ રાજકુમારની કથા કહેવા દ્વારા પ્રતિબોધીને ૫૦૦૦ રાજપુત્રો સાથે દીક્ષાધર્મને પ્રાપ્ત કરાવે છે.

આમ અનેક ભવ્યજીવોને પ્રતિબોધ કરતા કરતા પૃથ્વીતલને પાવન કરતા કરતા અન્તિમ સમય જાણીને પ્રભુજી શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થે પધારી એક માસનું મહાસણ કરી ચાર અઘાતી કર્મોનો નાશ કરી જન્મ-જરા-મરણથી રહિત આદિ અનંત સુખમય શાશ્વતપદને પામ્યા.

આસનકંપથી પ્રભુજીના નિર્વાણકલ્યાણકને જાણી ૬૪ ઇન્દ્રો આવીને પ્રભુજીના દેહનો વિધિપૂર્વક અગ્નિ સંસ્કાર કરી નંદીશ્વર

દ્વીપે નિર્વાણકલ્યાણક નિમિત્ત અષ્ટાહ્નિકા મહોત્સવ ઉજવી સૌ પોત-પોતાના સ્થાને ગયા. પ્રાન્તે ગ્રંથકારે સવિસ્તૃત પ્રશસ્તિ આપી છે. તે અંગેનો પરિચય "શેષ-વિશેષ" માં આપેલ છે.

મુનિશ્રી **ધર્મતિલક વિજયજી** ગણિએ આ ગ્રંથનું સંશોધન કર્યું છે. તો સા. શ્રી **સૌમ્યજ્યોતિશ્રીજી**એ સંકલન-સંપાદન કર્યું છે. તે ઉભય ધન્યવાહાર્દ છે. પ્રાન્તે આ ચરિત્રગ્રંથના વાંચન-મનન દ્વારા વૈરાગ્ય પામી સમ્યગ્દર્શન-સમ્યક્જ્ઞાન-સમ્યક્ ચારિત્રને પામી ક્રમશઃ આપણે સૌ વહેલામાં વહેલા પરમપદના ભોક્તા બનીએ એજ શુભાભિલાષા.

**પરમગુરુદેવ કલિકાલના ધન્ના અણગાર**
**પૂજ્યપાદ પંન્યાસપ્રવરશ્રી કાંતિવિજયજી**
**ગણિવરનો વિનેય આ.વિજય નરચંદ્રસૂરિ**

વિ. સં. ૨૦૭૧
ફાગણ વદ-૮, સોમ
તા.૧૪-૩-૨૦૧૫
વસંતકુંજ-પાલડી
અમદાવાદ

## શેષ–વિશેષ

**- વિજય મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. સા.**

"વિક્રમ સંવત ૧૨૮૫ના અરસામાં શ્રી પાર્શ્વનાથ ચરિત્રાદિ વિંશતિ (૨૦) પ્રબંધના કર્તા આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરિ વિદ્યમાન હતા. તેમનો "કવિશિક્ષા" નામનો કાવ્યસાહિત્ય પર રચેલ (વિનયાંક) ગ્રંથ તાડપત્ર પર પાટણ ભંડારમા વિદ્યમાન છે. તે કવિ તેમાં કહે છે કે શ્રી બપ્પભટ્ટી ગુરુની વાણીમાં કવિશિક્ષા કરીશ.

**नत्वा श्रीभारतीं देवीं, बप्पभट्टीगुरो र्गिरा ।**
**काव्यशिक्षां प्रवक्ष्यामि, नानाशास्त्रनिरीक्षणात् ॥**

શ્રી બપ્પભટ્ટીસૂરિ કાવ્યશૈક્ષ કહેવાતા હતા અને તેમની રચેલી કાવ્યશિક્ષાનો શ્રી વિનયચંદ્રસૂરિએ પોતાના ગ્રંથમાં ઉપયોગ કરેલો હશે. પ્રસ્તુત શિક્ષામાં તે વખતના ૮૪ દેશોની માહિતી આપેલ છે. તે પૈકી સુરાષ્ટ્ર નવહજાર ગામનો, લાટદેશ એકવીશ હજાર ગામનો, ગૂર્જર દેશ સિત્તેર હજાર ગામનો વિગેરે જણાવ્યું છે. પ્રાયઃ આ વિનયચંદ્રસૂરિએ વિ. સં. ૧૨૮૬માં શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય રચ્યું ને આ. શ્રી ઉદયસિંહસૂરિએ રચેલી ધર્મવિધિ વૃત્તિને સુધારી હતી."

**(૫૬૪ જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ પેજ-૨૬૮)**

શ્રી મલ્લિનાથ ચરિત્ર (વિ. સં. ૧૨૮૬) આના કર્તા 'ચન્દ્ર' ગચ્છના આ. શ્રી વિનયચન્દ્રસૂરિ છે. એટલે કે આ. શ્રી રવિપ્રભસૂરિ કે પછી આ. શ્રી રત્નસિંહસૂરિના શિષ્ય થાય છે. એમણે શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર અને શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

રચ્યાં છે. કેટલાકના મતે વિ. સં. ૧૨૫૮ના અરસામાં વીશપ્રબંધો રચનાર અને કવિશિક્ષાના પ્રણેતા તે જ આ આ. શ્રી વિનયચંદ્રસૂરિ (જિનરત્નકોષ વિ-૧, પૃ. ૩૦૩માં) આ આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરિ આ. શ્રી દેવાનંદસૂરિના શિષ્ય આ. શ્રી રત્નપ્રભસૂરિના શિષ્ય આ શ્રી પ્રદ્યુમ્નસૂરિના શિષ્ય કહ્યા છે. વિશેષમાં અહિ કહ્યું છે કે આ આચાર્ય શ્રી વિનયચંદ્રસૂરિ તે શ્રી પાર્શ્વનાથ અને શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર તેમજ વિ. સં. ૧૪૭૪માં શ્રી આદિનાથ ચરિત્ર રચનારા આ. શ્રી વિનયચંદ્રસૂરિ હોવાનો ઘણો સંભવ છે. પ્રસ્તુત આ. શ્રી વિનયચંદ્રસૂરિએ નિમ્નલિખિત કૃતિઓ રચી છે. (૧) કલ્પનિરુક્ત (૨) કાલકાચાર્ય કથા (૩) દિપાલિકાકલ્પ (૪) શ્રી નેમનાથ ચતુષ્પદિકા (૫) ઉપદેશમાળા કથાનક છપ્પય. છેલ્લી ૪-૫ નંબરની કૃતિઓ ગુજરાતીમાં છે.

આ. શ્રી વિનયચંદ્રસૂરિએ આ શ્રી મલ્લિનાથ ચરિત્ર મહાકાવ્ય શ્રી જ્ઞાતાધર્મકથાના આધારે યોજ્યાનું કહ્યું છે. આ 'વિનય' અંકથી અંકિત અને આ. શ્રી પ્રદ્યુમ્નસૂરિ દ્વારા સંશોધિત કાવ્યમાં આઠ સર્ગ છે. એમાં અનુક્રમે શ્લોકોની સંખ્યા નીચે મુજબ છે.

૧-૫૭૬, ૨-૬૭૦, ૩-૨૫૭, ૪-૨૦૭, ૫-૩૩૨, ૬-૫૬૧, ૭-૧૧૫૮, ૮-૫૮૩ = ૪૩૪૪ ગ્રંથાગ્ર છે.

આ કૃતિમાં દવદન્તીનું અર્થાત્ નલરાજાની પત્ની દમયંતીનું જીવનચરિત્ર આલેખાયું છે.

સમાનનામક કૃતિઓ - શ્રી મલ્લિનાથ ચરિત્ર નામની કૃતિ નિમ્નલિખિત વ્યક્તિઓએ પણ રચી છે.

કવિ પંપ, દિગં. ભટ્ટારક પ્રભાચંદ્ર, વિજયસૂરિ, શુભવર્ધન આ છેલ્લી કૃતિ હીરાલાલ હંસરાજ તરફથી વિ. સં. ૧૯૮૨માં

છપાઈ છે. દિગં. સકલકીર્તિની કૃતિ કલકત્તાથી વિ. સં. ૧૯૭૯માં જિનવાણી પ્રચારક કાર્યાલય દ્વારા પ્રકાશિત થઈ છે. એની એક હાથપોથી વિ. સં. ૧૫૧૫માં લખાયેલી મળે છે.

આ પૈકી પંપ, દિગં. પ્રભાચંદ્ર, અને સકલકીર્તિની કૃતિઓને "શ્રીમલ્લિનાથ પુરાણ" પણ કહે છે. નાગચન્દ્રે પણ શ્રી મલ્લિનાથ પુરાણ રચ્યું છે.

**(જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિ. ખંડ-૨, પ્ર-૧૯, પે-૧૫)**

# ૧૯માં શ્રી મલ્લિનાથ પ્રભુનો સાંક્ષિપ્ત પરિચય

| | |
|---|---|
| માતા - પ્રભાદેવી | પિતા - કુંભરાજા |
| ગર્ભકાળ - ૯ માસ ૭ દિવસ | જન્મનગરી - મિથિલા |
| જન્મ નક્ષત્ર - અશ્વિની | જન્મરાશી - મેષ |
| લંછન - કુંભ-કળશ | શરીર - ૨૫ ધનુષ્ય |
| આયુષ્ય - ૫૫૦૦૦ | વર્ણ - નીલ (લીલો) |
| કેટલા સાથે દીક્ષા-૩૦૦ સાથે | દીક્ષાનગરી - મિથિલા |
| દીક્ષાવૃક્ષ - અશોકવૃક્ષ | દીક્ષાતપ - અઠ્ઠમ |
| પ્રથમ પારણું - ખીરથી | કેટલા દિવસે - ત્રણ દિવસે |
| પારણા દાતા - વિશ્વસેન | છદ્મસ્થકાલ - ૧ દિવસ |
| કેવલજ્ઞાન સ્થળ - મિથિલા | કેવલજ્ઞાન તપ - અઠ્ઠમ |
| ગણધરો - ૨૮ | સાધ્વીજી - ૫૫,૦૦૦ |
| સાધુ - ૪૦,૦૦૦ | શ્રાવિકા - ૩,૭૦,૦૦૦ |
| શ્રાવક - ૧,૮૩,૦૦૦ | અવધિજ્ઞાની - ૨૨૦૦ |
| મનઃપર્યવજ્ઞાની - ૧૭૫૦ | કેવળજ્ઞાની - ૨૨૦૦ |
| ચૌદપૂર્વી - ૬૬૮ | યોનિ - અશ્વ |
| ગણ - દેવ | શાસનયક્ષ - કુબેરયક્ષ |
| શાસનયક્ષિણી - વૈરુટ્યાદેવી | પ્રથમ ગણધર - ભિષક્ |

| | |
|---|---|
| **પ્રથમ સાધ્વીજી** - બંધુમતી | **મોક્ષસ્થલ**-શ્રીસમ્મેતશિખરજી |
| **મોક્ષતપ** - ૩૦ ઉપવાસ | **મોક્ષાસન** - કાયોત્સર્ગાસન |
| **ભવ સંખ્યા** - ૩ | **મોક્ષ પરિવાર** - ૫૦૦ |
| **ગોત્ર** - કાશ્યપ | **વંશ** - ઈક્ષ્વાકુ |
| **સમવસરણની ઉંચાઈ**-૧૨ ગાઉ | **નિર્વાણ અંતર**-૫૪ લાખ વર્ષ |

**ચ્યવન કલ્યાણક** - ફાગણ સુદ-૪

**જન્મ કલ્યાણક** - માગસર સુદ-૧૧

**દીક્ષા કલ્યાણક** - માગસર સુદ-૧૧

**કેવલજ્ઞાન કલ્યાણક** - માગસર સુદ ૧૧

**મોક્ષ કલ્યાણક** - ફાગણ સુદ-૧૨

**॥ ભોયણી તીર્થાધિપતિ શ્રી મલ્લિનાથ સ્વામિને નમો નમઃ ॥**

## શ્રી મલ્લિજિન સ્તુતિ

સંસાર ગ્રહ સહુથી ભયંકર, કોઈ તસ તોલે નહિ
જેની પનોતી ના ઉઠે, બેઠી અનંતાકાળથી
કરુણા કરી પ્રભુ માહરી, એ ગ્રહ દશા નિવારજો
ધરું ધ્યાન મલ્લિજિન ચરણમાં, હૃદયમાં આવી વસો ॥

## અનુક્રમણિકા

## આપ ! ક્યાં શું જોશો ?

### સર્ગ-૧


| વિગત | પૃષ્ઠ |
|---|---|
| સંદર્શિત કથાનકનું દિગ્દર્શન | ૧ |
| મંગલાચરણ | ૨ |
| વીતશોકાનગરવાસીઓનો ગુણવૈભવ | ૪ |
| શ્રીરત્નચંદ્રમુનિનું ચરિત્ર | ૮ |
| કાપાલિક પાસેથી અબળાનું રક્ષણ | ૧૧ |
| ગંધાર શ્રાવકની કથા | ૨૩ |
| શંખરાજા ને પદ્મલોચનાની કથા | ૨૭ |
| રત્નચંદ્રને સર્પદંશ-પદ્મલોચનાનો વિલાપ | ૩૬ |
| ગંધાર શ્રાવક-દેવનું ઉપકારઋણ | ૩૯ |
| વૃક્ષદર્શનથી રત્નચંદ્રને સંસારથી વૈરાગ્ય | ૪૪ |
| શક્રાવતારતીર્થમહિમાગાન | ૪૮ |
| હરિશ્ચંદ્રરાજાની વિસ્તૃત કથા | ૪૯ |
| રત્નચૂડનો દેવોદ્વારા દીક્ષા મહોત્સવ | ૧૦૮ |
| બલરાજાને ત્યાં પુત્રજન્મની વધામણી | ૧૧૦ |
| બલરાજાની વૈરાગ્ય ભાવના | ૧૧૪ |
| મહાબલકુમારનો રાજ્યાભિષેક | ૧૧૬ |
| નૂતન રાજવીને હિતશિક્ષા | ૧૨૦ |

## સર્ગ-૨


સંદર્શિત કથાનકનું દિગ્દર્શન ............................ ૧૨૪

બલરાજાની દીક્ષા અને નિર્વાણ ........................ ૧૨૫

વરધર્માચાર્યનું આગમન-દેશના .......................... ૧૨૬

દાનધર્મ ઉપર જિનદત્તની કથા ........................... ૧૩૧

પદ્મશેખરે કરેલો નગરત્યાગ ............................ ૧૩૬

પદ્મશેખરને ભાગ્યયોગે રાજ્યપ્રાપ્તિ .................... ૧૪૨

કુલપુત્રની અવાંતર કથા ................................. ૧૪૪

પદ્મશેખર અને સૂર બન્નેભાઈનું યુદ્ધ .................... ૧૫૮

શીલધર્મ ઉપર વનમાલાનું કથાનક ........................ ૧૬૯

તપધર્મ ઉપર વિદ્યાવિલાસની કથા ....................... ૨૦૦

ભાવધર્મ ઉપર દઢપ્રહારીની કથા ......................... ૨૪૨

જ્યોતિષ શાસ્ત્રની અદ્ભુત વાતો ......................... ૨૫૬

મહાબલરાજવી આદિ સાતે રાજાઓની દીક્ષા .............. ૨૬૦


## સર્ગ-3


સંદર્શિત કથાનકનું દિગ્દર્શન ............................ ૨૬૪

સાતે મુનિવરોની અનુપમ સંયમસાધના .................. ૨૬૫

વીતશોકાનગરીમાં મુનિવરોની પધરામણી.................. ૨૬૬

સંસારની અસારતા ગર્ભિત ઉપમિતિના સારવાળી દેશના ... ૩૬૭

વીશસ્થાનક તપની અદ્ભુત આરાધના ..................... ૩૦૬

સાતે મુનિવરોની અન્તિમ આરાધના ...................... ૩૧૦

## સર્ગ-૪


સંદર્શિત કથાનકનું દિગ્દર્શન ........................ ૩૧૫

મિથીલાનગરીનું વર્ણન .............................. ૩૧૬

કુંભરાજા-પ્રભાવતીરાણીનું વર્ણન ........................ ૩૧૭

પ્રભાવતીમાતાએ જોયેલા ૧૪ સ્વપ્નો ...................... ૩૨૦

સર્વ ઇન્દ્રો દ્વારા માતાની સ્તવના ....................... ૩૨૩

છપ્પન દિગ્કુમારીનો મહોત્સવ ......................... ૩૨૭

ઇન્દ્ર દ્વારા પ્રભુની સ્તવના ........................... ૩૩૫

જન્મકલ્યાણકની ઉજવણી ઇન્દ્રની શક્રસ્તવ દ્વારા અદ્ભુત સ્તવના ૩૪૭

કુંભરાજાને પ્રભુજન્મની વધામણી ...................... ૩૫૦

પ્રભુના શરીરનું અદ્ભુત વર્ણન ........................ ૩૫૩


## સર્ગ-૫


સંદર્શિત કથાનકનું દિગ્દર્શન ........................ ૩૫૬

પૂર્વભવના છમિત્રનું અલગ-અલગ સ્થાને રાજા તરીકે જન્મવું ૩૬૦

છએ રાજાઓની મલ્લિકુમારી માટે માંગણી ................ ૩૬૨

અર્હન્નય શ્રાવકની કથા ............................ ૩૬૩

કુશલ ચિત્રકારની કથા ............................ ૩૭૯

ચોક્ષા જોગિણીની કથા ............................ ૩૮૩

પ્રભુના રૂપ સરખી સુવર્ણપ્રતિમાનું નિર્માણ ................ ૩૮૮

છએ મિત્રના દૂતોની મલ્લિકુમારી માટે માંગણી ........... ૩૮૯

સુવર્ણ પ્રતિમા દ્વારા છએ મિત્રને પ્રતિબોધ ................ ૩૯૭

જાતિસ્મરણ દ્વારા છએ રાજાનો પ્રતિબોધ .................. ૪૦૧
લોકાંતિક દેવનું આગમન સાંવત્સરિકદાન ................. ૪૦૩
ઇન્દ્ર મહારાજે કરેલો દીક્ષા મહોત્સવ ..................... ૪૦૬
પ્રભુનો દીક્ષા સ્વીકાર-કેવલજ્ઞાન .......................... ૪૧૭
સમવસરણનું સવિસ્તૃતવર્ણન ............................. ૪૧૯
ઇન્દ્ર મહારાજાએ કરેલી ગુણગણ સ્તવના ................. ૪૨૩
છએ મિત્ર રાજાનું પ્રવ્રજ્યા માટે આગમન ................ ૪૨૬

આ.શ્રી વિનયચંદ્રસૂરિ વિરચિત

# શ્રીમલ્લિનાથ ચરિત્ર

## ગૂર્જરાનુવાદ

## પ્રથમ સર્ગ

### સંદર્શિત કથાનકનું દિગ્દર્શન.

મંગલાચરણ-વીતશોકાનગરીદર્શન-બળરાજા-ધારિણીરાણી-શ્રીરત્નચંદ્રમુનિની પધરામણી, બળરાજાનું વંદનાર્થે ગમન, શ્રીરત્નચંદ્રમુનિને તેમના વૈરાગ્યકારણની પૃચ્છા-રત્નચંદ્રમુનિએ કહેલ પોતાની પૂર્વકથા-બળરાજાએ ગ્રહણ કરેલા શ્રાવકના વ્રત, એક વિદ્યાધરનું દીક્ષાર્થે આગમન, તેણે કહેલ શક્રાવતાર તીર્થયાત્રાની હકીકત, બળરાજાએ તે તીર્થસંબંધી અને તે તીર્થોદ્ધાર કરનાર હરિશ્ચંદ્રરાજવીની વિસ્તીર્ણકથા-વિદ્યાધરે કરેલી દીક્ષા સ્વીકૃતિ-બળરાજાનુ સ્વસ્થાને ગમન-ધારિણીરાણીએ જોયેલ સ્વપ્ન-પુત્રનોજન્મ-મહાબળકુમાર નામસ્થાપના-મહાબળકુમારના ૭ મિત્રોની મિત્રતા-શ્રીરત્નચંદ્રમુનિની ફરીથી નગરમાં પધરામણી-બળરાજાનું વંદનાર્થે ગમન-વાણી સુણી પ્રતિબોધ-દીક્ષાગ્રહણની તીવ્રાભિલાષા-મહાબળકુમારનો રાજ્યાભિષેક.

आ. श्री विनयचन्द्रसूरिविरचितं

# श्री मल्लिनाथचरित्रमहाकाव्यम् ।

## प्रथमः सर्गः ।

महातेजःप्रसूः सर्वमङ्गलोल्लासकारणम् ।
अर्हन् गणाश्रयं[1] प्रीणन्, जयताद् वृषभध्वजः ॥१॥

कुम्भजन्मा सितध्यानाञ्जलिपीतभवोदधिः ।
श्रीमन्मल्लिर्जिनो भूयात्, पापवातापितापनः ॥२॥

क्रमहीनो द्विजिह्वोऽपि, क्षमाभारक्षमोऽजनि ।
आश्रयाद्यस्य स स्याद्वः, श्रिये पार्श्वजिनेश्वरः ॥३॥

---

## પ્રથમ સર્ગ

### મંગલાચરણ, હઠાવે વિઘ્નાવરણ.

મહાતેજને પ્રગટ કરનાર, સર્વ મંગલને ઉલ્લસિત કરવામાં કારણભૂત, ગણાશ્રય-ગણધર વિગેરે તથા ગણને આનંદ આપનાર, ત્રણજગતને પૂજનીય શ્રીઆદિનાથ પ્રભુ જય પામો. (૧)

શુક્લધ્યાનરૂપ અંજલિથી ભવસાગરનું પાન કરનાર કુંભરાજાના પુત્ર શ્રીમાન્ મલ્લિનાથ ભગવંત ! ભવ્યજીવોના પાપરૂપી દૈત્યનું શોષણ કરનારા થાઓ. (૨)

જેમના આશ્રયથી ચરણરહિત નાગ પણ નાગેન્દ્ર થયો. પૃથ્વીનો ભાર ઉપાડવા સમર્થ થયો. એવા શ્રીપાર્શ્વનાથ તમારા કલ્યાણને માટે થાઓ. (૩)

---

१. गणश्रियमित्यपि

वन्दारुसुरकोटीरचकोरीचक्रचुम्बिताः ।
जीयासुर्वीरनाथस्य, क्रमद्वन्द्वनखेन्दवः ॥४॥

अन्यानपि गतत्रासान्, सच्छायान्[1] विमलानलम् ।
नौमि मुक्तावलीमध्यनायकान् जिननायकान् ॥५॥

त्रिपद्यपि जिनानां गौर्जगद्गोचरचारिणी ।
सालङ्काराङ्गिनी मे स्यात्तत्त्वपीयूषवर्षिणी ॥६॥

रजःक्षोदपयोदं श्रीविद्याहृद्यावतंसकम् ।
प्रणौम्यहं भवोद्यानभङ्गनागं गुरुं स्वकम्[2] ॥७॥

---

વંદન કરવા આવતા કરોડો દેવોના મુગટરૂપ ચકોરીસમૂહથી ચુંબિત થયેલા શ્રીવીર પરમાત્માના ચરણયુગલના નખરૂપી ચંદ્રો જયવંતા વર્તો. (૪)

સંસારના ત્રાસરહિત, મનોહર કાંતિવાળા, અતિશય નિર્મલ તથા મુક્તાવલી (સિદ્ધ જીવો)માં નાયક સમાન એવા અન્ય શ્રીજિનેશ્વરોને પણ હું નમસ્કાર કરું છું. (૫)

જગતમાં સર્વત્ર વ્યાપ્ત થયેલો, અલંકાર-અંગવાળી એવી શ્રીજિનેશ્વર ભગવંતની ત્રિપદીરૂપ વાણી મને તત્ત્વરૂપી અમૃતને વર્ષાવનારી થાઓ. (૬)

અજ્ઞાનરૂપી રજને શાંત કરવામાં મેઘસમાન લક્ષ્મી અને સરસ્વતીના એક મનોહર મુગટ સમાન, સંસારરૂપી ઉદ્યાનનો ભંગ કરવામાં હસ્તી (હાથી) સમાન એવા મારા પોતાના ગુરુને હું નમસ્કાર કરું છું. (૭)

જગતને જીતનારા, જે દેવના અનેક દેવો પણ દાસ સમાન

---

१. -नमलान-इत्यपि २. आद्यान्त्याक्षरैर्गुरोर्नाम कवेः शोधयितुश्च रविप्रभं, श्रीकनकम् ।

जगज्जैत्रस्य यस्यैते, किङ्करास्ते सुरेश्वराः ।
तं जिगाय जिनो मारं, कौमारेऽपि जवेन[1] यः ॥८॥

तस्य श्रीमल्लिनाथस्य, जगन्नाथस्य पावनम् ।
श्रोतृश्रोत्रसुधासत्रं, सच्चरित्रमुदीर्य्यते ॥९॥ (युग्मम्)

श्रीषष्ठाङ्गादिदं चित्रमहं ग्रथ्नामि माल्यवत् ।
आरामिक इवारामादुच्चित्य सुमनोहरम् ॥१०॥

जम्बूद्वीप इति द्वीपः, कनकाचलकर्णिकः ।
स्पष्टाष्टदिग्दलाकीर्णः, प्रोन्निद्रशतपत्रति ॥११॥

છે, તે કામદેવનો જે પ્રભુએ કુમારાવસ્થામાં સત્વર જય કર્યો છે. એવા તે જગતના નાથ શ્રીમલ્લિનાથના પાવનકારી અને શ્રોતાના શ્રોત્રને અમૃતની પરબ સમાન સચ્ચરિત્રની હું રચના કરું છું. (૮-૯)

જેમ ઉદ્યાનપાલક માળી બગીચામાંથી સારાં પુષ્પો એકઠા કરીને માળા ગૂંથે છે તેમ આ ચરિત્રને છઠ્ઠા અંગ (જ્ઞાતાધર્મકથા) માંથી ઉદ્ધૃત કરીને હું રચુ છું. (૧૦)

## વીતશોકા નગરવાસીઓનો ગુણવૈભવ

કનકાચલ જેની કર્ણિકા છે, આઠ દિશાઓ રૂપ પત્રદલથી જે વ્યાપ્ત છે, એવો જંબૂદ્વીપ નામે એક દ્વીપ વિકસિત કમલ સમાન શોભી રહ્યો છે. (૧૧)

તે દ્વીપના અપર (પશ્ચિમ) વિદેહમાં સલીલાવતી નામના વિજયમાં શોકરહિત એવા લોકોથી ભરપૂર એવી-વીતશોકા નામે

१. जितेन्द्रिय इत्यपि ।

तत्रापरविदेहेषु, विजयः सलिलावती ।
वीतशोका पुरी तत्र, वीतशोकजनाकुला ॥१२॥

प्रबन्धाः पुष्करिण्यश्च, गम्भीरपदसंक्रमाः ।
राजन्ते यत्र सरसाः, कविसूत्रभृता कृताः ॥१३॥

परोपकारप्रगुणा, उत्तमर्णाः प्रियम्वदाः ।
धैर्यवन्तो जना यत्र, सुषमाकालजातवत् ॥१४॥

अवृद्धिर्वारिधेरेव, निष्कोशत्वमसेरपि ।
दानच्छेदो गजस्यापि, न यस्यां पौरुषेष्वभूत् ॥१५॥

बलो नाम नृपस्तत्र, बलेन बलसूदनः ।
वैरिवारबलोन्माथी, ऋद्ध्या बलिनिषूदनः ॥१६॥

---

નગરી છે. (૧૨)

જ્યાં કવિરૂપ સૂત્રધારે રચેલ સરસ, સજળ અને ગંભીર પદનો જ્યાં સંક્રમ છે એવા પ્રબંધ અને ક્રીડાવાવડીઓ શોભે છે. (૧૩)

વળી સુષમાકાળમાં ઉત્પન્ન થયેલાની જેમ જ્યાં લોકો પરોપકારમાં તત્પર, ધનવંત, પ્રિય બોલનાર અને ધૈર્યવંત છે. (૧૪)

જે નગરીમાં અવૃદ્ધિ શબ્દનો ઉપયોગ માત્ર સમુદ્ર માટે જ, નિષ્કોશત્વનો પ્રસંગ તલવારને માટે જ, દાનચ્છેદ હાથીઓ માટે જ વર્તે છે. પણ માનવમાં તેવું કાંઈ (અવૃદ્ધિત્વ, નિષ્કોશત્વ ને દાનચ્છેદ) વર્તતું નથી. (૧૫)

ત્યાં શત્રુઓના બળને પરાસ્ત કરનાર, સમૃદ્ધિથી વિષ્ણુ સમાન અને બળમાં બળસૂદન જેવો બળ નામે રાજવી રાજ્ય કરે છે. (૧૬)

अम्भोधिना गम्भीरत्वे, पारीन्द्रैश्च पराक्रमे ।
कल्पक्षितिरुहैर्दाने, जाने यस्याधमर्ण्यते ॥१७॥

आकार एव यस्योच्चैः, शशंस प्रभुसम्पदम् ।
छत्रचामरकोटीरहारप्रभृति तु स्थितिः ॥१८॥

विलासराजहंसानां, विकस्वरसरोजिनी ।
वशीकरणविद्येव, शृङ्गाररसयोगिनः[१] ॥१९॥

देव्यस्य धारिणी नाम, शीलालङ्कारधारिणी ।
सारिणी गुणवल्लीनां, चातुर्यरसहारिणी ॥२०॥ (युग्मम्)

पुर्यामन्येद्युरुद्याने, वने नाम्नेन्द्रकुब्जके ।
रत्नचन्द्राभिधोऽभ्यागात्, मुनिर्दोषान्धकारभित् ॥२१॥

જેના ગાંભીર્ય આગળ સમુદ્ર, પરાક્રમ આગળ સિંહ અને દાન આગળ કલ્પવૃક્ષો પણ હીન દેખાય છે. (૧૭)

જેનો આકાર જ ઉંચા પ્રકારની સંપત્તિને સૂચવે છે અને જેના છત્ર, ચામર, મુગટ અને હાર પ્રમુખ તેની સ્થિતિને સૂચવે છે. (૧૮)

તેને વિલાસરૂપ રાજહંસોની એક વિકસ્વર કમલિની સમાન, શૃંગારરસરૂપ, યોગીની વશીકરણ વિદ્યા સમાન, શીલરૂપ અલંકારને ધારણ કરનારી, ચાતુર્યરસથી મનોહર, ગુણરૂપ લતાઓની નીક સમાન ધારિણી નામે પટ્ટરાણી છે. (૧૯-૨૦)

## ઇન્દ્રકુબ્જ ઉદ્યાનમાં શ્રીરત્નચંદ્ર મુનિનું આગમન.

એકવાર તે નગરીનાં ઈન્દ્રકુબ્જ નામના વનના ઉદ્યાનમાં દોષરૂપી અંધકારને ભેદનાર અથવા રાત્રિરૂપી અંધકારને ભેદનાર

१. योगिनीत्यपि ।

यस्यासन्नसरस्तीरपादपाः प्रतिबिम्बिताः ।
भान्ति वारिणि सर्वाङ्गं, नीरं पातुमिवातुराः ॥२२॥

पुष्पाक्षतविहस्तैर्द्रुहस्तैर्यद्द्विजलीलया ।
मन्त्रोच्चारमलिध्वानैस्तनुतेऽभ्यागतं प्रति ॥२३॥

नक्षत्रैरिव सन्मित्रैस्तदुद्यानभोऽङ्गणम् ।
राजा समागमन्नेत्रकैरवस्मेरतागुरुः ॥२४॥ (त्रिभिर्विशेषकम्)

तस्मिन् वीक्ष्य मुने रूपं, स्वरूपं दिवसेशितुः ।
उत्फुल्लवदनो नत्वा, राजा पप्रच्छ सादरम् ॥२५॥

---

સૂર્યસમાન શ્રીરત્નચંદ્ર નામે મુનિ પધાર્યા. (૨૧)

જે ઉદ્યાનની નજીકના સરોવરના કાંઠે રહેલા વૃક્ષો જાણે પાણી પીવાને આતુર થઈ ગયા હોય તેમ જળમાં સર્વાંગ પ્રતિબિંબિત થઈને શોભતા હતા. (૨૨)

વળી જે ઉદ્યાન પુષ્પરૂપ અક્ષતથી વ્યાપ્ત એવા વૃક્ષરૂપ હસ્તથી દ્વિજ-પક્ષીઓની લીલાપૂર્વક અને ભમરાના ઝંકાર વડે જાણે અભ્યાગત તરફ મંત્રોચ્ચાર કરતું હોય તેમ ભાસતું હતું. (૨૩)

તે ઉદ્યાનરૂપ નભસ્તળમાં સન્મિત્રરૂપ નક્ષત્રો સહિત અને નેત્રરૂપ કૈરવને વિકસિત કરનાર એવો તે રાજા (ચંદ્ર) આવ્યો. (૨૪)

અને સૂર્ય સમાન તેજસ્વી તે મુનિના રૂપને જોઈને પ્રફુલ્લિત વદનથી નમસ્કાર કરીને રાજાએ આદરપૂર્વક તેમને પૂછ્યું કે (૨૫)

હે મહાત્મન્ ! આ તમારૂં અપ્રતિમરૂપ ! સમુજ્જ્વલ લાવણ્ય છતાં તમે ગૃહસ્થપણાનો ત્યાગ કરીને શા કારણથી સંયમનો સ્વીકાર

रूपेऽप्यप्रतिरूपेऽस्मिन्, लावण्ये च समुज्ज्वले ।
कथं त्यक्त्वा गृहस्थत्वं, भवद्भिर्जगृहे व्रतम् ॥२६॥

द्योतयन्निव दन्तांशुडम्बरैरम्बरान्तरम् ।
रत्नेन्दुर्भगवानेवं, व्याजहार मनोहरम् ॥२७॥

**असारेऽमुत्र संसारे, सर्वमेव विरागकृत् ।**
विशेषतोऽपि चास्माकमिदं वैराग्यकारणम् ॥२८॥

तथाह्यत्र विदेहाख्ये, क्षेत्रे कुरुविभूषणम् ।
पुरं चन्द्रपुरं नाम, वासौकः सर्वसंपदाम् ॥२९॥

वसुभूतिर्नृपस्तत्र, महातेजाः परन्तपः ।
तस्य रत्नावली देवी, रत्नचन्द्रस्तयोः सुतः ॥३०॥

---

કર્યો ? (૨૬)

**કહે રત્નચંદ્ર સ્વવિરાગની કહાણી.**

**સુણી બળરાજા કરે મોહ પ્રહાણી**

હવે રત્નચંદ્રમુનિ પાસેથી રાજા તેમના વિરાગની કથા સાંભળે છે. તે કથાનો પ્રારંભ કરતાં, પોતાની દંતપંક્તિના કિરણોથી આકાશપ્રદેશને જાણે ઉદ્યોતિત કરતા હોય એવા ભગવાન્ શ્રીરત્નચંદ્રમુનિ મધુરવાણીવડે આ પ્રમાણે બોલ્યા કે, (૨૭)

રાજન્ ! **આ અસાર સંસારમાં સર્વપદાર્થો વૈરાગ્યના કારણરૂપ જ છે,** છતાં મારા વૈરાગ્યનું વિશેષ કારણ આ પ્રમાણે છે (૨૮) તે સાંભળો :-

આ વિદેહક્ષેત્રમાં કુરુદેશના વિભૂષણરૂપ અને સર્વસંપત્તિના એક નિવાસસ્થાન જેવું ચંદ્રપુર નામનું નગર છે. (૨૯)

ત્યાં મહાતેજસ્વી અને શત્રુઓને સંતાપ આપનાર, વસુભૂતિ

अन्येद्युरश्ववाहिन्यां, गतो नृपतिनन्दनः ।
उच्चैरुच्चैःश्रवस्तुल्यं, निर्मांसमुखमण्डलम् ॥३१॥

लघुस्तब्धश्रवोयुग्मं, पीनं पश्चिमपार्श्वयोः ।
दशावर्तमनोज्ञाङ्गं, मनोवेगातिवेगिनम् ॥३२॥

दक्षश्चतुष्प्रकारासु, धारासु क्रमयन् क्रमान् ।
अवाहयद्धयं चारु, लातपातादि कारयन् ॥३३॥ (त्रिभिर्विशेषकम्)

आरूढः पञ्चमीं धारामुदूढः प्रौढविक्रमः ।
जवं चकार चतुरं, वाजी वाजजितानिलः ॥३४॥

स्फुरत्खुरपुटोड्डीनरजःसङ्गमपि त्यजन् ।
अङ्गमालिन्य भीत्येव, रभसा नभसि व्रजन् ॥३५॥

---

નામે રાજા છે. તેને રત્નાવલી નામે પટ્ટરાણી છે. તેમને રત્નચંદ્ર નામે પુત્ર છે. (૩૦) (તે જ હું છું)

એકવાર અશ્વક્રીડાને માટે નીકળેલ એવો તે રાજકુમાર ઇંદ્રના અશ્વસમાન શ્રેષ્ઠ, માંસરહિત મુખમંડળવાળો, લઘુ અને સ્તબ્ધ કર્ણયુગલવાળો, પશ્ચિમ અને પાર્શ્વભાગમાં જે પીન છે અને દશાવર્તથી જેનું શરીર મનોજ્ઞ છે. મન કરતાં પણ અધિક વેગવાળો છે (૩૧-૩૨)

ચાર પ્રકારની ધારામાં દક્ષ એવા અશ્વને સુંદર રીતે લાતપાતાદિ કરાવતો અને પગલે પગલે ખેલાવતો હતો. (૩૩)

એવામાં પાંચમી ધારાપર ચઢેલ, પ્રૌઢ પરાક્રમી અને વેગમાં પવનને જીતનાર એવો તે અશ્વ વેગમાં આવી ગયો. (૩૪)

સ્ફૂરાયમાન ખુરપૂટથી (પગના પ્રહારથી) ઉડતી રજના સંગનો પણ જાણે શરીર મલિન બનવાના ભયથી ત્યાગ કરતો હોય તેમ

सरित्पुरगिरिग्रामसमुल्लङ्घनजाङ्घिकः ।
जगाम काननं क्रीडत्पञ्चाननभयानकम् ॥३६॥

रत्नचन्द्रे समुत्तीर्णे, तत्पृष्ठाद् व्यसनादिव ।
चित्रमेकोऽपि स प्राप, पञ्चत्वं दूरलङ्घनात् ॥३७॥

क्व सा राज्यस्थितिः क्वैषा, महावनबिभीषिका ।
क्व च बन्दिजनोल्लापः, क्व चेदं व्याघ्रबूत्कृतम् ॥३८॥

अथवा क्षीणपुण्यत्वादित्थं सम्पद्यतां मम ।
नहि त्यक्ष्यामि धीरत्वकङ्कटं सङ्कटे स्फुटम् ॥३९॥

इत्थं विचार्य सद्धैर्यपरिच्छदपरावृतः ।
चचाल पादचारेण, महारण्ये नृपाङ्गजः ॥४०॥

---

આકાશમાં અત્યંતવેગથી જતો, (૩૫)

તથા અનેક નદી, પુર, પર્વત, ગામ વિગેરેને ઓળંગતો બળવાન તે અશ્વ જ્યાં આગળ સિંહ ક્રીડા કરી રહ્યા છે એવા એક ભયાનક જંગલમાં તે રાજકુમારને લઈ ગયો. (૩૬)

પછી દુઃખ-સંકટથી ઉત્તીર્ણ થયો હોય તેમ તેની પીઠ પરથી રત્નચંદ્ર ઉતર્યો. એક આશ્ચર્યની વાત એ છે કે બહુ દૂર આવવાથી તે ઘોડો એક જ છતાં મરણને પામ્યો. (૩૭)

એટલે રાજકુંવર ચિંતવવા લાગ્યો કે :- અહો ! ક્યાં તે રાજ્યાવસ્થા ? અને ક્યાં આ જંગલની ભયાનકતા ? ક્યાં બંદીજનોના શબ્દો ! અને ક્યાં આ વાઘની ઘોર ગર્જના ? (૩૮)

અથવા પુણ્યક્ષય થવાથી જ મને આ દશા પ્રાપ્ત થઈ છે, આવા સાક્ષાત્ સંકટમાં પણ મારે ધીરતા તજવી ન જોઈએ. (૩૯)

આ પ્રમાણે વિચારીને સુધૈર્યરૂપ પરિવારથી પરિવરેલો તે

हा तात ! तात हा ! भ्रातर्हा भ्रातर्भुवनोत्तम ! ।
खण्डशः खड्गयष्ट्याऽहं, क्रिये सूरणकन्दवत् ॥४१॥

नेयं वीरप्रसूः क्षोणी, नापि संक्रन्दनादयः ।
लोकपाला यथार्थाख्या, हन्ये यदबला बलात् ॥४२॥

रत्नचन्द्र ! गतः क्वापि, ममाभाग्यैर्भवानपि ।
यन्मां व्यसनमापन्नां, न रक्षसि मृगीमिव ॥४३॥

सर्वज्ञेनेव दैवज्ञ !, यत्त्वयाऽऽख्यायि मे पितुः ।
सुप्तप्रलपितं तत्किं, किं वा ते मतिविभ्रमः ॥४४॥

---

રાજકુમાર પાદચારી થઈને તે જંગલમાં આગળ ચાલવા લાગ્યો. (૪૦)

## જંગલમાં અબળાનું રુદન. કરૂણાસાગર કુમારનું ગમન. કાપાલિક પાસેથી અબળાનું રક્ષણ.

ત્યાં તો તેના કાને શબ્દો અથડાયા- હા તાત ! હા તાત ! હા બાંધવ ! હા ભુવનોત્તમ બાંધવ ! સૂરણકંદની જેમ ખડ્ગરૂપ યષ્ટિથી મારા શરીરના કકડેકકડા થાય છે. (૪૧)

શું આ પૃથ્વી ઉપર કોઈ વીર નથી ? અને સંક્રંદન વિગેરે લોકપાળો પણ પોતાના નામને સાર્થક કરનારા નથી ? કે જેથી હું અબળા બળાત્કારે હણાઈ રહી છું (૪૨)

હે રત્નચંદ્ર ! મારા અભાગ્યના (પાપના) ઉદયથી આપ પણ ક્યાં ચાલ્યા ગયા ? કે એક મૃગલીની જેમ સંકટમાં સપડાયેલી એવી મને તમે બચાવતા નથી ? (૪૩)

હે દૈવજ્ઞ ! સર્વજ્ઞની જેમ તેં જે મારા પિતાને કહ્યું હતું કે ઉંઘમાં કરાતા લવારા જેવું કહ્યું હશે ? અથવા તને મતિભ્રમ થયો

सुदतीं रुदतीमेकामित्थं स करुणस्वरैः ।
रोदयन्तीमरण्यानीं, प्रतिशब्दैः सखीमिव ॥४५॥

श्रुत्वा भूमीपतेः सूनुर्निदध्याविति मानसे ।
केयं रोदिति सत्रासं, निर्वीरेव वराकिका ? ॥४६॥

उच्चचार कथङ्कारं, मन्नाम प्रकटाक्षरम् ।
सदृक्षाण्यभिधानानि, श्रूयन्ते वाऽवनीतले ॥४७॥

परं देहव्ययेनापि, सबलैरबलाजनः ।
त्रातव्योऽतिप्रयत्नेन, क्षत्रियार्थं वितन्वता ॥४८॥

विमृश्येति करे कृत्वा, कृपाणं सकृपाशयः ।
स्वरानुसारतस्तस्या, दधावे क्रोधदुर्धरः ॥४९॥

---

હશે ? (૪૪)

આ પ્રમાણે દુઃખી કરૂણસ્વરથી રૂદન કરતી અને પ્રતિશબ્દોથી (પડઘાવડે) સખીની જેમ અટવીને રોવરાવતી એક અબાળાનો સ્વર સાંભળ્યો (૪૫)

રાજપુત્ર મનમાં ચિંતવવા લાગ્યો કે :- નાથ વિનાની આ બિચારી ત્રાસપૂર્વક કોણ સ્ત્રી રૂદન કરતી હશે ? (૪૬)

અને સ્પષ્ટપણે મારા નામનો ઉચ્ચાર એણે કેમ કર્યો હશે ? અથવા તો આ પૃથ્વીતળ ઉપર સમાન નામ પણ ઘણા સાંભળવામાં આવે છે (૪૭)

પરંતુ ક્ષત્રિય શબ્દના અર્થને યથાર્થ કરનાર એવા બળવાન લોકોએ પોતાના દેહનો વ્યય કરીને પણ અતિ પ્રયત્નથી અબળાજનનો બચાવ કરવો જોઈએ. (૪૮)

એ પ્રમાણે વિચાર કરી હાથમાં તલવાર લઈને ક્રોધથી

प्रज्वलत्खदिराङ्गारपूर्णकुण्डतटस्थिताम् ।
कण्ठपीठधृतारक्तकणवीरस्रजं पुरः ॥५०॥

बद्धपाणिपदद्वन्द्वां, सूनानीतामजामिव ।
भयलोलदृशं चिल्लीं, श्येनचञ्चुगतामिव ॥५१॥

अद्राक्षीदबलां बालामालानितवशामिव ।
कपालिनं च धारालकर्त्तिकानर्त्तनोद्यतम् ॥५२॥ (त्रिभिर्विशेषकम्)

तमूचे च विमर्याद !, रे रे कापालिकाधम ! ।
अशरण्यामरण्ये, किमेनां हन्तुं समुद्यतः ? ॥५३॥

रे प्रहर्तुमिमां पाप !, कथमुत्सहते मनः ? ।
अथवा पापकुम्भस्ते, तूर्णं पूर्णोऽद्य विद्यते ॥५४॥

---

ધમધમતો, દયાર્દ્ર મનવાળો તે રાજકુમાર તે સ્ત્રીના અવાજને અનુસારે-અવાજની દિશા તરફ દોડ્યો. (૪૯)

અને આગળ જતાં જાજવલ્યમાન અગ્નિથી પરિપૂર્ણ એવા કુંડની સમક્ષ, તેને કિનારે ઉભેલી, કંઠમાં કણેરના રક્તપુષ્પોની માળા નાંખેલી, વધસ્થાને લાવેલી બકરીની જેમ બંને હાથ અને પગ જેના બાંધેલા છે એવી, શ્યેન (બાજ) પક્ષીની ચાંચમાં સપડાયેલી ચકલીની જેમ ભયથી ચપળ દષ્ટિવાળી અને આલાનસ્તંભમાં બાંધેલ હાથણીની જેમ પરવશ બનેલી એવી એક બાળાને તેણે જોઈ. (૫૦-૫૧-૫૨)

અને તેની પાસે ધારદાર છરીને નચાવતા એક કાપાલિકને જોયો. તે બંનેને જોઈને રાજકુમાર બોલ્યો કે :- રે મર્યાદાવિનાના ! અરે અધમ કાપાલિક ! અરણ્યમાં શરણ વિનાની આ અબળાને મારવાને કેમ તૈયાર થયો છે ? (૫૩)

રે પાપી ! એના પર પ્રહાર કરતાં તારૂં મન કેમ ચાલે છ ?

तन्मन्ये तव निर्लज्ज !, भुजौजः शिष्टगर्हितम् ।
यदीदृशे जने दीने, प्रजिहीर्षुः प्रवर्तसे ॥५५॥

इत्युक्तिव्यक्तिमाकर्ण्य, कर्णायःसूचिसूचिकाम् ।
उद्धावेतरां योगी, भीमः कल्पान्तभीमवत् ॥५६॥

कटुवाक्यगिरां कल्पः, शिक्षितोऽद्य कुतस्त्वया ।
आविरासीद् ध्रुवं धात्र्यां, यदि वा त्वत्त एव सः ॥५७॥

रे वीरखेटवाचाट !, याहि दृष्टेन वर्त्मना ।
यदि वैष स्वभावेन, परतप्तिपरो जनः ॥५८॥

विक्रमैककथाव्यासश्चन्द्रहासो ममोज्ज्वलः ।
सकल्मषाणं तद्वाचामाचारं शोधयिष्यति ॥५९॥

---

અથવા તો આજે તારો પાપનો ઘડો ખરેખર ભરાઈ ગયો લાગે છે (૫૪)

હે નિર્લજ્જ ! આ તારા બાહુબળને હું ઉત્તમ પુરુષોથી નિંદાના પાત્રભૂત માનું છું કે જેથી આવી દીન અબળા પર પ્રહાર કરવાને તું તત્પર થયો છે ? (૫૫)

આ પ્રમાણે કાનમાં લોખંડની સોયના પ્રવેશ જેવા કુમારના વચનો સાંભળીને કલ્પાંતકાળના યમની જેવો તે ભયંકર યોગી કુમારની સામે દોડી આવ્યો. (૫૬)

અને બોલ્યો કે :- કટુવાણીનું શાસ્ત્ર આજે તે ક્યાંથી મને શીખવાડ્યું ? અથવા તો તે શાસ્ત્ર તારાથી જ પૃથ્વી ઉપર નિશ્ચે પ્રગટ થયેલું છે, (૫૭)

હે વીરખેટવાચાલ ? તું તારા જોયેલા માર્ગે ચાલ્યો જા. પરંતુ સ્વભાવથી જ તું બીજાને સંતાપ કરનાર લાગે છે. (૫૮)

તેથી પરાક્રમની કથા રચવામાં વ્યાસમુનિ સમાન આ મારૂ

इत्युक्तवति सत्यस्मिन्, रत्नचन्द्रोऽवदत्तथा ।
मुञ्च घातं तथा चक्रे, योगिनाऽन्योऽप्यवञ्चयत् ॥६०॥

कापालिकप्रहारेऽथ, वितथे रत्नचन्द्रमाः ।
तदायुःकमलं खड्गधारांशुभिरमीलयत् ॥६१॥

विच्छिद्य बन्धसम्बन्धं, प्रेमबन्धं प्रपञ्चयन् ।
उवाच कन्यकामेनां, कुतस्त्वं कास्ययं च कः ? ॥६२॥

तद्वीक्ष्य जातमन्दाक्षा, पद्माक्षी साऽब्रवीदिति ।
समस्ति नगरी चम्पा, गतकम्पा रिपुव्रजात् ॥६३॥

---

ઉજ્જવલ ચંદ્રહાસ ખડ્ગ તારી કલુષિત વાણીના આચારની શુદ્ધિ કરશે. (૫૯)

આ પ્રમાણે તે યોગીનું વચન સાંભળીને રત્નચંદ્ર બોલ્યો ક :- "મારા ઉપર તું પ્રથમ શસ્ત્રનો પ્રહાર કર" એટલે તેણે પ્રહાર કર્યો. રત્નચંદ્રે તે પ્રહાર ચૂકાવી દીધો. અર્થાત્ નિષ્ફળ કર્યો. (૬૦)

પછી કાપાલિકનો પ્રહાર વ્યર્થ જતા રત્નચંદ્રે પોતાના ખડ્ગરૂપ ધારાનાં કિરણથી તેનું આયુષ્યરૂપ કમળ બંધ કરી દીધું. અર્થાત્ તે યોગીને મરણશરણ કર્યો. (૬૧)

પછી તે બાળાના અન્ય બંધનને છેદીને પ્રેમબંધનને રચતાં રત્નચંદ્રે તે કન્યાને પૂછ્યું કે :- હે ભદ્રે ? તું કોણ છે ! અને અહીં ક્યાંથી આવી છે ? તથા આ યોગી કોણ છે (૬૨)

આ પ્રમાણેનો પ્રશ્ન સાંભળી પોતાના લોચનને મંદ કરીને તે પદ્માક્ષી બોલી કે :- શત્રુસમૂહથી નિર્ભય એવી ચંપા નામે નગરી છે, (૬૩)

तस्यां भूमिपतिः शङ्खः, शङ्खशुभ्रगुणोज्ज्वलः ।
पद्मेव पद्मलेखेति, तस्य देवी पतिव्रता ॥६४॥

तयोरभूवं तनया, नाम्नाऽहं पद्मलोचना ।
उन्मथ्य बाल्यपाथोधिं, प्रपन्ना यौवनश्रियम् ॥६५॥

मौहूर्त्तिकं शुभं नाम, शुभाशुभविशारदम् ।
अन्येद्युः शङ्खभूपालः, पर्यपृच्छत् कलानिधिम् ॥६६॥

को नामास्याः पतिर्भावी, रूपेण वयसा समः ।
खेचरः क्षितिचारी वा, विचिन्त्य मम कथ्यताम् ॥६७॥

अभ्यधादथ दैवज्ञः, सम्यग्ज्ञानबलेन सः ।
कुरुदेशे पुरे चन्द्राभिधाने सन्निकेतने ॥६८॥

---

ત્યાં શંખ જેવા શુભ્રગુણથી ઉજ્જ્વલ શંખ નામે રાજા રાજ કરે છે. તેને પદ્મા (લક્ષ્મી)ની જેવી પદ્મલેખા નામની પતિવ્રતા પટ્ટરાણી છે, (૬૪)

તેમની પદ્મલોચના નામની હું પુત્રી છું. બાલ્યવયરૂપ સાગરનું મથન કરીને હું યૌવનલક્ષ્મીને પામી. (૬૫)

એવામાં એકવાર શુભાશુભ કહેવામાં કુશળ અને કળાના નિધાન એવા એક શુભ નામના નૈમિત્તિકને મારા પિતાએ પૂછ્યું કે (૬૬)

"આ બાળાનો રૂપ અને વયમાં સમાન એવો વિદ્યાધર કે મનુષ્ય કોણ પતિ થશે ? તેનો વિચાર કરીને મને કહો" (૬૭)

એટલે તે નૈમિત્તિક સમ્યગ્જ્ઞાનના બળથી બોલ્યો કે :- કુરુદેશમાં જ્યાં અનેક શ્રેષ્ઠ મકાનો છે એવા ચંદ્રનામના નગરમાં વસુભૂતિ રાજાનો આળસાદિ દોષથી રહિત, એવો રત્નચંદ્ર નામનો

वसुभूतेः सुतो रत्नचन्द्रस्तन्द्राविवर्जितः ।
परिणेष्यति ते पुत्रीं, रोहिणीमिव चन्द्रमाः ॥६९॥

एवं शुभगिरः श्रुत्वा, मित्रभूतिं पुरोधसम् ।
वरीतुं रत्नचन्द्रं स्म, प्रहिणोति महीपतिः ॥७०॥

इति कापालिकोऽप्येष, जालकान्तरवर्त्तिनीम् ।
दृष्ट्वा मां कृत्रिमैः पुत्रैः, क्रीडन्तीं ससखीजनाम् ॥७१॥

पद्मिनीमिव मातङ्गः, करेणाभ्यासवर्त्तिनीम् ।
अपाहार्षीदयं पापः, पूर्ववैरस्मृतेरिव ॥७२॥ (युग्मम्)

अभ्यर्थिता ततोऽत्यन्तं, न मन्ये तद्वचो यदा ।
तदाऽनेनातिपापेन, प्रापिताऽस्मीदृशो दशाम् ॥७३॥

---

પુત્ર છે. તે રોહિણીને જેમ ચંદ્રમાં પરણે તેમ આ રાજપુત્ર તમારી પુત્રીને પરણશે" (૬૮-૬૯)

આ પ્રમાણે તેની શુભવાણી સાંભળીને મારા પિતાએ રત્નચંદ્ર સાથે સંબંધ જોડવા માટે મિત્રભૂતિ નામના પુરોહિતને ચંદ્રપુરે મોકલ્યો. (૭૦)

એકવાર સખીઓ સાથે ગવાક્ષમાં બેસીને કુત્રિમબાળકો સાથે (રમકડાં સાથે) રમત રમતી મને જોઈને જાણે પૂર્વભવના વૈરના સ્મરણથી જ ન હોય તેમ આ પાપી કાપાલિકે પાસે રહેલી પદ્મિનીનું જેમ હાથી પોતાની સૂંઢથી હરણ કરે તેમ મારૂં હરણ કર્યું. (૭૧-૭૨)

પછી કામભોગને માટે એણે મારી પાસે અત્યંત પ્રાર્થના કરી, પણ તેનું વચન જ્યારે મેં ન માન્યું ત્યારે એ પાપીએ મને આવી અવસ્થાએ પહોંચાડી, (૭૩)

એટલે વિરસ અને કરૂણસ્વરથી હું રૂદન કરવા લાગી કેમકે

ततो रोदितुमारब्धा, विरसैः करुणस्वरैः ।
**विधुरे रोदनादन्यन्न भीरूणां बलं किल ॥७४॥**

स्वयमेव विजानासि, परन्तप ! ततः परम् ।
निजेन तु चरित्रेण, पवित्रय मम श्रुती ॥७५॥

अभ्यधादथ रत्नेन्दुः, स्मितशुभ्ररदद्युतिः ।
अहं चन्द्रपुरे रत्नचन्द्रस्यास्मि परिग्रहे ॥७६॥

कल्याणि ! त्वां तदादेशादायातस्त्रातुमातुराम् ।
एतस्य शासने शक्तिस्तस्यैवेयं प्रगल्भते ॥७७॥

तया विशिष्टचेष्टाभिर्लक्षणैरपि लक्षितः ।
रत्नचन्द्रः स एवायमिति स्वं गोपयन्नपि ॥७८॥

---

**કાયરલોકો-ભયભીતલોકો પાસે રૂદન સિવાય બીજું બળ હોતું નથી.** (૭૪)

હે પરન્તપ ! ત્યાર પછી શું થયું તે આપ પોતે જ જાણો છો. પણ હવે આપના ચરિત્રથી મારા કર્ણયુગલને પાવન કરો. (૭૫)

એટલે સ્મિતથી શુભ્ર જેની દંતદ્યુતિ છે એવો રત્નચંદ્રકુમાર બોલ્યો કે- 'હે ભદ્રે ! હું ચંદ્રપુરમાં રહેનારા રત્નચંદ્રના પરિવારનો જ છું (૭૬)

હે કલ્યાણી ! હું તેના આદેશથી જ તારું રક્ષણ કરવા આવ્યો છું અને આ યોગીને મેં શિક્ષા આપી તે પણ રત્નચંદ્રનો જ પ્રતાપ સમજવાનો છે. (૭૭)

આ પ્રમાણે સાંભળીને વિશિષ્ટચેષ્ટા અને લક્ષણથી તેને ઓળખી તે બાળા વિચારવા લાગી કે, "પોતાના સ્વરૂપને છૂપાવનાર આ રત્નચંદ્ર જ છે. (૭૮)

भवेदन्यस्य कस्येदं, वीरव्रतमनुद्धतम् ।
यतो मां त्रातवानस्माद्योगिनो भोगिनो यथा ॥७९॥

ध्यात्वेत्युवाच सा रत्नचन्द्रमुद्वीक्ष्य विस्मिता ।
गतोऽस्त्यानेतुमेधांसि, वीरशिष्योऽस्य योगिनः ॥८०॥

अत्यर्थमसमर्थः संश्छलेन च बलेन सः ।
किञ्चिदत्याहितं कुर्यात्तदपक्रमणं कुरु ॥८१॥

युक्तियुक्तमिति प्रोक्तस्तयाऽऽतङ्केद्धचित्तया[1] ।
प्रेम स्थेमानमानेतुं, मेने तस्या वचस्ततः ॥८२॥

शक्त्येवासक्तया साकं, तया क्षितिपतेः सुतः ।
प्रचचालाचलं प्रीत, इतश्चास्तमगाद्रविः ॥८३॥

---

નહિ તો આવું અનુદ્ધત વીરવ્રત અન્ય કોનામાં હોય ? કે જે સર્પ જેવા આ યોગીથી મારું રક્ષણ કરી શકે." (૭૯)

આ રીતે ચિંતવી રત્નચંદ્રને જોઈ વિસ્મય પામેલી તે બોલી કે :- "એ યોગીનો વીર નામે શિષ્ય કાષ્ઠ લેવા ગયો છે, (૮૦)

તે બળથી કે છળથી પણ અત્યંત ઉપદ્રવ કરે તેવો છે તેથી કાંઈક અનર્થ કરશે તેથી તે આવે તે પહેલા તમે અહીંથી દૂર ચાલ્યા જાવ. (૮૧)

આ પ્રમાણે ભયથી વ્યાકુળ મનવડે યુક્તિપૂર્વક કહેલાં તેના વચનને રાજકુમારે પ્રેમને વધારે દઢ કરવા માટે માની લીધું. (૮૨)

અને શક્તિની જેમ આસક્ત એવી તે બાળાસાથે પ્રસન્ન થઈને રાજકુમાર એક પર્વત તરફ ચાલ્યો. એવામાં સૂર્યાસ્ત થયો. (૮૩)

---

१. व्याकुलमिति ।

अञ्जनाद्रेरिवोद्भूतः, पातालविवरादिव ।
सूचीभेद्यस्तमस्तोमः, प्रससार रसां प्रति ॥८४॥

अमूकघूकघूत्कारैरटन्ति मलिनाननाः ।
अस्तं गते रवौ नाथे, दिशः शोकाकुला इव ॥८५॥

विश्वमित्रे जगन्नेत्रे, परलोकमुपेयुषि ।
तमोभिः पर्यपूर्य्यन्त, लोचनानि तदाऽङ्गिनाम् ॥८६॥

कासारेभ्यः शशाङ्केन, मुष्यन्ते कमलाकराः ।
**जडात्मकानां गेहेषु, न हि श्रीः स्थायिनी चिरम् ॥८७॥**

ततः कुमारो रत्नेन्दुर्दुस्तरे वंशगह्वरे ।
शाययित्वा विशालाक्षो, तस्य द्वारि स्थितः स्वयम् ॥८८॥

---

સૂર્યાસ્ત થતાં જાણે અંજનપર્વતમાંથી અથવા પાતાળમાંથી પ્રગટ થયેલો હોય તેવો નિબિડ અંધકારનો સમૂહ પૃથ્વીતલ ઉપર પ્રસરવા લાગ્યો. (૮૪)

સૂર્યરૂપ નાથ અસ્ત થતાં જાણે શોકથી આકુળ થઈ ગઈ હોય તેમ દિશાઓ શ્યામમુખી બનીને વાચાળ ઘુવડપક્ષીઓના ઘૂત્કારોથી જાણે વિલાપ કરતી હોય તેવી દેખાવા લાગી. (૮૫)

વિશ્વના મિત્રરૂપ સૂર્યના પરલોક જવાથી પ્રાણીઓના લોચનો અંધકારવડે પરિપૂર્ણ થઈ ગયાં.(૮૬)

ચંદ્ર પણ સરોવરમાંથી કમળોની શોભાને ચોરવા લાગ્યો. કારણ કે જડ (જળ)ના ગૃહમાં લક્ષ્મી ચિરકાળ સ્થાયી રહી શકતી નથી. (૮૭)

આવી સ્થિતિમાં તે કમલાક્ષીને એક દુસ્તર વંશઘટામાં સુવાડીને કુમાર પોતે તેની આગળના ભાગમાં ઊભો રહ્યો. (૮૮)

विभातायां विभावर्यां, यावदाह्वयति प्रियाम् ।
ददौ प्रत्युत्तरं शैलः, प्रतिशब्दैर्न सा पुनः ॥८९॥

मदीया दयिता हन्त !, न वेद्मि च्छद्मसद्मना ।
हहा केनापि पापेनापहताऽपहृताऽथवा ? ॥९०॥

कुतोऽश्वेनापहारो मे, कुतश्चास्याः समागमः ।
अपहारः कथं चैष, ऊर्द्धस्थादपि जाग्रतः ? ॥९१॥

**अथवा पुण्यनिर्णाशे, जायते सर्वमीदृशम् ।**
**विधिरेव प्रगल्भोऽत्र, कृते योगवियोगयोः ॥९२॥**

एवं विमृश्य रत्नेन्दुश्चलितः काननोदरे ।
आराममिव धर्मद्रोर्निधानमिव सम्पदाम् ॥९३॥

---

અને રાત્રી પૂર્ણ થતાં-પ્રભાત થતાં જેવામાં તે પ્રિયાને બોલાવે છે એવા તેમાં હરિણાક્ષીને બદલે પર્વત પ્રતિશબ્દોથી (પડઘાથી) ઉત્તર આપવા લાગ્યો. એટલે તે ખેદ કરવા લાગ્યો કે (૮૯)

ખૂબજ ખેદની વાત છે કે હું જાણતો નથી કે ક્યા પાપી-માયાવીએ મારી પ્રિયાને મારી નાખી છે કે અપહરણ કર્યું છે ? (૯૦)

"અહો ! ક્યાંથી અશ્વે મારો અપહાર કર્યો ? અને એ મૃગાક્ષીનો સમાગમ મને ક્યાંથી થયો ? તથા મારી જાગૃતિ છતાં એનો અપહાર કેમ થયો ? (૯૧)

અથવા તો પુણ્યનો નાશ થતાં આવી ઘટના બની શકે. **જગતમાં પદાર્થનો યોગ અને વિયોગ કરવામાં દૈવ જ એક સમર્થ છે.** વિધિનો જ પ્રભાવ છે. (૯૨)

આ પ્રમાણે વિચાર કરીને રત્નચંદ્ર અરણ્યમાં આગળ ચાલ્યો.

पिधानमिव दुष्कर्मविरोचननिकेतने ।
ददर्श देवधामैकं, विस्मयोत्फुल्ललोचनः ॥९४॥

मध्येचैत्यं प्रविष्टोऽसौ, प्रमोदमिव देहिनाम् ।
निदध्यौ तीर्थकृद्बिम्बं, दृग्मृगीपाशबन्धनम् ॥९५॥

प्रणत्य परया भक्त्या, वीतरागं जगद्गुरुम् ।
अभ्यगान्मण्डपे चारुदन्तपञ्चालिकावृते ॥९६॥

इतश्चागान्नरः कोऽपि, जराजर्जरविग्रहः ।
कौपीनवसनः क्षामः, क्लिन्नक्लिन्नो मलेन च ॥९७॥

स प्रणम्य जिनाधीशं, भावशुद्ध्या पवित्रितः ।
कुमारं प्रति सस्नेहं, जगाद वदतां वरः ॥९८॥

---

એવામાં ધર્મવૃક્ષના બગીચા સમાન, સંપત્તિના નિધાનરૂપ. (૯૩)

અને દુષ્કર્મરૂપ દૈત્યગૃહના (વિરોચન) ઢાંકણરૂપ એક દિવ્યદેવમંદિર વિસ્મયથી વિકસ્વરનેત્રવાળા રાજકુમારના જોવામાં આવ્યું. (૯૪)

તે ચૈત્યમાં તેણે પ્રવેશ કર્યો એટલે પ્રાણીઓને પ્રમોદરૂપ અને *દૃષ્ટિરૂપ મૃગલીના પાશરૂપ શ્રીજિનબિંબ તેના જોવામાં આવ્યાં.* (૯૫)

પછી જગત્ગુરુ શ્રીવીતરાગપરમાત્માને પરમભક્તિથી પ્રણામ કરીને સુંદરદંતપાંચાલી (પુતળીઓ)થી મનોહર એવા રંગમંડપમાં તે આવ્યો. (૯૬)

એવામાં જરાથી જર્જરિત શરીરવાળો, લંગોટી માત્ર વસ્ત્રધારક, મેલ અને પરસેવાથી મલિન શરીરવાળો કોઈ કૃશપુરુષ ત્યાં આવ્યો. (૯૭)

શ્રીજિનેશ્વર ભગવંતને ભાવશુદ્ધિપૂર્વક પ્રમાણ કરીને પવિત્ર

गन्धारश्रावकं विद्धि, मामयोध्यानिवासिनम् ।
धुर्येष्विव स्वपुत्रेषु, न्यस्तौकोभारसम्पदम् ॥९९॥

जन्मदीक्षादितीर्थेषु, प्रतिमास्त्रिजगद्गुरोः ।
वन्दमानो महातीर्थमहमागतवानिह ॥१००॥

अत्रैवानशनं कृत्वा, परलोकः सुनिर्मलः ।
उपार्जनीयो भावेन, नो कार्यं मयकाऽपरम् ॥१०१॥

यतोऽह्नि ह्यस्तने भद्र !, विद्याधरमहामुनिः ।
वन्दितो भावतो ज्ञानज्ञातविश्वत्रयस्थितिः ॥१०२॥

स प्रणम्य मयाऽपृच्छि, प्रमाणं निजकायुषः ।
तेनोचे जीवितं भद्र !, पञ्चैव दिवसानि ते ॥१०३॥

---

તથા સત્ય બોલનારા તેણે કુમારને સ્નેહપૂર્વક કહ્યું કે. (૯૮)

"હે ભદ્ર ! અયોધ્યામાં વસનારો, સમર્થ વૃષભની જેવા સ્વપુત્રોપર ગૃહભાર તથા સંપત્તિનું આરોપણ કરીને આવેલો હું ગંધાર નામે શ્રાવક છું. (૯૯)

શ્રીજિનેશ્વર ભગવંતના જન્મ-દીક્ષાદિ કલ્યાણકોવાળા તીર્થોમાં જિનપ્રતિમાને વંદન કરતો હું અહીં મહાતીર્થમાં આવ્યો છું. (૧૦૦)

અને હવે અહીં જ ભાવથી અનશન સ્વીકારી સુનિર્મળ પરલોક સાધવાની ઈચ્છા છે. બીજું કાંઈ મારે કરવામાં બાકી નથી. (૧૦૧)

હે ભદ્ર ! ગઈકાલે જ્ઞાનથી વિશ્વત્રયની સ્થિતિ જાણનારા એક વિદ્યાધર મહામુનિને ભાવથી વંદન કરેલ. (૧૦૨)

પછી તેમને પ્રણામ કરીને મેં મારા આયુષ્યનું પ્રમાણ પૂછ્યું હતું. એટલે તેમણે કહ્યું હતું કે - "હે ભદ્ર ! તારૂં જીવિત હવે

मया तदत्रायातेन, साध्यैवानशनस्थितिः ।
मुक्तिः श्रीवश्यविद्येव, त्वत्त उत्तरसाधकात् ॥१०४॥

निशम्येदमुवाचोच्चै, रत्नेन्दुर्विस्मिताशयः ।
किं साहाय्यं मया कार्यं, परलोकोत्सुकस्य ते ॥१०५॥

अथाभाषिष्ट गन्धारो, गृहाण विधिपूर्वकम् ।
मन्त्रं पञ्चनमस्कारसंज्ञया ख्यातिमागतम् ॥१०६॥ यतः –

**ये याता येऽपि यास्यन्ति, ये च यान्ति परं पदम् ।**
**ते सर्वेऽपि नमस्कारं, स्मारं स्मारं कृतस्मयाः ॥१०७॥**

**नमस्कारः पिता माता, नमस्कारः परो गुरुः ।**
**नमस्कारः प्रियं मित्रं, नमस्कारः कुलं बलम् ॥१०८॥**

---

માત્ર પાંચદિવસનું જ છે. (૧૦૩)

તેથી અહીં આવેલા મારે ઉત્તમ ઉત્તરસાધક એવા તારી સહાયતાથી વિદ્યાસાધકની જેમ અનશન સ્થિતિમાં રહીને મુક્તિ સાધવી છે." (૧૦૪)

આ પ્રમાણે સાંભળીને વિસ્મય આશયવાળા રત્નચંદ્રે કહ્યું કઃ- "પરલોક સાધવા ઉત્સુક થયેલા તમને મારે શી સહાયતા કરવી ? (૧૦૫)

એટલે ગંધાર શ્રાવક બોલ્યો કે :- "પંચનમસ્કારના નામથી પ્રખ્યાતિ પામેલા મહામંત્રને વિધિપૂર્વક પ્રથમ તું ગ્રહણ કર. કારણ કે :- (૧૦૬)

**"જે પ્રાણીઓ પરમપદને પામ્યા છે, પામશે અને પામે છે તે બધા ભાવથી નમસ્કારનું સ્મરણ કરીને જ પામેલા છે. નમસ્કાર એ પિતા, માતા, પરમગુરુ અને પ્રિયમિત્ર સમાન**

आयान्ति यस्य माहात्म्यादाकृष्टा इव सम्पदः ।
विपदश्च विनश्यन्ति, श्रुतेरिव कुवासनाः ॥१०९॥

नमोऽर्हदादिभ्य इति, महामन्त्रं पवित्रधीः ।
अपठच्छ्रावकाभ्यर्णे, शुद्धवर्णं यथाविधि ॥११०॥

अथ प्रोवाच गन्धारः, समयेऽस्मिन् सखे ! मम ।
कर्णयोर्निकटस्थेन, प्रदेयः प्रकटाक्षरम् ॥१११॥

आमेति भाषिते तेन, गन्धारः श्रावकोत्तमः ।
अकरोत् त्रिविधाहारपरीहारं यथाविधि ॥११२॥

कर्णाभ्यासनिषण्णेन, सुस्वरं नृपसूनुना ।
दीयमानेषु शुद्धेषु, नमस्कारेषु भावतः ॥११३॥

---

**છે અને નમસ્કાર જ કુળ તથા બળ પણ છે. (૧૦૭-૧૦૮)**

વળી એના પ્રભાવથી સંપત્તિઓ ખેંચાઈને આવે છે અને પરમશ્રુતથી કુવાસનાની જેમ વિપત્તિઓ સર્વ વિનાશ પામે છે. (૧૦૯)

પછી નમોऽર્હદાદિભ્યઃ એ મહામંત્રને તે પવિત્રબુદ્ધિવાળો રાજકુમાર ગંધાર શ્રાવક પાસેથી વિધિપૂર્વક અને શુદ્ધોચ્ચારપૂર્વક શીખ્યો. (૧૧૦)

પછી ગંધાર શ્રાવકે કહ્યું કે :- "હે મિત્ર ! આ સમયે (અનશન વખતે) મારા કર્ણની નજીકમાં આવીને તારે એ મહામંત્ર મને સંભળાવવો. (૧૧૧)

રાજકુમારે તેમ કરવાની હા પાડતાં પરમશ્રાવક ગંધારે વિધિપૂર્વક ત્રિવિધ આહારનો ત્યાગ કર્યો પછી (૧૧૨)

તેના કાનની પાસે બેસીને રાજકુમારે સુંદરસ્વરથી તથા

समाधिध्यानमाधाय, श्रद्धासंशुद्धमानसः ।
देवभूयमगादेष, गन्धारः पञ्चमेऽहनि ॥११४॥ युग्मम्

रत्नेन्दुः प्रेतकार्याणि, कृत्वाऽस्य निजबन्धुवत् ।
तस्माच्चचाल पूर्वाशामुद्यमी देवतासखः ॥११५॥

सिच्यमानतरुं मुग्धतापसैः कुटवाहिभिः ।
क्रीडन्मृगाङ्गनाग्रामं, नीवारै राजिताजिरम् ॥११६॥

इङ्गुदीतैलनिर्माणव्यग्रतापसकन्यकम् ।
तिम्यत्तारवतन्तूनां, मालया राजितोटजम् ॥११७॥

वेदिकामार्जनानिष्ठऋषिपत्नीमनोहरम् ।
अपश्यदाश्रममसौ, दृक्चकोरीहिमद्युतिम् ॥११८॥ त्रिभिर्विशेषकम्

---

ભાવપૂર્વક શુદ્ધ નમસ્કાર મહામંત્ર સંભળાવવા માંડ્યો. (૧૧૩)

શ્રદ્ધાથી શુદ્ધ મનવાળો તે ગંધાર શ્રાવક સમાધિધ્યાનમાં લીન થઈને પાંચમે દિવસે દેવપણાને પામ્યો. (૧૧૪)

પછી પોતાના બાંધવની જેમ તેની ઉત્તરક્રિયા કરીને દેવસદશ નિર્ભય અને ઉદ્યમી એવો રત્નચંદ્ર ત્યાંથી પૂર્વદિશા તરફ ચાલ્યો. (૧૧૫)

એવામાં કુદાલને વહન કરતાં મુગ્ધ તાપસો વૃક્ષોને સિંચન કરી રહ્યા છે, જ્યાં મૃગલીઓ ક્રીડા કરી રહી છે, (૧૧૬)

જ્યાં નિવાર-તંદુલથી આંગણું શોભી રહ્યું છે, જ્યાં નારંગીનું તેલ બનાવવામાં વ્યગ્ર તાપસ કન્યાઓ દેખાય છે, તિમીવૃક્ષોના તંતુઓની માળાથી જ્યાં ઝૂંપડી શોભી રહી છે, (૧૧૭)

વેદિકાનું પ્રમાર્જન કરવામાં તત્પર ઋષિપત્નીઓથી જે મનોહર લાગે છે અને દષ્ટિરૂપ ચકોરીને આનંદ આપવામાં જે ચંદ્રમા

तत्र प्रविश्य भूपालतनयो विनयोज्ज्वलः ।
भक्त्या कुलपतिं नत्वा, निषसाद विनेयवत् ॥११९॥

इतश्च तापसद्वन्द्वे, प्रणन्तरि कृताञ्जलौ ।
पप्रच्छ तापसस्वामी, स्वागतं प्रीतिकार्मणम् ॥१२०॥

अथ तावूचतुः पूज्य !, स्वागतं त्वत्प्रसादतः ।
अस्मन्मुखेन वः पादान्, शङ्खराजो नमस्यति ॥१२१॥

सुखेन तत्र संप्राप्ता, पित्रोर्नेत्रसुधा प्रभो ! ।
नमत्यस्मद्गिरा युष्मच्चरणौ पद्मलोचना ॥१२२॥

निशम्य शङ्खनामादि, बभाषे रत्नचन्द्रमाः ।
कोऽयं शङ्खमहीपालः, का वेयं पद्मलोचना ? ॥१२३॥

---

સમાન છે એવા આશ્રમને તેણે જોયો. (૧૧૮)

પછી ત્યાં પ્રવેશ કરીને વિનયથી ઉજ્જવલ રાજકુમાર શિષ્યની જેમ ભક્તિપૂર્વક કુલપતિને નમસ્કાર કરીને બેઠો. (૧૧૯)

આ બાજુ બે તાપસોએ આવીને અંજલિપૂર્વક કુલપતિને પ્રણામ કર્યા. એટલે તાપસસ્વામીએ પ્રીતિના આકર્ષણરૂપ તેમને સ્વાગત પૂછ્યું. (૧૨૦)

તેઓ બોલ્યા કે – "હે પૂજ્ય ! તમારી કૃપાથી અમને સ્વાગત છે. અને અમારા મુખદ્વારા શંખરાજા આપનાં ચરણમાં નમસ્કાર કરે છે (૧૨૧)

વળી "હે પ્રભો ! માતા-પિતાના નયનને સુધારૂપ તે પદ્મલોચના સુખેથી ત્યાં પહોંચી ગઈ છે. અને તે પણ અમારા વચનદ્વારા આપના ચરણને નમન કરે છે." (૧૨૨)

આ પ્રમાણે શંખરાજાનું નામ સાંભળીને રત્નચંદ્ર બોલ્યો કે :-

प्रत्यवादीत्कुलपतिश्चम्पायां पुरि शङ्खराट् ।
तस्याभून्नन्दिनी नेत्रानन्दिनी पद्मलोचना ॥१२४॥

इतश्च केनचिद्बालाऽपहृता जालकान्तरात् ।
**न भवेदन्यथाभावः, पूर्वोपार्जितकर्मणाम् ॥१२५॥**

एतस्यां हन्यमानायां, रत्नचन्द्रः कुतश्चन ।
समागात्तत्र युद्धेन, योगिनं तं जघान च ॥१२६॥

नृपपुत्र्या तया सार्द्धं, चलितो वसुभूतिजः ।
निशि वंशदरीकोणे, तां कृत्वा द्वारि सोऽस्वपत् ॥१२७॥

इतश्च योगिशिष्येण, पदिकेनेव गह्वरे ।
समागत्यापजह्रे सा, द्वारं निर्माय पश्चिमम् ॥१२८॥

---

"હે સ્વામિન્ ! એ શંખરાજા અને પદ્મલોચના કોણ ?(૧૨૩)

એટલે કુલપતિએ કહ્યું કે ચંપાપુરીમાં શંખ નામે રાજા છે. તેમને નેત્રને આનંદ આપનારી પદ્મલોચના નામે પુત્રી છે. (૧૨૪)

એકવાર ગવાક્ષમાંથી તેનું કોઈએ અપહરણ કર્યું. **કારણ કે પૂર્વોપાર્જિત કર્મ અન્યથા થતું નથી.** (૧૨૫)

એ બાળાને એક યોગી મારતો હતો એવામાં રત્નચંદ્રકુમાર ક્યાંથી ત્યાં આવી ચડ્યો અને યુદ્ધ કરીને તે યોગીને તેણે મારી નાંખ્યો. (૧૨૬)

પછી તે રાજપુત્રીની સાથે રત્નચંદ્ર આગળ ચાલ્યો. અને રાત્રે વંશ (વાંસ)ની ઘટાના એકભાગમાં તેને સુવાડીને પોતે દ્વાર પાસે ચોકી કરવા રહ્યો અર્થાત્ દ્વાર પાસે તે સૂતો. (૧૨૭)

એવામાં પાદચારીની જેમ તે યોગીના શિષ્યે ત્યાં આવીને

कण्ठपीठे स्वसिचयाञ्चलेन सुरभीमिव ।
गह्वराच्चालयामास, विनिद्रां पद्मलोचनाम् ॥१२९॥

कियन्मार्गमतिक्रान्ते, बभाषे योगिसेवकः ।
अरे रे ! तव किं कुर्वे, मद्गुरोः प्राणघातिके ! ॥१३०॥

अथोचे भूपतिसुता, दधती हृदि धीरताम् ।
तन्निर्मिमीष्व वेगेन, यत्ते सङ्गतिमङ्गति ॥१३१॥

प्रत्यवादीदसौ बाले !, जीवितं न हरामि ते ।
सिद्धमन्त्रौषधीविद्यं, यदि मां परिणेष्यसि ॥१३२॥

इदं निशम्य सा दध्यौ, मानसे पद्मलोचना ।
भवितव्यं कथङ्कारं, प्राप्यो राजसुतो मया ॥१३३॥

---

પાછળ એક દ્વાર કરી તે પદ્માક્ષીનું અપહરણ કર્યું. (૧૨૮)

ગાયની જેમ પોતાના વસ્ત્રનો છેડો તેના ગળા ઉપર લપેટીને જાગેલી પદ્મલોચનાને તે વંશઘટામાંથી તેણે આગળ ચલાવી. (૧૨૯)

કેટલોક માર્ગ પસાર થયા બાદ તે યોગીશિષ્ય બોલ્યો કે:- અરે રે ! મારા ગુરુના પ્રાણનો ઘાત કરાવનારી ? તેને હું શું કરુ ? (૧૩૦)

એટલે અંતરમાં ધીરજ ધરીને તે રાજપુત્રી બોલી કે :- "જે તને ઉચિત લાગે તે તું સત્વર કર." (૧૩૧)

પછી તે બોલ્યો કે :- " હે બાલે ! અનેક મંત્ર, ઔષધિ અને વિદ્યાને જાણનાર મને તું પરણે તો તને જીવતી મૂકું." (૧૩૨)

આ પ્રમાણે સાંભળીને પદ્મલોચનાએ મનમાં વિચાર કર્યો

**धीमानशुभकालस्य, हरणं विदधीत यत् ।**
**न विधेया क्वचिच्चिन्ता, कालः कालो भविष्यति ॥१३४॥**

विमृश्यैवं सुता राज्ञस्तं प्रत्याह स्मितोत्तरम् ।
युक्तमुक्तं त्वया सर्वं, परं मम वचः शृणु ॥१३५॥

अस्मद्वयस्या देवश्रीर्विद्यते तापसाश्रमे ।
प्रपन्नमेतया सार्द्धमेवं शपथपूर्वकम् ॥१३६॥

आवाभ्यां रूपलावण्यपुण्यश्रीभ्यां ससौहृदम् ।
एकः कार्यः पतिः प्रीतिरतिभ्यामिव मन्मथः ॥१३७॥

तदाश्रममनुप्रीतस्त्वरस्व गुणवारिधे ! ।
एकद्रम्मेण ते भावि, पणितद्वयमुत्तमम् ॥१३८॥

---

કઃ- "ગમે તેમ થાઓ પણ રાજકુમારને મારે મેળવવો જોઈએ. (૧૩૩)

**બુદ્ધિશાળી પુરુષ કાંઈપણ ચિંતા કર્યા વિના અશુભકાળને પસાર કરે છે. કારણ કે કાળક્ષેપ થતાં અનુકૂળ કાળની પ્રાપ્તિ થઈ શકે છે." (૧૩૪)**

આ પ્રમાણે વિચાર કરીને રાજપુત્રીએ સ્મિતપૂર્વક ઉત્તર આપતાં તેને કહ્યું કે :- હે ભદ્ર ! તે બધું ઉચિત જ કહ્યું. પણ મારૂં વચન સાંભળ (૧૩૫)

તાપસ આશ્રમમાં મારી દેવશ્રી નામે સખી છે. તેની સાથે શપથપૂર્વક મેં એવી પ્રતિજ્ઞા કરી છે કે (૧૩૬)

રૂપ અને લાવણ્યની પુણ્યશ્રીયુક્ત એવી આપણે બંનેએ રતિ અને પ્રીતિએ મન્મથ(કામદેવ)ની જેમ સખીપણાને લીધે એક જ પતિ કરવો. (૧૩૭)

માટે હે ગુણસાગર ! પ્રસન્ન થઈને તું આશ્રમ તરફ સત્વર

योगिशिष्यस्तथेत्युक्त्वा, समागात्तापसाश्रमम् ।
साऽस्मन्नेत्रपथं प्राप्ता, सिंहाकृष्टा मृगी यथा ॥१३९॥

भद्रास्य ! सा मे जामेयी, जीवन्ती कुलभाग्यतः ।
मुदेऽजनिष्ट वल्लीव, घना घनघनोदयात् ॥१४०॥

योगिशिष्यस्ततोऽस्माभिः, प्रहतो मुष्टियष्टिभिः ।
प्रणनाश महारण्ये, घूकवद्भानुधामभिः ॥१४१॥

इयं कथा मयाऽज्ञायि, कथिता पद्मनेत्रया ।
**इष्टसङ्गे भवेत्प्राय, उदन्तः सुखदुःखयोः ॥१४२॥**

अथानयोरर्पयित्वा, भागिनेयीं तपस्विनोः ।
सा शङ्खभूपतेः पार्श्वे, प्रेषिता प्रीतिनिर्भरम् ॥१४३॥

---

ચાલ. તારા એક પ્રયત્નથી ઉત્તમ બે કાર્ય સિદ્ધ થશે. (૧૩૮)

એટલે તે યોગી શિષ્યે તે વાત કબૂલ કરીને આ તાપસાશ્રમમાં આવ્યો અને સિંહથી સપડાયેલી મૃગલીની જેવી તે બાળા અમારા જોવામાં આવી. (૧૩૯)

હે કલ્યાણકારી મુખવાળા ! અમારા ભાગ્યથી જીવતી એવી તે ભગિનીસુતા મેઘના ઉદયથી નિબિડ લતાની જેમ અમને હર્ષજનક થઈ પડી. (૧૪૦)

પછી તે યોગીશિષ્યને અમે મુઠ્ઠી લાકડીના પ્રહારવડે માર્યો. એટલે સૂર્યના કિરણથી ઘૂવડની જેમ તે શિષ્ય મહા અરણ્યમાં નાશી ગયો. (૧૪૧)

પછી પદ્મનેત્રાએ પોતાની કથા કહી તેથી તે અમારા જાણવામાં આવી. કારણ કે **ઈષ્ટજનનો સંયોગ થતાં પ્રાયઃ સુખદુઃખની વાત થાય જ છે.** (૧૪૨)

પછી તે ભગિનીસુતાને આ તપસ્વીઓની સાથે બહુ જ

ताविमौ तापसौ शान्ततामसौ कोपनिग्रहात् ।
इहायातौ गुणाम्भोधे !, प्रष्टव्यस्त्वं कुतः पुनः ॥१४४॥

अहं वैदेशिकः स्वामिन् !, प्रदेशमिममागमम् ।
गन्ता चम्पापुरीं पृथ्वीसमालोकनकौतुकी ॥१४५॥

स्वामिन् ! प्रसादमाधाय, दर्शयादर्शशुद्धधीः ।
चम्पायाः पदवीं साधुः, प्रार्थनाविमुखो नहि ॥१४६॥

अथर्षिर्दर्शयामास, चम्पामार्गं तपोवनात् ।
तस्यां पुरि समायातो, वसुभूतिनृपात्मजः ॥१४७॥

---

હર્ષપૂર્વક શંખરાજાની પાસે મોકલી. (૧૪૩)

કોપનો નિગ્રહ કરવાથી તામસ સ્વભાવ જેમનો શાંત થયો છે એવા તે જ આ બે તાપસો તેને મૂકીને અહીં પાછા આવ્યા છે. હવે હે ગુણસાગર ! તમારૂં આગમન અહીં શી રીતે થયું તે કહે :- (૧૪૪)

એટલે રાજકુમાર કહેવા લાગ્યો કે :-

"હે સ્વામિન્ ! હું પરદેશી છું. ચાલતાં ચાલતાં આ પ્રદેશમાં આવી ચડ્યો છું. પૃથ્વી જોવાના કૌતુકથી મારે હવે ચંપાપુરી તરફ જવું છે,(૧૪૫)

માટે હે સ્વામિન્ ! આદર્શની જેમ વિશુદ્ધ બુદ્ધિવાળા એવા આપ કૃપા કરીને મને ચંપાપુરીનો માર્ગ બતાવો. કારણ કે **સાધુજન પ્રાર્થનાથી વિમુખ હોતા નથી.**" (૧૪૬)

પછી ઋષિએ તે તપોવનથી તેને ચંપાનો માર્ગ બતાવ્યો, એટલે રત્નચંદ્રકુમાર ચંપાનગરીમાં આવ્યો. (૧૪૭)

ત્યાં સમસ્ત નગરી જોઈને કન્યાના અંતઃપુર પાસે ઉંચા

विलोक्य नगरीं सर्वां, कन्यान्तःपुरसन्निधौ ।
निविष्टः कामदेवस्य, प्रासादे तुङ्गजालके ॥१४८॥

सन्ध्यायां वलभौ पद्मलोचना निहितासना ।
विलोकते स्म रत्नेन्दुं, द्वितीयेन्दुमिवोदितम् ॥१४९॥

चन्द्राश्मप्रतिमेवास्य, सुधांशोरिव दर्शनात् ।
सिस्विदे सर्वतः पद्मा, निश्छद्मप्रेममन्दिरम् ॥१५०॥

आलस्यचञ्चलैर्लज्जानिर्जितैर्नयनोत्पलैः ।
पपौ पद्मा मुहुः प्रेमरसं नालैरिवोच्चकैः ॥१५१॥

कोऽयं किं नाम कौतस्त्य, इति पृष्टे सखीजनैः ।
साऽङ्गुष्ठेन विनम्रास्या, विलिलेख महीतलम् ॥१५२॥

---

ગવાક્ષોવાળા એક કામદેવના પ્રાસાદમાં તે બેઠો. (૧૪૮)

સંધ્યાસમયે પદ્મલોચના અગાસી(ઝરુખા)માં આવીને બેઠી, ઉદય પામેલા બીજના ચંદ્ર સમાન રત્નચંદ્રને તેણે જોયો. (૧૪૯)

અને ચંદ્રકાંતપાષાણની પ્રતિમા જેમ ચંદ્રના દર્શનથી દ્રવે, તેમ સ્વાભાવિક સ્નેહના મંદિરરૂપ પદ્મલોચના તેને જોઈ ચારેતરફ દ્રવિત થઈ. અર્થાત્ આખું શરીર પરસેવાથી વ્યાપ્ત થયું. (૧૫૦)

આલસ્યથી ચંચલ અને લજ્જાથી નિર્જિત નયનકમલથી વિશાળ નાળચાની જેમ તે વારંવાર પ્રેમરસનું પાન કરવા લાગી. (૧૫૧)

પછી તેની સખીઓએ તેને પૂછ્યું કે :- ''હે સખી ! આ કોણ પુરુષ છે ? એનું નામ શું છે ? એ ક્યાંનો રહીશ છે ? એ સાંભળી પદ્મનેત્રા નીચું મુખ કરીને અંગુઠાથી પૃથ્વીતલને ખોતરવા લાગી. (૧૫૨)

इङ्गिताकारतत्त्वज्ञो, ज्ञातवांस्तत्सखीजनः ।
नूनं रत्नकुमारोऽसौ, स्वामिनीजीवितप्रदः ॥१५३॥

ततः सखीजनाद् ज्ञातवृत्तान्तः क्षितिनायकः ।
रत्नं महोत्सवैः सौधमानिन्ये काममूर्त्तिवत् ॥१५४॥

शुभे मुहूर्त्ते दैवज्ञजनेन विनिवेदिते ।
साकं रत्नेन्दुना राजा, पर्यणाययदङ्गजाम् ॥१५५॥

अतिष्ठद्रत्नचन्द्रोऽथ, मासमेकं तदालये ।
अपि विज्ञपयामास, श्वशुरं शिष्यवद् गुरुम् ॥१५६॥

कलावानपि संपूर्णतेजा अपि पिता मम ।
लभते मद्वियोगेऽपि, कृष्णपक्षादिव क्षयम् ॥१५७॥

---

એટલે ઇંગિતાકારથી રહસ્યને જાણનારી તેની સખીઓ સમજી ગઈ કે :- "આપણી સ્વામિનીને જીવન આપનાર આ રત્નચંદ્રકુમાર જ જણાય છે." (૧૫૩)

પછી કુંવરીની સખીઓ પાસેથી વૃત્તાંત જાણીને રાજા સાક્ષાત્ કામદેવ જેવા રત્નચંદ્રકુમારને મહોત્સવપૂર્વક પોતાના મહેલમાં તેડી લાવ્યો. (૧૫૪)

જ્યોતિષીના કહેલા શુભ દિવસે રાજાએ પોતાની પુત્રી રત્નચંદ્રને પરણાવી. (૧૫૫)

રત્નચંદ્ર એક માસ તે રાજાના મહેલમાં રહ્યો અને શિષ્ય જેમ ગુરુને વિજ્ઞપ્તિ કરે તેમ પોતાના સસરાજીને વિજ્ઞપ્તિ કરી કે (૧૫૬)

"કળાવાન અને સંપૂર્ણ તેજસ્વી છતાં કૃષ્ણપક્ષની જેમ મારા પિતા મારા વિયોગથી ક્ષીણ થતાં હશે. (૧૫૭)

માટે હવે આપના નિર્દેશથી સત્વર હું ત્યાં જવા ઇચ્છું છું.

अतस्तत्राशु गन्तास्मि, परं तव निदेशतः ।
संभावयामि पितरौ, चिरं विरहदुःखितौ ॥१५८॥

महत्याऽथ विभूत्याऽसौ, साकं राजीवनेत्रया ।
रत्नेन्दुं प्रेषयामास, शङ्खश्चन्द्रपुरं प्रति ॥१५९॥

समायान्तं सुतं श्रुत्वा, वसुभूतिः क्षितीश्वरः ।
प्रसादधवलैर्नेत्रकमलैरर्घमादधौ ॥१६०॥

देवताभिर्दत्तमिव, पुनर्जातमिवात्मजम् ।
आलिलिङ्ग महीपालश्चिरान्मिलितमित्रवत् ॥१६१॥

आ वाजिहरणाच्छ्रुत्वा, वृतान्तं तनयोद्भवम् ।
युगपच्छोकहर्षाभ्यामभ्यपूर्यत भूपतिः ॥१६२॥

---

હું માનું છું કે મારા વિરહમાં મારા માતા-પિતા દુઃખી થતાં હશે.” (૧૫૮)

**પદ્મનેત્રા સાથે ચંદ્રપુર પ્રતિ પ્રયાણ.**

**વસુભૂતિ રાજાએ કરેલ સત્કાર-સન્માન.**

હવે મહાઋદ્ધિ તથા પદ્મલોચનાની સાથે રત્નચંદ્રને શંખરાજાએ ચંદ્રપુર ભણી મોકલ્યો. (૧૫૯)

પોતાના પુત્રને આવતો સાંભળી વસુભૂતિ રાજાએ પ્રસાદથી ધવલ નેત્રકમળોથી તેનો આદર સત્કાર કર્યો. (૧૬૦)

જાણે દેવતાએ આપેલા હોય અને જાણે ફરી તેનો જન્મ થયો હોય તેમ ચિરકાળે મળેલા મિત્રની જેમ રાજાએ પોતાના પુત્રને આલિંગન કર્યું. (૧૬૧)

અશ્વહરણથી આરંભીને પોતાના કુંવરનો સર્વ વૃત્તાન્ત સાંભળી રાજાએ એકીસાથે હર્ષ અને શોકની લાગણી અનુભવી. (૧૬૨)

कियत्यथ गते काले, परलोकं प्रपित्सुना ।
राज्ये भूपतिना न्यस्तो, रत्नचन्द्रः शुभे दिने ॥१६३॥

असौ ररक्ष भूपीठमखिलं ग्रामलीलया ।
अरिषट्कं निजग्राह, दुर्ग्रहं शास्त्रसम्पदा ॥१६४॥

अन्येद्यवि निशाशेषे, सुखसुप्तं क्षितीश्वरम् ।
सर्पः सदर्पो निद्राणं, वामपाणौ ददंश तम् ॥१६५॥

आहूता मान्त्रिकास्तेषामुपचारपरम्परा ।
अजायत वृथा सर्वा, दुर्जनोपकृतिर्यथा ॥१६६॥

अथ विज्ञाय पञ्चत्वं, प्रस्थितं पद्मलोचना ।
विललापेति विरसैर्विषदिग्धैरिवाक्षरैः ॥१६७॥

---

હવે કેટલાક કાળ ગયા પછી પરલોક સાધવાને તત્પર થયેલા રાજાએ શુભ દિવસે રત્નચંદ્રને રાજ્ય ઉપર બેસાડ્યો. (૧૬૩)

એક ગામની લીલાની જેમ સમસ્ત ભૂપીઠનું રક્ષણ કરનારા રાજાએ શાસ્ત્રસંપત્તિથી દુઃખે કરી નિગ્રહ કરી શકાય તેવા ષડરિપુનો નિગ્રહ કર્યો. (૧૬૪)

એકવાર સુખે સૂતેલા રત્નચંદ્રરાજાને થોડી રાત્રી બાકી હતી અને ડાબા હાથમાં ઝેરી સર્પે દંશ દીધો. (૧૬૫)

તુરત જ અનેક માંત્રિકોને બોલાવ્યા. તેઓએ ઘણા ઉપચાર કર્યા, પણ દુર્જન ઉપર કરેલા ઉપકારની જેમ તે બધા વૃથા (ફોગટ) ગયા. (૧૬૬)

એટલે રાજાને મરણ પામેલા જાણીને પદ્મલોચના રાણી જાણે વિષથી વ્યાપ્ત હોય તેવા વિરસ અક્ષરોથી આ પ્રમાણે વિલાપ કરવા લાગી કે (૧૬૭)

एतत्तदेव हृदयं, विशालं व्योमपीठवत् ।
यत्र ज्योत्स्नेव रेमेऽहं, शारदीनहिमद्युतेः ॥१६८॥

हे नाथनाथ ! विस्मेरप्रसूनैस्त्वां विनाऽपरः ।
कः करिष्यति मे कर्णौ, कर्णोत्तंसविभूषणौ ? ॥१६९॥

अनङ्गलीलालुलितानलकानतिचञ्चलान् ।
कः कर्त्ता स्थानविन्यस्तसुभगान्निधने तव ? ॥१७०॥

विषमायुधसन्तापतप्ते मम शरीरके ।
कः कर्ता चन्दनरसैः, शीतशीतैर्विलेपनम् ? ॥१७१॥

को विधास्यति मे नाथ !, पत्रवल्लीं कपोलयोः ? ।
सिक्तां प्रेमरसैः कामं, कामारामिकलालिताम् ॥१७२॥

---

"હે અનાથના નાથ ! આ તે જ આકાશપીઠ સમાન વિશાલ હૃદય છે કે જ્યાં શરદઋતુના ચંદ્રમાની જ્યોત્સ્નાની જેમ હું રમણ કરતી હતી. હે પ્રાણેશ ! હવે આપના વિના વિકસિત પુષ્પોથી મારા કર્ણોને અલંકારથી કોણ વિભૂષિત કરશે ? (૧૬૮-૧૬૯)

હે નાથ ! આપ સ્વર્ગસ્થ થતાં અનંગલીલા (કામલીલા)થી વિખરાઈ ગયેલા અને અતિ ચપળ એવા મારા વાળને હવે સરખી રીતે ગોઠવીને કોણ રમણીય બનાવશે ? (૧૭૦)

કામદેવના આવેગથી સંતપ્ત થયેલા મારા શરીરે હવે અત્યંતશીતલ ચંદનરસનું વિલેપન કોણ કરશે ? (૧૭૧)

વળી હે નાથ ! મારા ગાલ ઉપર પ્રેમરસથી અત્યંત સિંચાયેલ અને કામદેવરૂપ માળીથી લલિત થયેલ પત્રવલ્લી કોણ રચશે ? (૧૭૨)

विलप्यैवं प्रिया राज्ञः, प्रकृतीः प्रत्यकृत्रिमम् ।
योजयित्वा करद्वन्द्वं, बभाषे सात्त्विकं वचः ॥१७३॥

प्राणनाथपथं भद्राः !, याताऽहं विरहासहा ।
यानपात्रमिवाह्वाय, सज्जीकुरुत पावकम् ॥१७४॥

अथ प्रकृतयः प्रोचुर्मा वादीः स्वामिनीदृशम् ।
अनाथाः प्रकृतीः कृत्वा, गन्तासि स्वामिवत् कथम् ? ॥१७५॥

प्रत्युवाच वचो धीरं, सात्त्विकं पद्मलोचना ।
अम्भोधरं वरं मुक्त्वा, किं खेलन्ति तडिल्लताः ? ॥१७६॥

अथ वाञ्छाधिकं दानं, ददाना पद्मलोचना ।
सशोकपौरलोकेन, वार्यमाणा पदे पदे ॥१७७॥

---

આ પ્રમાણે વિલાપ કરીને પ્રધાનમંડળને બોલાવી અંજલિ જોડીને પદ્મલોચના અકૃત્રિમ અને સાત્ત્વિક વચન કહેવા લાગી કે. (૧૭૩)

હે કલ્યાણકારી પુરુષો ! પતિનો વિરહ સહન કરવા અસમર્થ હું પ્રાણનાથ ગયા તે માર્ગે જવા ઇચ્છું છું. માટે વહાણની જેમ મારા માટે સત્વર અગ્નિચિતાને તૈયાર કરો. (૧૭૪)

આ પ્રમાણે સાંભળીને પ્રધાનો બોલ્યા કે :- "હે સ્વામિનિ ! એમ ન બોલો, સ્વામીની જેમ તમે પણ અમને અનાથ કરીને ન જાઓ." (૧૭૫)

એટલે પદ્મલોચના ધીર અને સાત્ત્વિકવચન કહેવા લાગી ક :- "મેઘ જેવા પતિને મૂકીને શું વિદ્યુત્લતા અન્યત્ર રમણ કરે ? ન જ કરે." (૧૭૬)

પછી ઇચ્છા કરતાં અધિક દાન આપતી પગલે પગલે

कारागारचरान् वैरिवारान् धृतशुकानिव ।
मोचयन्ती सतीभ्यः स्वं, कथयन्ती विशेषतः ॥१७८॥

अमावास्यामयमिव, कुर्वाणा निखिलं पुरम् ।
पितृवेश्मन्यगाद्देवी, पितृवेश्मेव संमुदा ॥१७९॥

चितायां तल्पकल्पायां, दक्षिणाशापतेरथ ।
चन्दनैधांसि भूयांसि, तत्र युक्तानि चिक्षिपुः ॥१८०॥

पयःपूर्णाञ्जलिं बद्ध्वा, प्रज्वलन्तं हविर्भुजम् ।
त्रिश्च प्रदक्षिणीचक्रे, तत् क्षणं दक्षिणार्चिषम् ॥१८१॥ इतश्च –

दिव्यरूपधरः कोऽपि, दीप्यमानस्तनुद्युता ।
अवाततार नभसा, रभसा विजितानिलः ॥१८२॥

શોકસહિત નગરજનો વડે વારવા છતાં (૧૭૭)

પકડાયેલા પોપટોની જેમ કારાગૃહમાં પૂરેલા શત્રુઓને મૂકાવતી, સતીઓ પાસે પોતાને ઉત્તમસતી કહેવડાવતી. (૧૭૮)

સમસ્ત નગરને અમાવસ્યાની રાત્રિની જેમ શોકાંધકારથી વ્યાપ્ત બનાવતી, પદ્મલોચના રાણી પિતાના ઘરની જેમ હર્ષપૂર્વક પિતૃગૃહ (સ્મશાન)માં આવી. (૧૭૯)

ત્યાં યમરાજની શય્યા સમાન ઘણા ચંદનકાષ્ઠવડે એક ઉચિત ચંદનચિતા રચવામાં આવી હતી. (૧૮૦)

એટલે જળપૂર્ણ અંજલિજોડીને તેણે યજ્ઞના અગ્નિસમાન બળતા અગ્નિને ત્રણ પ્રદક્ષિણા કરી. (૧૮૧)

એવામાં આ બાજુ દિવ્યરૂપધારી, પોતાના શરીરની કાંતિથી દેદિપ્યમાન અને વેગમાં વાયુને જિતનાર, કોઈ દેવ આકાશમાર્ગે ઊતર્યો અને બોલ્યો કે (૧૮૨)

मा पद्मलोचने ! देवि !, कुरु साहसमद्भुतम् ।
जीवयिष्यामि ते नाथं, केयं विषबिभीषिका ? ॥१८३॥

श्रुत्वेति देवी दध्यौ, कः पूरयत्यमृतैः श्रुती ? ।
यद्वा सत्त्वपरीक्षायै, प्रतारयति कोऽपि माम् ॥१८४॥

इत्यस्यां ध्यातवत्यां, द्रागपि नेत्रनिरीक्षणात् ।
स भूपं निर्विषीचक्रे, तोत्तलेव महेश्वरम् ॥१८५॥

ध्वस्ताशेषविषो राजा, विकसल्लोचनद्वयः ।
मृत्यवे कृतनेपथ्यामपश्यत् पद्मलोचनाम् ॥१८६॥

पुरस्तादूर्द्धगं दिव्यं, दिव्यरूपधरं नरम् ।
दृष्ट्वा जजल्प भूपालः, के यूयं कुत्र वासिनः ? ॥१८७॥

"હે પદ્મલોચના ! હે દેવી ! આ અદ્ભુત સાહસ ન કર, હું તારા નાથને સજીવન કરીશ. આ વિષની ભયંકરતા ક્યાં ? (૧૮૩)

આ પ્રમાણે સાંભળીને રાણી ચિંતવવા લાગી કે-" આ અમૃતમય વચનથી કોણ મારા કર્ણને પૂરે છે ? અથવા તો શું મારા સત્ત્વની પરીક્ષા કરવા કોઈ મને છેતરે છે ? (૧૮૪)

આ પ્રમાણે તે વિચાર કરે છે. એવામાં તોતલાદેવીએ મહેશ્વરને જેમ નિર્વિષ કર્યા હતા તેમ તેણે પોતાની દૃષ્ટિ ફેરવવા માત્રથી રાજાને તરત જ નિર્વિષ કર્યા. (૧૮૫)

એટલે સમસ્ત વિષનો વિકાર નાશ થતાં બંને લોચનોને વિકસિત કરતા રાજાએ મરણને માટે યોગ્ય વેષ પહેરીને આવેલી પદ્મલોચના રાણીને જોઈ. (૧૮૬)

અને પોતાની સમક્ષ આકાશમાં રહેલા દિવ્યરૂપધારી

अथ व्याहृतवानेष, रत्नेन्दो ! वेत्सि किं न माम् ? ।
सोऽहं गन्धारनामाऽस्मि, मिलितस्तव यो वने ॥१८८॥

त्वत्तः प्राप्तनमस्कारादभूवं लान्तके सुरः ।
इदानीमवधिज्ञानादागतस्ते विषोद्धृतौ ॥१८९॥

नेदं तवोपकारस्य, प्रत्युपकारकारणम् ।
किन्त्वेतल्लवणोदन्वल्लवणप्राभृतोपमम् ॥१९०॥

अन्यस्मिन्नपि विधुरे, स्मर्त्तव्योऽहं पदातिवत् ।
इत्युदित्वा सुधाभोजी, पुनस्त्रिदिवमासदत् ॥१९१॥

---

દિવ્યપુરુષને જોયો. તેને જોઈને રાજાએ કહ્યું કે - "તમે કોણ છો ? અને ક્યાંના રહેવાસી છો ? (૧૮૭)

"એટલે તે દિવ્યપુરુષ બોલ્યો કેઃ- "હે રત્નચંદ્ર ! શું તું મને જાણતો નથી ? પૂર્વે વનમાં તને મળ્યો હતો તે જ હું ગંધાર શ્રાવક છું. (૧૮૮)

તે અવસરે તારી પાસેથી નમસ્કારમંત્ર પામીને હું લાંતકદેવલોકમાં દેવ થયો છું. હમણા અવધિજ્ઞાનથી તારી હકીકત જાણીને તને વિષરહિત કરવા અહીં આવ્યો છું. (૧૮૯)

આ કાર્ય કરવાથી કાંઈ તારા ઉપકારનો બદલો વળી શકે તેમ તો નથી જ, પણ આ તો લવણસમુદ્રને લવણનું ભેટણું કરવા જેવું છે. (૧૯૦)

પરંતુ અન્યદા કોઈવાર સંકટ પડે તો મને તારો સેવક સમજીને સંભારજે." આ પ્રમાણે કહીને તે દેવ ફરી દેવલોકમાં ચાલ્યો ગયો. (૧૯૧)

પછી બંદીજનોથી આનંદપૂર્વક બોલાતી બિરૂદાવલીને સાંભળતો

बन्दिवृन्देषु सानन्दं, पठत्सु बिरुदावलीः ।
आजगाम नृपः सौधं, विमानमिव नाकसत् ॥१९२॥

ततः प्रभृति पद्मायाः, प्रेमभिर्भूपतेर्मनः ।
अरञ्जि कम्बल इव, लाक्षारङ्गैर्विकस्वरैः ॥१९३॥

एवंरूपकथोपेतः, सोऽहमस्मि सुधीर्बलः ।
यन्मे संसारवैराग्यं, तत् सर्वं कथयिष्यते ॥१९४॥

तथाऽन्येद्युर्द्युसन्नाथ इव दन्तीन्द्रपृष्ठगः ।
चतुरङ्गचमूयुक्तः, क्रीडार्थमचलं पथि ॥१९५॥

विस्मेरमञ्जरीपुञ्जमञ्जुगुञ्जन्मधुव्रतैः ।
पथिकान् परिपृच्छन्तमिव स्वागतमागतान् ॥१९६॥

રાજા દેવ જેમ પોતાના વિમાનમાં આવે તેમ પોતાના મહેલમાં આવ્યો. (૧૯૨)

ત્યારથી પદ્મનેત્રાના વિકસ્વર પ્રેમથી લાક્ષારંગથી કંબલની જેમ રાજાનું મન અત્યંત રંજિત થયું. (૧૯૩)

હે સુજ્ઞ બળરાજા ! આવા પ્રકારની કથાવાળો જે રત્નચંદ્ર તે હું પોતે જ છું હવે આ સંસારથી મને જે કારણે વૈરાગ્ય થયો તે કારણ કહું છું. (૧૯૪)

**વસંતઋતુનું આગમન-ફાલી ફૂલી વનરાજીની શોભા.**

એક દિવસે ઈંદ્રની જેમ ગજેન્દ્રના પૃષ્ઠપર બેસી ચતુરંગસૈન્યથી પરિવૃત્ત થઈ હું ક્રીડા કરવા ચાલ્યો. (૧૯૫)

એવામાં રસ્તે ચાલતાં વિકસ્વર મંજરીના પુંજ પર મધુર રીતે ગુંજારવ કરતાં ભમરાઓથી જાણે આવતા મુસાફરોને સ્વાગત પુછતાં હોય તેવા. (૧૯૬)

चतुर्दिगन्तशाखोपशाखाशतसमाकुलम् ।
सेवितं पक्षिसङ्घातैः, सहकारमथैक्षिषि ॥१९७॥ युग्मम्

वीक्षमाणस्य तल्लक्ष्मो, नेत्रव्यापार एव मे ।
वृत्तिः शेषेन्द्रियाणां तु, सकलाऽपि तिरस्कृता ॥१९८॥

अथागमं महोद्यानं, मधुना कृतसन्निधि ।
यस्मिन् पिकीरवैर्मन्द्रैर्बोध्यते मकरध्वजः ॥१९९॥

लोलप्रवालकलिता, यस्मिन् किंकिल्लिवल्लयः ।
इभ्याङ्गना इवाभान्ति, पिकीरवविभूषणाः ॥२००॥

श्रूयते चर्च्चरी यत्र, पञ्चमोद्गारहारिणी ।
शृङ्गारनीरधेः प्रेङ्खद्वेलेव तटगामिनी ॥२०१॥

---

પક્ષીઓના સમૂહથી સેવિત અને ચારે દિશાઓમાં વિસ્તાર પામેલ સેંકડો શાખા અને ઉપશાખાઓથી વ્યાપ્ત એક સહકારવૃક્ષ મારા જોવામાં આવ્યું. (૧૯૭)

તેની શોભાને જોતાં શેષ ઇંદ્રિયોની સમસ્ત વૃત્તિ મારા નેત્રના વ્યાપારમાં જ લીન બની ગઈ. (૧૯૮)

પછી હું મહા ઉદ્યાનમાં આવ્યો, કે જ્યાં વસંતઋતુની સહાયતા અને કોકીલાના મધુરગીતથી કામદેવ જાગૃત થાય છે. (૧૯૯)

જ્યાં લોલપ્રવાલ (નવાંકુર) થી યુક્ત અને કોકીલાની જેવા મધુર શબ્દાયમાન વિભૂષણથી યુક્ત એવી કિંકિલ્લી લતાઓ શ્રેષ્ઠીની રમણીઓની જેમ શોભે છે. (૨૦૦)

શૃંગારરૂપ સાગરના તટ પર આવતી તરંગિત વેલાની જેમ પંચમ ઉદ્‌ગારથી મનોહર એવી ગીતિ જ્યાં સાંભળવામાં આવે છે. (૨૦૧)

मेखलाकलिता काचित्कटकावलिमालिनी ।
ललना खेलति प्रेङ्खासुभगा गिरिभूरिव ॥२०२॥

तस्मिन्नुपवने क्रीडामकार्षं प्रेयसीवृतः ।
रागसागरमध्यस्थः, पुष्पकेतुवशंवदः ॥२०३॥

तस्मात्प्रतिनिवृत्तोऽहमथ तेनैव वर्त्मना ।
तमेव चूतमद्राक्षमन्यादृक्षमिव व्रजन् ॥२०४॥

कोऽयं वृक्ष इति भ्रान्तं, तस्मिन्मम मनश्चिरम् ।
क्षणाद्विमुक्तनेपथ्यनटरूप इवाधिकम् ॥२०५॥

ममाभिप्रायविज्ञानादभ्यधात् सचिवोत्तमः ।
राजन् ! स एष चूतोऽयं, यः पुरा ददृशे त्वया ॥२०६॥

---

વળી જ્યાં મેખલાથી યુક્ત, કટક-કંકણની શ્રેણીથી શોભાયમાન તથા પ્રેંખાથી સુભગ એવી કોઈ કામિની ગિરિભૂમિની જેમ ક્રીડા કરી રહી છે. (૨૦૨)

એવા ઉપવનમાં રાગસાગરની મધ્યમાં રહીને અને કામદેવને વશ થઈને પ્રમદાથી પરવરેલા મેં બહુવાર ક્રીડા કરી. (૨૦૩)

**શોભાહીન વૃક્ષ-દર્શન. સંસારની વિનશ્વરતાના દર્શન.**

પછી ત્યાંથી તે જ માર્ગે નિવૃત્ત થતાં મેં પેલા સહકારવૃક્ષને વિલક્ષણ થઈ ગયેલું જોયું. (૨૦૪)

ક્ષણવારમાં વેશપરાવર્તન કરનાર નટની જેમ "આ વૃક્ષ કયું ?" એમ લાંબાકાળ સુધી મારૂં મન તે બાબતમાં ભ્રમિત થઈ ગયું. (૨૦૫)

એ વખતે મારા અભિપ્રાયને જાણનાર સુજ્ઞપ્રધાને કહ્યું કે, "હે રાજન્ ! પૂર્વે જે સહકારવૃક્ષ તમે જોયું હતું તે જ છે. (૨૦૬)

परं दवाग्निचारेण, नरः कुष्ठरुजा यथा ।
अस्तोककालतः स्वामिन्नन्यादृक्ष इवाजनि ॥२०७॥

श्रुत्वेदं मन्त्रिणो वाक्यं, सद्गुरोरिव भावतः ।
अचिन्तयमहं तत्त्वं, वैराग्यद्रुमदोहदम् ॥२०८॥

मन्ये यथाऽसौ माकन्दोऽन्यादृक्षोऽजायत क्षणात् ।
विनश्वरी तथान्याऽपि, दृष्टनष्टा भवस्थितिः ॥२०९॥

पुत्रमित्रकलत्रेषु, याऽऽत्मीयमिति वासना ।
पित्तोद्रेकवतः सेयं, शङ्खादिषु सुवर्णधीः ॥२१०॥

**न दुःखैः खिद्यते प्राणी, न सुखैरपि तुष्यति ।**
**तस्मान्मुमुक्षुभिः किं न, भूयते द्वन्द्वहारिभिः ? ॥२११॥**

---

પણ હે સ્વામિન્ ! કોઢ રોગથી માણસની જેમ દાવાનળથી અલ્પકાળમાં તેનું સ્વરૂપ બદલાઈ ગયું છે.” (૨૦૭)

આ પ્રમાણેના ભાવથી સદ્ગુરુનાં વચન જેવાં મંત્રીના વચન સાંભળીને વૈરાગ્યરૂપવૃક્ષના દોહદરૂપ એવા તત્ત્વનો મેં વિચાર કર્યો કે. (૨૦૮)

“જેમ આ સહકારવૃક્ષનું ક્ષણવારમાં સ્વરૂપ બદલાઈ ગયું. તેમ આ સંસારની અન્ય પણ સ્થિતિ દૃષ્ટનષ્ટ અને વિનશ્વર છે. અર્થાત્ સંસારના તમામ પદાર્થો વિનાશીના કલંકથી યુક્ત છે. (૨૦૯)

પુત્ર, મિત્ર અને કલત્રાદિકમાં “આ મારા” એવી જે વાસના છે, તે કમળાના રોગીને શંખાદિકમાં સુવર્ણની પ્રતીતિ થાય તેવી છે. (૨૧૦)

તેથી પ્રાણી દુઃખથી ખેદ પામતો નથી, સુખથી સંતુષ્ટ થતો

य एव रूपान्नारीणां, कन्दर्पं तनुतेतराम् ।
स एव वार्द्धके प्राप्ते, कन्दर्पं संविधास्यति ॥२१२॥

य एव मन्द्रनादेन, भारतीवल्लकीयते ।
स एव श्लेष्मणा हन्त !, भाषमाणोऽरघट्टति ॥२१३॥

यैरेव श्यामलैः स्निग्धैः, केशपाशैः प्रशस्यते ।
तैरेव तूलपूलप्रस्पर्द्धिभिः परिभूयते ॥२१४॥

य एव सुरभिद्रव्यैश्चलत्कर्पूरवृक्षति ।
स एव कुष्ठसम्भूतव्रणगन्धैः शवायते ॥२१५॥

---

નથી તેથી દ્વન્દ્વહારિ મુમુક્ષુવડે શું ન થઈ શકે ? (૨૧૧)

જે પુરુષ પોતાના રૂપથી કામિનીઓને કામદેવ જેવો લાગે છે, તે જ પુરુષ ઘડપણ આવતા અળખામણો લાગે છે. તેથી તે બિચારો શેનો ગર્વ કરી શકે તેમ છે ? (૨૧૨)

**વાગી સંસાર વિનશ્વરતાની બંસરી.**

**સુણી સંસારી, બને વિરાગી.**

જે પુરુષ મધુર સંગીતથી એક વખત સરસ્વતીની વીણા સમાન મધુર લાગે છે તે જ પુરુષ વૃદ્ધત્વ થતાં શ્લેષ્મ વિગેરેના પરાભવથી શબ્દ કરતા અરઘટ્ટ જેવો કઠોર લાગે છે. (૨૧૩)

શ્યામ અને સ્નિગ્ધ કેશપાશ પ્રશંસાના કારણભૂત થાય છે, તે જ કેશપાશ વૃદ્ધપણામાં કપાસના સમૂહની સ્પર્ધા કરનારા થઈ જવાથી પરાભવને પામે છે. (૨૧૪)

સુરભિદ્રવ્યથી જે પુરુષ ચાલતા કર્પૂરવૃક્ષ જેવો લાગે છે, તે જ પુરુષ કુષ્ટ વગેરે વ્યાધિથી ઉત્પન્ન થયેલા વ્રણગંધથી શબ જેવો લાગે છે." (૨૧૫)

इत्थं विमृशतो मेऽभूद्वैराग्यं तत्तथा तदा ।
येन प्रत्येकबुद्धोऽहमभवं कर्मलाघवात् ॥२१६॥

विहरन् वसुधापीठं, प्रतिबोधविधित्सया ।
अत्रागां तव बोधार्थमथोचे बलभूपतिः ॥२१७॥

स्वामिन् ! वश्चरितं श्रुत्वा, व्यावृत्तो भववासतः ।
परं क्रमागतां क्षोणो, न क्षमस्त्यक्तुमञ्जसा ॥२१८॥

तथापि येन धर्मेण, सुकरेण मुनीश्वर !
पवित्रः स्यां नृपत्वेऽपि, तं धर्मं मह्यमादिश ॥२१९॥

अथाचार्योक्तसुश्राद्धव्रतानि क्षितिनायकः ।
प्रपद्य मेने स्वं जन्म, कृतकृत्यं निधीनिव ॥२२०॥

---

આ પ્રમાણે વિચાર કરતાં તે જ વખતે મને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને કર્મના લાઘવપણાથી હું પ્રત્યેકબુદ્ધ થયો. (૨૧૬)

પછી ભવ્યજનોને પ્રતિબોધ કરવા માટે પૃથ્વી ઉપર વિચરતાં હે રાજન્ ! તને બોધ પમાડવા માટે હું અહીં આવ્યો છું." આ પ્રમાણેના વચનો સાંભળીને બળરાજાએ કહ્યું કે. (૨૧૭)

" હે સ્વામિન્ ! આપનું ચરિત્ર સાંભળીને હું ભવ-વાસથી નિવૃત્ત થવાની ઇચ્છાવાળો છું પણ કુળક્રમથી પ્રાપ્ત થયેલ આ રાજ્યને સત્વર ત્યાગ કરવાને અસમર્થ છું, (૨૧૮)

તો પણ હે મુનીશ્વર ! રાજપાલન કરવા છતાં પણ જે સરળ ધર્મથી હું પવિત્ર થાઉં, તેવો ધર્મ મને બતાવો." (૨૧૯)

એટલે નિધાનની જેમ આચાર્ય ભગવંતે શ્રાવકના બાર વ્રત બતાવ્યા. તેનો સ્વીકાર કરીને રાજા પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યો. (૨૨૦)

इतश्चैत्य नभोमार्गात्, कश्चिद्विद्याधरो नरः ।
त्रिश्च प्रदक्षिणीकृत्य, मुनीन्द्रं स्म नमस्यति ॥२२१॥

तीर्थयात्रिक ! विद्याभृत् !, प्रष्टव्योऽसि कुतोऽधुना ।
इत्युक्ते सूरिणाऽवादीदसौ विनयमेदुरः ॥२२२॥

नगर्यां पुण्डरीकिण्यां, नत्वा पूज्यपदद्वयीम् ।
व्रतं प्रपित्सुर्वैताढ्यमेरुनन्दीश्वरादिषु ॥२२३॥

तीर्थानि वन्दमानोऽहं, कृत्रिमाकृत्रिमाण्यपि ।
दक्षिणे भारतस्यार्द्धेऽयोध्यायां पुर्यगां प्रभो ! ॥२२४॥ युग्मम्

तत्र शक्रावताराख्यं, तीर्थं दृष्टं मनोहरम् ।
हरिश्चन्द्रनरेन्द्रेण, सम्प्रत्येव समुद्धृतम् ॥२२५॥

---

## વિદ્યાધરનું આકાશમાર્ગથી અવતરણ.

## મુનીન્દ્રને વંદન-શક્રાવતાર તીર્થમહિમા ગાન.

એવામાં કોઈ વિદ્યાધરે આકાશમાર્ગથી આવી ત્રણ પ્રદક્ષિણા કરીને મુનીન્દ્રને નમસ્કાર કર્યા. (૨૨૧)

એટલે આચાર્ય ભગવંતે તેને પૂછ્યું કે- હે તીર્થયાત્રિક વિદ્યાધર! તું કોણ છે ! અને અત્યારે અહીં ક્યાંથી ? તે વિનયથી નમ્ર થઈને બોલ્યો કે- (૨૨૨)

પુંડરીકિણી નગરીમાં ભગવંતના પાદદ્વયને વંદન કરી, વૈતાઢ્ય, મેરૂપર્વત અને નંદીશ્વરાદિક દ્વીપોમાં. (૨૨૩)

શાશ્વત અને અશાશ્વત તીર્થોની યાત્રા કરી વ્રતધારણ કરવાની ઈચ્છાવાળો હું દક્ષિણભરતાર્ધની અયોધ્યાનગરીમાં ગયો. (૨૨૪)

ત્યાં હરિશ્ચંદ્ર રાજાએ જેનો હમણાજ ઉદ્ધાર કરાવેલ છે એવા શક્રાવતાર નામના મનોહરતીર્થના મેં દર્શન કર્યા. (૨૨૫)

एकं तादृग्महातीर्थं, हरिश्चन्द्रोद्धृतं परम् ।
एकं सुवर्णमपरं, परं परिमलाकुलम् ॥२२६॥

तत्रास्थां तीर्थसेवायै, कुर्वाणोऽष्टाह्निकोत्सवम् ।
इदानो प्रभुपादान्ते, प्रविव्रजिषुरागतः ॥२२७॥

अथोवाच बलो राजा, किमिदं तीर्थमुत्तमम् ।
कोऽयं राजा हरिश्चन्द्रः, स्वामिन्निति निगद्यताम् ॥२२८॥

महीश ! जम्बूद्वीपेऽस्मिन्, क्षेत्रे दक्षिणभारते ।
अभूत्कुलकरो नाभिराभिमुख्यमिव श्रियाम् ॥२२९॥

मरुदेवा प्रिया तस्य, स्वच्छा शान्ता पतिव्रता ।
तयोरात्मभवः श्रीमान्, भगवानृषभध्वजः ॥२३०॥

---

એક તો મહાતીર્થ અને તેનો હરિશ્ચંદ્ર જેવા રાજાએ ઉદ્ધાર કરાવ્યો. તેથી એક તો સુવર્ણ અને તેમાં સુગંધ ભેળવવા જેવું થયું. અર્થાત્ સોનામાં સુગંધ ભળી. (૨૨૬)

ત્યાં અઠ્ઠાઈ મહોત્સવપૂર્વક મેં તીર્થસેવા કરી અને ત્યાંથી દીક્ષા લેવાને ઇચ્છુક હું આપની પાસે આવ્યો છું. (૨૨૭)

તે સાંભળી બળરાજા બોલ્યો કે :- "હે સ્વામિન્ ! એ ઉત્તમ તીર્થ શી રીતે ? એ હરિશ્ચંદ્ર રાજા કોણ હતા ? તે કૃપા કરીને જણાવો." (૨૨૮)

**શક્રાવતાર તીર્થનો ઇતિહાસ. હરિશ્ચંદ્રરાજાનું કથાનક.**

એટલે આચાર્ય ભગવંત બોલ્યા કે :- "હે રાજન્ ! આ જંબૂદ્વીપના દક્ષિણભરતક્ષેત્રમાં લક્ષ્મીના એક સ્થાનભૂત એવા નાભિકુલગર થયા. (૨૨૯)

તેને પવિત્ર, શાંત, પતિવ્રતા મરૂદેવા નામે પ્રિયા હતી, તેમના

तदर्थं पुरुहूतेन, कृताऽयोध्या महापुरी ।
द्वादशयोजनायामा, नवयोजनविस्तृता ॥२३१॥

तत्र शक्रावताराख्यं, यथार्थं तीर्थमुत्तमम् ।
युगादिदेवप्रतिमाभासुरं सम्पदां पदम् ॥२३२॥

हरिश्चन्द्रो नृपस्तत्र, नाभेयान्वयभूषणम् ।
नलिनं नीतिभृङ्गीणां, कामकुम्भः सदाऽर्थिनाम् ॥२३३॥

सुतारा प्रेयसी तस्य, च्छायेव तुहिनद्युतेः ।
वसुभूतिरमात्योऽस्य, नयवल्लीघनाघनः ॥२३४॥

अन्येद्युर्यामिनीशेषे, सुखसुप्तः क्षितीश्वरः ।
इमं शुश्राव सत्त्वाम्बुजलधिं श्लोकमीदृशम् ॥२३५॥

---

શ્રીમાન્ ઋષભદેવ ભગવંત પુત્ર થયા. (૨૩૦)

તે ભગવંતને માટે ઈંદ્રે બારયોજન લાંબી અને નવયોજન વિસ્તૃત એવી અયોધ્યા નામે મહાપુરી બનાવી હતી. (૨૩૧)

અને ત્યાં યથાર્થ નામવાળું સંપત્તિનું એક સ્થાન અને યુગાદિદેવની પ્રતિમાથી સુંદર એવું એક ચૈત્ય બનાવ્યું તે શક્રાવતાર નામે ઉત્તમ તીર્થ થયું. (૨૩૨)

અનુક્રમે તે નગરીમાં ઈક્ષ્વાકુવંશમાં ભૂષણ સમાન, નીતિરૂપ ભ્રમરીઓને કમળરૂપ અને અર્થીજનોને સદા કામકુંભરૂપ હરિશ્ચંદ્ર રાજા થયો. (૨૩૩)

ચંદ્રની ચાંદની સમાન સુતારા નામની તેની પ્રિયા હતી. ન્યાયરૂપ લતાને સિંચવામાં મેઘ સમાન વસુભૂતિ નામનો અમાત્ય હતો. (૨૩૪)

એકવાર રાજા સુખે સુતો હતો, એવામાં પ્રભાત સમયે

धीरैर्वीरैः समर्यादैः, सत्त्वं रक्ष्यं विवेकिभिः ।
समापन्ने निजप्राणसंशये सुमहत्यपि ॥२३६॥

इति श्रुत्वा पठन्नेवं, निद्रां तत्याज भूपतिः ।
अस्मरद्विस्मयोल्लासात्पौनःपुन्येन मन्त्रवत् ॥२३७॥

इतश्च तापसः कोऽपि, सभीकोऽरिगृहीतवत् ।
समागादित्युवाचोच्चैर्वाचा सग्रहकण्ठया ॥२३८॥

त्वयि शासति भूनाथ !, मेदिनीमन्यदेहिनाम् ।
न भयं वास्तवं किञ्चिद्, दृश्यते शशशृङ्गवत् ॥२३९॥

---

સત્ત્વરૂપજળના સાગર સમાન એક શ્લોક તેના સાંભળવામાં આવ્યો:- (૨૩૫)

ધીર, વીર અને મર્યાદાશીલ વિવેકી પુરુષોએ પ્રાણાંત કષ્ટ અને અતિ વિકટ સંકટ આવતાં પણ પોતાના સત્ત્વનું રક્ષણ કરવું. (૨૩૬)

આ પ્રમાણે સાંભળીને એ શ્લોક બોલતાં બોલતાં રાજાએ નિદ્રાનો ત્યાગ કર્યો અને વિસ્મય પામેલા ઉલ્લાસથી તે મંત્રની જેમ વારંવાર તેને સંભારવા લાગ્યો. (૨૩૭)

એવામાં શત્રુથી ગ્રહણ કરાયેલાની જેમ ભયભીત એવો કોઈ તાપસ ત્યાં આવ્યો. (અહીંથી હરિશ્ચંદ્રરાજાના સત્યની કસોટી માટે પ્રપંચ થાય છે.) અને કંઠમાં નિગ્રહ પામ્યો હોય તેવી વાણીથી ઉચ્ચસ્વરે કહેવા લાગ્યો કે :- (૨૩૮)

ભૂનાથ ! તમે આ પૃથ્વીના પાલક હોવાથી અન્યપ્રાણીઓને શશશૃંગની (સસલાના શિંગડાની) જેમ વાસ્તવિક કંઈપણ ભય જોવામાં આવતો નથી, (૨૩૯)

अकस्मात्परमस्माकं, ज्ञानध्यानवतां भयम् ।
संवृत्तं येन निर्नाथा, इव स्मः क्षितिनायक ! ॥२४०॥

कुतोऽप्यभ्येत्य भीमास्यः, कोलः काल इवापरः ।
बभञ्जास्मद्द्रुमान्पुत्रानिव संवर्द्धितान् स्वयम् ॥२४१॥

चकर्त्त च लताः क्रोधात्, मूर्त्ता अस्मत्क्रिया इव ।
यज्ञानिव कुशावासानालवालान्ममर्द च ॥२४२॥

आश्रमाणां पुराणां च, त्राता येन त्वमेव भोः ! ।
इति तस्मिन्वदत्येव, राजोचे धीरया गिरा ॥२४३॥

एष हन्मि दुरात्मानं, क्रोडं कुल्यं विरोधिवत् ।
एवं प्रत्यशृणोद्धीरो, मुनिश्चाथ तिरोदधे ॥२४४॥

---

પરંતુ જ્ઞાન અને ધ્યાનવંત અમને અકસ્માત્ ભયે ઘેરી લીધા છે. જેથી હે પૃથ્વીનાથ ! અમે નિર્નાથ જેવા બની ગયા છીએ. (૨૪૦)

ભયંકર મુખવાળા અને જાણે બીજો કાળ હોય એવા વરાહે (ભૂંડે) ક્યાંકથી આવીને અમે પોતે પોતાના પુત્રોની જેમ વૃદ્ધિ પમાડેલા અમારા વૃક્ષોને ભાંગી નાંખ્યા છે. (૨૪૧)

વળી સાક્ષાત્ અમારી ક્રિયા સમાન એવી લતાઓને ક્રોધથી તેણે કાપી નાંખી તથા સાક્ષાત્ યજ્ઞકુંડ સમાન એવા દર્ભના ક્યારાઓને તેણે છુંદી નાંખ્યા માટે (૨૪૨)

"હે રાજન્ ! નગરોના અને આશ્રમોનાં તમે જ રક્ષક છો." આ પ્રમાણેનું ઋષિનું કથન સાંભળીને રાજા ધીરતાયુક્ત વાણીથી બોલ્યો કે :- (૨૪૩)

હે મુને ! શત્રુના વંશ સમાન તે દુરાત્મા વરાહને હું સત્વર

अथ प्रातः स कृत्यानि, कृत्वा सेनापरीवृतः ।
मनोजवमिवारुह्य, वाजिनं निर्ययौ ततः ॥२४५॥

क्वचित्पान्थैः कृतस्नानां, क्वचित् यूपैश्च दन्तुराम् ।
क्वचित्सन्ध्याविधिव्यग्रद्विजलोकसमाकुलाम् ॥२४६॥

कल्लोलक्रीडगान् हंसान्, क्रीडयन्तो सुतानिव ।
वीक्षाञ्चक्रे क्षमाधीशः, सरयूं सरिदुत्तमाम् ॥२४७॥ युग्मम्

राजा पप्रच्छ पार्श्वस्थौ, कपिञ्जलकपिङ्गलौ ।
क्व क्रोडः प्रोचतुस्तौ तु, स्वामिन्नेष पुरस्थितः ॥२४८॥

स क्रोडस्तद्वचः श्रुत्वा, शौर्यचर्यातरङ्गितः ।
संमुखीनोऽभवत्तस्य, वादीव प्रतिवादिनः ॥२४९॥

---

મારી નાંખુ છું. આ પ્રમાણે તે ધીર રાજાએ પ્રતિજ્ઞા કરી એટલે તે તાપસ ત્યાંથી ચાલ્યો ગયો. (૨૪૪)

પછી પ્રાતઃકર્મ કરીને સેનાથી પરિવરેલો રાજા મનોવેગી અશ્વ ઉપર આરોહણ કરીને બહાર નીકળ્યો (૨૪૫)

અને આગળ ચાલતાં ક્યાંક મુસાફરો સ્નાન કરી રહ્યા છે, ક્યાંક સંધ્યાવિધિમાં વ્યગ્ર એવા વિપ્રજનોથી વ્યાપ્ત પોતાના કલ્લોલનાં મધ્યભાગમાં આવેલ હંસોને જે પુત્રોની જેમ રમાડી રહી છે એવી સર્વ નદીઓમાં શ્રેષ્ઠ સરયુ નામની નદી તે રાજાના જોવામાં આવી. (૨૪૬-૨૪૭)

ત્યાં પાસે રહેલા કપિંજલ અને કપિંગલ ઋષિઓને રાજાએ પૂછ્યું કે – તે વરાહ ક્યાં છે ? એટલે તે બોલ્યા કે – હે સ્વામિન્ ! આ સામે જ ઊભો છે. (૨૪૮)

તાપસોનું તે વચન સાંભળીને શૌર્યચર્યાથી તરંગિત તે વરાહ

अथ राजा धनुः सज्जं, कृत्वा शौर्यमिवात्मनः ।
टङ्कारैः पूरयन् व्योम, पातयामास तं भुवि ॥२५०॥

यावदेति नृपस्तत्र, तं स्वयं हतमीक्षितुम् ।
तावदैक्षत भूमिष्ठां, लुठद्गर्भां हतां मृगीम् ॥२५१॥

विषण्णमानसः स्माह, हरिश्चन्द्रः कृपापरः ।
धिग् धिग्मां हरिणीभ्रूणघातपातकलङ्कितम् ॥२५२॥

दुर्भगोऽपि दरिद्रोऽपि, सदाधिव्याधिमानपि ।
पराश्रयाभिभूतोऽपि, प्राणी प्राणितुमिच्छति ॥२५३॥

---

**"પ્રતિવાદીની સામે વાદીની જેમ"** રાજાની સામે થયો. (૨૪૯)

પછી પોતાના શૌર્ય સમાન ધનુષ્યને સજ્જ કરીને ટંકારોથી આકાશને પૂરતા રાજાએ એક બાણવડે તે વરાહને જમીન પર પાડી નાંખ્યો (૨૫૦)

પછી ઘાયલ થયેલા તે વરાહને જોવાને રાજા તેની પાસે ગયો ત્યાં તો તેણે જેનો ગર્ભ જમીન ઉપર તરફડી રહ્યો છે એવી અને ઘાયલ થઈને જમીન ઉપર પડેલી મૃગલીને તેણે જોઈ. (વરાહ જોવામાં ન આવ્યો.) (૨૫૧)

## પાપશુદ્ધિ માટે કુલપતિ પાસે પ્રયાણ

## કુલપતિએ આશિષ, પ્રદાન કરવા પૂર્વક કરેલી પ્રશંસા.

એટલે મનમાં ખેદ પામી દયામાં તત્પર રાજા કહેવા લાગ્યો કે :- "અહો ! મૃગહત્યા અને ગર્ભહત્યાના પાપથી કલંકિત મને ધિક્કાર થાઓ". (૨૫૧)

દુર્ભગ, દરિદ્ર, સદા આધિવ્યાધિયુક્ત તથા પરાધીનપણાથી પરાભવ પામેલો પ્રાણી પણ જીવવાને ઈચ્છે છે (૨૫૩)

इयतः कल्मषाच्छुद्धिः, कथं मम भविष्यति ।
विना मुनीन् शमध्यानतत्परान् भवतारकान् ॥२५४॥

विमृश्येति दयानिघ्नो, विरक्तः पापवर्त्मनः ।
प्राविक्षदाश्रमं पद्भ्यां, सखिभ्यां सह भूपतिः ॥२५५॥

ततः कुलपतिं दृष्ट्वा, ननाम जगतीपतिः ।
न्यधात्पृष्ठे करक्रोडमुच्चरन्नाशिषं स च ॥२५६॥

हर्षालवालकलितः, फलितः सुकृतद्रुमः ।
यौष्माकं दर्शनं यन्मे, जातमित्यूचिवान्नृपः ॥२५७॥

मुनिः प्राह महीपाल !, वयमद्य जगत्यपि ।
धन्या येन भवान् दृष्टः, पञ्चमो लोकपालकः ॥२५८॥

---

તો હવે આવા મહાન પાપથી શુભધ્યાનમાં તત્પર અને ભવતારક મુનિઓ વિના મારી શુદ્ધિ કેવી રીતે થશે ? (૨૫૪)

એ પ્રમાણે વિચારી દયાપાત્ર અને પાપમાર્ગથી વિરક્ત રાજાએ પોતાના બે મિત્રો સાથે પગે ચાલીને આશ્રમમાં પ્રવેશ કર્યો. (૨૫૫)

ત્યાં કુલપતિને જોઈને રાજાએ પ્રણામ કર્યા. એટલે તેણે પણ આશિષના ઉચ્ચારપૂર્વક રાજાની પીઠ ઉપર પોતાનો હાથ સ્થાપન કર્યો. (૨૫૬)

પછી રાજાએ કહ્યું કેઃ- આપના દર્શન થવાથી હર્ષરૂપ ક્યારીથી યુક્ત મારૂં સુકૃતરૂપ વૃક્ષ ફલિત થયું છે. (૨૫૭)

મુનિ બોલ્યો કે :- હે મહીપાલ ! પંચમ લોકપાલ એવા તમને જોવાથી અમે પણ આજે જગતમાં ધન્ય થયા છીએ. (૨૫૮)

એ અવસરે ત્યાં જુલમ થયો, જુલમ થયો એવા શબ્દોથી

अस्मिन्नवसरे तत्र, बहुलस्तुमुलोऽभवत् ।
अब्रह्मण्यमब्रह्मण्यमिति ध्वानभयङ्करः ॥२५९॥

उत्कर्णौ मुनिभूमीन्द्रौ, सिंहत्रस्तद्विपाविव ।
जातावगण्यकारुण्यरससंसिक्तमानसौ ॥२६०॥

ततस्तारतरं सास्त्रं, रुदतो सुदतो भृशम् ।
*सुवत्सां वञ्चनां स्नेहादनुयान्तीं शनैः शनैः ॥२६१॥*

रक्ष रक्षाश्रमगुरो !, निर्नाथामिव मामिति ।
जल्पन्तो निकृतिं भार्यामपश्यत्स्वां तपोधनः ॥२६२॥ युग्मम्

*ऋषिः पुत्रो निरीक्ष्योचे, कथं रोदिषि बालिके ! ।*
साऽवोचत्तात ! केनापि, सखी मम मृगी हता ॥२६३॥

---

ભયંકર એવો મોટો કોલાહલ થયો. (૨૫૯)

એટલે સિંહથી ત્રાસ પામેલા હાથીની જેમ તાપસ અને રાજા એકદમ ઉત્કર્ણ અને અગણ્ય કારૂણ્યરસથી સંસિક્ત મનવાળા થઈ ગયા. (૨૬૦)

એવામાં અત્યંત આંસુની ધારા વહેવડાવતી તથા બહુજ રૂદન કરતી એવી પોતાની પ્રિયપુત્રી વંચનાની પાછળ ધીરે ધીરે ચાલતી (૨૬૧)

અને હે આશ્રમગુરો ! નિર્નાથ એવી મારી રક્ષા કરો ? એમ બોલતી પોતાની નિકૃતિ નામની ભાર્યાને તે ઋષિએ જોઈ. (૨૬૨)

પછી પોતાની પુત્રીને જોઈને ઋષિએ કહ્યું કે :- "હે બાલિક ! તું શા માટે રૂદન કરે છે." તે બોલી કે :- હે તાત ! કોઈએ મારી સખી મૃગલીને મારી નાંખી (૨૬૩)

એટલે કુલપતિ આંસુયુક્ત નયનથી બોલ્યા કે :- અહો ! તે

सास्त्रं कुलपतिः प्राह, या किलासीत् प्रजावती ।
एकं मृगीवधोऽन्यच्च, भ्रूणहत्या वचोऽतिगा ॥२६४॥

कोपाक्रान्तः पुनः प्राह, हृदयस्फोटकृद्वचः ।
अरे रे ! तेन दुष्टेन, कृतोऽस्माकं कुलक्षयः ॥२६५॥

विनेमां हरिणीं बालवयस्यामिव मत्सुता ।
विप्रनङ्क्ष्यति पश्चान्मे, नूनं पत्नी विपत्स्यते ॥२६६॥ यतः–

विना प्राणप्रियामेनां, कुतो मे स्यात्तपोविधिः ? ।
विना तपोविधिं क्व स्याद्, ब्राह्मण्यमनघं मम ? ॥२६७॥

अहो ! अन्याय ईदृक्षः, क्षमिणामपि दुःसहः ।
यन्मृगी मृगयाऽन्धेन, हता केनापि पापिना ? ॥२६८॥

---

તો સગર્ભા હતી, તેથી એક તો મૃગહત્યાનું પાપ અને બીજું વચનાતીત ગર્ભહત્યાનું પાપ તેના ઘાતકને લાગ્યું. (૨૬૪)

પછી કોપાક્રાંત થઈને હૃદયને ફાડી નાંખે તેવું વચન કહ્યું કે અરે રે ! તે દુષ્ટે અમારા કુળનો ક્ષય કર્યો. (૨૬૫)

કેમ કે બાળસખી હરિણી વિના મારી પુત્રી મરણ પામશે. તે પુત્રી વિના ખરેખર મારી પત્ની પણ મરણ જ પામશે. (૨૬૬)

અને એ પ્રાણપ્રિયા વિના મારો તે તપોવિધિ ક્યાંથી થશે ? તપોવિધિ વિના મને પાપરહિત (બ્રહ્મ)ની પ્રાપ્તિ પણ ક્યાંથી થશે? (૨૬૭)

અહો ? ક્ષમાવંતને પણ દુઃસહ આ કેવો અન્યાય ? શિકારમાં અંધ બનેલા કોઈ પાપીએ બિચારી હરિણીને મારી નાંખી ? (૨૬૮)

આવા વિષાદથી વ્યાપ્ત થયેલા કુલપતિએ રાજાને કહ્યું કે –

एवं विषादमापन्नोऽवादीत् कुलपतिस्ततः ।
ज्ञात्वा कुतोऽपि भूपाल !, ससाध्यः पितृवैरिवत् ॥२६९॥

इतोऽभ्यधान् मुनेः पुत्री, सास्त्रं जनक ! सत्वरम् ।
प्रगुणीकुरु मद्योग्यां, चितां वह्निसमाचिताम् ॥२७०॥

किं न वेत्सि मृगीमेनां, विना मे जीवितं कुतः ? ।
**पश्चादपि हि यत् कृत्यं, तत् पूर्वं किं न तन्यते ॥२७१॥**

अथ सास्त्रं नृपः प्रोचे, दुष्कृत्यन्यञ्चदाननः ।
शिक्षां कर्त्तास्मि सर्वेषां, नात्मनो निन्द्यकर्मणः ॥२७२॥

---

હે ભૂપાલ ! કોઈ રીતે પણ તેનો પત્તો મેળવીને પિતૃવૈરીની જેમ તમારે તેનો નિગ્રહ કરવો યોગ્ય છે. (૨૬૯)

એવામાં ઋષિપુત્રી અશ્રુપૂર્ણ નયનવાળી આવી અને બોલી કઃ- હે તાત ! અગ્નિથી પરિપૂર્ણ એવી ચિતા મારા માટે સત્વર તૈયાર કરાવો. (૨૭૦)

શું આપ જાણતા નથી કે આ મૃગી વિના મારૂં જીવન રહે તેમ નથી ? કેમ કે **જે કાર્ય પછીથી પણ કરવાનું હોય તે પ્રથમથી જ શા માટે ન કરવું ?** (૨૭૧)

## દુષ્કૃત્યથી પશ્ચાત્તાપના આંસુ સારતો રાજવી.

## ક્ષમાવંત તાપસનો ભભૂકી ઉઠેલો રોષ.

એ વખતે દુષ્કૃત્યથી નીચા મુખવાળા તે રાજાએ આંસુ સહિત કહ્યું કેઃ- "નિંદનીય કર્મવાળા એક આ પોતાના આત્મા સિવાય સર્વને હું શિક્ષા કરી શકીશ." (૨૭૨)

તે સાંભળીને મુનિએ કહ્યું કે "તમે તો યથાર્થ ક્ષત્રિય જણાવો છો. કેમ કે આ સામાન્ય કહેવતને તમે અત્યંત સત્યાર્થ કરી

तच्छुत्वा स मुनिः स्माह, यथार्थः क्षत्रियो भवान् ।
सत्यार्थेयं त्वया चक्रे, नितरां प्राकृतश्रुतिः ॥२७३॥

**निर्मिता शस्यरक्षार्थे, वृत्तिः क्षेत्रे कृषीबलैः ।**
**सा चेदत्तितरां शस्यं, कस्य पूत्कुर्महे पुरः ॥२७४॥**

प्रणिपत्य मुनेः पादौ, राजाऽवादीन्नयान्वितम् ।
[१]क्षमस्वेदं ममागस्त्वं, क्षमाधरशिरोमणे ! ॥२७५॥

[२]श्रुत्वेत्याख्यत् कुलपतिर्ममापसर दृक्पथात् ।
आः पाप ! कौलटेरोऽसि, रे रे क्षत्रियपांशन ! ॥२७६॥

अथाङ्गारमुखोऽवादीन्मा रुषो वदतांवर ! ।
नैवापमानमुर्वीशः, सोढुं परिवृढस्तव ॥२७७॥

બતાવી છે. (૨૭૩)

ધાન્યની રક્ષા માટે ખેડૂતોએ ક્ષેત્રમાં કરેલી વાડ જો પોતે જ ધાન્યનું ભક્ષણ કરી જાય. રક્ષક જ ભક્ષક બને (વાડજ ચીભડા ગળી જાય કહેવતાનુસાર) તો પછી કોની આગળ પોકાર કરવા ? (૨૭૪)

પછી મુનિના ચરણને નમસ્કાર કરીને ન્યાયની રીતિથી રાજાએ કહ્યું કે :- "હે ક્ષમાવંતમાં શિરોમણિ ! મારો આ એક અપરાધ ક્ષમા કરો." (૨૭૫)

આ સાંભળીને કુલપતિએ કહ્યું કે "અરે પાપી ! તું મારા દૃષ્ટિપથથી દૂર જા રે ! રે ! અધમ ક્ષત્રિય ! તું કોઈ કુલટાનો પુત્ર લાગે છે." (૨૭૬)

એવામાં અંગારમુખ નામનો તાપસ બોલ્યો કે :- "હે મહર્ષે ! રોષ ન કરો. એ રાજા આપનું અપમાન તો ન જ સહન કરી

१. सहस्व मन्तुमेकं मे सन्तो यन्नतवत्सलाः इत्यपि । २. मुनिः पराङ्मुखीभूय चुक्रोश क्षितिनायकम् इत्यपि ।

धैर्यं भज महाराज !, प्रतीकारोऽस्ति पाप्मनः ।
**मलिनस्यापि वस्त्रस्य, शोधकं वारि किं नहि ॥२७८॥**

शुद्धिर्जायत एवास्य, पापस्यापि प्रथीयसः ।
ददासि राज्यं यद्यस्मै, **दानं हन्ति हि दुर्नयम्** ॥२७९॥

सोल्लासमिव राज्ञोचे, प्रसन्नोऽस्म्युपदेशतः ।
भवानङ्गारवक्त्रोऽपि सुधावक्त्रो ममाभवत् ॥२८०॥

सकोशग्रामनगरा, भूरियं वार्द्धिमेखला ।
तुभ्यं दत्ता तत्प्रसीदेत्युक्त्वा भूपोऽनमन्मुनिम् ॥२८१॥

---

શકે." (૨૭૭)

ફરી તેણે રાજાને કહ્યું કેઃ- હે મહારાજ ! ધીરજ ધરો. પાપીનો પણ પ્રતિકાર હોય છે. મલિનવસ્ત્રને શુદ્ધ કરનાર શું જળ નથી? (૨૭૮)

માટે જો એ ઋષિને તમે તમારૂં રાજ્ય આપી દો તો એ મોટામાં મોટા પાપની પણ શુદ્ધિ થઈ જાય. કારણ કે દાન દુનીતિનો પણ નાશ કરે છે." (૨૭૯)

આ પ્રમાણે સાંભળીને રાજા ઉલ્લાસ પામીને બોલ્યો કે :- "આ તમારા કથનથી હું પ્રસન્ન થયો છું. તમે અંગારમુખ છતાં મને સુધામુખ થઈ પડ્યા છો." (૨૮૦)

પછી રાજાએ કુલપતિને કહ્યું કે :- ભંડાર, ગામ, નગર સહિત સમુદ્ર પર્યંત આ વસુધા તમને મેં આપી માટે હવે પ્રસન્ન થાઓ. એમ કહીને રાજાએ કુલપતિને પ્રણામ કર્યા. (૨૮૧)

વળી અંગારમુખે પણ અંજલિ સહિત નમસ્કાર કરીને ઋષિને કહ્યું કેઃ- આ રાજા જે કહે છે તેનો આપ સ્વીકાર કરો." (૨૮૨)

प्रणत्याङ्गारवक्त्रोऽपि, तमवादीत् कृताञ्जलिः ।
अयं यदभिधत्ते राट्, प्रतिपद्यस्व तत्तथा ॥२८२॥

एवमस्त्विति भाषित्वा, स साक्षेपमदोऽवदत् ।
अद्यप्रभृति धात्रीयं, धात्रीव ध्यायतां त्वया ॥२८३॥

अथाभ्यधाद् धराधीशो, धरा दत्तैव तेऽधुना ।
प्रतिभूरत्र कौटिल्यो, भूमिदाने विचिन्तय ॥२८४॥

अथ विज्ञपयामास, कोऽपि शिष्यो महामुनिम् ।
न तपो न जपस्तावद्यावदस्ति मृता मृगी ॥२८५॥

सखेदं सोऽप्यभाषिष्ट, कारयानलसंस्कृतिम् ।
वञ्चनोचे मया साकमेतस्याः सा भविष्यति ॥२८६॥

---

એટલે "બહુ સારૂં " એમ બોલીને આક્ષેપપૂર્વક તેણે રાજાને કહ્યું કે :- "આજથી આ પૃથ્વીને તારે માતા સમાન સમજવી" (૨૮૩)

એટલે રાજા બોલ્યો કે :- "હવે આ પૃથ્વી આજથી મેં તમને જ આપી દીધી છે, એ ભૂમિદાનમાં સાક્ષી તરીકે તમે કૌટિલ્યને સમજી લેજો." (૨૮૪)

એવામાં કોઈ શિષ્યે આવીને તે મહામુનિને વિજ્ઞપ્તિ કરી કે :- "જ્યાં સુધી અમારાથી આ મરેલી મૃગલી અહીં પડી છે ત્યાં સુધી તપ, જપ, કાંઈ થઈ શકતા નથી." (૨૮૫)

એટલે ઋષિએ ખેદ સહિત કહ્યું કેઃ- "એને અગ્નિસંસ્કાર કરાવો. એટલે ઋષિપુત્રી વંચના બોલી કે :- એની સાથે મારો પણ અગ્નિસંસ્કાર કરવો પડશે." (૨૮૬)

એટલે રાજાએ વિનયપૂર્વક કહ્યું કે :- "હે વંચને ! આ એક

उवाच विनयाद्राजा, वञ्चने ! दुर्नयं मम ।
सहस्वैकं महाभागे !, सार्द्राऽसि नतदेहिषु ॥२८७॥

अहं तुभ्यं प्रदास्यामि, स्वर्णलक्षं सुलक्षणे ! ।
आमेत्युवाच सा यद्वा, **किं न स्याद्दानकर्मणा ?** ॥२८८॥

महर्षिः प्राह मे याहि, पुरो लक्ष्मीविकस्वराम् ।
सन्ध्याकृत्यं विधायाशु, पश्यैते वयमागताः ॥२८९॥

एवमाकर्ण्य निर्वर्ण्य, तं मुनिं क्षितिनायकः ।
ततो राजन्यमूर्द्धन्योऽयोध्यां प्राप निजां पुरीम् ॥२९०॥

आत्मानं निर्वसुं ज्ञात्वा, यात्यस्तं तेजसांपतिः ।
तपस्विपाण्डुरच्छायाः, प्रसस्रुस्तारका अमी ॥२९१॥

મારો અન્યાય સહન કર. હે મહાભાગ્યશાળી ! નમ્ર પ્રાણી ઉપર તું કરૂણાર્દ્ર છો, (૨૮૭)

વળી હે સુલક્ષણે ! હું તને પણ એક લાખ સુવર્ણ આપીશ." એટલે તે શાંત થઈ અથવા તો **દાનકર્મથી શું ન થાય.** (૨૮૮)

ઋષિએ કહ્યું કે :- હે ભદ્ર ! લક્ષ્મીથી વિકસ્વર એવી મારી નગરીમાં તું જા અને સંધ્યાકૃત્ય કરીને અમે પણ સત્વર આવીએ છીએ. (૨૮૯)

આ પ્રમાણે સાંભળતા, મુનિને નમસ્કાર કરીને ક્ષત્રિયોમાં મુગટ સમાન તે રાજા પોતાની અયોધ્યાનગરીમાં આવ્યો. (૨૯૦)

તે વખતે પોતાને નિર્વસુ-ધનરહિત યા કિરણરહિત જાણીને સૂર્ય અસ્ત થાય છે. અને તપસ્વીરૂપ પાંડુરકાંતિવાળા આ તારાઓ પ્રગટ થાય છે. (૨૯૧)

આવી વૈતાલિકી ઉક્તિ સાંભળીને ભવિતવ્યતાનો વિચાર કરતો

इति वैतालिकीमुक्तिं, भावयन् भवितव्यताम् ।
जगाम धाम भूमीशो, धाम्नां निधिरिवाम्बुधिम् ॥२९२॥

राजमित्रद्वयात् ज्ञातवृत्तान्तः सचिवाग्रणीः ।
हतसर्वस्ववच्छून्यो, वसुभूतिरचिन्तयत् ॥२९३॥

अनेन दम्भिना भूपो, दम्भितो गर्भरूपवत् ।
**अविचारितकर्त्तारो, विमुह्यन्ति पदे पदे ॥२९४॥**

विधेर्विलसितं हन्त !, विचाराणामगोचरे ।
सुघटं यो विघटयेदघटं घटयेदपि ॥२९५॥

विमृश्यैवं महामात्यः, सशल्य इव दुःखितः ।
विलासमण्डपासीनं, राजानं प्राणमत्तदा ॥२९६॥

---

રાજા સૂર્ય જેમ સમુદ્રમાં જાય તેમ પોતાના મહેલમાં આવ્યો. (૨૯૨)

પછી રાજાના બે મિત્ર પાસેથી સર્વ વૃત્તાંત જાણીને જાણે બધું લુંટાઈ ગયું હોય તેમ શૂન્ય થઈને વસુભૂતિ પ્રધાન ચિંતવવા લાગ્યો કે :- (૨૯૩)

"એ દંભીએ હરિણીના ગર્ભના બ્હાનાથી રાજાને છેતર્યા છે. અહો ! **અવિચારિત કાર્ય કરનારા પગલે પગલે વ્યામોહ પામે છે.** (૨૯૪)

અહો ! વિધિનો વિલાસ તો જુઓ. જે વિચારને પણ અગોચર છે. જે સુઘટિતને વિઘટિત કરે છે. અને અઘટિતને સુઘટિત બનાવે છે." અર્થાત્ ન ઘડવાનું ઘડે છે. અને ઘડવાનું ઘડતી નથી. (૨૯૫)

આ પ્રમાણે ચિંતવીને સશલ્ય દુઃખ પામેલા અમાત્યે આવીન વિલાસમંડપમાં બેઠેલા રાજાને પ્રમાણ કર્યા (૨૯૬)

नत्वोपविष्टः सचिवस्तद् वृत्तं वक्तुमुद्यतम् ।
देव ! सर्वं मयाऽज्ञायि, मा वादीरित्यवारयत् ॥२९७॥

हरिश्चन्द्रस्ततः प्राह, सधीरं नीरदध्वनिः ।
मा विषीद विदग्धोऽसि, **सत्त्वं यन्मानिनां धनम्** ॥२९८॥

**सत्त्वमेकमिदं मा गात्, सर्वमन्यद्भविष्यति ।**
**सति कन्दे न सन्देहो, वल्याः पल्लवसम्पदाम् ॥२९९॥**

**कण्ठपीठी कुठारेण, बाध्यतामस्तु बन्धनम् ।**
**न तु जातु प्रतिज्ञातमर्थमुज्झन्ति सात्त्विकाः ॥३००॥**

---

અને નમસ્કાર કરીને બેઠો. એટલે પેલું વૃત્તાંત કહેવાને રાજા તૈયાર થયો. પણ "હે દેવ ! એ બધું મારા જાણવામાં આવ્યું છે. માટે આપને કહેવાની જરૂર નથી." એમ કહીને તેણે રાજાને બોલતા અટકાવ્યા. (૨૯૭)

### હરિશ્ચંદ્રની સાત્ત્વિકતાદર્શન.

એટલે મેઘ જેવા ગંભીરધ્વનિથી હરિશ્ચંદ્ર રાજા ધીરજપૂર્વક બોલ્યો કેઃ- "હે સચિવ ! તું વિદગ્ધ છો, માટે વિષાદ કરીશ નહિ. **કેમ કે માનીપુરુષોને સત્ત્વ એ જ ધન છે.** (૨૯૮)

જો સત્ત્વ હશે તો બીજું બધુ પ્રાપ્ત થશે. પણ સત્ત્વ ગયા પછી પાછું નહીં આવે. જો કંદ હશે તો લતાને પલ્લવસંપત્તિ થવાનો સંદેહ નથી. (૨૯૯)

ભલે કંઠપીઠપર કુઠાર ફરી વળે અથવા અસહ્યબંધનની પ્રાપ્તિ થાય પણ સાત્ત્વિકજનો પોતના નિશ્ચયાર્થ-નિર્ણયને કદાપિ છોડતા નથી. (૩૦૦)

આ પ્રમાણે રાજાનાં વચન સાંભળીને બુદ્ધિના ભંડાર

इति राजवचः श्रुत्वा, वसुभूतिर्धियांनिधिः ।
हृदये चिन्तयाञ्चक्रे, सत्त्वमत्र विजृम्भते ॥३०१॥

सविनेयो मुनिः सोऽथ, समागात्कृतशब्दवत् ।
अयाचत महीपालं, स्वर्णलक्षमलक्ष्यधीः ॥३०२॥

भाण्डागारिकमादिश्य, कोशतः क्रोशतो मुनेः ।
आनाययत् क्षणाद्दक्षः, स्वर्णलक्षं क्षितीश्वरः ॥३०३॥

मुनिरूचे ततः कोपभृकुटीभङ्गभीषणः ।
चिकीर्षुरनृणं स्वं, मद्वित्तेनापि विवेक्यसि ? ॥३०४॥

व्रजामो वयमन्यत्र, दृष्टं सत्त्वं तवाधुना ।
**वावदूकाश्च वीक्ष्यन्ते, निःशूकाश्च गृहे गृहे ॥३०५॥**

---

વસુભૂતિએ અંતરમાં વિચાર કર્યો કે :- "ખરેખર ! અહીં રાજાનું સત્ત્વજ ઝળકી રહ્યું છે." (૩૦૧)

એવામાં જાણે બોલાવેલા હોય તેમ તે ઋષિ પોતાના શિષ્ય સહિત ત્યાં આવ્યા. અને લક્ષ્યરહિત બુદ્ધિવાળા તેણે રાજાની પાસે લાખ સોનામહોર માંગણી કરી અને તાકીદથી આપવા માટે આક્રોશ કરવા લાગ્યો. (૩૦૨)

તેથી તે તાપસની સમક્ષ તરત જ દક્ષ એવા રાજાએ ભંડારીને આદેશ કરીને પોતાના ભંડારમાંથી લાખ સુવર્ણ મંગાવ્યું (૩૦૩)

આથી કોપથી ભ્રકુટીના ભંગથી ભીષણ દેખાતા તે ઋષિએ કહ્યું કે :- "અહો ! તું તો મોટો વિવેકી લાગે છે કે મારા ધનથી પોતાને ઋણમુક્ત કરવા માંગે છે. (૩૦૪)

તારૂં સત્ત્વ હમણાં જોઈ લીધું હવે અમે પાછા ચાલ્યા જઈએ છીએ. અહો ! **ઘર ઘર વાચાળ અને નિર્દય માણસો જ**

अथोवाच महीभर्त्ता, विलम्बध्वं गुणानघाः ! ।
यावदप्यन्यतः स्वर्णमानयामि कलान्तरैः ॥३०६॥

वणिजो भूभुजामीशः, समाकार्य समादिशत् ।
ददत स्वर्णलक्षं मे, दास्येऽहं वृद्धिसंयुतम् ॥३०७॥

मुनिना दिव्यशक्त्या ते, हरिश्चन्द्रे खिलीकृताः[१] ।
तत्यजुस्ते तदादेशं, नतमस्तककैतवात् ॥३०८॥

विलोक्य क्ष्मापतिर्दध्यौ, किं करोमि प्रयामि कम् ? ।
आनयेऽहं कथं स्वर्णं, मरुदेशे यथा जलम् ? ॥३०९॥

---

**જોવામાં આવે છે."** (૩૦૫)

એટલે રાજા બોલ્યો કે :- "હે મહાત્મન્ ! અન્ય ઉદ્યમ કે કળાવડે હું બીજેથી લાખ સુવર્ણ લાવું ત્યાં સુધી આપ સબૂર કરો." (૩૦૬)

પછી રાજાએ વણિકોને બોલાવીને આદેશ કર્યો કે:- "અત્યારે મને લાખ સુવર્ણ આપો. હું તમને વ્યાજ સહિત પાછું આપીશ." (૩૦૭)

એટલે ઋષિએ દિવ્યશક્તિથી તેમને સુવર્ણ આપતાં અટકાવી દીધા. તેથી તેમણે મસ્તક નમાવીને, કપટથી (કૈતવ) રાજાના આદેશનો ઈન્કાર કર્યો. (૩૦૮)

એટલે તેમને વિમુખ થયેલાં જોઈને રાજાએ વિચાર કર્યો કે:- "હવે હું શું કરૂં ? અને કોની પાસે જાઉં ? મારવાડમાં જળની જેમ સુવર્ણને હું ક્યાંથી લાવું ? (૩૦૯)

એવામાં કોપથી હોઠને કંપાવતા કુલપતિએ કહ્યું કે :- "અરે

---

१. खलीकृताः ।

ततः कुलपतिः कोपकम्पमानाधरोऽवदत् ।
पाप्मन् ! कियन्तमद्यापि, विलम्बं मे विधास्यसि ॥३१०॥

वसुभूतिस्ततः प्राह, महर्षे ! हर्षवर्षक ! ।
हरिश्चन्द्रसमः क्वापि, दृष्टः किं सात्त्विकाग्रणीः ? ॥३११॥

अथाङ्गारमुखोऽवादीत्सोपहासममुं प्रति ।
दृष्टस्त्वत्तो न वाचालो, हरिश्चन्द्राच्च वञ्चकः ॥३१२॥

अरे रे ! कर्मचाण्डाल !, किमेभिर्भाषितैस्तव ? ।
रुष्टो हि रूपकात् पादवन्दनैः किमु तुष्यति ? ॥३१३॥

अदत्तेऽस्मिन् दुराचार !, किमु वाञ्छसि जीवितम् ? ।
तव श्लोकस्य लोकस्य, क्षय एष उपागतः ॥३१४॥

---

દુષ્ટ ! હજુ મારે કેટલો વિલંબ કરવો પડશે ? (૩૧૦)

એટલે વસુભૂતિ બોલ્યો કે :- "હે મહર્ષે ! હે હર્ષવર્ધક ! હરિશ્ચંદ્ર જેવો સાત્ત્વિકશિરોમણિ રાજા બીજે ક્યાંય જોયો છે ?" (૩૧૧)

તે સાંભળીને સાથે આવેલ અંગારમુખ તાપસ ઉપહાસપૂર્વક બોલ્યો કેઃ- તારા કરતાં બીજો કોઈ વાચાળ અને હરિશ્ચંદ્ર જેવો બીજો કોઈ વંચક-છેતરનાર અમારા જોવામાં આવ્યો નથી. (૩૧૨)

અરે કર્મચંડાલ ! આ તારા લાંબા ભાષણથી શું થશે ? કારણ કે રૂપકથી રુષ્ટમાન થયેલ શું ચરણવંદનથી સંતુષ્ટ થશે ?" (૩૧૩)

પછી રાજાને કહ્યું કેઃ- "હે દુરાચારી ! એ સુવર્ણ આપ્યા વિના શું તું જીવિતને ઇચ્છે છે ? તારા યશનો અને કુળનો હવે ક્ષય પાસે આવ્યો સમજજે." (૩૧૪)

આ પ્રમાણે સાંભળીને રાજા બોલ્યો કે :- "હે સાધો ?

अथावादीन्नृपः साधो !, कुतस्त्वत्तः कुलक्षयः ? ।
**नहि पीयूषपानेन, मृत्युं कस्यापि जायते ॥३१५॥**

जघान पार्ष्णिना भूपं, मुनी राजा ननाम तम् ।
कोपिनां क्षमिणामाद्यं, संजातौ तौ निदर्शनम् ॥३१६॥

ऊचेऽङ्गारमुखः कोपाद्विप्लावयसि किं मुनिम् ? ।
नायं हास्यपदे मूढ !, पत्नीभ्रातेव ते गुरुः ॥३१७॥

इत्याकर्ण्य वचः कर्णद्वयतप्तत्रपुप्रभम् ।
वसुभूतिरुवाचेदं, मा वादीरिति राजनि ॥३१८॥

राजंस्त्वमेकमेवैनं, वाचालं वारयाऽन्यथा ।
एतस्य प्रकटं शिक्षां, कर्त्तास्मीत्यवदन्मुनिः ॥३१९॥

---

તમારાથી કુળક્ષય શી રીતે થશે ? કારણ કે **સુધાપાનથી કોઈને પણ મરણ પ્રાપ્ત થતું નથી."** (૩૧૫)

એટલે ઋષિએ પગની પાનીથી રાજાને પ્રહાર કર્યો અને રાજાએ તેમને નમન કર્યું. આ વખતે ક્રોધી અને ક્ષમાશીલ જીવોમાં તે બંને મુખ્ય દૃષ્ટાંતરૂપ થયા. (૩૧૬)

પછી અંગારમુખ બોલ્યો કે :- "ક્રોધથી ઋષિને શા માટે પ્રજ્વલિત કરે છે ? હે મૂઢ ! આ કાંઈ હાસ્ય કરવાના સ્થાનરૂપ તારી પત્નીના ભાઈ (સાળા) નથી, પણ તારા ગુરુ છે." (૩૧૭)

આ પ્રમાણે બંન્ને કાનને તપાવેલા સીસા સમાન વચન સાંભળીને વસુભૂતિ બોલ્યો કે :- "અમારા ઉત્તમ રાજાને માટે તમે આ પ્રમાણેનાં હલકા વચનો ન બોલો" (૩૧૮)

એટલે ઋષિએ કહ્યું કે :- "હે રાજન્ ! આ તારા વાચાળ મંત્રીને બોલતો વાર, નહીંતર હું તેને પ્રગટ રીતે શિક્ષા કરીશ" (૩૧૯)

कुन्तलो वसुभूतिश्च प्रोचतुर्द्वावपि स्फुटम् ।
यावद्ददाति ते स्वर्णं, तावदावां गृहाण भोः ! ॥३२०॥

अरे ! जीर्णविरालाभ्यां, भवद्भ्यां किं प्रयोजनम् ? ।
इत्युक्तवति सत्यस्मिन्, राजा कुन्तलमादिशत् ॥३२१॥

सहितां रोहिताश्वेन, देवीमाकारय द्रुतम् ।
विक्रयाय सवत्सां, गामिवावक्रयवर्त्मनि ॥३२२॥

प्रतिपद्येदृशं दुःखी, कुन्तलः श्लथकुन्तलः ।
तामादाय समायातः, सपुत्रां नृपपर्षदि ॥३२३॥

मुनिमानम्य राजाऽऽह, गृहाणाभरणादिकम् ।
तपस्व्युवाच ते केयं, दक्षता दानकर्मणि ? ॥३२४॥

---

પછી કુંતલ અને વસુભૂતિ બંને બોલ્યા કે :- હે રાજન્ ! અમારા બંનેના વેચાણથી જેટલું સુવર્ણ તમને મળે. તેટલું તમે લઈ લ્યો.” (૩૨૦)

એટલે ઋષિએ કહ્યું કે :- અરે ! જીર્ણ બિલાડા જેવા તમારાથી મારે શું પ્રયોજન છે ? (તમારી કિંમત શું ઉપજે તેમ છે ?) પછી રાજાએ કુંતલને આદેશ કર્યો કે :- (૩૨૧)

“વાછરડા સહિત ગાયની જેમ બજારમાં વેચવાને માટે રોહિતપુત્ર સહિત દેવી (રાણી) ને સત્વર બોલવો.” (૩૨૨)

આવો હુકમ થતાં જેના કુંતલ (કેશ) શિથિલ થઈ ગયા છે એવો દુઃખી કુંતલ રોહિત સહિત રાણીને રાજસભામાં બોલાવી લાવ્યો.” (૩૨૩)

**કર્મતણી ગતિ ન્યારી, કેમ પામી શકે સંસારી.**

પછી મુનિને નમસ્કાર કરીને રાજાએ કહ્યું કે :- “આના

नेपथ्यं मामकीनं यन्ममैव तद्वितीर्यते ।
स्वसुः पुष्पाणि बध्यन्ते, स्वसुरेव हि सत्यगीः ! ॥३२५॥

अथाङ्गारमुखोऽवादीत्, स्वामिन्निमां न वेत्सि किम् ? ।
कपटाम्भोधिचन्द्रस्य, हरिश्चन्द्रस्य वल्लभाम् ॥३२६॥

अथोचे कुन्तलः कोपादाबद्धभ्रूकुटीत्रयः ।
अरे ! पतिव्रतां कान्तां, वेत्सि नो सत्त्वशालिनी ? ॥३२७॥

मुनिवेषधरा यूयं, प्रत्यक्षा राक्षसा इव ।
मद्यमत्ता इवोन्मत्ता, वाचाला बालका इव ॥३२८॥

ततः कुलपतिः कोपात्कमण्डलुजलेन तम् ।
आच्छोट्य कुन्तलं चक्रे, जम्बुकं क्षणमात्रतः ॥३२९॥

---

અલંકારાદિ ગ્રહણ કરો.'' એટલે તપસ્વીએ કહ્યું કે, "જોઈ તારી દાન દેવાની દક્ષતા ? (૩૨૪)

કે જે મારૂં વસ્ત્ર છે તે જ મને આપે છે. બેનના પુષ્પ બહેનને જ બાંધી આપવા. એ કહેવત તે સાચી કરી (૩૨૫)

એટલે અંગારમુખ બોલ્યો કે :- "હે સ્વામિન્ ! કપટ સાગરના સુધાકર સમાન હરિશ્ચંદ્ર રાજાની આ વલ્લભાને શું તમે જાણતા નથી. (૩૨૬)

તે સાંભળીને કોપથી ભ્રકુટી ચડાવીને કુંતલ બોલ્યો કે :- "અરે ! પતિવ્રતા સ્ત્રીને શું તમે સત્ત્વશાળી સમજતા નથી ? (૩૨૭)

પણ તમે તો મુનિવેષધારી સાક્ષાત્ રાક્ષસ છો, તેમ જ મદિરાપાનથી મત્તની જેમ ઉન્મત્ત અને બાળકની જેવા વાચાલ છો.'' (૩૨૮)

એટલે કોપાયમાન થઈને કુલપતિએ કમંડળના જળનો છંટકાવ

---

१. लिनः ।

कुन्तलो जम्बुको भूत्वा, शब्दं कुर्वन् बहिर्ययौ ।
कोपं महर्षे ! मा कार्षार्नत्वेदमवदन्नृपः ॥३३०॥

मुनिना विहितं दूरे, पादेनाहत्य भूपतिम् ।
विलोक्य रोहिताश्वोऽथ, रुरोद करुणस्वरैः ॥३३१॥

मां गृहाण मुने ! तातं, मा मा ताडय निर्दयम् ।
इति श्रुत्वा शिशोर्वाक्यमृषिस्तुष्टो मनस्यभूत् ॥३३२॥

क्रोधोत्तालं मुनिः प्राह, सुतारां प्रति निर्घृणः ।
रे ! त्वया शिक्षितो बालो, जानाति कथमीदृशम् ? ॥३३३॥

हरिश्चन्द्रोऽभ्यधादित्थं, महर्षे ! ब्रह्मसेवधे ! ।
मासमेकं प्रतीक्षस्व, तुभ्यं दास्यामि काञ्चनम् ॥३३४॥

---

કરીને કુંતલને ક્ષણવારમાં જંબૂક (શિયાળ) બનાવી દીધો. (૩૨૯)

એટલે કુંતલ શૃંગાલ થઈ શબ્દ કરતો બહાર ચાલ્યો ગયો. પછી રાજાએ નમીને કહ્યું કઃ- "હે મહર્ષે ! કોપ ન કરો" (૩૩૦)

એટલે મુનિએ રાજાને પાટુ (લાત) મારીને દૂર કર્યો તે જોઈને રોહિત કરૂણસ્વરથી રૂદન કરવા લાગ્યો કે :- (૩૩૧)

"હે મુનિ ! મને ગ્રહણ કરી લ્યો પણ મારા પિતાને નિર્દય થઈને મારો નહિ." આ પ્રમાણે સાંભળીને બાળકના વચનામૃતથી ઋષિને મનમાં સંતોષ થયો. (૩૩૨)

પણ બહારથી ક્રોધાતુર અને નિર્દય બનીને ઋષિએ સુતારા રાણીને કહ્યું કે :- "અરે ! તે આ બાળકને શીખવાડી રાખ્યું લાગે છે. નહિ તો આવું તે શી રીતે બોલી જાણે ?" (૩૩૩)

એ વખતે હરિશ્ચંદ્રરાજા બોલ્યો કે :- હે મહર્ષે ! હે બ્રહ્મસાગર ! આપ એક માસ રાહ જુઓ તેટલામાં હું આપને સુવર્ણ લાવી

स मुनिः स्माह किं भिक्षां, याचित्वाऽथ नृपोऽवदत् ।
**ऐक्ष्वाकवोऽपि किं भिक्षां, याचन्ते मानिनो ननु ? ॥३३५॥**

कुतस्तर्हीति तेनोक्ते, भूपः प्राह कृतस्मितः ।
कृत्वा स्वं परदास्येऽपि, तुभ्यं दास्ये यथोचितम् ॥३३६॥

भवत्वेवं महीपाल ! मम मुञ्च वसुन्धराम् ।
**नैक्ष्वाकवस्त्यजन्त्येव, सन्धां प्राणक्षयादपि ॥३३७॥**

विमृश्योचे नृपः सुभ्रु !, गच्छान्तःपुरमञ्जसा ।
नायं सोढा शिशुर्मार्गखेदं मृदुशरीरकः ॥३३८॥

सावष्टम्भं सुतारोचे, यद्भाव्यं तद्भविष्यति ।
आयास्यामि त्वया साकं, छायेवातुहिनांशुना ॥३३९॥

---

આપીશ." (૩૩૪)

મુનિએ કહ્યું કે :- શું ભિક્ષા માંગીને ? રાજાએ કહ્યું કે :- "ઈક્ષ્વાકુવંશના માનીપુરુષો શું ભિક્ષા માંગે ?" (૩૩૫)

એટલે ઋષિએ કહ્યું કે :- "તો ક્યાંથી લાવી આપીશ ?" રાજા સ્મિત કરીને બોલ્યો કે દાસપણું કરીને પણ તમને ધન મેળવી આપીશ. (૩૩૬)

ઋષિએ કહ્યું કે :- "બહુ સારૂં, પણ તું મારી પૃથ્વીની હદમાંથી દૂર થા." તે સાંભળી **ઈક્ષ્વાકુવંશના રાજાઓ પ્રાણાંતે પણ પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરતા જ નથી."** (૩૩૭)

એમ વિચારીને રાજાએ સુતારાને કહ્યું કે :- "હે સુભ્રુ ! તું સત્વર અંતઃપુરમાં જા, કારણ કે આ કોમળ બાળક માર્ગના શ્રમને સહન નહિ કરી શકે." (૩૩૮)

એટલે કાંઈક ધીરજથી સુતારા બોલી કે :- "જે થવાનું હશે

क्व यातासि सुतारे ! त्वं, मुनिना समुदीरितम् ? ।
साऽभ्यधादार्यपुत्रेण, गन्ता **पत्यनुगाः स्त्रियः** ॥३४०॥

ममाधीनां हरिश्चन्द्रश्चेन्नेष्यति तदद्भुतम् ।
पारीन्द्रवक्त्रगामेणीं किं गृह्णन्ति मदद्विपाः ? ॥३४१॥

वसुभूतिरुवाचेदं, प्रज्वलन् क्रोधवह्निना ।
अरे ! तापस ! नो वेत्सि, लोकमार्गं पुलिन्दवत् ॥३४२॥

परायत्ताः क्वचिन्न स्युर्ललनाः पतिदेवताः ।
इतिस्मृतिस्मृतौ मूर्ख !, कथं तापसपांशनः ? ॥३४३॥

---

તે થશે, પરંતુ ચંદ્રની સાથે ચાંદનીની જેમ હું તો આપની સાથે જ આવીશ." (૩૩૯)

ઋષિએ કહ્યું કે :- "હે સુતારા ! તું ક્યાં જઈશ ? " તે બોલી કે :- "મારા સ્વામીની સાથે જઈશ. કેમકે **કુલીન સ્ત્રીઓ પતિનેજ અનુસરે છે.**" (૩૪૦)

એટલે ઋષિએ કહ્યું કે :- "તું મારે સ્વાધીન છતાં જો હરિશ્ચંદ્ર તને લઈ જાય, તો આશ્ચર્ય કહેવાય. સિંહના મુખમાં આવેલી હરણીને શું મદોન્મત્ત હાથીઓ લઈ જઈ શકે ? (૩૪૧)

તે સાંભળી ક્રોધાગ્નિથી બળતો વસુભૂતિ મંત્રી બોલ્યો કે :- " અરે ! તાપસ ! તું જંગલી ભીલની જેમ લોકમાર્ગને પણ જાણતો નથી. (૩૪૨)

સ્મૃતિના સ્મરણમાં મૂર્ખ એવા હે અધમ તાપસ ! પતિને પરમેશ્વર માનનારી નારીઓ કદાપિ પરને આધીન ન જ થાય. (૩૪૩)

એટલે વસુભૂતિને શ્રાપ દઈને તેણે શુક (પોપટ) બનાવી

वसुभूतिस्ततस्तेन, शपित्वा कीरकीकृतः ।
**वचो हि बन्धनायैव, निष्प्रस्तावमुदीरितम्** ॥३४४॥

रण्डे ! संत्यज नेपथ्यं, याहीति मुनिनोदिते ।
सुतारा मुमुचे सद्यः, किरीटादि शरीरतः ॥३४५॥

मुनीन्द्राविधवामात्रचिह्नं मे मुञ्च किञ्चन ।
श्रुत्वेदं सपरीहासमवदन्निष्ठुरो मुनिः ॥३४६॥

चण्डि ! वैशिक एवास्ति, दुर्भगाया विभूषणम् ।
सबाष्पं सा ततः सर्वं, नेपथ्यं तत्पुरोऽमुचत् ॥३४७॥

ततः पुत्रकलत्राभ्यां, धरित्रीधवपुङ्गवः ।
अरण्यान्या इव स्वस्या, नगर्या निर्ययौ तदा ॥३४८॥

---

દીધો. કારણ કે **પ્રસ્તાવ વિના બોલવામાં આવેલું વચન ઉલટું બંધનકારક થાય છે.** (૩૪૪)

પછી ઋષિએ કહ્યું કે :-"હે રંડે ! જા, નેપથ્ય (વસ્ત્રાલંકાર) મૂકીને ચાલી જા." એટલે સુતારાએ પોતાના શરીર ઉપરથી મુગટ વિગેરે તરત ઉતારી દીધા અને કહ્યું કે:- (૩૪૫)

"હે મુનીન્દ્ર ! કંઈક સધવાનું (સોભાગ્ય) ચિહ્નમાત્ર મને રાખવા આપો." તે સાંભળીને નિષ્ઠુરમુનિએ પરિહાસપૂર્વક કહ્યું કે :- (૩૪૬)

"અરે ચંડી ! દુર્ભગાને વિભૂષણ તે વેશ્યાના શણગાર તુલ્ય છે" એટલે અશ્રુપૂર્વક તેણે બધા વસ્ત્રાલંકાર તેની આગળ મૂક્યા. (૩૪૭)

પછી પુત્ર અને પત્ની સહિત હરિશ્ચંદ્ર રાજા એક અટવીમાંથી નીકળે તેમ પોતાની નગરીમાંથી તરત બહાર નીકળ્યા. (૩૪૮)

अनुरागाल्लुठद्बाष्पमनुयान्तं पुरीजनम् ।
अभाषिष्टेति भूपालः, प्रीतिपेशलया गिरा ॥३४९॥

चिरं परिचयात् क्रोधादज्ञानाद्वा प्रलोभतः ।
राज्यश्रीप्रणयोन्मादादपराद्धा यतस्ततः ॥३५०॥

तत्तत् क्षाम्यन्तु मे सर्वं, यद्यदागो मया कृतम् ।
श्रुत्वेदमरुदन् पौरा, मृतप्रियजना इव ॥३५१॥

स्मरन्तः स्वामिनः कामं, गुणानेणाङ्कनिर्मलान् ।
नगरो नागरा जग्मुर्देहेन मनसा नहि ॥३५२॥

## રાજાનું નગરથી પ્રયાણ, નગરજનના વિલાપ.

તે વખતે રાજા ઉપરના તીવ્ર અનુરાગથી અશ્રુપાત કરતા અને પાછળ આવતા એવા નગરજનોને રાજાએ પ્રીતીપૂર્વક કહ્યું કઃ- (૩૪૯)

"ચિર પરિચયથી, ક્રોધથી, અજ્ઞાનથી કે લોભથી અથવા રાજ્યશ્રીના પ્રણયથી કે ઉન્માદથી મેં જે કાંઈ તમને દુભવ્યા હોય. (૩૫૦)

અથવા જે કાંઈ મેં તમારો અપરાધ કર્યો હોય તે બધા મારા અપરાધ ક્ષમા કરજો." આ પ્રમાણે સાંભળીને જાણે પોતાના પ્રિયજન મરણ પામ્યા હોય તેમ પૌરજનો આર્તસ્વરે રૂદન કરવા લાગ્યા. (૩૫૧)

ચંદ્ર જેવા નિર્મળ સ્વામીના ગુણોનું અત્યંત સ્મરણ કરતા નગરજનો મનથી નહિ પણ શરીરથી નગરી તરફ પાછા વળ્યા. (૩૫૨)

પછી કાંઈક માર્ગ ઓળંગ્યા પછી સુલોચનાએ થાકી જવાથી

किञ्चिन्मार्गमतिक्रान्ता, परिश्रान्ता सुलोचना ।
कियदद्यापि गन्तव्यमित्यपृच्छद् महीपतिम् ॥३५३॥

उवाच क्ष्मापतिर्देवि !, किं ताम्यसि न पश्यसि ? ।
इमां वाराणसीं श्रान्तनेत्रपान्थप्रपाप्रभाम् ॥३५४॥

वहन्ती नन्दनं देवि !, यदि खिन्नाऽसि दूरतः ।
अनुगङ्गमिमं चारु, चम्पकं द्रुममाश्रय ॥३५५॥

देव्या तथाकृते राजा, स्वकरेण निजक्रमात् ।
दर्भाङ्कुरान्समाकर्षदयःकीलकसन्निभान् ॥३५६॥

कुर्वती पादरुधिरैरिन्द्रगोपाङ्कितां धराम् ।
मन्दमन्दरवा देवी, न्यग्मुखी रोदिति स्म सा ॥३५७॥

રાજાને પૂછ્યું કેઃ- "હજુ કેટલે દૂર જવાનું છે ?" (૩૫૩)

એટલે રાજાએ કહ્યું કેઃ- "હે દેવી ! ખેદ શા માટે કરો છો ? થાકેલા નેત્રરૂપ મુસાફરોને પરબ સમાન આ વારાણસી નગરીને તું જોતી નથી ? (૩૫૪)

હે દેવી ! રોહિતને દૂરથી વહન કરતાં જો તું ખિન્ન થઈ હોય તો ગંગાના કાંઠે આ સુંદર ચંપકવૃક્ષનીચે જરા વિસામો લે." (૩૫૫)

રાણીએ તેમ કર્યું. એટલે રાજાએ પોતાના હાથવડે લોહના ખીલા સરખા દર્ભાંકુરોને સુતારાના પગમાંથી ઉખેડીને દૂર કર્યા. (૩૫૬)

એટલે પગમાંથી વહેતા લોહીથી પૃથ્વીને ઇંદ્રગોપ સરખી રક્તવર્ણી બનાવી. સુતારા કાંઈક આડું અવળુ મોઢું કરીને મંદ મંદ સ્વરે રૂદન કરવા લાગી. (૩૫૭)

रोहिताश्व उवाचेदं, यदा पद्भ्यां महीमहम् ।
अचलं तात ! मे पादौ, विद्धौ दारुणकण्टकैः ॥३५८॥

राजा सकरुणं प्राह, कतरस्ते सुत ! क्रमः ।
विद्धो यस्मादयः शल्यकल्पं कण्टकमाहरे ॥३५९॥

कण्टकं कण्टकेनैव, तत्क्रमाभ्यां हरत्यसौ ।
**अग्निरेवाग्निदग्धस्य, भैषजं हि निशम्यते ॥३६०॥**

रोहिताश्वस्ततः प्राह, तात ! तात ! क्षुधार्दितः ।
अथोचे पूर्ववद्राजा, देहि पुत्राय मोदकम् ॥३६१॥

देवी सुतारा श्रुत्वेदमन्तर्दाहकरं वचः ।
किमिदं भाषसे स्वामिन् !, स्वप्नदृष्टसमं हहा ? ॥३६२॥

---

એવામાં રોહિતાશ્વે કહ્યું કે :- "હે તાત ! હું થોડો થોડો વખત જમીન ઉપર પગપાળા ચાલતો હતો. તે વખતે મારા પગ પણ તીક્ષ્ણ કંટકોથી વીંધાઈ ગયા છે." (૩૫૮)

એટલે રાજા કરૂણસ્વરે કહેવા લાગ્યા કે, "હે વત્સ ! તારા ક્યા પગમાં કાંટો લાગ્યો છે તે કહે. જેથી લોહના ખીલા સરખા તે કાંટાને હું દૂર કરૂં." (૩૫૯)

પછી રાજા એક કંટક લઈને રોહિતના પગમાંથી કાંટા કાઢવા લાગ્યો. કેમ કે **એક અગ્નિથી બળેલાને અગ્નિ જ ઔષધરૂપ થાય છે.** એમ સાંભળવામાં આવે છે. (૩૬૦)

પછી રોહિતાશ્વે કહ્યું કે :- "હે તાત ! હું ક્ષુધાથી પીડાઉં છું." એટલે પૂર્વની જેમ રાજાએ સુતારાને કહ્યું કે :- "પુત્રને મોદક આપ." (૩૬૧)

સુતારાએ અંતરને દાહ કરનારૂં તે વચન સાંભળીને કહ્યું ક :-

रोहिताश्वः पुनः प्रोचे, मातरस्मि क्षुधार्दितः ।
तारस्वरं रुरोदासौ, **बलं नान्यद् मृगीदृशाम्** ॥३६३॥

सर्वलक्षणपूर्णस्य, भरतान्वयजन्मिनः ।
अवस्था केयमायाता, हन्त ! रोरशिशोरिव ? ॥३६४॥

निदध्यौ भूपतिः सास्रं, केयं कालस्थितिर्मम ? ।
यदस्य गर्भरूपस्य, कल्यवर्त्तेऽप्यशक्तिता ॥३६५॥

आस्तां विनोदयान्येनं, विनोदैः कौतुकप्रियम् ।
पश्यैतां स्वर्धुनीं पुत्र !, कलहंससमाकुलाम् ॥३६६॥

---

"હે સ્વામિન્ ! સ્વપ્રમાં દીઠું હોય તેવું આ તમે શું બોલો છો ?" (૩૬૨)

એવામાં પુનઃ રોહિતાશ્વ બોલ્યો કે :- "હે માત ! હું ક્ષુધાતુર થયો છું." એટલે સુતારા ઉંચે સ્વરે રૂદન કરવા લાગી. કારણ કે **સ્ત્રીઓનું રૂદન કરવું એ જ એક બળ છે.** (૩૬૩)

પછી રાજાએ અશ્રુપાત કરતાં વિચાર કર્યો કે :- "સર્વલક્ષણસંપૂર્ણ અને ભરતના વંશમાં જન્મ પામનાર આ બાળકને અહો ! એક નીચકુળના બાળક જેવી આ કેવી અવસ્થા પ્રાપ્ત થઈ ? (૩૬૪)

અરે ! વળી મારી પણ આ કેવી કાળસ્થિતિ કે જેથી આ ગર્ભરૂપ બાળકનું પોષણ કરવાને પણ અશક્ત બની ગયો છું. ઠીક છે, જે થવાનું હતું તે થયું. (૩૬૫)

હવે કૌતુકમાં પ્રેમાળ એવા એ બાળકને વિવિધવિનોદથી આનંદ પમાડું." પછી હે વત્સ ! રાજહંસથી વ્યાપ્ત એવી આ ગંગાનદી જો. (૩૬૬)

इति विप्लावयत्यस्मिन्, रोहिताश्वं कुतूहलैः ।
अकस्मादाययौ काऽपि, सपाथेया कुटुम्बिनी ॥३६७॥

पृच्छन्ती नगरीमार्गं, भूपमेषा व्यचारयत् ।
नृपलक्षणभाजोऽस्याऽवस्थेयं कथमीदृशी ? ॥३६८॥

कुतस्त्योऽसि कुतश्चागास्तयेति व्याहृते सति ।
अनाकर्ण्येव तद्वाक्यं, मौन्यभूद्भूमिनायकः ॥३६९॥

अयाचितं स्वपाथेयं, वृद्धाऽदात् नृपसूनवे ।
**अयाचितं दीयते यत्तद्दानं श्रेयसे खलु ॥३७०॥**

गतखेदाऽसि चेद्देवि !, तदोत्तिष्ठ पुरो प्रति ।
अथाग्रे गौरिव पथा, प्रवृत्ता साऽवदद् नृपम् ॥३७१॥

---

ઇત્યાદિ કુતુહલથી રોહિતાશ્વને રાજા વિનોદ પમાડવા લાગ્યો. એવામાં અકસ્માત્ પાથેયસહિત (શંબલ સહિત) કોઈપણ વૃદ્ધ સ્ત્રી ત્યાં આવી. (૩૬૭)

અને રાજાને નગરીનો માર્ગ પૂછતાં તે વિચારવા લાગી કે, રાજલક્ષણથી સુશોભિત એવા આની આવી દુર્ઘટ અવસ્થા કેમ જણાય છે ? (૩૬૮)

આમ વિચારીને તે વૃદ્ધાએ રાજાને પૂછ્યું કે,"હે ભદ્ર ! તમે ક્યાંના રહેવાસી છો ? અને અહીં ક્યાંથી આવ્યા છો ? આ શબ્દો જાણે રાજાએ સાંભળ્યા જ ન હોય તેમ રાજા મૌન રહ્યો. (૩૬૯)

પછી તે વૃદ્ધાએ માંગ્યા વિના નૃપપુત્રને પોતાની પાસેનું ભાતુ આપ્યું. **ખરેખર માંગ્યા વિના જ જે દાન અપાય છે તે જ દાન કલ્યાણને માટે થાય છે."** (૩૭૦)

પછી રાજાએ સુતારાને કહ્યું કે, "હે દેવી ! જો હવે થાક

राज्यलक्ष्मीपरिभ्रंशाल्लज्जते न किमु प्रियः ? ।
वैरिपुर्यां कथमस्यामार्यपुत्रः प्रवेक्ष्यति ? ॥३७२॥

सावष्टम्भं बभाषेऽथ, **का लज्जा सत्त्वशालिनाम् ?** ।
**आपदः सम्पदायन्ते, प्रतिज्ञातार्थकारिणाम्** ॥३७३॥

**प्रभवद् वार्यते केन, कृतं कर्म शुभाशुभम् ?** ।
तन्माहात्म्याद्दशाऽस्माकं, यद्येषा किं परे द्विषः ? ॥३७४॥

प्रचचाल ततः क्ष्मापः, पुरीं वाराणसीं प्रति ।
इतो देव्यवदद्देव ! समासन्नोऽवधिर्मुनेः ॥३७५॥

---

ઉતરી ગયો હોય તો નગરી તરફ ચાલીએ." એટલે તે ગાયની જેમ આગળ ચાલતી માર્ગે રાજાને કહેવા લાગી કે, (૩૭૧)

"હે પ્રિય ! રાજ્યલક્ષ્મીના પરિભ્રંશથી તમે લજ્જા પામતા નથી તે તો ઠીક, પરંતુ હે સ્વામી ! આપ આ શત્રુની નગરીમાં શી રીતે પ્રવેશ કરી શકશો ? (૩૭૨)

તે સાંભળી ધીરજપૂર્વક રાજાએ કહ્યું કે, "સત્ત્વશાળી લોકોને લજ્જા કેવી ? **પ્રતિજ્ઞાનો નિર્વાહ કરનારા સજ્જનોને આપત્તિ સંપત્તિરૂપ છે.** (૩૭૩)

વળી પૂર્વે કરેલા શુભાશુભ કર્મનું સામર્થ્ય કોનાથી નિવારી શકાય તેમ છે ? તેના પ્રતાપથી જ્યારે આપણી આવી દશા થઈ છે ત્યારે હવે બીજા શત્રુઓ વધારે શું કરવાના છે ? (૩૭૪)

આમ કહી રાજા વારાણસી તરફ આગળ ચાલ્યો. એવામાં સુતારા બોલી કે, "હે દેવ ! મુનિને આપેલો અવધિ પૂરો થવા આવ્યો છે. (૩૭૫)

માટે અમને વેચીને સત્વર જે સુવર્ણ મળે તે લઈ લો. એટલે

मां विक्रीय गृहाणाशु, काञ्चनं किञ्चनाधुना ।
अथ पुत्रोऽब्रवीत्तात !, विक्रेयोऽहं नहि त्वया ॥३७६॥

मातर्वारय तातं मे, विक्रीणन्तं चतुष्पथे ।
रुदत्याह सुताराऽमुं, वत्स ! भूपो भविष्यसि ॥३७७॥

मा रोदीर्भद्र ! मा रोदीस्त्वां विक्रेता न कश्चन ।
मत्समीपे निषीदाशु, तुभ्यं दास्यामि मोदकम् ॥३७८॥

सा निदध्यौ हहा ! दैवं, भवे भवशतानि मे ।
शैलूष इव रूपाणि, प्रपञ्चयति नाटके ॥३७९॥

विक्रेतुमथ रथ्यायां, गतोऽसौ सपरिच्छदः ।
**व्यसनं सत्त्वहेम्नो हि, कषपट्टो निगद्यते** ॥३८०॥

---

રોહિતાશ્વ બોલ્યો કે, "હે તાત ? મને તમારે વેચવો નહિ. (૩૭૬)

હે માત ! ચતુષ્પથમાં મને વેચતાં મારા પિતાને તું રોક." એ બાળકના વચન સાંભળી રડતી સુતારા બોલી કે, "હે વત્સ ! તું ભાવિમાં રાજા થઈશ. (૩૭૭)

માટે હે ભદ્ર ! રૂદન ન કર. તને કોઈ વેચનાર નથી. તું સત્વર મારી પાસે બેસી જા. હું તને લાડુ આપીશ." (૩૭૮)

એમ કહીને તે ચિંતવવા લાગી કે, અહો ! નાટકમાં વિવિધરૂપ બનાવનારા નટની જેમ દૈવે એકભવમાં મારા અનેક ભવ રચ્યા. (૩૭૯)

પછી પરિવાર સહિત રાજા સુતારાને વેચવા બજારમાં ગયો. કારણ કે દુઃખ એ તો સત્ત્વરૂપ સુવર્ણનો કષપટ્ટ (કસોટી-પાષાણ) છે. સત્ત્વશાળી જીવોની પરીક્ષા માટે કસોટીરૂપ છે. (૩૮૦)

चित्तेऽवधार्य भूमीशस्तृणान्याधाय मस्तके ।
पुत्रस्य स्वकलत्रस्य, तस्थौ साश्रुविलोचनः ॥३८१॥

क्व सा शिरसि कोटीरकोटी रविशतायिता ।
क्वायं पूलकविन्यासो, निर्णाशः सर्वसम्पदाम् ? ॥३८२॥

ध्यात्वेति व्युत्सृजाम्येनां, साङ्गजां शिविवेश्मनि ।
यद्भाव्यं भवतात्तन्मे, ध्यात्वेदमवदन्नृपः ॥३८३॥

याहि देवि ! पितुर्धाम, समादाय स्तनन्धयम् ।
यथातथाऽप्यहं हेम, दास्येऽवश्यं तपस्विने ॥३८४॥

**साक्षेपमाचचक्षे सा, न युक्तं भवतोदितम् ।**
**पतिकार्यविधायिन्यो, निशम्यन्ते पतिव्रताः ॥३८५॥**

ત્યાં મનમાં નિશ્ચય કરી પોતાના પુત્ર અને કલત્રના મસ્તક ઉપર તૃણ રાખીને રાજા અશ્રુપાત કરતો ઊભો રહ્યો. અને વિચાર કરવા લાગ્યો કે :- (૩૮૧)

"અહો ! મસ્તક ઉપર સેંકડો સૂર્ય સમાન તેજસ્વી એવો મુગટ ક્યાં ? અને સર્વસંપત્તિના નાશરૂપ આ ઘાસને ધારણ કરવું ક્યાં ? (૩૮૨)

વળી રાજાએ વિચાર કર્યો કે." એને પુત્ર સહિત પિતાના ઘરે મોકલું પછી મને જે થવાનું હોય તે થાઓ." એમ ચિંતવીને એણે રાણીને કહ્યું કે :- (૩૮૩)

"હે દેવી ! રોહિતને લઈને તું તારા પિતાના ઘરે જા, હું ગમે તે રીતે ઋષિને સુવર્ણ આપીશ (૩૮૪)

એટલે સુતારા આક્ષેપપૂર્વક બોલી કે :- "હે સ્વામિનાથ ! આપ કહો છો તે ઉચિત નથી. કેમ કે **પતિવ્રતા સ્ત્રીઓ પતિનું**

इतश्च ब्राह्मणः कोऽपि, भृतकक्रयकाम्यया ।
समया पृथिवीनाथमागात् प्रतिजनं भ्रमन् ॥३८६॥

विलोक्य भूपमादाय, मस्तकं शस्तलक्षणम् ।
ऊचे कस्त्वं कथं देहं, भृतकीयसि रङ्कवत् ? ॥३८७॥

कृतमौनं शुचा भूपं, विलोक्य ब्राह्मणः स च ।
सुतारां तां लुलत्तारां, स निनिन्द विधेर्विधिम् ॥३८८॥

सलक्षणं सुतं दृष्ट्वा, तदाग्रेऽचिन्तयद् द्विजः ।
त्रीण्यमूनि न सामान्यान्यत्र विश्वत्रयेऽपि हि ॥३८९॥

---

કાર્ય કરનારી હોય છે. એમ સર્વત્ર સાંભળવામાં આવે છે." (૩૮૫)

### સુતારાને ખરીદે વિપ્ર.
### માની સાથે જતાં રોહિતને, ભોંય પર પાડે ક્ષિપ્ર.

એવામાં નોકર ખરીદવાની ઈચ્છાથી કોઈ બ્રાહ્મણ દરેક માણસને પૂછતો પૂછતો રાજા પાસે આવ્યો, (૩૮૬)

રાજાને તથા તેના પ્રશસ્ત લક્ષણવાળા મસ્તકને જોઈને તે કહેવા લાગ્યો કે :- "હે ભદ્ર ! તું કોણ છે ? રંકની જેમ આ શરીરને સેવક શા માટે બનાવે છે ? (૩૮૭)

તે વખતે શોકથી મૌન સેવનાર રાજાને તથા ચપળ નયનવાળી સુતારાને જોઈને તે બ્રાહ્મણ વિધિના વિધાનને નિંદવા લાગ્યો. (૩૮૮)

એવામાં તેમની આગળ સુલક્ષણવાળા પુત્રને જોઈને તે વિપ્ર વિચારવા લાગ્યો કે:- "આ ત્રિભુવનમાં આ ત્રણે કોઈ સામાન્ય લોક જણાતા નથી." (૩૮૯)

किमस्या मूल्यमित्युक्ते, ब्राह्मणेन मुहुर्मुहुः ? ।
मन्दगीरवदद् भूमानुचितं यद्ददस्व तत् ॥३९०॥

अस्या मूल्ये सहस्राणि, तुभ्यं पञ्च ददामि भोः ! ।
गदतीति द्विजे मौनी, समजायत भूपतिः ॥३९१॥

अनिषिद्धं मतं कार्यमिति ध्यात्वा नृपाञ्चले ।
तावद्बबन्ध गाङ्गेयमहो ! विधिविडम्बना ॥३९२॥

तां गामिवाग्रतः कृत्वा, ब्राह्मणश्चलितः पथि ।
लग्नः सुतोऽञ्चलेऽमुष्यास्तारतारस्वरं रुदन् ॥३९३॥

रुदन्तं तं सुतारोचे, तिष्ठ त्वं पितुरन्तिके ।
आनेतुं मोदकान् हट्टे, गच्छन्त्यस्मि गुणानघ ? ॥३९४॥

પછી બ્રાહ્મણે રાજાને વારંવાર પૂછ્યું કે :- "આ સ્ત્રીનું મૂલ્ય શું ?" એટલે રાજા મંદવચનથી બોલ્યો કે તમને ઉચિત લાગે તે આપો. (૩૯૦)

પછી બ્રાહ્મણ બોલ્યો કે :- "હે ભદ્ર ! "આનું મૂલ્ય હું તને પાંચ હજાર સુવર્ણ આપુ" તે સાંભળી રાજા મૌન રહ્યો. (૩૯૧)

એટલે "અનિષિદ્ધકાર્ય સંમત થયું" એમ વિચારીને તેણે (તે બ્રાહ્મણે) રાજાના છેડામાં તેટલું સુવર્ણ બાંધી દીધું. અહો ! દૈવ કેવી વિડંબના પમાડે છે ? (૩૯૨)

પછી ગાયની જેમ સુતારાને આગળ કરીને બ્રાહ્મણ રસ્તે પડ્યો. એટલે બહુ જ ઉચ્ચસ્વરે રૂદન કરતો રોહિતાશ્વ સુતારાને છેડે વળગ્યો. (માની કેડે લાગ્યો) (૩૯૩)

તે જોઈને સુતારાએ તેને કહ્યું કે :- "હે વત્સ ! તું તારા પિતાની પાસે બેસ. હે ગુણવાન્ ! હું બજારમાં તારા માટે મોદક

अत्यजत्यञ्चले तस्मिन्, बोधितेऽपि सुतारया ।
किं किङ्करि ! विलम्बोऽयमित्यक्रुध्यत्तरां द्विजः ? ॥३९५॥

यान्तीं सुतारां स्नेहेन, यावन्मुञ्चति नार्भकः ।
तावत्तेन पदाग्राभ्यां, निहत्य भुवि पातितः ॥३९६॥

सास्त्रं विलोक्य भूपालो, लुठन्तं भुवि नन्दनम् ।
मुमूर्छ लब्धसंज्ञोऽसौ, चिन्तयामास चेतसि ॥३९७॥

इन्द्रस्याप्यङ्कलाल्योऽयं, रक्षितोऽप्यङ्गरक्षकैः ।
उपयाचितसंप्राप्तः, कृतोत्तारणमङ्गलः ॥३९८॥

---

લેવા જાઉં છું." (૩૯૪)

એ રીતે સુતારાએ રોહિતાશ્વને સમજાવ્યો છતાં જ્યારે રોહિતાશ્વે તેના વસ્ત્રનો છેડો ન મૂક્યો ત્યારે "અરે નોકરાણી ? કેટલો બધો વિલંબ કરે છે ? એમ કહેતો પેલો બ્રાહ્મણ બહુ જ ક્રોધાયમાન થઈ ગયો (૩૯૫)

અને તેની સાથે જતી સુતારાને રોહિતાશ્વે મૂકી નહિ, એટલે પેલા વિપ્રે પાટુ મારીને તે બાળકને નીચે જમીન પર પાડ્યો. (૩૯૬)

જમીન ઉપર આળોટતા તે પોતાના નંદનને અશ્રુપૂર્ણ જોઈને રાજાને મૂર્છા આવી ગઈ. ક્ષણવાર પછી સાવધાન થઈને તે મનમાં વિચારવા લાગ્યો કે :- (૩૯૭)

"જે ઇંદ્રના ઉત્સંગમાં રમવા લાયક છતાં, અંગરક્ષકોથી રક્ષિત થવા છતાં અનેક દેવોની માનતાથી પ્રાપ્ત થવા છતાં (૩૯૮)

અનેક દેવતાઓની શેષના સમૂહ સમાન જેનું ઉત્તમ મસ્તક છતાં આ બાળકને એક સામાન્ય બ્રાહ્મણ રંકની જેમ પાદપ્રહાર

अनेकदेवताशेषाशेखरोत्तममस्तकः ।
अयं विप्रेण पादेन, पात्यते रङ्कवद्भुवि ॥३९९॥ (युग्मम्)

अथोवाच द्विजं राजा, नायं तिष्ठेदिमां विना ।
एषोऽपि हि भवद्गेहे, कर्म किञ्चित्करिष्यति ॥४००॥

रोषाद्बभाषे विप्रोऽस्यां, कर्मविघ्नकरं शिशुम् ।
न गृह्णामि मुधाऽप्येनं, किं पुनः स्वर्णदानतः ? ॥४०१॥

सबाष्पं पट्टदेव्यूचे, तात ! पुत्रं विना मम ।
भविता हृदयं द्वेधा, पक्वेर्वारुफलं यथा ॥४०२॥

मम प्रसादमाधाय, गृहाणेमं महाग्रहात् ।
**अर्थिनां प्रार्थनां सन्तो, नान्यथा कुर्वते यतः** ॥४०३॥

---

કરીને જમીન પર પાડી દે છે તે ખરેખર આશ્ચર્યકારક છે." (૩૯૯)

**માની અશ્રુપૂર્ણ નયને વિનવણી.**

**પુત્ર ન રહે મા વિના એવી સુનવાણી.**

આ પ્રમાણે વિચારીને રાજાએ વિપ્રને કહ્યું કે :- "એની માતા વિના આ બાળક રહી શકે તેમ નથી. માટે આ બાળક પણ તમારે ઘરે રહેશે અને કાંઈક કામ કરશે." (૪૦૦)

એટલે બ્રાહ્મણે રોષપૂર્વક કહ્યું કેઃ- આ સ્ત્રીના કામમાં વિઘ્ન કરનાર એવા આ બાળકના બદલામાં સુવર્ણ આપવું તો દૂર રહો, પણ એ મને મફતમાં પણ જોઈતો નથી. (૪૦૧)

એટલે અશ્રુપૂર્ણ નયને સુતારા બોલી કે, "હે તાત ! એ પુત્ર વિના પાકેલી કાકડીની જેમ મારૂં હૃદય દ્વિધા થઈ જશે. (૪૦૨)

માટે મારા પર પ્રસાદ કરીને ગમે તે રીતે એને સાથે લેવા

श्रुत्वेदं ब्राह्मणो दत्त्वा, सहस्रं काञ्चनस्य च ।
ताभ्यां सार्द्धमगाद्धाम, ब्राह्मणो हर्षपूरितः ॥४०४॥

दुःखधार्यमिदं वित्तं, यद्यागच्छत्यसौ मुनिः ।
समीचीनं तदाऽऽयासीच्चिन्तितोपनतोऽथ सः ॥४०५॥

सशिष्यमागत वीक्ष्य, तमृषिं स्माह भूपतिः ।
ऋषे ! गृहाण हेमेदं, खेदं मनसि मा कृथाः ॥४०६॥

क्रोधान्धः स मुनिः प्राह, ग्रहीष्येऽल्पं न काञ्चनम् ।
अथोचेऽङ्गारवक्त्रोऽमुं, चन्द्रशेखरमर्थय ॥४०७॥

---

દો. કારણ કે **સંતો અર્થીજનની પ્રાર્થનાનો ભંગ કરતા નથી."** (૪૦૩)

આ પ્રમાણે સાંભળી હજારસુવર્ણ દઈને હર્ષિત થતો બ્રાહ્મણ તે બંનેને લઈને પોતાને ઘરે ગયો. (૪૦૪)

હવે હરિશ્ચંદ્ર રાજા ચિંતવવા લાગ્યો કે, "જો મુનિ આવે તો સારૂં, કારણ કે આ સુવર્ણની સંભાળ રાખવી બહુ મુશ્કેલ છે." એમ ચિંતવતા જ તે મુનિ ત્યાં ઉપસ્થિત થઈ ગયા. (૪૦૫)

પછી શિષ્યસહિત આવેલા તે ઋષિને જોઈને રાજાએ કહ્યું કે, હે ઋષે ! મનમાં ખેદ ન કરો અને આ સુવર્ણ ગ્રહણ કરો. (૪૦૬)

એટલે ક્રોધાંધ થઈને તે મુનિએ કહ્યું કેઃ- "અરે ! આટલું થોડું સોનું હું લેવાનો નથી." પછી અંગારમુખે રાજાને કહ્યું કે, અહીંના ચંદ્રશેખર રાજા પાસે યાચના કર એટલે તે દ્રવ્ય આપશે. (૪૦૭)

એટલે હરિશ્ચંદ્રે કહ્યું કે :- "હે અંગારમુખ ! આવું અનુચિત

राजोचेऽङ्गारवक्र ! त्वं किं ब्रूषेऽनुचितं वचः ? ।
**इक्ष्वाकवोऽपि किं भिक्षामर्थयन्ति कदाचन ?** ॥४०८॥

ऋषिरूचे पुरोऽस्माकं, महत्त्वं स्वस्य जल्पसि ? ।
प्रतिज्ञाभ्रष्ट ! वाचाट !, किमात्मानं विकत्थसे ? ॥४०९॥

मुनीश ! मा कुपस्तुभ्यं, लभ्यं दास्यामि काञ्चनम् ।
निषादस्यापि कर्माणि, विधास्यामि गतत्रपः ॥४१०॥

ततः कौपीनवसनः, कालः काल इवापरः ।
सविषादमतेरस्य, निषादः पुरतोऽभवत् ॥४११॥

भूपालं वीक्ष्य स प्रोचे, रे ! त्वं कर्म करिष्यसि ? ।
तेनेत्युक्ते महीनाथो, निदध्याविति चेतसि ॥४१२॥

---

વચન શા માટે બોલે છે ? **ઈક્ષ્વાકુવંશજો શું ક્યારે ય** કોઈ **પાસે ભિક્ષા માંગે ખરા ?** (૪૦૮)

એટલે ઋષિ બોલ્યા કે, હે પ્રતિજ્ઞાભ્રષ્ટ અમારી પાસે પોતાની બડાઈ શાને માટે કરે છે ? હે વાચાળ ! આત્મપ્રશંસા શાને માટે કરે છે ? લાજ-શરમ આવતી નથી ? (૪૦૯)

એટલે રાજા બોલ્યો કે, હે મુનીશ ? કોપ ન કરો. લજ્જારહિતપણે ચંડાળનું કર્મ કરીને પણ હું તમને સોનું મેળવી આપીશ.” (૪૧૦)

એવામાં લંગોટી માત્ર વસ્ત્રવાળો અને જાણે બીજો કાળ હોય તેવો કાળ નામે કોઈ ચંડાળ વિષાદયુક્ત મતિવાળા હરિશ્ચંદ્રની આગળથી નીકળ્યો. (૪૧૧)

તે રાજાને જોઈને બોલ્યો કે, “અરે ? તું મારૂં કામ કરીશ!” તે સાંભળી રાજા ચિત્તમાં ચિંતવવા લાગ્યો કે :- (૪૧૨)

क्रीडां कृत्वा नभःक्रोडे, ययावस्तं गभस्तिमान् ।
न कश्चित् क्रायकोऽस्माकं, मुनिः स्वर्णसमुत्सुकः ॥४१३॥

करिष्ये कर्म तेऽवश्यं, राज्ञेत्युक्तेऽथ सोऽवदत् ।
कर्त्तासि किमु मे कर्म ?, स ऊचे यन्निदेक्ष्यति ॥४१४॥

कालदण्डाभिधानोऽहं, निषादः कोपकाननम् ।
गङ्गासव्यश्मशानेशो, द्वितीय इव दण्डभृत् ॥४१५॥

रक्षितव्यं श्मशानं मे, ग्रहीतव्यं मृताम्बरम् ।
किञ्चिद्दग्धानि काष्ठानि, ग्राह्याणि चितितस्त्वया ॥४१६॥

यत्तत्रोत्पद्यते तस्य, गृह्णात्यर्द्धं महीश्वरः ।
अन्यस्यार्द्धस्य भागौ द्वौ, मामकस्तावकोऽपरः ॥४१७॥

---

ગગનરૂપી ઉત્સંગમાં ક્રીડા કરી સૂર્ય અસ્ત થયો. છતાં મને ખરીદનાર કોઈ મળ્યો નહિ, અને આ ઋષિ સુવર્ણને માટે ઉતાવળ કરે છે (૪૧૩)

માટે આનું કહેવું કબૂલ કરવું. એમ ચિંતવીને રાજાએ કહ્યું કઃ- "કરીશ" ચંડાળે કહ્યું કે, મારૂં શું કામ કરીશ. ! એટલે રાજા બોલ્યો કે, તું જે કહીશ તે કરીશ. (૪૧૪)

એટલે ચંડાળ બોલ્યો કે :- કોપના વનરૂપ અને બીજા યમના જેવો હું કાળદંડ નામે ચંડાળ ગંગાની જમણી બાજુના સ્મશાનનો સ્વામી છું. (૪૧૫)

તારે તે મારા સ્મશાનની રક્ષા કરવી અને મૃતકનું વસ્ત્ર લેવું તથા કંઈક દગ્ધ થયેલા કાષ્ઠ ચિતામાંથી લઈ લેવા. (૪૧૬)

તેનું જે મૂલ્ય ઉપજે, તેમાંથી અર્ધભાગ રાજા લે છે. અને બીજા અર્ધાભાગના બે ભાગ કરી એક ભાગ મને આપવો અને

इत्युक्ते तेन भूपाल, आमेति न्यगदद्वचः ।
परं महर्षये देहि, निःशेषं मम काञ्चनम् ॥४१८॥

अथ दध्यौ मुनिः स्वान्ते, **नमस्ते सत्त्वशालिने ।**
**नमस्ते धैर्यपात्राय, नमस्ते करुणात्मने** ॥४१९॥

कालदण्डोऽपि तावत्तद्, दत्त्वा स्वर्णं महर्षये ।
श्मशानमात्मनः प्राप, हरिश्चन्द्रसमन्वितः ॥४२०॥

इतो वाराणसीपुर्यामशिवं समभूद् महद् ।
निलीयास्थादिव क्वापि, येनोच्चैर्मङ्गलध्वनिः ॥४२१॥

अथाह्वास्त महीचन्द्रोऽतन्द्रधीश्चन्द्रशेखरः ।
मन्त्रिणं सत्यवस्वाख्यं, प्रतिरूपमिवात्मनः ॥४२२॥

---

એક ભાગ તારે લેવો. (૪૧૭)

રાજાએ તે શરત કબૂલ કરીને કહ્યું કે, "પ્રથમ મારે દેવું છે તેટલું બધું સુવર્ણ આ મહર્ષિને આપી દો." (૪૧૮)

આ વખતે ઋષિએ અંતરમાં ચિંતવ્યું કેઃ- સત્ત્વશાલી, ધૈર્યપાત્ર અને કરૂણાલુ એવા હે રાજન્ ! તને નમસ્કાર થાઓ, (૪૧૯)

પછી કાળદંડ બાકી રહેલું સુવર્ણ મહર્ષિને આપીને હરિશ્ચંદ્ર સહિત પોતાના શ્મશાનમાં આવ્યો. (૪૨૦)

એવામાં વારાણસી નગરમાં મરકી સંબંધી મોટો ઉપદ્રવ થયો, જેથી મંગલધ્વનિ તો જાણે ક્યાંય છુપાઈ જ ગયો. (૪૨૧)

સતેજ બુદ્ધિવાળા ચંદ્રશેખર રાજાએ પોતાના પ્રતિબિંબરૂપ સત્યવસુમંત્રીને બોલાવ્યો. (૪૨૨)

રાજાના આદેશથી રાજસભામાં આવતાં મંત્રીને હાથમાં

राजादेशात् समायातुर्मन्त्रिणः कोऽपि पुरुषः ।
अन्तरा मिलितः पाणौ, बिभ्राणः कीरपञ्जरम् ॥४२३॥

कलहंस ! क्व कीरोऽयं, सम्प्राप्तो मन्त्रिणोदिते ? ।
सोऽप्यूचे चम्पोपवनस्थितमेनमवाप्नुवम् ॥४२४॥

इति तद्वचनं श्रुत्वा, सार्द्धं तेनैव मन्त्रिराट् ।
आगादुपमहीपालं, यथास्थानमुपाविशत् ॥४२५॥

मन्त्रिन् ! पश्य पुरीलोको, विना व्याधिविडम्बनाम् ।
अकालेऽस्तं प्रयात्येव, स्वस्वधर्मरतोऽन्वहम् ॥४२६॥

इतश्च कुट्टिनी काचिद्, रुदती करुणस्वरैः ।
हा ! दैव ! दैव ! मुष्टाऽहं, भाषमाणा सदस्यगात् ॥४२७॥

---

પોપટના પાંજરાને ધારણ કરતો કોઈ પુરુષ માર્ગમાં મળ્યો. (૪૨૩)

એટલે મંત્રીએ તેને પૂછ્યું કે :-"હે રાજહંસ ! આ પોપટને ક્યાંથી મેળવ્યો ? તે બોલ્યો કે :-"ચંપાના ઉપવનમાંથી મને પ્રાપ્ત થયો." (૪૨૪)

આ પ્રમાણે તેનું વચન સાંભળીને તેને સાથે લઈ મંત્રી રાજા પાસે આવ્યો અને યથાસ્થાને બેઠો. (૪૨૫)

એટલે રાજા બોલ્યા કે :- હે મંત્રિન્ ! જુઓ વ્યાધિની વિડંબના વિના અને નિરંતર પોતપોતાના ધર્મમાં તત્પર છતાં આપણી નગરીના લોકો અકાળે મરણ પામે છે. તેનું નિવારણ શી રીતે કરવું ? (૪૨૬)

આમ વાત કરે છે એવામાં કરૂણસ્વરથી રૂદન કરતી અને હા દૈવ ! મને છેતરી એમ બોલતી કોઈ કુટ્ટિની રાજસભામાં આવી. (૪૨૭)

मत्पुत्री नामतोऽनङ्गमञ्जरी मञ्जुलस्वरा ।
रोगयोगं विना सुप्ता, मृताऽस्तीति विचिन्त्यताम् ॥४२८॥

नगर्यां जगतीनाथ !, विद्यते मारिरुत्थितः ।
तच्छोधय तदुत्पत्तिं, सत्यार्थो नान्यथा नृपः ॥४२९॥

मन्त्र्यूचे देव ! मार्यर्थे, प्रष्टव्यो मान्त्रिकोत्तमः ।
आयातः स स्वयं पुर्यां, उज्जयिन्या निशम्यते ॥४३०॥

अतीतानागतज्ञानाकालपुष्पोपदर्शनैः ।
वस्त्राकृष्टिकुटभ्रान्तिमुद्गलादिनियन्त्रणैः ॥४३१॥

दृष्टिमुष्टिशराकाशबन्धदृश्यादिशक्तिभिः ।
स्वप्नोपदेशशकुनप्रतिपात्रावतारणैः ॥४३२॥

---

અને કહેવા લાગી કે :- "હે રાજન્ ! અનંગમંજરી નામે મધુર સ્વરવાળી મારી પુત્રી રોગના યોગ વિના સુતી અને તરત જ મરણ પામી. (૪૨૮)

માટે હે નાથ ! જરૂર આપણી નગરીમાં મરકીનો ઉપદ્રવ થયો જણાય છે તેથી તેની ઉત્પત્તિની તપાસ કરો અને તે દૂર થાય તેવું કરો. અન્યથા (नॄन् पातीति नृपः) નૃપ એ શબ્દ સત્યાર્થવાળો રહેવાનો નથી. (૪૨૯)

એટલે મંત્રી બોલ્યો કે :- હે દેવ ! એમ સાંભળવામાં આવ્યું છે કે ઉજ્જયિની નગરીથી સ્વયમેવ કોઈ ઉત્તમ માંત્રિક આવ્યો છે માટે તેને મરકી સંબંધી વાત પૂછીએ. (૪૩૦)

તે માંત્રિક અતીત અનાગતના જ્ઞાનથી અકાળે પુષ્પદર્શનથી, વસ્ત્રાકૃષ્ટિ, અસ્ત્ર, ભ્રાંતિ અને મુદ્ગલાદિકના નિયંત્રણથી, (૪૩૧)

દૃષ્ટિબંધ, મુષ્ટિબંધ, શરબંધ અને આકાશબંધ વિગેરે દશ્ય

मन्त्रादाकृष्टदेवेशो, मन्त्राद् यन्त्रितभास्करः ।
मन्त्रान्नर्त्तितशेषाहिर्मन्त्रात् स्तम्भितपावकः ॥४३३॥ चतुर्भिः कलापकम् ॥

नृपादेशादसौ प्राप्तो, ज्ञातवृत्तो महीपतेः ।
दधानो ध्यानमाचख्यौ, राक्षसीललितं त्विदम् ॥४३४॥

इतो वेश्याऽऽह सोल्लासं, पुत्रिका मम मान्त्रिक ! ।
मृता मारिप्रयोगेण, विनाऽऽधिव्याधिगौरवम् ॥४३५॥

अवादीद् मन्त्रवादी च, मन्त्रात् प्राणिति ते सुता ।
इतोऽभ्येत्यागदच्चेटी, स्वामिनी मम जीवति ॥४३६॥

---

શક્તિઓથી તથા સ્વપ્રોપદેશ અને શકુનને પ્રતિપાત્રમાં અવતારણ કરવાથી પ્રસિદ્ધ થયેલ છે. (૪૩૨)

તથા આ મંત્રથી ઇંદ્રને આકર્ષી શકે છે. સૂર્યને બાંધી શકે છે. શેષનાગને નચાવી શકે છે. અને અગ્નિને સ્તંભાવી શકે છે. (૪૩૩)

મંત્રીના આ પ્રમાણે કહેવાથી રાજાએ તરત જ તેને બોલાવ્યો. રાજાના આદેશથી માંત્રિક આવ્યો. એટલે તેને બધો વૃતાંત સમજાવવામાં આવ્યો પછી ધ્યાન કરીને તે બોલ્યો કે :- આ બધી ચેષ્ટા કોઈ રાક્ષસીની છે." (૪૩૪)

એટલે ઉલ્લાસપૂર્વક વેશ્યા બોલી કે, "હે માંત્રિક ! આધિ અને વ્યાધિની અસર વિના માત્ર મરકીના યોગથી જ મારી પુત્રી મરણ પામી છે." (૪૩૫)

એટલે મંત્રવાદી બોલ્યો કે, "મારા મંત્રપ્રયોગથી તારી પુત્રી જીવતી થઈ છે." એવામાં તેની દાસીએ સભામાં આવીને કહ્યું કઃ- મારી સ્વામિની જીવતી છે. (૪૩૬)

सत्यप्रत्यायितक्ष्मापसमादेशेन मान्त्रिकः ।
लिखित्वा मण्डलं ह्रांह्रींमन्त्रविन्याससुन्दरम् ॥४३७॥

क्षामकुक्षिललन्नेत्रां, चण्डीं मूर्त्तिमतीमिव ।
आनयद्राक्षसीं भीमां, स्फारस्फेत्कारकारिणीम् ॥४३८॥ युग्मम्

सविस्मयं नृपो दध्यौ, महामन्त्रविजृम्भितम् ।
य एनां राक्षसीं मन्त्रिन्नानैषीत् पश्यतां हि नः ॥४३९॥

मान्त्रिकः प्राह यत् कार्य्यं, तत् कृतं तव सन्निधौ ।
आकार्यतां ततो वेगान्निषादोऽस्य वधाय सः ॥४४०॥

अथास्माभ्येति चाण्डालो, हरिश्चन्द्रसमन्वितः ।
अयोध्येशं ततो दृष्ट्वा, शुकोऽवादीद् द्विजादिवत् ॥४४१॥

---

પછી સત્યથી વિશ્વાસ પામેલા રાજાના આદેશથી હ્રાં હ્રીં એવા મંત્રની રચના વડે મનોહર એવું મંડલ આલેખીને (૪૩૭)

તે માંત્રિકે કૃશકુક્ષિવાળી, ચપળ નેત્રવાળી, સાક્ષાત્ ચંડી જેવી, ઉંચા સ્વરે ફેત્કાર કરતી ભયંકર રાક્ષસીને ત્યાં બોલાવી. (૪૩૮)

એટલે રાજા વિસ્મયપૂર્વક વિચારવા લાગ્યો કે, અહો ! મહામંત્રનો શો ચમત્કાર છે ? જુઓ ! આ માંત્રિકે આપણા દેખતાં આ રાક્ષસીને અહીં તેડાવી. (૪૩૯)

પછી માંત્રિક બોલ્યો કે "મારે જે કરવાનું હતું તે આપની સમક્ષ કર્યું." હવે તેનો વધ કરવા ચંડાલને સત્વર બોલાવો." (૪૪૦)

એટલે રાજાના આદેશથી હરિશ્ચંદ્ર સહિત ચંડાલ ત્યાં આવ્યો. એવામાં પેલા પોપટે હરિશ્ચંદ્ર રાજાની સામે જોઈને વિપ્રની જેમ કહ્યું કે :- (૪૪૧)

स्वस्ति तुभ्यं हरिश्चन्द्र !, भरतान्वयभूषण ! ।
सत्त्वमानवतां धुर्य !, शौर्यचर्यातरङ्गित ! ॥४४२॥

साक्षेपमथ राजोचे, भाषसे किं प्रमत्तवत् ? ।
नात्र कोऽपि हरिश्चन्द्रो, मुधा भ्रान्तोऽसि रे शुक ! ॥४४३॥ युग्मम्

सुतारां राक्षसीं वीक्ष्य, हरिश्चन्द्रो व्यचिन्तयत् ।
कस्यचिद्दम्भिनो वृत्तं, नेदं देवीविजृम्भितम् ॥४४४॥

किं तु मत्कर्मघोरत्वं, प्रसरत्यनिवारितम् ।
यत्करिष्यति दैवं तन्मया सर्वं सहिष्यते ॥४४५॥

उशीनरमहीपालपुत्रि ! पावित्र्यदर्शने ! ।
सुतारे ! ते नमः कीरः, सप्रमाणममदोऽवदत् ॥४४६॥

---

"શૌર્યાચારથી તરંગિત, સત્ત્વશાળી માનવંતજનોમાં અગ્રેસર, ભરતવંશના ભૂષણરૂપ હે હરિશ્ચંદ્ર ! તારૂં કલ્યાણ થાઓ, (૪૪૨)

એટલે રાજાએ આક્ષેપ પૂર્વક કહ્યું કે :- "હે પોપટ ! પ્રમત્તની જેમ તું આ શું બોલે છે ! અહીં હરિશ્ચંદ્ર રાજા નથી. અરે ! તું વૃથા ભ્રમિત થઈ ગયો જણાય છે." (૪૪૩)

એવામાં સુતારાને રાક્ષસીપણે જોઈને હરિશ્ચંદ્ર વિચારવા લાગ્યા કે, આ દેવીનું ચેષ્ટિત નથી, પણ કોઈ દંભીની ચેષ્ટા લાગે છે. (૪૪૪)

પરંતુ મારા ઘોરકર્મનો પ્રભાવ વિસ્તરી રહ્યો છે. માટે જે દૈવ કાંઈ કરે, તે બધુ મારે સહન કરવાનું છે. (૪૪૫)

રાજા આમ વિચારે છે એવામાં પ્રણામપૂર્વક પોપટ બોલ્યો કઃ- ઉશીનર રાજાની પુત્રી અને પવિત્ર દર્શનવાળી એવી હે સુતારા ! તને નમસ્કાર છે. (૪૪૬)

अरे निषादभृतक !, हरिश्चन्द्रोऽसि सत्यतः ।
इयं ते गृहिणी सम्यगित्यपृच्छद् महीपतिः ॥४४७॥

नाहं राजन् ! हरिश्चन्द्रो, नेयं प्राणप्रिया मम ।
तिर्यग्योनित्वतः किञ्चिच्छुको वक्ति यथा तथा ॥४४८॥

शुकं प्रत्याह राजाऽथ, किमस्मान् वञ्चयस्यरे ! ? ।
तस्मादियमिव त्वं रे !, वध्यो वन्ध्यगिरो गिरन् ॥४४९॥

शुकोऽप्यूचे च्युता राज्याद्वैरिवेश्मविहारिणः ।
**नात्मानं हि प्रकाशन्ते, सहन्ते विपदां पदम्** ॥४५०॥

तस्यादेशाद् हरिश्चन्द्रः, खरे तामध्यरोपयत् ।
**अभीष्टार्थेऽपि किं कुर्यात्, परायत्तो विचक्षणः ?** ॥४५१॥

---

એટલે રાજાએ આગ્રહપૂર્વક પૂછ્યું કે :- અરે ચંડાલનાદાસ! ખરૂં બોલ, તું હરિશ્ચંદ્ર છે ? અને આ તારી સ્ત્રી છે ? (૪૪૭)

હરિશ્ચંદ્ર કહ્યું કે :- હે રાજન્ ! હું હરિશ્ચંદ્ર નથી. અને આ મારી પ્રાણપ્રિયા નથી. પોપટ તિર્યંચપણાથી જેમ તેમ બોલે છે. (૪૪૮)

એટલે રાજાએ પોપટને કહ્યું કે :- અરે પોપટ ! તું અમને શા માટે છેતરે છે ? તેથી અસત્યવાણી બોલતો તું પણ તે રાક્ષસીની જેમ વધ્ય છે. અર્થાત્ વધ કરવા યોગ્ય છે. (૪૪૯)

એટલે પોપટ બોલ્યો કે, રાજ્યથી ભ્રષ્ટ થતાં, શત્રુના રાજ્યમાં ફરનાર સાત્ત્વિકજનો મહાન્ આપત્તિ સહન કરે. પણ પોતાના આત્માને પ્રગટ ન કરતા નથી.” (૪૫૦)

પછી રાજાના આદેશથી હરિશ્ચંદ્રે તે રાક્ષસીને ગધેડા પર બેસાડી. પરાધીન થયેલા વિચક્ષણ પુરુષ અભીષ્ટાર્થમાં પણ શું કરી શકે ? (૪૫૧)

सुतारैषा हरिश्चन्द्रो, यदुभौ स्तो न भूपते ! ।
दह्याद्देहं ममार्चिष्मान्, सत्यं चेदस्तु वारिवत् ॥४५२॥

प्रतिज्ञामिति कृत्वाऽथ, मन्त्रिणा रचितां चिताम् ।
झम्पां दत्त्वा शुकोऽविक्षदक्षताङ्गो विनिर्ययौ ॥४५३॥

मन्त्र्यूचे देव ! मन्येऽहं, किञ्चिन्मान्त्रिकवैशसम् ।
आकृत्या सुन्दराकारा, सम्भाव्या राक्षसी कथम् ? ॥४५४॥

इत्युक्ते तेन भूमीशो, रासभादुदतारयत् ।
किं कुर्मः, कर्म केनापि, निर्मितं मर्मवेधकम् ? ॥४५५॥

इति कोपानुतापाभ्यां, संपृक्तः काश्यपीपतिः ।
मान्त्रिकं व्यसृजत् कीरं, पञ्जरेऽपि व्यधापयत् ॥४५६॥

---

પછી હે રાજન્ ! એ સુતારા અને હરિશ્ચંદ્ર ન હોય તો અગ્નિ મારા દેહને બાળી નાંખો, અને જો એ વાત સત્ય હોય તો તે શીતલ થઈ જાઓ. (૪૫૨)

એવી પ્રતિજ્ઞા કરીને પોપટ મંત્રીએ રચેલ ચિતામાં કુદકો મારીને પડ્યો. અને તરત જ તેમાંથી લેશમાત્ર બળ્યા વિના તે પાછો બહાર નીકળ્યો. (૪૫૩)

એટલે મંત્રીએ કહ્યું કે :- હે દેવ ! હું માનું છું કે આ કોઈ માંત્રિક પ્રપંચ છે. નહિંતર આકૃતિથી આવી સુંદર સ્ત્રી રાક્ષસી કેમ સંભવે ? (૪૫૪)

આ પ્રમાણે મંત્રીએ કહ્યું. એટલે રાજાએ તેને ગધેડા પરથી નીચે ઉતરાવી અને વિચાર કર્યો કે :-'કોઈ એ આ મર્મવેધક કામ કર્યું જણાય છે. (૪૫૫)

એ રીતે કોપ અને અનુતાપથી વ્યાપ્ત એવા રાજાએ માંત્રિકને

हरिश्चन्द्रोऽपि चण्डालनिदेशाद्दिवसात्यये ।
श्मशानं रक्षितुमसावाययौ सात्त्विकाग्रणीः ॥४५७॥

क्वचिद्रक्षोगणाकीर्णं, क्वचिद्योगीन्द्रसेवितम् ।
क्वचित्फेरण्डफेत्कारं, क्वचिद्भूतविभीषणम् ॥४५८॥

क्वचिद्विभीषिकाभीष्मं, श्मशानं स परिभ्रमन् ।
रुदतीं सुदतीं काञ्चिद्, हरिश्चन्द्रो व्यलोकयत् ॥४५९॥

ऊचे च सुतनो ! किं ते, परिदेवनकारणम् ? ।
सोचे गत्वा पुरः पश्य, न्यग्रोधं स तथाऽकरोत् ॥४६०॥

ऊर्ध्वपादमधोवक्त्रं, वटशाखावलम्बिनम् ।
नरमेकं निरैक्षिष्ट, सर्वलक्षणलक्षितम् ॥४६१॥

---

તુરત જ વિસર્જન કર્યો. અને શુકને પાંજરામાં રખાવ્યો.' (૪૫૬)

આ બાજુ સાંજ થતાં ચંડાલના આદેશથી સાત્ત્વિકશિરોમણિ હરિશ્ચંદ્ર પણ સ્મશાનનું રક્ષણ કરવા ગયો. (૪૫૭)

અને ક્યાંક રાક્ષસોના સમૂહથી વ્યાપ્ત, ક્યાંક યોગીન્દ્રોથી સેવિત, ક્યાંક શૃંગાલો (શિયાળીયાઓ)ના ફેત્કારથી ભયાનક, (૪૫૮)

ક્યાંક ભૂતની ભયાનકતાથી ભીષણ, ક્યાંક ભયથી ભયાનક એવા સ્મશાનમાં પરિભ્રમણ કરતાં હરિશ્ચંદ્રે રૂદન કરતી કોઈક સ્ત્રી જોઈ. (૪૫૯)

એટલે તેને પૂછ્યું કે :- હે સુતનો ! તું વિલાપ શા માટે કરે છે.? એટલે તે બોલી કે:-'આગળ ચાલીને પેલા વટવૃક્ષને જુઓ. (૪૬૦)

હરિશ્ચંદ્રે આગળ જઈને જોયું તો ઉંચે પગ અને નીચે મસ્તક

तन्निरीक्ष्य नृपो दध्यौ, प्रादायि मुनये मही ।
मुनिकन्याधनोपाये, विक्रीते सुतवल्लभे ॥४६२॥

जीवितस्यापि निर्विण्णो, म्रियेऽहं यदि साम्प्रतम् ।
परप्राणपरित्राणकारणाद्भावि मे शुभम् ॥४६३॥

विचिन्त्येति नृपः प्राह, कस्त्वं कस्यासि नन्दनः ?
अवस्था कथमीदृक्षा, बद्धः किं वटपादपे ? ॥४६४॥

सोऽब्रवीद्देव ! काशीशचन्द्रशेखरनन्दनः ।
विद्याधर्याऽस्मि पल्ल्यङ्कात्, समानीतोऽत्र सप्रियः ॥४६५॥

---

રાખીને વટશાખામાં લટકતો, સર્વલક્ષણથી લક્ષિત એવો એક પુરુષ તેના જોવામાં આવ્યો. (૪૬૧)

તેને જોઈને રાજાએ વિચાર કર્યો કે :- 'વસુધા (ભૂમી) ઋષિને આપી અને ઋષિકન્યાને દેવાના ધનને માટે પુત્ર અને વલ્લભાને (પત્ની) વેચ્યા. (૪૬૧)

હવે જીવિતથી કંટાળી ગયેલો હું જો અત્યારે મરણ પામું, તો તેના વડે પરપ્રાણોનું રક્ષણ થતું હોવાથી મારૂં ભાવિ કાંઈક સુધરે.' (૪૬૩)

આ પ્રમાણે વિચારીને રાજા બોલ્યો કે :- 'હે ભદ્ર ! તું કોણ છે અને કોનો પુત્ર છે ? તારી આવી અવસ્થા કેમ થઈ ? અને આ વટવૃક્ષમાં તું કેમ બંધાયો ? (૪૬૪)

એટલે તે બોલ્યો કે, " હે દેવ ! હું કાશીનરેશ ચંદ્રશેખરનો પુત્ર છું. કોઈ વિદ્યાધરી મને પ્રિયાસહિત પલંગમાંથી અહીં લઈ આવી છે. (૪૬૫)

અને મારા માંસથી તે મહાહોમ કરનાર છે. અત્યારે તે

मांसेन मे महाहोमं, सा करिष्यति निश्चितम् ।
इतस्तरङ्गिणीतीरं, गताऽस्ति स्नानहेतवे ॥४६६॥

तमुवाच हरिश्चन्द्रो, गच्छ त्वं शाधि मेदिनीम् ।
यत्कार्यं तत् करिष्येऽहं, विद्याधर्याः स्वमांसतः ॥४६७॥

प्रत्याह चन्द्रसूर्नेदं, समीचीनत्वमञ्चति ।
**खरस्यायुःक्षये क्वापि, म्रियेत रजकः कथम् ? ॥४६८॥**

पुनः प्रोवाच भूपो मे, प्रार्थनां मा कृथा वृथा ।
इत्युक्त्वा स्थान एतस्य, स्वं बबन्ध तरोरधः ॥४६९॥

सकलत्रः स वेगेन, प्रययौ चन्द्रनन्दनः ।
अथागाल्ललना व्योम्नि, दधाना साऽऽर्द्रचीवरम् ॥४७०॥

---

નદીકિનારે સ્નાન કરવા ગઈ છે. (૪૬૬)

તે સાંભળીને હરિશ્ચંદ્ર બોલ્યો કેઃ- 'હે ભદ્ર ! તું જા અને રાજ્ય કર. વિદ્યાધરીનું જે કામ છે તે હું મારા માંસથી કરી આપીશ.' (૪૬૭)

એટલે રાજકુમાર બોલ્યો કેઃ-"એમ કરવું ઉચિત નથી." ગધેડાને મરણ પ્રાપ્ત થતાં તેને બદલે ધોબી શા માટે મરે ? (૪૬૮)

પુનઃ રાજા બોલ્યો કેઃ- 'હે ભદ્ર ! મારી પ્રાર્થનાનો ભંગ ન કર !' એમ કહીને તેને સ્થાને તેણે પોતાની જાતને બાંધી. (૪૬૯)

એટલે રાજકુમાર પોતાની પત્ની સહિત તરત જ ત્યાંથી ચાલ્યો ગયો. એવામાં આકાશમાં ભીના વસ્ત્રને ધારણ કરતી (ઉછાળતી) પેલી વિદ્યાધરી ત્યાં આવી. (૪૭૦)

એટલે રાજાએ પોતાનું માંસ કાંપી ઉંચે ફેંકીને તેને આપ્યું.

उत्क्षिप्योत्क्षिप्य भूमीशो, निजमांसं समार्पयत् ।
विद्यासिद्धिनिमित्तं सा, चिक्षेपाग्नौ यथाविधि ॥४७१॥

इतो गोमायुफेत्कारः, कुण्डकं परितोऽभवत् ।
आदिशत् खेचरं साऽथ, विखिन्ना तस्य रक्षणे ॥४७२॥

तेनासौ वार्यमाणोऽपि, समीपे प्रत्युताभवत् ।
जजागाराश्रममुनिस्तत्रागाद्वायुवद् द्रुतम् ॥४७३॥

अरे ! किमेतदारब्धं, गदतीति महामुनौ ? ।
भीता विद्याधरी क्वापि, ननाश सपरिच्छदा ॥४७४॥

शाखाबद्धं नृपं दृष्ट्वा, श्वसन्तं रुधिराविलम् ।
उपलक्ष्याथ कौटिल्यस्तमौषध्याऽकरोन्नवम् ॥४७५॥ **इतश्च –**

વિદ્યાધરીએ વિદ્યાસિદ્ધિના નિમિત્તે યથાવિધિ તેનો અગ્નિમાં હોમ કર્યો. (૪૭૧)

એવામાં કુંડની ચારેબાજુ શૃંગાલનો ફેત્કાર થયો. તેથી ખિન્ન થયેલી તેણે તે કુંડનું રક્ષણ કરવા માટે વિદ્યાધરને આદેશ કર્યો. (૪૭૨)

એટલે તેણે શિયાળીયાને અટકાવ્યા છતાં ઉલટો તે નજીક નજીક આવતો ગયો. એવામાં નજીકના આશ્રમમાં રહેનાર ઋષિ જાગ્રત થઈને વાયુની જેમ સત્વર ત્યાં આવ્યા (૪૭૩)

અને કહેવા લાગ્યા કે :- અરે ! આ શું આરંભ્યું છે ? આ પ્રમાણે સાંભળતાં તે વિદ્યાધરી ભય પામીને ક્યાંક નાશી ગઈ. (૪૭૪)

પછી શાખા સાથે બાંધેલા, શ્વાસ માત્ર લેનાર રૂધિરથી વ્યાપ્ત એવા રાજાને જોઈને ઓળખીને તે કૌટિલ્ય ઋષિએ ઔષધોના

अरे ! क्व त्वं गतोऽसीति, शब्दितः श्वपचेन सः ? ।
उपसृत्य श्मशानान्तं, शुश्राव करुणध्वनिम् ॥४७६॥

हा पुत्र ! क्व गतोऽसीति, मूर्च्छन्तो हरिणीदृशम् ।
विलोक्य भूपतिः प्राह, कस्मात्ते नन्दनो मृतः ? ॥४७७॥

साऽब्रवीद्देव ! पत्न्यस्मि, हरिश्चन्द्रमहीभुजः ।
रोहिताश्वाभिधानोऽयं, नन्दनो नेत्रनन्दनः ॥४७८॥

मम निक्षीणभाग्याया, दष्टः फेणभृता सुतः ।
अकृतोपकृतिर्दैवात्, सम्प्राप्त ईदृशीं दशाम् ॥४७९॥

हरिश्चन्द्रो रुरोदाशु, **धैर्यं कस्य सुतव्यये ?** ।
आश्लिक्षद् नितरां पुत्रं, चुम्बति स्म च मूर्द्धनि ॥४८०॥

---

પ્રયોગથી તેને સાજો કર્યો. (૪૭૫)

એવામાં ચાંડાલે હાક મારી કે :- અરે ! તું ક્યાં ગયો ? એટલે હરિશ્ચંદ્ર તેની પાસે આવ્યો, તેવામાં કોઈ સ્ત્રીનો કરૂણ સ્વર તેના સાંભળવામાં આવ્યો કે :- (૪૭૬)

હા પુત્ર ! તું ક્યાં ગયો ? આવો વિલાપ કરતાં મૂર્છા પામેલી એક સ્ત્રીને જોઈને રાજાએ કહ્યું કે :- તારો પુત્ર શાથી મરણ પામ્યો ? (૪૭૭)

એટલે તે બોલી કે :- હે દેવ ! હું હરિશ્ચંદ્રરાજાની પત્ની છું અને નેત્રને આનંદ આપનાર આ રોહિતાશ્વ નામે મારો પુત્ર છે. (૪૭૮)

ભાગ્ય ક્ષીણ થવાથી મારા પુત્રને સર્પ ડસ્યો છે. અને તેથી દૈવયોગે તે આવી દશાને પામ્યો છે. (૪૭૯)

આ પ્રમાણે સાંભળતા હરિશ્ચંદ્ર પણ રૂદન કરવા લાગ્યો.

रुष्टोऽसि वारितो वाऽसि, किं नु यच्छसि नोत्तरम् ? ।
न मां प्रत्यभिजानासि, चिरकालसमागमात् ॥४८१॥

इतश्च श्वपचः प्राह, किमारेभेऽनया समम् ? ।
आनयार्भकवासांसि, **स्वाचारे को विलम्बते ?** ॥४८२॥

इति चण्डालवाक्यानि, दुःश्रवाणि निशम्य सः ।
भूत्वा पराङ्मुखोऽशक्तो, याचितुं स्फुटया गिरा ॥४८३॥

आदित्सयाऽऽच्छादनस्य, विच्छायवदनद्युतिः ।
करं प्रसारयामास, हरिश्चन्द्रो, हहा ! विधिः ॥४८४॥

---

**પુત્રનો નાશ થતાં કોણ ધીરજ ધારણ કરી શકે ?** પછી તે પુત્રને અત્યંત આલિંગન અને મસ્તકમાં ચુંબન કરવા લાગ્યો. (૪૮૦)

પછી બોલ્યો કે :- ‘હે પુત્ર ! તું શું રૂષ્ટમાન થયો છે અથવા તો કોઈએ તને વાર્યો (અટકાવ્યો) છે ? તું મને ઉત્તર કેમ આપતો નથી ? ચિરકાળનો સમાગમ છતાં શું તું મને ઓળખી શકતો નથી ? (૪૮૧)

એવામાં ચંડાલે હાક મારી કે :- ‘અરે ! એની સાથે આ શું આરંભ્યું છે ? એ બાળકના વસ્ત્ર લાવ. **પોતાના સ્વાર્થમાં કોણ વિલંબ કરે ?**’ (૪૮૨)

આ પ્રમાણે ચંડાલના દુઃશ્રવ (દુઃખે સાંભળી શકાય તેવા) વચન સાંભળીને તે રાજા વિમુખ થઈ સ્ફૂટ શબ્દથી (પ્રગટ શબ્દ) વસ્ત્ર માંગવાને અસમર્થ થયો. (૪૮૩)

પરંતુ પોતાના મુખને નિસ્તેજ કરીને વસ્ત્ર લેવાની ઈચ્છાથી પોતાનો હાથ પસાર્યો.” અહો ! દૈવ શું શું કરાવે છે ? (૪૮૪)

इतश्च विदधुः पुष्पवृष्टिं पीयूषभोजिनः ।
अहो ! सत्त्वमहो ! सत्त्वमिति व्याजहार चारवः ॥४८५॥

ततोऽयोध्यापुरीसंस्थमात्मानं दृष्टवान् नृपः ।
सेवितं गुरुवच्छिष्यैर्वसुभूत्यादिसेवकैः ॥४८६॥

यावच्च विस्मयस्मेरः, किञ्चिद् ध्यायति भूपतिः ।
तावत्तत्र क्षणात् प्राप्तस्त्रिदशस्तमवोचत ॥४८७॥

न वयं तापसा राजन् !, नैते निकृतिवञ्चने ।
किं त्वस्माभिः कृतं, सर्वं तव सत्त्वपरीक्षणे ॥४८८॥

शक्रः स्वयं महीशक्र !, चक्रे सत्त्वस्तुतिं तव ।
सभामण्डपमासीनो, वाचा धीरप्रशान्तया ॥४८९॥

---

એ અવસરે 'અહો ! સત્ત્વ, અહો ! સત્ત્વ' એ પ્રમાણે સુંદર શબ્દ કરતાં દેવોએ આકાશમાં રહીને હરિશ્ચંદ્રરાજા પર પુષ્પવૃષ્ટિ કરી. (૪૮૫)

હરિશ્ચંદ્રરાજા નેત્ર ખોલીને જુએ છે તો અયોધ્યાનગરીમાં રહેલા અને શિષ્યોથી ગુરુની જેમ વસુભૂત્યાદિક સેવકોથી સેવાતા એવા પોતાને રાજસભામાં બેઠેલા જોયા. (૪૮૬)

એટલે અત્યંત વિસ્મય પામીને તે વિચાર કરે છે. તેવામાં તત્કાળ ત્યાં કોઈ દેવ આવી રાજાને કહેવા લાગ્યો કે :- (૪૮૭)

'હે રાજન્ ! અમે તાપસો નથી અને આ નિકૃતિ અને વંચના પણ નથી. પરંતુ અમે આ બધું તમારી પરીક્ષા કરવાને માટે કર્યું છે (૪૮૮)

હે રાજેન્દ્ર ! ઇંદ્રે ઇંદ્રસભામાં બેસીને ધીર અને પ્રશાંતવાણીથી તારા સત્ત્વના વખાણ કર્યા, (૪૮૯)

**हरिश्चन्द्रो नृपः सत्त्वाद्, न देवैरपि चाल्यते ।**
**आपन्नेऽपि निजप्राणसंशयेऽपि कदाचन ॥४९०॥**

अश्रद्धेयं वचः श्रुत्वाऽस्माभिरीदृग् विचेष्टितम् ।
तत्क्षन्तव्यं **महात्मानो, विनम्रे हि कृपालवः** ॥४९१॥

सत्त्वेन भवतस्तुल्यो नास्त्यन्यस्त्रिजगत्यपि ।
**तमःस्तोमापहः कोऽपि, किं सूर्यादतिरिच्यते ? ॥४९२॥**

स्तुत्वेति जगतीनाथं, नत्वा योजितपाणयः ।
दिवौकसो दिवं जग्मुस्तत्प्रशंसापरायणाः ॥४९३॥

अन्येद्युर्बहिरुद्याने, गतः क्षोणीपतिः स्वयम् ।
तीर्थं शक्रावताराख्यं, जीर्णं शीर्णं व्यलोकयत् ॥४९४॥

---

પોતાના પ્રાણનો સંશય હોયતો પણ હરિશ્ચંદ્રરાજા દેવો દ્વારા પણ ક્યારેય સત્ત્વથી ચલાયમાન કરી શકાય તેવો નથી. (૪૯૦)

તેમના વચન પર વિશ્વાસ ન આવવાથી અમે આ સઘળું વિચેષ્ટિત કર્યું છે, તે ક્ષંતવ્ય છે. કારણ કે **મહાત્માઓ નમ્ર જીવો પર કરૂણાવાળા હોય છે.** (૪૯૧)

ત્રણભુવનમાં તમારા જેવા સત્ત્વવાન અન્ય કોઈ નથી. અંધકારના સમૂહને દૂર કરનાર સૂર્ય સિવાય શું બીજો કોઈ હોઈ શકે ? (૪૯૨)

એ પ્રમાણે રાજાની સ્તુતિ કરી અંજલિ જોડી નમસ્કાર કરીને તે દેવ તેની પ્રશંસા કરતો દેવલોકમાં ગયો. (૪૯૩)

એકવાર નગરીની બહાર ઉદ્યાનમાં જતાં હરિશ્ચંદ્રરાજાએ જીર્ણ અને શીર્ણ થયેલું શક્રાવતાર નામનું તીર્થ જોયુ. (૪૯૪)

એટલે વસુભૂતિએ રાજાના અભિપ્રાયને જાણીને કહ્યું. **ઈંગિત**

वसुभूतिरुवाचाथ, ज्ञात्वा चेतो महीभुजः ।
**इङ्गिताकारतत्त्वज्ञा, मन्त्रिणः सर्ववेदिनः ॥४९५॥**

वृषभस्वामिनो बिम्बं, भासुरं शक्रनिर्मितम् ।
इदं शक्रावताराख्यं, महातीर्थं महीतले ॥४९६॥

कालक्रमादिदं जीर्णं, बभूव क्षितिनायक ! ।
उद्धारकारिणो यस्मात्, प्रभवन्ति भवादृशाः ॥४९७॥

भवानप्यादिमजिनसन्ताने समजायत ।
कुरुष्वेदं नवं तीर्थं, देहिनं रसवेदिवत् ॥४९८॥

भरतेशादित्ययशःप्रभृतीनां महीभुजाम् ।
स्वपूर्वजानामाख्याभिः, ख्याताः स प्रतिमा व्यधात् ॥४९९॥

---

**આકાર તત્ત્વને જાણનારા મંત્રીઓ સર્વવેદી હોય છે.** (૪૯૫)

મંત્રી કહે છે કે, "હે રાજન્ ! શક્રે રચેલું આ ઋષભ સ્વામીનું દેદીપ્યમાન બિંબ છે અને મહીતલ પર શક્રાવતારના નામથી પ્રસિદ્ધ થયેલ આ મહાતીર્થ છે. (૪૯૬)

વળી હે રાજેન્દ્ર ! કાળક્રમે એ હમણાં જીર્ણ થઈ ગયું છે. તેનો ઉદ્ધાર કરવામાં આપના જેવા જ સમર્થ થઈ શકે તેમ છે. (૪૯૭)

આપ પણ આદિજિનના વંશમાં ઉત્પન્ન થયા છો, તો રસવેધી પ્રાણીની જેમ એ તીર્થને નવીન બનાવો ? (૪૯૮)

પછી હરિશ્ચંદ્ર રાજાએ તે તીર્થનો ઉદ્ધાર કરાવીને ભરતચક્રી, આદિત્યયશા વિગેરે પોતાના પૂર્વજ રાજાઓની વિખ્યાત એવી પ્રતિમાઓ ભરાવી (૪૯૯)

અને અમારી તથા ઘણુદાન આપવાપૂર્વક તેની પ્રતિષ્ઠા કરાવી.

अमारिपूर्वकं भूरिदानसम्प्रीणितार्थि च ।
प्रतिष्ठां कारयामास, चैत्योद्धारमकारयत् ॥५००॥

सम्यक्त्वं निर्मलं बिभ्रद्, विदधानः प्रभावनाम् ।
कालक्रमेण शुद्धात्मा, देवभूयमगादयम् ॥५०१॥

अथोवाच बलः स्वामिन् !, तद्दृष्टान्तश्रुतेर्मम ।
अमन्दानन्दकन्दल्याः, प्रमोदः समपद्यत ॥५०२॥

एकं सर्वरसस्यन्दि, हरिश्चन्द्रनिदर्शनम् ।
परं यौष्माकनिःसीमवचोडम्बरगौरवम् ॥५०३॥

केचिद् मृता अपि जनाश्चरित्रैश्चित्रकारिभिः ।
जीवन्त इव जायन्ते, **कीर्त्तिरेवाविनश्वरी** ॥५०४॥

---

ચૈત્યનો ઉદ્ધાર કરાવ્યો (૫૦૦)

એ પ્રમાણે નિર્મળ સમ્યક્ત્વને ધારણ કરતાં અને શાસનની પ્રભાવના કરતાં શુદ્ધાત્મા એવો હરિશ્ચંદ્ર રાજા અનુક્રમે કાળ કરીને દેવપણાને પામ્યો. (૫૦૧)

## ઇતિ હરિશ્ચંદ્ર કથા

હવે બળરાજા બોલ્યો કે – 'હે સ્વામિન્ ! આ દૃષ્ટાંત સાંભળવાથી મારો અમંદ આનંદરૂપકંદ નવપલ્લવિત થયો છે. (૫૦૨)

એક તો સર્વરસને પ્રગટ કરનાર હરિશ્ચંદ્રરાજાનું દૃષ્ટાંત અને બીજું આપની નિઃસીમ વચનરચનાનું પરમ ગૌરવ. (૫૦૩)

અહો ! કટેલાક મનુષ્યો મરણ પામ્યા છતાં પણ આશ્ચર્યકારક એવા પોતાના ચરિત્રથી જીવતા જ છે. કારણ કે આ જગતમાં તેમની કીર્તિ અવિનાશી છે. (૫૦૪)

ततोऽयोध्यासमायातविद्याभृन्नियमोत्सवम् ।
विदधुर्जृम्भका देवाः, प्राक्तनभवबान्धवाः ॥५०५॥

अथ राजाऽपि सूरीणां, प्रणिपत्य पदद्वयीम् ।
धर्मकर्मप्रवीणात्मा जगाम सदनं निजम् ॥५०६॥

अन्येद्युर्धारिणी देवी, सुखसुप्ता महासती ।
शान्तं कान्तं मृगाधीशं, प्रविशन्तं मुखाम्बुजम् ॥५०७॥

विलोक्य निद्राविच्छेदे, स्मृत्वाऽभीष्टं जिनेश्वरम् ।
स्थित्वा वेत्रासने चित्रे, निशाशेषमवाहयत् ॥५०८॥ युग्मम्

प्रभाते धारिणी देवी, महास्वप्नं महीभुजः ।
अचीकथद् महोत्साहक्षीरवार्द्धीन्दुमण्डलम् ॥५०९॥

---

પછી પૂર્વભવના બાંધવ એવા જાંભકદેવોએ અયોધ્યામાં આવેલા વિદ્યાધરનો દીક્ષામહોત્સવ કર્યો (૫૦૫)

અને ધર્મકર્મમાં પ્રવીણ એવો બળરાજા આચાર્યમહારાજના ચરણકમળને નમસ્કાર કરીને સ્વસ્થાને ગયો. (૫૦૬)

એકવાર સુખે સુતેલી મહાસતી ધારિણીદેવીએ પોતાના મુખકમળમાં પ્રવેશ કરતા શાંત અને મનોહર એવા મૃગેન્દ્રને સ્વપ્નમાં જોયો. (૫૦૭)

એટલે નિદ્રાને દૂર કરી શેષરાત્રી અભીષ્ટ એવા શ્રીજિનેશ્વરનું સ્મરણ કરતી તેણીએ એક સુંદર ખુરશી ઉપર બેસીને તેણે પસાર કરી. (૫૦૮)

પ્રભાતે રાણીએ મહા ઉત્સાહરૂપ ક્ષીરસાગરને ચંદ્રસમાન એવું તે મહાસ્વપ્ન રાજાને નિવેદન કર્યું. (૫૦૯)

એટલે રાજાએ તે સંબંધી વિચાર કરીને રાણીને કહ્યું કે – 'હે

विचार्यासौ महास्वप्नमेतस्या न्यगदत् पुरः ।
प्रवीरो जगदुत्कृष्टो, भविता तनयस्तव ॥५१०॥

अथावर्द्धत धारिण्या, गर्भो वाञ्छाद्रुमाम्बुदः ।
दानपूजादिकृत्येषु, भावश्चास्य प्रभावतः ॥५११॥

पाणिना विधृतं सख्या, अपास्य मणिदर्पणम् ।
कौक्षेयकेषु धौतेषु, धारिणी मुखमैक्षत ॥५१२॥

एणनाभिमपास्योच्चैर्विलासमकरीकृते ।
दन्तिबलमदं देवी, प्रग्रहीतुं प्रचक्रमे ॥५१३॥

तस्या गर्भप्रभावेन, दोहदा हृत्प्रमोददाः ।
पर्यपूर्यन्त भूपेन, लतायां मधुना यथा ॥५१४॥

---

દેવી ! જગતમાં ઉત્કૃષ્ટ અને બલિષ્ઠ એવો તને પુત્ર થશે.' (૫૧૦)

પછી વાંછારૂપ વૃક્ષને મેઘસમાન ધારણીનો ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો અને તે ગર્ભના પ્રભાવથી દાન અને પૂજાદિક કૃત્યોમાં ધારિણીનો ભાવ પણ વધવા લાગ્યો. (૫૧૧)

**ગર્ભપ્રભાવે ઉત્તમ દોહલા ઉપજે.**

**પુણ્યપ્રભાવે તે સહુ પુરણ થાએ.**

સખીએ ધરેલા મણિદર્પણને પોતાના હાથથી દૂર ખસેડીને ધારિણી સ્વચ્છ તલવારમાં પોતાનું મુખ જોવા લાગી (૫૧૨)

અને વિલાસ રૂપ મગરીને માટે ઉંચા પ્રકારની કસ્તૂરીને દૂર કરીને તે ગજમદને ગ્રહણ કરવા લાગી. (૫૧૩)

લતાના દોહદ જેમ વસંતઋતુ પૂર્ણ કરે, તેમ ગર્ભના પ્રભાવથી અંતરને આનંદ આપનારા એવા તે રાણીના દોહલા રાજાએ પૂર્ણ કર્યા. (૫૧૪)

क्रियमाणेषु सर्वत्र, शान्तिकेषु महर्षिभिः ।
रक्षाभूतिषु धारिण्या, बध्यमानासु दोर्युगे ॥५१५॥

घटीतात्पर्ययुक्तेषु, निविष्टेषु द्विजेष्वपि ।
सूतिकर्मप्रवीणासु, तल्लीनासु पुरन्ध्रिषु ॥५१६॥

परिपूर्णेषु मासेषु, सार्धाष्टमदिनेष्वपि ।
असूत धारिणी पुत्रं, राजनीतिर्यथा धनम् ॥५१७॥ त्रिभिर्विशेषकम्

सर्वातिशायिशोभाऽऽढ्यं तदानन्दकृतं शुभम् ।
मङ्गल्यदीपैरखिलैः, सूतिवेश्म तदा बभौ ॥५१८॥

यथाविधि व्यतिक्रान्ते, षष्ठीजागरणोत्सवे ।
मानयित्वा निजं ज्ञातिमित्रवर्गमनुद्धतः ॥५१९॥

---

પછી સર્વત્ર મહર્ષિઓથી શાંતકર્મ કરાતી ધારિણીને બંને બાહુમાં રક્ષાપોટલી બાંધતાં, (૫૧૫)

કાળનાં તાત્પર્યને જાણનારા બ્રાહ્મણો હાજર થતાં, સૂતિકર્મમાં પ્રવીણ અને તે કર્મમાં લીન એવી સ્ત્રીઓ આવતાં. (૫૧૬)

નવમાસને સાડા આઠ દિવસ પૂર્ણ થયા એટલે રાજનીતિ જેમ ધનને ઉત્પન્ન કરે તેમ ધારિણી રાણીએ પુત્રને જન્મ આપ્યો. (૫૧૭)

તે વખતે સર્વ પ્રકારની શોભાથી યુક્ત, જોનારને આનંદ ઉત્પન્ન કરનાર અને શુભ એવું સૂતિકાગૃહ ચોતરફ મંગળદીપકોથી શોભવા લાગ્યું. (૫૧૮)

પછી ષષ્ઠીજાગરણનો મહોત્સવ યથાવિધિ વ્યતિક્રાંત થતાં નમ્રશીલ એવા બળરાજાએ પોતાના જ્ઞાતિ અને મિત્રવર્ગનો સત્કાર કરી, (૫૧૯)

गुरुलोकं समभ्यर्च्य, मोचयित्वाऽरिबन्दिनः ।
दशमेऽह्नि बलोऽस्याख्यां, **महाबल** इति व्यधात् ॥५२०॥ युग्मम्

स्वाङ्गैरिव तदाकारैस्तदा जातैः स्तनन्धयैः ।
अन्वीयमानः सततं, बलसूनुर्व्यवर्धत ॥५२१॥

पञ्चस्वितेषु वर्षेषु, क्षीरकण्ठो महाबलः ।
पपाठ सकला विद्याः, पूर्वाधीता इवाऽञ्जसा ॥५२२॥

कृतज्ञो विनयी धीरः, परनारीसहोदरः ।
**भविष्यत्तीर्थकृन्नामजीवानां लक्षणं त्विदम् ॥५२३॥**

सम्यग्दर्शनलाभस्य, विरहेऽप्येष शुद्धधीः ।
अयत्नमपि किं जात्यरत्नं रत्नैः समं परैः ? ॥५२४॥

---

ગુરુજનનું અર્ચન કરી, બંદીજનોને મુક્ત કરી દશમે દિવસે તે બાળકનું **મહાબલ** એવું નામ રાખ્યું. (૫૨૦)

પછી જાણે તેનું અંગ હોય એવા અને સાથે જ જન્મેલા એવા સમાન વયના બાળકોથી અનુસરાતો તે બલપુત્ર સતત વૃદ્ધિ પામવા લાગ્યો. (૫૨૧)

પાંચવર્ષ વ્યતીત થતાં તે બાળક છતાં પણ જાણે પૂર્વે અભ્યાસ કર્યો હોય તેમ બધી વિદ્યાઓ સત્વર શીખી ગયો. (૫૨૨)

અને તે કૃતજ્ઞ, વિનયી, ધીર અને પરનારીસહોદર સમાન થયો. **"ભાવી તીર્થંકરોના જીવોનું લક્ષણ એ જ છે."** (૫૨૩)

તે વખતે સમ્યગ્દર્શન ન હોવા છતાં પણ તેની બુદ્ધિ નિર્મળ હતી. શરાણે ચડેલ ન હોય છતાં પણ જાત્યરત્ન બીજારત્નો કરતાં અધિક તેજવાળું જ હોય છે. (૫૨૪)

પછી ઉદ્દામ કામવિલાસરૂપ શાસ્ત્રના સારસ્વતમંત્ર સમાન અને

सारस्वतमिवोद्दामकामविभ्रमवाङ्मये ।
कामिनीमदजीवातुर्यौवनं समुपागतः ॥५२५॥

कमलश्रीप्रभृतिकाः, कन्यकाः काश्यपीभुजा ।
शतानि पञ्चैकदिने, कुमारः पर्यणाय्यत ॥५२६॥ युग्मम्

तस्याऽऽसन् बालमित्राण्यचलो धरणपूरणौ ।
वसुर्वैश्रवणश्चाभिचन्द्र इत्यभिधानतः ॥५२७॥

षड्भिर्मित्रैरमीभिः, स वर्षक्षोणीधरैरिव ।
अधिकाधिकलक्ष्मीकैर्जम्बूद्वीप इवाऽद्युतत् ॥५२८॥

कदाचित् खेलयामास, गजानैरावतायितान् ।
शक्रवद् विबुधैः साकं, तच्चित्रं यद् बलाङ्गजः ॥५२९॥

कदाचिदुद्यानगतो, वृतो मित्रैर्गुणैरिव ।
चिक्रीड विविधैः क्रीडाचक्रैर्वक्रेतराशयः ॥५३०॥

---

કામિનીઓના મદનજીવન સમાન યૌવન વય તે પામ્યો. (૫૨૫)

એટલે કાશ્યપી રાજાએ કુમારને એક જ દિવસમાં કમલશ્રી પ્રમુખ પાંચસો કન્યાઓ પરણાવી. (૫૨૬)

તે કુમારને અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રવણ અને અભિચંદ્ર એ નામવાળા છ બાળમિત્રો હતા. (૫૨૭)

અધિકાધિક શોભાયમાન એવા એ છ મિત્રોથી છ વર્ષધર પર્વતોથી જેમ જંબૂદ્વીપ શોભે તેમ તે શોભતો હતો. (૫૨૮)

આશ્ચર્યની વાત છે કે તે બલાંગજ (બલપુત્ર) હોવા છતાં દેવોની સાથે ઇંદ્રની જેમ, કોઈવાર તે વિબુધ-પંડિત મિત્રોની સાથે ઐરાવત જેવા મોટા હાથીઓને રમાડવા લાગ્યો. (૫૨૯)

કોઈવાર ઉદ્યાનમાં જઈ પોતાના ગુણસદશ એવા મિત્રોથી

कदाचिदुच्चैःश्रवसः, सोदरान् भूगतानिव ।
लातपातस्फुरद्धौर्यवर्यान् सोऽश्वानवाहयत् ॥५३१॥

कदाचिच्चित्रकाव्यानां, रहस्यानि व्यचारयत् ।
एकस्थानधियाऽऽसीनै रसैः सर्वैरिव स्थितैः ॥५३२॥

न सीदति यथा धर्मो, नाऽर्थो याति क्षयं यथा ।
यथा न तरलायन्ते, बाह्याभ्यन्तरवैरिणः ॥५३३॥

यथा न स्थानविन्यस्तः, प्रकृत्योघो विरज्यते ।
संसाराशेषसर्वस्वमन्वभूद् भूपभूस्तथा ॥५३४॥ युग्मम्

---

પરિવરેલો, સરલ આશયવાળો તે કુમાર વિવિધ ક્રીડાઓ કરવા લાગ્યો. (૫૩૦)

કોઈવાર લાતપાત તથા સ્ફૂરાયમાન એવી ઉત્તમગતિથી શ્રેષ્ઠ અને જાણે પૃથ્વી ઉપર આવેલા ઉચ્ચૈઃશ્રવા (ઇંદ્રના અશ્વ) હોય તેવા અશ્વોને તે ખેલાવવા લાગ્યો. (૫૩૧)

કોઈવાર જાણે એક સ્થાનની બુદ્ધિથી સર્વ સાથે એકત્ર થયા હોય તેવા વિવિધરસોથી વિચિત્ર કાવ્યોના રહસ્ય વિચારવા લાગ્યો. (૫૩૨)

વળી જેમ ધર્મ સીદાય નહિ, અર્થ ક્ષય થાય નહીં, બાહ્ય અભ્યંતર શત્રુઓ ફાવી જાય નહીં અને પોતપોતાના સ્થાને નીમેલ પ્રકૃતિ (પ્રધાન) મંડળ વિરક્ત થાય નહી તેવી રીતે તે રાજકુમાર સંસારના સમગ્ર ભોગસુખ ભોગવવા લાગ્યો. (૫૩૩-૫૩૪)

એ પ્રમાણે સંસારરૂપ કલ્પવૃક્ષની વિષયાવલિને તે ભોગવતો હતો. **કારણ કે ભાવી તીર્થંકરો પૃથ્વી ઉપર ભાવદેવ જેવા**

एवं संसारकल्पद्रोर्बुभुजे विषयावलीम् ।
**भाविनस्तीर्थकृज्जीवा, भावदेवा इवाऽवनौ** ॥५३५॥

अन्येद्युर्बलबोधाय, पुना रत्नेन्दुसंयमी ।
इन्द्रकुब्जे महोद्याने, स्थितवान् शमतानिधिः ॥५३६॥

प्रत्येकबुद्धं निर्ग्रन्थं, श्रुत्वोद्यानसमागतम् ।
भवे संजातवैराग्य, इति दध्यौ बलो नृपः ॥५३७॥

अलं मे पुत्रमित्रादिसुखैः क्षणविनश्वरैः ।
अलं मे संपदा कुम्भिकर्णतालविलोलया ॥५३८॥

अलं मे भववासेन, पाशेनेवाऽन्तरात्मनः ।
ध्यात्वेति सुतमाहूय, मन्त्रिणश्चाभ्यधादिदम् ॥५३९॥

ગણાય છે. (૫૩૫)

**ઉદ્યાનમાં પ્રત્યેકબુદ્ધ રત્નચંદ્ર મુનિનું આગમન.**

**સુણી દેશના ચારિત્ર ગ્રહણના અરમાન.**

એકવાર ફરી બળરાજાને બોધ આપવા માટે સમતાના નિધાનરૂપ રત્નચંદ્રમુનિ ઈંદ્રકુબ્જ નામના મહાઉદ્યાનમાં પધાર્યા. (૫૩૬)

તે પ્રત્યેકબુદ્ધ નિર્ગ્રંથને ઉદ્યાનમાં પધારેલા સાંભળીને સંસાર પર વિરાગી બળરાજા આ પ્રમાણે ચિંતવવા લાગ્યો કે :- (૫૩૭)

'પુત્ર-મિત્રાદિકના ક્ષણવિનાશી એવા સુખથી હવે મારે સયુ! ગજના કર્ણતાલ જેવી ચપળ સંપત્તિઓથી પણ સર્યું (૫૩૮)

અને અંતરાત્માને પાશસમાન (બંધન સમાન) આ સંસારવાસથી પણ સર્યું. આ પ્રમાણે ચિંતવી પોતાના પુત્ર અને મંત્રીઓને બોલાવીને તેણે કહ્યું કે - (૫૩૯)

वयमत्रैव राजानो, यूयमन्वयमन्त्रिणः ।
अतो राज्यधुराभारो, मयि युष्मास्ववस्थितः ॥५४०॥

मयेयं साधिता पृथ्वी, भवद्भिः कृतसन्निधैः ।
सुव्रता सौरभेयी यत्, तद् गोपालविशेषणम् ॥५४१॥

यद् भवन्तो मयैश्वर्यात्, खेदिताः शुभकर्मणि ।
यत्तु न्यायेतरं चक्रे, भूमिपीठे मदान्ध्यतः ॥५४२॥

चालिता जययात्रायै, चलता ये निरागसः ।
उन्मूलिता महीपाला, वात्ययेव महाद्रुमाः ॥५४३॥

विधाय भस्मसाद् ग्रामान्, यल्लोका निर्धनीकृताः ।
नश्यद्भीरुकरक्रोडाद्, यच्च बाला वियोजिताः ॥५४४॥

---

'જેમ વંશપરંપરાગત અમે રાજા છીએ તેમ તમે વંશપરંપરાથી મંત્રી થતાં આવ્યા છો, તેથી રાજ્યધુરાનો ભાર મારા અને તમારા ઉપર રહેલો છે. (૫૪૦)

તમારી સહાયતાથી આ પૃથ્વીને મેં સાધી. ગાય (વસુધા) સુવ્રતા (સુશીલ) બને તેમાં ગોપાલ (રાજાની)ની જ વિશેષતા છે. તેમ રાજ્ય સુંદર બને તેનાં રાજાની જ વિશેષતા છે. (૫૪૧)

હે મંત્રિન્ ! ઐશ્વર્યના મદથી શુભકર્મમાં મેં તમને ખેદ પમાડ્યો. મદાંધ થઈને ભૂમિપીઠપર અનેક પ્રકારનો અન્યાય કર્યો. (૫૪૨)

જયયાત્રાને માટે જતાં નિરપરાધીજનોને હેરાન કર્યા. વંટોળીયો જેમ મહાવૃક્ષોને ઉન્મૂલન કરી નાંખે તેમ અનેક રાજાઓને ઉન્મૂલન કર્યા. (૫૪૩)

અનેક ગામોને ભસ્મીભૂત કરીને લોકોને નિર્ધન બનાવ્યા

तदघं क्षालयिष्यामि, मलक्लिन्नमिवाऽम्बरम् ।
गृहीत्वा प्रभुपादान्ते, संयमं यमिनां मतम् ॥५४५॥

सुते न्यस्यामि राज्यस्य, जरसा जर्जरो भरम् ।
प्रदोषकाले पूषेव, निजं तेजो हविर्भुजि ॥५४६॥

अमुष्मिन् कवचहरे, मयीव नृपसंसदि ।
वर्तितव्यं महाभागाः !, युष्माभिर्मम शिक्षया ॥५४७॥

अथेत्थं मन्त्रिणोऽप्यूचुः, स्वामिन् ! जातो विरागवान् ।
अन्यथा कथमासन्नमोक्षस्येव वचस्तव ? ॥५४८॥

---

અને ભાગતા એવા બીકણજનોના હાથ તથા તેમના ઉત્સંગમાંથી તેના બાળકોને વિખૂટા કર્યા-(૫૪૪)

ઈત્યાદિ પાપોનું અત્રે પધારેલા ગુરુમહારાજની પાસે જઈ ઉત્તમ મુનિઓને સંમત એવું ચારિત્ર લઈને, મેલથી વ્યાપ્ત વસ્ત્રની જેમ હું પ્રક્ષાલન કરીશ. (૫૪૫)

માટે જરાથી જર્જરિત થયેલો હું સંધ્યાકાળે સૂર્ય જેમ પોતાનું તેજ અગ્નિમાં સ્થાપે તેમ મારા પુત્રને આ રાજ્યપર સ્થાપું છું. (૫૪૬)

તો હે સુભગ ! મારી શિક્ષાથી તમે રાજસભામાં જેમ મારી પાસે રહેતા હતા તેમ આ કવચધારી કુમાર પાસે પણ તમારે રહેવું.' (૫૪૭)

## મહાબળકુમારને રાજગાદી ઉપર સ્થાપન. મંત્રીવર્ગને કહેલા હિતકારીવચન.

આ પ્રમાણે સાંભળીને સર્વમંત્રીઓ બોલ્યા કે :- હે સ્વામિન ! તમે અવશ્ય વિરાગી થયા જણાવો છો, નહીં તો આસન્ન-

**यः श्रेयसि प्रवृत्तानां, निषेधो मोहतो भवेत् ।**
**स शालीनूषरक्षेत्रेष्वारोपयति वप्रतः ॥५४९॥**

तवापि पूर्वजा राजन् !, वार्धके मुनिवृत्तयः ।
साम्प्रतं साम्प्रतं तत् ते, कृतज्ञत्वं प्रसर्पति ॥५५०॥

इदं राज्यं कुमारेऽस्मिन्, यत् त्वया विनिवेश्यते ।
विचार्यं तत्र किञ्चिद् नाऽस्माकमेष भवानिव ॥५५१॥

पितुश्च सचिवानां च, गिरं श्रुत्वा महाबलः ।
प्रोवाच तातचरणा, अप्रसादाः कथं मम ? ॥५५२॥

---

મોક્ષગામીની જેમ આવા વચનો તમે શી રીતે બોલો ? (૫૪૮)

વળી કલ્યાણને માટે પ્રવૃત્ત થનારને તેના પરના મોહથી નિષેધ કરવો તે સારાક્ષેત્રમાંથી ઉખરક્ષેત્રમાં અક્ષત રોપવા જેવું છે (૫૪૯)

હે રાજન્ ! તમારા પૂર્વજોએ પણ વૃદ્ધપણામાં મુનિવૃત્તિ (મુનિપણું) સ્વીકારી છે. તેથી અત્યારે તેમને પગલે ચાલવારૂપ આ તમારી શ્રેષ્ઠવૃત્તિ કૃતજ્ઞતાને સૂચવે છે. (૫૫૦)

વળી આ રાજય તમે કુમારને સોંપો છો, તેમાં અમારે કશો વિચાર કરવાનો નથી. કારણ કે અમે એ કુમારને આપની જેવા જ જોઈએ છીએ. (૫૫૧)

## રૂડા રાજમહેલને ત્યાગી, એ તો ચાલ્યા રે વૈરાગી

આ પ્રમાણે પિતા અને પ્રધાનોની વચ્ચે થયેલી વાત સાંભળીને મહાબલકુમાર બોલ્યો કે :- 'હે તાત ! આપ મારા ઉપર શા કારણે અપ્રસન્ન થયા છો ? (૫૫૨)

કે જેથી મને છોડી જવા ઇચ્છો છો ? એટલે રાજાએ કહ્યું કે:-'હે વત્સ ! તું વિવેકી થઈને એક અજ્ઞાનીની જેમ મારા

अथोचे जगतीपालो, मत्पुत्रोऽसि विवेक्यसि ।
गिरो निराक्रियन्ते मे, किमज्ञेनेव तत् त्वया ? ॥५५३॥

ततः[1] पितृगिरः श्रुत्वा, महाबलकुमारराट् ।
देवादेशः प्रमाणं मे, रात्रिस्वप्नोपदेशवत् ॥५५४॥

असौ निवेशयामास, कुमारं संमदोद्धुरः ।
अभिषेकासने शक्रः, पर्यङ्क इव तीर्थपम् ॥५५५॥

मङ्गल्याऽऽतोद्यमालासु, वाद्यमानासु सर्वतः ।
कुमारः सिषिचे मूर्ध्नि, भूभुजा तीर्थवारिभिः ॥५५६॥

अथ भूमीभुजोऽन्येऽपि, सौवर्णकलशैर्नृपम् ।
तमभ्यषिञ्चन् तीर्थेशबिम्बमिव प्रतिष्ठितम् ॥५५७॥

अथोदितं द्वितीयेन्दुमिव नम्रशिरोधराः ।
प्राणमन् नवमुर्वीशमखिला अपि नागराः ॥५५८॥

---

વચનનો અનાદર કેમ કરે છે ?' (૫૫૩)

આ પ્રમાણેની પિતાની વાણી સાંભળીને મહાબલકુમારે કહ્યું કે :- 'આપની આજ્ઞા રાત્રિએ આવેલા સ્વપ્નના ઉપદેશની જેમ મારે પ્રમાણ છે.' (૫૫૪)

એટલે હર્ષાકુલ રાજાએ ઇંદ્ર જેમ પર્યંક ઉપર શ્રીજિનેશ્વરને સ્થાપન કરે તેમ કુમારને અભિષેકાસન ઉપર બેસાર્યા. (૫૫૫)

પછી ચારે બાજુ મંગલ વાજીંત્રો વાગતાં રાજાએ તીર્થજળથી કુમારના મસ્તક પર અભિષેક કર્યો. (૫૫૬)

એટલે અન્ય રાજાઓએ પણ પ્રતિષ્ઠિત થયેલ જિનબિંબની જેમ સુવર્ણકળશોવડે તેનો રાજ્યાભિષેક કર્યો. (૫૫૭)

પછી ઉદય પામેલા બીજના ચંદ્રની જેમ સમસ્ત નગરજનોએ

---

१. एवमित्यपि ।

सदशानि मनोज्ञानि, वासांसि श्रीबलाऽऽज्ञया ।
च्युतानीवेन्दुकिरणैः, पर्यधाद् नूतनो नृपः ॥५५९॥

चन्दनैश्चन्द्रकान्ताश्मस्त्यानबिन्दूदकैरिव ।
तस्याऽङ्गरागं सर्वाङ्गं, विदधुर्वारयोषितः ॥५६०॥

भूषणैर्भूषितस्तैस्तैर्मुक्तामाणिक्यसंभवैः ।
नवो राजा रराजाऽसौ, कल्पद्रुः पल्लवैरिव ॥५६१॥

माणिक्यभासुरं रेजे, मुकुटं तस्य मूर्धनि ।
उदयाद्रितटे टीकमानं बिम्बं रवेरिव ॥५६२॥

श्रीबलो धारयामास, च्छत्रं मूर्ध्नि निवेशितम् ।
क्षीरसागरडिण्डीरपिण्डैरिव विनिर्मितम् ॥५६३॥

---

શિર નમાવીને તે નૂતન રાજાને પ્રણામ કર્યા. (૫૫૮)

પછી બલરાજાની આજ્ઞાથી તે નવીન રાજાએ સુંદર કોરવાળાં, મનોજ્ઞ અને ચંદ્રના કિરણોવડે વણેલાં હોય તેવાં ઉજ્જ્વલ વસ્ત્રો પહેર્યાં. (૫૫૯)

એટલે વારાંગનાઓએ ચંદ્રકાંતમણિમાંથી નીકળેલા જળબિંદુના સમૂહ સમાન ચંદનરસથી તેના સર્વાંગે વિલેપન કર્યું. (૫૬૦)

પછી મુક્તા અને માણિક્યના ભૂષણોથી ભૂષિત થયેલો તે નવીનરાજા પલ્લવોથી કલ્પવૃક્ષની જેમ શોભવા લાગ્યો. (૫૬૧)

ઉદયાચલના તટપર ઉદય પામતા સૂર્યના બિંબની જેમ તેના મસ્તકપર માણિક્યથી દેદીપ્યમાન મુગટ શોભવા લાગ્યો. (૫૬૨)

જાણે ક્ષીરસાગરના ફીણના પિંડથી બનાવેલ હોય તેવું છત્ર બલરાજાએ તેના મસ્તક પર ધારણ કરાવ્યું. (૫૬૩)

चामरैर्वाररामाणामवीज्यत कृतादरैः ।
नवसङ्गकृतोल्लासै राज्यलक्ष्मीहसैरिव ॥५६४॥

विशाले बलभूपालस्तद्भाले लटभभ्रुवि ।
तिलकं रचयामास, राज्यश्रीन्यासमण्डलम् ॥५६५॥

ततः श्रीबलभूपालः, पालिताऽखिलभूतलः ।
एवं शिक्षां ददौ तस्य, नीतिशास्त्रविशारदः ॥५६६॥

वारांनिधिजलोत्पत्तेरिव नीचत्वगामिनी ।
नैकत्रस्थायिनी वेला, संक्रान्तव्यसनादिव ॥५६७॥

---

## મહાબળરાજવીને હિતોપદેશ.
## ચારિત્રરાજાની છાવણીમાં પ્રવેશ

નવારાજાના સંગથી ઉલ્લાસ પામ્યા હોય અને જાણે રાજ્યલક્ષ્મીના સ્મિત હોય તેવા ચામરો વારાંગનાઓ તેના ઉપર વીંજવા લાગી. (૫૬૪)

ચંચલભૃકુટીવાળા તેના વિશાલ ભાલ ઉપર બળરાજાએ રાજ્યલક્ષ્મીની સ્થાપનારૂપ-મંગળતિલક કર્યું. (૫૬૫)

પછી જેણે સમગ્ર ભૂતલનું પાલન કર્યું છે અને જે નીતિશાસ્ત્રમાં પૂર્ણ વિશારદ છે એવા બળરાજા તેને આ પ્રમાણે હિતશિક્ષા આપવા લાગ્યા કે- (૫૬૬)

'હે વત્સ ! સમુદ્રના જળથી જ ઉત્પન્ન થવાને કારણે અધોમાર્ગે ગમન કરનારી ભરતી (વેળ) હોય તેવી વેળા (અવસ્થા) સદા એક જ રૂપમાં રહેતી નથી. (૫૬૭)

ગજની સાથે ઉત્પન્ન થયેલ હોવાથી જ જાણે ઉદ્દામ મદને

उद्दाममददात्रीयं, सहोत्पन्नद्विपादिव ।
लक्ष्मीर्देवी दुराराध्या, वत्स ! राधापतेरपि ॥५६८॥

एतस्या रक्षणे वत्स !, यामिक इव विक्रमः ।
जागरूकस्त्वया कार्यः, प्रदत्तन्यायवृत्तिमान् ॥५६९॥

नरो विक्रमवान् वत्स !, सत्त्वेन परिभूष्यते ।
तदेव यत्नतो रक्ष्यं, स्वामिदत्तप्रसादवत् ॥५७०॥

ससत्त्वेनाऽपि नाऽऽधेयं, प्रचण्डकरताण्डवम् ।
पश्य चण्डकरं लोको, न दृशाऽपि विलोकते ॥५७१॥

प्रचण्डकरचातुर्ये, जायते व्यसनोदयः ।
तस्माद् भ्रश्यति संसारेऽरघट्टीयो वृषो यथा ॥५७२॥

---

આપવાવાળી હોય તેવી લક્ષ્મીદેવી, હે વત્સ ! રાધાપતિને પણ દુરારાધ્ય છે. (૫૬૮)

માટે હે વત્સ ! એનું રક્ષણ કરવામાં યામિક (ચોકીદાર)ની જેમ ન્યાય આપવાની વૃત્તિથી તારે તારા વિક્રમને સદા સતેજ રાખવું. (૫૬૯)

હે વત્સ ! વિક્રમવાળો પુરુષ સત્ત્વથી ભૂષિત થાય છે, માટે સ્વામીના પ્રસાદની જેમ તે (સત્ત્વ)નું યત્નથી રક્ષણ કરવું. (૫૭૦)

વળી સત્ત્વવંત થઈને પણ પ્રચંડ કર લેવાની કોશિષ કદાપિ ન કરવી. સૂર્યની સામે લોકો નજર કરી જોતા પણ નથી. (૫૭૧)

પ્રચંડ કર લેવાની ચતુરાઈ કરવા જતાં વ્યસનનો ઉદય થાય છે. અને તેથી અરઘટ્ટના વૃષભની જેમ સંસારમાં ભ્રમણ કરવું પડે છે. (૫૭૨)

હે નૂતન નરેશ્વર ! સાત નરકના દૂતો જેવા સાત વ્યસનોથી

सप्तभिर्व्यसनैः सप्तनरकाह्वायकैरिव ।
अन्तरङ्गारिषड्वर्ग, उज्जागर्ति नवेश्वरः ॥५७३॥

तदाधीनः पुमान् वत्स !, रज्यते मदनार्थयोः ।
तावपि स्त्रीमृषामूलौ, तयोरेषाऽस्त्यवस्थितिः ॥५७४॥

**दोषोदयकरी सूरकराणामप्यगोचरी ।**
**क्षणं रक्ता विरक्ता च, नारी सन्ध्येव राजते ॥५७५॥**

**मृषावादात् क्षयं यान्ति, प्रतिष्ठाः प्रत्ययाः किल ।**
**नदीपूरादिव ग्रामाः कोपादिव सुवासनाः ॥५७६॥**

इति विनयविनम्रं शिक्षयित्वा नरेन्द्रं
नवमभिनवभङ्ग्या तात्त्विकप्रेमवृत्त्या ।
बलनृपतिरुदारं मोहतां मोक्तुकामः
सुगुरुचरणसेवालालसोऽगाद् वनान्तः ॥५७७॥

---

અંતરના શત્રુઓ જાગૃત થાય છે (૫૭૩)

અને તેને આધીન થવાથી પુરુષ કામ અને અર્થમાં લુબ્ધ થાય છે. તેનાં મૂળ સ્ત્રી અને મૃષાવાદ એ બે છે. સ્ત્રી અને મૃષાવાદની આવા પ્રકારની સ્થિતિ છે. (૫૭૪)

દોષ-નિશામુખનો ઉદય કરનારી-સૂર (રવિ યા શૂરવીર)ના કર કિરણને પણ અગોચર અને ક્ષણવારમાં રક્ત અને વિરક્ત થનારી એવી સ્ત્રી સંધ્યા જેવી છે (૫૭૫)

અને નદીના પૂરથી જેમ ગામો અને કોપથી જેમ સુવાસના તેમ મૃષાવાદથી પ્રતિષ્ઠા અને વિશ્વાસ નાશ પામે છે.' (૫૭૬)

આ પ્રમાણે તાત્ત્વિક પ્રેમવૃત્તિથી અને અભિનવ વચનરચનાથી નમ્ર નવીન નરેન્દ્રને ઉદારપણે શિક્ષા આપીને મોહથી મુક્ત થવા

इत्याचार्यश्रीविनयचन्द्रविरचिते श्रीमदाचार्यप्रद्युम्नशोधिते श्री मल्लिनाथस्वामिचरिते विनयाङ्के महाकाव्ये प्रत्येकबुद्धश्रीरत्नचन्द्र सत्यवादीहरिश्चन्द्रनिदर्शनगर्भितः श्रीबलनृपतिबोधबन्धुरः श्रीमहाबल-राज्याभिषेकोत्सवव्यावर्णनो नाम प्रथमः सर्गः ॥

---

ઈચ્છનાર તેમજ સુગુરૂચરણની સેવાના અભિલાષી બલરાજા તરત ઉદ્યાનમાં જવા તૈયાર થયો. (૫૭૭)

આ પ્રમાણે શ્રી વિનયચન્દ્રસૂરિ વિરચિત આચાર્ય શ્રીપ્રદ્યુમ્નસૂરિ સંશોધિત શ્રીમલ્લિનાથસ્વામી મહાકાવ્યમાં પ્રત્યેકબુદ્ધશ્રીરત્નચંદ્રમુનિ-સત્યવાદી શ્રીહરિશ્ચન્દ્ર રાજવીની કથા- શ્રીબલરાજાને પ્રતિબોધ-મહાબલરાજાનો રાજયાભિષેક આદિ વર્ણન સ્વરૂપ પ્રથમભવ વર્ણનયુક્ત પ્રથમ સર્ગનો ગૂર્જરાનુવાદ પૂર્ણ થયો.

अर्हम्

## अथ द्वितीयः सर्गः ।

अथ प्रहृष्टसर्वाङ्गः, कृतस्नानादिमङ्गलः ।
सहस्रबाह्यां शिबिकामारुरोह बलो नृपः ॥१॥

ददानो विधिवद् दानं, भावशुद्ध्या विशुद्धधीः ।
उपेत्योपवनं तस्या, उत्ततार भवादिव ॥२॥

---

# બીજો સર્ગ

## બીજાસર્ગસંદર્શિત કથાનકોનું દિગ્દર્શન

**બળરાજાની દીક્ષાસ્વીકૃતિ-પરિપાલના અને તેમનું નિર્વાણ-મહાબલકુમારની રાજ્યપારિપાલના-તેને થયેલો પુત્ર-બળભદ્ર નામસ્થાપના-વરધર્મસૂરિની નગરમાં પધરામણી, મહાબળરાજવીનું વંદનાર્થે ગમન. સૂરિએ ઉપદેશેલી આશ્રવનિરોધિની દેશના-દાન-શીલ-તપ-ધર્મવર્ણન-તથા તે સંબંધી વિસ્તીર્ણ કથાનક સુણી મહાબલરાજા બન્યા વિરાગી ચારિત્ર્યગ્રહણની દર્શાવેલી અભિલાષા-બળભદ્રકુમારની રાજ્યાભિષેકની તૈયારી-મુર્હૂર્તવર્ણન-રાજ્યાભિષેક છ મિત્રો સંગાથે મહાબળરાજવીનું મહાભિનિષ્ક્રમણ પ્રવ્રજ્યા સ્વીકાર.**

**ગ્રહી દીક્ષા રત્નચંદ્રમુનિચરણમાં સમર્પણ.**

**નિરતિચારસંયમ પાળી પામ્યા પદ નિર્વાણ.**

સર્વાંગે હર્ષિત થઈને અને સ્નાનાદિ મંગલ કરીને શ્રીબળરાજા એક હજાર માણસો ઉપાડી શકે તેવી શિબિકા ઉપર આરૂઢ થયા (૧)

અને ભાવશુદ્ધિથી વિધિપૂર્વક દાન આપતાં નગરની મધ્યમાં થઈને વિશુદ્ધ બુદ્ધિવાળા તે રાજા ઉપવનમાં આવી જાણે સંસારથી

उज्झाञ्चकार निःशेषं, नेपथ्यादि स्वमोहवत् ।
श्रीरत्नचन्द्रपादाब्जं, ववन्दे मोदमेदुरः ॥३॥

सामायिकमहामन्त्रं, सत्रं निर्वाणसंपदाम् ।
राजर्षिर्गुरुवक्त्रेणोच्चचार प्रकटाक्षरम् ॥४॥

विविधाभिग्रहग्राही, निगृहीतकुवासनः ।
अनगारः शमागारो, निर्निदानतपः परः ॥५॥

विधिवत् पालयित्वाऽथ, सुचिरं संयमं यमी ।
जित्वा कर्माणि राजर्षिर्लेभे निर्वाणसंपदम् ॥६॥ युग्मम्

महाबलनरेन्द्रेण, सिंहस्वप्नेन सूचितः ।
कमलश्रीमहादेव्यामुदपादि शरीरजः ॥७॥

---

પાર ઉતરતાં હોય તેમ શિબિકાથી નીચે ઊતર્યા. (૨)

પછી મોહની જેમ દેહાદિ ઉપરના સમસ્ત નેપથ્યાદિક (વસ્ત્ર-અલંકારો)નો તેણે ત્યાગ કર્યો. અને હર્ષથી પુષ્ટ બનીને શ્રીરત્નચન્દ્રમુનિરાજના ચરણકમળને વંદન કર્યું. (૩)

પછી નિર્વાણસંપત્તિના સત્રરૂપ (દાનશાળારૂપ) સામાયિક મહામંત્ર પ્રગટાક્ષરે તે રાજર્ષિએ ગુરુમુખથી ઉચ્ચર્યો. અર્થાત્ ચારિત્ર અંગીકાર કર્યું, (૪)

અને વિવિધ અભિગ્રહોને ધારણ કરી, કુવાસનાઓનો નિગ્રહ કરી અને નિદાનરહિત તપમાં તત્પર થઈ સમતાના સ્થાનરૂપ તે રાજર્ષિ ચિરકાળ વિધિપૂર્વક સંયમ પાળી ઈંદ્રિયોને દમી, સર્વકર્મોનો ક્ષય કરીને નિર્વાણસંપત્તિને પામ્યા. (૫-૬)

### ઇતિ બળરાજર્ષિ નિર્વાણ.

હવે મહાબલરાજાને કમલશ્રીરાણીની કુક્ષિથી સિંહસ્વપ્નથી

भविष्यद्बलभद्रत्वादिति ध्यात्वेव भूभुजा ।
बलभद्राभिधानेनाऽऽहूतः प्रेमकिरा गिरा ॥८॥

अन्यदा बहिरुद्याने, चञ्चच्चम्पकचारुणि ।
वरधर्माभिधः सूरिर्भगवान् समवासरत् ॥९॥

तदाऽऽगमनमङ्गल्यमाकर्ण्याऽऽरामपालकात् ।
यथेच्छं पीतपीयूषगण्डूष इव सोऽहृषत् ॥१०॥

तं नमस्कर्तुमुर्वीशश्चचालाऽचलमानसः ।
पिदधानो [1]वरच्छत्रैर्दिवं हंसगणैरिव ॥११॥

दन्ताबलैर्बलोद्दामैरभ्रमूवल्लभायितैः ।
तुरङ्गैश्चापि मार्तण्डरथादपहृतैरिव ॥१२॥

સૂચિત એક પુત્ર થયો. (૭)

એટલે ભવિષ્યમાં એ બળભદ્ર થશે એમ વિચારીને રાજાએ પ્રેમપૂર્વક વાણીથી બળભદ્ર નામથી તેને બોલાવ્યો. અર્થાત્ બળભદ્ર નામ પાડ્યું. (૮)

## ચંપકવૃક્ષોદ્યાનમાં વરધર્માચાર્યનું આગમન.

એકવાર વિકસિત ચંપકવૃક્ષથી મનોહર બાહ્ય ઉદ્યાનમાં વરધર્મ નામના આચાર્ય ભગવંત જ પધાર્યા. (૯)

આરામ-પાલકના મુખથી વૃત્તાંત સાંભળીને યથેચ્છ કરેલા પીયૂષપાનની જેમ મહાબલરાજા અત્યંત હર્ષિત થયો. (૧૦)

પછી જાણે હંસોનો સમૂહ હોય તેવા નવીન છત્રોથી આકાશને આચ્છાદિત કરતો, પોતાની વલ્લભા એવી હાથણીઓ સહિત બલિષ્ઠ એવા હાથીઓથી જાણે રવિના રથમાંથી અપહરી લાવ્યા

१. नवच्छत्रैरिति पाठान्तरम् ।

रथैः श्रोत्रपथाध्वन्यचारुचीत्कारबन्धुरैः ।
अनन्तैर्भक्तसामन्तैः, समन्तात् परिवारितः ॥१३॥

भूचरस्वर्वधूभ्रान्तिप्रदवारपुरन्ध्रिभिः ।
चामरै रत्नखचितैर्वीज्यमानः पदे पदे ॥१४॥

बन्दिभोगावलीपाठस्पर्धाप्रसृमरैरिव ।
नादैर्मङ्गलतूर्याणां, पिदधन् रोदसीतलम् ॥१५॥

धर्मातन्त्रैर्वृतो मित्रैः, षड्भिर्लक्ष्मीविकस्वरैः ।
पदातिभिश्च पारीन्द्रप्रौढाविक्रमविश्रुतैः ॥१६॥

गजेन्द्रस्कन्धमारूढः, प्रौढप्रसृतभावनः ।
तदुद्यानमथ प्राप, नन्दनं वासवो यथा ॥१७॥ सप्तभिः कुलकम्

---

હોય એવા અશ્વોથી, (૧૧-૧૨)

શ્રોત્રપથના (કર્ણપથ) પથિક એવા ચારૂ (સુંદર) ચિત્કારથી મનોહર-રથોથી અને અનેક ભક્ત સામંતોથી ચારેબાજુ પરિવરેલો, મનુષ્યોને દેવાંગનાઓની ભ્રાંતિ આપનારી એવી વારાંગનાઓથી પગલે પગલે રત્નજડિત ચામરોથી વીંઝાતો, (૧૩-૧૪)

બંદીજનોની બિરૂદાવલીના પાઠની સ્પર્ધાથી જાણે પ્રસરતા હોય એવા મંગલ વાજીંત્રોના નાદથી આકાશ અને વસુધાતલને ઓતપ્રોત કરી દેતો ધર્મવિચારમાં સંમત અને લક્ષ્મીથી વિકસ્વર છ મિત્રોથી પરિવરેલો અને સિંહ જેવા પ્રૌઢ પરાક્રમથી પ્રખ્યાત એવા પદાતિઓથી વીંટાયેલો (૧૫-૧૬)

તેમજ અચલ મનવાળો એવો મહાબલરાજા ગજેન્દ્રના સ્કંધઉપર આરૂઢ થઈ આચાર્ય ભગવંતને વંદન કરવા માટે ચાલ્યો. અનુક્રમે પ્રૌઢ તથા વિસ્તૃત ભાવનાયુક્ત તે રાજા નંદનવનમાં ઈન્દ્ર આવે તેમ ઉદ્યાનમાં આવ્યો. (૧૭)

दूरादेवाऽवनीनाथः, करिस्कन्धाद् मदादिव ।
उत्तीर्य राजचिह्नानि, पञ्चाऽमुञ्चत् समाहितः ॥१८॥

क्रोधाऽन्धकारमार्तण्डं, मानाऽचलपविप्रभम् ।
मायावल्लीतुषाराभं, लोभाऽम्भोधिघटोद्भवम् ॥१९॥

आरामं साम्यवल्लीनामभिरामं महाव्रतैः ।
आत्मारामं महासत्त्वं, मुक्तरामं विरागतः ॥२०॥

लब्धिरत्नाकरं श्रीमज्जिनधर्ममिवाऽङ्गिनम् ।
वरधर्माख्यामाचार्यमद्राक्षीत् क्षितिनायकः ॥२१॥ त्रिभिर्विशेषकम्

अथ प्रदक्षिणीकृत्य, मुनिनाथं जिनेन्द्रवत् ।
पुलकच्छद्मना बिभ्रद्, भक्तिं [१]मूर्तां ननाम तम् ॥२२॥

એટલે દૂરથી જ મદની જેમ હસ્તિસ્કંધથી નીચે ઉતરીને શાંતચિત્તે પાંચ રાજચિન્હોનો તેણે ત્યાગ કર્યો. (૧૮)

પછી આગળ ચાલતાં ક્રોધરૂપ અંધકારને દૂર કરવા માટે સૂર્યસમાન, માનરૂપ પર્વતને ભેદવામાં વજ્રસમાન, માયારૂપીવેલડીને બાળવામાં તુષાર (ઠાર-હિમ) સમાન, લોભરૂપ સાગરને શોષવામાં અગસ્ત્યઋષિ સમાન, સમતારૂપ લતાના આરામ (બગીચા) સમાન, મહાવ્રતોથી અભિરામ, આત્મામાં રમણ કરનાર, મહાસત્ત્વયુક્ત, વિરાગથી રમણીસંગ રહિત, લબ્ધિઓના ભંડાર, મૂર્તિમંત જિનધર્મ સમાન શ્રીમાન્ વરધર્માચાર્યને તેણે જોયા. (૧૯-૨૧)

એટલે જિનેન્દ્રની જેમ તેમને પ્રદક્ષિણા કરીને રોમાંચના બ્હાનાથી સાક્ષાત્ ભક્તિને ધારણ કરતા રાજાએ તેમને વંદન કર્યું. (૨૨)

१. मूर्ध्नेत्यपि ।

कांश्चित् पद्मासनाऽऽसीनान्, कांश्चिद् वज्रासनस्थितान् ।
कांश्चिद् वीरासनस्थांश्च, कांश्चन बर्हणाश्रितान् ॥२३॥

कांश्चिद् भद्रासनासीनान्, कांश्चिद् दण्डासनाश्रितान् ।
कायोत्सर्गस्थितान् कांश्चिद्, कांश्चिद् हंसासनश्रितान् ॥

कांश्चन शीलाङ्गरथपरावर्तनतत्परान् ।
कांश्चिदक्षैर्विनिक्षिप्तैर्भङ्गान् गणयतो भृशम् ॥२५॥

कालानुष्ठाननिष्ठांस्तांस्तन्वानान् बहुशोऽपि कान् ।
सिद्धान्तवाचिकाः कांश्चित्, कुर्वाणान् परया मुदा ॥२६॥

पात्रलेपपरान् कांश्चित्, कांश्चिद् मौनमुपागतान् ।
शैक्षान् शिक्षयतः कांश्चित्, कांश्चन पठतः पदः ॥२७॥

कांश्चित् कर्मप्रकृत्यादिविचारग्रन्थनिर्णयम् ।
कुर्वाणांश्चूर्णिभाष्यादेः, पदव्याख्याप्रकाशनैः ॥२८॥

---

ત્યાં કેટલાક મુનિ પદ્માસને બેઠેલા હતા. કેટલાક વજ્રાસને, કેટલાક વીરાસને બેઠેલા હતા. કેટલાક મયૂરાસને અને કેટલાક ભદ્રાસન લગાવીને બેઠેલા હતા. કેટલાક દંડાસને બેઠા હતા અને કેટલાક કાયોત્સર્ગમાં રહેલા હતા. (૨૩-૨૪)

કેટલાક હંસાસનનો આશ્રય કરીને રહેલા હતા. કેટલાક શીલાંગરથના પરાવર્તનમાં તત્પર હતા. કેટલાક માળાના મણકાવડે ભાંગાઓની ગણતરી કરતા હતા. કેટલાક બીજા મુનિઓને અનેક રીતે કાલાનુષ્ઠાનમાં સ્થિત કરતા હતા. કેટલાક પરમહર્ષથી સિદ્ધાંતની વાચના આપતા હતા. (૨૫-૨૬)

કેટલાક પાત્રને લેપ કરવામાં તત્પર હતા, કેટલાક મૌન ધરીને રહેલા હતા. કેટલાક શિષ્યોને વાચના આપતાં હતા. કેટલાક

कांश्चित् प्रकरणान्युच्चैर्नूतनानि प्रकुर्वतः ।
वन्द्यान् ववन्दे निर्ग्रन्थांस्त्रिविधं काश्यपीपतिः ॥२९॥ अष्टभिः कुलकम्

अथोपेत्य वनं सूरिं, प्रणम्य प्रमदान्वितः ।
मित्रैः साकमुपाविक्षत्, चक्रे च विनयाञ्जलिम् ॥३०॥

अथो दन्तांशुभिः शुभ्रैर्ज्योत्स्नाव्यतिकरैरिव ।
सौधवच्छुभ्रयन् भव्यानुवाचेदं महामुनिः ॥३१॥

चतुर्गतिकसंसारक्षारवारांनिधाविव ।
पोतोपमानाश्चत्वारो, धर्मा दानादिका अमी ॥३२॥

---

પદો શીખતા હતા. કેટલાક ચૂર્ણિ અને ભાષ્યાદિકના પદોની વ્યાખ્યાવડે કર્મપ્રકૃત્યાદિ-વિચાર ગ્રંથનો નિર્ણય કરતા હતા. (૨૭-૨૮)

અને કેટલાક ઉચ્ચપ્રકારના નવા પ્રકરણો બનાવતા હતા. એવા અનેક કાર્યમાં સ્થિત થયેલાં. પૂજ્ય નિર્ગ્રંથોને કાશ્યપીપતિએ (રાજા) ત્રિવિધે ત્રિવિધે વંદન કર્યા પટ્ટરાણીથી પરિવરેલો તે રાજા પુનઃ ઉદ્યાનમાં આવી સૂરીશ્વરને પ્રણામ કરી હર્ષિત થઈને પોતાના મિત્રો સાથે વિનયથી અંજલિ રચીને તેમની પાસે બેઠો. (૨૯-૩૦)

એટલે મહેલને ચાંદનીની પ્રભાની જેમ પોતાના શુભ દંતકિરણોથી ભવ્યજનોને શુભ બનાવતા તે મહામુનિએ આ પ્રમાણે ઉપદેશ આપ્યો. (૩૧)

હે ભવ્યજનો ! આ ચતુર્ગતિરૂપ સંસારસાગરમાં દાન-શીલ-તપ અને ભાવ એ ચારપ્રકારનો ધર્મ નાવસમાન છે. (૩૨)

તેમાંથી દાનધર્મને પૃથક્ કરીને તેનું વર્ણન કરવામાં આવે

तेषां मध्याद् दानधर्मः, पृथक्कृत्य वितन्यते ।
यः सिषेवे जिनाधीशैरावर्षं हर्षवर्षिभिः ॥३३॥

सर्वेषामपि जीवानां, देहः सुकृतसाधनः ।
पुद्गलैः स तु निष्पन्न, आहाररससंभवैः ॥३४॥

आहारैः प्राशुकैर्ये तु, दानं ददति साधवे ।
ते सौख्यभाजिनो राजन् !, भवन्ति जिनदत्तवत् ॥३५॥

तथाहि पुष्करद्वीपे, पुरी चन्द्रकलाह्वया ।
अभिधानविधानाभ्यां तत्र राजा परन्तपः ॥३६॥

तस्य सोमायशोवत्यौ, हरस्येवाऽद्रिजह्नुजे ।
अमेयरूपलावण्ये, पट्टदेव्यौ बभूवतुः ॥३७॥

---

છે. કારણ કે હર્ષને વર્ષાવનારા એવા શ્રીજિનેશ્વરોએ પણ તેનું એક વર્ષ પર્યન્ત સેવન કર્યું હતું. (૩૩)

સર્વ પ્રાણીઓનો દેહ એ સુકૃતનું સાધન છે. અને તે આહારના રસથી પેદા થયેલા પુદ્ગલોથી જ નિષ્પન્ન થયેલ છે. (૩૪)

માટે જેઓ સાધુઓને પ્રાસુક આહારનું દાન આપે છે, તેઓ હે રાજન્ ! જિનદત્તની જેમ સુખના ભાજન થાય છે. (૩૫)

## દાનધર્મ ઉપર જિનદત્તની કથા.

પુષ્કરવરદ્વીપમાં ચંદ્રકલા નામે નગરી છે. ત્યાં નામ અને ગુણથી પરંતપ (તીવ્ર તેજપ્રતાપવાળો) નામે રાજા રાજ્ય કરતો હતો. (૩૬)

શિવને જેમ પાર્વતી અને ગંગા તેમ તેને અમિતરૂપ અને અગણ્ય લાવણ્યયુક્ત સોમા અને યશોમતી નામે બે પટ્ટરાણી હતી, (૩૭)

पद्मशेखर आद्यायाः, सोमायाः सूर इत्यपि ।
विमातृजावपि प्रीत्या, तौ पुत्रौ युग्मजातवत् ॥३८॥

युगपज्जाग्रतोस्तुल्यहर्षयोस्तुल्यशोकयोः ।
आजन्माऽजायत प्रीतिरेतयोर्नेत्रयोरिव ॥३९॥

अन्येद्युः सोमयाऽध्यायि, सपत्नीजेऽत्र जीवति ।
कथं मामकपुत्रस्य, राज्यं सूरस्य संभवि ? ॥४०॥

**सापत्नेयश्च रोगश्च, नोपेक्ष्यौ हितमिच्छता ।**
**मूलादेव समुच्छेद्यौ, विषवृक्षाविवोद्गतौ ॥४१॥**

विचिन्त्येति महादेवी, सोमाऽलीकप्रकोपना ।
वासागारे निलीयाऽस्थाद्, मेघच्छन्नेन्दुकान्तिवत् ॥४२॥

---

તેમાં યશોમતીને પદ્મશેખર અને સોમાને સૂર નામે પુત્ર થયેલો હતો. તે બંને વિમાતાથી જન્મેલા છતાં એક જ માતાથી થયેલા યુગલપુત્રની જેમ પરસ્પર અત્યંત પ્રેમભાવવાળા હતા. (૩૮)

જન્મથી જ તે સાથે જાગતા હતા, હર્ષ-શોકમાં સમાન રહેતા હતા અને બન્ને નેત્રની જેમ પરસ્પર પ્રીતિ રાખતા હતા. (૩૯)

## નિજપુત્રને રાજ્ય મળો, એવા ભાવમાં રમતી.
## સાવકીમાતા સ્રીચરિત્રદ્વારા રાજાને વશ કરતી.

એકવાર સોમાએ વિચાર કર્યો કે :- "આ સપત્નીનો પુત્ર જીવતો હશે ત્યાં સુધી મારા પુત્ર સૂરને રાજ્ય મળશે નહી." (૪૦)

માટે સ્વપુત્ર હિતેચ્છુલોકોએ સપત્નીના પુત્રની રોગની જેમ ઉપેક્ષા ન કરતાં વિષવૃક્ષની જેમ તેનો મૂળથી જ ઉચ્છેદ કરવો જોઈએ. (૪૧)

આ પ્રમાણે વિચારીને સોમારાણી કપટથી કોપ કરીને, મેઘથી

प्रमादवशतो भ्रष्टविद्यां विद्याधरीमिव ।
सोमां वीक्ष्य नृपोऽप्यूचे, प्रेममन्थरया गिरा ॥४३॥

उत्तरायणतिग्मांशुबिम्बवद् वदनं तव ।
गततेजः कथं जातं, सोमे ! सोमवराननने ! ? ॥४४॥

तवाज्ञाखण्डनं मोहाद्, मादृशेन विनिर्मितम् ? ।
यदेवं कोपसंस्त्याये, मोहभित्तिघने स्थिता ॥४५॥

अथाऽभ्युवाच भूपालं, सोमा श्यामास्यमण्डला ।
चित्तेन धर्तुं नो वक्तुं, शक्यते यत् तदाऽभवत् ॥४६॥

अथो निर्बन्धतः पृष्टा, दत्त्वोच्चैः शपथावलीम् ।
हृतनिःशेषसारेव, साऽप्यूचे गद्गदाक्षरम् ॥४७॥

---

આચ્છાદિત થયેલી ચાંદનીની જેમ વાસભવનમાં એકાંત સ્થાનકે સૂઈ રહી, (૪૨)

પછી પ્રમાદવશથી ભ્રષ્ટ થયેલ વિદ્યાવાળી વિદ્યાધરીની જેવી સોમાને નિસ્તેજ જોઈને રાજાએ તેને પ્રેમાળવાણીથી બોલાવી કઃ- "હે સોમે ! હે ચંદ્રાનને ! ઉત્તરાયણના રવિબિંબની જેમ તારૂં વદન તેજ રહિત કેમ થઈ ગયું છે ? (૪૩-૪૪)

શું કોઈએ તારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું છે ? કે જેથી મોહની દઢ ભિત્તિરૂપ એવા ક્રોધાવેશમાં તું આવી ગઈ છે ? (૪૫)

એટલે સોમા શ્યામમુખ કરીને રાજાને કહેવા લાગી કેઃ- "અમુક અવસરે જે બનાવ બન્યો છે તે મનમાં જીરવી શકાય તેમ નથી અને કહી શકાય તેમ નથી." (૪૬)

આથી રાજાએ બહુ આગ્રહપૂર્વક તેને શપથ (સોગન) દઈને પૂછ્યું. એટલે જાણે સર્વસ્વ હરણ થઈ ગયું હોય તેમ ગદ્‌ગદાક્ષરથી તે બોલી કે :- (૪૭)

तव वल्लभपुत्रेण, पद्माख्येन स्मरान्ध्यतः ।
अभ्यर्थिता कृतस्नेहं, प्रदोषे कुलरेणुना ॥४८॥

निशम्येदं महीपालः, कोपाटोपं विनिर्ममौ ।
युक्तियुक्तं वचो नैतदविचार्येति चेतसा ॥४९॥

आहूय चण्डनामानमङ्गरक्षं निशागमे ।
मारणीयो नवैमरैर्भवता पद्मशेखरः ॥५०॥

इत्यादेशं नृपो दत्त्वा, त्यक्तोद्गारमिव क्रुधम् ।
सौख्यभागी बभूवाशु, **कोपान्धानां कुतो मतिः ?** ॥५१॥

चण्डाङ्गरक्षकः सोऽथ, लब्ध्वाऽऽदेशं सुदुःश्रवम् ।
विजने कथयामास, पद्मस्य पुरतोऽखिलम् ॥५२॥

---

તમારા કુળને કલંક લગાડનારા પદ્મનામના પ્રિયપુત્રે કામાંધ થઈને કાલે સાંજે સ્નેહપૂર્વક મારી પાસે અનુચિત માંગણી કરી." (૪૮)

આ પ્રમાણેનું વચન સાંભળતાં જ રાજા એકદમ ક્રોધાતુર બની ગયો અને આ યુક્તિયુક્ત વચન નથી. એમ મનથી વિચાર કર્યા વિના રાત્રે જ ચંડ નામના પોતાના અંગરક્ષકને બોલાવીને આદેશ કર્યો કે :- નવા મારાઓ પાસે તારે પદ્મશેખરને મરાવી નાંખવો. (૪૯-૫૦)

આ પ્રમાણે જાણે સાક્ષાત્ ક્રોધનો ઉદ્ગાર હોય તેવો આદેશ આપીને સ્વસ્થ થયો. અહો ! **કોપાંધજનોને મતિ ક્યાંથી હોય?** (૫૧)

પછી ચંડ નામના અંગરક્ષકે અત્યંત દુઃખે સાંભળી શકાય

अश्रद्धेयमिदं श्रुत्वा, कुमारो हृद्यचिन्तयत् ।
अप्रसादः कुतस्तातपादैर्मम विनिर्ममे ? ॥५३॥

पप्रच्छ चण्डमुर्वीशनन्दनः किमु कारणम् ? ।
भवानाकारभावज्ञो, दैवज्ञ इव वर्तते ॥५४॥

चण्डोऽवदद् विमातुस्ते, मन्ये कपटनाटकम् ।
नृपेङ्गितात् क्रियातत्त्वं, प्रत्ययादिव पण्डितः ॥५५॥

ततोऽनया स्फुटं कृत्वा, कूटं किञ्चित् कठोरया ।
व्यामोहितो महीपालश्छाया लेखनया यथा ॥५६॥

---

એવા તે આદેશને એકાંતમાં પદ્મની આગળ તે બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. (૫૨)

એટલે માનવામાં ન આવે તેવું વચન સાંભળીને કુમાર અંતરમાં ચિંતવવા લાગ્યો કે :- "અહો ! પિતાની મારા ઉપર અવકૃપા કેમ ઊતરી ? (૫૩)

પછી તેણે ચંડને પૂછ્યું કે :- તેનું કારણ શું હશે ? તમે દૈવજ્ઞની જેમ આકારમાત્રથી રાજાના ભાવને જાણી શકો તેમ છો. (૫૪)

એટલે ચંડ બોલ્યો કે :- પ્રત્યય (નિમિત્ત) થકી જેમ પંડિત ક્રિયાતત્ત્વને જાણી શકે તેમ રાજાના ઇંગિતથી હું ધારૂં છું કે – આ તમારી વિમાતાનો કપટ-પ્રપંચ છેં. (૫૫)

આલેખના આભાસની જેમ એણે કંઈક કૂટ પ્રગટ કરીને રાજાને વ્યામોહિત કર્યો જણાય છે. એટલે કુમાર ચિંતવવા લાગ્યો કે :- (૫૬)

**અહો ! જગતને મોહના કારણભૂત, બુધજનોથી પણ**

**जगन्मोहनिदानाय, दुर्लक्षाय बुधैरपि ।**
**विवेकिजनमुक्ताय, स्त्रीवृत्ताय नमोनमः ॥५७॥**

सुस्नेहपात्रसंस्थायिदीप्रा दीपशिखा यथा ।
मलिनी तनुते लोललोचना निजमाश्रयम् ॥५८॥

एवं विभाव्य शुद्धात्मा, विमुच्य नगरं निजम् ।
उत्तराशामुत्तराशः, प्रतस्थे पद्मशेखरः ॥५९॥

व्याधव्याहतसारङ्गशून्यभ्राम्यन्मृगीकुलाम् ।
विलोक्यमानपारीन्द्रपादां पांशुलभूमिषु ॥६०॥

नाहलैर्बद्धगोष्ठीकैर्भ्रज्ज्यमानपशुव्रजाम् ।
बम्भ्रम्यमाणनिस्त्रासयोगिनीशतसङ्कुलाम् ॥६१॥

---

**દુર્લક્ષ્ય અને વિવેકીજનોથી મુક્ત એવા સ્રીચરિત્રને નમસ્કાર થાઓ. (૫૭)**

સ્નેહરહિત પાત્રમાં રહેનાર અને દીપ્ર એવી દિપશિખાની જેમ ચપલાક્ષી (સ્ત્રી) પોતાના આશ્રય (ગૃહ)ને જ મલીન કરે છે. (૫૮)

## પદ્મશેખરે કરેલો નગરત્યાગ.

આ પ્રમાણે ચિંતવીને વિશુદ્ધાત્મા અને શ્રેષ્ઠ આશયવાળો પદ્મશેખર પોતાના નગરને મૂકીને ઉત્તરદિશા તરફ ચાલ્યો. (૫૯)

આગળ જતાં કેટલાક દિવસે તે પારધીઓથી હણાયેલા મૃગની પાછળ શૂન્ય થઈને જ્યાં મૃગલીઓ ભ્રમણ કરી રહી છે, જ્યાં રેતાળ જમીન પર સિંહના પગલા જોવામાં આવે છે. (૬૦)

જ્યાં વાતોમાં લીન થયેલા ભીલો પશુમાંસને પકાવી રહ્યા છે. ત્રાસરહિત ભ્રમણ કરતી સેંકડો યોગિનીઓથી જે વ્યાપ્ત છે.

कापालिकजनारब्धघोरमन्त्रप्रसादनाम् ।
निशम्यमानशार्दूलक्रूरफुत्कारदारुणाम् ॥६२॥

भववद् विपुलाकारां, प्रेतभर्तुः प्रियामिव ।
दिनैः कतिपयैः पद्म, आपपात महाटवीम् ॥६३॥ चतुर्भिः कलापकम्

इतश्च पन्नगः कोऽपि, नीचैः कृतमहाफणः ।
दैवदग्ध इव श्यामो, ददृशे तेन मार्गगः ॥६४॥

मन्दं मन्दं जगादाऽसाविति मानुष्यभाषया ।
कुमारवर ! मां पाथस्तृषार्तं पाययाऽधुना ॥६५॥

अन्यथा मम जीवद्रुः, शोषं यास्यति सत्वरम् ।
**खिन्नेषु दुःखितेषूच्चैर्महात्मानः कृपापराः** ॥६६॥

કાપાલિકલોકો જ્યાં ઘોરમંત્રની સાધના કરી રહ્યા છે. અને શાર્દૂલના ક્રૂર અને દારૂણ ફૂત્કાર જ્યાં સાંભળવામાં આવે છે એવી સંસારની જેવી વિપુલ આકારવાળી અને જાણે સાક્ષાત્ યમની પ્રિયા હોય તેવી અટવીમાં આવી પહોંચ્યો. (૬૧-૬૩)

ત્યાં મહાફણાને જેણે નીચે નમાવી દીધી છે અને દવદગ્ધની જેમ જે શ્યામ થઈ ગયેલ છે. એવા એક સર્પને તેણે રસ્તામાં પડેલો જોયો. (૬૪)

## માનવભાષામાં સર્પનું કથન.
## દિવ્યરૂપધારી કુમારને કરે વામન.

એટલે તે સર્પ મનુષ્યભાષામાં ધીરેથી બોલ્યો કે, હે કુમાર ! તૃષાથી પીડાતા મને તું જલપાન કરાવ (૬૫)

નહિં તો મારૂં જીવનવૃક્ષ સત્વર શુષ્ક થઈ જશે. **મહાત્માઓ દુઃખિત અને ખિન્નજનો પર બહુ જ દયાળુ હોય છે.** (૬૬)

पश्चात् तव करिष्यामि, परामुपकृतिं सखे ! ।
विस्मरिष्यसि न त्वं मां, मनस्याऽऽहितया यया ॥६७॥

ततः कुमारः संप्राप्य, नीरं तीरवतीभवम् ।
पन्नगं पाययामास, नलिनीनालचर्यया ॥६८॥

अथाभवदसौ वेगाद्, दिव्यरूपधरो नरः ।
दधानः करराजीवे, चारु काञ्चनपङ्कजम् ॥६९॥

आहत्य करपादेन, पद्मोऽसौ वामनीकृतः ।
अहो ! तस्योपकारस्योपकृतं तेन पापिना ॥७०॥

अहो ! अस्य कठोरत्वं, कुलिशेनेव निर्मितम् ।
अहो ! अस्य द्विजिह्वत्वं, यथार्थमिव लक्ष्यते ॥७१॥

---

હે મિત્ર ! પછી હું તારા પર પરમ ઉપકાર કરીશ કે જે ઉપકારથી તું મને કદી પણ ભૂલી શકીશ નહિ. (૬૭)

પછી કુમારે નદીનું જળ લાવીને કમળના નાળચાથી સર્પને પાયું. (૬૮)

એટલે તે તરત જ પોતાના કરકમળમાં સુંદર સુવર્ણકમળને ધારણ કરનારો અને દિવ્યરૂપધારી પુરુષ થઈ ગયો. (૬૯)

અને હાથ તથા પગથી આઘાત કરીને કુમારને વામન બનાવી દીધો. અહો ! તે પાપીને જુઓ, કુમારના ઉપકારનો બદલો કેવો આપ્યો. (૭૦)

કુમાર ચિંતવવા લાગ્યો કે :- અહો ! આની કઠોરતા જાણે વજ્રમયી બની હોય તેવી જણાય છે. અને તેનું દ્વિજિહ્વત્વ યથાર્થ જણાઈ આવે છે. (૭૧)

विमृश्येत्यचलत् पद्म, उत्तरां प्रति सत्वरम् ।
इतश्चैक्षिष्ट निश्छिद्रां, रजोराजीं प्रसर्पिणीम् ॥७२॥

शृणोति स्म तुरङ्गाणां, स्फुरत्खुरपुटारवम् ।
जयश्रीकरकेयूरतारठात्कारसुन्दरम् ॥७३॥

अस्त्राणि दीप्यमानानि, दिवाकरकरोत्करैः ।
दृष्टवानवनीनाथसूनुः सौर्यगृहा इव ॥७४॥

उपलक्ष्य स्वकीयं तद्, बलं बलवदाकुलम् ।
अपृच्छत् सादिनं कञ्चिद्, नामतः प्रकटाक्षरम् ॥७५॥

अथाऽसौ न्यगदच्चन्द्रकलायां पुरि भूपतिः ।
परन्तपः सुतस्तस्य, पद्मशेखरनामकः ॥७६॥

## પદ્મશેખરની પાછળ પરંતપરાજાનું સૈન્ય.

આ પ્રમાણે વિચાર કરીને રાજકુમાર ઉત્તરદિશા તરફ જલ્દીથી ચાલ્યો. એવામાં આકાશમાં ઉડતી ધૂળ તેના જોવામાં આવી. તે સાથે જયશ્રી પ્રાપ્ત કરવાવાળા કેયૂરના ઉંચા ઠાત્કારથી સુંદર એવો અશ્વોના ખુરપુટનો શબ્દ તેના સાંભળવામાં આવ્યો. (૭૨-૭૩)

વળી દિવાકરના કિરણસમૂહથી દેદીપ્યમાન થતાં જાણે સૂર્યના ઘર હોય એવાં અસ્ત્રો પણ તે રાજકુમારના જોવામાં આવ્યાં. (૭૪)

એટલે બલવંતજનોથી આકુલ એવા પોતાના લશ્કરને ઓળખીને પદ્મકુમારે કોઈ ઘોડેસવારને પ્રગટ નામ લઈને તે તરફ આવવાનું કારણ પૂછ્યું. (૭૫)

એટલે કુમારને ઓળખ્યા સિવાય તે કહેવા લાગ્યો કે :- ચંદ્રકળાનગરમાં પરંતપ નામે રાજા છે. તેને પદ્મશેખર નામનો પુત્ર છે મહોન્મત્ત હાથીની જેમ મર્યાદાસ્તંભનું ઉન્મૂલન કરીને

मर्यादास्तम्भमुन्मूल्य, महान् मत्त इव द्विपः ।
देवो सोमाभिधां[१] कामात्, प्रार्थयामास पद्मकः ॥७७॥

अग्राह्यनामा नष्टः स, चण्डकादङ्गरक्षकात् ।
तस्मादिदं बलं भद्र !, प्रेषितं दिक्षु सर्वतः ॥७८॥

अन्यच्च मामकं नाम, कथं विज्ञातवानसि ? ।
पद्मोऽप्युवाच त्वद्वस्त्राञ्चलाऽक्षरविलोकनात् ॥७९॥

ततः पद्मो महाटव्या, निःससार भवादिव ।
भुजङ्गकृतखर्वत्वं, चिन्तयन् जीवनौषधम् ॥८०॥

---

કામવશ થઈ પદ્મશેખરે સોમા રાણી પાસે અયોગ્ય પ્રાર્થના કરી (૭૬)

પછી રાજાને તે વાતની ખબર પડતાં જેનું નામ અગ્રાહ્ય છે. એવા તે પદ્મકુમારને ચંડ નામના અંગરક્ષકને સોંપવામાં આવ્યો. (૭૭)

તેની પાસેથી છળ કરીને તે ભાગી ગયો છે, હે ભદ્ર ! તેને પકડવાને માટે રાજાએ સર્વદિશાઓમાં આ પ્રમાણે લશ્કર મોકલ્યું છે. (૭૮)

વળી વિશેષમાં તને પૂછવાનું એ છે કે – તું મારૂં નામ શાથી જાણી શક્યો ? એટલે પદ્મ બોલ્યો કે :- તારા વસ્ત્રને છેડે લખેલ અક્ષરો જોવાથી ! (૭૯)

આ પ્રમાણે જવાબ આપીને સર્પે કરેલા પોતાના વામનપણાને જીવનના ઔષધરૂપ માનતો પદ્મકુમાર સંસારસમાન એ મહાઅટવીથી બહાર નીકળ્યો (૮૦)

---

१. यशोमतीं इति अपपाठः ।

तस्याविनिर्गतः पद्मः, प्राप शोभापुरं पुरम् ।
इतश्च चण्डो मार्तण्डो, नभोमध्यं व्यगाहत ॥८१॥

नखम्पचासु धूलीषु, दुःसञ्चारेषु वर्त्मसु ।
बिभ्राणेष्विव निक्षिप्तकारीषानलविभ्रमम् ॥८२॥

हर्षादध्ययनस्थानाद्, गृहीत्वा पुस्तकावलीम् ।
बठरच्छात्रवर्गेषूत्तिष्ठत्सु निजकासनात् ॥८३॥

मार्गभ्रमपरिश्रान्तः, क्षुधाक्षामकडेवरः ।
सुष्वाप सहकारस्य, च्छायायां पद्मशेखरः ॥८४॥

इतश्चागत्य तत्पादाङ्गुष्ठं चञ्चन्नखप्रभम् ।
अचालयत् कराग्रेण, नरः कश्चिद् महामनाः ॥८५॥

---

અને શોભાપુર નામના નગરમાં આવ્યો. તેવામાં પ્રચંડ તાપ વર્ષાવતો સૂર્ય આકાશના મધ્યભાગમાં આવ્યો. (૮૧)

**શોભાપુરનગરમાં આગમન, સહકારવૃક્ષ તળે શયન.**

એવામાં મધ્યાહ્નકાળ થવાથી ધૂળ બહુ જ ગરમ થઈ ગઈ એટલે જાણે માર્ગમાં છાણાનો અગ્નિ પાથર્યો હોય તેમ સર્વ રસ્તા દુઃસંચાર થઈ ગયા. (૮૨)

તે વખતે પાઠશાળામાંથી પોતાના પુસ્તકો સહિત વિદ્યાર્થીઓ હર્ષપૂર્વક આસનપરથી ઊઠી પોતપોતાના ઘર તરફ જતા હતા. (૮૩)

તે સમયે માર્ગના ભ્રમણથી પરિશ્રાંત થયેલો અને ક્ષુધાથી ક્ષીણ થઈ ગયેલો પદ્મશેખર એક સહકારવૃક્ષની છાયામાં સૂઈ ગયો. (૮૪)

તેને અલ્પ સમય થયો તેવામાં કોઈ મહાશયે આવીને પોતાના

अथ निद्रां परित्यज्योपाविक्षत् पद्मशेखरः ।
कस्त्वं भवान् कथं निद्राविद्रावणपरोऽसि मे ? ॥८६॥

सोऽप्युवाच महाभाग !, पुरं शोभापुराभिधम् ।
अत्रास्ति भूपतिः सोमः, सोमान्वयविभूषणम् ॥८७॥

तस्याहं सचिवाधीशः, सुबुद्धिर्नाम सन्मते ! ।
मम राज्यभरं राजा, न्यस्तवान् धुर्यवच्चिरम् ॥८८॥

भद्र ! सोमनृपो देवादाक्रान्तोऽस्ति रुजा भृशम् ।
यत्र मन्त्र इवाऽकर्णे, निष्फला औषधक्रियाः ॥८९॥

હાથથી ઝગમગતી નખની પ્રભાવાળા તેના પગના અંગુઠાને હલાવ્યો. (૮૫)

એટલે નિદ્રાનો ત્યાગ કરીને તે બેઠો થયો અને કહેવા લાગ્યો કે :- તમે કોણ છો ? અને મારી નિદ્રાનો ભંગ કરવા શા માટે તૈયાર થયા છો ? (૮૬)

## વ્યાધિગ્રસ્ત શોભાપુર રાજાનું પરલોકગમન.
## દૈવીકૃપાથી પદ્મશેખર કરે રાજ્યપાલન.

તે મહાશય બોલ્યો કે :- "હે મહાભાગ ! આ શોભાપુરમાં સોમ(ચંદ્ર) વંશના ભૂષણરૂપ સોમનામે રાજા છે. (૮૭)

હે સન્મતે ! તેનો હું સુબુદ્ધિ નામે મુખ્યપ્રધાન છું. રાજાએ ચિરકાળથી વૃષભથી જેમ રાજ્યનો ભાર મને સોંપ્યો છે. (૮૮)

હે ભદ્ર ! દૈવયોગે તે રાજા હાલ રોગથી બહુ જ ઘેરાઈ ગયો છે. બધિરની પાસે મંત્રોચ્ચારની જેમ હવે તેને માટે કરવામાં આવતા ઔષધોપચાર સર્વ નિષ્ફળ થાય છે. (૮૯)

રાજાના આવા દુશ્ચિકિત્સ્ય વ્યાધિને જોઈને ચિંતાતુર થયેલા

दुश्चिकित्स्यनृपव्याधिवीक्षणाच्चिन्तयाऽऽकुलः ।
अहं निर्गमयामास, दिनं संवत्सरोपमम् ॥९०॥

निशायामद्य निद्राणे, मयि काचन देवता ।
एवमादेशयामास, मा मा चिन्तातुरो भव ॥९१॥

यः प्रातः सहकारस्य, च्छायायां मार्गखेदतः ।
शयितं वीक्षसे राज्ये, तं भद्र ! विनिवेशयेः ॥९२॥

पद्मशेखर इत्यस्य, नाम स्थाममनोहरम् ।
यस्माद् राज्यश्रियो वृद्धिः, संभविष्यति निश्चितम् ॥९३॥

सत्याकर्तुमहं मन्ये, भवदागमनोत्सवः ।
समायातोऽसि नो भाग्यैः, पाहि राज्यमखण्डितम् ॥९४॥

---

એવા મારા દરેક દિવસ વરસ સમાન જાય છે. (૯૦)

આજે રાત્રે હું નિદ્રાવશ થતાં કોઈ દેવીએ આવીને મને કહ્યું કે :- "હે ભદ્ર ! તું વધારે ચિંતા ન કર, (૯૧)

પ્રાતઃકાળે માર્ગના શ્રમથી સહકારની છાયામાં જેને તું સૂતેલો જુવે, તેને તારે લઈ આવીને રાજ્ય ઉપર બેસાડવો. (૯૨)

તેજથી મનોહર એવા તે માણસનું નામ પદ્મશેખર છે. અને તેનાથી તમારી રાજ્યલક્ષ્મીની અવશ્ય વૃદ્ધિ થનાર છે. (૯૩)

હે ભદ્ર ! તે વાતની સત્યતા જોવાને માટે મારૂં અહીં આવવું થયું છે. અને અમારા ભાગ્યથી જ આપ અહીં પધાર્યા જણાવો છો. માટે હવે નગરમાં આવીને આ અખંડિત રાજ્યનું પાલન કરો. (૯૪)

એ વખતે પોતાના શરીરની પાછી સ્વાભાવિક આકૃતિ થઈ

ततः पद्मो निजं दृष्ट्वा, वपुर्नैसर्गिकाकृति ।
अचिन्तयदहो ! कीदृक्, पुण्योदयविजृम्भितम् ? ॥९५॥

अथ राज्येऽसकौ न्यस्तो, भूपोऽभूत् पद्मशेखरः ।
**पुण्यानि सहचारीणि, विदेशेऽपि महात्मनाम्** ॥९६॥

इतश्च तत्रैव पुरे, परकर्मोपजीवकः ।
महोदराख्यया ख्यातः, समभूत् कुलपुत्रकः ॥९७॥

विज्ञातनिष्फलोपायोऽसुकृताद्वैतमावहन् ।
उपवासान् वितन्वानः, पद्रदेव्याः पुरोऽपतत् ॥९८॥

महाशक्त्योपवासेषु, कृतेषु निशि देवता ।
प्रादुरासीत् पुरस्तस्य, दीप्यमाना तनुद्युता ॥९९॥

ગયેલી જોઈને પદ્મકુમાર વિચારવા લાગ્યો કે :- **'અહો ! પુણ્યોદયની કેવી લીલા છે.'** (૯૫)

પછી પદ્મશેખર તે વાત સ્વીકારી એટલે તેને રાજમહેલમાં લઈ જઈ રાજ્યાસન ઉપર બેસાડી રાજા બનાવવામાં આવ્યો. **'વિદેશમાં પણ પુણ્ય તો મહાત્માઓની સાથે જ હોય છે.'** (૯૬)

## કુલપુત્રે કરેલી પદ્ર(પાદરદેવ)દેવીની ઉપાસના.

હવે તે જ નગરમાં પરાધીન થઈને પોતાનું જીવન ગુજારનાર અને મહોદય નામથી વિખ્યાત કોઈ કુલપુત્ર રહેતો હતો. (૯૭)

ધનની પ્રાપ્તિને માટે તેણે કરેલા સર્વ ઉપાયો નિષ્ફળ થયેલા હોવાથી અસુકૃતની (દુષ્કૃત) સાથે અદ્વૈતભાવને ધારણ કરતો અને ઉપવાસો આચરતો એવો તે પદ્રદેવી (ગામના પાદરની દેવી) આગળ આવીને એક દિવસ બેઠો. (૯૮)

એટલે મહાશક્તિ પૂર્વક ઉપવાસો કરતાં એકદા રાત્રે પોતાના

वरं वृणु महाभाग !, तुष्टाऽहं तव साहसात् ।
सुस्वप्नेक्षणवद् मोघं, नाऽस्माकं दर्शनं यतः ॥१००॥

यदि तुष्टाऽसि पद्रेशे !, स्वर्णलक्षं प्रयच्छ मे ।
अन्यथा मम वाञ्छाद्रुर्गतमूलः पतिष्यति ॥१०१॥

स्मित्वा पद्रेश्वरी प्रोचे, स्वर्णलक्षं न संनिधौ ।
ममास्ति भद्र ! किन्तूच्चैरुपायं दर्शयामि ते ॥१०२॥

अथाभ्यधादसौ देवीमुपायं प्रकटीकुरु ।
न किं कलान्तराकृष्टाद्, वित्ताद् वित्तमुपार्ज्यते ? ॥१०३॥

---

શરીરની કાંતિથી દેદીપ્યમાન એવી તે દેવી તેની આગળ પ્રગટ થઈને બોલી કે :- (૯૯)

'હે મહાભાગ ! તારા સાહસથી હું સંતુષ્ટ થઈ છું માટે વરદાન માંગ. કારણ કે સુસ્વપ્નની જેમ અમારૂં દર્શન નિષ્ફળ જતું નથી.' (૧૦૦)

એટલે કુલપુત્ર બોલ્યો કે :- 'હે દેવી ! જો તું સંતુષ્ટ થઈ હોય તો મને એકલાખ સોનામહોર આપ. નહિંતર મારૂં વાંછારૂપ (ઇચ્છા)વૃક્ષ મૂળરહિત થઈને પડી જશે.' (૧૦૧)

એટલે પદ્રદેવી ઉપયોગ દઈને બોલી કે :- 'હે ભદ્ર ! લક્ષ સોનામહોર મારી પાસે નથી. પણ હું તને તેની પ્રાપ્તિનો ઉપાય બતાવું.' (૧૦૨)

તે બોલ્યો કે :- 'તો ઉપાય બતાવો. કારણ કે કળાંતરથી અન્ય કળાઓ દ્વારા મેળવેલ ધનથી શું બીજું ધન ઉપાર્જન થઈ શકતું નથી ? (૧૦૩)

એટલે તે દેવી બોલી કે :- 'પુરુષાકાર એવું આ માટીનું

गृहाण पुरुषाकारं, नरं मृत्स्नामयं तनु ।
दारिद्र्यमस्य नामेति, दुःस्थितादयितान्वितम् ॥१०४॥

स्मित्वा स्मित्वाऽवददसौ, देवि ! प्रणतवत्सले ! ।
दारिद्र्यस्य प्रसादेन, प्राप्त एतादृशीं दशाम् ॥१०५॥

अनेन निधनेनेव, न मे कार्यं कदाचन ।
यास्यामि निजसंस्त्यायं, लाभो मम तपस्यभूत् ॥१०६॥

पुनरप्यवदद् देवी, कश्चिदेनं विनिश्चितम् ।
ग्रहीता स्वर्णलक्षेण, दधानः सत्त्वमद्भुतम् ॥१०७॥

પુતળું કે જેની પાસે તેની દુઃસ્થિત પત્ની બેઠેલી છે. તે તું લે. તે પુરુષનું દારિદ્રય એવું નામ રાખજે. અને જે લક્ષ સુવર્ણ આપે તેને તું વેચજે.' (૧૦૪)

**દારિદ્રપુરુષ મસ્તકે ઉપાડી નગરમાં ભમે.**

**કઠોરવચન સુણતા તેને રાજા દેખે.**

આ પ્રમાણે સાંભળીને ખૂબ હસીને બોલ્યો કે :- 'હે પ્રણતવત્સલા દેવી ! એ દારિદ્ર્યના પ્રસાદથી જ મને એવી દશાપ્રાપ્ત થઈ છે. (૧૦૫)

માટે સાક્ષાત્ મૃત્યુતુલ્ય એવા એની સાથે મારે કદાપિ કંઈ પણ પ્રયોજન નથી. હું મારા સ્થાને ચાલ્યો જઈશ. મને તપનો લાભ થયો એટલું જ બસ છે.' (૧૦૬)

એટલે દેવી પુનઃ બોલી કેઃ- 'હે ભદ્ર ! અદ્ભુત સત્ત્વને ધારણ કરનાર કોઈ પુરુષ એને લક્ષ સુવર્ણ આપીને જરૂર ખરીદશે. (૧૦૭)

અને કદાચ કોઈ ન ખરીદે તો હું તને લક્ષ સુવર્ણ અવશ્ય

नो चेत् तुभ्यं प्रदास्यामि, स्वर्णलक्षमसंशयम् ।
पुत्रस्येव तवानेन, न कुर्वे विप्रतारणम् ॥१०८॥

आदेशप्रमितिर्मेऽस्तु, निगद्येति स पूरुषः ।
दारिद्र्यपुरुषं मूर्ध्नि, न्यस्याऽस्माद् निरगाद् नरः ॥१०९॥

किमिदं लभ्यते भद्र !, पृष्टे सति पुरीजने ।
दारिद्र्यं स्वर्णलक्षेण, प्राप्यते दयितान्वितम् ॥११०॥

हा ! पाप ! पाप ! हा ! तापकारणं सुखवारणम् ।
गृहीतं किमिदं गाढक्रोशायैतत् क्रयाणकम् ? ॥१११॥

इत्थं पौरजनोद्गीर्णं, शृण्वानो वाक्यताण्डवम् ।
पर्यभ्राम्यदसौ पुर्यां, भूतार्त इव सर्वतः ॥११२॥

---

આપીશ. પુત્રતુલ્ય એવા તને હું આ પ્રયોગથી છેતરતી નથી.' (૧૦૮)

પછી આપની આજ્ઞા પ્રમાણ છે. એમ કહીને તે કુલપુત્ર તે દેવીએ આપેલા દારિદ્રય પુરુષને મસ્તક પર લઈને બહાર નીકળ્યો. (૧૦૯)

એટલે નગરીનાં લોકોએ પૂછ્યું કે :- 'હે ભદ્ર ! આ શું છ ? અને શું કિંમત આપવાથી મળી શકે તેમ છે ?' તે બોલ્યો કે :- 'સ્ત્રી સહિત એ દારિદ્ર્યપુરુષ છે અને તે એક લક્ષ સુવર્ણ આપવાથી મળે તેમ છે.' (૧૧૦)

એટલે તેઓ બોલ્યા કે :- 'અરે પાપી ! દુઃખના કારણરૂપ અને સુખના વારણરૂપ એવી આ વસ્તુને ઉલ્ટી નિંદા કરાવવાને માટે તે શા માટે ઉપાડી છે ?' (૧૧૧)

એ રીતે પૌરજનોએ કરેલા વાક્યતાડનને સાંભળતો એવો તે

परिभ्राम्यन् परिभ्राम्यन्, राजसौधमसौ गतः ।
इतश्च तं गवाक्षस्थो, वीक्षाञ्चक्रे क्षितीश्वरः ॥११३॥

तमाश्वाकारयामास, मूर्तव्यसनचक्रवत् ।
सोऽप्यागत्य प्रणत्यैनं, बभाषे योजिताञ्जलिः ॥११४॥

देवैतद् देवतादत्तं, दारिद्र्यं पुरुषाकृति ।
न केनापि गृहीतं तद्, दधता सत्त्वमद्भुतम् ॥११५॥

अस्मिन् सत्त्वविनिर्मुक्ता, वसन्ति पुरवासिनः ।
असात्त्विकं पुरं सर्वमिदं स्वामिन् ! त्वया विना ॥११६॥

इत्थं तस्य वचः श्रुत्वा, बभाषे नरपुङ्गवः ।
अर्पयाऽमुं गृहाण त्वं, स्वर्णलक्षं निजं यथा ॥११७॥

---

કુલપુત્ર ભૂતાર્તની જેમ આખી નગરીમાં સર્વત્ર ભમ્યો. (૧૧૨)

ભમતાં ભમતાં તે રાજમહેલ આગળ આવ્યો. એવામાં ગવાક્ષમાં બેઠેલા રાજાએ તેને જોયો. (૧૧૩)

એટલે સાક્ષાત્ વ્યસનના સમૂહરૂપ તેને રાજાએ પોતાની પાસે બોલાવ્યો. તેણે રાજા પાસે આવી પ્રણામ કરી અંજલિ જોડીને કહ્યું કે :- (૧૧૪)

હે દેવ ! દેવતાએ આપેલ આ પુરુષાકાર દારિદ્રય છે. હું તેને વેચવા માટે ફરૂં છું. પણ અદ્ભુત સત્ત્વને ધારણ કરનારા કોઈએ પણ એની ખરીદી ન કરી. (૧૧૫)

હે સ્વામિન્ ! આ નગરીમાં નગરવાસીઓ બધા સત્ત્વહીન લાગે છે. "હે રાજન્ ! એક તમારા વિના આ સમસ્ત નગર નિઃસત્ત્વ છે." (૧૧૬)

આ પ્રમાણે તેના વચન સાંભળીને રાજાએ કહ્યું કે, "હે ભદ્ર !

गृहीते सति दारिद्र्यपुरुषे धरणीभुजा ।
तद्भयादिव मार्तण्डो, ययौ पश्चिमभूधरम् ॥११८॥

दौर्भाग्यमिव दारिद्र्ये, प्रससार तमस्ततिः ।
दूराद् ध्वस्तो दृगालोकः, साधुवाद इव द्रुतम् ॥११९॥

इतश्च स्मेरराजीवं, दधाना करपद्मयोः ।
लक्ष्मीः प्रादुरभूदग्रे, पुण्यक्षीराम्बुधेः सुता ॥१२०॥

देव ! यस्मिन्नयं भद्रः, सुखं खेलति कौतुकी ।
अहं तत्र न तिष्ठामि, **सतीव गणिकौकसि** ॥१२१॥

---

એ પુરુષને આપીને તું લક્ષ સુવર્ણ લઈ લે." (૧૧૭)

એટલે કુલપુત્રે લાખ સોનામહોર લીધી અને રાજાએ તે દારિદ્રય પુરુષ લીધો. એવામાં તેના ભયથી જ હોય તેમ સૂર્ય અસ્ત થયો (૧૧૮)

એટલે દારિદ્રય આવતાં દૌર્ભાગ્ય પ્રસરે તેમ અંધકાર ચારે બાજુ પ્રસરી ગયો. અને સાધુવાદ નાશ પામે તેની જેમ દૃષ્ટિનો પ્રકાશ સત્વર દૂરથી જ ધ્વસ્ત થઈ ગયો. (૧૧૯)

**લક્ષ્મીદેવીનું-આગમન, કરે રાજાને-ઉપાલંભ.**

એ અવસરે પોતાના કરપદ્મમાં વિકસિત કમળને ધારણ કરતી અને પુણ્યરૂપ ક્ષીરસાગરનીપુત્રી એવી લક્ષ્મી રાજાની આગળ પ્રગટ થઈને બોલી કે :- (૧૨૦)

"હે દેવ ! જ્યાં આ ભદ્ર (દારિદ્રય) કૌતુકી બનીને સુખે વિલાસ કરે છે. **ત્યાં ગણિકાના ઘરમાં સતીની જેમ હું રહેતી નથી.** (૧૨૧)

અરે ! આ પુરુષને દાખલ કરીને બળતા ઘેટાને તૃણ અને

अहो ! विदधताङ्केऽहं, सत्य आभानकः कृतः ।
ऊर्णायुः प्रज्वलंस्तार्णपार्णौकसि निविक्षिपन् ॥१२२॥

कार्यं किमपि नो कार्यमविचार्य विचक्षणैः ।
प्रत्यक्षेणाऽनुमानेन, परीक्षा च विधीयते ॥१२३॥

अविचार्य कृते कार्ये, पश्चाद् बुद्धिविचारणम् ।
सेतुबन्धनवद् धिग् धिग्, गतपाथसि भूयसि ॥१२४॥

इत्थमुक्त्वाथ देवी श्रीर्निर्ययौ राजवेश्मनः ।
इतश्चागाद् नरः कोऽपि, पुरस्तात् पृथिवीपतेः ॥१२५॥

अथाभ्युवाच भूपालः, कस्त्वं कस्मात् समागतः ? ।
सोऽप्यूचे देव ! दानाख्यं, पुरुषं मां विचिन्तयेः ॥१२६॥

પર્ણની ઝૂંપડીમાં દાખલ કર્યાની કહેવત તમે સાચી કરી છે. (૧૨૨)

પરંતુ વિચક્ષણજનોએ વિચાર કર્યા વિના કંઈપણ કામ ન કરવું જોઈએ. સર્વ વિષયની પ્રત્યક્ષ યા અનુમાનથી પરીક્ષા કરી શકાય છે. (૧૨૩)

બાકી વિચાર કર્યા વિના કાર્ય કર્યા પછી પાછળથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય છે તે તો બધું પાણી વહી ગયા પછી સેતુબંધ કરવા બરોબર છે." (૧૨૪)

આ પ્રમાણે કહીને લક્ષ્મીદેવી રાજમંદિરમાંથી ચાલી ગઈ. એવામાં કોઈ પુરુષ રાજાની આગળ આવીને ઊભો રહ્યો. (૧૨૫)

એટલે રાજાએ તેને પૂછ્યું કેઃ- "હે ભદ્ર ! તું કોણ છે ! અને ક્યાંથી આવ્યો છે ! તે બોલ્યો કેઃ- "હે દેવ ! હું દાન નામે

यत्र लक्ष्मीरवस्थानं, तनुते सुकृतोदयात् ।
प्रायशस्तत्र तिष्ठामि, **मराल इव मानसे** ॥१२७॥

चिरं स्थितस्तवाऽऽवासे, प्राप्तं लक्ष्मीफलं मया ।
यास्यामो वयमेतर्हि, **स्वस्ति तुभ्यं महात्मने** ॥१२८॥

इत्थं दाननरो भूपं, प्रत्युक्त्वाऽथ श्रियं प्रति ।
चलितो दत्तसंकेत, इव राजनिकेतनात् ॥१२९॥

इतश्चागाद् नरस्तद्वत्, पुरतः पृथिवीभुजः ।
देव ! त्वं विद्धि मां श्लोकनामानं वेगवत्तरम् ॥१३०॥

लक्ष्मीलताफलं यत्र, देव ! दानं विजृम्भते ।
तत्राहं सततं कुर्वेऽवस्थानं गुणबद्धवत् ॥१३१॥

---

પુરુષ છું. (૧૨૬)

સુકૃતોદયથી જ્યાં લક્ષ્મી નિવાસ કરે છે ત્યાં જ માનસરોવરમાં હંસની જેમ પ્રાયઃ હું પણ નિવાસ કરું છું. (૧૨૭)

તમારા આવાસમાં ચિરકાળ રહીને મેં લક્ષ્મીનું ફળ મેળવ્યું છે. હવે લક્ષ્મી જાય છે તેથી હું પણ જઈશ." હે મહાત્મન્ ! તમારૂં કલ્યાણ થાઓ. (૧૨૮)

આ પ્રમાણે રાજાને કહીને જાણે સંકેત કર્યો હોય તેમ તે પણ રાજમંદિરમાંથી લક્ષ્મીની પાછળ ચાલ્યો ગયો. (૧૨૯)

ત્યારપછી રાજાની આગળ કોઈ બીજાપુરુષે પ્રકટ થઈને કહ્યું કે :- "હે દેવ ! હું બહુ જ વેગશાળી યશ છું (૧૩૦)

અને જ્યાં લક્ષ્મીરૂપ લતાના ફળરૂપ દાન વિલાસ કરે છે. ત્યાં ગુણથી બંધાયેલાની જેમ હું સતત સ્થિતિ કરૂં છું. (૧૩૧)

હવે જ્યારે લક્ષ્મી અને ધન જાય છે ત્યારે હું (યશ) પણ

तूष्णींभाजि महीनाथे, श्लोकनामा नरः क्षणात् ।
तत्तु पादाभ्यामचलत्, तदाहूत इवोच्चकैः ॥१३२॥

इतश्च चण्डकोदण्डं, दोर्दण्डे कलयन् कलम् ।
प्रादुर्बभूव मनुजः, कोऽपि कार्तस्वराकृतिः ॥१३३॥

कस्त्वं भवसि भूपेन, पृष्टे सति महात्मना ? ।
सोऽभाषिष्ट वचश्चारु, रूप्यघर्घरनिस्वनः ॥१३४॥

भूपते ! सत्त्वनामानं, मां विद्धि नररूपिणम् ।
श्रियं प्रति प्रयातास्मि, न स्थास्यामि तवान्तिके ॥१३५॥

विहस्येत्यगदद् राजा, त्वां समुद्दिश्य चित्तगम् ।
गृहीतमिदमुद्दामं, दारिद्र्यं दयितान्वितम् ॥१३६॥

---

જાઉં છું.” આ પ્રમાણે સાંભળીને રાજા ક્ષણભર મૌન ધરી રહ્યો.

એટલામાં તો જાણે ઉંચે સ્વરે બોલાવેલો હોય તેમ તે યશપુરુષ પણ લક્ષ્મી અને દાનને પગલે ચાલતો થયો. (૧૩૨)

**સત્ત્વે પલાયન થવાની કરેલી માંગણી.**

**રાજાએ આપેલ પ્રત્યુત્તર.**

ત્યારપછી પોતાના બાહુદંડમાં પ્રચંડ અને મનોહર ધનુષ્યને ધારણ કરતો અને સુવર્ણ જેવી આકૃતિવાળો કોઈ પુરુષ રાજા આગળ પ્રગટ થયો. (૧૩૩)

એટલે રાજાએ તેને પૂછ્યું કે :-‘હે ભદ્ર! તું કોણ છે. એટલે રૂપાની કિંકીણીઓમાંથી નીકળતા સુંદરસ્વરથી તે બોલ્યો કે- (૧૩૪)

હે રાજન્ ! હું નરરૂપધારી સત્વ છું અને મારે લક્ષ્મીની પાછળ જવું છે. તારી પાસે રહેવું નથી.’ (૧૩૫)

એટલે રાજાએ હસીને કહ્યું કે, ‘હે ભદ્ર ! તું મારા ચિત્તમાં

श्रीर्यातु यातु दानं च, यातु श्लोकोऽपि लोकतः ।
न ते गमनमाजीवमनुमन्यामहे वयम् ॥१३७॥

सर्वेऽप्यर्थास्त्वयि सति, प्राप्यन्ते पाणिपङ्कजे ।
न नरस्त्वां विना भाति, वक्ता निर्लक्षणो यथा ॥१३८॥

**अर्थास्तावद् गुणास्तावत्, तावत् कीर्तिः समुज्ज्वला ।**
**यावत् खेलसि सत्त्व ! त्वं, चित्तपत्तनमध्यगः ॥१३९॥**

निशम्येदमुवाचाथ, सत्त्वनामा महामतिः ।
देव ! स्थास्यामि यौष्माकगुणसंबन्धबद्धधीः ॥१४०॥

इतोऽभाणि श्रिया देव्या, हंहो ! दान ! नरोत्तम ! ।
नैवाद्यापि समायाति, सत्त्वनामा महाबलः ॥१४१॥

---

જાગૃત હોવાથી મેં જે ઉદ્દામ અને દયિતાયુક્ત દારિદ્રય મૂર્તિનો સ્વીકાર કર્યો છે. (૧૩૬)

ભલે લક્ષ્મી, દાન અને લોકોમાંથી યશ પણ ચાલ્યો જાઓ પણ જીવન પર્યંત તારૂં ગમન હું સ્વીકારી શકુ તેમ નથી. (૧૩૭)

તારી હાજરીમાં બધા અર્થો કરકમળમાં પ્રાપ્ત થઈ શકે છે. પણ તારા વિના નિર્લક્ષણ વક્તાની જેમ પુરુષ શોભતો નથી. (૧૩૮)

વળી હે સત્ત્વ ! જ્યાં સુધી તું ચિત્તરૂપ નગરમાં વિલાસ કરે છે, ત્યાં સુધીજ લક્ષ્મી ગુણો અને સમુજ્જવલ કીર્તિ છે." (૧૩૯)

આ પ્રમાણે સાંભળીને મહામતિ સત્ત્વે કહ્યું કે :- "હે દેવ ! હું તમારા ગુણસંબંધથી બંધાયેલો છું માટે હવે અહીં રહીશ." (૧૪૦)

**રાજાના સત્ત્વથી ત્રણેનું આગમન.**

એટલે દૂર ઊભેલી લક્ષ્મીદેવીએ દાનને કહ્યું કેઃ- "હે નરોત્તમ

वयमेकाकिनः सर्वे, तमेकं पुरुषं विना ।
**लोचनं हि विना सर्वमङ्गोपाङ्गं हि पङ्गुवत् ॥१४२॥**

ततो दाननरोऽचालीदाह्वातुं सत्त्वपूरुषम् ।
नृपपार्श्वं समागत्य, दृष्ट्वाऽमुं तत्र संस्थितः ॥१४३॥

अनायाते नरे दाने, दध्यौ लक्ष्मीः स्वचेतसि ।
बन्दिग्राहेण मां कश्चिद्, ग्रहीता गतयामिकाम् ॥१४४॥

अथ श्लोकेन सा साकं, समागत्य नृपाग्रतः ।
उवाच देवी भूपालं, दीप्यमाना रदद्युता ॥१४५॥

देवाऽहं पद्मदेव्यस्मि, त्वत्पुरद्वारवासिनी ।
मत्सखी चन्द्रभागाऽस्मि, चन्द्रज्योत्स्नेव निर्मला ॥१४६॥

---

દાન ! હજુ પણ મહાબળવાન સત્ત્વ આવતો નથી, (૧૪૧)

અને તે એક પુરુષ વિના આપણે બધા લોચન વિનાના સર્વ અંગોપાંગની જેમ પંગુ સમાન છીએ." (૧૪૨)

એટલે દાન સત્ત્વપુરુષને બોલાવવા આવ્યો. તેને રાજાની પાસે બેઠેલો જોઈને તે પણ ત્યાં બેસી ગયો. (૧૪૩)

પછી દાન પાછો ન આવ્યો એટલે લક્ષ્મીએ પોતાના મનમાં વિચાર કર્યો કે :- "યામિક (પહેરગીર) વિનાની બંદીવાનની જેમ મને કોઈ પકડી જશે." (૧૪૪)

એમ વિચારીને યશસહિત રાજા પાસે આવીને પોતાની દંતપંક્તિની દેદિપ્યમાન તે દેવી રાજાને કહેવા લાગી કે :- (૧૪૫)

'હે દેવ ! તારા નગરના દ્વાર પાસે રહેનારી હું પદ્મદેવી છું.

---

१. संबोधनम् ।

तयाऽभाणि विहस्येदं, तव नव्यस्य भूपतेः ।
किं यदस्तितरां सत्त्वं, राज्यश्रीप्रतिभूनिभम् ? ॥१४७॥

ततो दारिद्र्यनामाऽयं, मया चक्रेतरां नरः ।
तव सत्त्वपरीक्षायै, महासत्त्वशिरोमणेः ॥१४८॥

वरं वृणु महाभाग !, तुष्टाहं तव साहसात् ।
अथोवाच नृपो देवि !, हृषिताऽसि यदि स्फुटम् ॥१४९॥

शत्रोरमारकं राज्यलक्ष्मीवृद्धिनिबन्धनम् ।
वरं प्रयच्छ मे देवि !, यदि तुष्टासि सत्त्वतः ॥१५०॥

अथ तस्मै ददौ देवी, दिव्यरत्नं स्फुरत्प्रभम् ।
अस्मिन् बद्धे धनुर्दण्डे, निद्रात्यरिबलं रणे ॥१५१॥

---

ચંદ્રની જ્યોત્સ્ના જેવી નિર્મળ ચંદ્રભાગા નામે મારી સખી છે. (૧૪૬)

તેણે એકવાર હસીને મને કહ્યું કે :-હે સખી ! તારા નવા રાજામાં રાજ્યશ્રીનાં જામીનરૂપ એવું કંઈ વિશિષ્ટ સત્ત્વ છે કે નહીં ? (૧૪૭)

એટલે મહાસત્ત્વશિરોમણિ એવા તારી પરીક્ષા કરવા માટે મેં આ દારિદ્ર્ય નામે પુરુષ બનાવ્યો. (૧૪૮)

હવે હે મહાભાગ ! વર માંગ, હું આ તારા સાહસથી સંતુષ્ટ થઈ છું. રાજા બોલ્યો કે :- "હે દેવી ! જો તું સાક્ષાત્ પ્રસન્ન થઈ હોય અને મારા સત્ત્વથી ખરેખરી સંતુષ્ટ થઈ હોય તો (૧૪૯)

કોઈ શત્રુને મારે મારવા ન પડે અને રાજ્યલક્ષ્મીની વૃદ્ધિ થાય એવું મને વરદાન આપ." (૧૫૦)

એટલે દેવીએ તેને સ્ફુરાયમાન પ્રભાવાળું એક દિવ્યરત્ન

अथो तिरोदधे देवी, तत्सत्त्वालोकविस्मिता ।
राजापि नितरां दध्रे, परमामोदसंपदम् ॥१५२॥

अथान्येद्युर्यशो नाम, दूत एत्य व्यजिज्ञपत् ।
देव ! चन्द्रकलापुर्यां, भूमीनाथः परन्तपः ॥१५३॥

तस्य सोमाङ्गभूः सूरः, पद्मो यशोमतीभवः ।
भुजाविव समप्राणावभूतां तनुसंभवौ ॥१५४॥

कैतवेन विनिक्षिप्तः, सोमया पद्मशेखरः ।
तद्वियोगेन भूपालः, परलोकमुपेयिवान् ॥१५५॥

बभूव तत्पदस्वामी, सूरः सोमासमुद्भवः ।
सोऽपि त्वद्देशभागेषु, समागाच्च युयुत्सया ॥१५६॥

---

આપ્યું, કે જેને ધનુષ્યદંડ સાથે બાંધતાં તેને જોવામાત્રથી જ શત્રુસૈન્ય સમરાંગણમાં મૂર્ચ્છિત થઈ જાય. (૧૫૧)

આવું શ્રેષ્ઠ રત્ન આપીને તેના સત્ત્વથી વિસ્મત થયેલી દેવી અદશ્ય થઈ ગઈ અને રાજા પણ નિરંતર પરમ પ્રમોદને ધારણ કરવા લાગ્યો. (૧૫૨)

## પરંતપ રાજવીના પુત્ર સૂરનું યુદ્ધાર્થે આગમન.

એકવાર યશ નામના દૂતે આવીને વિજ્ઞપ્તિ કરી કે :- "હે દેવ ! ચંદ્રકલા નગરીમાં પરંતપ નામે રાજા રાજ્ય કરે છે. (૧૫૩)

તેને સોમારાણીનો અને યશોમતી રાણીનો સૂર, પદ્મ એ બે પોતાની ભુજા સમાન અત્યંત પ્રાણપ્રિય પુત્ર છે. (૧૫૪)

એકવાર સોમાએ કપટથી પદ્મશેખરને મરાવી નાંખ્યો. એટલે તેના વિયોગથી રાજા મરણને શરણ થયો. (૧૫૫)

પછી સોમાનો પુત્ર સૂર રાજ્યનો સ્વામી થયો. તે તમારા

सहजं कृत्रिमं वापि, यत्तु वैरं समं मया ।
तदहं वेद्मि नः स्वामिन् !, गूढमन्त्रः स भूपतिः ॥१५७॥

सोऽयं भवानिवाऽऽकृत्या, लक्ष्यतेऽलक्ष्यतेजसा ।
युवयोर्न तिलेनापि, भेदः क्षीराम्बुनोरिव ॥१५८॥

तत्क्षणं कणिकागुप्यद्दुर्वादिभिरनेकशः ।
व्यानशे नगरीबाह्यप्रदेशोऽङ्गीव कर्मभिः ॥१५९॥

बभूवुर्मण्डलाधीशाः, सर्वसन्नहनोद्यताः ।
जहृषुर्वीरभोगीणबाहवो बाहुसंभवाः ॥१६०॥

विन्ध्याद्रिभूरिवाऽऽभाति, निर्यद्भिर्भूर्मतङ्गजैः ।
हयैश्च सिन्धुवाह्लीकाऽऽकरनिर्मितवद् भृशम् ॥१६१॥

---

દેશના સીમાડા ઉપર યુદ્ધ કરવા આવ્યો છે." (૧૫૬)

એટલે રાજાએ પૂછ્યું કે, મારી ઉપર તે સ્વાભાવિક કે કૃત્રિમ કેવા પ્રકારનું વેર ધરાવે છે ? તે બોલ્યો કે, :- "હે સ્વામિન્ ! અમારો તે રાજા બહુ જ ગુપ્તવિચારણા કરનારો છે. (૧૫૭)

પરંતુ તે તેજમાં અલક્ષ્ય અને આકૃતિમાં બિલકુલ આપના જેવો લાગે છે. ભેગા થયેલા ક્ષીરનીરની જેમ તમારા અને તેનામાં એક તિલમાત્ર પણ ભેદ જોવામાં આવતો નથી." (૧૫૮)

પછી જીવ જેમ કર્મથી વ્યાપ્ત થાય છે તેમ રાજાની આજ્ઞાથી બેસીને પગાર-ખાનારા અનેક સુભટો નગરીના બાહ્યપ્રદેશમાં ભેગા થયા. (૧૫૯)

મંડલેશ્વરો બખ્તરો પહેરવા લાગ્યા. સુભટોનો ભોગ લેનાર બાહુબળી ક્ષત્રિયો હર્ષ પામવા લાગ્યા. (૧૬૦)

વળી બહાર નીકળતા હાથીઓથી તે ભૂમિ વિંધ્યાચલની ભૂમિ

सुषमाकालजातैर्वा, पत्तिभिश्च पदे पदे ।
रथैरनेकनिष्पन्नप्रद्योतनरथैरिव ॥१६२॥

प्रयाणैरुत्प्रयाणैश्च, बहुभिः पद्मशेखरः ।
स्वकीयदेशसीमस्थः, समभूद् भूरिसैन्यवान् ॥१६३॥

सूरोऽपि निकटीभूय, तस्थिवान् बलमेदुरः ।
आवाससंस्थया बिभ्रत्, सार्वभौमबलश्रियम् ॥१६४॥

संजग्माते क्रमेणाऽथ, सेनाम्भोधी महारयौ ।
स्वनत्समरतूर्यालीगम्भीररवभीषणौ ॥१६५॥

---

જેવી ભાસવા લાગી. (૧૬૧)

જાણે સુષમાકાળમાં ઉત્પન્ન થયા હોય તેવા પદાતિઓથી, અને જાણે તૈયાર કરેલા સૂર્યના રથો જેવા રથોથી તેના રાજ્યની ભૂમિ ચારેતરફ વ્યાપ્ત બની ગઈ. (૧૬૨)

પછી ચતુરંગસેના સહિત પ્રયાણ ઉપર પ્રયાણ કરતાં ઘણા પ્રયાણ વડે બહુસૈન્યયુક્ત પદ્મશેખર રાજા પોતાના દેશના સીમાડા ઉપર આવ્યો. (૧૬૩)

## બંનેના સૈન્યનું પરસ્પર યુદ્ધ.

એટલે આવાસ સ્થિતિથી ચક્રવર્તીની સંપત્તિને ધારણ કરતો અને બળથી મદોન્મત્ત એવો સૂર રાજા પણ તેની સામે આવ્યો. (૧૬૪)

પછી અનુક્રમે શબ્દ કરતા રણવાજીંત્રોના ગંભીરનાદથી ભયંકર અને મહાવેગશાળી એવા તે બંને સૈન્યરૂપ સમુદ્ર એકત્ર મળ્યા. (૧૬૫)

અને યોદ્ધા યોદ્ધાઓની સાથે, હાથીઓ હાથીઓની સાથે,

गजा गजैरयुध्यन्त, योधा योधै रथा रथैः ।
दन्तादन्ति खड्गाखड्गि, तुण्डातुण्डि यथाक्रमम् ॥१६६॥

रजोराज्याऽम्बरे छन्ने, घण्टानादैर्महागजाः ।
सुभटैरन्वमीयन्त, प्रोद्गारैरिव भोजनम् ॥१६७॥

मुद्गरैः केऽपि पात्यन्ते, पवनैरिव पादपाः ।
अधावन् केचनोदग्रा, उद्दन्ता इव दन्तिनः ॥१६८॥

पद्मशेखरभूपालबलं निर्बलतां गतम् ।
सूरभूमीपतेः सैन्यसन्निपातेन सर्पता ॥१६९॥

दत्तं देवतया रत्नं, कोदण्डे पद्मशेखरः ।
ध्वान्ताधायि परबले, वंशे ध्वजमिवादधे ॥१७०॥

---

રથો રથોની સાથે, દંડાદંડી, ખડ્ગાખડ્ગી, મુષ્ટામુષ્ટિ એમ અનેક રીતે યુદ્ધ કરવા લાગ્યા. (૧૬૬)

એ વખતે આકાશ રજશ્રેણીથી વ્યાપ્ત થઈ જતાં એકબીજાની દૃષ્ટિએ નહીં પડવાથી ઉદગારથી (ઓડકાર) ભોજનની જેમ સુભટો ઘંટાનાદથી હાથીઓનું અનુમાન કરી શકતા હતા. (૧૬૭)

પવનથી વૃક્ષોની જેમ કેટલાક સુભટો મુદ્ગરોથી પતિત થતા હતા. કેટલાક મોટા દાંતવાલા હાથીઓની જેમ આવેશમાં આવીને દોડતા હતા. (૧૬૮)

અનુક્રમે નજીક આવતા સૂરરાજાના સૈન્યના પ્રબળ ઘસારાથી પદ્મશેખરનું સૈન્ય નિર્બળ થઈ ગયું. (૧૬૯)

એટલે પદ્મશેખર રાજાએ શત્રુના બળને પરાજિત કરનાર અને દેવતાએ આપેલા પેલા રત્નને વાંસપર ધ્વજા બાંધે તેમ પોતાના ધનુષ્યદંડ પર ચડાવ્યું. (૧૭૦)

अथाऽवष्टभ्य कोदण्डे, स्वदोर्दण्ड इवाऽर्पिते ।
निद्रन्ति स्म भटाः सौमाश्चिरं भ्रान्ताऽध्वगा इव ॥१७१॥

केचिद् रथेषु रथिनस्तल्पेषु रचितेष्विव ।
प्रसार्य चरणद्वन्द्वं, शेरते स्म रणाङ्गणे ॥१७२॥

केषां पाणितलादस्त्र, ह्रियेव गलितं ततः ।
**पूर्वाधीतं यथा शास्त्रमिव स्मरणवर्जनात् ॥१७३॥**

तुरगा अपि निद्रान्ति, किञ्चिन्मीलितलोचनाः ।
ऊर्ध्वस्था नवमुद्गानां, स्वेच्छया खादनादिव ॥१७४॥

अथो पद्मगहीपालो, नियम्य निजबान्धवम् ।
सूरं निजे रथे न्यस्यत्, गुम्फेऽर्थमिव सत्कविः ॥१७५॥

---

એટલે અર્પિત કરેલા પોતાના બાહુદંડ હોય તેવા ધનુષ્યદંડને જોઈને ચિરકાળથી ભમતા મુસાફરો નિદ્રાને આધીન થાય તેમ સોમરાજાના સુભટો નિંદ્રિત થઈ ગયા. (૧૭૧)

યુદ્ધભૂમીમાં કેટલાક રથ હાંકનારા જાણે શય્યા પાથરી હોય તેમ રથમાં પગ પ્રસારીને સૂઈ ગયા. (૧૭૨)

**પૂર્વે અભ્યાસ કરેલ શાસ્ત્ર જેમ સ્મરણ વિના ભૂલી જવાય** તેમ લજ્જાથી જ કેટલાકના હાથમાંથી અસ્ત્રો નીચે પડી ગયા. (૧૭૩)

સ્વેચ્છાથી નવા મગ બહુ ખાવાને લીધે સ્તબ્ધ થઈ જાય તેમ અશ્વો પણ ઊભા ઊભા જ કંઈક નેત્ર બંધ કરીને ઊંઘવા લાગ્યા. (૧૭૪)

પછી પદ્મરાજાએ પોતાના ભાઈ સૂરને લઈ આવી સત્કવિ જેમ કાવ્યમાં અર્થને સ્થાપન કરે તેમ પોતાના રથમાં તેને બેસાડી દીધો. (૧૭૫)

कोदण्डाद् देवतारत्नमुद्दध्रे पद्मशेखरः ।
सुप्तोत्थिता इव भटा, बभूवुः सूरसेविनः ॥१७६॥

जितकाशी नृपः पद्म, आसाद्य विषयं निजम् ।
पुरीं चन्द्रकलां प्राप, प्रतापजितभाःपतिः ॥१७७॥

परन्तप इव प्राज्यं, राज्यं प्रबलविक्रमः ।
आससाद पुरं चापि, स त्वरितबलान्वितः ॥१७८॥

अन्येद्युः कोऽपि निर्ग्रन्थो, ग्रन्थवद्वर्णभास्वरः ।
सतत्त्वः सज्जनानन्दी, पूर्वं हि समवासरत् ॥१७९॥

तं वन्दितुं महीनाथः, सनाथः परया मुदा ।
अगादुपवने तस्मिन्, महामुनिपवित्रिते ॥१८०॥

---

પછી ધનુષ્ય પરથી તે રત્ન ઉતારી દીધું. એટલે સૂરરાજાના સુભટો જાણે સુઈને જાગ્યા હોય તેવા થઈને ઉઠ્યા. (૧૭૬)

જિતસ્વભાવી અને પ્રતાપથી દિવાકરને જીતનાર પદ્મરાજા પોતાના પિતાના દેશની ચંદ્રકળા નગરીમાં આવ્યો (૧૭૭)

અને પ્રબળ પરાક્રમી તેમજ ઝડપી સૈન્યથી સમન્વિત એવો તે પરંતપ રાજાની જેમ તે પ્રાજ્ય(વિશાળ) રાજ્ય પોતાને સ્વાધીન કરીને પછી પોતાની રાજધાની શોભાપુરીમાં આવ્યો. (૧૭૮)

**નગરના ઉદ્યાનમાં નિર્ગ્રંથ મુનિની પધરામણી.**

એકવાર વર્ણથી દેદીપ્યમાન ગ્રંથની જેમ તત્ત્વસહિત અને સજ્જનોને આનંદ આપનાર એવા કોઈ નિર્ગ્રંથમુનિ ત્યાં પધાર્યા. (૧૭૯)

એટલે પરમહર્ષપૂર્વક રાજા તેમને વંદન કરવામાટે મહામુનિથી પવિત્રિત થયેલા તે ઉપવનમાં આવ્યો. (૧૮૦)

प्रणम्य परया भक्त्या, सुखासीने क्षितीश्वरे ।
महामुनिरुवाचेदं, मोहध्वान्तदिवामुखम् ॥१८१॥

**अमुष्यां संसृतौ सर्वमस्थैर्यस्य मुखं सुखम् ।**
**दाराः कारागृहाणीव जीवितं फेनवच्चलम् ॥१८२॥**

श्रुत्वेदं पद्मभूपालो, भववैराग्यभावतः ।
अवोचत प्रभो ! कर्मविपाकेभ्यो बिभेम्यहम् ॥१८३॥

कर्मबन्धच्छिदं कञ्चिद्, मार्गं सन्मार्गदेशक ! ।
निवेदय परं पूर्वभवं, श्रोतुं समुत्सुकः ॥१८४॥

---

ત્યાં પધારેલા મુનિને પરમ ભક્તિથી પ્રણામ કરીને રાજા બેઠો. એટલે તે મહામુનિ મોહરૂપ અંધકાર માટે પ્રભાત સમાન આ પ્રમાણે બોલ્યા કે :- (૧૮૧)

**"આ સંસારમાં સર્વસુખ અસ્થિર છે. સ્ત્રીઓ કારાગાર સમાન છે અને જીવિતવ્ય પાણીના ફીણની જેવું ચપળ છે." (૧૮૨)**

આ પ્રમાણે સાંભળીને સંસારથી પર થયેલા વૈરાગ્યભાવથી પદ્મશેખર રાજાએ કહ્યું કે :- "હે પ્રભો ! કર્મના દુરંત વિપાકથી હું બહુ ડરૂં છું. (૧૮૩)

માટે હે સન્માર્ગદિશક ! કર્મબંધ છેદવાનો કોઈ દૃઢમાર્ગ બતાવો અને હું મારોપૂર્વભવ સાંભળવા ઇચ્છું છું તેથી તે કહો." (૧૮૪)

એટલે નિર્ગ્રંથ બોલ્યા કે :-

**પૂર્વભવમાં બે વાર મુનિને દાનપ્રદાન.**

**પુણ્યે તને આપ્યું બે રાજ્યનું દાન.**

હે ભદ્ર ! પૂર્વભવમાં ભલ્લૂક ગામમાં જિનદત્ત નામે તું કૃષિવલ

अथाभ्युवाच निर्ग्रन्थः, पुरातनभवेऽभवः ।
भल्लूकनामनि ग्रामे, जिनदत्तः कृषीबलः ॥१८५॥

भीष्मे ग्रीष्मे त्वमन्येद्युर्गृहीत्वा शकटावलीम् ।
अनेकैः किंकरैः पूर्णामायासीर्भीमकाननम् ॥१८६॥

लङ्कोद्देशमिवोत्तालपलाशशतसंकुलम् ।
गेयवद् विलसत्तालं, सशालं नगरं यथा ॥१८७॥

पाण्डुपुत्रमिव प्रेङ्खदर्जुनेन प्रसाधितम् ।
हरिवक्ष इव क्रीडद्वनमालाविभूषितम् ॥१८८॥ त्रिभिर्विशेषकम्

कांश्चिदुच्छेदयामास, मूलादपि विरोधिवत् ।
शाखोपशाखाविकलांश्चक्रे कांश्चन भूपवत् ॥१८९॥

---

(ખેડૂત) હતો. (૧૮૫)

એકવાર ભીષ્મ ગીષ્મઋતુ આવતાં અનેક સેવકોથી પૂર્ણ એવા શકટો લઈને લંકાના પ્રદેશની જેમ સેંકડો ઉંચા પલાશો (ખાખરાના ઝાડો) થી વ્યાપ્ત, સંગીતની જેમ તાડવૃક્ષથી વિલસિત નગરની જેમ શાલવૃક્ષો-સાગના ઝાડ (કિલ્લા) સહિત, (૧૮૬-૧૮૭)

પાંડુપુત્રની જેમ વિકસિત અર્જુનવૃક્ષ (અર્જુન)થી પ્રસાધિત અને હરિના વક્ષસ્થલની જેમ ક્રીડા કરતી વનમાલા (કન્યા વિશેષ)થી વિભૂષિત એવી એક ભયંકર અટવીમાં તું આવી પહોંચ્યો. (૧૮૮)

ત્યાં તે વિરોધીની જેમ કેટલાક વૃક્ષોને મૂળથી ઊખેડી નાંખ્યાં અને કેટલાકને રાજાની જેમ શાખા અને ઉપશાખાઓથી રહિત કર્યા. (૧૮૯)

પછી સૂર્ય આકાશના મધ્યભાગમાં આવતા સર્વસેવકોની સાથે

गगनाङ्गणमाध्यस्थं, गते गगनदीपके ।
अगाः समं कर्मकरैः, सरो मानसविभ्रमम् ॥१९०॥

हस्तपादादिकं शौचं, विदधुः किंकरास्तव ।
इतश्चागाद् मुनिः कश्चिद्, मार्गभ्रष्टस्तदन्तिके ॥१९१॥

दिष्ट्या दृष्ट्वा मुनिं दध्यौ, धन्योऽहं यदसौ मुनिः ।
मया दृष्टो महारण्ये, कल्पद्रुम इवाऽङ्गवान् ॥१९२॥

तदेव भोजनं शस्यं, यद् दत्तं गुरवे भवेत् ।
सैव प्रज्ञा यया पापं, न कुर्याद् विधुरेष्वपि ॥१९३॥

विमृश्येदं विशुद्धात्मा, भूरिभावविशेषतः ।
द्विः करम्बेण पीयूषशीतेन प्रत्यलाभयत् ॥१९४॥

---

એક મોટા માનસ જેવા સરોવર સમીપે તું ગયો. (૧૯૦)

ત્યાં તારા સેવકો હાથપગ ધોવા લાગ્યા. એવામાં માર્ગ ભૂલેલા કોઈ મુનિ તારી સમીપે આવ્યા. (૧૯૧)

તેમને જોઈને તું વિચારવા લાગ્યો કે:- અહો ! આ મહા અરણ્યમાં સાક્ષાત્ કલ્પવૃક્ષસમાન આ મુનિ ખરેખર મારા ભાગ્યયોગે જ જોવામાં આવ્યા છે. (૧૯૨)

તેથી હું આજે ધન્ય થયો છું. "જે ભોજન ગુરુને આપવામાં આવે તે જ ભોજન પ્રશસ્ત ગણાય છે. કેમકે **સંકટ પ્રાપ્ત થતાં પણ જેનાં યોગે પાપકાર્યમાં મતિ ન જાય તે જ ખરી પ્રજ્ઞા ગણાય છે."** (૧૯૩)

આ પ્રમાણે વિચાર કરીને વિશુદ્ધાત્મા એવા તે ઘણા જ ભાવથી મુનિને અમૃત સમાન શીતલ એવો કરંબો (દહીં-ભાત મેળવી બનાવાય તે ભોજ્ય વિશેષ) બે વાર વહોરાવ્યા (૧૯૪)

तवाभ्यर्णचरश्चण्डो, भवन्तं दानतत्परम् ।
विलोक्य धन्योऽयमिति, मुहुस्त्वामन्वमोदत ॥१९५॥

वसन्तो जगतीं प्राप, त्वत्सार्थेन महामुनिः ।
क्रमेण च भवांल्लेभे, सौधर्मे त्रिदशश्रियम् ॥१९६॥

अथ च्युत्वा भवाञ्जज्ञे, नरेन्द्रः पद्मशेखरः ।
करम्बदानात् द्विर्लाभोऽभवद् राज्यद्वयस्य ते ॥१९७॥

चण्डोऽपि क्रमशो जज्ञे, तस्मिन् यक्षो महावने ।
भवान् यत्र समायातो, देवीकूटप्रयोगतः ॥१९८॥

यक्षेण फणिनो रूपं, विधाय त्वं च रक्षितः ।
संहृतं तव खर्वत्वं, राज्यलक्ष्मीसमागमे ॥१९९॥

---

તે વખતે તેને દાન દેતાં જોઈ તારા ચંડ નામના સેવકે અહા ! આ ધન્ય છે. એમ વારંવાર તારી અનુમોદના કરી. (૧૯૫)

પછી મહામુનિ તારા સાર્થ સાથે વસતિવાળા સ્થાનમાં આવ્યા. તું અનુક્રમે કાળ કરીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. (૧૯૬)

ત્યાંથી ચ્યવીને તું પદ્મશેખર થયો. બે વાર કરંબાનું દાન દેવાથી તને બે રાજ્યનો લાભ થયો. (૧૯૭)

તારી અપરમાતાના ખોટા પ્રયોગથી જે વનમાં તું આવ્યો ત્યાં પેલો ચંડ પણ મરીને અનુક્રમે એક મહાવનમાં યક્ષ થયો. (૧૯૮)

ત્યાં યક્ષે જ્ઞાનદ્વારા તને ઓળખીને સર્પનું રૂપ લઈ વામનપણું કરવાવડે તારી રક્ષા કરી. અને રાજ્યશ્રીનો લાભ થવાનો હતો તે અવસરે તારૂં વામનપણું સંહરી લીધું. (૧૯૯)

અહો ! સુપાત્રદાનનું પ્રાણીઓને જે ફળ મળે છે, તેનું વાણીની

अहो ! सुपात्रदानस्य, यत् फलं जायतेऽङ्गिनाम् ।
वागीशोऽपि गिरां गुम्फैस्तद् वर्णयितुमक्षमः ॥२००॥

यत्त्वयाऽप्रच्छि भूनाथ !, समुपार्जितकर्मणाम् ।
विपाको बन्धसत्तात्मा, चतुर्गतिनिबन्धनम् ॥२०१॥

**स विपाकः क्षितेर्नाथ !, सर्वकर्मलताघनः ।**
**जिनभर्तुर्विना दीक्षां, बध्यमानो न रक्ष्यते ॥२०२॥ यतः –**

**प्रव्रज्या भवपाथोधिनिस्तारणतरीनिभा ।**
**प्रव्रज्या साम्यमाकन्दवसन्तसमयोपमा ॥२०३॥**

श्रुत्वेदं पद्मभूपालो, राज्यसौस्थ्यं विधाय च ।
प्रव्रज्यामाददे राजपुत्रैः साकं तदन्तिके ॥२०४॥

---

વિસ્તૃત રચનાથી વર્ણન કરવાને બૃહસ્પતિ પોતે પણ અસમર્થ છે. (૨૦૦)

## કર્મવિપાક વિનાશક-ચારિત્રગ્રહણ.

વળી હે રાજન્ ! ચારગતિના કારણરૂપ ઉપાર્જન કરેલા કર્મોનો બંધ અને વિપાક, તેના નિવારણનું તે કારણ પુછ્યું (૨૦૧)

તો તે વિપાક કર્મરૂપલતાને (સિંચવામાં) મેઘસમાન છે. માટે હે રાજન્ ! જૈની દીક્ષા વિના તે બીજી કોઈ રીતે અટકી શકે તેમ નથી. (૨૦૨)

**જૈની દીક્ષા ભવસાગરથી તારવા માટે નાવ સમાન છે. અને સામ્યરૂપ માકંદવૃક્ષને વસંતઋતુ સમાન છે. (૨૦૩)**

આ પ્રમાણે સાંભળીને પદ્મશેખરરાજાએ તુરત જ રાજ્યની વ્યવસ્થા કરીને અનેક રાજપુત્રોની સાથે તેમની પાસે દીક્ષા ગ્રહણ કરી. (૨૦૪)

परिपाल्य चिरं चारु, चारित्रं राजसंयमी ।
एकावतारः समभूद्, वैजयन्ते स नाकसत् ॥२०५॥

तस्माच्च्युत्वा विदेहेऽसौ, प्राप्य तीर्थङ्करव्रतम् ।
अक्षयं नीरुजं कान्तं, निर्वाणपदमेष्यति ॥२०६॥

श्रुत्वेदं हन्त ! सत्पात्रं, फलं न विकलं श्रिया ।
उवाच विस्मितो राजा, राजमानो महाबलः ॥२०७॥

साम्प्रतं श्रोतुमिच्छामि, गुरो ! शीलनिदर्शनम् ।
उत्सुकोऽस्मीति गदिते, बभाषे संयमीश्वरः ॥२०८॥

**सर्वेषामपि धर्माणां, दुष्करं शीलपालनम् ।**
**इदं वशंवदं सर्वं भुवनं पुष्पधन्विनः ॥२०९॥**

---

અને દીર્ઘકાળે સુંદર ચારિત્ર પાળીને તે રાજર્ષિ વૈજયંત વિમાનમાં એકાવતારી દેવ થયા (૨૦૫)

ત્યાંથી ચ્યવી મહાવિદેહ ક્ષેત્રમાં મનુષ્યપણું પામી જૈનેશ્વરી દીક્ષા અંગીકાર કરી તે અક્ષય, નિરૂજ અને કાંત એવું નિર્વાણપદ પામશે. (૨૦૬)

આ પ્રમાણે સુપાત્રદાનનું સંપત્તિયુક્ત મહાફળ સાંભળીને વિસ્મય પામી મહાબળરાજાએ કહ્યું કે :- (૨૦૭)

"હે ગુરો ! હવે આપની પાસેથી શીલધર્મ દૃષ્ટાંતયુક્ત સાંભળવાને હું અત્યંત ઉત્સુક છું." એટલે મહામુનિ શીલધર્મનું વર્ણન કરતાં જણાવે છે કે :- (૨૦૮)

સર્વધર્મોમાં શીલધર્મનું પાલન કરવું અતિદુષ્કર છે. આ સમસ્ત ભુવન મન્મથને વશવર્તી છે. (૨૦૯)

શીલ એ ભાવનારૂપ લતાનું મૂળ છે. કીર્તિરૂપ નદીને માટે

**शीलं भावलतामूलं, शीलं कीर्तिनदीगिरिः ।**
**शीलं धर्माब्दपाथोधिः, शीलं पापगिरेः पविः ॥२१०॥**

यथा महीपतिर्नीत्या, यथा रात्रिः शशिद्युता ।
यथा च दयया धर्मो, यथा पूर्वः प्रसंपदा ॥२११॥

यथा क्षान्त्या च निर्ग्रन्थो, यथा ग्रन्थः सदाख्यया ।
यथा ज्ञानं क्रिययाऽङ्गी, तथा शीलेन भूष्यते ॥२१२॥

श्लथसद्भावनाधर्मः, स्त्रीविलासशिलीमुखैः ।
सुनयोद्वाहतोऽधस्ताद्, निपतेच्छीलकुञ्जरात् ॥२१३॥

**अकीर्तेः कारणं योषिद्, योषिद् वैरस्य कारणम् ।**
**संसारकारणं योषिद्, योषितं परिवर्जयेत् ॥२१४॥**

---

પર્વતસમાન છે. ધર્મરૂપ મેઘને માટે સાગર સમાન છે. પાપરૂપ પર્વત માટે વજ્રસમાન છે. (૨૧૦)

જેમ ન્યાયથી રાજા, ચંદ્રમાંથી રાત્રિ, દયાથી ધર્મ, પ્રસંપદાથી પૂર્વ, ક્ષમાથી સાધુ, સારી વ્યાખ્યા કરવાથી ગ્રંથ અને ક્રિયાથી જ્ઞાન શોભે છે તેમ શીલથી પ્રાણી શોભા પામે છે. (૨૧૧-૨૧૨)

સ્ત્રીવિલાસરૂપ બાણથી સદ્ભાવનારૂપ ધર્મ શિથિલ થઈ જતાં સુનયપૂર્વક વર્તતા છતાં પણ પ્રાણી શીલરૂપી હાથી ઉપરથી નીચે ગબડી પડે છે. (૨૧૩)

**સ્ત્રી અપયશનું કારણ છે, વૈરનું કારણ છે. અને સંસારનું પણ કારણ સ્ત્રી છે માટે સ્ત્રીનો ત્યાગ કરવો યોગ્ય છે.** (૨૧૪)

કોઈ સુશીલા અને પાવન સ્ત્રીનાં તો દેવતાઓ પણ વખાણ

सुशीला पावना काचित्, स्तूयते विबुधैरपि ।
यथा पौतिकवृत्तान्ते, श्रूयते वनमालिका ॥२१५॥

तथाहि पुष्करद्वीपे, कालाम्भोधिमनोहरे ।
पुरं विभूषणं नाम, भूतधात्रीविभूषणम् ॥२१६॥

निरालम्बपरिभ्रान्तो, यत्र श्रान्तो दिवाकरः ।
अभ्रंलिहग्रहेष्वस्थात्, प्रदत्तेष्वासनेष्विव ॥२१७॥

सौधजालकनिर्गच्छद्धूपधूमं घनोपमम् ।
विलोक्य केकिनः केकां, कुर्वते यत्र वेश्मगाः ॥२१८॥

तस्मिन् बभूव भूपालो, विमलो विमलाशयः ।
मूर्त्या सोमोऽपि यः सूरः, प्रतापेन प्रकाशते ॥२१९॥

---

કરે છે. એવી પવિત્રતાનાં સંબંધમાં વનમાલિકાનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. તે આ પ્રમાણે :- (૨૧૫)

## શીલધર્મ ઉપર વનમાલાનું દૃષ્ટાંત.

કાલોદધિસમુદ્રથી મનોહરતા ધારણ કરતાં પુષ્કરવર દ્વીપમાં વસુધાના (પૃથ્વીના) વિભૂષણરૂપ વિભૂષણ નામે નગર છે. (૨૧૬)

જ્યાં નિરાલંબનપણે ભ્રમણ કરવાથી થાકી ગયેલો સૂર્ય જાણે આસનો સ્થાપેલા હોય તેમ ગગનસ્પર્શી ગ્રહો પર ક્ષણભર વિસામો લે છે. (૨૧૭)

મહેલના ઝરુખામાંથી નીકળતા ધૂપના ધૂમાડાને (મેઘઘટા) સમજીને જ્યાં હવેલીઓ પર બેઠેલા મયૂરો ટહૂકા કરે છે. (૨૧૮)

તે નગરમાં નિર્મળ આશયવાળો વિમળરાજા રાજ્ય કરતો

नाम्ना चम्पकमालेति, पुष्पमालेव सद्गुणा ।
तस्यासीत् प्रेयसी प्रेमरत्नरोहणचूलिका ॥२२०॥

अन्येद्युर्मृगयाऽऽसक्तो, महावनमगाद् नृपः ।
पीतवस्त्रपरीधानैः, साकं व्याधैर्घृणोज्झितैः ॥२२१॥

ततो हेरम्बवत् केऽपि, समुद्यतपरश्वधाः ।
केचित् प्राकारवद् भूरिन्यस्तयन्त्राः पदे पदे ॥२२२॥

जघान निशितैः कुन्तैः, कश्चिदाहूय शूकरम् ।
कश्चिच्छशग्रहव्यग्रो, निलीनोऽस्थाल्लतान्तरे ॥२२३॥

उड्डीनपक्षिपक्षोत्थविरावैः करुणाकरैः ।
अहो ! अन्यायवाक्यं तु, व्याजहारेव काननम् ॥२२४॥

---

હતો. તે આકૃતિમાં સોમ (ચંદ્ર) છતાં પ્રતાપથી સૂર (રવિ) જેવો પ્રકાશતો હતો. (૨૧૯)

તેને પુષ્પમાળાની જેમ સદ્ગુણ (સારા દોરા) યુક્ત અને પ્રેમરત્નની રોહણભૂમિ સમાન ચંપકમાલા નામે પત્ની (રાણી) હતી. (૨૨૦)

એકવાર પીળાવસ્ત્રધારી, દયા વિનાના શિકારીઓની સાથે શિકારમાં આસક્ત એવો તે રાજા કોઈ મહાવનમાં ગયો. (૨૨૧)

કેટલાક ગણેશની જેમ કુઠાર લઈને તૈયાર થયા તો કેટલાક કિલ્લાની જેમ પગલે પગલે ઘણા યંત્રો સ્થાપવા લાગ્યા. (૨૨૨)

કોઈ શૂકર(ભૂંડ)ને બોલાવીને તેને તીક્ષ્ણભાલાથી મારવા લાગ્યા. કેટલાક સસલાને પકડવા વ્યગ્ર બની લતાની અંદર છૂપાઈ ગયા. (૨૨૩)

તે વખતે ઉડતા પક્ષીઓની પાંખથી પ્રગટ થતાં કરૂણાજનક

एतन्मकरन्ददम्भेन[1] रुदत्स्विव वनेष्विव ।
भयेन कम्पमानासु, वल्लरीषु भुजास्विव ॥२२५॥

केषुचित् पादहीनेषु, धार्यमाणेषु केषुचित् ।
केषुचित् प्रोथहीनेषु, पुच्छहीनेषु केषुचित् ॥२२६॥

केषुचिद् बध्यमानेषु, मार्यमाणेषु केषुचित् ।
केषुचिद् नश्यमानेषु, श्वापदौघेषु सर्वतः ॥२२७॥

इतश्च कश्चिदागत्य, प्रणम्य परया मुदा ।
व्यजिज्ञपद् महीपालं, कालं काननचारिणाम् ॥२२८॥ चतुर्भिः कलापकम्

देव ! ऋक्षाध्वचारेण, गच्छता दूरतो मया ।
एका निरीक्षिता बाला, कामसंजीवनौषधम् ॥२२९॥

---

અવાજથી "અહો ! આ અન્યાય છે." એમ જાણે તે વન બોલતું હોય એવું જણાવા લાગ્યું. (૨૨૪)

અને સુરભિ વડે ગુંજારવ કરતા મધુકરો(ભમરો)ના મિષથી જાણે લતાઓ કંપતી હોય એવો દેખાવ થઈ રહ્યો. (૨૨૫)

તે વખતે કેટલાક શ્વાપદો પગરહિત થયા, કેટલાક પકડાતાં કેટલાંક પશુઓના મુખ કપાતા હતા તો કેટલાક પશુઓને પુંછડા વગરના કરતા હતા. (૨૨૬)

કેટલાક બંધાતા, કેટલાક મરાતાં, કેટલાક પશુઓ ચારેબાજુ ભાગી રહ્યા હતા. (૨૨૭)

એવામાં કોઈ પુરુષે આવી પરમહર્ષથી પ્રણામ કરીને વનવાસી પશુઓના કાળરૂપ મહિપાલને વિજ્ઞપ્તિ કરી કે :- (૨૨૮)

"હે દેવ ! એક રીંછની પછવાડે જતાં દૂરથી મેં કામના સંજીવન ઔષધરૂપ એક બાળા જોઈ (૨.૨૯)

---

१. दम्भात् ।

तस्या रूपप्रतिच्छन्दो, दर्पणे यदि वीक्ष्यते ।
सुधारसस्य किं तुल्यं, त्रिजगत्यपि वर्तते ? ॥२३०॥

तद्रूपं वीक्षमाणोऽहं, निर्निमेषविलोचनः ।
कोऽहं कुतश्च किं नाम, न जानामीति मत्तवत् ? ॥२३१॥

सर्वाश्चर्यनिधानाया, यदि तस्या भवान् पतिः ।
पुरुषार्थस्तृतीयोऽपि, ततः प्रथमतां गतः ॥२३२॥

निशम्येदं महीपालो, विमलश्चित्रिताशयः ।
तन्मार्गं दर्शयाऽस्माकमकारणसुहृत्तमः ॥२३३॥

तस्याध्वदर्शनेनाऽथ, ध्रुवस्य गुरुपोतवत् ।
संचेरे धरिणीनाथस्तत्काननमहोदधौ ॥२३४॥

---

તેના રૂપનું પ્રતિબિંબ કદાચ દર્પણમાં જોવામાં આવે. પરંતુ અન્યત્ર તો જોવામાં આવે તેમ નથી. કેમ કે અમૃતરસ સમાન અન્ય વસ્તુ ત્રણે ભુવનમાં બીજી હોય છે ખરી ? નથી હોતી. (૨૩૦)

નિનિર્મેષ લોચનથી તેનું રૂપ જોતાં, હું કોણ ? ક્યાંથી આવ્યા ? અને મારૂં નામ શું ? તે બધું એક મદોન્મત્તની જેમ હું ભૂલી ગયો. (૨૩૧)

"હે રાજેન્દ્ર ! સર્વ આશ્ચર્યના નિધાનરૂપ તે બાળાના જો આપ પતિ થાઓ, તો તૃતીય પુરુષાર્થ કામ પણ પ્રથમ થઈ જાય." (૨૩૨)

આ પ્રમાણે સાંભળીને આશ્ચર્યમાં મગ્ન થયેલા વિમળરાજાએ કહ્યું કે,:-"હે અકારણ મિત્ર ! તે બાળાનો માર્ગ મને બતાવ" (૨૩૩)

એટલે ધ્રુવતારાએ માર્ગ બતાવવાથી જેમ મોટું વહાણ ચાલે,

दूरादेव समायान्तमवलोक्य तपोधनाः ।
उत्तस्थुरुदयाहार्योदिततिग्मांशुबिम्बवत् ॥२३५॥

षडंशभागिने तस्मै, पाद्यमर्घ्यं यथाविधि ।
दत्त्वा कुशाऽऽसने राजा, महर्षिभिर्निवेशितः ॥२३६॥

तेषां मुख्यो जगादैवं, चन्द्रः कुलपतिस्ततः ।
धन्या वयं यतो दिष्ट्या, दृष्टस्त्वमसि तत्त्ववित् ॥२३७॥

भवते तत्रभवते, सपर्यां काञ्चनाऽधुना ।
करिष्यामोऽ**तिथिभ्यो हि, प्रदत्तं श्रेयसे किल** ॥२३८॥

---

તેમ તેણે માર્ગ દર્શાવવાથી રાજા તે વનરૂપ મહાસાગરમાં ચાલ્યો. (૨૩૪)

પછી ઉદયાચલ પર ઉદય પામેલા રવિબિંબની જેમ દૂરથી જ તે રાજાને આવતો જોઈને તપસ્વીઓ બધા ઊભા થયા. (૨૩૫)

અને પુણ્ય-પાપનાં છઠ્ઠા અંશના ભાગીદાર એવા તે રાજાને યથાવિધિ અર્ધ્ય આપીને મહર્ષિઓએ તેને કુશાસન (દર્ભના આસન) ઉપર બેસાડ્યો. (૨૩૬)

પછી તેમનામાં મુખ્ય એવા ચંદ્ર નામે કુલપતિ બોલ્યા કે, :- "અહો ! અમે ધન્ય થયા કે ભાગ્યયોગે તત્ત્વજ્ઞ એવા તમે અમારા જોવામાં આવ્યા. (૨૩૭)

હવે પૂજ્ય એવા તમારી અમે કંઈક સરભરા આગતા સ્વાગતા કરીશું. કારણ કે **અતિથિ સત્કાર કરવો તે અમારો ધર્મ છે.** અને **તે શ્રેયસ્કર છે.**" (૨૩૮)

એટલે રાજા સમુદ્ર જેવા વિશાળગંભીર ધ્વનિથી બોલ્યો કેઃ-

अथाह धरिणीनाथः, पाथोनाथपृथुध्वनिः ।
युष्माकमिदमातिथ्यं, यदाशीर्वादमङ्गलम् ॥२३९॥

अथ प्रोवाच स ऋषिर्विहस्य जगतीपतेः ।
यदाशीर्वाददुष्प्रापं, तद् मया दास्यतेऽधुना ॥२४०॥

ततः पुरस्थितां कन्यां, धृतवल्कलवाससम् ।
साक्षात्सिद्धिमिवात्मीयामदीदृशदसौ ऋषिः ॥२४१॥

उक्तिप्रत्युक्तिकालोऽयं, नैवाऽस्माकं गणानघ ! ।
परमेकां वरां कन्यां, कृतार्थय करग्रहात् ॥२४२॥

अथो बभाषे भूपालः, केयं किं नाम कन्यका ।
कमलङ्कुरुते वंशं, किमर्थमिह संस्थिता ? ॥२४३॥

---

"તમારો આ આશીર્વાદ મંગળ છે, એ જ આતિથ્ય છે." (૨૩૯)

એટલે હાસ્યપૂર્વક ઋષિએ રાજાને કહ્યું કે,:- "હે ભૂપ ! જે આશીર્વાદથી પણ દુષ્પ્રાપ્ય છે એવી વસ્તુ અમે તને આપીશું (૨૪૦)

એમ કહીને વલ્કલવસ્ત્રધારી અને સાક્ષાત્ સિદ્ધિ સમાન એવી પોતાની સમક્ષ રહેલી કન્યા ઋષિએ રાજાને બતાવી અને કહ્યું કે:- (૨૪૧)

હે ગુણનિધિ ! અત્યારે અમને ઉક્તિ પ્રયુક્તિનો અવસર નથી. માટે આ એક શ્રેષ્ઠ કન્યાનું પાણિગ્રહણ કરીને અમને કૃતાર્થ કરો." (૨૪૨)

એટલે રાજાએ કહ્યું કે :- "આ કન્યા કોણ છે ? એનું નામ શું છે ? એનો વંશ કયો છે." અને અહીં એ કેમ રહેલી છે ? (૨૪૩)

इत्युक्ते धरिणीभर्त्रा, जगादर्षिर्महातपाः ।
शुभाख्ये पत्तने भूमान्, समभूद् मेघवाहनः ॥२४४॥

निजनाथमनःपान्थविश्रामप्रान्तरप्रपा ।
तस्य लक्ष्मीवती देवी, लक्ष्मीर्लक्ष्मीपतेरिव ॥२४५॥

वार्धकोत्पन्नवैराग्यो, लक्ष्मीवत्या समन्वितः ।
गिरिगर्भाश्रमे रम्ये, तापसव्रतवानभूत् ॥२४६॥

देव्या पूर्वभवो गर्भः, पूर्वं राज्ञोऽप्रकाशितः ।
अवर्धिष्टाऽऽश्रमस्थाया, वल्ल्याः फलमिवोच्चकैः ॥२४७॥

सुषुवे सा सुतां कान्तां, गङ्गेव स्वर्णपद्मिनीम् ।
वनमालेति नामाऽभूदस्या दत्तं महर्षिभिः ॥२४८॥

---

તે જાણવાની જરૂર છે. આ પ્રમાણે પ્રશ્નો સાંભળી મહાતપસ્વી ઋષિએ કહ્યું કે :- "હે રાજેન્દ્ર ! શુભ નામના નગરમાં મેઘવાહન નામે રાજા હતો. (૨૪૪)

પોતાના નાથના મનરૂપ મુસાફરને વિશ્રામ માટે વનપ્રપા સમાન કૃષ્ણને લક્ષ્મીની જેવી લક્ષ્મીવતી નામની તેને પટ્ટરાણી હતી. (૨૪૫)

તે રાજા વૃદ્ધપણામાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી લક્ષ્મીવતીની સાથે એક પર્વત પર રમ્ય આશ્રમમાં તાપસ થયો. (૨૪૬)

લક્ષ્મીવતીએ પૂર્વે રહેલ ગર્ભની વાત રાજાને ન કહી. એટલે લતાના રમ્યફળની જેમ આશ્રમમાં રહેતાં તેનો ગર્ભ વૃદ્ધિ પામવા લાગ્યો. (૨૪૭)

અને સમયે ગંગા જેમ સુવર્ણપદ્મિનીને પ્રસવે તેમ તેણે એક રમણીય સુતાને જન્મ આપ્યો. મહર્ષિઓએ તેનું વનમાળા એવું

बाल्यावस्थां व्यतीत्याऽसौ, वल्कलाम्बरधारिणी ।
रूपसौन्दर्यराजिष्णुर्यौवनं समुपाययौ ॥२४९॥

अस्याः प्रियो भवानेन, ज्ञानाज्ज्ञातो महीपते ! ।
**दिनाधिपं विना नान्यः, कमलिन्या यतो वरः ॥२५०॥**

अर्थिनां कामधुक्कल्पः, कल्पद्रुरिव जङ्गमः ।
लावण्यजलपाथोधिर्दृशां विश्रामपल्लवः ॥२५१॥

कलानामेक आधारः, क्षत्रवंशसमुद्भवः ।
एवं विमृशतामत्रभवानत्र समाययौ ॥२५२॥ युग्मम्

वल्लीनिभालिता यैव, सैव लग्ना पदाम्बुजे ।
एकं हरिः परं गेहमायात इति सत्यगीः ॥२५३॥

---

નામ રાખ્યું. (૨૪૮)

રૂપ અને સૌંદર્યથી શોભતી, વલ્કલવસ્ત્રને ધારણ કરતી એવી તે બાળા બાલ્યાવસ્થાને વ્યતીત કરીને યૌવનવયને પામી છે. (૨૪૯)

હે રાજન્ ! જ્ઞાનથી અમારા જાણવામાં આવ્યું છે કે એના પતિ તમે જ થશો. કેમ કે **કમલિનીનો સ્વામી સૂર્ય વિના અન્ય કોણ હોય !** (૨૫૦)

અમે એ સંબંધી વિચારમાં હતા. એવામાં યાચકોને કામધેનુ ગાય સમાન, સાક્ષાત્ જંગમ કલ્પવૃક્ષ, લાવણ્યરૂપ જળના સાગર, દૃષ્ટિને એક વિશ્રામ પલ્લવ સમાન, કળાના એક આધાર, ક્ષત્રિયવંશમાં ઉત્પન્ન થયેલા હે રાજા ! તમે પોતે જ અહીં પધાર્યા (૨૫૧-૨૫૨)

જે વેલડીની જરૂર હતી તે વેલડી જ પાદપંકજ સાથે

इत्युक्त्वा कुलपो भूपं, समुहूर्ते शुभे दिने ।
लक्ष्मीमिवाऽम्बुधिः कृष्णं, पर्यणाययदङ्गजाम् ॥२५४॥

प्रणत्य मुनिमुर्वीशो, निवृत्तः स्वपुरं प्रति ।
ऊचे परिजनं सर्वं, गिरा मेघगभीरया ॥२५५॥

यः कश्चिद् मोहतो लोभादि, यद्वा कलहकौतुकात् ।
इमां चम्पकमालायाः, पुरतः कथयिष्यति ॥२५६॥

स्वयं गतदयं हन्त !, हनिष्याम्यहितं हि तम् ।
इत्युक्ते तज्जनोऽवादीद्, नाथ ! शोश्रूयतां वचः ॥२५७॥

युष्मत्प्रसादपात्रं स, नर्मकेलिर्विदूषकः ।
रक्षणीयः प्रयत्नेन, शपथैरपि सर्वथा ॥२५८॥

અથડાણી." અહો ! એક તો હરિ અને ઘરે આવ્યા. એ કહેવત આપે સત્ય કરી" (૨૫૩)

આ પ્રમાણે કહીને કુલપતિએ શુભ મુહૂર્તે અને શુભદિવસે સમુદ્ર પોતાની પુત્રી લક્ષ્મીને જેમ કૃષ્ણ સાથે પરણાવે તેમ કુલપતિએ પોતાની પુત્રીને તે રાજા સાથે પરણાવી. (૨૫૪)

પછી મુનિને નમન કરી રાજા પોતાના નગર તરફ પાછો વળ્યો. અને રસ્તામાં મેઘ જેવી ગંભીરવાણીથી રાજાએ પોતાના સર્વપરિજનોને કહ્યું કેઃ- (૨૫૫)

જો કોઈ મોહ, લોભ કે કલહ કૌતુકથી આ વનમાળાની વાત ચંપકમાળા આગળ કરશે તો દયાહીન અને એક શત્રુરૂપ એવો હું પોતે જ તેનો ઘાત કરીશ." એટલે પરિજન બોલ્યા કે :- "હે નાથ ! અમારૂં વચન સાંભળો (૨૫૬-૨૫૭)

તમારા પ્રસાદના પાત્રરૂપ નર્મકેલિ વિદૂષકને તમારે શપથ

नर्मकेलिरथाऽवादीद्, मुक्त्वा व्यतिकरं त्वमुम् ।
नान्यद् भोः ! कथयिष्यामि, **यतः सत्ये युधिष्ठिरः** ॥२५९॥

हंहो ! ग्रहिल ! मा ग्रामं, ज्वालयेति निवारिते ।
स्मारितोऽहं शुभमिति, लोकोक्तिः सत्यवाक् कृता ॥२६०॥

इत्थं निर्भर्त्स्य भूपालो, नर्मकेलिं विदूषकम् ।
न्यक्षेपयत् क्षणात् कारागारे नरकसन्निभे ॥२६१॥

योगीन्द्रो भैरवानन्दी, खट्वाङ्गीह समागतम् ।
तमुपासितुमेतर्हि, गच्छामि मृगलोचने ! ॥२६२॥

---

આપીને પ્રયત્નપૂર્વક સંભાળવો." (૨૫૮)

એટલે નર્મકેલી બોલ્યો કે:- "આ વ્યતિકર સિવાય બીજું મારે કાંઈ કહેવું નથી. કારણ કે સત્યમાં હું યુધિષ્ઠિર સમાન છું." (૨૫૯)

તે સાંભળી રાજા બોલ્યો કે અહો ! નિવારણ કરતાં પણ મને તેં બરાબર સ્મરણ કરાવ્યું. એક માણસને કોઈકે કહ્યું કે:- "હે ગ્રહિલ (ગાંડા) ! ગામને ન બાળ." એટલે તેણે કહ્યું કે- "ગામ બાળવાનું તેં બરાબર યાદ કરાવ્યું. આવી લોકોકિત તેં સત્ય કરી બતાવી." (૨૬૦)

આ પ્રમાણે કહી નર્મકેલિની નિર્ભર્ત્સના કરીને રાજાએ તેને નરક સરખા કેદખાનામાં નંખાવ્યો. (૨૬૧)

રાજા પોતાના નગરમાં આવ્યો અને વનમાલાને નવા આવાસમાં રખાવી. હવે આ બાજુ હે મૃગલોચને ! અહીં ભૈરવાનંદી કોઈ ખટ્વાંગી યોગીન્દ્ર આવેલ છે તેની ઉપાસના કરવા હું જાઉં છું. (૨૬૨)

व्यपदिश्येति भूपालो, देवीं चम्पकमालिकाम् ।
वनमालां नवावासवासिनीमभ्यपद्यत ॥२६३॥

कियत्यपि गते काले, देवी चम्पकमालिका ।
ब्राह्मे मुहूर्ते विदुषी, चिन्तयामास चेतसि ॥२६४॥

योगीन्द्रव्यपदेशेन, निषिध्य स्वपरिच्छदम् ।
नवोढां योषितं काञ्चिद्, यात्यसौ कपटे पटुः ॥२६५॥

विमृश्येति सहाऽस्तोकलोका चम्पकमालिका ।
यावत् कारागृहाभ्यर्णे, संप्रापत् कोपनाऽऽशया ॥२६६॥

तावदैक्ष्यत सा देवी, तत्क्षणं नर्मकेलिना ।
मेघवृष्टिरिव शुष्यच्छस्यौघेन कुटुम्बिना ॥२६७॥

करमूर्ध्वं वितन्वानः, शाखोद्धारमिवाऽऽयतम् ।
उवाच देवि ! त्वत्कार्ये, मम जातं निबन्धनम् ॥२६८॥

---

એમ ચંપકમાલા રાણીને કહી, તેને છેતરીને રાજા નવા આવાસમાં રહેનારી વનમાલા પાસે જવા લાગ્યો. (૨૬૩)

આ પ્રમાણે કેટલોક કાળ પસાર થયો અને એકવાર પ્રભાત સમયે ચંપકમાલાએ પોતાના અંતરમાં વિચાર કર્યો કે :- (૨૬૪)

"અહો ! કપટમાં ચાલાક એવા મારા પતિ(રાજા) યોગીન્દ્રના બાનાથી પોતાના પરિવારને નિષેધ કરીને કોઈ નવોઢા રમણી સાથે રમણ કરવા જાય છે." (૨૬૫)

એમ ચિંતવીને સ્વલ્પ પરિવાર લઈને ક્રોધાયમાન એવી તે ચંપકમાલા કારાગૃહ પાસે આવી. (૨૬૬)

એટલે શુષ્કવૃક્ષ જેમ મેઘવૃષ્ટિને ભાળે. તેમ ચિંતાતુર નર્મકેલિએ તે રાણીને જોઈ. (૨૬૭)

તેને જોઈને પોતાના વંશના વિસ્તૃત ઉદ્ધારની જેમ તે પોતાનો

श्रुत्वेदं विस्मिता देवी, तत्रागत्येत्युवाच सा ।
किमर्थं तव संजाता, मम कार्ये हि दुःखता ? ॥२६९॥

देवि ! श्रीविमलो राजा, मृगयायामुपागतः ।
वनमालां परिणिन्ये, प्रदत्तां तापसैर्जनैः ॥२७०॥

भयपूर्वं निषिद्धेऽर्थं[1], समस्ते स्वपरिच्छदे ।
मया संलपितं देव्याः, कथयिष्यामि निश्चितम् ॥२७१॥

तां चित्ते बिभ्रता भस्माङ्कुरां राज्ञा ममोपरि ।
प्रीतिं विमुच्य [2]मय्युच्चैरीदृशी विदधे दशा ॥२७२॥

---

હાથ ઉંચો કરી બોલ્યો કે :- "હે દેવી ! તમારૂં કાર્ય કરતાં મને બંધન થયું છે." (૨૬૮)

આ પ્રમાણે સાંભળીને રાણી વિસ્મય પામી તેની પાસે આવીને કહેવા લાગી કે :- "હે ભદ્ર ! મારૂં કાર્ય કરતાં તને દુઃખ શી રીતે પ્રાપ્ત થયું ?" (૨૬૯)

તે બોલ્યો કે, હે દેવી ! રાજા શિકાર કરવા ગયા હતા. ત્યાં તાપસજનોએ તેને વનમાળા નામે એક સુંદર કન્યા પરણાવી, (૨૭૦)

એટલે આપના ભયથી તેણે પોતાના પરિવારને તે વાત ગુપ્ત રાખવા સૂચના કરી. એવામાં હું બોલ્યો કે :- "આ વાત હું દેવીને અવશ્ય કરીશ." (૨૭૧)

તેથી મારી ઉપર જે પારાવાર પ્રેમ હતો તેનો એકદમ ત્યાગ કરીને રાજાએ ભસ્માંકુર સમાન થઈ મને આવી દશાએ પહોંચાડ્યો." (૨૭૨)

---

१. निषिद्धे तु इत्यपि पाठः । २. साक्षेपमिति च ।

प्रदीप्यमाना कोपेन, कारागारादमुं ततः ।
आकृष्य नर्मकेलिं च, बभाषे बान्धवोऽसि नः ॥२७३॥

जगाम वनमालायाः, सौधं चम्पकमालिका ।
विदूषकप्रणीतेन, सा मार्गेण निरर्गला ॥२७४॥

अवस्कन्दमिवायान्तीं, तां दृष्ट्वा सौधरक्षकाः ।
पलायाञ्चक्रिरे भीतिश्लथमूर्धजबन्धनाः ॥२७५॥

असूनथ समादाय, वनमाला भयद्रुता ।
सौधोत्सङ्गाद् ददौ झम्पां, **भयार्ताः किं न कुर्वते ?** ॥२७६॥

निपतन्तीं द्विजः कश्चित्, स्वामिदत्तप्रसत्तिवत् ।
वनमालां गृहीत्वाऽऽशु, न्यक्षिपद् गर्भवेश्मनि ॥२७७॥

---

બળતામાં ઘી હોમવાનું કામ કરનાર તેને કોપાયમાન રાણીએ મુક્ત કરીને કહ્યું કે :- "તું મારો બાંધવ છે." (૨૭૩)

પછી વિદૂષકે બતાવેલા રસ્તે ચંપકમાલા કોઈની પણ દરકાર કર્યા વિના વનમાળાનાં ભવનમાં ગઈ. (૨૭૪)

એટલે સાક્ષાત્ ઉપદ્રવ જ ન હોય ? તેમ તેને આવતી જોઈને ભયને લીધે જેમના વાળના બંધન પણ શિથિલ થઈ ગયા છે એવા ભવનરક્ષકો બધા ભાગી ગયા. (૨૭૫)

ભયથી વ્યાકુળ થઈને પોતાના પ્રાણની દરકાર કર્યા સિવાય વનમાલાએ ભવન ઉપરથી નીચે કુદકો માર્યો. અહો ! **ભયથી વ્યાકુળ લોકો શું નથી કરતા ?** (૨૭૬)

આ બાજુ પડતી વનમાલાને કોઈક બ્રાહ્મણે સ્વામીના પ્રસાદની જેમ અદ્ધરથી ઝીલી લઈને પોતાના ગુપ્તગૃહમાં લઈ જઈ સંતાડી દીધી. (૨૭૭)

बिभ्राणाः सुभटाः केचिद्, रोमाञ्चान् कवचानिव ।
कौक्षेयकान् समाकर्षन् यमजिह्वाभयङ्करान् ॥२७८॥

केचिद् दृढतरं दत्त्वा, भीत्या द्वारं स्तनन्धयान् ।
रुदतोऽपि निषेधन्ति, दत्त्वा पाणिं मुखाग्रतः ॥२७९॥

अक्रियन्त प्रतोल्योऽपि, दत्तद्वारा महाभटैः ।
निषिद्धलोकसंचारा, महतीषु निशास्विव ॥२८०॥

नृपः कृत्वा समागच्छन्, वाहाल्यां वाहवाहनम् ।
श्रुत्वा तुमुलमप्राक्षीत्, किमेतदिति रक्षकान् ? ॥२८१॥

ततः कलकलं राजा, निशम्योचे स्वरक्षकान् ।
किमागात् परचक्रं भोः !, किं वाऽकाण्डयुगक्षयः ? ॥२८२॥

---

આ બાજુ કેટલાક સુભટો રોમાંચરૂપ કવચને ધારણ કરી યમની જિહ્વા જેવી ભયંકર તલવારો ખેંચવા લાગ્યા, (૨૭૮)

કેટલાક ભયને લીધે દ્વાર બરાબર બંધ કરીને રૂદન કરતાં પોતાના બાળકોને મુખ ઉપર હાથ રાખી અટકાવવા લાગ્યા. (૨૭૯)

મહાસુભટોએ પ્રતોલીના દ્વારો બંધ કરી દીધા. મહારાત્રિની જેમ લોકોનો સંચાર બિલકુલ અટકી પડ્યો. (૨૮૦)

એવામાં ઉપવનમાં અશ્વક્રીડા કરી પાછા આવતાં રાજાએ તુમુલ (કોલાહલ) શબ્દ સાંભળીને પોતાના રક્ષકોને પૂછ્યું કેઃ- "આ શું છે ? (૨૮૧)

ફરીથી વધારે કલકલ સાંભળીને તેણે પોતાના અંગરક્ષકને કહ્યું કે :- "શું શત્રુનું સૈન્ય આવ્યું છે ? અથવા તો શું અકાળે યુગનો ક્ષય થવા આવ્યો છે ? (૨૮૨)

આવો પ્રશ્ન સાંભળીને અંગરક્ષકે રાણીનો સર્વ વૃત્તાંત રાજાને

उवाच रक्षको ज्ञात्वा, समुद्भूतं तदद्भुतम् ।
तच्छ्रुत्वा शून्यचेतस्कः, सोऽभवद् गतवित्तवत् ॥२८३॥

अथ चम्पकमालापि, भूपतेः पार्श्वमेत्य च ।
अभाषिष्ट[1] मृषावादी, त्वत्तो नान्यो जगत्यपि ॥२८४॥

योगिनं भैरवं नन्तुं, प्रयामीत्युपदिश्य माम् ।
भैरवीं तां मुहुर्यासि, सेवितुं निजवल्लभाम् ॥२८५॥

इत्युक्त्वा कोपना देवी, कोपागारमुपेत्य च ।
उद्बन्धनं व्यधादाऽऽशु, **नास्ति कोपवतां मतिः** ॥२८६॥

अन्वेषिताऽपि शतशो, महीशेन जनैरपि ।
न दृष्टा वनमाला सा, हस्तभ्रष्टाणुरत्नवत् ॥२८७॥

---

કહી સંભળાવ્યો, તે સાંભળીને પોતાનું સર્વધન ચોરાઈ કે ખોવાઈ ગયું હોય તેમ રાજા શૂન્યચિત્તવાળો થઈ ગયો. (૨૮૩)

એવામાં ચંપકમાલાએ રાજાની પાસે આવીને કહ્યું કે :- "અહા ! જગતમાં તમારા જેવો કોઈ મૃષાવાદી નહિ હોય કે જે" હું ભૈરવાનંદ યોગીને નમસ્કાર કરવા જાઉં છું." એમ કહી મને છેતરીને વારંવાર પોતાની વલ્લભા પેલી ભૈરવીની સાથે ભોગવિલાસ કરવા જતા હતા. (૨૮૪-૨૮૫)

આમ કહીને કોપાયમાન થયેલી રાણીએ પોતાના ભવનમાં આવી તરત ગળે ફાંસો ખાધો. **અહો ! ક્રોધીને મતિ ક્યાંથી હોય ?** (૨૮૬)

પછી રાજાએ પોતાના માણસો પાસે વનમાલાની ઘણી શોધ કરાવી. પણ હાથમાંથી ખોવાયેલા ઝીણા રત્નની જેમ વનમાળા

---

१. अभाषतेति पाठान्तरम् ।

यः कश्चिद् वनमालाया, उदन्तं कथयिष्यति ।
तस्मै लक्षं प्रदास्यामि, दीनाराणां विनिश्चितम् ॥२८८॥

इति घोषणया राजा, ताडयामास डिण्डिमम् ।
शुद्धिस्तथापि न क्वापि, लेभे दुःखी ततो नृपः ॥२८९॥

निवृत्ते सर्वथाऽमुष्या, उदन्ते दिक्षु विस्तृते ।
समातृको द्विजस्तस्मात्, तया साकं विनिर्ययौ ॥२९०॥

किञ्चिन्मार्गमतिक्रान्तो, द्विजः प्रोवाच तां निशि ।
दुःखाद् रक्षितपञ्चत्वे !, साम्प्रतं वल्लभा भव ॥२९१॥

आकर्ण्येत्यवदद् देवी, द्विजोऽसि मतिमानसि ।
क्षत्रियाण्या समं कामं, संगमं किं विधित्ससि ? ॥२९२॥

હાથ ન લાગી. (૨૮૭)

એટલે રાજાએ ઉદ્ઘોષણા કરાવી કે :- "જે કોઈ વનમાલાનો પત્તો મેળવીને તેના ખબર કહેશે, તેને એકલાખ સોનામહોર હું આપીશ." (૨૮૮)

આ પ્રમાણેના ઢંઢેરાથી પણ તેનો પત્તો ન લાગતાં રાજા ઘણો દુ:ખી થયો. (૨૮૯)

ચારેદિશામાં પ્રસરેલી વનમાલાની વાતો અનુક્રમે બંધ થઈ. એટલે પેલો બ્રાહ્મણ પોતાની માતા સાથે વનમાળાને લઈને ત્યાંથી ચાલી નીકળ્યો. (૨૯૦)

અને કેટલોક માર્ગ ઓળંગ્યા પછી એક રાત્રે તે બ્રાહ્મણે વનમાલાને કહ્યું કે:- "હે ભદ્રે ! તને દુ:ખથી અને મરણથી મેં બચાવી છે. માટે હવે મારી વલ્લભા (પત્ની) થા." (૨૯૧)

આ પ્રમાણે તેના શબ્દો સાંભળી તે બોલી કે, "હે ભદ્ર ! તું બ્રાહ્મણ અને બુદ્ધિમાન છો. તો ક્ષત્રિયાણી સાથે સમાગમ કરવા

प्रतापाक्रान्तलोकोऽपि, परासक्तो दिवाकरः ।
अपराधीव दैवेन, पात्यते वार्धिपाथसि ॥२९३॥

पुराणवेदिनो यूयं, यद्यन्यायं करिष्यथ ? ।
तदा सत्येति गीरासीत्, समुद्राद् धूलिरुत्थिता ॥२९४॥

आपातरम्यैर्विषयैः, किम्पाकद्रुफलैरिव ।
कथं स्वकुलमर्यादां त्यजसि क्षयवार्धिवत् ? ॥२९५॥

**दिवा न वीक्षते घूकः, काको नक्तं न वीक्षते ।**
**कामार्तः कोऽपि पापीयान्, दिवा नक्तं न वीक्षते ॥२९६॥**

**जीवितं शीलमेवैकं, कुलीनस्य क्षमातले ।**
**आयुर्मृतादभ्यधिको, यतः शीलमृतोऽशुभः ॥२९७॥**

---

કેમ ઇચ્છે છે ? (૨૯૨)

પ્રતાપથી આક્રાંત છતાં પરાસક્ત (પરદારાલંપટ) લોકને એક અપરાધીની જેમ દૈવાધીન થઈ સૂર્યની જેમ દુઃખસાગરમાં પડવું પડે છે. (૨૯૩)

તમે પુરાણના જ્ઞાતા છો અને જો અન્યાય કરશો તો "સમુદ્રમાંથી ધૂળ ઊડી" એ કહેવત સાચી ઠરશે. (૨૯૫)

વળી કિંપાકફળ સમાન આપાતરમ્ય વિષયોમાં વ્યાકુળ થઈને ક્ષય થતા સમુદ્રની જેમ તું પિતાના કુળની મર્યાદાને કેમ જલાંજલિ આપે છે ? કહ્યું છે કે :- (૨૯૫)

**ઘુવડ દિવસે અને કાગડો રાત્રે જોઈ શકતા નથી, પણ કામાર્ત કોઈ મહાપાપી છે કે જે દિવસે અને રાત્રે કોઈપણ વખતે જોઈ શકતો નથી. (૨૯૬)**

**કુલીન પુરુષને પૃથ્વીતલપર એક પોતાનું શીલ એ જ જીવિત છે. કારણ કે આયુષ્યક્ષયથી મરણ પામેલા કરતાં**

गुरुस्त्वं प्राणदातृत्वाद्, महीशस्तव नन्दनः ।
अहं पुत्री स्नुषेवाऽथ, कथमन्यद् विभाषसे ? ॥२९८॥

एष प्रोवाच कोपेन, विदुष्यसि दुरात्मिके ! ।
अतस्त्वां मारयिष्यामि, मारैर्नवनवैरहम् ॥२९९॥

त्वदर्थे विषयस्त्यक्तः, सेवितोऽपि हि पूर्वजैः ।
परं तवेदृशी चेष्टा, निकृष्टे ! दुष्टचेष्टिते ! ॥३००॥

त्यक्तं राज्यं त्वदर्थेन, देशो बन्धुः कुलं गृहम् ।
वित्तं मित्रं निजा भूमिः, परं ते चेष्टितं ह्यदः ॥३०१॥

वनमालाऽप्यथोवाच, रक्षताद् मां महापदः ।
जनकोऽसि सदाचारपरोपकृतिसुन्दरः ॥३०२॥

---

**શીલમૃત-ભ્રષ્ટપુરુષ વધારે અશુભ છે. (૨૯૭)**

તું પ્રાણદાતા હોવાથી મારો ગુરુ છે. અને રાજા તારો નંદન છે, તેથી હું પુત્રવધૂ હોવાથી તારી પુત્રીતુલ્ય છું. તો તેના પ્રત્યે આમ વિપરીત કેમ બોલે છે ? (૨૯૮)

આ પ્રમાણે વનમાલાનાં વચનો સાંભળીને તે બ્રાહ્મણ ક્રોધથી બોલ્યો કે :- "હે દુરાત્મિકે ! તું બહુ ચાલાક લાગે છે. માટે હવે તને નવા નવા મારાઓ પાસે હું માર મરાવીશ. (૨૯૯)

હે અધમે ! હે દુષ્ટચેષ્ટિતે ! તારા માટે મેં પૂર્વજોએ સેવિત દેશ છોડ્યો અને તું આવી નિવડી. (૩૦૦)

તારા નિમિત્તે રાજ્ય, દેશ, બંધુ, કુળ, ઘર, મિત્ર, વિત્ત અને પોતાની ભૂમિનો મેં ત્યાગ કર્યો, છતાં તારૂં આવુ ચેષ્ટિત નીકળ્યું." (૩૦૧)

એટલે વનમાલા બોલી કે-"મને મહાઆપત્તિમાંથી બચાવી, તેથી હે સદાચાર અને પરોપકારથી સુશોભિત ! તું મારે પિતા

अथाकर्षद् द्विजश्चर्मकोशादस्त्रीं भृशं सिताम् ।
**कामान्धा इव कोपान्धा, कृत्याकृत्यपराङ्मुखाः ॥३०३॥**

ब्राह्मणस्य ततो माता, बभाषे प्रेमबन्धुरम् ।
जीवन् प्राणी सुते ! भद्रशतं पश्यति निश्चितम् ॥३०४॥

*वनमालाऽगदद् मातः !, पञ्चत्वं मम जायताम् ।*
*तथापि शीलविध्वंसो, मा मे भवतु जातुचित् ॥३०५॥*

ज्ञात्वेति निधनत्वेऽपि, सस्पृहां शीलपालनात् ।
सहस्रेण सुवर्णस्य, विक्रीणीते स्म स द्विजः ॥३०६॥

क्रायकेणापि तेनाशु, प्रार्थिता द्विजवद् भृशम् ।
तद्वत् प्रोवाच सा साध्वी, **ह्येकरूपा सती यतः** ॥३०७॥

---

સમાન છો." (૩૦૨)

આથી તે બ્રાહ્મણે વધુ ક્રોધાવેશમાં આવી ચર્મના મ્યાનમાંથી એક અતિશય તીક્ષ્ણ છરી ખેંચી કાઢી કેમ કે "કામાંધની જેમ ક્રોધાંધ પણ કૃત્યાકૃત્યથી વિમુખ હોય છે." (૩૦૩)

*એવામાં તે બ્રાહ્મણની માતા પ્રેમપૂર્વક બોલી કેઃ- "હે સુતા ! જીવતો નર ભદ્રા પામે. માટે કાંઈક વિચાર કર." (૩૦૪)*

એટલે વનમાલા બોલી કે :- "હે માતા ! ભલે મારૂં મરણ થાઓ પણ કદાપિ મારા શીલનો વિધ્વંસ (નાશ) તો હું નહિ જ કરૂં." (૩૦૫)

આ પ્રમાણે શીલ સાચવવા સારૂં મરણને પણ કબૂલ કરતી એવી તેને દઢ સમજીને તે વિપ્રે એક હજાર સોનામહોરમાં તેનો વિક્રય કર્યો-તેને વેચી દીધી. (૩૦૬)

તે ખરીદનારે પણ પેલા બ્રાહ્મણની જેમ પોતાની સ્ત્રી થવા માટે તેની અત્યંત પ્રાર્થના કરી એટલે તે સાધ્વી (ઉત્તમ સ્ત્રી) એ

ततो बर्बरदेशे सा, विक्रीता तेन विप्रवत् ।
एकत्रापि हि दुर्दैवाद्, भवे भवशतं भवेत् ॥३०८॥

कदन्नभोजिनी कामं, मलाविलकलेवरा ।
वनमालाऽभजद् नूनं, शुष्कमालेव हेयताम् ॥३०९॥

अन्येद्युस्तृणकाष्ठौघमानेतुं काननं गता ।
ततः सा मूर्च्छयाऽभ्रश्यत्, पृथिव्यां छिन्नवृक्षवत् ॥३१०॥

मृतेव गतनिःश्वासा, मौनिनी योगिनीव सा ।
अलब्धसंज्ञा सुचिरं, स्थिता ही ! विधिजृम्भितम् ॥३११॥

मृतकल्पामिमां चञ्च्वा, ततो भारण्डपक्षिराट् ।
जगृहे नीरधेरन्तर्द्वीपे चन्द्रकलाह्वये ॥३१२॥

---

તેને પણ પૂર્વ પ્રમાણે જ જવાબ આપ્યો. **"કારણ કે સતીઓ સદા એકરૂપે જ હોય છે."** (૩૦૭)

પછી તેણે પેલા બ્રાહ્મણની જેમ તેને બર્બરદેશમાં જઈને વેચી. "અહો ! દુર્દૈવયોગે એક ભવમાં પણ સો ભવ થાય છે." (૩૦૮)

ત્યાં ખરાબ અન્નનું ભોજન કરનારી અને અત્યંત મલિન શરીરવાળી વનમાલા-શુષ્કમાલાની જેમ ક્ષીણ થવા લાગી. (૩૦૯)

એકવાર તે તૃણ અને કાષ્ઠ લેવાને વનમાં ગઈ ત્યાં એકદમ મૂર્ચ્છિત થઈને છિન્નવૃક્ષની જેમ પૃથ્વી ઉપર ઢળી પડી (૩૧૦)

અને મૃતની જેમ શ્વાસરહિત યોગિનીની જેમ મૌનયુક્ત એવી તે બહુ વખત બેભાન સ્થિતિમાં પડી રહી. "અહો ! દૈવની ગતિ ન્યારી છે." (૩૧૧)

પછી મૃતતુલ્ય સમજીને એક ભારંડ પક્ષી પોતાની ચાંચવડે

अम्भोधिवीचिभिर्लब्धसंज्ञाऽभूद् वनमालिका ।
संशुष्यद्वल्लरीवोच्चैः, प्रथमाम्भोदवृष्टिभिः ॥३१३॥

किञ्चिच्चलत्तनूं दृष्ट्वा, तां मुक्त्वा च नभस्तले ।
दयाधर्मपरायत्तश्चलति स्म स पक्षिराट् ॥३१४॥

स्वस्था सा हृदये दध्यौ, तद् वृत्तं स्वप्नदृष्टिवत् ।
क्व चाश्रमो महर्षीणां, क्व च राज्यपरिक्रिया ? ॥३१५॥

क्व चाऽयमन्तरद्वीपे, निवासो जनवर्जिते ? ।
क्व च मूर्च्छागमोऽरण्ये, क्व चाऽयं वीचिसङ्गमः ? ॥३१६॥

अथवा दुःखसंदोहो, ममाऽन्योऽपि प्रसर्पताम् ।
**पश्चादपि हि यद् देयं, तत्पूर्वं किं न दीयते ? ॥३१७॥**

---

સમુદ્રની અંદર ચંદ્રકળા નામના અંતર્દ્વીપમાં તેને લઈ ગયો. (૩૧૨)

ત્યાં શુષ્ક થયેલી લતા જેમ પ્રથમ મેઘની અત્યંત વૃષ્ટિથી પલ્લવિત થાય તેમ સમુદ્રના તરંગયોગે તે વનમાળા કંઈક સાવધાન થઈ. (૩૧૩)

એટલે શરીર ચેષ્ટાથી તેને સજીવન સમજીને નભસ્તળથી નીચે મૂકી દયાધર્મમાં તત્પર એવો તે પક્ષી ચાલતો થયો. (૩૧૪)

પછી સ્વસ્થ થઈને તે સ્વપ્નદર્શનની જેમ પોતાનો પૂર્વ વૃત્તાંત અંતરમાં વિચારવા લાગી કે :- “અહો ! મહર્ષિઓનો આશ્રમ ક્યાં ? ક્યાં રાજભવનમાં સ્થિતિ ? (૩૧૫)

વળી આ નિર્જન અંતરદ્વીપમાં નિવાસ ક્યાં ? અને અરણ્યમાં મૂર્છા પ્રસંગ તેમજ આ સમુદ્રતરંગનો સંગમ ક્યાં ? (૩૧૬)

અથવા તો બીજા પણ આવા દુઃખદાયક પ્રસંગો ભલે મારે

इति मीमांसमानायां, तस्यां कश्चन पूरुषः ।
समभ्येत्याऽभ्यधादेवं, प्रेममन्थरया गिरा ॥३१८॥

काऽसि विस्मेरपद्माक्षि !, कस्मादिह समागता ? ।
इत्युक्ते तेन सा कामं, मौनमुद्रामशिश्रियत् ॥३१९॥

सोऽथाऽभाषिष्ट वृत्तं, मे शृणु शोभनदर्शने ! ।
कासारनगरावासी, भग्नपोतो महोदधौ ॥३२०॥

दैवात् फलकमासाद्याऽन्तरीपं प्राप्य सुन्दरि[1] ! ।
एकाकिनोऽद्वितीया मे, द्वितीया त्वं भविष्यसि ॥३२१॥

---

સહન કરવા પડે. કારણ કે પછીથી પણ જે આપવું છે. તે પ્રથમથી જ શા માટે ન આપવું ? (૩૧૭)

આ પ્રમાણે તે વિચાર કરે છે. એવામાં કોઈક પુરુષે આવીને તેને પ્રેમાળ વચનથી બોલાવી કે :- (૩૧૮)

"હે વિકસિત પદ્માક્ષી ? તું કોણ છે ? અને અહીં શા માટે આવી છે ! આ વચન સાંભળ્યા છતાં તેણે તો અત્યંત મૌનમુદ્રાનો જ આશ્રય કર્યો (૩૧૯)

એટલે તે પુરુષ પુનઃ બોલ્યો કે :- હે શોભનદર્શને ! મારો વૃત્તાંત સાંભળ :- હું કાસાર નગરનો રહેવાસી છું. મહાસાગરમાં વહાણ ભાંગી જતાં (૩૨૦)

દૈવયોગે ફલક મળવાથી હે સુંદરી ! હું એકાકી આ દ્વીપમાં આવ્યો છું. અદ્વિતીય એવી તું મળી છે. તો હું પ્રાર્થના કરૂં છું કે તું મારી કાંતા (પત્ની) થવાનું કબૂલ કર." (૩૨૧)

આ પ્રમાણે સાંભળીને ચિંતવવા લાગી કે :- "અહો !

---

१. तस्थुषः इत्यपि पाठः ।

श्रुत्वाथ दध्यावित्येषा, हा ! दूरक्षमिदं व्रतम् ।
**यत्र वा तत्र वा यातु, कर्पासो लोठ्यते जनैः ॥३२२॥**

उवाच वनमालेदं, मा बान्धव ! वदेदृशम् ।
लोकद्वयविरुद्धं हि, किं कुर्वन्ति विवेकिनः ? ॥३२३॥

अथ बौहित्थिकस्तस्याः, कण्ठपाशं ददौ दृढम् ।
एवं सौधर्मकल्पस्य, पश्यन्ति स्म सुधाभुजः ॥३२४॥

तां पञ्चत्वदशां प्राप्तामपि पालितसद्व्रताम् ।
वनमालां विलोक्यैते, प्रादुरासन् सुधाशनाः ॥३२५॥

रे पौतिक ! परस्त्रैणसङ्गलालसमानस ! ।
कथमेतां सतीं हंसि, शौनिको बर्करीमिव ? ॥३२६॥

---

શિયળવ્રતનું રક્ષણ કરવું બહુ મુશ્કેલ છે. **કપાસ જ્યાં જાય, ત્યાં લોકો તેને લોઢે છે** (કૂટે છે)" (૩૨૨)

પછી વનમાળા બોલી કે- હે બાંધવ ! આવું વચન ન બોલ કારણ કે **વિવેકીજનો બંને લોકમાં વિરૂદ્ધ એવું કૃત્ય કરતાં જ નથી.** (૩૨૩)

આ વચન સાંભળીને તે પુરુષે મજબૂત રીતે તેના ગળામાં પાશ નાંખ્યો. આ બનાવ સૌધર્મદેવલોકના દેવો પણ જોઈ રહ્યા હતા. (૩૨૪)

તેથી મરણદશાને પ્રાપ્ત થવાની તૈયારીમાં છતાં શીલમાં અચળ એવી વનમાલાને જોઈને તે  દેવો તરત જ પ્રગટ થઈને બોલ્યા કે :- (૩૨૫)

"હે અધમ ! (વહાણખેડુ) હે પરસ્ત્રીના સંગને ઇચ્છનાર ! કસાઈ જેમ બકરીને મારે તેમ આ સતીને સતાવીને તું શા માટે

शीलव्रतप्रभावेण, वयमस्याः पदातयः ।
तवैतत्प्राणघातेन, कृतान्ताऽनुचरा इव ॥३२७॥

ततः पोतवणिग् भुञ्जन्निवाऽऽस्येऽक्षिपदङ्गुलीः ।
**सर्वासामपि भीतीनां, मरणं हि महद् भयम् ॥३२८॥**

अथैतैः करुणासान्द्रैस्तं विमुच्य नृपप्रिया ।
विज्ञायाऽवधिना नीता, विभूषणपुरे पुरे ॥३२९॥

आवासमध्यमासीनां, तां निरीक्ष्य क्षितीश्वरः ।
विस्मयस्मेरहृदयो, यावद् ध्यायति किञ्चन ॥३३०॥

अथोचुस्ते सुपर्वाणो, देव ! धन्या वयं ननु ।
सतीचूडामणेरस्याः, प्रणतं यत् पदद्वयम् ॥३३१॥

મારે છે ? (૩૨૬)

શીલવ્રતના પ્રભાવથી અમે તેના સેવક જેવા છીએ. અને એનો પ્રાણઘાત કરનાર એવા તારા માટે અમે યમના અનુચર (દૂત) સમાન છીએ." (૩૨૭)

એટલે તે વહાણવટીએ જાણે ભોજન કરતો હોય તેમ પોતાના મુખમાં આંગળીઓ નાંખી, કારણ કે **"બધા ભય કરતાં મરણનો ભય મોટો છે.** (૩૨૮)

પછી કરૂણાસાગર એવા તે દેવો તેને મુક્ત કરાવીને અવધિજ્ઞાનથી ઓળખી વિભૂષણપુરમાં લઈ જઈને તેના આવાસમાં મૂકી. (૩૨૯)

ત્યાં અચાનક તેના આવાસમાં બેઠેલી તેને જોઈને વિસ્મયથી વિકસિત હૃદયવડે રાજા કાંઈક વિચારે છે. (૩૩૦)

તેવામાં તે દેવો કહેવા લાગ્યા કે " હે દેવ ! ખરેખર અમે

अमुष्याः शीलमाहात्म्यं, वागीशो वक्तुमक्षमः ।
मन्ये शून्यपदभ्रान्तिं, नित्यं नित्यं दधात्यलम् ॥३३२॥

ततः पौतिकवृत्तान्तमनल्पं कल्पवासिनः ।
प्रजल्पन्ति स्म विस्मेरवदनाम्भोजराजिताः ॥३३३॥

अस्याः शीलमनश्लीलं, हरेर्वर्णयितुं पुरः ।
गच्छामो वयमित्युक्त्वा, प्रचेलुः कल्पवासिनः ॥३३४॥

सस्नेहमगदद् देवी, देव ! कस्मात् कृशाङ्गकाः ।
भवन्तः श्वेतवसनाः, संप्राप्तदर्शना इव ? ॥३३५॥

---

ધન્ય છીએ કે આ સતીશિરોમણિના ચરણયુગલને નમવાનો અમને સમય પ્રાપ્ત થયો (૩૩૧)

એમ અમે ધારીએ છીએ. આ સતીના શીલનું માહાત્મ્ય કહેવાને અસમર્થ એવો બૃહસ્પતિ પણ નિરંતર શૂન્યપદની ભ્રાંતિને ધારણ કરે છે.'' (૩૩૨)

પછી વિકસિત વદનકમળથી સુશોભિત એવા દેવોએ પેલા વહાણવટીનો બધો વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો. (૩૩૩)

હવે ઈંદ્રની પાસે એના નિર્મળશીલના માહાત્મ્યનું વર્ણન કરવાને અમે જઈએ છીએ. એમ કહીને દેવો ચાલતા થયા. (૩૩૪)

**બારવર્ષ વિયોગ સહતા રાજવી.**

**જ્ઞાનીગુરુભગવંત સમીપે પૂર્વભવ સુણતાં રાજવી.**

આ બાજુ સ્નેહપૂર્વક વનમાળાએ રાજાને કહ્યું કે હે દેવ ! આપ દીક્ષિતની જેમ શ્વેતવસ્ત્ર ધારી અને કૃશાંગ કેમ થઈ ગયા છો ? (૩૩૫)

देवि ! त्वद्विरहे प्राप्ते, क्षमिणः साम्यभाजिनः ।
जैनाचार्याः समाजग्मुर्विहरन्तः कृपालवः ॥३३६॥

तेषामन्तेऽर्हतो धर्मं, श्रुत्वा न्यगदमञ्जसा ।
दीक्षां दत्त भवाम्भोधौ, मङ्गिनीमङ्गिनीमिव ॥३३७॥

राजन् ! भोगफलं कर्म, तवाद्यापि हि वर्तते ।
ततोऽहं न्यगदं तूर्णमपूर्णस्वमनोरथः ॥३३८॥

वनमालां विना स्वामिन् !, सर्वस्त्रीनियमो मम ।
तस्याः शुद्धिर्मया लब्धा, न चरैरपि भूरिभिः ॥३३९॥

अखण्डशीलालङ्कारा, रुन्धतीव महासती ।
राजन् ! द्वादशवर्षान्ते, मिलिष्यति तव प्रिया ॥३४०॥

---

એટલે રાજાએ કહ્યું કે :-"હે દેવી ! તારો વિરહ થયા પછી એકવાર ક્ષમાવંત સમતાવંત અને દયાવંત એક જૈનાચાર્યનું વિહાર કરતાં અહિંયા આગમન થયું. (૩૩૬)

તેમની પાસે જઈ ધર્મશ્રવણ કરી મેં કહ્યું કે :- "હે ભગવન! સંસારસાગરમાં સાક્ષાત્ નાવ (મંગિની) તુલ્ય એવી દીક્ષા મને સત્વર આપો." (૩૩૭)

એટલે આચાર્ય બોલ્યા કે :- હે રાજન્ ! હજુ પણ તારૂં ભોગાવલીકર્મ બાકી છે. આ સાંભળતા અપૂર્ણ મનોરથવાળો હું બોલ્યો કે :- (૩૩૮)

"હે સ્વામિન્ ! વનમાળા સિવાય સર્વસ્ત્રીઓનો મારે *ત્યાગ* છે. મેં ઘણા માણસો મોકલી તેની શોધખોળ કરાવી છતાં તેનો કોઈ પત્તો મળી શક્યો નથી." (૩૩૯)

એટલે આચાર્ય ભગવંત બોલ્યા કે :- "હે રાજન્ ! અરૂંધતીની

स्वामिन् ! मम कथं दुःखं, जातं द्वादशवार्षिकम् ? ।
अथोचे भगवानेवं, ज्ञानज्ञातजगत्त्रयः ॥३४१॥

अनेकगोधनस्वामी, भद्रसंज्ञः कृषीबलः ।
शालिग्रामे पुराऽऽसीस्त्वं, दीनदानपरायणः ॥३४२॥

शरत्काले समायाते, केदारे शालिशालिनि ।
गतस्त्वं हंसमिथुनमपश्यः काममोहितम् ॥३४३॥

गृहीत्वा वारलां पाशैर्वृषस्यन्तीमथैकदा ।
आलिम्पस्त्वं कुङ्कुमेनात्मानं चाशुभकर्मणा ॥३४४॥

---

જેમ અખંડ શીલાલંકારને ધારણ કરતી એ મહાસતી તને બાર વર્ષને અંતે મળશે.'' (૩૪૦)

પછી મેં પૂછ્યું કે :- ''હે સ્વામિન્ ! મને આવું બાર વર્ષ સુધીનું વિયોગનું દુઃખ શા કારણથી પ્રાપ્ત થયું ? એટલે જ્ઞાનથી ત્રણે લોકને જાણનાર આચાર્ય ભગવંત બોલ્યા કે :- (૩૪૧)

**કામમોહિત હંસયુગલનો પડાવેલો વિયોગ.**

**પૂર્વોપાર્જિત તે કર્મે પત્નીનો કરાવ્યો વિયોગ.**

પૂર્વભવમાં શાલિગ્રામમાં દીનજનોને દાન આપવામાં પરાયણ અનેક ગોધનનો સ્વામી તું ભદ્ર નામનો ખેડૂત હતો. (૩૪૨)

એકવાર શરદઋતુ આવતાં તું શાલિધાન્યથી સુશોભિત ખેતરમાં ગયો. ત્યાં કામથી મોહિત હંસયુગલને તે જોયું. (૩૪૩)

પછી એકદિવસ કામાતુર હંસીને પાશમાં પકડીને તેં તેને કુંકુમનો લેપ કર્યો અને પોતાના આત્માને અશુભકર્મથી લેપ્યો. (૩૪૪)

કુંકુમવાળી હંસીને પોતાની સ્ત્રીપણે ન ઓળખવાથી હંસીના

तद्वियोगातुरो हंसः, परिभ्रमन्नितस्ततः ।
नैवाऽऽद विशखण्डानि नैवाऽऽप सलिले रतिम् ॥३४५॥

अथ तं तादृशं वीक्ष्य, वारलां जलधारया ।
अन्ते द्वादश नाडीनां, प्रक्षाल्य दययाऽमुचः ॥३४६॥

दीनदानप्रभावेण, त्वमभूद् धरणीश्वरः ।
**दानेन परमा भोगा, भवन्ति भववर्तिनाम् ॥३४७॥**

त्वया द्वादशनाडीभिर्यत् कर्म समुपार्जितम् ।
वर्षैर्द्वादशभिर्बाढं, तदशेषं सहिष्यते ॥३४८॥ यतः –

**अदीर्घदर्शिभिः क्रूरैर्मूढैरिन्द्रियवाजिभिः ।**
**हसद्भिः क्रियते कर्म, रुदद्भिरनुभूयते ॥३४९॥**

---

વિયોગથી દુઃખી હંસ આમતેમ ભમવા લાગ્યો. અને કમળપત્રના ભક્ષણનો તથા જળપાનનો પણ તેણે ત્યાગ કર્યો. (૩૪૫)

પછી તે હંસની દયનીય સ્થિતિનો ખ્યાલ આવતાં બાર ઘડી પછી તે હંસીને જળધારાથી ધોઈને છોડી મૂકી. એટલે તેને ઓળખીને હંસે સ્વીકારી બંનેના વિયોગનુ દુઃખ નાશ પામ્યું. (૩૪૬)

ત્યાંથી મરીને તું દીનજનોને દાન દેવાના પ્રભાવથી રાજા થયો કેમ કે **પ્રાણીઓ દાનથી પરમભોગ પામે છે.** (૩૪૭)

બારઘડી પર્યંત હંસહંસીને વિયોગ કરાવવાથી તેં જે અશુભકર્મ ઉપાર્જન કર્યું હતું તેથી બારવર્ષ પર્યંત તારે રાણીના વિયોગનું દુઃખ ભોગવવું પડશે. (૩૪૮)

**કહ્યું છે કે :- "ટુંકા વિચારવાળા, ક્રૂર અને મૂઢજનો હસતાં હસતાં ઈંદ્રિયરૂપ અશ્વોથી પ્રેરાઈને જે કર્મ બાંધે છે**

तव प्राग्भवपत्नीयं, त्वत्कृतमन्वमोदत ।
ततोऽस्या अपहारोऽभूत्, **कृतं कर्मैव नाऽन्यथा** ॥३५०॥

श्रुत्वेदं सुगुरून् नत्वा, प्राप्य श्राद्धव्रतावलीम् ।
अतिष्ठं पौषधग्राही, चतुष्पर्व्यां निजौकसि ॥३५१॥

देवैरसि त्वमानीता, मम भाग्यैरिव द्रुतम् ।
न प्राप्नोति किमु प्राणी, धर्मकर्मणि कर्मठः ? ॥३५२॥

अथ भूमिपतिः साकं, तया वैषयिकं सुखम् ।
भुञ्जानो न्यगमत् कालं, सुधाभुगिव भूचरः ॥३५३॥

---

**તે રોતા રોતા ભોગવવું પડે છે." (૩૪૯)**

વળી પૂર્વભવની તારી પત્નીએ તારા કામમાં અનુમોદના કરી હતી તેથી તેનો અપહાર થયો અને બારવર્ષ પર્યંત તેને પણ દુઃખ ભોગવવું પડશે. **કરેલું કર્મ કોઈ કાળે અન્યથા થતું નથી."** તેથી જ કોઈનો વિયોગ પડાવશો નહીં ? (૩૫૦)

આ પ્રમાણે સાંભળી શ્રાવકના બારવ્રત સ્વીકારી સુગુરુને નમસ્કાર કરી હું મારા સ્થાનકે આવ્યો. વ્રતોનું આરાધન કરતાં ચારપર્વ દિવસોએ હું પૌષધ કરવા લાગ્યો (૩૫૧)

અને બાર વર્ષ પૂરા થવાની રાહ જોવા લાગ્યો. આજે બારવર્ષ પૂર્ણ થતા જાણે મારા સાક્ષાત્ ભાગ્ય હોય એવા દેવો તને અહીં લઈને આવ્યા. અહો ! **ધર્મકર્મમાં તત્પર એવા પ્રાણીને શું શું સુખ પ્રાપ્ત થતું નથી. ?** (૩૫૨)

હવે વનમાલાની સાથે વિષયસુખ ભોગવતાં રાજા દેવની જેમ કાળ વ્યતીત કરવા લાગ્યો. પ્રાંતે દ્રવ્ય અને ભાવથી અનશન સ્વીકારી મરણ પામી તે છઠ્ઠા લાંતક દેવલોકે અવતર્યો. અનુક્રમે

पर्यन्तेऽनशनं कृत्वा, द्रव्यभावविभेदतः ।
जगाम लान्तकं कल्पं, क्रमाद् निर्वाणमेष्यति ॥३५४॥

वनमालापि संप्रासद्वादशश्रावकव्रती ।
इतवत्यच्युतं कल्पं, तस्माद् मोक्षमवाप्स्यति ॥३५५॥

यथाऽनया निष्कलङ्कं, सुशीलं परिपालितम् ।
तथान्यैरपि भूपाल !, पालनीयं महाबल ! ॥३५६॥

स्वामिन् ! शीलवतीमध्ये, धन्यैका वनमालिका ।
[1]त्वरते ब्रह्मचर्याय, यच्चरित्रेण मन्मनः ॥३५७॥

**मूढो विषयसेवाभिर्विधत्ते जन्म निष्फलम् ।**
**विक्रीणीते न किं बालो, रत्नं स्वल्पैः कपर्दकैः ? ॥३५८॥**

તે મોક્ષસુખ પામશે. (૩૫૩-૩૫૪)

વનમાલા પણ શ્રાવકના બારવ્રત લઈ તેનું આરાધન કરીને બારમા અચ્યુત દેવલોકમાં ગઈ. તે પણ અનુક્રમે મોક્ષે જશે. (૩૫૫)

**ઈતિ શીલધર્મ ઉપર વનમાલા કથા.**

હે મહાબલ રાજા ! જેમ આ વનમાલાએ નિષ્કલંક શીલ પાળ્યું તેમ બીજા મનુષ્યોએ પણ પાળવું જોઈએ. (૩૫૬)

પછી રાજા બોલ્યો કે :- "હે સ્વામિન્ ! શીલવતી સુંદરીઓમાં એક વનમાલા ધન્ય છે કે જેનું ચરિત્ર સાંભળતાં મારૂં મન બ્રહ્મચર્ય માટે ઉત્સાહિત (ત્વરિત) થાય છે. (૩૫૭)

**અહો ! મૂઢ પ્રાણી વિષયસેવન વડે પોતાના જન્મને નિષ્ફળ બનાવે છે. જુઓ ? બાળક અલ્પ કોડીઓનાં બદલામાં**

१. 'त्वर्यते' इत्यपि ।

**नरकाय प्रजायन्ते, विषया हन्त ! सेविताः ।**
**तेषां त्यागस्तु भावेनापवर्गपथदर्शकः ॥३५९॥**

यथोद्देशं हि निर्देश, इति ध्यायन् महामुनिः[१] ।
उपाक्रमत माहात्म्यं, तपसो वक्तुमप्यथ ॥३६०॥

तपो विजयतामेकं, कार्मणं भुवनश्रियः ।
धर्मरोहणमाणिक्यं, कर्मकक्षाऽऽशुशुक्षणिः ॥३६१॥

विधिवद्विहितादस्मात्, कर्ममर्मविभेदकात् ।
सुगतिं लभते विद्याविलासो नृपतिर्यथा ॥३६२॥ युग्मम्

---

**શું રત્ન આપી દેતો નથી ? (૩૫૮)**

અહો ! વિષયોનું સેવન કરતાં નરકગતિ પ્રાપ્ત થાય છે. અને ભાવપૂર્વક તેનો ત્યાગ કરવાથી સ્વર્ગ અને મોક્ષ મળે છે. (૩૫૯)

હવે "જે રીતે ઉદ્દેશ કર્યો હોય તે રીતે નિર્દેશ કરવો જોઈએ" એ ન્યાયનો વિચાર કરી તે મહામુનિ તપનું માહાત્મ્ય કહેવા લાગ્યા :- (૩૬૦)

"સમસ્ત પ્રકારની લક્ષ્મીના કારણરૂપ, ધર્મરૂપ રત્નની રોહણભૂમિરૂપ અને કર્મરૂપ કાષ્ઠને હુતાશન (અગ્નિ) સમાન એવો તપ જયવંત વર્તો (૩૬૧)

કર્મના મર્મને ભેદનાર એવા તપનું વિધિપૂર્વક સેવનકરવાથી વિદ્યાવિલાસ રાજાની જેમ પ્રાણી સુગતિને પામે છે તે કથાનક આ પ્રમાણે છે. (૩૬૨)

---

१. 'महामति' इति पाठान्तरम् ।

तथाहि –

अस्ति **स्त्रीस्पर्शवत् सर्वविषयेष्वादिमं** पुरम् ।
काञ्चनाख्यं लसद्भद्रशालं काञ्चनशैलवत् ॥३६३।

तत्रासीत् पृथिवीपालः, सूरसेना[१] महारथः ।
धरणीधारिणीनाम्नी, तस्य देव्यौ बभूवतुः ॥३६४॥

विज्ञातजीवाजीवादिनवतत्त्वः सदाऽऽस्तिकः ।
तस्मिन्नेव पुरे श्रेष्ठी, श्रीपालः परमार्हतः ॥३६५॥

सुशीललालसा धर्मे, दानशौण्डा दयावती ।
श्रीमती तस्य जायाऽभूद्, धीमती परमार्हती ॥३६६॥

## તપધર્મ ઉપર વિદ્યાવિલાસની કથા.

સર્વ (વિષયો) દેશોમાં સ્ત્રીસ્પર્શની જેમ મુખ્ય અને કાંચનગિરિનીજેમ ભદ્રશાલવનથી સુશોભિત એવું કાંચનપુર નામે નગર છે. (૩૬૩)

ત્યાં સૂરસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ધરણી અને ધારિણી નામની બે રાણીઓ હતી. (૩૬૪)

વળી તે જ નગરમાં જીવાજીવાદિ નવતત્ત્વને જાણનાર, સદા આસ્તિક અને પરમ શ્રાવક શ્રીપાલ નામે શ્રેષ્ઠી રહેતો હતો. (૩૬૫)

સુશીલપણામાં તત્પર, દાનધર્મમાં કુશળ, કરૂણાવંત, બુદ્ધિશાળી અને પરમશ્રાવિકા એવી શ્રીમતી નામની તે શેઠને સ્ત્રી હતી. (૩૬૬)

કૃષ્ણની ચાર ભુજાઓની જેમ તે શેઠને શ્રીધર, શ્રીપતિ, શ્રીદત્ત

१. 'सूरसेनोऽभिधानतः' इति च ।

चत्वारो नन्दनास्तस्य, लक्ष्मीभर्तुर्भुजा इव ।
श्रीधरः श्रीपतिश्च श्रीदत्तः श्रीवत्स इत्यपि ॥३६७॥

अन्येद्युः कौतुकाच्छ्रेष्ठी, तल्पस्थः सर्वनन्दनान् ।
पप्रच्छ केन केन स्वमुपायेनार्जयिष्यथ ? ॥३६८॥

तन्मध्यात् प्रथमोऽवादीत्, तात ! चिन्तातुराः कथम् ? ।
वित्तार्जनं करिष्यामि, नानारत्नपरीक्षया ॥३६९॥

सुवर्णस्य तथा वस्त्रसमूहानां च विक्रयैः ।
वित्तोत्पत्तिं विधास्याव, इत्यन्यौ प्रोचतुः सुतौ ॥३७०॥

श्रीवत्सोऽथ जजल्पोच्चैर्गेयदत्तमना मनाक् ।
लक्षपाकादितैलेन, कृताभ्यङ्गाङ्गमर्दकैः ॥३७१॥

---

અને શ્રીવત્સ એ નામના ચાર પુત્રો હતા. (૩૬૭)

એકદા શય્યાસ્થિત શ્રેષ્ઠીએ કૌતુકથી સર્વ પુત્રોને પૂછ્યું કે, "હે વત્સો ! કેવા કેવા ઉપાયવડે તમે ધન ઉપાર્જન કરશો ? (૩૬૮)

એટલે તેમાંથી પ્રથમ બોલ્યો કે, હે "હે તાત ! તમે ચિંતા શા માટે કરો છો ? હું નાના (વિવિધ) પ્રકારના રત્નોની પરીક્ષાવડે ધન ઉપાર્જન કરીશ" (૩૬૯)

બીજા બે પુત્ર બોલ્યા કે, " હે તાત ! સુવર્ણ અને વસ્ત્રસમૂહના વિક્રયથી (વ્યાપાર) અમે વિત્તોપાર્જન (દ્રવ્યોપાર્જન) કરશું." (૩૭૦)

પછી ચતુર્થ શ્રીવત્સ ઉચ્ચ સ્વરે બોલ્યો કે :- "સંગીતમાં જરા મન લગાવી, લક્ષપાક વગેરે તેલથી અંગમર્દકો પાસે અભ્યંગન કરાવી, (૩૭૧)

विहितस्नानमाङ्गल्यः, पञ्चतूर्यलयान्वितम् ।
सौवर्णरत्नप्रतिमाः, पूजयन् लास्यबन्धुरम् ॥३७२॥

नानाप्रसादपात्रौघैः, पत्तिभिः परिवारितः ।
कुर्वाणो भोजनं भोज्यलेह्यपेयसुपेशलम् ॥३७३॥

सुश्लिष्टशाटकप्रान्तनिर्नीरितकरद्वयः ।
शलाकाऽवसरस्फूर्जद्गेयदत्तश्रवोयुगः ॥३७४॥

शय्यायां पुलिनाभायां, निविष्टस्त्रिदशेशवत् ।
एकस्यां मूर्ध्नि बन्धत्यां, धम्मिल्लं नवभङ्गिभिः ॥३७५॥

निक्षिपन्त्यां द्वितीयस्यां, तालवृन्तानिलं मृदु ।
तृतीयस्यां ददत्यां तु, ताम्बूलं प्रेमगर्भितम् ॥३७६॥

---

સ્નાનરુપ મંગળ કરી, પાંચ પ્રકારના વાજીંત્રના લય અને નૃત્યપૂર્વક સુંદર રીતે સુવર્ણ અને રત્નની જિનપ્રતિમાઓનું પૂજન કરીને (૩૭૨)

વિવિધ પ્રકારના પ્રસાદપાત્ર એવા પદાતિઓથી પરિવારિત થઈ ભોજ્ય, લેહ્ય અને પેયથી પરિપૂર્ણ એવું ભોજન કરી, (૩૭૩)

બહુ જ સુકોમળ વસ્ત્રપ્રાંતથી (છેડા) આર્દ્ર એવા બંને હાથને સાફ કરી શયન વખતે સ્ફૂરાયમાન સંગીતમાં શ્રવણયુગલ સ્થાપી (૩૭૪)

દેવતાઓની જેવી અત્યંત સ્વચ્છ અને કોમળશય્યામાં બેઠા બેઠા એક રમણી મસ્તક પર નવીન રચનાથી વાળ ઓળતી (ગુંથતી) હોય, (૩૭૫)

બીજી રમણી પંખાથી કોમળ (શીતલ) પવન નાંખતી હોય, ત્રીજી રમણી પ્રેમપૂર્વક તાંબૂલ આપતી હોય (૩૭૬)

चतुर्थ्यां दयितायां तु, मर्दयन्त्यां क्रमाम्बुजे ।
एवंभूतः करिष्यामि, राज्यं श्रीसूरसेनवत् ॥३७७॥ सप्तभिः कुलकम्

अरे रे ! वक्षि वाचाटाऽसंबद्धं किमिदं वचः ? ।
मामकं त्यज धामेदममुं श्रेष्ठीत्यतर्जयत् ॥३७८॥

तेजः संगृह्य चण्डांशुर्वारिधेरिव रंहसा ।
क्षीरकण्ठोऽपि तद्गेहाद्, निर्ययौ श्रेष्ठिनन्दनः ॥३७९॥

अपमानेन तातस्य, प्रेरितः प्राप सुन्दरम् ।
पुरं रत्नपुरं नाम, सश्रीकं स्मेरपद्मवत् ॥३८०॥

तत्र श्रीरत्नकेत्वाख्यो, हरिवंशान्वयी नृपः ।
सुदक्षिणा प्रिया तस्य, क्रतोरिव सुदक्षिणा ॥३८१॥

---

અને ચોથી ચતુરા ચરણકમળ ચાંપતી હોય, હે તાત ! આવા સુખવિલાસમાં રહી હું સૂરસેન રાજાની જેમ રાજ્ય કરીશ." (૩૭૭)

આ પ્રમાણે સાંભળીને શેઠ બોલ્યો કે, "અરે વાચાલ ! આવું અસંબદ્ધ વચન કેમ બોલે છે ? જા, મારા ઘરમાંથી બહાર નીકળ" એમ કહી શ્રેષ્ઠીએ તેની તર્જના કરી (૩૭૮)

એટલે સાગરમાંથી તેજનો સંગ્રહ કરીને સૂર્ય બહાર નીકલે તેમ તે શ્રેષ્ઠીપુત્ર હજુ બાળક હોવા છતાં તેના ઘરમાંથી તરત જ ચાલતો થયો (૩૭૯)

અને પિતાના અપમાનથી પ્રેરાઈને તે નગરનો પણ ત્યાગ કરી વિકસ્વર પત્નીની જેવા લક્ષ્મીયુક્ત અને રમણીય એવા રત્નપુર નામના નગરમાં ગયો. (૩૮૦)

ત્યાં હરિવંશમાં ઉત્પન્ન થયેલો રત્નકેતુ નામે રાજા હતો.

चारुसौभाग्यसौधाग्रपताकाकाञ्चनच्छविः ।
सौभाग्यमञ्जरी तस्य, नन्दनी नेत्रनन्दनी ॥३८२॥

नयसारो यथार्थाख्यो, मन्त्रिपुत्रः पवित्रधीः ।
अपाठीद् विमलाख्यस्योपाध्यायस्यान्तिके तथा ॥३८३॥

अधीयानैश्छात्रवर्गैः, सेवितक्रमपङ्कजम् ।
श्रीवत्सो नगरस्यान्तस्तमुपाध्यायमैक्षत ॥३८४॥

तं प्रणम्याऽवदत् पूज्य !, मह्यं विद्याप्रदो भव ।
इत्युक्तेऽपाठयदसौ, सुतवच्छ्रेष्ठिनः सुतम् ॥३८५॥

---

અને યજ્ઞની શ્રેષ્ઠ દક્ષિણદિશાની જેવી સુદક્ષિણા નામે તેને રાણી હતી. (૩૮૧)

સુંદર સૌભાગ્યવાળી તથા પ્રાસાદના અગ્રભાગ ઉપર રહેલી પતાકા જેવી ચપળતા યુક્ત તથા સુવર્ણસમાન કાંતિવાળી તથા નેત્રને આનંદ આપનારી સૌભાગ્યમંજરી નામે પુત્રી હતી. (૩૮૨)

તે નગરમાં યથાર્થ નામવાળો તથા પવિત્ર બુદ્ધિવાળો નયસાર નામનો મંત્રીપુત્ર વિમલનામના ઉપાધ્યાય પાસે અભ્યાસ કરતો હતો. (૩૮૩)

અભ્યાસક વિદ્યાર્થીઓ જેના ચરણકમળની સેવા કરી રહ્યા છે એવા તે ઉપાધ્યાયને શ્રીવત્સે નગરમાં પ્રવેશ કરતા જોયા. (૩૮૪)

તેને પ્રણામ કરીને બોલ્યો કે, "હે પૂજ્ય ! મને વિદ્યાદાન આપો" આથી તે ઉપાધ્યાય શ્રીવત્સને પોતાના પુત્રની જેમ ભણાવવા લાગ્યા. (૩૮૫)

પરંતુ પૂર્વભવમાં ઉપાર્જન કરેલા જ્ઞાનાવરણીય કર્મના પ્રભાવે ભણાવવાનો પ્રયાસ કરવા છતાં પણ તે શ્રીવત્સ અસંજ્ઞીજીવની

पुरातनभवोपात्तज्ञानावरणकर्मणा ।
पठन्नपि न जानीते, किञ्चनाऽसंज्ञिजीववत् ॥३८६॥

**मूर्खचट्ट** इति स्फीतं, गुणनिष्पन्नमीदृशम् ।
तस्य नाम ददुश्छात्रा, यतस्ते केलिवृत्तयः ॥३८७॥

अनेनाहूयमानोऽसौ, दूयते स्म क्षणे क्षणे ।
प्रनष्टेनेव शल्येन, घनाघनघनोदये ॥३८८॥

निह्नोतव्यमिदं केनाप्युपायेन मया कथम् ।
विमृश्येति मुहुश्चक्रे, छात्राणां भक्तिमद्भुताम् ॥३८९॥

उत्तितेज कपर्देन, पट्टिकाः प्रतिवासरम् ।
पर्यपूर्यन्त पात्राणि, विधाय खटिनीद्रवम्[1] ॥३९०॥

જેમ કાંઈ જ ભણી શક્યો નહિ. (ખરેખર જ્ઞાન-જ્ઞાની-જ્ઞાનના સાધનની અવજ્ઞા કરવાથી જ્ઞાન ચઢતું નથી. માટે સાવધ રહેવું જોઈએ.) (૩૮૬)

એટલે વિદ્યાર્થીઓએ તેનું ગુણનિષ્પન્ન **મૂર્ખચટ્ટ** નામ પાડ્યું. કેમ કે **બાળકોને એવી રમત પ્રિય હોય છે.** (૩૮૭)

મેઘની જોરદાર વર્ષા થતાં પ્રનષ્ટ થયેલ શલ્યથી જેમ માનવી દુભાય તેમ એ નામથી જ્યારે તેને વારંવાર બોલવવામાં આવતો ત્યારે તે બહુ ખેદ પામતો હતો. (૩૮૮)

"કોઈપણ ઉપાયવડે મારે આ નામને દૂર કરાવી દેવું." એમ વિચારીને વિદ્યાર્થીઓની વારંવાર અદ્ભુત ભક્તિ કરવા લાગ્યો (૩૮૯)

પ્રતિદિન કોડાવડે ઘસીને તેમની પાટીઓ ઉજળી કરી આપવા

१. 'खटिकाद्रवम्' इत्यपि ।

छात्राणामासनान्येष, विन्यस्यति दिवानिशम् ।
पदसंवाहनादीनि, कर्माणि विदधेतराम् ॥३९१॥

नाम च्छात्रैर्ददेऽथास्य, **विनयचट्ट** इत्यपि ।
**दुर्भिक्षं नाम तेषां हि, किमाख्यासु विजृम्भते ? ॥३९२॥**

अमुष्य भक्तिचट्टस्य, पाठकुण्ठस्य सर्वथा ।
एवं द्वादश वर्षाणि, हर्षोत्कर्षजुषोऽव्रजन् ॥३९३॥

तस्यां तु लेखशालायां, पठन्ती राजकन्यका ।
सौभाग्यमञ्जरी नाम्ना, जज्ञे यौवनपावना ॥३९४॥

कस्मैचिद् गतविद्यायाऽवद्यवाक्यवराय माम् ।
*दास्यते जगतीनाथः, कन्यार्थो मत्यगोचरः ॥३९५॥*

---

લાગ્યો અને ખડી પલાળીને તે તેમના ખડીયા ભરી આપવા લાગ્યો. (૩૯૦)

રાતદિવસ તે છાત્રોના આસનો બિછાવવા લાગ્યો અને પગચંપી વિગેરે પણ સારી રીતે કરવા લાગ્યો. (૩૯૧)

આથી વિદ્યાર્થીઓએ તેનું મૂર્ખચટ્ટ નામ ફેરવી **વિનયચટ્ટ** એવું નામ રાખ્યું. કેમ કે **નવું નામ આપવામાં તેમને ક્યાં મુશ્કેલી પડે તેમ હતું ?** (૩૯૨)

આ પ્રમાણે ભણવામાં સર્વથા કુંઠિત બુદ્ધિવાળા અને હર્ષોત્કર્ષ યુક્ત એ વિનયચટ્ટના બાર વરસ વ્યતિત થયા. (૩૯૩)

### કરે સૌભાગ્યમંજરી. ભાવિપતિ ચિંતવના.

હવે તે પાઠશાળામાં પ્રાપ્તયૌવનવયવાળી રાજકન્યા **સૌભાગ્યમંજરી** પણ ભણતી હતી. (૩૯૪)

તે એકવાર વિચારવા લાગી કે :- "કદાચ રાજા મને કોઈ

नयसारः पुनरसौ, मन्त्रिपुत्रो निधिर्धियाम् ।
वीरः शूरो नयी शान्तः, सुदाक्षिण्यः प्रियंवदः ॥३९६॥

यद्येष मम जीवेशो, जायते पुण्ययोगतः ।
तुष्टा मे देवताः कुल्याः, सत्याश्चाशीः परम्पराः ॥३९७॥

इत्थं विचिन्त्य सप्रेमप्रपञ्चवचनं च सा ।
नयसारं प्रति प्रीत्या, बभाषे रहसि स्थिता ॥३९८॥

नयसारोऽप्युवाचेदं, कैतवेन कृतस्मयः ।
युक्तमुक्तं त्वया भद्रे !, शृङ्गारद्रुघनावलि ! ॥३९९॥

---

મૂર્ખ અને અપશબ્દ બોલવામાં કુશળ એવા પુરુષ સાથે પરણાવશે તો હું શું કરીશ. ? કારણ કે કન્યાનો અર્થ જ મતિને અગોચર છે. અથવા કન્યા થાપણ છે. કોને ત્યાં જશે તે કહી શકાતું નથી. (૩૯૫)

આ નયસાર મંત્રીપુત્ર બુદ્ધિનિધાન, વીર, શૂર, ન્યાયી, શાંત, દાક્ષિણ્યયુક્ત અને મધુરભાષી છે. (૩૯૬)

તેથી એ મારે યોગ્ય પતિ છે અને ભાગ્ય યોગે જો એ મારો પતિ થાય તો કુળદેવતાઓ મારા પર તુષ્ટ થયા અને તેમના આશીર્વાદ બધા સત્ય થયા એમ હું માનીશ. (૩૯૭)

એ પ્રમાણે વિચારીને સૌભાગ્યમંજરીએ એકાંતમાં નયસારને પ્રેમાળવચનથી બોલાવ્યો અને પોતાની ઇચ્છા પ્રાર્થનારૂપે જણાવી. (૩૯૮)

એટલે કાંઈક હસીને નયસાર બોલ્યો “હે ભદ્રે ! હે કલ્યાણી ! હે શૃંગારવૃક્ષ મેઘમાલે ! (શૃંગારવૃક્ષને વિકસિત કરવામાં મેઘમાલા સમાન ! તે કહ્યું તે સર્વથા યુક્ત છે. (૩૯૯)

देवानामर्थनीया त्वं, यदि प्रार्थयसे च माम् ।
तद् मे सभाग्यं सौभाग्यं, किन्तु किञ्चन वच्म्यहम् ॥४००॥

त्वं कन्यकाऽसि भूमीन्दोस्तत्पत्तेरस्मि नन्दनः ।
मृगद्विपेन संबन्धः, किं भद्रायाः प्रशस्यते ? ॥४०१॥

अथोचे भूपतेः पुत्री, सत्यमेव त्वयोदितम् ।
परं विद्यागुणैः कोऽन्यस्तव तुल्यो जगत्यपि ? ॥४०२॥

कस्याऽपि गुणहीनस्य, किं करिष्यामि पाणिगा ।
ककुद्मतो गले बद्धाऽनड्वाहीव वराकिका ॥४०३॥

नयसारोऽदधाच्चित्तेऽनुरक्तं मयि मानसम् ।
रक्षितुं शक्यते नैव, निषिद्धमपि युक्तिभिः ॥४०४॥

---

દેવોને પણ પ્રાર્થનીય તું જ્યારે મારી પ્રાર્થના કરે છે ત્યારે તો ખરેખર મારા સૌભાગ્યની વાત છે. છતાં મારે કહેવું પડે કે તું રાજકન્યા છે અને હું રાજાના સેવકનો પુત્ર છું. શું ભદ્રાહાથણીનો સંબંધ સામાન્ય હાથી સાથે યોગ્ય ગણાય ? (૪૦૦-૪૦૧)

રાજપુત્રી બોલી કે "હે ભદ્ર ! તું કહે છે તે સત્ય છે પણ વિદ્યા અને ગુણો જોતાં જગતમાં તારા સમાન બીજો કોણ છે ? (૪૦૨)

તેથી જો તું મારી પ્રાર્થનાનો સ્વીકાર નહિ કરે તો આખલાને ગળે બાંધેલી રાંકડી ગાયની જેમ કોઈ ગુણરહિત માણસના હાથમાં જતાં મારી શી દશા થશે ? (૪૦૩)

એ સાંભળી નયસારે વિચાર્યું કે :- "મારા ઉપર અનુરાગી થયેલું એનું મન યુક્તિપૂર્વક નિષેધ કરવા છતાં પણ અન્યત્ર

यतः –

**अपि चण्डाऽनिलोद्धूततरङ्गस्य महोदधेः ।**
**शक्येत प्रसरो रोद्धुं, नानुरक्तस्य चेतसः ॥४०५॥**

उवाच राजपुत्री च, यदि त्वं सदयो मयि ।
तदा सत्यं कुरु वचोऽपरथाऽग्निर्वरो मम ॥४०६॥

ओमित्युक्ते नयेनाऽथ, दाक्षिण्येन क्षणादपि ।
अन्येद्युः प्रेषयामास, तदन्ते चेटिकां च सा ॥४०७॥

अस्मिन्नेव दिने लग्नं, परमोच्चग्रहान्वितम् ।
आकृष्टमावयोः पौण्यैरंशैरिव पुरःसरम् ॥४०८॥

---

વળી શકે તેમ જણાતું નથી." (૪૦૪)

**કારણ કે પ્રચંડ પવનથી ઉદ્ધત થયેલા તરંગવાળા સાગરનો પ્રવાહ અટકાવી શકાય પણ, અનુરાગી ચિત્તનો વેગ અટકાવી શકાતો નથી." (૪૦૫)**

એવામાં રાજપુત્રી બોલી કે, "જો મારા ઉપર તને દયા આવતી હોય તો મારી પ્રાર્થના સ્વીકાર, નહી તો મારે અગ્નિનું શરણ લેવું પડશે." (૪૦૬)

એટલે ક્ષણવાર વિચાર કરી દાક્ષિણ્યગુણથી નયસારે હા કહી. અને બીજે દિવસે રાજપુત્રીએ તેની પાસે પોતાની દાસી મોકલાવીને કહેવડાવ્યું કેઃ- (૪૦૭)

હે મંત્રિનંદન ? જાણે આપણી પુણ્યપ્રકૃતિથી આકર્ષાઈને આવેલું હોય તેમ આજે ઉંચામા ઉંચા ગ્રહવાળુ લગ્ન આવેલું છે. (૪૦૮)

અને હે મંત્રિનંદન ! વાયુવેગી ઊંટડીઓને મણીઓથી પૂર્ણ

करभ्यो वायुवेगिन्यो, गोणी पूर्णा मणीगणैः ।
प्रगुणीकारिताः सन्ति, प्रच्छन्नं मन्त्रिनन्दन ! ॥४०९॥

आमेत्युक्त्वेति कापट्यादसौ विनयचट्टकम् ।
रहस्युवाच भोः ! राजकन्यकां दापयामि ते ॥४१०॥

अश्रद्धेयमिदं श्रुत्वा, व्योमपुष्पमिवाऽवदत् ।
नयसार ! कथं दैवहतं हससि केलिना ? ॥४११॥

अयुक्तं वक्तुमन्याय्यं, हन्त ! युष्मादृशां विशाम् ।
न भाति चरणे बद्धं, करभस्य हि नूपुरम् ॥४१२॥

हंहो ! विनय ! जल्पामि, वचनं सत्यमीदृशम् ।
नात्र हास्याऽऽस्पदं किञ्चिद्भवता सह तन्यते ॥४१३॥

---

કરીને ગુપ્ત રીતે મેં તૈયાર કરાવી છે.'' (૪૦૯)

તે સાંભળી કપટથી નયસારે કહ્યું કે :- ''બહુ સારૂં'' પછી એકાંતમાં લઈ જઈને તેણે વિનયચટ્ટને કહ્યું કે, હે ભદ્ર ! તને રાજકન્યા અપાવું (૪૧૦)

એટલે આકાશપુષ્પની જેમ અશ્રદ્ધેય વચન સાંભળી તે બોલ્યો કેઃ- ''હે નયસાર ! દૈવે હણેલાને ગમ્મતની ખાતર તું શા માટે હસે છે. (૪૧૧)

વળી વિનયચટ્ટ નયસાર બોલ્યો કે, અહો ! તમારી જેવા મન્ત્રિપુત્રને અસત્ય બોલવું અયુક્ત છે કારણ કે ઉંટને ગળે બાંધેલું નૂપુર કાંઈ શોભે નહિ. (૪૧૨)

હે વિનયચટ્ટ ! હું તને સત્ય જ કહું છું. એમાં તારી સાથે હું કંઈપણ હાસ્ય કરતો નથી. (૪૧૩)

માટે સૌભાગ્યમંજરી સાથે લગ્ન કરી ઊંટડીપર આરૂઢ થઈ

कृत्वा सौभाग्यकन्दल्या, पाणिग्रहमहोत्सवम् ।
उष्ट्रीमारुह्य गन्तव्यमुज्जयिन्यां त्वया द्रुतम् ॥४१४॥

अथ प्रमाणमेवास्तु, जजल्प श्रेष्ठिनन्दनः ।
**सक्तुमध्ये घृतक्षेपो, हर्षोत्कर्षाय कस्य न ? ॥४१५॥**

प्रदोषेऽध्यापकं नत्वाऽवादीद् विनयचट्टकः ।
तात ! प्रातर्गमिष्यामि, पितृपादनमस्यया ॥४१६॥

हंहो ! वत्स ! ममाभ्यर्णे, स्थितो विनयभृच्चिरम् ।
परं विद्यालवो ज्ञातो, न त्वया पूर्वकर्मतः ॥४१७॥

**गुरूणां क्रमसेवा हि, निष्फला न प्रजायते ।**
एष प्रवादो मा भूयादसत्य इति चिन्तयन् ॥४१८॥

---

તારે સત્વર ઉજ્જયિની નગરી તરફ ચાલ્યા જવું. (૪૧૪)

**એટલે શ્રેષ્ઠીપુત્ર બોલ્યો કે, મારે એ વાત પ્રમાણ છે. અહા! સાથવામાં ઘીનો પ્રક્ષેપ થાય તે કોને હર્ષદાયક ન બને ? (૪૧૫)**

પછી સાંજે અધ્યાપકને નમન કરીને વિનયચટ્ટ કહેવા લાગ્યો કે, "હે તાત ! પ્રભાતે હું પિતાજીના ચરણને નમસ્કાર કરવા જવાનો છું." (૪૧૬)

એટલે ઉપાધ્યાય બોલ્યા કે, "હે વત્સ ! તું મારી પાસે વિનયી થઈને બહુ કાળ રહ્યો છતાં પૂર્વકર્મના દોષે તું મારી પાસેથી લેશમાત્ર પણ વિદ્યા ભણી શક્યો નહિ. (૪૧૭)

પરંતુ **ગુરુચરણસેવા કદાપિ નિષ્ફળ જતી નથી.** એ કહેવત અસત્ય ન થાઓ." આમ ચિંતવી પવિત્રાત્મા એવા ઉપાધ્યાયે સારસ્વતવિદ્યાથી ચંદનને મંત્રિતકરીને ઘસીને તેને પીવડાવી દીધું.

अभिमन्त्र्य पवित्रात्मा, श्रीसारस्वतविद्यया ।
अपाययद् घर्षयित्वा, चन्दनं श्रेष्ठिनन्दनम् ॥४१९॥

प्रणिपत्य गुरोः पादौ, नयसारनिवेदिते ।
तस्मिन् स्थाने गतो रात्रौ, हृष्टो विनयचट्टकः ॥४२०॥

तस्य साहायकं कर्तुमिव ध्वान्तं जगत्यपि ।
प्रसृतं **पुण्यपात्राणां, सहायः को न संभवेत् ?** ॥४२१॥

नयसाराम्बरं प्रीत्या, परिधाय वणिक्सुतः ।
तामायातां परिणीयाऽध्यासामास क्रमेलकीम् ॥४२२॥

गतवत्यथ भूयस्यां, काश्यप्यां राजकन्यका ।
अद्राक्षीद् विनयं सर्वपाठकानां विदूषकम् ॥४२३॥

तप्तग्रावतलक्षिप्तविमुग्धशफरीयिता ।
सर्वाङ्गतप्ता समभूद्, नितरां राजकन्यका ॥४२४॥

(૪૧૮-૪૧૯)

પછી ગુરુચરણને નમન કરી વિનયચટ્ટ હર્ષ પામી નયસારે બતાવેલ સ્થાને રાત્રે ગયો. (૪૨૦)

એ સમયે તેને સહાયક થવા આવ્યો ન હોય તેમ ચારેતરફ અંધકાર વ્યાપી ગયો. અહો ! **શું પુણ્યશાળીને કોઈ સહાય ન કરે ?** કરે જ. (૪૨૧)

પછી તે વણિકપુત્ર નયસારનું વસ્ત્ર પ્રેમપૂર્વક પહેરી ત્યાં આવેલ રાજપુત્રીને પરણીને તેની સાથે ઉંટડી ઉપર ચઢી બેઠો. (૪૨૨)

ઘણી ભૂમિ ઓળંગી ગયા પછી સર્વછાત્રોમાં વિદૂષકરૂપ એવો વિનયચટ્ટ રાજકન્યાના જોવામાં આવ્યો. (૪૨૩)

એટલે તપ્તશિલાતલપર નાંખેલી મુગ્ધ માછલીની જેમ તે

अविचार्य कृतं कार्यं, यत्तत् स्फुटं निरीक्षितम् ।
गुरुद्रोहपराया मे, सर्वमल्पमिदं पुनः ॥४२५॥

अन्यासामपि स्वच्छन्दचारिणीनां जगत्यपि ।
भग्नो मार्गो मयाऽवश्यं, नयसारप्रयोगतः ॥४२६॥

आत्मकुलक्षयत्रासाद्, नयसारेण बुद्धितः ।
उद्वाहितो धिया न्यूनो, नूनं विनयचट्टकः ॥४२७॥

इत्थं चिन्तातुरा दूरं, तरुणं तरिणिं यथा ।
दृशा संभावयामास, तं न श्रेष्ठितनूद्भवम् ॥४२८॥

---

રાજકન્યા સર્વાંગે અત્યંત સંતાપ પામી (૪૨૪)

અને ચિંતવવા લાગી કે, વગર વિચાર્યે કાર્ય કરવું ન જોઈએ. મેં વિચાર કર્યા વિના કાર્ય કરવાથી કેવું ફળ મળે છે તે સાક્ષાત્ જોયું. અથવા તો ગુરુ (વડીલ)નો દ્રોહ કરનારી હું, મારા પર જે દુઃખ પડે તે ઓછું છે. (૪૨૫)

અહો ! આ નયસારના પ્રયોગથી મેં જગતમાં અન્ય સ્વચ્છંદચારિણી સ્ત્રીઓના માર્ગને પણ ખરેખર ભગ્ન કર્યા. (૪૨૬)

પોતાના કુલક્ષયના ત્રાસને કારણે નયસારે પોતાની ચાલાકીથી ખરેખર બુદ્ધિમાં ન્યૂન એવો આ વિનયચટ્ટ મને પરણાવ્યો." (૪૨૭)

આ પ્રમાણે ચિંતાતુર થઈને રાજપુત્રીએ સૂર્યની સામે જેમ કોઈ ન જુએ તેમ તે તરૂણ શ્રેષ્ઠિપુત્રની સામે દૃષ્ટિ માત્રથી પણ જોયું નહીં, (૪૨૮)

અનુક્રમે તે ઉજ્જયિનીમાં આવ્યા અને એક ઉંચી હવેલીમાં

अथोज्जयिन्यां संप्राप्तो, गृहीतोत्तुङ्गमन्दिरः ।
जनगोष्ठीषु विचरन्, रञ्जयन् जनमानसम् ॥४२९॥

नव्यैः काव्यैः शुभैः श्राव्यैः, सरसार्थैः स्वयंकृतैः ।
**विद्याविलास** इत्याख्यां, लेभे पुर्यां मनोहराम् ॥४३०॥ युग्मम्

गृहापवरकासीना, रुदती करुणस्वरैः ।
वासरान् गमयामास, कृच्छ्रात् सौभाग्यकन्दली[1] ॥४३१॥

अन्येद्युरवदद् धात्री, देव्यसौ श्रेष्ठिनन्दनः ।
शास्त्राम्भोनिधिपारीणो, धुरीणः सत्क्रियावताम् ॥४३२॥

यौवनोद्यानदहनं, मानं मुक्त्वा मनस्विनि ! ।
प्रेमामृतरसापूर्णं, तूर्णं ब्रूहि स्ववल्लभम्[2] ॥४३३॥

---

રહ્યા. વિનયચટ્ટ જનસમાજમાં જતાં નવા શુભ, કાવ્ય, શ્રાવ્ય (સાંભળવા યોગ્ય) સરસ અને પોતે બનાવેલા એવા કાવ્યોથી જન-મન-રંજન કરવાને લીધે **વિદ્યાવિલાસ** એવું મનોહર ઉપનામ પામ્યો. (૪૨૯-૪૩૦)

સૌભાગ્યમંજરી ઘરના એક ખૂણામાં બેસી કરૂણસ્વરથી રૂદન કરતી દુઃખમાં દિવસો પસાર કરવા લાગી. (૪૩૧)

એકવાર ધાત્રીએ તેને કહ્યું કે, "હે દેવી ! આ શ્રેષ્ઠિપુત્ર શાસ્ત્રસમુદ્રમાં પારંગત અને સત્ક્રિયાવંતમાં અગ્રેસર છે. (૪૩૨)

માટે હે મનસ્વિની ! યૌવનરૂપી ઉદ્યાનને બાળી નાંખનાર માનને છોડીને પ્રેમામૃતરસથી પૂર્ણ તારા વલ્લભને પ્રેમથી બોલાવ." (૪૩૩)

એટલે રાજપુત્રીએ કહ્યું કે, હે ધાત્રિકે ! એ જેવો છે તેવો હું

---

१. 'मञ्जरी' इति च । २. 'भाषस्व निजवल्लभम्' इत्यपि ।

प्रत्युवाच सुता राज्ञो, यादृशोऽस्त्येव धात्रिके ! ।
जानामि तादृशं दृष्टो, मया द्वादशवत्सरीम् ॥४३४॥

कलानां कौशलाद् देवि !, रञ्जितो नागरो जनः ।
**विद्याविलास** इत्याख्यां, ततो नामास्य निर्ममे ॥४३५॥

कथञ्चित्तेन खड्गित्वाद्, रञ्जितो धात्रिके ! जनः ।
**जानाति कनकमध्यं, स्वर्णकारः परो नहि ॥४३६॥** इतश्च –

काश्मीरमण्डलाधीशभीमनाम्ना महीभुजा ।
लेखः श्रीरत्नकेतोश्च, प्रेषितः सन्धिविग्रहे ॥४३७॥

सलिप्यन्तरसंपूर्णो, लेखः केनापि नैव सः ।
वाचितो गुरुणा नूनं, दत्तमुद्र इवोच्चकैः ॥४३८॥

---

જાણું છું. બારવરસ સુધી મેં એને જોયો છે. (૪૩૪)

એટલે ધાત્રી બોલી કે, હે દેવી ! પોતાની કળાની કુશળતાથી નગરજનોને એણે રંજિત કર્યા છે અને તેથી વિદ્યાવિલાસ એવી તેને પદવી મળી છે. (૪૩૫)

રાજસુતા બોલી કે, "હે ધાત્રિકે ! કોઈપણ પ્રકારના પ્રપંચથી પોતાના નામની પ્રસિદ્ધિ માટે તેણે લોકોને રંજિત કર્યા હશે. પરંતુ **સુવર્ણની મધ્યમાં શું છે તે સુવર્ણકાર સિવાય કોણ જાણી શકે."** (૪૩૬)

એ અવસરે કાશ્મીરદેશના ભીમ રાજવીએ સંધિ અથવા યુદ્ધ કરવાને માટે રત્નકેતુરાજાને એક લેખ મોકલ્યો. (૪૩૭)

તે જાણે ગુરુએ તેના ઉપર સખત મુદ્રા મારી હોય તેમ અન્યલિપિમાં લખાયેલો હોવાથી કોઈનાથી વાંચી શકાયો નહિ. (૪૩૮)

जगाद सचिवः स्वामिन् !, वाच्यते केवलं धिया ।
यदि विद्याविलासेन, शास्त्राम्भोधिहिमद्युता ॥४३९॥

नृपादेशात् समाहूतः, पूर्वं पठितवत्सुखम् ।
तं लेखं वाचयामास, निःशेषलिपिकोविदः ॥४४०॥

तत्क्षणं परितुष्टेन, महीनाथेन सन्मतिः ।
स्थापितः सचिवत्वेऽसौ, न श्रद्धालुर्गुणेषु कः ? ॥४४१॥

नृपप्रदत्तसाम्राज्यभारः सुमतिहेतिभिः ।
दुःसाध्यान् साधयामास, सचिवः शुचिभूषणः ॥४४२॥

कदाचित् कथयामास, कोऽपि क्षोणीपतेः पुरः ।
जगत्प्रियोऽपि देवायं, न प्रियो निजयोषितः ॥४४३॥

---

એટલે પ્રધાને રાજાને કહ્યું કે, "હે સ્વામિ ! શાસ્ત્રરૂપી સાગરને વિષે ચંદ્ર સમાન વિદ્યાવિલાસ કદાચ આ લેખને પોતાની બુદ્ધિથી વાંચી શકશે." (૪૩૯)

એટલે રાજાએ તુરતજ તેને બોલવ્યો, રાજાના આદેશથી તે રાજસભામાં આવ્યો. અને સમસ્ત લિપિમાં કુશળ એવા તેણે પૂર્વે ભણેલાની જેમ સુખપૂર્વક તે લેખ વાંચી સંભળાવ્યો. (૪૪૦)

તેથી તત્કાળ સંતુષ્ટ થયેલા રાજાએ સન્મતિવાળા તેને પ્રધાનપદવી આપી. **ગુણોમાં કોણ શ્રદ્ધાળુ ન હોય. ગુણી સર્વત્ર પૂજાય છે.** (૪૪૧)

પછી રાજાએ આપેલા સામ્રાજ્યભારને વહન કરતાં પવિત્રજનોમાં ભૂષણ એવા તે સચિવે પોતાના સુમતિરૂપ શસ્ત્રોથી દુઃસાધ્ય શત્રુઓને પણ સાધી લીધા. (૪૪૨)

એકવાર રાજાની આગળ કોઈકે કહ્યું કે, "હે દેવ ! આ

कथं वेत्सि नृपोक्तोऽसौ, बभाषे हन्त ! होरया ।
देव ! जानामि कामिन्या, निजाया वल्लभो न यः ॥४४४॥

श्रुत्वेदं कौतुकादेष, सेवावसरमागतम् ।
उवाच सचिवं चारु, समक्षं निजपर्षदः ॥४४५॥

मन्त्रिन्नभिनवो मन्त्री, राज्ञो भोजनदायकः ।
इत्यस्माकं सदाचारः, कर्तव्यः सत्वरं त्वया ॥४४६॥

आमेत्युक्त्वा गतो गेहं, विमनस्को गतस्ववत् ।
उवाच धात्रिका मन्त्रिश्रेष्ठं श्रेष्ठगिरा तया ॥४४७॥

अपमानं महीभर्त्रा, किं ते वत्स ! प्रकाशितम् ।
किंवा धीविषयेऽप्युच्चैः, कश्चिदर्थस्त्वगोचरः ? ॥४४८॥

---

પ્રધાન જગતના જીવોને પ્રિય છે પણ પોતાની પત્નીને તે અપ્રિય છે.'' (૪૪૩)

એટલે રાજાએ પૂછ્યું કે, ''એ તે શી રીતે જાણ્યું.'' તે બોલ્યો કે ''હે રાજેન્દ્ર ! હું હોરા (જ્યોતિષના બળથી)થી જાણી શકું છું કે એ પોતાની વલ્લભાને વલ્લભ નથી.'' (૪૪૪)

તે સાંભળીને કૌતુકથી રાજાએ સેવા માટે આવેલા પ્રધાનને સભાસમક્ષ મધુરવચનથી કહ્યું કે, (૪૪૫)

''હે મંત્રિ ! અભિનવમંત્રી રાજાને ભોજન આપે એવો અમારો પરંપરાથી ચાલ્યો આવતો રિવાજ છે. તેનો તારે સત્વર અમલ કરવો.'' (૪૪૬)

પછી ''હા સારૂં'' એમ કહીને જાણે સર્વસ્વ નાશ પામ્યુ હોય તેવો વિમનસ્ક થઈને તે ઘરે આવ્યો. એટલે ધાત્રીએ તેને શ્રેષ્ઠવાણીથી પૂછ્યું કે, (૪૪૭)

''હે વત્સ ! શું રાજાએ તારૂં કાંઈ અપમાન કર્યું.'' અથવા

न मे मातर्महीभर्त्रा, मानम्लानिः प्रकाशिता ।
कश्चिदर्थो न मे धात्रि !, मत्यगोचरतां गतः ॥४४९॥

परं क्रूरनिदेशोऽयं, दत्तः क्षोणीभुजा स्वयम् ।
यत्तवौकसि भोक्तव्यं, कल्पोऽस्माकं कुले ह्ययम् ॥४५०॥

गृहाऽऽगते महीनाथे, मन्त्रिण्याः किल चेष्टितम् ।
प्रकटं भविता सर्वं, तदर्थं खेद एष मे ॥४५१॥

मन्त्रीश ! चिन्तया चित्तं, खेदक्रान्तं करोषि किम् ? ।
भोजने सज्जयिष्यामि, राज्ञः **सौभाग्यकन्दलीम्** ॥४५२॥

तद्वचः श्रवणादेव, सुधासिक्त इवाभवत् ।
**हस्तावलम्बनं पुंसां, पततां किं मुदे नहि ? ॥४५३॥**

બુદ્ધિના ઉત્કૃષ્ટ વિષયમાં કોઈ કઠિન અર્થ તને અગોચર લાગ્યા? શાથી તું ઉદાસ થયો છે ? (૪૪૮)

તે બોલ્યો કે, હે માત ! રાજાએ મારૂં કાંઈ અપમાન કર્યું નથી. તેમજ કોઈ અર્થ પણ મારી મતિને અગોચર નથી. (૪૪૯)

પરંતુ રાજાએ એવો અશક્ય આદેશ કર્યો કે-નવા મંત્રીના ઘરે એકવાર ભોજન કરવાનો અમારો કુલાચાર છે. માટે તારે અમને જમાડવા પડશે. (૪૫૦)

હવે રાજા અહીં જમવા આવશે તે વેળા સૌભાગ્યમંજરીનું બધુ ચેષ્ટિત પ્રગટ થશે. તેથી મને ખેદ થાય છે. અને તે ચિંતામાં જ હું મગ્ન થઈ ગયો છું." (૪૫૧)

તે સાંભળીને ધાત્રી બોલી કે "હે મંત્રીશ ! ચિંતાથી ચિત્તને શોકાતુર શા માટે બનાવો છો ? રાજા ભોજન કરવા આવશે તે વખતે હું સૌભાગ્યમંજરીને પીરસવા માટે તૈયાર કરીશ. (૪૫૨)

આ પ્રમાણે તેનું વચન સાંભળી જાણે અમૃતરસથી સિંચાયા

उवाच धात्रिका मन्त्रिगेहिनीं धीरया गिरा ।
एकाग्रहाऽसि हे वत्से !, कृत्याकृत्यबहिर्मुखि ! ॥४५४॥

मामकं वचनं वेगादेकं कुर्वभिमानिनि ! ।
जनन्या इव नाज्ञा मे, लङ्घितु[१] युज्यते क्वचित् ॥४५५॥

सचिवो जगतीपालं, त्वद्गृहे भोजयिष्यते ।
अभ्यधादिति ते भर्ता, मन्मुखेन तवाग्रतः ॥४५६॥

मातः ! केनापि भूपालो, ज्ञापितश्चरितं मम ।
बुभुक्षुर्मां दिदृक्षुश्च, तद् मन्ये तेन हेतुना ॥४५७॥

---

હોય તેમ નિશ્ચિત થઈ ગયો. "પડતા પુરુષને હસ્તાલંબન હર્ષદાયક શું નથી થતું ?" અર્થાત્ થાય જ છે. (૪૫૩)

પછી ધાત્રીએ શાંતિયુક્ત વાણીથી મંત્રિપત્ની સૌભાગ્યમંજરીને કહ્યું કે "હે વત્સે ! તું કૃત્યાકૃત્યથી બહિર્મુખી અને આગ્રહી છે. (૪૫૪)

છતાં હે અભિમાનીનિ ? મારૂં એક વચન તારે જરૂર મનવું પડશે. કારણ કે જનનીની જેમ મારી આજ્ઞા ઓળંગવી તને ઉચિત નથી. (૪૫૫)

તે આજ્ઞા આ છે. મંત્રીએ રાજાને ભોજન કરવાનું નિમંત્રણ કર્યું છે. તે વખતે તારે પીરસવું પડશે. એમ તારા પતિએ મારામુખથી તને કહેવડાવ્યું છે. તે તારે કબૂલ રાખવું પડશે." (૪૫૬)

આ પ્રમાણે સાંભળીને તે બોલી કે- "હે માત ! કોઈએ રાજાને મારૂં ચરિત્ર કહ્યું લાગે છે. તેથી હું માનું છું કે, રાજા

---

१. लङ्घिताऽर्हन्निदेशवत् ।

मातस्तर्हि मदाकारा, मद्यामय इवाऽपराः ।
समानवस्त्रालङ्कारास्तिस्रस्तूर्णं समानय ॥४५८॥

भोजयन्ती महीपालं, ताभिः साकमलक्षिता ।
यथा भवाम्यहं मातस्तथा कुरु गुणाकरे ! ॥४५९॥

तस्या वचसि सत्यार्थे, प्रगुणे विहिते चिरात् ।
भूपमामन्त्रयामास, सचिवो भक्तिमेदुरम् ॥४६०॥

आवासे मन्त्रिणोऽथास्य, विमानसदृशे श्रिया ।
राजाऽगात् कृतशृङ्गारः, परीवारपरीवृतः ॥४६१॥

भोजनायाऽऽसनासीने, भूपाले सपरिच्छदे ।
एका मुमोच सौवर्णं, विशालं स्थालमुत्तमम् ॥४६२॥

---

ભોજનના બ્હાનાથી મને જોવા માંગે છે. (૪૫૭)

તો હે માત ! જાણે મારી બીજી બેનો હોય તેવી મારા જેવા રૂપ, રંગને આકારવાળી તેમજ સમાન વસ્ત્રાલંકારવાળી ત્રણ પ્રમદા(સ્ત્રી)ઓને સત્વર લઈ આવો. (૪૫૮)

હે માત ! તે ભામિનીઓ સાથે રાજાને ભોજન કરાવતાં જેમ હું લક્ષ્યમાં ન આવી જાઉં તેમ તમે કરો." (૪૫૯)

પછી તેના કહ્યા પ્રમાણે બધુ અલ્પસમયમાં તૈયાર કરીને પ્રધાને ભક્તિપૂર્વક ભોજનમાં ઉત્સુક રાજાને આમંત્રણ કર્યું. (૪૬૦)

હવે રાજા શૃંગાર સજી પરિવાર સહિત શોભાવડે વિમાન સરખા મંત્રીના આવાસમાં આવ્યો. (૪૬૧)

અને પરિવાર સહિત ભોજન કરવા બેઠો. એટલે એક રમણી સુવર્ણનો વિશાળ અને ઉત્તમથાળ મૂકી ગઈ, (૪૬૨)

તો બીજી લલના અમૃતરસના નિર્ઝરણાથી તૈયાર થયા હોય

पीयूषरसनिष्यन्दिसंपूर्णानीव तत्क्षणम् ।
एका चिक्षेप पक्वानि, फलान्यविकलान्यपि ॥४६३॥

अपरा काऽपि हृद्यानि, पक्वान्नानि समन्ततः ।
द्राक् परिवेषयामास, क्वणत्कङ्कणपाणिना ॥४६४॥

एका परिमलोद्गारहृद्यमोदनमद्भुता ।
अक्षिपद् भूपतेः स्थाले, विशाले साधुचित्तवत् ॥४६५॥

इयं त्वियमियं मन्त्रिगेहिनीति विचिन्वता ।
न सम्यग् विविदे राज्ञा, **सादृश्यं भ्रमकारि हि** ॥४६६॥

कृतभुक्तिर्महीपालोऽशक्नुवन् प्रष्टुमञ्जसा ।
समीपे मन्त्रिणो मौनमाधत्ते स्म सविस्मयः ॥४६७॥

सपर्यां मन्त्रिणः प्राप्य, गतवान् मन्दिरं नृपः ।
स्वानुवाच नरानेवं न, ज्ञाता सचिवाङ्गना ॥४६८॥

---

તેવા રમણીય પકવફળો (પાકાફળો) મૂકી ગઈ, (૪૬૩)

અવાજ કરતાં કંકણ યુક્ત હાથવાળી ત્રીજી સ્ત્રી સુંદર પકવાનો એક ક્ષણવારમાં પીરસી ગઈ (૪૬૪)

અને ચોથી પરિમલના ઉદ્ગારથી મનોહર એવા લાડુ સાધુના ચિત્તની જેમ રાજાના વિશાળ થાળમાં મૂકી ગઈ. (૪૬૫)

તે વખતે "મંત્રીની આ પત્ની કે આ પત્ની ?" એમ ચિંતવતો રાજા તેને ઓળખી શક્યો નહિ. **કારણ કે સાદશ્ય (સરખાપણું) ભ્રમ ઉત્પન્ન કરે છે."** (૪૬૬)

પછી ભોજન કરીને ઊઠ્યા પછી મંત્રીને પૂછવા અસમર્થ રાજાએ વિસ્મયપૂર્વક મૌન ધારણ કર્યું (૪૬૭)

અને મંત્રીની સેવાનો લાભ મેળવીને રાજા સ્વસ્થાને ગયો.

तस्या निरीक्षणे कार्यः, कोऽप्युपायो विशारदाः ! ।
ते प्रोचुर्देव ! नगरबाह्येऽस्ति पुरदेवता ॥४६९॥

कार्यं नृत्यं मन्त्रिपत्न्या, मन्त्रिण्याऽऽतोद्यवादके ।
पुरो देव्याः पुरः पौरैर्देवेन ज्ञायते यथा ॥४७०॥

भवत्वेवं नृपः प्रोच्य, द्वितीयेऽह्नि महीपतिः ।
पुरतः कथयामास, तमादेशं मनोगतम् ॥४७१॥

क्षुद्राऽऽदेशमिमं श्रुत्वा, गत्वौकसि सविस्मयः ।
अशेत मन्दिरस्यान्तश्चिन्तासन्तानतापितः ॥४७२॥

मन्त्री खेदपरो धात्र्या, पृष्टः प्रोचे महत्तमः ।
क्षुद्राऽऽदेशस्य पृथ्वीशो, धात्रि ! पात्रीचकार माम् ॥४७३॥

---

હવે ત્યાં જઈને તેણે પોતાના સેવકપુરુષોને કહ્યું કે “પ્રધાનની પત્ની જાણવામાં ન આવી. (૪૬૮)

માટે હે વિચક્ષણો ! તમે તેને જાણવાનો કોઈ ઉપાય શોધી કાઢો. એટલે તેઓ બોલ્યા કે, હે દેવ ! નગરની બહાર પુરદેવી છે. (૪૬૯)

તેની આગળ મંત્રી વાદ્ય વગાડે અને તેની પત્ની નૃત્ય કરે એમ કરાવો કે જેથી આપના અને નગરજનોના તે જાણવામાં આવે. (૪૭૦)

આ સાંભળી “સારૂં” એમ કહીને બીજે દિવસે રાજાએ પોતાના મનનો આદેશ મંત્રીની આગળ જાહેર કર્યો. (૪૭૧)

રાજાનો એવો ક્ષુદ્ર આદેશ સાંભળીને મંત્રી વિસ્મય પામ્યો. પોતાના આવાસમાં જઈ ચિંતાની પરંપરાથી સંતપ્ત થયેલો તે સૂઈ ગયો. (૪૭૨)

એટલે મહત્તમ મંત્રીને ખેદ પામેલા જાણીને ધાત્રીએ તેનું કારણ પૂછ્યું.

जगाद भूपतेः पुत्रो, धात्री पावनया गिरा ।
समादेशं महीभर्तुर्दुःश्रवं धीमतामपि ॥૪૭૪॥

पटहे पटुपाटं च, वाद्यमानेऽमुना मुदा ।
अहं नृत्यं विधास्यामि, हसन्तीति जगाद सा ॥૪૭૫॥

वादयितुममुं पुत्रि !, चेदसौ ज्ञास्यते नहि ।
लप्स्यते हास्यतां मन्त्री, समक्षं नृपपर्षदः ॥૪૭૬॥

तदाभाषिष्ट हृष्टा सा, पुरतः सचिवेशितुः ।
**दुष्प्रापार्थस्य लाभे हि, हर्षो याति प्रकर्षताम् ॥૪૭૭॥**

अथ देवीगृहस्यान्तर्मञ्चविन्याससुन्दरम् ।
साकं पौरजनैः सर्वैरुपविष्टे महीभुजि ॥૪૭૮॥

---

મંત્રીએ કહ્યું કે, "હે ધાત્રી ! રાજાએ મને અતિક્ષુદ્ર આદેશ કર્યો છે." એમ કહીને તે આદેશ કહી સંભળાવ્યો. (૪૭૩)

પછી ધાત્રીએ પાવનવાણીથી ધીમંતોને પણ દુઃશ્રવ (દુઃખે સાંભળી શકાય તેવો) રાજાનો આદેશ સૌભાગ્યમંજરીને કહી સંભળાવ્યો. (૪૭૪)

તે સાંભળતાં હસતી તે બોલી કે, "જો એ કુશળતાથી વાદ્ય વગાડશે તો હું ખુશીથી નૃત્ય કરીશ." (૪૭૫)

એટલે ધાત્રી બોલી કે :-"હે પુત્રી ! જો તેને વગાડતાં નહિ આવડે તો રાજસભા સમક્ષ મંત્રીની હાંસી થશે." (૪૭૬)

પછી ધાત્રીએ નૃત્ય કરવાની કબૂલાતની વાત પ્રધાનને કહી સંભળાવી. તેથી તે ખુશી થયો. કારણ કે **દુષ્પ્રાપ્ય વસ્તુ મળતાં હર્ષ પ્રકર્ષતાને પામે છે.** (૪૭૭)

પછી નૃત્ય જોવામાટે દેવી ભવનમાં મંચોની રચના કરવામાં

मन्द्रमध्यादिभेदेन, तत्तेतिध्वनिनादतः ।
मन्त्रिणा वाद्यमानेऽपि, पटहे पटुनिःस्वने ॥४७९॥

विहितोद्दामशृङ्गारा, रम्भेव क्षितिगोचरी ।
हरन्ती पौरचेतांसि, समागाद् मन्त्रिगेहिनी ॥४८०॥ त्रिभिर्विशेषकम्

ध्वनिमाकर्णयत्येषा, पटहस्य यथा यथा ।
तथा तथाऽङ्गे रोमाञ्चोऽङ्कूरपूरमपूरयत् ॥४८१॥

अहो ! ईदृक् कुतोऽनेन, ज्ञातं पटहवादनम् ? ।
चित्रीयमाणा हृदये, नर्तित्ति स्म लयोत्तरम् ॥४८२॥

नृणां निरीक्षमाणानां, दम्पत्योस्तं कलाक्रमम् ।
शेषेन्द्रियभवा वृत्तिर्लोचनेषु लयं ययौ ॥४८३॥

---

આવી અને સર્વ નગરજનોની સાથે રાજા પણ ત્યાં આવીને બેઠો. (૪૭૮)

એટલે મંદ્ર, મધ્યાદિભેદથી અને તત્તા વિગેરે તાલના નાદથી મંત્રીએ રમ્યશબ્દયુક્ત પટહ વગાડવા માંડ્યો (૪૭૯)

એટલે જાણે પૃથ્વી ઉપર આવેલી રંભા હોય તેમ ઉત્કટ શૃંગાર ધારણ કરીને નગરજનોના મનને હરતી સૌભાગ્યમંજરી ત્યાં આવી. (૪૮૦)

જેમ જેમ તે પટહનો ધ્વનિ સાંભળતી ગઈ તેમ તેમ તેના શરીર પર રોમાંચ ખડા થતા ગયા. (૪૮૧)

પછી અહો ! આવું પટહવાદન એને ક્યાંથી આવડ્યું ? એમ વિચારતાં અંતરમાં આશ્ચર્ય પામેલી તે લયપૂર્વક નૃત્ય કરવા લાગી. (૪૮૨)

તે સમયે તે દંપતીની કળાક્રમને જોનારા લોકોની શેષ

मूर्धानं भूपतिर्धुन्वन्, विस्मयस्मेरतां गतः ।
सर्वतत्त्वप्रवीणोऽसि, व्याजहारेति मन्त्रिणम् ॥४८४॥

तामपूर्वां कलां दृष्ट्वा, पद्मिनीप्राणवल्लभः ।
प्राप द्वीपं परं द्रष्टुमिवान्यत्रापि तादृशीम् ॥४८५॥

परिस्पन्दैः समं राजा, प्रतस्थे नगरो प्रति ।
ऊचेऽथ मन्त्रिणी नाथ !, करमुद्रा ममापतत् ॥४८६॥

सान्वया सुभगाऽऽनेया, सस्नेहमिति वादिनी ।
प्राविक्षद् नगरस्यान्तर्हृष्टा सौभाग्यकन्दली ॥४८७॥

तदाऽऽदेशवशादेष, प्रमोदोन्मादमासदत् ।
धन्योऽहमद्य सद्धात्र्या, भाषितो गौरवोत्तरम् ॥४८८॥

---

ઇંદ્રિયોની વૃત્તિ લોચનમાં લય પામી. વિસ્મયથી વિકસ્વર થઈ મસ્તક ધૂણાવતાં રાજાએ મંત્રીને કહ્યું કે "હે સચિવ ! સર્વ તત્ત્વમાં તું પ્રવીણ છે." (૪૮૩-૪૮૪)

એ વખતે તેની કળા જોઈને અન્યત્ર પણ તેવી કળા છે કે નહિ ? એમ જોવાને જ ગયો હોય તેમ સૂર્ય પરદ્વીપમાં ગયો અર્થાત્ (અસ્ત પામ્યો) (૪૮૫)

એટલે રાજા પોતાના પરિવાર સહિત નગરી તરફ ચાલ્યો. એવામાં સૌભાગ્યમંજરીએ પોતાના પતિને કહ્યું કે, "હે નાથ ! મારી મુદ્રિકા ત્યાં પડી ગઈ છે. (૪૮૬)

માટે તે સુંદર વીંટી બની શકે તો શોધી લાવો." આ પ્રમાણે સ્નેહપૂર્વક બોલતી અને હર્ષ પામેલી સૌભાગ્યમંજરી નગર તરફ ચાલી. (૪૮૭)

તેણે મધુરવાણીથી કરેલા આદેશથી પ્રધાન બહુ જ પ્રમોદ

विजने तत्र तां वीक्ष्य, लब्ध्वा च करमुद्रिकाम् ।
अचालीदुज्जयिन्यां हि, बहिःस्थानां भवेद् मृतिः ॥४८९॥

शीघ्रमायन् पुरो, दत्तकपाटं गोपुरं पुरः ।
निरीक्ष्य वप्रविस्तीर्णपयोमार्गमुपाययौ ॥४९०॥

विश्रान्तोऽन्तर्भुजङ्गेन दष्टः स्पष्टमथो करे ।
हाहेति न्यगदद् मन्त्री, मृत्योः पटहविभ्रमम् ॥४९१॥

इतश्च सौधमासीना वारवेश्याऽवनीशितुः ।
तं शुश्राव महानादं, कर्णयोर्विषसेचनम् ॥४९२॥

अद्राक्षीत् पतितं क्षोण्यां, सचिवं प्रसरद्गरम् ।
अक्षालयच्च पाणिस्थं, मणिं नीरेण भूरिणा ॥४९३॥

---

પામ્યો. અને વિચારવા લાગ્યો કે, અહો ! આજ હું ધન્ય થયો કે મારી પત્નીએ મને ગૌરવસહિત બોલાવ્યો. (૪૮૮)

પછી પાછો દેવભવનમાં જઈને ત્યાં પડી રહેલી તે મુદ્રિકાને લઈ મંત્રી નગરી તરફ ચાલ્યો. કારણ કે **રાત્રિએ નગરબહાર રહેવામાં મરણનો સંભવ હોય છે."** (૪૮૯)

હવે આ બાજુ સત્વર નગરી તરફ આવતા નગરીનું મુખ્યદ્વાર બંધ ગયેલું જોઈને કિલ્લાની ચારે બાજુના વિસ્તારવાળા જળમાર્ગે તે અંદર પ્રવેશ કરવા ચાલ્યો. (૪૯૦)

વચમાં વિસામો લેતાં એક સર્પે તેના હાથ ઉપર ડંખ માર્યો. તેથી મંત્રીએ મૃત્યુના પટહસમાન હાહાકાર કર્યો. (૪૯૧)

તે કાનને વિષ સમાન હાહાકાર પોતાના આવાસમાં બેઠેલી રાજાની પણ્યાંગનાએ (વેશ્યા) સાંભળ્યો. (૪૯૨)

એટલે વિષથી વ્યાપ્ત અને પૃથ્વીપર પડતા તે પ્રધાનને જોઈને

अपाययदमुं तच्च, परोपकृतितत्परा ।
सोऽभूदपविषो यस्माद**चिन्त्यं मणिवैभवम्** ॥४९४॥

पुनर्जातमिवात्मानं, मन्यमानः कृतज्ञराट् ।
सचिवस्तामुवाचेदं, किं कुर्वे तव वाञ्छितम् ॥४९५॥

चेद् नाथ ! वरदोऽसि त्वं, मत्तोऽन्यत्र त्वया ततः ।
भवेनैव भवानीतो, न गन्तव्यं कदाचन ॥४९६॥

तया साकं चतुर्यामीमतिवाह्य घटीमिव[१] ।
प्रातःकृत्यानि कृत्वाऽसौ, निषसाद महासने ॥४९७॥

---

તે એકદમ ત્યાં આવી અને પોતાના હાથમાં રહેલા મણિને જળવડે ધોઈને તે જળ પરોપકાર પરાયણ એવી તે વારાંગનાએ સચિવને પાયું. એટલે મંત્રી તરત જ નિર્વિષ થયો. ખરેખર **"મણિમંત્રનો પ્રભાવ અચિંત્ય હોય છે."** (૪૯૩-૪૯૪)

પછી પોતાને ફરી જન્મ પ્રાપ્ત થયેલ માનતા તે કૃતજ્ઞ પ્રધાને તેને કહ્યું કે- હે જીવનદાતા ! તારૂં હું શું ઈચ્છિત કરૂં ! (૪૯૫)

તો તે બોલી કે - "હે નાથ ! જો તમે મને અભીષ્ટ આપવા ઈચ્છતા હો તો પાર્વતી સાથે શિવની જેમ મારી પાસે જ રહેવું. મારા સિવાય અન્યત્ર ક્યાંય ન જવું. (૪૯૬)

એટલે વાત સ્વીકારીને મંત્રી તેને ત્યાં જ રાત્રિ રહ્યો. અને એક ઘડીની જેમ તેની સાથે રાત્રિ પસાર કરી. પ્રાભાતિક કાર્યકરી પ્રધાન એક સુંદર આસન ઉપર બેઠો. (૪૯૭)

એવામાં કોઈ યોગીએ પૂર્વે આપેલ પ્રભાવયુક્ત-ઔષધિમિશ્ર

---

१. मुहूर्तवदिति च पाठः ।

केनचिद् योगिना दत्तं, प्रभावौषधिकण्डकम् ।
अबध्नात् पणपद्माक्षी, चरणे सचिवेशितुः ॥४९८॥

तत्प्रभावादसौ जज्ञे, चन्द्रकी वरचन्द्रकः ।
एकस्मिन् जन्मनि प्राप्तजन्मान्तर इव क्षणात् ॥४९९॥

उड्डीय बर्हिणो भ्राम्यन्, गतत्रासं पुरेऽखिले ।
सन्ध्यायां तत्र पण्यस्त्रीगेहं याति स्म सर्वदा ॥५००॥

कण्डकव्यत्ययादेष, यवनिकान्तरादिव ।
प्राप्तपुंस्त्वो नट इव, वाहयामास शर्वरीम् ॥५०१॥

रमयित्वा निशां सर्वां, पणस्त्रीणां करण्डकात् ।
प्रत्यहं विदधे मन्त्रिपुङ्गवं बर्हिणाकृतिम् ॥५०२॥

इतस्ततोऽपि गेहेषु, भ्राम्यन्नेष दिने दिने ।
रात्रौ पणाङ्गनागेहमागच्छति वशीकृतः ॥५०३॥

---

દોરો તે વારાંગનાએ પ્રધાનના પગમાં બાંધી દીધો. (૪૯૮)

તેના પ્રભાવથી એકજન્મમાં જાણે બીજો જન્મ પામ્યો હોય તેમ તે ક્ષણવારમાં જાણે સારા પીંછાવાળો મયૂર બની ગયો. (૪૯૯)

પછી તે મોર ઉડીને ત્રાસરહિત સમસ્ત નગરમાં ભમતો હતો અને રોજ સાંજે વારાંગનાના આવાસે આવતો હતો. (૫૦૦)

ત્યાં દોરો છોડી નાંખવાથી પડદામાંથી બહાર આવતાં નટની જેમ પુરુષ બની જતો અને રાત્રિ વારાંગના સાથે આનંદથી વ્યતીત કરતો હતો. (૫૦૧)

એ પ્રમાણે આખી રાત્રિ વારાંગના એને રમાડીને સવારે તેને મયૂર બનાવી દેતી. (૫૦૨)

અને વશીકરણ કરાયેલો તે આખો દિવસ ચોતરફ ભમીને

इतो मन्त्रिण्यनायाते, मन्त्रिण्यधृतिकारिणी ।
रतिं न क्वापि सा प्राप, ग्रीष्मे हंसी मराविव ॥५०४॥

सोऽन्येद्युर्बर्हिरूपेण, भ्राम्यन् स्वगृहतोरणम् ।
आच्छाद्य पिच्छसंभारे, वितेने तोरणश्रियम् ॥५०५॥

पत्युर्विरहतप्ताया, मातरेष कलापवान् ।
प्रियागमनवत्प्रीतिं, प्रदत्ते मम नेत्रयोः ॥५०६॥

अज्ञानतो मया पूर्वं, दृष्टः प्राणप्रियोऽप्रियः ।
इदानीं पूर्वदुष्कर्मविपाकाद् दूरतो गतः ॥५०७॥

छद्म श्रीसद्मनस्तस्य, प्रियस्याहमजानती ।
पुराऽपि रोदनं चक्रेऽधुनाऽपि चिरशिक्षितम् ॥५०८॥

---

દરરોજ રાત્રે વારાંગનાના ઘરે પાછો આવતો હતો. (૫૦૩)

હવે આ બાજુ મંત્રી પાછો ન આવ્યો એટલે અધીરી બનેલી સૌભાગ્યમંજરી ગ્રીષ્મઋતુમાં મરુભૂમિમાં ગયેલી હંસીની જેમ અત્યંત ખેદ પામવા લાગી (૫૦૪)

એવામાં એકવાર મયૂર થઈને ભમતાં તેણે પોતાના ઘરના તોરણને આચ્છાદિત કરીને પોતાના પિચ્છસમૂહથી તોરણની શોભા વિસ્તારી. (૫૦૫)

તે સમયે સૌભાગ્યમંજરી પોતાની ધાત્રીને કહેવા લાગી કે, "હે માત ! આ મયૂર પતિવિરહથી તપેલી મારા નેત્રને પ્રિયના આગમનની જેમ આનંદ પમાડે છે. (૫૦૬)

અહો ! પૂર્વે મે અજ્ઞાનથી પ્રાણપ્રિયને અપ્રિયની જેમ જોયા અને જ્યારે મને સ્નેહ ઉત્પન્ન થયો ત્યારે પૂર્વ-દુષ્કર્મના વિપાકથી તે મારાથી દૂર થઈ ગયા. (૫૦૭)

લક્ષ્મીના સ્થાનભૂત તે પ્રિયની હકીકતને ન જાણવાથી મ

भोगिभोगविषज्वालालीढं दहतु चन्दनम् ।
कथं दहतु मे देहं, निःसन्देहं हिमद्युतिः ? ॥५०९॥

इत्थं विलापं कुर्वाणा, मुहुः सौभाग्यकन्दली ।
निपपात महीपीठे, हृतजीवेव केनचित् ॥५१०॥

धात्र्या परिजनेनापि, प्रतीकारे कृते सति ।
अतुच्छमूर्च्छाऽपगमात्, स्वस्था तस्थौ कथञ्चन ॥५११॥

एवं च भाषमाणायां, तस्यां गेहादथो शिखी ।
अन्येद्युरगमद्भूपपुत्र्याः सौधे मनोहरे ॥५१२॥

---

જેમ પૂર્વે રૂદન કર્યા કર્યું તેમ ચિરશિક્ષિતની જેમ અત્યારે પણ મારૂં તો તે રૂદન ચાલુ જ રહ્યું. (૫૦૮)

સર્પના શરીરની વિષજ્વાળાથી વ્યાપ્ત ચંદન તો ભલે શરીરને બાળે, પણ અહો ? મારા શરીરને તો આ ચંદ્રમા પણ બાળે છે. (૫૦૯)

આ પ્રમાણે વારંવાર વિલાપને કરતી સૌભાગ્યમંજરી જાણે કોઈએ તેનું જીવિત હરણ કરી લીધું હોય તેમ જમીન ઉપર ઢળી પડી. (૫૧૦)

એટલે ધાત્રી અને પરિવારે તેનો પ્રતિકાર કર્યો. તેથી ગાઢ મૂર્ચ્છા કાંઈ દૂર થતાં તે સ્વસ્થ બની. અને વિલાપ કરવા લાગી. (૫૧૧)

આ પ્રમાણે તે બોલતી હતી તેવામાં બીજા દિવસે પણ તે મોર વારાંગનાના ઘરેથી તે રાજપુત્રીના મનોહર મહેલમાં આવ્યો. (૫૧૨)

એટલે કૌતુકથી તેની સખીએ જાણે પોતાના ઘરે ઉત્પન્ન થયો

तत्सख्या कौतुकादेष, विधृतो गृहिजातवत् ।
अर्पितो मदनावल्या, विश्राम इव चेतसः ॥५१३॥

कण्डकं त्रोटयामास, वीक्षमाणा शिखण्डिनम् ।
नररूपिणमद्राक्षीदमुं सा सचिवोत्तमम् ॥५१४॥

किमेतदिति विस्मेरनयना मदनावली ? ।
रोमाञ्चकण्टकभयादिवासनमथामुचत् ॥५१५॥

सत्यस्मिन्नासनासीने, किमेतदिति साऽवदत् ? ।
अथोचे सचिवः सर्वमेतस्याः पुरतो मुदा ॥५१६॥

मन्त्रिन् ! त्वद्विरहे राजा, निखिला नागरा अपि ।
विमूढमनसोऽभूवन्, दिग्मूढाः पथिका इव ॥५१७॥

---

હોય તેમ તેને પકડી લીધો. અને ચિત્તના વિશ્રામરૂપ તે મયૂર મદનાવલીને આપ્યો. (૫૧૩)

એટલે તે મદનાવલીએ મયૂરને તપાસતાં તેને પગે દોરો જોઈને તે છોડી નાંખ્યો. તેથી તે તુરત નરરૂપધારી પ્રધાન થઈ ગયો. (૫૧૪)

તેને જોઈને આ શું ? એમ આશ્ચર્યથી નયન વિકસિત કરીને મદનાવલીએ રોમાંચિત થઈને તેને બેસવા માટે આસન આપ્યું. (૫૧૫)

સચિવ આસન ઉપર બેઠો. એટલે રાજપુત્રીએ તેને પૂછ્યું. "આ શું ? એટલે પ્રધાને તેની આગળ બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. (૫૧૬)

તેની વાત સાંભળી મદનાવલી બોલી કે "હે મંત્રિન્ ! તમારા વિરહથી રાજા અને સમસ્ત નગરવાસી પણ દિગ્મૂઢ મુસાફરોની

मन्त्रिन् ! निष्ठुरचित्तोऽसि रूपं संगोपयन्निजम् ।
कुरुते लेख्यमेकोऽन्यो, लेखामपि ददाति न ॥५१८॥

यत्प्रजल्पसि तत्सत्यं, वाचा बद्धोऽस्मि निश्चितम् ।
मुञ्च मां बर्हिणं कृत्वा, बद्ध्वा च क्रमकण्डकम् ॥५१९॥

इत्युक्ते केकिरूपेऽस्मिन्ननया विहिते गते ।
इतश्चाभाणि तद्धात्र्या, नरशब्दो मया श्रुतः ॥५२०॥

उपमातः ! कथं पुंसः, संचारः संभवेदिह ? ।
यदीदृग्भाषसे नूनमसंबद्धमिवाधुना ॥५२१॥

---

જેમ વિમૂઢ મનવાળા થઈ ગયા છે. (૫૧૭)

હે મંત્રિન્ ! પોતાનું સ્વરૂપ ગોપવવાથી તમારૂં મન નિષ્ઠુર થઈ ગયું જણાય છે. (૫૧૮)

પ્રધાન બોલ્યો કે, "હે ભદ્રે ! જે તું કહે છે તે બધું સત્ય છે પરંતુ હું તે વારાંગના સાથે વચનથી બંધાયેલો છું માટે હમણા તો મારા પગે દોરો બાંધી મને મયૂર બનાવીને પાછો છોડી મૂક." (૫૧૯)

એટલે રાજકુમારીએ દોરો બાંધી મયૂર બનાવવાથી તે ચાલ્યો ગયો. મયૂરના ગયા પછી ત્યાં આવીને ધાત્રી બોલી કે, "હે પુત્રી ! અહીં કોઈ પુરુષનો શબ્દ મારા સાંભળવામાં આવ્યો તે શું ? (૫૨૦)

અહીં પુરુષ ક્યાંથી ? તે સાંભળીને રાજપુત્રી બોલી કે "હે ઉપમાતા ! અહીં પુરુષનો સંચાર સંભવે જ કેમ ? માટે ખરેખર ! હમણા તું આવું અસંબદ્ધ જ બોલે છે." (૫૨૧)

આવો ઉત્તર સાંભળીને ધાત્રીએ તેને શપથપૂર્વક વારંવાર પૂછ્યું

पौनःपुन्येन धात्री सा, तामूचे शपथान्वितम् ।
अथ सा कथयामास, तत्सर्वं सचिवोदितम् ॥५२२॥

द्वितीयेऽह्न्येष स भ्राम्यन्, कृतसङ्केतशब्दवत् ।
समागात् तत्र धात्री साऽवर्द्धयज्जगतीपतिम् ॥५२३॥

ज्ञातवृत्तः समेत्यासौ, कर्त्तित्वा करकण्डकम् ।
मुख्यरूपधरं चक्रे, धरणीशोऽथ मन्त्रिणम् ॥५२४॥

सानन्देनाथ राज्ञोचे, मम पुत्रो समुद्वह ।
वेश्यावृत्तं च तेनास्य, समस्तं विनिवेदितम् ॥५२५॥

साकूतमथ साऽऽहूता, क्षोणीशेन पणाङ्गना ।
स्वामिन् ! प्रसादमाधेहि, ममाऽऽदेशनिदेशतः ॥५२६॥

---

એટલે મદનાવલીએ સચિવનો સઘળો વૃત્તાંત કહીં સંભળાવ્યો. (૫૨૨)

હવે બીજે દિવસે પણ તેણે કરેલા સંકેતની જેમ ભમતો તે મયૂર ત્યાં આવી ચડ્યો. એટલે ધાત્રીએ રાજા પાસે જઈને તે સમાચાર આપ્યા. (૫૨૩)

રાજા તે વૃત્તાંત જાણીને તરત જ ત્યાં આવ્યો. પગનો દોરો કાપીને મંત્રીરૂપધારી બનાવ્યો. (૫૨૪)

પછી આનંદપૂર્વક રાજાએ કહ્યું કે, “હે ભદ્ર ! મારી પુત્રી સાથે તું પાણિગ્રહણ કર.” એટલે તેણે વેશ્યાનો સમસ્ત વૃત્તાંત રાજાને કહી સંભળાવ્યો. (૫૨૫)

રાજાએ તરત વારાંગનાને પોતાની પાસે બોલાવી. એટલે તે આવીને કહેવા લાગી કે, “હે સ્વામિન્ ! હુકમ ફરમાવીને મારા ઉપર મહેરબાની કરો.” (૫૨૬)

वाचा बद्धममुं मुञ्च, सचिवं दत्तजीवितम् ।
यथाऽङ्गजाया मे पाणिं, गृह्णाति शुभवासरे ॥५२७॥

आमेत्युक्ते नृपस्तस्याः, प्रसादं बह्वकारयत् ।
**उचितानुचितज्ञानं वारवेश्यास्ववस्थितम् ॥५२८॥**

सुन्दरश्रेष्ठिनः पुत्र्या सहितां मदनावलीम् ।
पर्य्यणाययदुर्वीशो, मन्त्रीशं शुभवासरे ॥५२९॥

स्थापितो युवराजत्वे, दत्त्वा देशान् महत्तमः ।
**न पुण्यं देहिनां मातुं, शक्यतेऽम्भोऽम्बुधेरिव ॥५३०॥**

तिसृभिः परिणीताभिर्वेश्यया सह मन्त्रिराट् ।
बुभुजे विषयान् मर्त्यजन्मचूतफलोपमान् ॥५३१॥

---

રાજાએ કહ્યું કે, "વચનથી બંધાયેલા આ સચિવને જીવિતદાન આપીને મુક્ત કર. કે જેથી શુભદિવસે તે મારી પુત્રી સાથે પરણે" (૫૨૭)

વેશ્યાએ તે વાત કબૂલ કરી એટલે રાજાએ તેના ઉપર ખૂબ જ મહેરબાની કરી **"ઉચિત અને અનુચિતનું જ્ઞાન વારાંગનાઓમાં હોય છે."** (૫૨૮)

પછી રાજાએ શુભદિવસે મંત્રીશ્વરને સુંદર શેઠની પુત્રી સહિત પોતાની પુત્રી મદનાવલી પરણાવી. (૫૨૯)

અને મહત્તમ એવા તેને કેટલાક દેશ આપીને યુવરાજપદ પર સ્થાપન કર્યો. સમુદ્રના જળની જેમ જીવોનું પુણ્ય માપી શકાતું નથી. (૫૩૦)

"ત્રણ પોતાની પરિણીત (સૌભાગ્યમંજરી, મદનાવલી, સુંદરશેઠની પુત્રી) રમણીઓ અને ચોથી વારાંગનાની સાથે તે

कालेन कियता रत्नकेतुः क्षितिपतिर्भृशम् ।
भवोद्विग्नोऽग्रहीद् दीक्षां, तापसानां यथाविधि ॥५३२॥

विद्याविलासः समभूद्, भूपालः पालयत् प्रजाम् ।
प्रचण्डशासनः पाकशासनः स्वरिवाऽऽगतः ॥५३३॥

अन्येद्युः श्रेष्ठिसू राजा, चतुरङ्गचमूवृतः ।
रुरोध काञ्चनपुरं, जम्बूद्वीपमिवाऽम्बुधिः ॥५३४॥

तेजोऽधिगम्य दुःसह्यं, तस्य व्योममणेरिव ।
उलूक इव वाग्मूकः, सूरसेनो ननाश च ॥५३५॥

नीलपत्रावलीकीर्णे, बद्धकाञ्चनतोरणे ।
तत्राविक्षत् पुरे राजा, सविद्युद्वारिदोपमे ॥५३६॥

---

મંત્રીશ્વર માનવજન્મરૂપી આમ્રવૃક્ષના ફળસદૃશ વિષયસુખ ભોગવવા લાગ્યો. (૫૩૧)

એ પ્રમાણે કેટલોક કાળ પસાર કર્યા પછી સંસારથી અત્યંત ઉદ્વિગ્ન થઈને રત્નકેતુ રાજાએ તાપસી દીક્ષા યથાવિધિ અંગીકાર કરી. (૫૩૨)

એટલે પ્રચંડશાસનવાળો જાણે સ્વર્ગથી આવેલ ઇંદ્ર જ ન હોય ? તેમ વિદ્યાવિલાસ રાજા થયો અને આનંદથી રાજ્ય કરવા લાગ્યો.(૫૩૩)

એકવાર શ્રેષ્ઠિસુત શ્રીવત્સ જે હાલ વિદ્યાવિલાસ નામે રાજા થયેલો છે. તેણે ચતુરંગસેના સહિત જંબૂદ્વીપને સમુદ્રની જેમ કાંચનપુરનગરને ઘેરો ઘાલ્યો. (૫૩૪)

એટલે સૂર્યની જેમ તેના દુઃસહ તેજથી ઘુવડની જેમ સૂરસેન રાજા ગુપચુપ (કાંઈપણ બોલ્યા વિના) નાશી ગયો. (૫૩૫)

વળી વિજળીયુક્ત મેઘ સમાન નીલપત્રાવલીથી વ્યાપ્ત અને

स्वर्णपात्राणि संभृत्य, रत्नैः पौरा डुढौकिरे ।
प्रसादं तेषु चक्रेऽसौ, वाञ्छितार्थसमर्थकम् ॥५३७॥

श्रेष्ठ्यागाद् नगरीमुख्यः, श्रीपालः सूनुभिः सह ।
श्रेष्ठिन् ! मामभिजानासि, भाषते स्मेति भूपतिः ॥५३८॥

सोऽप्यूचे सूर्यवत् ख्यातं, राजानं त्वां न वेत्ति कः ? ।
वस्तुतस्तु यथावस्थं, नो वेद्मि त्वां महीपते ! ॥५३९॥

समक्षं सर्वलोकानां, ततः श्रीवत्सभूपतिः ।
चरित्रं मूलतः सम्यग्, संक्षेपेणेत्यवोचत ॥५४०॥

तव सूनुरहं श्रेष्ठिन् !, श्रीवत्स इति विश्रुतः ।
रामाचतुष्टयीयोगप्रभृतेर्वचनात् पुरा ॥५४१॥

---

જ્યાં સુવર્ણમયતોરણ બાંધવામાં આવેલા છે એવા તે નગરની અંદર રાજાએ પ્રવેશ કર્યો. (૫૩૬)

એટલે નગરજનોએ રત્નોના સુવર્ણપાત્રો ભરી રાજાને ભેટ કર્યા. અને તેણે તેમને વાંછિતાર્થ સૂચક પ્રસન્નતા દર્શાવી. (૫૩૭)

એવામાં પોતાના પુત્રો સહિત નગરીમાં મુખ્ય એવો શ્રીપાલશેઠ આવ્યો. એટલે રાજાએ તેને પૂછ્યું કે, "હે શેઠ ! મને તમે ઓળખો છો ? (૫૩૮)

તે બોલ્યો કે, સૂર્યની જેમ પ્રખ્યાત આપને કોણ ન ઓળખ ? બાકી હે રાજન્ ! વિશેષ રીતે તો હું આપને ઓળખતો નથી." (૫૩૯)

પછી સર્વ લોકોની સમક્ષ શ્રીવત્સરાજાએ મૂળથી પોતાનું ચરિત્ર સંક્ષેપમાં કહી બતાવ્યું. (૫૪૦)

તેમાં કહ્યું કે, "હે શ્રેષ્ઠિન્ ! હું તમારો શ્રીવત્સ નામનો પુત્ર

कोपाटोपोत्कटं स्पष्टं, विज्ञाय त्वां विनिर्गतः ।
इमाश्चतस्त्रः संप्राप्तास्तव पादप्रसादतः ॥५४२॥ युग्मम्

सच्चक्रे पृथिवीपालः, श्रीपालश्रेष्ठिनं ततः ।
वध्वः सर्वाश्च हृष्टाङ्ग्यो, **ह्याचारः कुलयोषिताम्** ॥५४३॥

यौवराज्ये पदे न्यस्य, श्रीधरं प्रथमाङ्गजम् ।
राज्ययुग्ममथ प्राज्यं, नयवृत्त्या शशास सः ॥५४४॥

अन्यदोपवनस्यान्तः, सूरिः श्रीमतिसागरः ।
सवितेव तपोदीप्त्या, पूर्बहिः समवासरत् ॥५४५॥

तं वन्दितुं महीपालः, पालयन् पावनो क्रियाम् ।
जगाम भक्तितस्तत्र, पौरवृन्दपरीवृतः ॥५४६॥

---

છું. પૂર્વે ચાર રમણીયોના યોગ વિગેરેના વચનથી તમને સાક્ષાત્ કોપાયમાન થયેલા જાણીને હું ચાલ્યો ગયો હતો. (૫૪૧)

ત્યારબાદ તમારા ચરણપ્રસાદથી મને આ ચાર ચતુરાઓ પ્રાપ્ત થઈ છે. (૫૪૨)

એમ કહીને રાજાએ શ્રીપાલ શ્રેષ્ઠિનો સારી રીતે સત્કાર કર્યો. અને તે સ્ત્રીઓ પોતાના સસરાને પગે લાગી અને હર્ષ પામી. **"કુલિન કાંતાઓનો એ આચાર જ છે."** (૫૪૩)

પછી શ્રીધર નામના પ્રથમબાંધવને યુવરાજ પદ પર સ્થાપીને શ્રીવત્સરાજા ન્યાયપૂર્વક વિશાળ બંને રાજ્યોનું પાલન કરવા લાગ્યો. (૫૪૪)

હવે એકવાર નગરીની બહાર ઉપવનમાં તપતેજથી સૂર્ય સમાન દેદીપ્યમાન શ્રીમતિસાગર નામે આચાર્ય પધાર્યા. (૫૪૫)

એટલે ભક્તિપૂર્વક અને નગરજનો સાથે પાવની ક્રિયાને

देशनाऽन्ते महिपालः, पृष्टवानिति तान् गुरून् ।
पुरा कथं ममाज्ञानं, सर्वत्रोल्लसितं प्रभो ?! ॥५४७॥

कथं पश्चाद् मुने ! ज्ञानं, प्रसृतं मम कोविदात् ? ।
इत्युक्ते न्यगदच्छ्रीमान्, सूरिर्भूरिगुणोत्तरः ॥५४८॥

पुराजन्मनि पठतां, महाविघ्नस्त्वया कृतः ।
अतस्तत्कर्मबन्धेन, ज्ञानोल्लासोऽभवद् न ते ॥५४९॥

गुरुणा केनचित् पश्चात्, सद्वाक्यैः प्रतिबोधितः ।
भक्तिं चक्रे धिया तेषु, प्रत्यहं पुस्तकादिभिः ॥५५०॥

सत्कर्मबन्धतोऽभूस्त्वमुपाध्यायविशारदः ।
ज्ञानविघ्नाच्च मूर्खत्वं, पूर्वं संप्राप्तवानसि ॥५५१॥

---

પાળનારો રાજા તેમને વંદન કરવા ત્યાં ગયો. (૫૪૬)

દેશના પૂર્ણ થતાં રાજાએ ગુરુને પૂછ્યું કે, "હે પ્રભો ! પૂર્વે મને સર્વથા અજ્ઞાન શા કારણથી પ્રાપ્ત થયું ? (૫૪૭)

અને પછી તે અધ્યાપકની કૃપાથી જ્ઞાન શી રીતે વિસ્તાર પામ્યું ? તે કહો." એટલે ગુણગણાલંકૃત શ્રીમાન્ આચાર્ય ભગવંત બોલ્યા કે, "હે રાજન્ ! પૂર્વભવમાં વિદ્યાભ્યાસ કરનારાઓને તે મોટો અંતરાય કર્યો હતો. તેથી તે દુષ્કર્મના યોગે તને આ ભવમાં પ્રથમ જ્ઞાનોલ્લાસ ન થયો. (૫૪૮-૫૪૯)

પછી કોઈ ગુરુના ઉપદેશથી પ્રતિબોધ પામીને પ્રતિદિન પુસ્તકાદિથી જ્ઞાન-જ્ઞાનીની ભક્તિ કરી હતી. (૫૫૦)

તે શુભકર્મના યોગે તું સર્વ કળાઓમાં વિશારદ-હોંશિયાર પ્રવીણ થયો જ્ઞાનનો અંતરાય કરવાથી પહેલા તું મૂર્ખ થયો. (૫૫૧)

श्रुत्वेदमवदद् राजा, कर्मबन्धो महान् कृतः ।
कथं श्लथी भवेद् नाथ !, ततः प्रोवाच संयमी ॥५५२॥

बद्धस्पृष्टनिधत्ताख्यास्त्रयो भेदा महीपते ! ।
मिथ्यादुष्कृतभणनादिभिर्जेयाः सुहेतुभिः ॥५५३॥

तदन्यः कर्मबन्धो यो, निकाचित इति स्मृतः ।
भूयसा तपसा सोऽपि, विजेतव्यो मुमुक्षुभिः ॥५५४॥

यथा तुषारपातेन, दह्यतेऽनोकहव्रजः ।
यथाऽऽम्लरसविष्टब्धं, लङ्घनेनापदिश्यते ॥५५५॥

यथा दवाग्निनाऽरण्यं, दह्यतेऽसह्यतेजसा ।
तथा सर्वाणि कर्माणि, जीयन्ते तपसा चिरात् ॥५५६॥ युग्मम्

---

આ પ્રમાણે ગુરુમહારાજના વચનો સાંભળીને રાજા બોલ્યો કે, "હે ભગવાન ! મેં પૂર્વે જે કર્મબંધ કરેલ છે. તે સર્વથા શિથીલ શી રીતે થાય ? આચાર્ય ભગવંત બોલ્યા કે, (૫૫૨)

હે રાજન્ ! કર્મના ચાર ભેદ છે. તેમાંથી બદ્ધ, સ્પૃષ્ટ-નિધત્ત એ ત્રણ ભેદને સુશસ્ત્રરૂપ મિથ્યાદુષ્કૃત વિગેરે સારાકારણોથી જીતી (ટાળી) શકાય છે. (૫૫૩)

અને ચોથો નિકાચિત ભેદ છે. તેનો મુમુક્ષુઓએ દુષ્કરતપ વડે જય કરવો પડે છે. (૫૫૪)

જેમ હિમપાતથી વૃક્ષો બળી જાય છે. વળી લાંઘણથી આમ્લરસનો વિકાર દૂર થાય છે. (૫૫૫)

અસહ્ય તેજવાળા દાવાગ્નિથી જેમ અરણ્ય બળી જાય છે તેમ ચિરકાળ તપનું આચરણ કરવાથી સર્વકર્મોનો નાશ થાય છે. (૫૫૬)

कीर्तेर्गर्वाद् भयाद् वाऽपि, सुदेयं दानमङ्गिनाम् ।
कुललज्जाभराभ्यां च, सुकरं शीलपालनम् ॥५५७॥

मृषाऽन्यरञ्जनाद् वाऽपि, सुकरा हन्त ! भावना ।
**दुष्करं तु तपस्तप्तुं, देहधातुक्षयावहम् ॥५५८॥**

श्रुत्वेति नन्दनं राज्ये, मदनावलिसंभवम् ।
संस्थाप्य सूरिपादान्ते, श्रीवत्सो जगृहे व्रतम् ॥५५९॥

सोऽभ्यस्य द्विविधां शिक्षां, दक्षः कक्षीकृतक्रियः ।
विशेषतस्तपस्तप्तुं, त्रैविध्येन प्रचक्रमे ॥५६०॥

**यथा यथा तपो देहतनुतां तनुते तनौ ।**
**तथा तथाऽस्य सद्भावमहिमा नहि हीयते ॥५६१॥**

---

કીર્તિ, ગર્વ કે ભયથી જીવોને દાન આપવું હજુ સુલભ છે. કુળ કે લજ્જાથી શીલપાલન પણ સુગમ છે. (૫૫૭)

અને અન્યજનોને રંજન કરવા વડે ભાવના પણ સુગમ છે. પરંતુ દેહ તથા ધાતુનો ક્ષય કરનાર તપ તપવું તે દુષ્કર છે." (૫૫૮)

આ પ્રમાણે સાંભળીને મદનાવલીથી ઉત્પન્ન થયેલા પુત્રને રાજ્ય પર બેસાડી શ્રીવત્સરાજાએ સૂરમહારાજા પાસે સંયમ સ્વીકાર્યો. (૫૫૯)

પછી બે પ્રકારની શિક્ષાનો અભ્યાસ કરી ક્રિયા કરવામાં દક્ષ એવા તે રાજર્ષિ વિશેષથી ત્રિવિધે તપ તપવા લાગ્યા. (૫૬૦)

જેમ જેમ તપથી શરીરમાં ક્ષીણતા આવતી ગઈ, તેમ તેમ તેમનો સદ્ભાવમહિમા વૃદ્ધિ પામવા લાગ્યો. (૫૬૧)

તપરૂપ ટાંકણાથી શિલારૂપ પોતાના શરીરને ઘડીને તેણે એવું

परितक्ष्य तपष्टङ्कैः, शिलामिव निजां तनूम् ।
उच्चकार तथा सोऽभूद्, यथा जङ्गमदैवतम् ॥५६२॥

आयुःक्षये स राजर्षिर्गृहीत्वाऽनशनं चिरात् ।
एकावतारस्त्रिदशो, जज्ञे तस्माच्च सेत्स्यति ॥५६३॥

विद्याविलासराजर्षिर्यथा तेपेतरां तपः ।
तथाऽन्यैरपि भावेन, पालनीयं महाबल ! ॥५६४॥

ततो महाबलो राजा, जगादेति कृतस्मितम् ।
करिष्यामि तपः शुद्धं, स्वामिन् ! विद्यानरेन्द्रवत् ॥५६५॥

दानशीलतपोधर्मा, अमी भावं विना त्रयः ।
न फलन्ति महीपाल !, शाला इव ऋतुं विना ॥५६६॥

---

સુઘટિત કરી મૂક્યું કે જેથી તે એક જંગમદેવની જેમ દીપવા લાગ્યા. (૫૬૨)

અનુક્રમે આયુષ્ય પૂર્ણ થતાં પૂર્વે અનશન સ્વીકારીને તે રાજર્ષિ એકાવતારી દેવ થયા. અને ત્યાંથી ચ્યવી સિદ્ધપદને પામશે. (૫૬૩)

હે મહાબલ ! જેમ વિદ્યાવિલાસ રાજર્ષિએ તપ તપ્યું, તેમ અન્ય લોકોએ પણ ભાવપૂર્વક તપધર્મનું પાલન કરવું જોઈએ. (૫૬૪)

## ઈતિ શ્રીવત્સ અપરનામ વિદ્યાવિલાસ રાજાની કથા

પછી મહાબલરાજાએ સ્મિતપૂર્વક કહ્યું કે, "હે સ્વામિન્ ! વિદ્યાવિલાસની જેમ હું પણ શુદ્ધ તપ કરીશ." (૫૬૫)

એટલે મુનિ બોલ્યા કે, "હે રાજન્ ! ઋતુવિના વૃક્ષોની જેમ ભાવવિના દાન, શીલ અને તપ ફળીભૂત થતા નથી." (૫૬૬)

यद्वद् रूपं दृशा यद्वदलङ्कृत्या कवेर्वचः ।
यद्वच्चन्द्रो द्युता तद्वद्, धर्मो भावेन भूष्यते ॥५६७॥

भविनो भावनैवैका, मुक्तिसङ्गमदूतिका ।
भवे भवेदिहैवाऽऽशु, **दृढप्रहारिसाधुवत्** ॥५६८॥

तथाह्यासीत् पुरे कश्चिद्, महाकोपी द्विजात्मजः ।
अन्यायकारिणामाद्यो, यौवनं चाप्युपाययौ ॥५६९॥

ग्रन्थिभेदं व्यधत्तोच्चैः, स कदाचन भव्यवत् ।
क्वचिच्च खानखात्राणि, लोलः कोल इवानिशम् ॥५७०॥

---

જે ચક્ષુવડે રૂપ, અલંકારથી કવિનું વચન અને પ્રકાશથી ચંદ્રમા શોભે છે તેમ ભાવથી ધર્મ શોભે છે. (૫૬૭)

દૃઢપ્રહારીની જેમ આ જ ભવમાં એક ભાવના જ ભવ્ય-જીવને સત્વર મુક્તિ સમાગમની એક દૂતિરૂપ થાય છે તે દૃઢપ્રહારીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે :- (૫૬૮)

## ભાવધર્મ ઉપર દૃઢપ્રહારીની કથા.

કોઈ એક નગરમાં અન્યાયીલોકમાં અગ્રણી અને મહાક્રોધી કોઈ બ્રાહ્મણપુત્ર રહેતો હતો. તે યૌવનવય પામ્યો (૫૬૯)

એટલે કોઈવાર ભવ્યની જેમ તે સારીરીતે ગ્રંથિભેદ કરતો. (ભવ્યજીવ ગ્રંથિભેદ કરી સમક્તિ પામે છે.) તેમ આ ગાંઠ કાપીને દ્રવ્ય મેળવવા લાગ્યો. અને કોઈવાર સતૃષ્ણ ડુક્કરની જેમ તે ખાતર ખોદતો હતો. ડુક્કર જેમ જમીન ખોદે તેમ આ ભીંત વગેરે ખોદીને ખાતર પાડવા લાગ્યો. (૫૭૦)

એકવાર રાજપુરુષોએ તેને પકડ્યો. પણ બ્રાહ્મણ હોઈ અવધ્ય

अवध्यत्वादसौ राजनृभिर्निर्वासितः पुरात् ।
अथाऽगाच्चौरभूपल्लो, चौरीहल्लीसकाकुलाम् ॥५७१॥

चौरसेनापतिं शश्वत्, सेवते स्म द्विजात्मजः ।
स्थानलाभात् कृतार्थं स्वं, मन्यमानो मनोऽन्तरे ॥५७२॥

तैस्तैरुदग्रचरितैरात्मतुल्यं विलोक्य तम् ।
अमन्यत सुतत्वेन, चौरसेनापतिः स्वयम् ॥५७३॥

दस्युस्वामिनि पञ्चत्वमुपेयुषि स दस्युभिः ।
तत्पदे स्थापितश्चण्डकर्माऽजनि विशेषतः ॥५७४॥

सुदृढं प्रहरत्येष, प्राणिनो निष्कृपं यतः ।
ततो **दृढप्रहारीति**, सान्वयं नाम निर्ममे[१] ॥५७५॥

---

સમજી નગરની બહાર કાઢી મૂક્યો. એટલે જ્યાં ચોરીના ગાણા નિત્ય ગવાઈ રહ્યા છે એવી ચોરોની પલ્લીમાં તે ગયો. (૫૭૧)

ત્યાં તે સ્થાનનો લાભ થવાથી મનમાં પોતાને કૃતાર્થ માનતો તે વિપ્રસુત પલ્લિપતિની નિરંતર સેવા કરવા લાગ્યો. (૫૭૨)

તેના ઉત્કટચારિત્રથી તેને પોતાના સમાન સમજીને ચોરસેનાપતિએ તેને પુત્ર તરીકે માન્યો. (૫૭૩)

અનુક્રમે તે પલ્લીપતિ મરણ પામ્યો. ચોરોએ મળી તેને તેના પદપર સ્થાપન કર્યો. એટલે તે વિશેષ ક્રૂરકર્મી થયો. (૫૭૪)

તે વિપ્રસુત નિર્દયપણે જીવો ઉપર દૃઢ પ્રહાર કરતો હતો તેથી **"દૃઢપ્રહારી"** એવું તેનું નામ પડ્યું. (૫૭૫)

નગરીને તે ભાંગવા લાગ્યો, મુસાફરોને પકડવા લાગ્યો.

---

१. निर्मितमित्यपि पाठः ।

बभञ्ज नगराण्येष, जग्राह पथिकव्रजान् ।
ग्रामान् प्रज्वालयामास, पञ्जिकार्थं कृताग्रहः ॥५७६॥

अन्येद्युस्तस्करैः साकं, स्वांशैरिव पृथग्गतैः[१] ।
भङ्क्तुं कुशस्थलं ग्राममगादेष महाभुजः ॥५७७॥

तत्रास्ति देवशर्मेति, ब्राह्मणः शर्मवर्जितः ।
स्वाङ्गवत् सहजं यस्य, दौर्गत्यं प्रसृतं चिरम् ॥५७८॥

तदैव बालकैरेष, क्षीरान्नं याचितो द्विजः ।
**बालका न हि जानन्ति, सदसत्त्वं निजौकसि ॥५७९॥**

**यतः –**

**दस्यवो डिम्भरूपाणि, राजानश्च द्विजा अपि ।
परपीडां न जानन्ति, गृह्णते च यथा तथा ॥५८०॥**

---

સ્વાર્થ સાધવાને આગ્રહી એવો તે ગામોને બાળવા લાગ્યો. (૫૭૬)

એકવાર જાણે પોતાના જુદા અવયવો હોય તેવા ચોરોની સાથે મહાપરાક્રમી તે કુશસ્થળ નામના ગામને ભાંગવા ગયો. (૫૭૭)

ત્યાં દેવશર્મા નામનો એક દુઃખી બ્રાહ્મણ રહેતો હતો. પોતાના અંગની જેમ તેને દ્રારિદ્રય તો લાંબાકાળથી જન્મની સાથે જ પ્રગટ થયેલું હતું. અર્થાત્ અંગાંગીભાવ પ્રાપ્ત થયેલું હતું. (૫૭૮)

એક દિવસે બાળકોએ તે બ્રાહ્મણ પાસે ક્ષીરભોજન માંગ્યું. કારણ કે, **"બાળકો પોતાના ઘરની સ્થિતિ જાણતા નથી."** (૫૭૯)

**જે કારણથી ચોર, બાળક, રાજા અને બ્રાહ્મણ-એ પરપીડાને**

---

१. पृथून्नतैरिति च ।

परिभ्रम्याऽखिलं ग्रामं, याचित्वा च क्वचित् पयः ।
क्वचिच्च तन्दुलान् स्त्यानीभूतेन्दुकिरणानिव ॥५८१॥

क्वापि क्वापि गुडं हृद्यमभ्यर्थ्य स्वस्तिभाषणात् ।
क्षैरेयो पाचयामास, स्नातुं चागाद् नदीरये ॥५८२॥

इतश्चोग्रदृशो गेहमागच्छंस्तस्य तस्कराः ।
तेषामेकतमोऽनश्यत्, क्षैरेयो प्राप्य रङ्कवत् ॥५८३॥

अथोच्चैर्डिम्भरूपाणि, चक्रन्दुर्विरसस्वरम् ।
**उदितं रुदितं ह्यस्त्रं, बालानां योषितामिव ॥५८४॥**

रुदन्तस्ते नदो गत्वा, तूर्णं जनकमूचिरे ।
केनचित् पश्यतां तात !, जह्रे नः पायसं गृहात् ॥५८५॥

---

**જાણતા નથી. અને ગમે તે રીતે લેવાજ માંગે છે. (૫૮૦)**

પછી આખુ ગામ ભમીને ક્યાંથી દૂધ તો ક્યાંથી ચંદ્રકિરણ જેવા ઉજ્જવળ ચોખા, ક્યાંકથી સ્વસ્તિ બોલીને ગોળ માંગી લાવીને તેણે ખીર પકાવી અને પોતે નદીપર સ્નાન કરવા ગયો. (૫૮૧-૫૮૨)

એવામાં તે પ્રચંડસ્વભાવી તસ્કરો તે બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ્યા અને તેમાંના કોઈ એક ચોરે બાળકો પાસે રંકની જેમ ખીરને જોઈને લઈ લીધી. (૫૮૩)

એટલે તે બાળકો કરૂણસ્વરે આક્રંદ કરવા લાગ્યા. કારણ કે **સ્ત્રીઓની જેમ બાળકોનું પણ પ્રગટ શસ્ત્ર રૂદન જ છે.** (૫૮૪)

રૂદન કરતા બાળકો નદી પર ગયા અને પોતાના પિતાને કહેવા લાગ્યા " હે તાત ! અમારા દેખતાં કોઈએ ઘરમાંથી ખીર લઈ લીધી." (૫૮૫)

तदाकर्ण्याऽदधाच्चित्ते, दैवं दुर्बलघातकम् ।
अन्येषु वेश्मसु ग्रामे, दुर्भिक्षं किं विजृम्भते ? ॥५८६॥

क्रुध्यन्नथ द्विजस्ताम्रवदनो[1] ग्राममीयिवान् ।
भुजाभ्यां परिघं प्रेतभर्तुर्दण्डमिवायतम् ॥५८७॥

आदाय गेहमागत्य, स भूत इव नूतनः ।
समुल्लासितदोर्दण्डो, जघान स्तेनमण्डलम् ॥५८८॥ युग्मम्

दृष्ट्वा वित्रस्यतश्चौरांस्तेन[2] वातेन तूलवत् ।
दधावे तस्कराधीशो, यमदूत इव स्वयम् ॥५८९॥

सत्वरं धावमानस्य, प्रवाहस्य शिला यथा ।
अन्तराले बभूवाऽस्य, सौरभेयी गतिच्छिदे ॥५९०॥

---

તે સાંભળીને દુર્બલને સતાવનાર દૈવને મનમાં ઉપાલંભ આપતો અને શું ગામમાં બીજા ઘરોમાં દુષ્કાળ પડ્યો છે ?" (૫૮૬)

એમ ક્રોધપૂર્વક બોલતો તેમજ લાલચોળ મુખવાળો તે વિપ્ર ગામમાં આવ્યો અને યમના દંડની જેમ એક મોટો મુદ્ગર પોતાના હાથમાં લઈ (૫૮૭)

ઘરે આવી એક નૂતન ભૂતની જેમ પોતાના બાહુદંડને ઉછાળીને તે ચોરોને મારવા લાગ્યો. (૫૮૮)

એટલે વાયુથી કપાસની જેમ તેનાથી ત્રાસ પામતા ચોરોને જોઈને યમદૂત જેવો તે પલ્લીપતિ (દઢપ્રહારી) પોતે દોડ્યો. (૫૮૯)

એવામાં પ્રવાહ અને શિલાની જેમ સત્વર દોડતા તેને વચમાં ગાય આડી આવી, (૫૯૦)

---

१. -नस्ताम्रपौत्रवदित्यपि पाठः । २. -रानमुष्मातूलपूलवदिति च ।

प्रेरित इव दुर्गत्याऽधिष्ठित इव रक्षसा ।
निष्कृपस्तां कृपाणेन, निजघान निषादवत् ॥५९१॥

तस्कराणामधीशस्य, संमुखीनोऽभवद् द्विजः ।
मृगो मृगाधिपस्येव, शिशुपालनतत्परः ॥५९२॥

रे ! रे ! तस्कर ! मद्वेश्म, विशन् मूर्ख ! मुमूर्षसि ।
शापेनापि ममाऽनन्ताः, क्षयं नीता वधं विना ॥५९३॥

तदाकर्ण्याऽथ चौरेशो, मण्डलाग्रेण चोग्रधीः ।
फलवत् पातयामास, शिरो रोरद्विजन्मनः ॥५९४॥

आः पाप ! पापिनामाद्य !, ब्रह्महत्याविधायक ! ।
एवमुक्त्वाऽभ्यगादस्य, वेलामासवती वधूः ॥५९५॥

---

એટલે જાણે દુર્ગતિથી પ્રેરાયેલો હોય તેમ અથવા રાક્ષસથી અધિષ્ઠિત થયો હોય એવા દયાવિનાના તેણે તે ગાયને તલવારથી મારી નાંખી. (૫૯૧)

એટલે પોતાના બાળકનું રક્ષણ કરવા માટે મૃગ જેમ સિંહની સામે આવે તેમ તે બ્રાહ્મણ તે ચોરનાયકની સામે થયો. (૫૯૨)

અને બોલ્યો કે, "અરે ચોર ! રે મૂર્ખ ! મારા ઘરમાં પેસીને શું તું મરવા ઈચ્છે છે ? વધવિના માત્ર શ્રાપ દેવાવડે પણ મેં ઘણાને યમધામ પહોંચાડી દીધા છે." (૫૯૩)

તે સાંભળી પ્રચંડબુદ્ધિવાળા તેણે તે તલવારથી ગરીબ બ્રાહ્મણનું વૃક્ષ પરથી ફળની જેમ મસ્તક નીચે પાડી દીધું. (૫૯૪)

એવામાં "અરે પાપી ! અરે પાપીઓમાં અગ્રણી ! અરે બ્રહ્મહત્યા કરનાર ! એમ બોલતી તે વિપ્રની ગર્ભવતી સ્ત્રી દૃઢપ્રહારીની સામે આવી." (૫૯૫)

दुर्गतेः सङ्गदूतेन, धौतेन तरवारिणा ।
विददारोदरं तस्याश्चण्डः कूष्माण्डखण्डवत् ॥५९६॥

गर्भं जरायुमध्यस्थं, कम्पमानं भयादिव ।
निरीक्ष्य पुरतस्तस्य, करुणा तरुणायते ॥५९७॥

हा मातस्तात ! हा ! मातर्विलपन्त इति स्फुटम् ।
एते स्तनन्धया मोहाद्, मयैव निहताः खलु ॥५९८॥

पितृमातृपरित्यक्ताः, किमु जीवन्ति बालकाः ? ।
कठोरेण कुठारेण, विलूनाः पल्लवा इव ॥५९९॥

गोब्रह्मवनिताभ्रूणहत्यामित्यादधद् भृशम् ।
पातकं पातकं जन्तोर्धिगार्जयमनार्यवत्[1] ॥६००॥

---

એટલે દુર્ગતિના સમાગમને માટે એકદૂતી જેવી પાણીદાર તીક્ષ્ણ તલવારથી તે નિર્દયે કોઠાના ફળની જેમ તેનું ઉદર ચીરી નાંખ્યુ. (૫૯૬)

એટલે એમાંથી નીકળી પડેલો, ભયથી કંપતો જરાયુ (ગર્ભાવરણ ચર્મ)માં રહેલો એવો તરફડતો ગર્ભ જોઈને તેના હૈયામાં કરૂણા પ્રગટ થઈ (૫૯૭)

તે બોલ્યો કે - "હે માત ! હા તાત ! અરે ! એમ મોહથી સ્ફૂટ વિલાપ કરતા એવા આ બાળકોને પણ મેં મારી જ નાંખ્યા છે. (૫૯૮)

ખરેખર તીક્ષ્ણ કુહાડાવડે કાપી નાંખેલા પલ્લવોની જેમ માબાપથી વિયુક્ત (વિખૂટા) થયેલા બાળકો શું જીવી શકે ? (૫૯૯)

અહો ! મને ધિક્કાર થાઓ કે, ગાય, બ્રાહ્મણ, સ્ત્રી અને

---

१. -मनाजवः इति च ।

स्वयं स्वं हन्मि किं शस्त्र्या, कूपे झम्पां ददामि किम् ? ।
विशामि ज्वलने किंवा, विषादाद् विषमद्मि किम् ? ॥६०१॥

एवं विचिन्तयन्नेष, जातवैराग्यभावनः ।
व्यावर्तमान उद्याने, स्थितान् साधूनवैक्षत ॥६०२॥

प्रणिपत्येति तानूचे, पापात्माऽहं दुराशयः ।
दृशाऽप्यदृश्यो वचनैरभाष्योऽहं भवादृशैः ॥६०३॥

नास्ति मत्तः क्वचित् पापी, नास्ति मत्तोऽपि निर्घृणः ।
नास्ति मत्तोऽपि निर्धर्मा, नास्ति मत्तोऽधमाधमः ॥६०४॥

ईदृक्षमपि मां त्रातुं, यूयमर्हत सांप्रतम् ।
प्रायश्चित्तरहस्यज्ञाः, सर्वसाधारणा यतः ॥६०५॥

---

બાળકની હત્યારૂપ જીવને દુર્ગતિમાં નાંખનાર એવું મહાપાપ મેં અનાર્યની જેમ ઉપાર્જન કર્યું. (૬૦૦)

અહો ! હવે હું શું મારા પોતાના શસ્ત્રવડે આત્મઘાત કરૂં ? અથવા શું કુવામાં જઈને પડું ? અથવા અગ્નિમાં પ્રવેશ કરૂં ? કે વિષાદથી વિષપાન કરૂં ?" (૬૦૧)

આ પ્રમાણે વૈરાગ્યભાવના ભાવતો તે ત્યાંથી પાછો ફર્યો. તેવામાં ઉદ્યાનમાં રહેલા સાધુઓને તેણે જોયા. (૬૦૨)

તેમને નમન કરી બોલ્યો "હે ભગવન્ ! હું પાપી અને દુરાશયી છું." વળી હું આપને નજરથી જોવા લાયક નથી તેમજ વચનથી બોલાવવા લાયક નથી. (૬૦૩)

હે ગુરુવર ! મારા કરતાં વધુ પાપી, નિર્દય, અધર્મી કે અધમાધમ કોઈ નહિ જ હોય. (૬૦૪)

એવા અધમનું -મારૂં રક્ષણ કરવા પણ આપ જ સમર્થ છો.

ततस्ते साधवः साधुधर्मतत्त्वमुपादिशन् ।
श्रामण्यमेष जग्राह, पापपङ्कनदीरयम् ॥६०६॥

यस्मिन्नह्नि स्वतोऽन्यस्मादपि स्मर्तास्मि पातकम् ।
तत्र तत्रैव नो भोक्ष्ये, कृतपर्वतपा इव ॥६०७॥

कर्तास्मि क्षान्तिमक्षूणामित्याभिग्रहयोर्युगम् ।
अग्रहीदेष शुद्धात्मा, भववैराग्यरङ्गितः ॥६०८॥

अथावस्कन्दिते ग्रामे, तस्मिन्नेव कुशस्थले ।
विजहार महासत्त्वः, कर्मक्षयकृताग्रहः ॥६०९॥

विधायैष महापापी, नटवद् वेषमोचनम् ।
पुनर्लुण्टयितुं ग्राममाययौ हेरिकोपमः ॥६१०॥

---

કારણ કે પ્રાયશ્ચિત્તના રહસ્યજ્ઞાતા મુનિઓ સર્વ સાધારણ (સર્વ જીવ પર સમાન ભાવવાળા) હોય છે. (૬૦૫)

તે સાંભળીને સાધુઓએ તેને સાધુધર્મનો ઉપદેશ આપ્યો. એટલે પાપપંકને દૂર કરવા નદીના પ્રવાહ સમાન શ્રામણ્યપણું તેણે અંગીકાર કર્યું (૬૦૬)

અને સંસારઉપર વિરાગી બનેલા તે શુદ્ધાત્માએ આ પ્રમાણે અભિગ્રહ લીધો કે, "જ્યાં સુધી મારા પોતાનાથી કે બીજાથી પણ મારૂં કરેલ પાપ યાદ આવે ત્યાં સુધી મારે પર્વ દિવસે કરેલા તપની જેમ આહાર ન લેવો અને અક્ષીણ એવી ક્ષમા ધારણ કરવી." (૬૦૭-૬૦૮)

પછી પૂર્વે પરાભવ પમાડેલ તેજ કુશસ્થલ નગરમાં જ મહાસત્ત્વશાળી અને કર્મક્ષય કરવામાં તત્પર એવા દઢપ્રહારી મુનિ વિચરવા લાગ્યા. (૬૦૯)

તેમને જોઈ નગરવાસીઓ વિચારવા લાગ્યા કે, "હેરિક

रे ! भ्रूणादिमहापापकारकोऽपि न मारितः ।
दर्शनव्याजतोऽस्माभिरित्यतर्ज्यत तैर्जनैः ॥६११॥

भिक्षार्थं प्रविशन्नेष, ग्रामवेश्मसु संयमी ।
कीटकैर्भक्षितश्चैव, लोष्टखण्डैरताड्यत ॥६१२॥

विशेषतस्ताड्यमानस्तत्पापं संस्मरन्नसौ ।
नाभुङ्क्त किमुत क्षान्तिं, विधत्ते स्म दिवानिशम् ॥६१३॥

यष्टिभिस्ताडयामासुस्तं दुर्दान्तमहोक्षवत् ।
जघ्नुश्च मुष्टिभिः कामं, वपुर्गुल्मविधायकम् ॥६१४॥

कायोत्सर्गस्थितं ग्राम्याः, पिदधुः पांशुवृष्टिभिः ।
देशारिष्टसमुद्भूता, उत्पाता इव पत्तनम् ॥६१५॥

(જાસુસ) સમાન આ મહાપાપી, નટની જેમ વેષ પરિવર્તન કરીને ફરી આ ગામ લૂંટવા માટે જ આવ્યો જણાય છે. (૬૧૦)

અરે ! આ ગર્ભહત્યા વિગેરે મહાપાપ કરનારને દર્શનના બ્હાને તેની પાસે જઈને પણ આપણે મારી ન શક્યા ?" આમ બોલતા લોકો તેને વાણીના બાણવડે તર્જના કરવા લાગ્યા. (૬૧૧)

ગામના ઘરોમાં ભિક્ષા માટે પ્રવેશ કરતાં તે મુનિ ક્ષુદ્રજીવોથી પણ પરાભવ અને ઢેફાંથી તાડન-તર્જન પામવા લાગ્યા. (૬૧૨)

વિશેષથી તાડન પામવા છતાં પૂર્વના પાપને સંભારતા તે મહાત્મા આહાર લીધા વિના અહોનિશ તપ કરતા અને ક્ષમા ધારણ કરવા લાગ્યા. (૬૧૩)

તે વખતે ગ્રામીણ લોકો દુર્દાંત બળદની જેમ પાપ કરનાર તેના શરીરને યષ્ટિ-મુષ્ટિથી અત્યંત પ્રહાર કરવા લાગ્યા. કાયોત્સર્ગમાં રહેલા તેમને દેશના અનિષ્ટ સંયોગથી ઉત્પન્ન થયેલો

इत्थं कदर्थ्यमानोऽसौ, ग्रामीणैः प्रतिवासरम् ।
एवं विभावयामास, मुच्यमानरजोगुणः ॥६१६॥

दूयसे किमु रे ! जीवाऽनर्गलैः खलु जल्पितैः ।
**प्रदत्तं लभ्यते नैवाऽप्रदत्तं हि कदाचन ॥६१७॥**

शुभेतरपरीणामाकृष्टमेतत् तवाऽऽगतम् ।
तेनार्जितं स्वयं भोक्ता, हेतुमात्रं परः पुमान् ॥६१८॥

यदुपात्तं त्वया पापं, भोग्यं जननकोटिभिः ।
तदिहैव शुभस्वान्तो, भोक्ष्यसे क्षणमात्रतः ॥६१९॥ यतः –

ઉત્પાત જેમ નગરને આચ્છાદિત કરે તેમ ગ્રામવાસીઓ ધુળની વૃષ્ટિથી ઢાંકી દેવા લાગ્યા. (૬૧૪-૧૫)

એ વખતે દરરોજ ગ્રામીણ લોકોથી કદર્થના પામતા અને રજોગુણથી મુક્ત તે મહામુનિ ભાવના ભાવવા લાગ્યા કે, (૬૧૬)

"અરે જીવ ! બહુપ્રકારની કદર્થનાથી તું શા માટે દુઃખી થાય છે, દુભાય છે ?" **આ તો આપેલું જ પાછું મળે છે. નહિ આપેલું કદાપિ મળી શકતું નથી.** (૬૧૭)

તારા અશુભ પરિણામથી આકર્ષિત આ સંકટ તને પ્રાપ્ત થયું છે. તેથી તેં જે પૂર્વે ઉપાર્જન કરેલું છે તે જ તારે ભોગવવાનું છે. અન્યમનુષ્યો તો નિમિત્તમાત્ર છે. કર્મસત્તાનો તું અપરાધી છે. (૬૧૮)

કરેલા અપરાધોની સજા ભોગવવાની છે. તેં જે પાપ ઉપાર્જન કર્યું છે તે કરોડો જન્મ સુધી ભોગવાય તેટલું છે. છતાં જો શુભભાવથી કષ્ટને સહન કરીશ તો આ ભવમાં થોડા સમયમાં જ તું ભોગવી લઈશ. કારણ કે - (૬૧૯)

**अज्ञानी यत् कृतं कर्म, क्षिपेद् वत्सरकोटिभिः ।**
**तज्ज्ञानी गुप्तिसंपूर्णः, क्षिपेदुच्छ्वासमात्रतः ॥६२०॥**

जात्यरत्नमिवाऽप्राप्तं, प्राप्य चारित्रमद्भुतम् ।
शमेन जयकर्माणि, शर्माण्यपि तथाऽर्जय ॥६२१॥

प्रथमं कटुकं पश्चात्, पीयूषति यथौषधम् ।
तथा ग्राम्यवचो जीव !, विचिन्तय सचेतनः ॥६२२॥

कर्मक्षयसखा तेऽसौ जीव ! मा क्लीबतां भज ।
एतत्साहाय्यतः सर्वकर्मनिर्मूलकोऽसि यत् ॥६२३॥

चिरं सहित्वा दुःखानि, त्वं चेद् नेदं सहिष्यसे ।
तद् वृथा प्राक्तनं सर्वं, **मतिर्याऽन्ते हि सा गतिः** ॥६२४॥

---

**"જે કર્મ અજ્ઞાનીજીવ કરોડો વરસે ખપાવી શકે, તે કર્મ જ્ઞાની ત્રણગુપ્તિથી સંપૂર્ણ બનીને એક શ્વાસોશ્વાસમાં ખપાવી શકે છે."** (૬૨૦)

વળી હે ચેતન ! જાત્યરત્નની જેમ અલભ્ય આ અદ્ભુત ચારિત્રરત્નને પામી સમતાથી કર્મોનો ક્ષય કરી અવિનાશી સુખ ઉપાર્જન કર. (૬૨૧)

વળી હે જીવ ! આ ગ્રામ્યવચન (ગ્રામીણ લોકોના વચન) પ્રથમ ઔષધની જેમ કડવા લાગશે પણ પરિણામે તે અમૃતસમાન છે. (૬૨૨)

વળી હે જીવ ! કર્મક્ષય કરાવવામાં આ બધા તારા મિત્રો છે. તેથી નિર્માલ્ય બનીશ નહી. કારણ કે એમની સંપૂર્ણ સહાયથી તું સર્વકર્મનો નાશક બનીશ. (૬૨૩)

ચિરકાળ દુઃખો સહન કર્યા પછી ક્ષણભર જો સહન નહિ કરે

यादृक् कर्म कृतं जीव !, भज[१] तादृगवेदनम्।
न शालिर्लूयते क्वापि, वपने कोद्रवस्य यत् ॥६२५॥

वदनच्छायया कर्म, यया जीव ! त्वयाऽर्जितम् ।
तामेव बिभृहीदानीमेकरूपा महत्तराः ॥६२६॥

एवं भावयतस्तस्य, भावनाशुद्धचेतसः ।
उत्पन्नं केवलज्ञानं, लोकालोकप्रकाशकम् ॥६२७॥

निःशेषक्षीणकर्मांशोऽयोगिस्थो योगिनां वरः ।
दृढप्रहारी भगवान्, प्रपेदे परमं पदम् ॥६२८॥

भावनायाः फलं राजन् !, न सम्यग् वक्तुमीश्वरः ।
यदीदृशोऽपि तमसः, परं पदमवाप्तवान् ॥६२९॥

તો પૂર્વે સહન કરેલું બધુ વૃથા જશે. કારણ કે **પ્રાંતે મતિ તેવી ગતિ થાય છે.** (૬૨૪)

હે જીવ ! તે જેવું કર્મ કર્યું છે તેવું ખેદવિના ભોગવી લે. કારણ કે કોદ્રવને વાવ્યા પછી કદીપણ ચોખા લણી શકાય જ નહિ. (૬૨૫)

હે જીવ ! જેવી મુખછાયાથી તે કર્મ ઉપાર્જન કર્યું છે. તેવી જ મુખછાયા અત્યારે ધારણ કર. કેમ કે મહાજનો સદા એકરૂપ જ હોય છે." (૬૨૬)

આ પ્રમાણે શુભભાવના ભાવતા ચિત્તવિશુદ્ધિથી લોકાલોક પ્રકાશક કેવલજ્ઞાન તેમને ઉત્પન્ન થયું. (૬૨૭)

અયોગી કેવલિગુણસ્થાનકે રહેલા તે યોગીન્દ્ર દઢપ્રહારી ભગવાન નિઃશેષ કર્મરજનો ક્ષય કરી પરમપદને પામ્યા. (૬૨૮)

હે રાજન્ ! ભાવધર્મનું યથાર્થફળ કહેવા કોઈ સમર્થ નથી.

१. भव तादृगवेदने इति पाठान्तरम् ।

इत्यादितीर्थकृद्धर्मं, श्रावं श्रावं महाबलः ।
रोमाञ्चैरञ्चितो देहे, भावनाऽम्भोदबिन्दुभिः ॥६३०॥

अथाऽचलादयोऽप्यूचुर्नृपमित्रा मुनीश्वरम् ।
व्रतं वयमपि प्रीत्या, ग्रहीष्यामो नरेन्द्रवत् ॥६३१॥

यावद् राज्येऽङ्गजं न्यस्य, समागच्छामि सत्वरम् ।
भवद्भिस्तावदत्रैव, स्थेयं मयि कृपापरैः ॥६३२॥

अथ प्रोवाच भगवान्, वरधर्मा मुनीश्वरः ।
देवानुप्रिय ! **मा कार्षीः, प्रमादं श्रेयसः कृते** ॥६३३॥

---

જુઓ દઢપ્રહારી અત્યંત ક્રૂર છતાં ભાવધર્મથી અલ્પસમયમાં પરમપદ પામ્યા. (૬૨૯)

**ઈતિ દઢપ્રહારી કથા.**

આ પ્રમાણે આર્હતધર્મનું સ્વરૂપ સાંભળીને શુભભાવરૂપી મેઘજળથી તેના શરીર ઉપર રોમાંચ ખડા થઈ ગયા (૬૩૦)

અને પોતાની ચારિત્ર લેવાની ઈચ્છા ગુરુમહારાજને ફરીથી જણાવી. એટલે અચલાદિ તેના મિત્રોએ પણ મુનીશ્વરને કહ્યું કે, "હે ભગવન્ ! અમે પણ નરેન્દ્રની જેમ પ્રેમપૂર્વક તેમની સાથે વ્રતગ્રહણ કરશું." (૬૩૧)

પછી રાજાએ કહ્યું કે, "ભગવન્ ! હું પુત્રને રાજ્ય ઉપર બેસાડી અહીં આવું, ત્યાંસુધી આપ મારા પર કરૂણા કરીને અહીં જ રહો." (૬૩૨)

એટલે ભગવાન વરધર્મ મુનીશ્વર બોલ્યા કે, "હે દેવાનુપ્રિય ! **કલ્યાણકારી કાર્ય કરવામાં પ્રમાદ ન કરવો જોઈએ.**" (૬૩૩)

રાજાએ કહ્યું કે, "હે પ્રભો ! જ્યારથી તમારી તત્ત્વાનુસારી

प्रभो ! प्रमादः सुतरां, तदैव तत्यजे मया ।
यदैव भवतां वाणी, सुश्रुवे तत्त्वसारिणी ॥६३४॥

अथ नत्वा गुरुं गत्वा, पर्षदं जगतीपतिः ।
बलभद्रकुमारस्याभिषेकार्थं कृतोद्यमः ॥६३५॥

पप्रच्छाऽष्टाङ्गनिमित्ततत्त्वज्ञं गणकोत्तमम् ।
ब्रूहि लग्नं यथा शुद्धं, राज्यलक्ष्मीप्रवर्धकम् ॥६३६॥

अथो विचार्य संस्थाप्य, लग्नं धरणिमण्डले ।
नैमित्तिक उवाचोच्चैर्ज्योतिःशास्त्रमहोदधिः ॥६३७॥

पातेन लतया वेधो, प्रग्रहैकार्गलादिभिः ।
दोषैरेभिर्विनिर्मुक्तं, रोगैरिव कलेवरम् ॥६३८॥

त्यक्तक्रूरग्रहग्रामं, क्रूरालिङ्गितमेव च ।
वारस्य जन्मभं यत्तु, तस्माच्च दशमं परम् ॥६३९॥

---

વાણી સાંભળી છે ત્યારથી મેં પ્રમાદને છોડી દીધો છે." (૬૩૪)

પછી ગુરૂને નમસ્કાર કરીને રાજા નગરમાં આવી રાજસભામાં ગયા. ત્યાં બળભદ્રકુમારના અભિષેકને માટે તૈયારી કરીને (૬૩૫)

તેણે અષ્ટાંગનિમિત્તના જાણ નૈમિત્તિકને બોલાવી પૂછ્યું કે, "હે નૈમિત્તિક ! રાજ્યલક્ષ્મીની વૃદ્ધિ કરનારૂં શુદ્ધ લગ્ન કહો." (૬૩૬)

પછી વિચારપૂર્વક ધરણીમંડળ ઉપર લગ્નકુંડળી સ્થાપીને જ્યોતિષશાસ્ત્રમાં પારગામી નૈમિત્તિક બોલ્યો કે, (૬૩૭)

હે રાજેન્દ્ર ! શુભમુહૂર્ત, પાત, લતા, વેધ, પ્રગ્રહ અને એકાર્ગલાદિ દોષોથી, રોગોથી કલેવરની જેમ નિર્મુક્ત હોવું જોઈએ. (૬૩૮)

વળી ક્રૂરગ્રહોથી જે ત્યક્ત હોય, એકાદ પણ ક્રૂરગ્રહથી

अष्टादशं तथैकोनविंशैकविंशमेव च ।
वर्जनीयं मया प्रोक्तं, नक्षत्रं क्षितिवासव ! ॥६४०॥ त्रिभिर्विशेषकम्

सक्रूरा जन्मभूर्दग्धा, तारा साम्यवती तथा ।
त्रिदिनस्पर्शिनी चापि, रिक्ता भद्राऽन्विता तथा ॥६४१॥

संक्रान्तिग्रहणाभ्यां च, हीनकालमुखी तिथिः ।
अद्यानेकगुणा राजन् !, पुण्या तिथिरिवागता[१] ॥६४२॥

राहुकेतुयमच्छाया, क्रूरवारस्तथैव च ।
दिनवारारिहोरा च, क्रूरवारस्य सा पुनः ॥६४३॥

यमघण्टकर्कयोगावुत्पातो मृत्युकाणकौ ।
संवर्तक इति दोषा, वारेऽस्मिन् सन्ति न क्वचित् ॥६४४॥

આલિંગિત ન હોય અને જન્મનક્ષત્રથી દશમું, (૬૩૯)

૧૮મું, ૧૯મું, ૨૧મું એ નક્ષત્ર વર્જનીય કહેલ છે. તેથી તેવા નક્ષત્રવાળું ન હોય (૬૪૦)

ક્રૂર તિથિ, જન્મતિથિ, દગ્ધા, તારા, સામ્યવતી તિથિ, ત્રણદિવસને સ્પર્શ કરનારી વૃદ્ધિ તિથિ, રિક્તા, ભદ્રા, સંક્રાંતિ અને ગ્રહણની તિથિ, ક્ષયતિથિ તથા કાળમુખી આટલી તિથિઓ ન હોય તેવું મુહૂર્ત ઉત્તમ કહ્યું છે. એવી અનેકગુણયુક્ત મુહૂર્તવાળી પુણ્યતિથિ હે રાજન્ ! જાણે તમારા ભાગ્યથી જ આકર્ષાઈને આવી હોય તેમ આજે આવેલી છે. (૬૪૧-૬૪૨)

વળી રાહુ, કેતુ, યમની છાયા, ક્રૂરવાર તથા ક્રૂરવારનો દિવસ, વારનો અરિ અને હોરા, યમઘંટ, કર્કયોગ, ઉત્પાદ-મૃત્યુ, કાણ અને સંવર્તક એ દોષો આ વારમાં કંઈ પણ નથી. (૬૪૩-૬૪૪)

१. -रिवाङ्गनेति च पाठः ।

विष्कम्भगण्डशूलाश्चातिगण्डो वज्रवैधृती ।
व्याघातः परिघश्चापि, व्यतीपातयुता नव ॥६४५॥

एतैर्योगैः परित्यक्तं, शुभयोगैः परावृतम् ।
कुनामकालदण्डाद्युपयोगैरुज्झितं दिनम् ॥६४६॥

मुहूर्तं पावनं राजन् !, बवबालवकौलवैः ।
त्रिसंख्यैः करणैर्हृद्यैस्त्रिलोकीशत्वसूचकैः ॥६४७॥

अजन्ममासि निर्मुक्तधनुर्मीनस्थभास्करम् ।
असिंहस्थसुराचार्यं, लग्नमेतद् मनोहरम् ॥६४८॥

मघा पुनर्वसुः पुष्यो, हस्तः स्वातिश्च रेवती ।
रोहिणी श्रवणं चैव, धनिष्ठा चोत्तरात्रयम् ॥६४९॥

---

વળી વિષ્કંભ, ગંડ, શૂલ, અતિગંડ, વજ્ર, વૈધૃતિ, વ્યાઘાત, પરિઘ અને વ્યતિપાત એ નવયોગોથી પરિત્યક્ત અને શુભયોગોથી પરિવૃત્ત તથા કુત્સિતનામવાળા કાળદંડાદિ ઉપયોગથી રહિત (૬૪૫-૬૪૬)

હે રાજન્ ! આજનો દિવસ છે વળી હે રાજા ! ત્રિલોકના ઐશ્વર્યના સૂચક અને મનોહર એવા બવ, બાલવ, કૌલવ એ ત્રણ કરણથી આ મુહૂર્ત પાવન છે (૬૪૭)

વળી જન્મવિનાનો મહિનો છે. વળી ધન અને મીનરાશિમાં સૂર્ય રહેલો નથી. એટલે કે ધનાર્ક-મીનાર્ક નથી. સિંહરાશિમાં બૃહસ્પતિ (ગુરુ) રહેલો નથી. તેથી આ લગ્ન મનોહર છે. (૬૪૮)

વળી હે નરેશ ! મઘા, પુનર્વસુ, પુષ્ય, હસ્ત સ્વાતિ, રેવતી, રોહિણી, શ્રવણ, ધનિષ્ઠા, ત્રણઉત્તરા, મૃગશિર, મૂળ અને

मृगशीर्षं तथा मूलमनुराधा नराधिप ! ।
पञ्चदशापि ऋक्षाणि, प्रतिष्ठायां शुभान्यहो ! ॥६५०॥

शन्यर्कक्षितिजाः षष्ठतृतीयस्थां शुभावहाः ।
द्वित्रिस्थश्चन्द्रमाः श्रेष्ठः, सर्वकार्यप्रसाधकः ॥६५१॥

एकद्वित्रिचतुष्पञ्चदशमस्थो बुधो मतः ।
एकद्वित्रिचतुष्पञ्चनवसप्तदशस्थितः ॥६५२॥

गुरुः शुभतरः प्रोक्त, एक पञ्चचतुःस्थितः ।
नवचतुर्दशस्थश्च, शुक्रः प्रीतिकरः सताम् ॥६५३॥

केतुविधुन्तुदौ नूनमेकादशगतौ शुभौ ।
प्रतिष्ठायां ग्रहा एते, लग्नस्यातिशयप्रदाः ॥६५४॥

श्रुत्वेदमुचितं दत्त्वा, तेभ्यः स्वं क्षितिवासवः ।
लग्नेऽस्मिन्नेव राज्ये श्रीबलभद्रं न्यवीविशत् ॥६५५॥

---

અનુરાધા એ પંદરનક્ષત્રો પ્રતિષ્ઠામાં શ્રેષ્ઠ ગણાય છે. (૬૪૯-૬૫૦)

શનિ, રવિ, મંગલ જો છઠ્ઠા અને ત્રીજા ઘરમાં હોય અને ચંદ્ર બીજા કે ત્રીજા સ્થાનમાં હોય તો શુભ અને સર્વકામ સાધનાર છે. (૬૫૧)

જો બુધ ૧,૨,૩,૪,૫,૧૦માં સ્થાને હોય અને ગુરુ ૧,૨,૩,૪,૫,૭,૯,૧૦માં સ્થાનમાં હોય તો શુભતર કહેલ છે. તથા શુક્ર ૧,૫,૪,૯,૧૦માં સ્થાને રહેલા હોય તો તે સંતોને પ્રીતિકર, શુભતર તથા રાહુ-કેતુ-૧૧માં સ્થાનમાં હોય તો શુભ જાણવા એ ગ્રહો પ્રતિષ્ઠામાં લગ્નને વિશિષ્ટ બનાવે છે. (૬૫૨-૬૫૪)

આ પ્રમાણે સાંભળીને નૈમિત્તિકને દ્રવ્ય આપીને એજ લગ્નમાં રાજાએ બળભદ્રને રાજગાદી પર બેસાડ્યો. (૬૫૫)

अथाधिरूढशिबिको, नरेन्द्रः श्रीमहाबलः ।
मुनिपादरजः पूतं, महोद्यानमुपेयिवान् ॥६५६॥

स्वपदन्यस्तसत्पुत्रोऽथाऽचलो निश्चलाशयः ।
गुणैः स्थैर्यादिकैर्वर्यैर्धरणो धरिणीयितः ॥६५७॥

सप्तक्षेत्र्यां धनं न्यस्य, पूरणोऽप्यनृणो नृणाम् ।
वसुभिः पूरयन् विश्वं, वसुर्वसुरिव श्रिया ॥६५८॥

वैश्रमणः श्रमणत्वे, बद्धकक्षो महामतिः ।
अभिचन्द्रस्तु निस्तन्द्रो, गुरुशुश्रूषणाशया ॥६५९॥

सर्वेऽप्यमी यथा वित्तं, ददाना भावनोद्धताः ।
शिबिकास्था गुरोः पार्श्वे, व्रतमाप्तुमुपागमन् ॥६६०॥ चतुर्भिः कलापकम्

પછી મહાબલ રાજા શિબિકા પર આરૂઢ થઈને મુનીંદ્રની ચરણરજથી પાવનીય મહાઉદ્યાનમાં આવ્યા. (૬૫૬)

તે વખતે પોતાના સ્થાન પર સુપુત્રને સ્થાપન કરીને અચલાશયવાળો અચલ, સ્થૈર્યાદિ શ્રેષ્ઠ ગુણોથી ધરણી સમાન ધરણ, (૬૫૭)

સપ્તક્ષેત્રમાં ધન વાપરીને મનુષ્યોના ઋણરહિત થયેલો પૂરણ અને વસુ-ધનથી વિશ્વને પૂરતો કાંતિવડે સૂર્ય સમાન. (૬૫૮)

શ્રમણત્વમાં કટિબદ્ધ થયેલ મહામતિ વૈશ્રમણ, ગુરુશુશ્રૂષાની આશાથી નિસ્તંદ્ર (આળસ વિનાનો) એવો અભિચંદ્ર (૬૫૯)

એ સર્વે મિત્રો ભાવનાથી ભવ્ય બની શિબિકાપર આરુઢ થઈને પોતાના વૈભવને અનુસારે દાન દેતા યશોચિત દ્રવ્ય વાપરતાં વ્રત લેવા માટે ગુરુમહારાજની પાસે આવ્યા. (૬૬૦)

એટલે મુનીશ્વરે સરલાશયી તેમને ડાબીબાજુએ ઊભા રાખીને

अथाऽवामान् वामपार्श्वे, कृत्वैतान् विधिपूर्वकम् ।
धर्मध्वजादि तत् सर्वमदादथ मुनीश्वरः ॥६६१॥

पञ्चभिर्मुष्टिभिः केशान्, मूर्तिमद्विषयानिव ।
स्वयमुत्पाटयामासुरेते गुरुनिदेशतः ॥६६२॥

सामायिकमहामन्त्रं, पात्रं निःश्रेयसश्रियाम् ।
गुरोरुच्चारयामासुस्ते पीयूषकिरा गिरा ॥६६३॥

तत्कालमाप्तसाधुत्वलिङ्गिनोऽपि तपोधनाः ।
संवृताङ्गाः समाधिस्थाश्चिरंदीक्षितवद् बभुः ॥६६४॥

प्रदक्षिणात्रयो दत्त्वा, प्रणिपत्य गुरुक्रमौ ।
उपाविक्षन् पुरस्तात् ते, विनयाऽऽनम्रकन्धराः ॥६६५॥

---

વિધિપૂર્વક ધર્મધ્વજાદિ (રજોહરણ-મુહપતિ વગેરે) ઉપકરણો અર્પણ કર્યા. (૬૬૧)

પછી જાણે મૂર્તિમાન પાંચ ઇંદ્રિયોના વિષયો હોય તેમ ગુરુના આદેશથી પાંચમુષ્ટિવડે તેમણે મસ્તકના કેશનો લોચ કર્યો (૬૬૨)

પછી મોક્ષલક્ષ્મીના પાત્રરૂપ સામાયિક મહામંત્ર તેમણે ગુરુની અમૃતવર્ષિણી વાણીથી ઉચ્ચર્યા. (૬૬૩)

તે વખતે તાજેતરમાં જે સાધુવેષધારી છતાં તપસ્વી અને સંગોપિતાંગવાળા સમાધિસ્થ ચિરદીક્ષિતની જેમ શોભવા લાગ્યા. (૬૬૪)

પછી ગુરુમહારાજને ત્રણ પ્રદક્ષિણા દઈ તેમના ચરણ કમલને નમીને વિનયથી નમ્રમુખી તેઓ ગુરુની આગળ નમ્રગ્રીવાવાળા બેઠા. (૬૬૫)

એટલે ભાવનીવૃદ્ધિ માટે ગુરુમહારાજ ઉપદેશ આપવા લાગ્યા

अथोपश्लोकयामास, गुरुस्तद्भाववृद्धये ।
असारेऽपि भवे प्राप्तं, श्रामण्यं मुक्तिपूरथः ॥६६६॥

**चक्रित्वं त्रिदशत्वं च, नृपत्वमहमिन्द्रता ।**
**विदन्तु सुलभं चैतद्, दुर्लभं तु जिनव्रतम् ॥६६७॥** यतः –

**एकाहमपि निर्मोहः, प्रव्रज्यापरिपालकः ।**
**न चेद् मोक्षमवाप्नोति, तथापि स्वर्गभाग् भवेत् ॥६६८॥**

किं पुनस्ते महाभागास्त्यक्त्वा तृणमिव श्रियम् ।
आद्रियन्ते परिव्रज्यां, सुचिरं पालयन्त्यपि ? ॥६६९॥

इति विनयविनम्रा देशनां पावनां तां
कुमततिमिरवीथीभास्वदंशुप्रकाराम् ।

---

કે - હે મહાભાગ્યશાળી ! કલ્યાણકારી ! મુક્તિનગરી તરફ પ્રસ્થાન કરવારૂપ રથ સમાન ઉત્તમશ્રામણ્ય તમને પ્રાપ્ત થયું છે. (૬૬૬)

**ચક્રીપણું, દેવપણું, રાજાપણું, અહમિન્દ્રપણું પામવું સુલભ છે પણ આ શ્રમણત્વની પ્રાપ્તિ અતિદુર્લભ છે.** કારણ કે, **એક દિવસ પણ નિર્મોહી બની પ્રવ્રજયા પાળનાર** ભવ્યજીવ **કદાચ મોક્ષ ન પામે તો પણ સ્વર્ગ તો અવશ્ય** પામે **જ." (૬૬૭-૬૬૮)**

તો જેઓ લક્ષ્મીને તૃણની જેમ છોડી, દીક્ષા ગ્રહણ કરી ચિરકાળ પાળે તો તે મહા ભાગ્યવંતની તો શી વાત કરવી ? (૬૬૯)

આ પ્રમાણે કુમતિરૂપ અંધકારને દૂર કરનારી સૂર્યકિરણ જેવી પાવનીય દેશના સાંભળીને વિનયથી નમ્ર, પ્રીતિયુક્ત અને

श्रुतिपथमुपनीय प्रीतिभाजो मुनीन्द्रा
विदधति मुदमेते सप्त साम्यैकतानाः ॥६७०॥

**इति श्रीविनयचन्द्रसूरिविरचिते श्रीमल्लिनाथस्वामिचरिते विनयाङ्के महाकाव्ये दान-शील-तपो-भावनासु जिनदत्त-वनमाला-श्रीविद्याविलासक्षितिपति-श्रीदृढप्रहारिमहर्षिकथागर्भितः श्रीमहाबलराजर्षि-अचल-धरण-पूरण-वसु-वैश्रमणा-ऽभिचन्द्रव्रतमहोत्सव-व्यावर्णनो नाम द्वितीयः सर्गः ।**

---

સમતામાં લીન એવા તે સાતે મુનીન્દ્રો પરમાનંદને પામ્યા. (૬૭૦)

**આ પ્રમાણે શ્રી વિનયચંદ્રસૂરિ વિરચિત શ્રી મલ્લિનાથ સ્વામી મહાકાવ્યમાં દાન-શીલ-તપ-ભાવ ધર્મ ઉપર-જિનદત્ત-વનમાલા-વિદ્યાવિલાસ રાજા-દઢપ્રહારિમહર્ષિ કથાસહિત શ્રીમહાબલરાજર્ષિ-અચલ-ધરણ-પૂરણ-વસુ-વૈશ્રમણ-અભિચંદ્રની દીક્ષા ગ્રહણ મહોત્સવના વર્ણન સ્વરૂપ-બીજા સર્ગનો ગૂર્જરાનુવાદ પૂર્ણ થયો.**

## अथ तृतीयः सर्गः ।

अथ स्वगुरुणा साकमवियुक्ता गुणा इव ।
सत्त्वराशिहितोत्कृष्टा[1], विजह्रुस्ते तपोधनाः ॥१॥

गुर्वाज्ञामिव समिती, रक्षन्तस्ते यथाविधि ।
अभजन्ततरां साम्यं, निःसीमाचरणप्रियाः ॥२॥

---

# ત્રીજો સર્ગ

## ત્રીજાસર્ગસંદર્શિત-પ્રસંગોનું નિદર્શન-

(મહાબલ રાજર્ષિનોવિહાર-વીતશોકાનગરીએ આગમન-બળભદ્રરાજવીનું વંદનાર્થે આગમન-મહાબલમુનિએ આપેલી દેશના-તેમાં સંસારનગરમાં વસતા કર્મપરિણામરાજા અને ચારિત્રરાજા સંબંધી સુવિસ્તૃત વર્ણન-બળભદ્રરાજાએ કરેલ શ્રાવકધર્મનો સ્વીકાર-સાતેમુનિવરોએ સમાન તપ કરવાની કરેલી પ્રતિજ્ઞા-મહાબલમુનિએ વધુ તપ કરવા કરેલી માયા-પરિણામે સ્ત્રીવેદનો બંધ-મહાબલમુનિની વીશસ્થાનકતપની આરાધના-વીશસ્થાનકોનું વર્ણન-તીર્થંકરનામકર્મોપાર્જન-પ્રાંતસમયની આરાધના-મૃત્યુ પામી સાતે મિત્રોની વૈજયંત અનુત્તરવિમાનમાં ઉત્પત્તિ.)

જગતના જીવોને હિતકારી તે સાતે તપસ્વીમુનિઓ અવિયુક્ત (વિખુટા નહીં પડેલા) ગુણોની જેમ એકત્ર રહીને ગુરુમહારાજાની સાથે વિચરવા લાગ્યા. (૧)

વિધિપૂર્વક ગુરુ-આજ્ઞાની જેમ પાંચ સમિતિને પાળતા અને ઉત્કૃષ્ટ આચારપ્રિય તેઓ ઉચ્ચકોટિની સમતા સેવવા લાગ્યા. (૨)

---

१. -द्युक्ता इति च ।

कायोत्सर्गजुषामेषां, स्कन्धकण्डूयनं मृगाः ।
विदधुर्निशितैः शृंगैस्तीक्ष्णैर्वासीमयैरिव ॥३॥

क्षुधार्ता अप्यमी धीराः, कुर्वाणा दुस्तपं तपः ।
एषणा न व्यलङ्घन्त, निजच्छाया इवाङ्गिनः ॥४॥

अरण्यानीपथि भ्रान्ता, बाढं पिपासिता अपि ।
नो ववाञ्छुर्जलं शीतं, स्फीतं पीतामृता इव ॥५॥

शीतेन बाध्यमानास्ते, तुषारकणवाहिना ।
ईषुर्नो ज्वलनज्वालां, ग्रीष्मसन्तापिता इव ॥६॥

उष्णेन दह्यमानाङ्गा, न च्छायां फलिनस्य ते ।
अस्मरन् कायमानस्थाः, सुस्था इभ्यजना इव ॥७॥

---

કાયોત્સર્ગમાં રહેલા તે મુનિઓના શરીર સાથે હરણો પોતાના કુઠાર જેવા તીક્ષ્ણ શૃંગો (શિંગડા)થી પોતાના સ્કંધનું કંડુયન (ખભા ખણવા) કરવા લાગ્યા. (૩)

જીવો પોતાની છાયાને ઉલ્લંઘે નહિ તેમ ક્ષુધાર્ત છતાં દુષ્કરતપને આરાધતા તે ધીરમુનિઓ એષણાનું ક્યારેય ઉલ્લંઘન કરતા ન હતા. (૪)

જંગલના માર્ગમાં ભમવા છતાં, અત્યંત પિપાસા ઉત્પન્ન થવા છતાં તેઓ અમૃતપાન કરેલાની જેમ અપ્રાસુકજળને ઇચ્છતા નહોતા. (૫)

હિમકણોથી વ્યાપ્ત એવા શીતલવાયુથી પીડા પામવા છતાં તેઓ ગ્રીષ્મઋતુથી સંતાપિત થયેલાની જેમ અગ્નિજ્વાળાની ક્યારેય ઇચ્છા કરતા ન હોતા. (૬)

તાપથી શરીરે બળતરા થવા છતાં અને કાયોત્સર્ગમાં રહેલા

मशकैरपि संदष्टा, अयःशूचीमयैरिव ।
नोद्वेगं विदधुः क्वापि, न च द्वेषं मनागपि ॥८॥

इत्थं परीषहचमूं, जयन्तस्ते तपोधनाः ।
वीतशोकां पुरीं जग्मुर्गुर्वादेशवशंवदाः ॥९॥

तदागमनकल्याणमुद्यानतरुरक्षकः ।
तत्क्षणात् कथयामास, जयेत्याशीःपुरःसरम् ॥१०॥

ततः प्रकृतिभद्रोऽसौ, बलभद्रः क्षितीश्वरः ।
तान् वन्दितुमगाद् भक्त्या, पौरलोकैरलङ्कृतः ॥११॥

वन्दित्वा स्वोचिते स्थाने, निषण्णे पृथिवीभुजि ।
तेषां मुख्योऽवदद् वाग्मी, महाबलमहामुनिः ॥१२॥

---

તેઓ સ્વસ્થ શ્રીમંતોની જેમ વૃક્ષની છાયાનો પણ આશરો લેતા નહોતા. (૭)

લોહની સોય સમાન મચ્છરના ડંખથી પીડા પામવા છતાં તેઓ ઉદ્વેગ કે દ્વેષ લેશમાત્ર કરતા નહોતા. (૮)

એવી રીતે પરિષહસેનાને જીતતા અને ગુર્વાજ્ઞાને આધીન વર્તતા તે તપસ્વીઓ અનુક્રમે વીતશોકાનગરીમાં પધાર્યા. (૯)

એટલે ઉદ્યાનપાલકે "જયવંત રહો" એવા આશીર્વાદપૂર્વક તેમનું આગમન ત્યાંના રાજાને નિવેદન કર્યું. (૧૦)

એટલે પૌરજનોથી પરિવરેલા, સ્વભાવે ભદ્રક એવા બળભદ્રરાજા ભક્તિપૂર્વક તેમને વંદન કરવા માટે ત્યાં આવ્યા. (૧૧)

તેમને વંદન કરી ઉચિત સ્થાને બેઠા. એ મુનિઓમાં મુખ્ય અને ઉપદેશ આપવામાં કુશળ મહાબલ મહામુનિ દેશના આપવા

अनादिमूलपर्यन्तः, संसारो नाम पत्तनम् ।
विना केवलिनं यस्य, स्वरूपं न निगद्यते ॥१३॥

यस्मिन् देवकुलायन्ते, सौधर्माद्याः सुरालयाः ।
पण्याकुलापणायन्ते, कर्माऽकर्मभुवोऽखिलाः ॥१४॥

शैवा वैशेषिका बौद्धाः, कापिला नास्तिका अमी ।
वाणिज्यकारकायन्ते, यत्र चाटुविचक्षणाः ॥१५॥

मोहो वप्रायते यत्र, तृष्णोच्चैः परिखायते ।
विशालविशिखायन्ते, सुखासुखसमागमाः ॥१६॥

शब्दाद्या विषया यत्र, पञ्चामी पद्रदेवताः ।
विशालकाननायन्ते, जन्तुदेहाः समन्ततः ॥१७॥

---

લાગ્યા કે - (૧૨)

**સંસારનગર. કર્મપરિણામ રાજા. કર્મપરિણતિ રાણી.**

અનાદિ અને અનંત એવું **સંસાર** નામનું નગર છે. જેનું સંપૂર્ણ સ્વરૂપ કેવળી ભગવંત વિના કોઈ કહી શકે તેમ નથી. (૧૩)

તે નગરમાં સૌધર્માદિ દેવવિમાનોરૂપ **દેવમંદિરા** છે અને કર્મભૂમિ તથા અકર્મભૂમિરૂપ સમસ્ત ક્ષેત્રો કરિયાણાથી ભરપૂર **દુકાનો** સમાન છે. (૧૪)

વળી જ્યાં શૈવ, વૈશેષિક, બૌદ્ધ, કાપિલ, નાસ્તિક એ પાંચદર્શનિકો મીઠું મીઠું બોલીને માલ વેચનારા **વેપારીઓ** જેવા છે. (૧૫)

વળી જ્યાં મોહરૂપી **કિલ્લો** છે. **તૃષ્ણા** રૂપી મોટી ખાઈ છે. અને સુખદુઃખના સમાગમનરૂપ **વિશાળ રસ્તા** છે. (૧૬)

શબ્દાદિ પાંચ વિષયો જ્યાં **પાદરદેવતા** છે. જ્યાં પ્રાણીઓના

तत्र कर्मपरीणामो, नाम भूपो महाबलः ।
यदाज्ञा माल्यवत् सर्वैरुह्यते नृसुरैरपि ॥१८॥

सर्वत्राऽलङ्ध्यरचना, वचनाऽगोचरोद्यमा ।
तस्याग्रमहिषी कालसङ्गतिर्गतिशोभना ॥१९॥

देवपूजापरः शान्तः, शोभनः स्वप्नसूचितः ।
अल्पक्रोधोऽल्पमानोऽल्पमायोऽल्पाहङ्कृतिः कृती ॥२०॥

आस्तिकः सात्त्विकः प्राज्ञः, शुभमार्गप्ररूपकः ।
भव्यो नाम तयोः पुत्रः, पवित्राचरणप्रियः ॥२१॥ युग्मम्

कलही क्लिष्टकर्मज्ञो, महामोहसखः खलु ।
निगोदपृथ्वीकायादिस्थितितत्त्वकृतोत्सवः ॥२२॥

---

દેહરૂપ **વિશાળ જંગલો** ચારેબાજુ આવેલા છે. (૧૭)

ત્યાં કર્મપરિણામ નામનો મહાબળવાન રાજા છે. જેની આજ્ઞા સર્વ માનવો અને દેવો પણ પુષ્પમાળાની જેમ વહન કરે છે. (૧૮)

સર્વત્ર અલંઘ્યરચનાવાળી, વચનને અગોચર ઉદ્યમવાળી, સારીગતિવાળી એવી **કાલસંગતિ** નામે તેની **પટ્ટરાણી** છે. (૧૯)

તેઓનો દેવપૂજામાં તત્પર, શાંત, સુંદર, સારા સ્વપ્નોથી સૂચિત, અલ્પક્રોધ, માન, માયા, લોભવાળો, (૨૦)

આસ્તિક, સાત્વિક, પ્રાજ્ઞ, શુભમાર્ગપ્રરૂપક, પવિત્રાચારમાં પ્રેમી **ભવ્ય નામનો પુત્ર** છે. (૨૧)

તથા કલહકારી, ક્લિષ્ટકર્મજ્ઞ, મહામોહનો મિત્ર, નિગોદ અને પૃથ્વીકાયાદિમાં સ્થિતિ થવાથી જેણે ઉત્સવ કરેલો છે. (૨૨)

પુદ્ગલપરાવર્તન રૂપ અક્ષયભંડારનો જે રક્ષક છે. એવો

पुद्गलानां परावर्ताक्षयसेवधिरक्षकः ।
अभव्यनामा समभूद्, द्वितीयश्च तयोः सुतः ॥२३॥ युग्मम्

क्रमादुद्यौवनं भव्येतरं पुत्रं विलोक्य सा ।
चिन्तासन्तानविधुरा, समजायत जातुचित् ॥२४॥

तामालोक्य महीपालो, बभाषे सुभगोत्तमे ! ।
कथं चिन्तापराऽसि त्वं, ब्रूहि वर्णैः सुकोमलैः ? ॥२५॥

देवाऽभव्यसुतः प्राप्तयौवनोऽपि कथं त्वया ।
उत्तमकुलनन्दिन्या, साकं नो परिणाय्यते ? ॥२६॥

अथोवाच नृपः सुष्ठु, स्मारितोऽस्मि सुलोचने ! ।
अनेककार्यनिघ्नस्य, विस्मृतिर्मे गरीयसी ॥२७॥

---

અભવ્ય નામનો તેમનો **બીજો પુત્ર છે.**(૨૩)

કેમ કરીને યૌવનને પામેલા અભવ્યપુત્રને જોઈ કાલપરિણતિ રાણી ચિંતાથી આકુળવ્યાકુળ થઈ ગઈ. (૨૪)

તેને ચિંતાતુર થયેલી જોઈ રાજાએ કહ્યું કે, "હે સુભગોત્તમા ! તું કેમ ચિંતાતુર છે ? કોમળવચનથી તેનું કારણ જણાવ." (૨૫)

તે બોલી કે હે દેવ ! તમારો અભવ્યપુત્ર યૌવન પામ્યો છે છતાં હજુપણ ઉત્તમકુળની કન્યા સાથે તમે તેને કેમ પરણાવતા નથી ? (૨૬)

એટલે રાજા બોલ્યો કે, "હે સુલોચને ! તેં મને ઠીક સંભારી આપ્યું. કારણ કે અનેકકાર્યમાં વ્યગ્ર હોવાથી મને ઘણીવાર વિસ્મરણ થઈ જાય છે." (૨૭)

પછી સર્વકાર્યના જ્ઞાતા કર્મપરિણામ રાજાએ પ્રતિહારી

ततः क्लिष्टाशयं नाम, दैवज्ञं कर्मभूपतिः ।
आजूहवत् प्रतीहारप्रेषणात् सर्वकार्यवित् ॥२८॥

तस्मिन्नुपागते राजा, बभाषे वदतांवरः ।
ज्ञानादभव्यपुत्रस्य, स्नुषां योग्यां निवेदय ॥२९॥

ज्ञानात् सम्यग् विचार्योच्चैः, क्षणं स्थित्वा जगाद सः ।
अस्ति कालप्रतिष्ठाख्यमव्यवहारपत्तनम् ॥३०॥

तत्रानादिवनस्पतिनामा राजति राजराट् ।
अनन्तकालचक्राख्या, तस्य प्राणप्रिया प्रिया ॥३१॥

तीव्रमोहोदितिर्नाम, तयोरेका तनूद्भवा ।
यस्या रूपमतिशायि, न द्रष्टुमपि पार्यते ॥३२॥

---

મોકલીને **ક્લિષ્ટાશય** નામના **દૈવજ્ઞને** બોલાવ્યો. (૨૮)

તે આવ્યો એટલે બોલવામાં કુશળ રાજાએ કહ્યું કે, "હે કલ્યાણકારી ! આ મારા અભવ્યપુત્રને યોગ્ય વહુ કઈ છે ? તે જ્ઞાનથી જાણી નિવેદન કરો." (૨૯)

પછી જ્ઞાનથી બરાબર વિચારીને તે ઊંચે સ્વરે બોલ્યો કે -

"હે રાજન્ ! **કાલપ્રતિષ્ઠ** નામે **અવ્યવહાર નગર** (અવ્યવહાર રાશી) છે. ત્યાં **અનાદિ વનસ્પતિ** નામનો **રાજા** રાજ્ય કરે છે. તેને **અનંતકાળચક્રા** નામની **પ્રાણપ્રિય** પત્ની છે. (૩૦-૩૧)

તે દંપતિને **તીવ્રમોહોદિતિ** નામની એક **કન્યા** છે. તેના અદ્ભુત રૂપને કોઈપણ જોવા સમર્થ થતું નથી. (૩૨)

આપના અભવ્યપુત્રના જો તેની સાથે લગ્ન થાય તો "સોનામાં સુગંધ ભળે" એવો યોગ થાય. રત્ન સુવર્ણ સાથે

अमुं भव्येतरं पुत्रं, तया योजयसे यदि ।
**स्वर्णं सुरभि जायेत, रत्नं स्वर्णेन योज्यते ॥३३॥**

श्रुत्वेदं नास्तिको नाम, दूतो भूमीभुजा स्वयम् ।
प्रेषितस्तस्य सामीप्ये, स प्रणत्येत्यवोचत ॥३४॥

मन्मुखेन मम स्वामी, स्वामिन् ! व्याहरते वचः ।
निजां मोहोदितिं पुत्रो, मत्पुत्राय प्रयच्छत ॥३५॥

युवयोर्यद्यपि स्नेहः, कुलक्रमासमागतः ।
तथापि तं स्थिरीकर्तुं, संबन्धः क्रियतेऽधुना ॥३६॥

वनस्पतिरथोवाच, विस्मिताननपङ्कजः ।
लुलोठ स्वर्धुनीमध्ये, नालस्योपहतस्य मे ॥३७॥

---

જોડ્યા જેવું થાય. (૩૩)

આ પ્રમાણે સાંભળીને રાજાએ પોતે તેની પાસે **નાસ્તિક** નામનો પોતાનો દૂત મોકલ્યો. તે દૂતે ત્યાં જઈ પ્રણામ કરીને કહ્યું કે, "હે સ્વામિન્ ! તમારી તીવ્રમોહોદિતિ પુત્રી મારાપુત્રને આપો. એમ મારા સ્વામી તમને મારામુખે કહેવડાવે છે. (૩૪-૩૫)

તમારા બંને વચ્ચે સ્નેહ તો કુળપરંપરાથી ચાલ્યો આવે છે. તો પણ તેને વધારે દૃઢ કરવામાટે અત્યારે આ સંબંધ કરો." (૩૬)

એટલે અનાદિવનસ્પતિરાજા બોલ્યો કે, "અહો ! આલસ્યથી ઉપહત (હણાયેલું) મારૂં વિકસિત મુખકમળ આજે ગંગામાં નાહ્યું. અર્થાત્ આળસુને ઘરે બેઠા ગંગાસ્નાન પ્રાપ્ત થયું. (૩૭)

સેંકડો મનોરથથી પણ ભાગ્યહીન જનોને અલભ્ય એવા

असंभाव्यमभाग्यानां, मनोरथशतेऽपि यत् ।
तदेतन्मम संपन्नं, पात्रजामातृलाभतः ॥३८॥

श्रीमत्कर्ममहीपालसमादेशः सुदुर्लभः ।
सुचिरं विधृतो मौलौ, हरिचन्दनदामवत् ॥३९॥

ताम्बूलवस्त्रपात्राद्यैः, पूजयित्वा समुच्चकैः ।
मुख्यं संख्यावतां मध्ये, आत्मानं मन्यते स्म सः ॥४०॥

नास्तिकोऽथ समागत्य, निःशेषं कर्मभूभुजः ।
तदुक्तं कथयामास, संयोज्य करकुड्मलम् ॥४१॥

तद्वचः श्रवणादेव, जातरोमाञ्चकञ्चुकः ।
आजूहवन्निमित्तज्ञं, क्लिष्टं क्लिष्टाशयाभिधम् ॥४२॥

---

યોગ્ય જમાઈનો મને લાભ પ્રાપ્ત થયો. (૩૮)

**શ્રીમાન્ કર્મપરિણામરાજાનો સુદુર્લભ આદેશ** ગોશીર્ષચંદન-માળાની જેમ હું લાંબાકાળથી ધારણ કરતો આવ્યો છું. તેમ આ આદેશ પણ સ્વીકારું છું. (૩૯)

આ પ્રમાણે પોતાનો આનંદ પ્રગટ કરી તાંબૂલ, વસ્ત્ર, પાત્રાદિકથી તેનો સારીરીતે સત્કાર કરી તે રાજા પ્રખ્યાત લોકોમાં પોતાને અગ્રણી માનવા લાગ્યો.” (૪૦)

પછી નાસ્તિકદૂતે આવી અંજલિ જોડીને તે બધી હકીકત કર્મપરિણામરાજાને નિવેદન કરી. (૪૧)

તે સાંભળીને રોમાંચિત થઈ તેણે કિલષ્ટાશય નામના ક્લિષ્ટ નિમિત્તજ્ઞને બોલાવ્યો. અને કહ્યું કે, (૪૨)

“હે દૈવજ્ઞ ! પરમોચ્ચગ્રહયુક્ત શુભલગ્ન કહો કે જેના પ્રભાવ

दैवज्ञ ! वद सल्लग्नं, परमोच्चग्रहान्वितम् ।
यत्प्रभावेण मत्पुत्रो, जायतेऽनन्तसन्ततिः ॥४३॥

दैवज्ञः पट्टके न्यस्य, ग्रहचक्रं यथाविधि ।
देवामुष्माद्दिनाल्लग्नं, पञ्चमेऽह्नि विमृश्यताम् ॥४४॥

ततः शुभतरं लग्नं, वत्सरान्ते महीपते ! ।
विलम्बः पुण्यकार्याणां, न क्षोणीश ! विधीयते ॥४५॥

मिथ्यादर्शननामानं, मन्त्रिणं पृथिवीश्वरः ।
तत्क्षणं प्रेषयामास, समीपे श्रीवनस्पतेः ॥४६॥

वनस्पतिमहीभर्तुः, पुरतः कर्ममन्त्रिराट् ।
नैकट्यं कथयामास, लग्नस्योत्तमताजुषः ॥४७॥

वनस्पतिरथ प्रोचे, प्रमाणमिदमस्तु भोः ! ।
सत्वरं कारयिष्यामि, विवाहस्योचितं विधिम् ॥४८॥

---

મારાપુત્રને અનંતસંતતિ થાય." (૪૩)

એટલે પટ્ટઉપર યથાવિધિ ગ્રહચક્ર આલેખીને દૈવજ્ઞે કહ્યું કે, "હે દેવ ! આજથી પાંચમે દિવસે ઉત્તમ લગ્ન આવે છે. (૪૪)

તેથી એકદમ સારું મુહૂર્ત એક વર્ષના અન્તે આવે છે. પણ રાજન્ ! સારા કામમાં વિલંબ ન કરવો જોઈએ. (૪૫)

પછી રાજાએ તત્ક્ષણ **મિથ્યાદર્શન** નામના પોતાના **મંત્રીને વનસ્પતિ રાજા** પાસે મોકલ્યો (૪૬)

એટલે મંત્રીએ વનસ્પતિ રાજા પાસે આવીને ઉત્તમલગ્નનો નજીકનો દિવસ તેને નિવેદન કર્યો. (૪૭)

વનસ્પતિરાજે કહ્યું કે "હે ભદ્ર ! એ લગ્ન મને પ્રમાણ છે.

**यतः-देवानां मनसा साकं, पार्थिवानां गिरा समम् ।**
**धनिनामर्थदानेन, कार्यं स्यात् क्षणमात्रतः ॥४९॥**

अथादिक्षद् नृपो[१] भृत्यान्, निगोदान् बादरानसौ ।
क्रियन्तामिन्दुविशदाः, पक्वान्नस्य हि पर्वताः ॥५०॥

आज्यैः प्राज्यैः प्रपूर्यन्तां, महावाप्यः पदे पदे ।
वररूपैः सुचित्राढ्यैर्मण्डपा अपि वेश्मनाम् ॥५१॥

भवितव्यताप्रभृतिः, सर्वः सुवासिनीजनः ।
पर्पटादिकृते भूयात्, कलोलूलुस्वरोत्तरम् ॥५२॥

लेख्यन्तां गोत्रिणां लेखा, विवाहाऽहोनिवेदिनः ।
कुङ्कुमैः क्षुल्लकभवग्रहणाभिधलेखकैः ॥५३॥

અને વિવાહને ઉચિત તૈયારી હું સત્વર કરાવીશ. (૪૮)

**દેવોને વિચારની સાથે જ ક્ષણવારમાં કાર્ય થાય છે, રાજાઓને વચનની સાથે થાય છે. શ્રીમંતોને ધનદાનથી તુરત કાર્ય થાય છે. (૪૯)**

પછી રાજાએ **બાદરનિગોદરૂપ** પોતાના **સેવકોને** આદેશ કર્યો કે - "ચંદ્ર જેવા ઉજ્જ્વલ પકવાનના પર્વતો તૈયાર કરો. (૫૦)

પ્રાજ્યઘૃતથી ભરપૂર વાવડીઓ પગલે પગલે ભરી મૂકો. તથા રમણીય રંગથી અને સુચિત્રોથી શોભતા એવા ગૃહમંડપો પણ તૈયાર કરો. (૫૧)

ભવિતવ્યાદિ સુવાસિની સ્ત્રીઓ પાસે ધવળમંગલપૂર્વક પાપડ તૈયાર કરાવો. (૫૨)

અને **ક્ષુલ્લકભવગ્રહણ** નામના **લેખકો** પાસે લગ્નદિવસને

१. महीपाल इत्यपि ।

अथ संप्रेषितो राज्ञा, मन्त्री प्राप्य पुरं निजम् ।
विवाहप्रगुणः स्वामिन् !, जज्ञेऽनन्तवनस्पतिः ॥५४॥

उन्मार्गदेशकाभिख्या, वराकृष्टिविधायिनः ।
संसारपत्तनं प्रापुर्वनस्पतिनिदेशतः ॥५५॥

प्रवेशिता महोत्साहपूर्वकं कर्मभूभुजा ।
नृत्वाऽभिधानमावासमास्थिताः समदेक्षणाः ॥५६॥

मर्मोद्घट्टनया वध्वा, कृतस्नानमहोत्सवाः ।
क्षारसूपकृता नीता, दुर्वाक्रसवतीगृहे ॥५७॥

विन्यस्तमत्सरस्थाला, अनार्याचरणादिकाः ।
द्राक् परिवेषयामासुः, कुरङ्गार्भकलोचनाः ॥५८॥

---

સૂચવનારા લેખ-કંકોત્રી કુંકુમથી લખાવી સ્વજનોને મોકલો." (૫૩)

આ પ્રમાણે આજ્ઞા કરીને વનસ્પતિરાજાએ તે મંત્રીને પાછો મોકલ્યો. તેણે પોતાના નગરમાં આવીને કર્મપરિણામ રાજાને કહ્યું કે, "હે સ્વામિન્ ! અનાદિ વનસ્પતિ રાજાએ વિવાહની તૈયારી કરી છે." (૫૪)

પછી વનસ્પતિના આદેશથી વરને આમંત્રણ કરવા **ઉન્માર્ગદેશક** નામના પુરુષો સંસારનગરમાં આવ્યા. (૫૫)

કર્મરાજાએ ઉત્સાહપૂર્વક તેમનો પ્રવેશ કરાવ્યો અને વિકસિત નયનવાળા તેમને નૃત્વ(માનવ)નામના આવાસમાં ઉતાર્યા. (૫૬)

પછી **મર્મોદ્ઘટ્ટના** નામની વહૂએ તેમને સ્નાન કરાવ્યું અને ધૂર્ત રસોયો તેમને **દુર્વચનરૂપ** રસોડામાં લઈ ગયો. (૫૭)

ત્યાં **મત્સરરૂપથાળ** મૂકી **અનાર્ય-આચરણાદિક મૃગાક્ષીઓ**

भोजनान्ते नृपस्यान्ते, संस्थायोन्मार्गदेशिनः ।
अमुमामन्त्रयामासुः, करग्रहणपर्वणि ॥५९॥

वस्त्राद्यैस्तान् स संपूज्य, जन्ययात्राकृतोद्यमः ।
स्वावासान् दापयामास, निधत्तस्तम्भवेश्मनि ॥६०॥

अभिगृहीतप्रभृतिभ्रातरः पञ्च दुर्जयाः ।
तत्राऽऽगच्छन् सशृङ्गारा, भ्रातृव्यकरमङ्गले ॥६१॥

द्वादशारकनामानः, कालसङ्गतिसोदराः ।
उपाजग्मुर्गृहीत्वोच्चैर्मातृशालाविधिक्षणम् ॥६२॥

---

(મૃગનયની સ્ત્રીઓ) તેમને પીરસવા લાગી. (૫૮)

ભોજન પછી ઉન્માર્ગદેશકોએ રાજા પાસે આવીને લગ્નના દિવસે ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. (૫૯)

પછી લગ્નયાત્રા માટે ઉદ્યમકરનારા રાજાએ વસ્ત્રાદિકથી તેમનો સત્કાર કરીને **નિધત્તરૂપ સ્તંભવાળા ઘરમાં** તેમને આવાસ અપાવ્યો. (૬૦)

**અભિગૃહીત વિગેરે (અભિગૃહીત, અનભિગૃહીત, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગિક-પાંચ પ્રકારના** મિથ્યાત્વ) પાંચ દુર્જયભાઈઓ શૃંગાર ધારણ કરીને ત્યાં ભ્રાતૃવ્યના લગ્નમંડલમાં દાખલ થયા. (૬૧)

**દ્વાદશારક (બાર આરા)** રૂપ કાલસંગતિના **સહાદરો** માતૃગૃહનો (માયરું-ચોરી) સરસ સામાન લઈને ત્યાં ઉપસ્થિત થયા. (૬૨)

પછી કામદેવ **(મન્મથ)**ની રતિ અને પ્રીતિ નામની પત્નીથી ગવાતા ધવળમંગળપૂર્વક રજથી આકાશને શ્યામ બનાવતો અભવ્ય

रतिप्रियरतिप्रीतिगीयमानोरुमङ्गलः ।
वरो भव्येतरोऽचारीद्, रजःकालीकृताम्बरः ॥६३॥

आपतन्तं वरं श्रुत्वा, वनस्पतिमहीपतिः ।
पुरं व्यधापयत् केतुलोलमालासमाकुलम् ॥६४॥

वनस्पतिसमादिष्टं, रागाख्यं जन्यमन्दिरम् ।
हंसः सरोजवनवदलञ्चक्रेतरां वरः ॥६५॥

कुवासनामयं तत्र, धूलीभक्तं वनस्पतिः ।
सोत्साहं प्रेषयामास, कामेच्छाधवलोत्तरम् ॥६६॥

निकाचिताह्वये चारुवर्णके कर्मनन्दनः ।
विन्यस्तः स्वस्तिवचनरचनाभिः पुरन्ध्रिभिः ॥६७॥

नीरङ्गीपूर्वकं श्वेतपोतप्रावृतविग्रहः ।
उन्मादाख्यं वरो नागमारुरोह यथाविधि ॥६८॥

---

વરરાજા પરણવા ચાલ્યો. (૬૩)

એટલે વરને આવતો સાંભળી વનસ્પતિરાજાએ નગરને ધ્વજાઓની શ્રેણીથી સુશોભિત બનાવ્યું. (૬૪)

પછી હંસ જેમ કમળવનને અલંકૃત કરે તેમ વરરાજાએ, રાજાએ બતાવેલ **રાગનામના જન્યમંદિર** (જાનીવાસ)ને અલંકૃત કર્યું. (૬૫)

ત્યાં વનસ્પતિરાજાએ ઉત્સાહથી **કુવાસના અને કામેચ્છાના** ધવલમંગળપૂર્વક ધૂલિભક્ત (મિત્ર)ને મોકલ્યો. (૬૬)

પછી લલનાઓએ સ્વસ્તિ વચનોની રચનાથી અભવ્યને **નિકાચિત** નામના **સુંદરવર્ણકઉપર** સ્થાપન કર્યો. (૬૭)

ત્યારબાદ નીરંગીપૂર્વક શ્વેતવસ્ત્રથી શરીર આચ્છાદિત કરી

द्रव्यक्षेत्रकालभावस्थूलसूक्ष्मविभेदिभिः ।
धवलैः पुद्गलपरावर्तैः संगीतविक्रमः ॥६९॥

द्वित्रीन्द्रियादिभिर्जीवैर्बन्दिवृन्दैरिवोच्चकैः ।
पुरःस्थैर्वर्णिताशेषगुणग्रामः पदे पदे ॥७०॥

कौतुकागारसामीप्यं, प्राप्य भव्येतरो वरः ।
उत्ततार द्विपादस्मात्, प्रबोधादिव दुर्मतिः ॥७१॥ त्रिभिर्विशेषकम्

अनन्तकालचक्राख्यस्वस्राकृष्टः स्ववाससा ।
संव्यानसंपुटस्फोटं, चक्रे पादप्रहारतः ॥७२॥

यथाप्रवृत्तिनामाख्यां, कुलदेवीं प्रणम्य सः ।
मोहोदयवधूतारामेलकं विदधे तदा ॥७३॥

---

વરરાજા વિધિપૂર્વક **ઉન્માદ** નામના **હાથી ઉપર** આરૂઢ થયો. (૬૮)

એટલે સ્થૂલ અને સૂક્ષ્મ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના ભેદરૂપ ધવલમંગલથી પુદ્‌ગલપરાવર્તો જેના પરાક્રમને ગાઈ રહ્યા છે, આગળ રહેલા બંદીજનોની જેમ બેઈંદ્રિયાદિક જીવો પગલે પગલે જેના સમસ્ત ગુણોનું વર્ણન કરી રહ્યા છે. એવો અભવ્ય વરરાજા કૌતુકભુવન પાસે આવીને સુબોધથકી **દુર્મતિની** જેમ તે હાથી ઉપરથી નીચે ઉતર્યો. (૬૯-૭૧)

પછી પોતાના વસ્ત્રથી **અનંતકાળચક્રા** નામની બેનથી આકર્ષિત થયેલા તે વરરાજાએ પોતાના પાદપ્રહારથી સંવ્યાનરૂપ સંપુટને ફોડ્યો. (૭૨)

અને **યથાપ્રવૃત્તિ** નામની **કુળદેવીને** નમસ્કાર કરી મોહોદિતિ વહુ સાથે તારામેલક કર્યું. (૭૩)

अनादिभवरूपेण, कृतज्ञेन द्विजन्मना ।
कारितः करसंयोगोऽनयोर्मन्त्रपुरःसरम् ॥७४॥

वनस्पतिमहीपालः, करमोचनपर्वणि ।
भववेद्याभिधां विद्यां, ददावक्षयकारिणीम् ॥७५॥

वृत्ते विवाहमङ्गल्ये, दशाऽहानि महोत्सवात् ।
स्थित्वा वरः समागच्छद्, निजं संसारपत्तनम् ॥७६॥

भुञ्जानः पञ्चधा भोगान्, तया साकं नरेन्द्रजः ।
असूत नन्दनान् पञ्च, विकारान् विदितान् भुवि ॥७७॥

आसन्नदूरसिद्धिकवेश्मान्येष दिवानिशम् ।
उपाद्रौषीत् सुतैः साकं, पञ्चभिर्वामचेष्टितैः ॥७८॥

आसन्नदूरभव्याद्या, मिलित्वा तैरुपद्रुताः ।
आगमन् कर्मभूमीशसमीपे प्राभृतोत्तराः ॥७९॥

---

પછી કૃતજ્ઞ એવા **અનાદિભવરૂપ બ્રાહ્મણે** મંત્રોચ્ચારપૂર્વક તેમનો હસ્તમેળાપ કરાવ્યો. (૭૪)

એટલે વનસ્પતિ રાજાએ કરમોચન સમયે તેમને ભવવેદ્યા નામની અક્ષયકારી વિદ્યા આપી. (૭૫)

પછી વિવાહમંગલ સમાપ્ત થતાં દશદિવસ મહોત્સવપૂર્વક ત્યાં રહીને વરરાજા પોતાના સંસારપત્તનનગરમાં આવ્યા. (૭૬)

પછી તે નવોઢા સાથે પાંચપ્રકારના ભોગોને ભોગવતાં તેને પૃથ્વીપર પ્રસિદ્ધ પાંચ વિકારનામના પુત્રો થયા. (૭૭)

વક્રચેષ્ટાવાળા તે પાંચપુત્રોની સાથે અભવ્ય રાતદિવસ આસન્ન-સિદ્ધિક અને અદૂરસિદ્ધિકના સ્થાનને ઉપદ્રવ કરવા લાગ્યો. (૭૮)

એટલે તેમનાથી ઉપદ્રવ પામેલા આસન્નસિદ્ધિક અને

प्रणम्य कर्मभूपालं, तत्सर्वं ते व्यजिज्ञपन् ।
**परैर्हि परिभूतानां, सर्वेषां पार्थिवो गतिः ॥८०॥** यदूचे –

**दुर्बलानामनाथानां, बालवृद्धतपस्विनाम् ।**
**अन्यायैः परिभूतानां, सर्वेषां पार्थिवो गतिः ॥८१॥**

तं निशम्याऽवदद् भूमान्, रे ! रे ! नगरवासिनः ।
मद्वल्लभसुतस्यायमन्यायः पूत्कृतः कथम् ? ॥८२॥

यद्यन्ममाङ्गभूर्लोकान् गृह्णाति गृहमध्यतः ।
तत्तस्य शेषमन्यस्य, प्रसाद इति यत्कृतः ॥८३॥

यद्यत्र स्थातुमीशा न, ततो गच्छत मे पुरात् ।
नगरस्य न कोणेऽपि, ममायं कूणयिष्यति ॥८४॥

---

દૂરભવ્યાદિક ભેગા થઈ ભેટણા લઈ કર્મરાજા પાસે આવ્યા. (૭૯)

અને કર્મરાજાને પ્રણામ કરીને તેમણે તે બધું નિવેદન કર્યું. કારણ કે **પરજનોથી પરાભવ પામેલા સર્વને રાજા જ શરણભૂત હોય છે.** (૮૦)

**"દુર્બલ, અનાથ, બાળ, વૃદ્ધ, તપસ્વી અન્યાયથી પરાભવ પામે ત્યારે તેમને રાજા જ આશ્રયભૂત છે."** (૮૧)

તેમની હકીકત સાંભળી રાજા બોલ્યો કે, "અરે ! અરે ! નગરવાસીઓ મારા વલ્લભપુત્રનો તમે અન્યાય કેમ પ્રગટ કયો ? (૮૨)

મારો પુત્ર જે કાંઈ તમારા ઘરમાંથી લઈ લે તે તેનું અને બાકીનું જે શેષ રહે તે તેનો તમારા ઉપર પ્રસાદ જાણવો. (૮૩)

જો તમે અહીં રહી શકતા ન હો તો મારા નગરમાંથી

ततः कलिः प्रतीहारः, संज्ञितो नेत्रसंज्ञया ।
तानर्द्धचन्द्रयामासानाथानिव नृपाग्रतः ॥८५॥

ते खिन्नमानसा दीनवदना भ्रष्टबुद्धयः ।
विमृश्य सुचिरं चित्ते, भव्यप्रासादमासदन् ॥८६॥

तानायातश्चिरं दृष्ट्वा, मुहुः स्नेहलचेतसा ।
अभ्युत्थानमलञ्चक्रे, **सर्वस्याभ्यागतो गुरुः** ॥८७॥

किञ्चिदुच्छ्वसितास्तेऽथ, प्रदत्तद्रविणा इव ।
प्राणमन् कर्मभूपालकुमारं परया मुदा ॥८८॥

कर्मणा विहितं यच्च तेऽजल्पन्नपमाननम् ।
**सुहृदां कथितं दुःखं, लघूभवति निश्चितम्** ॥८९॥

---

ચાલ્યા જાઓ, મારા નગરમાં કોઈપણ ભાગમાં આ મારો પુત્ર સંકોચ કે પ્રતિબંધ પામશે નહિ.” (૮૪)

પછી નેત્રસંજ્ઞાથી સંકેત પામેલા **કલિ** નામના **પ્રતિહારે** અનાથની જેમ તેમને રાજા આગળથી ગળું પકડીને બહાર કાઢી મૂક્યા. (૮૫)

હવે ખેદમનવાળા, દીનમુખી, ભ્રષ્ટબુદ્ધિવાળા તેઓ ચિરકાળ ચિત્તમાં વિચાર કરીને **ભવ્યપુરુષના** મહેલમાં ગયા. (૮૬)

ચિરકાળે તેમને આવેલા જોઈને ફરી ફરી સ્નેહદષ્ટિથી નિહાળી ભવ્યકુમારે તેમનું અભ્યુત્થાન કર્યું. કારણ કે **અભ્યાગત સર્વના** ગુરુ **(મોટા) ગણાય છે.** (૮૭)

પછી જાણે દ્રવ્ય આપેલ હોય તેમ કંઈક આશ્વાસન પામીને, અત્યંત આનંદથી તેમણે ભવ્યકુમારને પ્રમાણ કર્યા. (૮૮)

અને કર્મરાજાએ કરેલ અપમાનનું નિવેદન કર્યું, કારણ કે

समीपवर्ती तन्मित्रं, सदागम इति श्रुतः ।
द्वितीयं मानसमिव, भव्यस्य नृपजन्मनः ॥९०॥

निदध्यौ तन्मुखं भव्यः, सोऽप्यूचे देव ! मद्वचः ।
शृण्वमीषां यथा त्राणसामर्थ्यं तव[1] जायते ॥९१॥

अमुष्मिन् भवपाथोधौ, द्विघ्नसप्तकरज्जुके ।
ग्रन्थिभेदाभिधो द्वीपोऽप्राप्तोऽभव्येतरैर्नहि ॥९२॥

अपूर्वानिवृत्तिसंज्ञकरणारक्षकान्वितः ।
कोट्टः सास्वादनो नामाऽतिक्रम्यो यः षडावलिः ॥९३॥

सम्यग्दृष्टिरिति ख्यातं, तस्मिन्नस्ति महापुरम् ।
सुबोधो यत्र भूपालस्तद्भार्या बुद्धिसुन्दरी ॥९४॥

**મિત્રોને અંતરનું દુઃખ કહેવામાં આવે, તો તે કાંઈક અવશ્ય ઓછું થાય છે. (૮૯)**

ભવ્યરાજકુમારનું જાણે બીજું અંતર હોય તેમ સમીપમાં બેઠેલા **સદાગમ** નામનો **મિત્ર** છે તેમ આ જાણેલું (૯૦)

પછી ભવ્યપુરુષે મિત્રના મુખ સામે જોયું એટલે તે બોલ્યો કે "હે દેવ ! મારું વચન સાંભળો જેથી એમનું રક્ષણ કરવા તમે સમર્થ બની શકો. (૯૧)

આ ચૌદરાજ પ્રમાણ ભવસાગરમાં અભવ્યજીવોને અલભ્ય એવો ગ્રંથિભેદ નામે દ્વીપ છે. (૯૨)

ત્યાં અપૂર્વ અને અનિવૃત્તિકરણ નામના આરક્ષક સહિત એને છ (૬) આવલિકામાં ઓળંગી શકાય એવો **સાસ્વાદન** નામનો કિલ્લો છે. (૯૩)

અને **સમ્યગ્દષ્ટિનામે** પ્રખ્યાત **મહાનગર** છે. ત્યાં **સુબોધ**

१. ममेति पाठान्तरम् ।

त्रिपुञ्जीकरणो नाम, तस्य बन्दी महामतिः ।
यः सदा वीतरागस्य, पठेद् भोगावलीं किल ॥९५॥

ततः परमविरतिनामाऽस्ति नगरी शुभा ।
त्रयस्त्रिंशदब्धिमानाऽनुत्तरसुरभासुरा ॥९६॥

तस्या देशविरत्याख्यो, महाग्रामो विराजते ।
यस्मिन्नुपासको भव्यसंज्ञः खेलति धार्मिकः ॥९७॥

ततः सर्वविरत्याख्यं, नामाऽस्ति नगरं महत् ।
यस्मिंश्चारित्रभूपालः, पराक्रममहानिधिः ॥९८॥

तस्य क्षमाभिधा पट्टदेवी कोमलगीः सुधीः ।
मुनीन्द्रैरपि यद्रूपं, गीयते ज्ञानगीतिभिः ॥९९॥

---

નામનો રાજા રાજ્ય કરે છે. તેની **બુદ્ધિસુંદરી** નામની પત્ની છે (૯૪)

તે રાજાનો **ત્રિપુંજીકરણ** નામનો મહાબુદ્ધિશાળી **સ્તુતિપાઠક** છે. તે શ્રીવીતરાગની ભોગાવલી (ગુણશ્રેણી) સદૈવ ગાયા કરે છે. (૯૫)

ત્યાંથી આગળ ૩૩ સાગરોપમ પ્રમાણ અનુત્તરદેવોથી દેદીપ્યમાન **અવિરતિ** નામની એક શુભનગરી છે. (૯૬)

તેથી આગળ **દેશવિરતિ** નામનું મોટું ગામ છે. જ્યાં ભવ્યનામનો ધાર્મિક શ્રાવક વિલાસ કરે છે. (૯૭)

ત્યાર પછી સર્વવિરતિ નામનું મોટું નગર આવે છે. જ્યાં પરાક્રમનો ભંડાર એવો **ચારિત્રરાજા** છે. (૯૮)

કોમલ વચન બોલનારી અને અતિ વિદુષી તેની **ક્ષમા** નામે પટ્ટરાણી છે જેના રૂપના મુનીન્દ્રો પણ જ્ઞાનગીતિથી વખાણ કરે

अस्ति तस्य महामात्यः, सम्यग्दर्शनसंज्ञकः ।
मिश्राख्यः प्रणिधिर्यस्य, सर्वगः पवनो यथा ॥१००॥

समीपे तस्य चेद् भव्यमहाभाग्येन गम्यते ।
अवश्यं कर्तुमस्योच्चैरपमानं हि शक्यते ॥१०१॥

निःसहायैर्महाभाग!, न किञ्चिदपि शक्यते ।
**वायुना कृतसान्निध्यो, दहेत् कक्षं हुताशनः ॥१०२॥** यतः –

**असहायः समर्थोऽपि, तेजस्वी किं करिष्यति ? ।**
**निर्वाते ज्वलितो वह्निः, स्वयमेव प्रशाम्यति ॥१०३॥**

श्रुत्वेदं निशितैः सर्वैः, समित्रः कर्मनन्दनः ।
चचाल शकुनैश्चारु, प्रेरितः सुकृतैरिव ॥१०४॥

---

છે. (૯૯)

તે રાજાને **સમ્યગ્દર્શન** નામનો અમાત્ય છે. અને તેનો પવન જેવો સર્વવ્યાપક **મિશ્ર** નામનો સેવક છે (૧૦૦)

જો તે કર્મરાજાની પાસે મહાભાગ્યથી જઈ શકાય તો તે કર્મરાજાનું અવશ્ય મહા અપમાન કરી શકે તેમ છે. (૧૦૧)

હે મહાભાગ્યશાળી ! સહાય વિના કાંઈ પણ કરી ન શકાય. **વાયુની સહાયથી જ અગ્નિ કાષ્ઠને બાળી શકે છે.** આથી જ કહ્યું છે કે :- (૧૦૨)

સમર્થ અને તેજસ્વી પણ સહાય વિના શું કરી શકે ? કારણ કે વાયુવિના સળગાવેલ અગ્નિ પોતાની જાતે જ બૂઝાઈ જાય છે. (૧૦૩)

આ પ્રમાણે સાંભળીને જાણે સુકૃતોથી પ્રેરાયેલો જ હોય તેમ પ્રબલ સર્વ શુભ શકુનોથી પ્રેરાયેલ અને મિત્રસહિત કર્મનંદન

प्रातस्तेषां गृहाण्येष, शून्यान्यालोक्य सर्वतः ।
लोको विज्ञपयामास, राजानं कोपनाऽऽशयम् ॥१०५॥

तन्निशम्य वचो राजा, कोपवह्निप्रभञ्जनम् ।
आजूहवद् महामात्यं, मिथ्यात्वं बहुसंमतम् ॥१०६॥

अथावादीद् महाभाग !, सनीरजलदस्वरः ।
ममाग्रे मिश्रदूतेन, जगदे जगदेकधीः ॥१०७॥

भव्यो भव्यसमूहेन, साकं स्वामिन् ! निशीथतः ।
उच्चल्य सर्वविरतौ, नगरे गतवान् खलु ॥१०८॥

स च चारित्रभूपेन, कृतसन्मानपूर्वकम् ।
समीपे स्थापितः पुत्रवद् दृष्टश्च दिवानिशम् ॥१०९॥

---

(ભવ્ય) ચાલતો થયો. (૧૦૪)

સવારે તેઓ બધાના ઘર શૂન્ય જોઈને લોકોએ ક્રોધાયમાન એવા રાજાને નિવેદન કર્યું. (૧૦૫)

ક્રોધાગ્નિને પવનરૂપ તે વચન સાંભળીને રાજાએ બહુજનમાન્ય એવા **મિથ્યાત્વ** નામના મહાઅમાત્યને બોલાવ્યો (૧૦૬)

અને સજલમેઘના જેવા સ્વરથી કહ્યું કે, "હે મહાભાગ ! જગતમાં વ્યાપક એવા મિશ્રદૂતે મને કહ્યું કે, (૧૦૭)

"હે સ્વામિન્ ! ભવ્ય-લોકોના સમૂહ સાથે ભવ્યકુમાર અર્ધરાત્રિએ સર્વવસ્તુ ઉપાડીને **સર્વવિરતિ** નગરમાં ચાલ્યો ગયો છે." (૧૦૮)

તેને **ચારિત્રરાજાએ** સન્માનપૂર્વક પોતાની પાસે રાખ્યો છે અને નિરંતર તેને પુત્રની જેમ જુએ છે. (૧૦૯)

વળી ચારિત્રરાજાના **ધર્મપુત્રની** સાથે નીલીરક્ત (=ગળીથી

चारित्रभूपतेः साधु, धर्मपुत्रेण सङ्गतम् ।
नीलीरक्ताम्बरमिव, जज्ञे तस्याऽविनश्वरम् ॥११०॥

सन्मार्गदेशनानाम्नी, वारवेश्या सुलक्षणा ।
तस्या गेहे स्थितो भव्यो, विरागी भवतः प्रति ॥१११॥

क्रमशः क्रमशस्तेन, तत्पुरं कर्मभूपते ! ।
उद्वासितं सुबोधेन, स्तोकलोकं भविष्यति ॥११२॥

श्रुत्वेति कर्मभूपालः, क्रोधेनौष्ठदलं दशन् ।
ऊचे चारित्रभूपालं, हनिष्यामि शृगालवत् ॥११३॥

मया चारित्रनामापि, श्रुतमद्य महत्तम ! ।
मां मुक्त्वाऽन्यो महीपालो, न क्वापि श्रूयते क्षितौ ॥११४॥

---

રંગલા) વસ્ત્રની જેમ તેની અવિનશ્વર મિત્રતા થઈ છે. (૧૧૦)

વળી ભવથી વિરાગી થયેલા ભવ્યકુમાર સારા લક્ષણવાળી **સન્માર્ગ દેશના** નામની **વારાંગનાને** ઘરે રહ્યો છે. (૧૧૧)

માટે હે કર્મરાજા ! ક્રમે ક્રમે સુબોધથી ઉદ્વાસિત તે નગરમાં લોકો બહુ ઓછા થઈ જશે.” (૧૧૨)

આ પ્રમાણે સાંભળીને ક્રોધથી હોઠને પીસતાં કર્મભૂપાલે કહ્યું કે, “એ ચારિત્રરાજાનો હું એક શિયાળીયાની જેમ નાશ કરીશ.” (૧૧૩)

હે મહત્તમ ! મેં તો ચારિત્રનું નામ પણ આજે જ સાંભળ્યું. પૃથ્વી ઉપર મારા સિવાય બીજો રાજા ક્યારે પણ સાંભળવામાં આવેલ નથી (૧૧૪)

અથવા તો અર્થીજનોને પ્રિય કલ્પવૃક્ષ વિદ્યમાન છતાં મૂઢલોકો

अथवा कल्पवृक्षेऽपि, विद्यमानेऽर्थिनां प्रिये ।
स्नुहीमहावृक्ष इति, किं मूढैर्नो निगद्यते ? ॥११५॥

यस्तार्क्ष्यपक्षैः पक्षालीचिकीर्मङ्क्षु स्वसायके ।
दिग्दन्तिदन्तैः प्रेयस्याः, सत्कङ्कणचिकीर्नरः ॥११६॥

सिंहस्य केशरैर्लाक्षारसदिग्धैरिवारुणैः ।
वेणीबन्धचिकीर्यश्च, स मे पितृसपत्नति ॥११७॥ युग्मम्

दुर्नयस्य फलं सद्यो, दर्शयामि रणाङ्गणे ।
मद्विक्रमकथाः सभ्याः !, वीक्षन्तां पौनरुक्त्यतः ॥११८॥

अथ कर्ममहीपालः, प्रज्वलन् क्रोधवह्निना ।
कुवासनाभिधां बाढं, जैत्रढक्कामवीवदत् ॥११९॥

---

**સ્નુહીને** (થોર) પણ શું મહાવૃક્ષ કહેતા નથી ? (૧૧૫)

એવામાં અભવ્યકુમાર બોલ્યો કે, “જે પુરુષ પોતાના બાણના ભાથામાં ગરૂડની પાંખ આરોપવાને ઇચ્છે છે. અને જે દિગ્ગજો (હાથી)ના દાંતથી પોતાની પ્રિયાના સુંદરકંકણ કરવાને ઇચ્છે (૧૧૬)

અને જે લાક્ષારસથી જાણે ભીંજાયેલી હોય તેવી અરૂણ સિંહની કેશરાથી વેણીબંધ કરવાને ઇચ્છે છે. તે ભલે મારા તાતનો શત્રુ થવા જાય. (૧૧૭)

હું રણાંગણમાં એ દુર્નયનું ફળ સદ્ય તેને બતાવીશ. હે સભ્યા ! તમે પુનરૂકિતથી મારા પરાક્રમની વાતો સાંભળજો.” (૧૧૮)

પછી ક્રોધાગ્નિથી જાજ્વલ્યમાન બનેલા કર્મરાજાએ વિજય આપનારી કુવાસના નામની ઢક્કા (રણભંભા) બહુ જ જોરથી વગડાવી. (૧૧૯)

तस्या नादं समाकर्ण्य, शौर्यद्रुमघनाघनम् ।
कामाद्या मण्डलाधीशाः, सर्वे संनहनं व्यधुः ॥१२०॥

आहारभयसंज्ञाश्च, चतस्रो यानकाहलाः ।
चतुर्दिक्षु जयायेव, ताडिताः कर्मभूभुजा ॥१२१॥

कदाग्रहमयास्तत्र, निःस्वानाः सस्वनुस्तराम् ।
पञ्चेन्द्रियविकाराश्च, पञ्च तूर्याण्यपि स्फुटम् ॥१२२॥

अथ कर्ममहीपालः, कृतप्रस्थानमङ्गलः ।
आरुरोहाभिमानाख्यं, नागं नगमिवोन्नतम् ॥१२३॥

अभव्यैर्मण्डलाधीशैश्चलत्कर्मगुणैरिव ।
दूरभव्यैस्तथा वर्गपत्तिभिः परिवारितः ॥१२४॥

---

એટલે શૌર્યરૂપવૃક્ષને મેઘસમાન તે ભંભાનો અવાજ સાંભળીને કામાદિક માંડલિક રાજાઓ સર્વે સજ્જ થવા લાગ્યા. (૧૨૦)

ચારેદિશામાં જાણે જયને માટે જ હોય તેમ કર્મરાજાએ **આહાર, ભય, મૈથુન-પરિગ્રહરૂપ** ચાર પ્રકારના પ્રયાણ વાજીંત્ર વગડાવ્યા. (૧૨૧)

સૌથી આગળ **કદાગ્રહરૂપ** નિઃસ્વાન **(નિશાન)** બહુ જ જોરથી વાગવા લાગ્યા. પાંચ ઇંદ્રિયોના વિકારરૂપ પાંચવાજીંત્રોનો પણ તીવ્રનાદ થયો. (૧૨૨)

પછી પ્રસ્થાનમંગલ કરતો કર્મરાજા પર્વત જેવા ઉન્નત **અભિમાનરૂપ** હાથીપર આરૂઢ થયો. (૧૨૩)

અને જાણે કર્મરાજાના ચાલતા ગુણો હોય તેવા **અભવ્ય** જાતિના માંડલિક રાજાઓથી તથા **દુરભવ્યજાતિના** પદાતિઓથી પરિવૃત્ત થઈ (૧૨૪)

प्रभञ्जन इवोद्दामो, नस्खलत्पौरुषोत्तरः ।
ददौ योजनमानेन, प्रयाणं कर्मभूपतिः ॥१२५॥

इत्थं प्रयाणकं कुर्वन्, सर्वगः कर्मभूपतिः ।
ग्रन्थिभेदाभिधे द्वीपे, कृतवासो व्यराजत ॥१२६॥

मिश्रनामा महादूतः, प्रेरितः कर्मभूभुजा ।
सम्यक्त्वमन्त्रिणो गेहमभ्यगाच्चित्तवद् द्रुतम् ॥१२७॥

स्वामिन् ! कर्ममहीपालो, मन्मुखेन तवाग्रतः ।
ईदृशं कथयामासाऽवधार्यं तन्मयोदितम् ॥१२८॥

भव्यसार्थान्वितो भव्यकुमारो यत्त्वया धृतः ।
तत् प्रसुप्तो मृगाधीशो, हतो हन्त ! चपेटया ॥१२९॥

---

પવનની જેમ ઉદ્દામ અને અસ્ખલિત પુરુષાર્થી એવા કર્મરાજા એક એક યોજન પ્રમાણ પ્રયાણ કરવા લાગ્યો. (૧૨૫)

આ રીતે પ્રયાણ કરતાં સર્વવ્યાપક કર્મરાજા **ગ્રંથિભેદ** નામનાં દ્વીપમાં જઈ આવાસ કરીને રહ્યા. (૧૨૬)

પછી કર્મરાજાની પ્રેરણાથી **મિશ્ર** નામે મહાદૂત ચિત્તની જેમ ઉતાવળો **સમ્યક્ત્વ** મંત્રીના ઘરે આવ્યો. (૧૨૭)

અને બોલ્યો કે, "હે સ્વામિન્ ! કર્મરાજાએ મારા મુખથી તમને આ સંદેશો પાઠવ્યો છે. તે તમે સાંભળો." (૧૨૮)

અનેક ભવ્યોના સમૂહ સહિત તમારી પાસે આવેલા ભવ્યકુમારને જે તમે આશરો આપ્યો છે. તે સૂતેલા સિંહને લપડાક માર્યા જેવું તમે કર્યું છે, અર્થાત્ સૂતેલા સિંહને જગાડવાનું કામ કર્યું છે. (૧૨૯)

છતાં હે રાજન્ ! આટલેથી કાંઈ બગડી ગયું નથી, માટે

एतावताऽपि नो नष्टं, किमप्यस्ति महीपते ! ।
गत्वा क्षमय निःशेषं, **नतिग्राह्या हि साधवः** ॥१३०॥

इति ब्रुवाणं तं दूतं, श्रुत्वा चारित्रभूपतिः ।
सहास्यमवदत् पाथःपूर्णपाथोदनिःस्वनः ॥१३१॥

त्वन्नाथनगरीलोकैः, सदागमविमोचितैः ।
मदीयं नगरं भद्र !, वसदस्ति निरन्तरम् ॥१३२॥

अमुमर्थं तव स्वामी, जानन्नपि निजे हृदि ।
कथमद्योद्यतो जज्ञे, विग्रहाय समं मया ? ॥१३३॥

अथवा विग्रहं मत्वा, सर्वोऽपि परमण्डले ।
प्रवेशं कुरुते धीमान्, कीर्तिह्रासोऽन्यथा भवेत् ॥१३४॥

न न्यूनं तव नाथेन, तोलनीयं ममाधुना ।
इत्युक्त्वा व्यसृजद् दूतं, ततश्चारित्रभूपतिः ॥१३५॥

---

કર્મરાજા પાસે જઈને તમારો અપરાધ ખમાવો. એટલે તે સર્વ ગુના માફ કરશે. **કેમ કે સજ્જનો અતિ આગ્રહી હોતા નથી, માત્ર નમન કરવા માત્રથી પ્રસન્ન થાય છે."** (૧૩૦)

આ પ્રમાણે દૂતનું કથન સાંભળી ત્યાં બેઠેલા ચારિત્રરાજા સજળમેઘના જેવા ગંભીરસ્વરે હાસ્યપૂર્વક બોલ્યા કે, (૧૩૧)

"હે કલ્યાણકારી ! સદાગમે છોડાવેલા તારા સ્વામીની નગરીના લોકોથી મારૂં નગર નિરંતર વસે છે. (૧૩૨)

એ વાત પોતાના અંતરમાં જાણે છે. છતાં આજે તારો સ્વામી મારી સાથે યુદ્ધ કરવા કેમ તૈયાર થયો છે ? (૧૩૩)

અથવા તો યુદ્ધની ધારણાથી સર્વ બુદ્ધિશાળી પારકા દેશમાં પ્રવેશ કરે છે. અન્યથા તેના યશની હાની થશે. (૧૩૪)

પરંતુ તારે તારા સ્વામી પાસે જઈ કહેવું કે, તેણે મારી સામ

अथ प्रभावनां जैत्रढक्कां चारित्रभूपतिः ।
तत्क्षणात् ताडयामास, वैरिगर्ववगिरेः[1] पविः ॥१३६॥

शमसंवेगनिर्वेदप्रमुखास्तस्य भूपतेः ।
सर्वाभिसारप्रयता, बभूवुर्मण्डलेश्वराः ॥१३७॥

ज्ञानमौनक्रियाशीलसंपदो यानकाहलाः ।
समताड्यन्त भव्येन, श्रवणप्रमदप्रदाः ॥१३८॥

अथ चारु मुहूर्त्तेऽह्नि, कृतप्रस्थानमङ्गलः ।
आरुरोह व्रतक्ष्माभृत्, संयमाभिधकुञ्जरम् ॥१३९॥

जैनधर्माभिधो बन्दी, भावनातुरगीस्थितः ।
एवं वचोऽगदत् काममाशीर्वादपुरस्सरम् ॥१४०॥

---

કાંઈ પણ ઓછું ન ઉતરવું તેનાથી થાય તેટલું પરાક્રમ અજમાવવું જોઈએ." (૧૩૫)

આ પ્રમાણે કહી ચારિત્રરાજાએ દૂતને વિસર્જન કર્યો. અને તુરત જ તેણે વૈરિવર્ગરૂપ પર્વતને વજ્રસમાન એવી **પ્રભાવના** નામની **વિજયઢક્કા** વગડાવી. (૧૩૬)

એટલે તે રાજાના **શમ-સંવેગ-નિર્વેદ** પ્રમુખ માંડલિક રાજાઓ સર્વપ્રકારની તૈયારી કરવા લાગ્યા (૧૩૭)

અને ભવ્યે સાંભળતા આનંદ ઉપજે એવા જ્ઞાન-મૌન-ક્રિયા-શીલ વિગેરે પ્રયાણ વાજીંત્રો વગાડ્યા. (૧૩૮)

પછી શુભદિને-શુભમુહૂર્તે પ્રસ્થાનમંગલ કરીને ચારિત્રરાજા સંયમ નામના કુંજર (હાથી) ઉપર આરૂઢ થયા. (૧૩૯)

એટલે જૈનધર્મ નામે બંદી ભાવનારૂપ ઘોડી પર બેસીને ઉંચા

---

१. वर्ग-इति च पाठः ।

जय चारित्रभूपाल !, प्रलीनाशेषकल्मष ! ।
जय भव्यजनारामसन्तसमयायित ! ॥१४१॥

जय त्रैलोक्यमाणिक्य !, जय साम्यमहानिधे ! ।
जय दुर्जयदर्पोग्रकन्दर्पपर्[1]वनाशन ! ॥१४२॥

अहिंसा ध्यानयोगश्च, रागादीनां विनिर्जयः ।
साधर्मिकानुरागश्च, सारमेतत् तवाऽऽगमे ॥१४३॥

**अर्हन् देवो गुरुः साधुस्तत्त्वं तीर्थंकरोदितम् ।**
**इति यस्य स्फुरत्यन्तः, संसारोऽस्य करोति किम् ? ॥१४४॥**

પ્રકારના આશીર્વાદપૂર્વક આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો કે :- (૧૪૦)

'સમગ્ર કલ્મષ (પાપ) નો નાશ કરનાર, હે ચારિત્રરાજ ! તમો જય પામો.' ભવ્યલોક રૂપી બગીચાને વસંતઋતુ સમાન, હે ચારિત્રરાજ ! તમે જયવંતા વર્તો. (૧૪૧)

ત્રણલોકમાં માણિક્યસમાન ! સમતાસાગર ! દુર્જય એવા દર્પને, કંદર્પરૂપ ગ્રહને ભસ્મીભૂત કરનાર ! ચારિત્રરાજા તમે જય પામો. (૧૪૨)

તારા આગમમાં અહિંસા, ધ્યાન, યોગ, રાગાદિનો જય અને સ્વધાર્મિકપર અનુરાગ-એ સાર કહેલો છે. (૧૪૩)

**જિનેશ્વર એ દેવ, સુસાધુ એ ગુરુ, જિનેશ્વરે કહેલ ધર્મ એ તત્ત્વત્રયી જેના અંતરમાં સ્ફૂરાયમાન થાય છે તેને સંસાર શું કરી શકે છે ?** (૧૪૪)

ઈત્યાદિ ધીરવચનોથી આકાશ અને પૃથ્વીતલને પૂરતો

१. ग्रहधस्मर इति च पाठः ।

इत्याद्यैर्वचनैर्धीरैः, पूरयन् रोदसीतलम् ।
चारित्रभूपतेरग्रे, प्रासरद् बन्दिसुन्दरः ॥१४५॥

शुक्लध्याननरो दध्रे, मूर्ध्नि च्छत्रं समुज्ज्वलम् ।
केवलज्ञाननामाऽस्य, लोकालोकप्रकाशकम् ॥१४६॥

आरोहकः समत्वाख्यः, कुम्भिकुम्भे व्यवस्थितः ।
अन्येऽपि बलिनो योधाः, सन्तोषशमसंज्ञकाः ॥१४७॥

प्रयाणकशतैर्मिश्रकोट्टदुर्गसमीपगः ।
बभूव व्रतभूपालो, विहितावाससंहतिः ॥१४८॥

शमस्य मार्दवस्याऽप्यार्जवसंतोषयोरपि ।
रणपट्टा अबध्यन्त, श्रीमच्चारित्रभूभुजा ॥१४९॥

क्रोधाहङ्कारयोर्मायालोभयोरपि तत्क्षणम् ।
कर्मक्षोणीभुजा भालेऽबध्यन्त रणपट्टकाः ॥१५०॥

---

बंदीवान चारित्रराजानी आगળ चालवा मांड्यो. (१४५)

पછी शुક्लध्यान नामना पुरुषे चारित्रराजाना मस्तक ઉपर लोકालोક प्रકाशક કेवलज्ञान नामनुं ઉज्जवल छत्र धारણ કर्युं. (१४६)

समत्व नामनो आरोहક हस्तीना કुंभस्थળ ઉपर બेठो. अने संतोष, शम विगेरे બीજा બળवान योद्धाओ पણ पोतपोताना वाहन ઉपर आરૂઢ थया. (१४७)

पछी सेंકडो प्रयाણो वडे चारित्रराજा **मिश्रકोट्ट** नामना दुर्ग (કिल्ला) पासे आवी तंબुओनी श्रेણी लगावीने रह्यो. (१४८)

त्यां शम, मार्दव, आर्जव अने संतोषने श्रीमान चारित्रराજा ए रણपट्ट બांध्या. (१४९)

એटले કर्मराજाએ पણ क्रोध, मान, माया, लोભना

अथ सैन्यद्वयं तत्र, डुढौके रणरङ्गतः ।
ध्रियन्ते सुभटा यत्र, साभिज्ञानपुरस्सरम् ॥१५१॥

रणतूर्यैर्वाद्यमानैर्बन्दिकोलाहलैस्तथा ।
वीराणां सिंहनादैश्च, शब्दाद्वैतमभूत्तदा ॥१५२॥

शरच्छन्नपतद्दण्डैरुच्छलद्भिर्मुहुर्मुहुः ।
तदा जज्ञे सितच्छत्रैः, शतचन्द्रं नभस्तलम् ॥१५३॥

रणकृत्तशिरोभिश्च, हुङ्काररवभीषणैः ।
परिव्याप्तं नभो भाति, वाचालैरिव राहुभिः ॥१५४॥

नास्त्यात्मा नास्ति देवोऽपि, नास्ति काचन निर्वृतिः ।
नास्ति पुण्यं तथा पापं, किन्तु भूतमयं जगत् ॥१५५॥

---

ભાલસ્થલપર તુરત જ રણપટ્ટ બાંધ્યા. (૧૫૦)

પછી રણતરંગ (યુદ્ધ માટે) માટે બંને સેના સામસામે ઉપસ્થિત થઈ. તેની અંદર ખાસ નિશાનીઓથી સુભટો ઓળખી શકાતા હતા. (૧૫૧)

યુદ્ધ શરૂ થયું એટલે વગાડાતા રણવાદ્યો, બંદીજનોના કોલાહલ તથા સુભટોના સિંહનાદોથી સર્વત્ર શબ્દમય થઈ ગયું. (૧૫૨)

બાણોથી ઉચ્છેદ થઈ પડતાં દંડ અને વારંવાર ઉછળતા શ્વેતછત્રોથી તે વખતે આકાશમાં જાણે સેંકડો ચંદ્રો પ્રગટ થયા. (૧૫૩)

રણમાં છેદાયેલા મસ્તકોથી અને તેના ભીષણ હુંકાર શબ્દોથી જાણે આકાશ વાચાળ એવા રાહુથી વ્યાપ્ત થયુ હોય તેવું દીપવા લાગ્યું. (૧૫૪)

આત્મા-દેવ-મોક્ષ, પુણ્ય-પાપ કાંઈ જ નથી માત્ર આ જગત

एकस्मिन् दृषदि न्यस्य, पादद्वन्द्वमुपासकैः ।
अभ्यर्च्यते शिला त्वन्या, शवमण्डनलीलया ॥१५६॥

किं तया विहितं पापं, यस्या उपरि संस्थितम् ।
स्थाप्यन्ते चरणा अन्याः, पूज्यास्तत्किं कृतं शुभम् ? ॥१५७॥

यद् बुध्यते न तत्त्वं, तद् यत्तत्वं तन्न बुध्यते ।
अतत्त्वलोलुपो लोको, धिग्मूर्खैर्विप्रतार्यते ॥१५८॥

इत्थं वचनवीथीभिर्भल्लीभिरिव ताडिताः ।
द्रव्यश्राद्धा अभव्यैस्तैः क्षणादेव विनिर्जिताः ॥१५९॥ चतुर्भिः कलापकम्

अत्र चारित्रभूपालं, प्रणम्य परमार्हताः ।
अभव्यैस्तैः समं योद्धुं, प्रवृत्ता रणरङ्गिणः ॥१६०॥

---

પંચભૂતમય છે. (૧૫૫)

એક પત્થર પર લોકો પગ મૂકીને મૂત્રાદિ કરે છે. બીજા પત્થરને શબના મંડનની જેમ પૂજે છે. (૧૫૬)

તો જેની ઉપર ચરણ રાખીને મલોત્સર્ગ કરવા બેઠા તેણે પાપ શું કર્યું ! જેઓ પૂજવા બેઠા તેણે પુણ્ય શું કર્યું ! (૧૫૭)

માટે જ જાણવામાં આવે છે તે તત્ત્વ નથી અને જે તત્ત્વ છે તે જાણવામાં આવતું નથી. અહો ? મૂર્ખલોકો અતત્ત્વાસક્ત લોકોને છેતરે છે. (૧૫૮)

આ પ્રમાણે ભાલા જેવા વચનોથી ઘાયલ કરીને અભવ્યોએ ક્ષણવારમાં દ્રવ્યશ્રાવકોને જીતી લીધા. (૧૫૯)

એટલે રણરંગી પરમશ્રાવકો ચારિત્રરાજાને પ્રણામ કરી અભવ્યો સાથે યુદ્ધ કરવા પ્રવૃત્ત થયા. (૧૬૦)

તેઓ બોલ્યો કે, અરે ! તમો અસ્તિત્વની ઉપેક્ષા કરી

यदुच्यते भवद्भिश्च, नास्तीति वचनं भृशम् ।
अस्तीत्युपेक्षया तच्च, घटाकोटिमुपैति भोः ! ॥१६१॥

चरणस्थापनं भक्तिपूजनं यच्छिलास्वलम् ।
तत्प्रतिष्ठाफलं नाऽऽभिः, पुण्यापुण्यमुपार्जितम् ॥१६२॥

इत्थं वाक्यैः सर्वलोहमयैरस्त्रैरिवोच्चकैः ।
पलायाञ्चक्रिरे वेगादभव्यास्ताडितास्ततः ॥१६३॥

साकं संचारिभी राजपुत्रैः क्रमागतैरिव ।
सात्त्विकैरनुभावैश्च, शान्तैः प्रहरणैरिव ॥१६४॥

लीलाविलासविच्छित्तिबिब्बोकादिमविभ्रमैः ।
इत्याद्यैः सहजैर्युक्ता, रागवार्धिहिमांशुभिः ॥१६५॥

---

નાસ્તિત્વવાળા વચનો જે કહો છો તેથી જ અસ્તિત્વનો પક્ષ ઉલટો સિદ્ધ થાય છે. (૧૬૧)

વળી પત્થર પર ચરણ સ્થાપવા અથવા ભક્તિપૂર્વક તેનું પૂજન કરવું એ માત્ર તેની પ્રતિષ્ઠાનું જ ફળ છે. એમાં એમણે કંઈ પુણ્ય-પાપ ઉપાર્જન કરેલ નથી." (૧૬૨)

આવા વચનરૂપ તીવ્રલોહમય તીવ્રઅસ્ત્રોથી ઘાયલ થયેલા અભવ્યો તુરત જ પલાયન કરી ગયા. (૧૬૩)

પછી ક્રમાગત હોય તેવા સાથે સંચરતા અનેક રાજપુત્રો સાથે, જાણે અસ્ત્રો હોય તેવા સાત્ત્વિક અને શાંત અનુભાવો યુક્ત (૧૬૪)

વળી લીલાવિલાસની રચના અને બિબ્બોકાદિક (મશ્કરી) વિભ્રમોથી સહજ યુક્ત તથા રાગસાગરને ચંદ્રરૂપ એવા (૧૬૫)

मण्डलाधिपकन्दर्पनिदेशाद् विषया भटाः ।
स्थायिभिर्मूर्ततेजोभिरिव योद्धुं डुढौकिरे ॥१६६॥ त्रिभिर्विशेषकम्

तेषां दर्शनतः श्रीमद्व्रतराट्पक्षवर्तिनः ।
द्रव्यतो यतयो नेशुः, किंकर्तव्यविमोहिताः ॥१६७॥

स्वबलं भग्नमुद्वीक्ष्य, बलात्कर्ममहीभुजः ।
अशिक्षतेति निर्ग्रन्थान्, श्रीमच्चारित्रभूपतिः ॥१६८॥

यूयं धन्या महासत्त्वा, आजन्मब्रह्मचारिणः ।
यथाख्यातव्रतास्तीर्णघोरसंसारसागराः ॥१६९॥

युष्मदीयं व्रतं भद्राः !, पालितं सफलं तदा ।
यदाऽमून् विषयान् घोरान्, जेतारो ब्रह्मविक्रमैः ॥१७०॥

---

મૂર્તિમાન તેજ સ્વરૂપ સ્થાયી સહજ વિષયસુભટો મંડલાધિપ કામદેવના આદેશથી યુદ્ધ કરવા દોડી આવ્યા. (૧૬૬)

તેમને જોતાં જ શ્રીમાન ચારિત્રરાજાના પક્ષમાં રહેનારા દ્રવ્યયતિઓ કિંકર્તવ્યથી વિમોહિત થયેલા ભાગી ગયા. (૧૬૭)

એટલે કર્મરાજાના સૈન્યથી પોતાના સૈન્યને ભગ્ન થયેલ જોઈને શ્રીમાન્ ચારિત્રરાજા નિર્ગ્રંથોને આ પ્રમાણે શિક્ષા આપવા લાગ્યા કે, (૧૬૮)

"હે ભદ્રો ! તમે ધન્ય છો ! મહાસાત્ત્વિક છો, આજન્મ-બ્રહ્મચારી છો. યથાખ્યાતચારિત્રી અને ઘોર-સંસાર-સાગરને પાર પામેલા છો.માટે જ્યારે બ્રહ્મપરાક્રમથી આ ઘોર વિષયોને જીતશો ત્યારે જ તમારૂં વ્રતપાલન સફળ થશે. (૧૬૯-૧૭૦)

નહિ તો એ વિષયો, તમે જીવંત છતાં તમારા બ્રહ્મચર્યરૂપ

अन्यथा विषयैरेभिर्ब्रह्मचर्यमहानिधिः ।
अवश्यं गृह्यते सर्वो, भवतां जीवतामपि ॥१७१॥

अमुष्मिन् दुर्ग्रहे दुर्गे, निर्जिते विषयाभिधे ।
भवादृशैर्निजं गोत्रमद्यैवाऽलं विभूष्यते ॥१७२॥

एषामपि पतिः कामः, प्रकामबलदुर्धरः ।
ब्रह्माद्यास्त्रिदशा येन, लीलयैव वशीकृताः ॥१७३॥

एतज्जयो विधातव्यः, शुचिब्रह्मनिषेवणैः ।
वसतिस्त्रैणवार्तादिनवगुप्तिविशेषितैः ॥१७४॥

इत्युपबृंह्य भूपालो, विजितेन्द्रियसंज्ञकम् ।
ताम्बूलं प्रददौ तेषां, स्वहस्तेन प्रसादवत् ॥१७५॥

अथ चारित्रभूपेन, समादिष्टाः समन्ततः ।
सर्वाङ्गमलसन्नाहा, ब्रह्मगुप्त्यस्त्रभासुराः ॥१७६॥

---

મહાનિધાનને અવશ્ય ગ્રહણ કરી લેશે. (૧૭૧)

એ વિષય નામના દુર્ગ્રહ દુર્ગને જો તમે કબજે કરશો તો તમે આજે જ તમારા ગોત્રને અલંકૃત કર્યું છે. એમ માનજો, (૧૭૨)

એમનો સ્વામી કામ અત્યંત બલિષ્ઠ હોવાથી દુર્ધર છે. તેણે બ્રહ્માદિદેવોને લીલામાત્રમાં પોતાને વશ કરી દીધા છે. (૧૭૩)

માટે વસતિ, સ્ત્રીવાર્તાદિ નવગુપ્તિથી વિશેષિત એવા પવિત્ર બ્રહ્મસેવનથી એ મન્મથદેવનો તમે જય કરો, (૧૭૪)

આ પ્રમાણે કહીને ઉત્તેજિત કરીને ચારિત્રરાજાએ પોતાના પ્રસાદની જેવું પોતાના હાથથી તેઓને જિતેન્દ્રિયરૂપ તાંબૂલ આપ્યું. (૧૭૫)

પછી ચારિત્રરાજાથી આદેશ પામેલા સર્વતઃ સર્વાંગે મલ (મેલ)

निरीहतातुरङ्गस्था, निशातशमसेल्लकाः ।
योद्धुं ताभिः समं विष्वग्, ढौकन्ते स्म प्रहर्षिताः ॥१७७॥ युग्मम्

तेषां दर्शनमात्रेण, प्रणेशुर्विषया भटाः ।
**उदये तेजसां भर्तुः, किमु खेलन्ति कौशिकाः ?** ॥१७८॥

शमः कोपमथो मानं, मृदुता रणपट्टभूत् ।
मायामार्जववीरेशो, लोभं तोषस्ततोऽजयत् ॥१७९॥

अथ कर्ममहीपालः, साकं चारित्रभूभुजा ।
योद्धुं प्रववृतेऽत्यन्तं, बन्धसत्ताऽऽदिवर्मभृत् ॥१८०॥

मतिश्रुताऽवधिमनःकेवलावरणैः समम् ।
ज्ञानावरणकर्माऽथाऽचलत् कर्मद्विपानुगम् ॥१८१॥

---

રૂપ બખ્તર ધારણ કરનારા બ્રહ્મગુપ્તિરૂપ અસ્ત્રથી શોભતા, નિરીહતારૂપ અશ્વ પર આરૂઢ થયેલા અને શમરૂપ તીક્ષ્ણભાલાને ધારણ કરનારા એવા તે યતિઓ હર્ષ પામીને તેમની સાથે યુદ્ધ કરવા ચારેબાજુથી ધસી આવ્યા. (૧૭૬-૧૭૭)

એટલે તેમને જોતાં જ વિષય સુભટો તુરત ભાગી ગયા. **સૂર્યોદય થતાં ઘૂવડપક્ષીઓ શું આનંદ કરી શકે ?** (૧૭૮)

પછી રણપટ્ટધર શમ-માર્દવ-આર્જવ અને સંતોષ તેમણે અનુક્રમે ક્રોધ-માન-માયા-લોભનો જય કર્યો. (૧૭૯)

એટલે બંધ, ઉદય-ઉદીરણા તથા સત્તાદિ બખ્તરધારી કર્મરાજા ચારિત્રરાજની સાથે ભયંકર યુદ્ધ કરવા તૈયાર થયો. (૧૮૦)

તેને જોઈને મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ અને કેવળજ્ઞાનાવરણો ને સાથે લઈ જ્ઞાનાવરણીયકર્મ કર્મરાજાના હાથીની પાછળ ચાલ્યો. (૧૮૧)

चक्षुरचक्षुरवधिकेवलदर्शनावृतिः ।
आद्या निद्रा निद्रानिद्रा, प्रचला च तृतीयका ॥१८२॥

प्रचलाप्रचला स्त्यानर्धिरेवं नवभिस्ततः ।
दर्शनावरणं कर्म, पार्ष्णिभागेऽभवत्तराम् ॥१८३॥

सातासातभिदाभ्यां तु, वेदनीयं तदग्रतः ।
तिर्यग्नारकनृस्वर्गिभेदादायुश्चतुर्विधम् ॥१८४॥

गतिजातितनूपाङ्गबन्धनादिविशेषतः ।
त्र्युत्तरशतेन नाम, संनह्य प्रगुणं स्थितम् ॥१८५॥

उच्चैर्नीचैर्द्विधा भिन्नं, गोत्रं तस्य पुरस्सरम् ।
अन्तरायो दानलाभवीर्यभोगोपभोगयुक् ॥१८६॥

कषायैर्नोकषायैश्च योधैरिव महाबलैः ।
रणकामी भवस्वामी, रणक्षेत्रममण्डयत् ॥१८७॥

---

ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલદર્શનાવરણ તથા નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, થિણદ્ધિ એ નવની સાથે દર્શનાવરણીય કર્મ પણ તેની પાછળ પાછળ ચાલવા માંડ્યું. (૧૮૨-૧૮૩)

શાતા અને અશાતાની સાથે વેદનીય, તિર્યંચ-નરક-નર-દેવ-એ ચારની સાથે આયુષ્યે ગમન કર્યું. (૧૮૪)

ગતિ, જાતિ, અંગ-ઉપાંગ અને સંસ્થાન વિગેરે ૧૦૩ ની સાથે તૈયાર થઈ નામકર્મે પ્રયાણ કર્યું. (૧૮૫)

ઉચ્ચ અને નીચ એ બેની સાથે ગોત્રકર્મ તથા દાન-લાભ-વીર્ય-ભોગ-ઉપભોગ-અંતરાય એ પાંચની સાથે અંતરાયકર્મે પણ ગમન કર્યું. (૧૮૬)

ततो व्रतमहीपालः, सत्क्रियाकवचोत्तरः ।
अवर्षद् धर्मचापेन देशनानिर्मितैः खगैः ॥१८८॥

पात्रस्यानुपघातेनाऽनिह्नवेन गुरोरपि ।
जिगाय ज्ञानावरणदर्शनावरणे नृपः ॥१८९॥

जिनेन्द्रसिद्धचैत्यौघसंघस्य द्वेषवर्जनैः ।
अनन्तदुःखसंभारं, सोऽजयद् दृष्टिमोहनम् ॥१९०॥

तीव्रक्रोधपरीहारैर्भवभ्रमणवारणैः ।
चारित्रमोहं चारित्रभूपालो जितवांस्तदा ॥१९१॥

महारम्भपरित्यागैस्तीव्ररागविवर्जनैः ।
व्रतेशो नरकायुष्कं, समूलमुदपाटयत् ॥१९२॥

---

પછી મહાબળવાન યોદ્ધાના જેવા કષાય અને નોકષાય સાથે રણકામી કર્મરાજાએ રણક્ષેત્ર-યુદ્ધભૂમિને અલંકૃત કરી. (૧૮૭)

એટલે ચારિત્રરાજા સત્ક્રિયારૂપ કવચને ધારણ કરી ધર્મરૂપ ધનુષ્યથી દેશનારૂપ બાણો વર્ષાવવા લાગ્યા. (૧૮૮)

પાત્રના અનુપઘાતવડે અને ગુરુના અનિહ્નવપણાવડે જ્ઞાનાવરણ અને દર્શનાવરણને જીત્યો (૧૮૯)

જિનેન્દ્ર-સિદ્ધ-ચૈત્ય અને સંઘના દ્વેષવર્જનથી અનંતદુઃખના સમૂહરૂપ દર્શનમોહનીયને જીત્યો. (૧૯૦)

ભવભ્રમણને વારનાર તીવ્રક્રોધનાં પરિહારથી તે ચારિત્ર-મોહનીયને જીત્યો. (૧૯૧)

મહાઆરંભના પરિત્યાગથી અને તીવ્રરાગના વર્જનથી ચારિત્રભૂપાલે નરકાયુષ્યને મૂળથી ઉખેડી નાંખ્યુ. (૧૯૨)

सन्मार्गदेशकत्वेन, तिर्यगायुस्ततः परम् ।
विजयेन कषायाणां, मनुष्यायुरथाऽजयत् ॥१९३॥

तपोभिर्निर्मलैः कामं, निर्जराभिः पदे पदे ।
देवायुष्कं लीलयैव, जितवान् संयमाधिपः ॥१९४॥

गारवाणां परित्यागाद्, नीचैर्गोत्रमधिक्षिपत् ।
उच्चैर्गोत्रं तु चारित्रव्रतायुःपरिपूरणैः ॥१९५॥

अन्तरायं पराजिग्ये, दानलाभाऽनिवारणैः ।
इत्थं कर्ममहीपालो, मूलादुन्मूलितस्तदा ॥१९६॥

जितकाशी ततः श्रीमच्चारित्रक्षितिनायकः ।
निर्वाणनगरीं प्राप, भासुरां शाश्वतैः सुखैः ॥१९७॥

तदाऽऽदेशेन भव्यानां प्रतिबोधपरायणः ।
बलभद्रमहीपाल !, बंभ्रमीमि यथाविधि ॥१९८॥

---

પછી સન્માર્ગદેશકપણાથી તિર્યંચાયુ અને કષાયોના વિજયથી તેણે મનુષ્યાયુનો જય કર્યો. (૧૯૩)

નિર્મળતપથી પગલે પગલે થતી અત્યંત નિર્જરાથી સંયમરાજે લીલામાત્રમાં દેવાયુષ્યનો જય કર્યો. (૧૯૪)

ગારવોના પરિત્યાગથી નીચગોત્ર અને ચારિત્રવ્રતની સ્થિતિ પરિપૂર્ણ કરવાથી તેણે ઉચ્ચગોત્રનો પરાજય કર્યો. (૧૯૫)

દાન-લાભના અનિવારણથી તેણે અંતરાયનો જય કર્યો. એ રીતે ચારિત્રરાજે કર્મરાજાનું મૂળથી નિકંદન કર્યું. (૧૯૬)

પછી વિજયી શ્રીમાન્ ચારિત્રરાજે શાશ્વત સુખોથી દેદિપ્યમાન એવી નિર્વાણનગરીને પ્રાપ્ત કરી. (૧૯૭)

હે બળભદ્રરાજા ! તેના આદેશથી ભવ્યજીવોને પ્રતિબોધ

तत्त्वार्थरसिकामेनां, देशनां कर्मनाशिनीम् ।
श्रुत्वा संसारभीतः सन्, उवाच बलभद्रराट् ॥१९९॥

**तावदर्कभवस्तापो, यावच्छत्रं न तन्यते ।**
**तावद्भवस्य भीर्यावद्, न श्रुता धर्मदेशना ॥२००॥**

प्रभो ! देशविरत्याख्ये, यथा पुरि वसाम्यहम् ।
तथा कुरु गुरूपास्तेः, सर्वमल्पमिदं मम ॥२०१॥

क्रमात्तत्रोषितेनेशश्चारित्रो द्रक्ष्यते मया ।
तस्मादभीष्टसिद्धिर्मे, भवितैव महामते ! ॥२०२॥

ततो देशविरत्याख्यगुणान् देहि महामुने ! ।
ततोऽप्युवाच निर्ग्रन्थः, क्षमादिपुरुषोपमः ॥२०३॥

---

કરવામાં પરાયણ એવો હું યથાવિધિ ભ્રમણ કરું છું. (૧૯૮)

આ પ્રમાણે તત્ત્વાર્થથી રસિક આ કર્મનાશિની દેશના સાંભળીને બલભદ્રરાજા સંસારથી ભય પામીને બોલ્યો કે, (૧૯૯)

**"જ્યાં સુધી છત્ર ન હોય ત્યાં સુધી સૂર્યનો તાપ લાગે, તેમ જ્યાં સુધી ધર્મદેશનાનું શ્રવણ ન કર્યું હોય ત્યા સુધી જ સંસારનો ભય લાગે છે. (૨૦૦)**

તો હે પ્રભો ! હું જેમ દેશવિરતિ નામના નગરમાં રહી શકું તેમ કરો. **ગુરુની ઉપાસના કરતાં આ બધું મને અલ્પ લાગે** છે. (૨૦૧)

ત્યાં રહીને હું અનુક્રમે ચારિત્રરાજાને જોઈ શકીશ. અને તેથી હે મહામતે ! મને અવશ્ય ઈષ્ટસિદ્ધિ થશે. (૨૦૨)

માટે હે મહામુનિ ! મને દેશવિરતિના ગુણો આપો. આ પ્રમાણે સાંભળીને ક્ષમાદિકથી પુરુષોત્તમ એવા તે નિર્ગ્રંથ બોલ્યા કે, (૨૦૩)

सम्यक्त्वपूर्वकं पञ्चाऽणुव्रतानि गुणास्त्रयः ।
शिक्षाव्रतानि चत्वारि, व्रतान्येतानि गेहिनाम् ॥२०४॥

श्रुत्वेदं स सम्यक्त्वेन, पूर्वकं गृहमेधिनाम् ।
व्रतानि द्वादशाऽगृह्णाद्, महाबलनिदेशतः ॥२०५॥

तद्वदन्येऽपि भावेन, जगृहुर्द्वादशव्रतीम् ।
सम्यक्श्रद्धानसंशुद्धा, **यथा राजा तथा प्रजा** ॥२०६॥

प्रतिज्ञेयमभूत् तेषां, सप्तानामपि धीमताम् ।
अन्यैरपि हि तत्कार्यं, यद्येकः कुरुते तपः ॥२०७॥

ते सर्वेऽथ चतुर्थादि, कर्मग्रन्थविभेदकृत् ।
चतुर्थपुरुषार्थस्य, कारणं तेपिरे तपः ॥२०८॥

"સમ્યક્ત્વપૂર્વક પાંચ અણુવ્રત, ત્રણગુણવ્રત, ચાર શિક્ષાવ્રત એ બાર વ્રત ગૃહસ્થોને ઉચિત છે." (૨૦૪)

તે સાંભળીને મહાબલમુનિના નિર્દેશથી સમ્યક્ત્વપૂર્વક શ્રાવકના બારવ્રત તેણે અંગીકાર કર્યા. (૨૦૫)

એટલે સમ્યક્શ્રદ્ધાથી શુદ્ધ અન્યલોકોએ પણ ભાવથી બારવ્રત અંગીકાર કર્યા. **કારણ કે જેવો રાજા તેવી પ્રજા હોય છે.** (૨૦૬)

પછી તે સાતે ધીમંત મુનિઓએ એવી પ્રતિજ્ઞા કરી કે, "જે પ્રમાણે એક તપ કરે તે પ્રમાણે બીજા બધાએ પણ તે તપ કરવો." (૨૦૭)

પછી તે સર્વે કર્મગ્રંથીને ભેદનાર અને ચોથા પુરુષાર્થના (=મોક્ષ) કારણભૂત ઉપવાસાદિ તપ એકસરખી રીતે કરવા લાગ્યા. (૨૦૮)

अद्य दुष्यति मे मूर्धा, दुष्यत्यद्य ममोदरम् ।
वर्ततेऽद्याऽरुचिः प्राज्यरसवीर्यविपाकतः ॥२०९॥

अद्याहारस्य नामापि, सर्वथा न सुखायते ।
अथोद्गारैर्मुखं वाऽपि, कटुकैः कटुकैरिव ॥२१०॥

व्यपदिश्येति राजर्षिः, स्वस्याऽधिकफलेच्छया ।
पारणाहेऽपि नाऽभुङ्क्त, मायया तान् ववञ्च सः ॥२११॥

भूयसा तपसा शश्वद्, मायामिश्रेण सर्वतः ।
स्त्रीवेदकर्म सोऽबध्नाद्, महाबलमहामुनिः ॥२१२॥

अर्हद्भक्त्यादिभिः स्थानैर्विंशत्या नृपसंयमी ।
तीर्थकृन्नामकर्मोच्चैर्धीमानर्जितवानिति ॥२१३॥

---

તેઓને મહાબલ રાજર્ષિ કહેતા કે, "આજે મારૂં મસ્તક દુઃખે છે, આજે મારા પેટમાં પીડા થાય છે. આજે પ્રાજ્યરસ અને વીર્યના વિપાકની મને અરૂચિ છે. (૨૦૯)

આજે તો આહારનું નામ લેવું પણ મને ગમતું નથી. આજે કડવા ઓડકારથી-કટુપદાર્થોની જેમ મારૂં મુખ બગડી ગયું છે." (૨૧૦)

એ સમયે મહાબલ રાજર્ષિ અધિકફળ મેળવવાની લાલસાથી પારણાના દિવસે પણ બીજા મુનિઓને માયાથી છેતરીને પોતે આહાર ન કરતા. (૨૧૧)

આ રીતે માયાથી તેમને છેતરીને નિરંતર બીજાથી વધુ તપ કરવા છતાં પણ તે મહાબલ મહાર્ષિએ સ્ત્રીવેદરૂપ કર્મ બાંધ્યું. (૨૧૨)

પછી તે ધીમાન રાજર્ષિએ જિનભક્તિ આદિ વીશસ્થાનક

अर्हतां प्रतिमाऽऽर्चाभिरर्हतां स्तवनादिभिः ।
एकमर्जितवान् स्थानमवर्णादिनिवारणैः ॥२१४॥

सिद्धिस्थानेषु सिद्धानामुत्सवैः प्रतिजागरैः ।
एकत्रिंशत्सिद्धगुणकीर्तनैश्च द्वितीयकम् ॥२१५॥

प्रवचनोन्नतेः सम्यग्, ग्लानबालादिसाधुषु ।
अनुग्रहमनोज्ञायाः, स्थानमेतत् तृतीयकम् ॥२१६॥

गुरूणामञ्जलेर्बन्धाद्वस्त्राहारादिदानतः ।
असमाधिनिषेधेन, स्थानमेतत् तुरीयकम् ॥२१७॥

---

તપથી શુભ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. (૨૧૩)

**કરે વીશ સ્થાનકતપની આરાધના.**
**કરે તીર્થંકર નામકર્મ ઉપાર્જના.**

શ્રીજિનેશ્વરોની પ્રતિમાની અર્ચા, તેમની સ્તવના તથા અવર્ણવાદ નિવારવાથી તેમણે **પ્રથમસ્થાનનું** આરાધન કર્યું. (૨૧૪)

સિદ્ધિસ્થાનમાં રહેલા સિદ્ધોના ઉત્સવ, પ્રતિજાગરણ અને સિદ્ધના એકત્રીશગુણોની સ્તવનાથી **બીજા સ્થાનક**ની ઉપાસના કરી. (૨૧૫)

ગ્લાન-બાળ વિગેરે સાધુઓ ઉપર અનુગ્રહ કરવા વડે મનોજ્ઞ એવી પ્રવચનની સમ્યગ્ ઉન્નતિ કરવાથી **ત્રીજું સ્થાનક** આરાધ્યું. (૨૧૬)

ગુરુમહારાજ સન્મુખ અંજલિ જોડવાથી, તેમને વસ્ત્ર, આહારાદિક આપવાથી અને તેમની અસમાધિ દૂર કરવાથી **ચોથું સ્થાનક** સેવ્યું. (૨૧૭)

स्थविरा द्विविधा प्रोक्ता, वयसा सुगुणैरपि ।
तेषां भक्तिविधानेन, पञ्चमं स्थानकं विदुः ॥२१८॥

बहुश्रुतानां ग्रन्थाऽर्थवेदिनां तत्त्वशालिनाम् ।
प्राशुकाऽन्नादिदानेन, षष्ठं स्थानमुदीरितम् ॥२१९॥

तपस्विनां सदोत्कृष्टतपः कर्मस्थिरात्मनाम् ।
विश्रामणादिवात्सल्यात्, सप्तमं स्थानमिष्यते ॥२२०॥

ज्ञानोपयोगसातत्यं, द्वादशाङ्गाऽऽगमस्य च ।
सूत्रार्थोभयभेदेन, स्थानं ननु तदष्टमम् ॥२२१॥

शङ्काविहीनं स्थैर्यादिसहितं दर्शनं स्मृतम् ।
शमादिलक्षणं यत्तु, स्थानकं नवमं मतम् ॥२२२॥

---

અવસ્થા (પર્યાય, વયસ્થવિર) અને સુગુણોથી (જ્ઞાનસ્થવિરની) એમ દ્વિવિધ સ્થવિરોની ભક્તિ કરવાથી **પાંચમું સ્થાનક** આરાધ્યું. (૨૧૮)

બહુશ્રુત, ગ્રંથાર્થના જ્ઞાતા, તત્ત્વવેત્તા મુનિઓને પ્રાસુક અન્નાદિ આપવાથી **છઠ્ઠું સ્થાનક** આરાધ્યું. (૨૧૯)

સદા ઉત્કૃષ્ટ તપકર્મમાં સ્થિર તપસ્વીઓને વિશ્રાંતિ મળે તેવી રીતે તેમનું વાત્સલ્ય કરવાથી **સાતમું સ્થાનક** આરાધ્યું. (૨૨૦)

બારઅંગરૂપ આગમના સૂત્ર, અર્થને ઉભયભેદથી જ્ઞાનોપયોગમાં સતત રમણતા કરવાવડે **આઠમું સ્થાનક** આરાધ્યું. (૨૨૧)

શંકારહિત, સ્થૈર્યાદિયુક્ત, શમાદિ લક્ષણોથી લક્ષિત એવું સમ્યક્ત્વરૂપ **નવમું સ્થાનક** આરાધ્યું. (૨૨૨)

જ્ઞાનથી, દર્શનથી, ચારિત્રથી ઉપચારથી જે ચાર પ્રકારનો

विनयो यश्चतुर्भेदो, ज्ञानाद् दर्शनतोऽपि च ।
चारित्रादुपचाराच्च, स्थानं तद् दशमं मतम् ॥२२३॥

आवश्यकं भवेत् स्थानमेकादशमिदं पुनः ।
इच्छादिदशधा या सा, सामाचारी जिनोदिता ॥२२४॥

शीलव्रतं विशुद्धं यद्, नवगुप्तिनियन्त्रितम् ।
तत्पाल्यं निरतीचारं, स्थानं तद् द्वादशं भवेत् ॥२२५॥

त्रयोदशमिदं स्थानं, क्षणे क्षणे लवे लवे ।
शुभध्यानस्य करणं, प्रमादपरिवर्जनात् ॥२२६॥

तपो विधीयते शक्त्या, बाह्याभ्यन्तरभेदतः ।
असमाधिपरित्यागात्, स्थानमुक्तं चतुर्दशम् ॥२२७॥

त्यागोऽतिथिसंविभागः, शुद्धान्नोदकदानतः ।
तपस्विनां स्वयं शक्त्या, स्थानं पञ्चदशं तु तत् ॥२२८॥

---

વિનય ગણાય છે, તેના સેવનથી **દશમા સ્થાનક**ની આરાધના કરી. (૨૨૩)

જિનકથિત ઇચ્છાકાર-મિથ્યાકારાદિ દશવિધ સામાચારીના આસેવનથી **અગ્યારમું સ્થાનક** આરાધ્યું. (૨૨૪)

નવગુપ્તિથી નિયંત્રિત એવું વિશુદ્ધશીલ નિરતિચારપણે પાળવા દ્વારા **બારમું સ્થાનક** આરાધ્યું. (૨૨૫)

પ્રમાદનો ત્યાગ કરી ક્ષણે ક્ષણે અને લવે લવે શુભધ્યાન કરવાવડે **તેરમું સ્થાનક** આરાધ્યું. (૨૨૬)

અસમાધિના ત્યાગપૂર્વક બાહ્ય-અભ્યંતર ભેદથી યથાશક્તિ તપ કરવાદ્વારા **ચૌદમું સ્થાનક** આરાધ્યું. (૨૨૭)

તપસ્વી મુનિઓને શુદ્ધ આહાર, પાણી આપીને યથાશક્તિ

वैयावृत्त्यं तु गच्छस्य, बालादिदशभेदतः[1] ।
भक्तविश्रामणाद्यैः स्यात्, स्थानं षोडशकं किल ॥२२९॥

समाधिः सर्वलोकस्य, पीडादिकनिवारणात् ।
मनःसमाधिजननं, स्थानं सप्तदशं भवेत् ॥२३०॥

अपूर्वज्ञानग्रहणात्, सूत्रार्थोभयभेदतः ।
अष्टादशमिदं स्थानं, सर्वज्ञैः परिभाषितम् ॥२३१॥

श्रुतभक्तिः पुस्तकानां, लेखनादिषु कर्मसु ।
व्याख्याव्याख्यापनैरेकोनविंशं स्थानकं भवेत् ॥२३२॥

प्रभावनाप्रवचने, विद्यावादनिमित्ततः ।
शासनस्योन्नतेर्या स्यात्, स्थानं विंशतिसंज्ञकम् ॥२३३॥

---

અતિથિસંવિભાગ કરવાવડે **પંદરમું સ્થાનક** આરાધ્યું. (૨૨૮)

બાળ વિગેરે દશભેદયુક્ત ગચ્છની આહારવડે ભક્તિ અને બહુમાનાદિ વડે વૈયાવચ્ચ કરીને **સોળમું સ્થાનક** આરાધ્યું. (૨૨૯)

પીડાદિકના નિવારણથી સર્વજીવોને શરીરસંબંધી અને મનસંબંધી સમાધિ આપવાવડે **સત્તરમું સ્થાનક** આરાધ્યું. (૨૩૦)

સૂત્ર, અર્થ-ઉભયભેદથી અપૂર્વ (નવા-નવા) જ્ઞાનનું ગ્રહણ કરવાવડે **અઢારમું સ્થાનક** આરાધ્યું. (૨૩૧)

પુસ્તકો લખાવવા વિગેરેથી અને તેની શુદ્ધ વ્યાખ્યા વિગેરે કરવાથી શ્રુતભક્તિરૂપ **ઓગણીશમું સ્થાનક** આરાધ્યું. (૨૩૨)

વિદ્યા, વાદ કે નિમિત્તાદિથી શાસનની ઉન્નતિ કે પ્રભાવના કરવા દ્વારા **વીશમું સ્થાનક** આરાધ્યું. (૨૩૩)

---

१. 'भेदिनः' इत्यपि ।

एकैकं तीर्थकृन्नामकर्मबन्धस्य कारणम् ।
सर्वैराराधितैरेभिस्तद् बबन्ध स संयमी ॥२३४॥

पूर्वलक्षचतुरशीत्यायुष्को नृपसंयमी ।
पर्यन्तमात्मनो ज्ञात्वा, व्यधादाराधनामिति ॥२३५॥

अकालविनयाद्यैर्यो, ज्ञानाचारेऽष्टरूपिणि ।
अतीचारः कृतस्तत्र, स्याद् मिथ्या दुष्कृतं मम ॥२३६॥

अष्टधा दर्शनाऽऽचारे, भेदैर्निःशङ्कितादिभिः ।
योऽतीचारः कृतस्तत्र, भूयाद् मे दुष्कृतं खलु ॥२३७॥

समितिभिः पञ्चभिश्च, गुप्तिभिस्तिसृभिर्वृतम् ।
पालितं यद् न चारित्रं, तत्र मे दुष्कृतं तथा ॥२३८॥

---

આ વીશસ્થાનકોમાં એક એક સ્થાનક પણ તીર્થંકર નામકર્મના કારણરૂપ થાય છે. પંરતુ **મહાબલ રાજર્ષિએ તો એ સર્વસ્થાનકોના આરાધનાથી તે કર્મ ઉપાર્જન કર્યું.** (૨૩૪)

પછી ચોરાશી લાખપૂર્વ આયુષ્યનો અંતસમય જાણીને તે મહર્ષિએ આ પ્રમાણે આરાધના કરી. (૨૩૫)

કાલવિનયાદિક આઠ પ્રકારનો જ્ઞાનાચારમાં જે અતિચાર લાગ્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. (૨૩૬)

વળી નિઃશંકિતાદિ આઠ પ્રકારના દર્શનાચારમાં જે અતિચાર લાગ્યો હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. (૨૩૭)

પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિપૂર્વક જે ચારિત્ર ન પાળ્યું તે મારૂં ચારિત્રાચાર સંબંધી દુષ્કૃત મિથ્યા થાઓ, (૨૩૮)

બાહ્ય-અભ્યંતર બાર પ્રકારના તપમાં જે અતિચાર લાગ્યા

तपसि द्वादशभेदे, बाह्याभ्यन्तरभेदतः ।
योऽतीचारः कृतस्तत्र, मिथ्या मे दुष्कृतं भवेत् ॥२३९॥

निगूहितं बलं यच्च, धर्मानुष्ठानकर्मसु ।
तमहं भावतो वीर्याचारं निन्दामि सर्वतः ॥२४०॥

त्रसानां स्थावराणां च, या हिंसा प्राणिनां कृता ।
क्रोधादिभिः कषायैश्च, यदलीकं मयोदितम् ॥२४१॥

यत् क्वापि भूरि वाऽल्पं च, परद्रविणमादृतम् ।
तैरश्चं दिव्यमानुष्ये, यन्मैथुनमकारि च ॥२४२॥

लोभोद्रेकाद् मयाऽकारि, बहुभेदपरिग्रहः ।
प्रत्यक्षं सर्वसिद्धानां, सर्वं निन्दामि तत् त्रिधा ॥२४३॥ युग्मम्

प्राणिघातो मृषावादोऽदत्तादानं च मैथुनम् ।
परिग्रहस्तथा कोपो, मानो माया च लोभकः ॥२४४॥

---

હોય તે મારૂં દુષ્કૃત મિથ્યા થાઓ. (૨૩૯)

ધર્માનુષ્ઠાન કરવામાં જે બળ છુપાવ્યું-ગોપવ્યું તે વીર્યાતિચારને હું ભાવથી સર્વપ્રકારે નિંદુ છું. (૨૪૦)

ત્રસ અને સ્થાવરજીવોની જે જે હિંસા કરી હોય, ક્રોધાદિ કષાયોથી જે અસત્ય બોલાયું હોય (૨૪૧)

અલ્પ કે વધારે કાંઈ પરદ્રવ્ય લીધું હોય, તિર્યંચ મનુષ્ય કે દેવસંબંધી જે મૈથુન સેવ્યું હોય, (૨૪૨)

લોભની પ્રચુરતાથી બહુભેદે પરિગ્રહ કર્યો હોય-તે સર્વ સિદ્ધોની સમક્ષ ત્રિવિધ ત્રિવિધ હું નિંદુ છું. (૨૪૩)

પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ-માન-માયા-લોભ, રાગ, દ્વેષ, અભ્યાખ્યાન, કલહ, પૈશુન્ય, રતિ-

रागो द्वेषो रत्यरत्याभ्याख्यानं कलहस्तथा ।
पैशुन्यं परिवादश्च, मायासूनृतमेव च ॥२४५॥

मिथ्यादर्शनशल्यं च, भवसन्ततिकारणम् ।
अमून्यष्टादशाऽवद्यस्थानानि व्युत्सृजाम्यहम् ॥२४६॥

एकेन्द्रियादिका जीवा, ये केचन भवाम्बुधौ ।
भ्रमता पीडितास्त्रैधं, तान् क्षमयामि शुद्धहृत् ॥२४७॥

यच्चक्रे पापशास्त्रादि, तद् निन्दामि समाहितः ।
शीलं यत् पालितं शुद्धं, तदभिष्टौमि तत्त्वतः ॥२४८॥

ग्लानानां यत्समाचीर्णं, वैयावृत्त्यादिकं मया ।
षड्विधावश्यकं शुद्धं, यच्चक्रे तत् स्तवीम्यहम् ॥२४९॥

शरणं मम तीर्थेशाः, सिद्धाश्च शरणं मम ।
साधवः शरणं सर्वे, धर्मः शरणमार्हतः ॥२५०॥

---

અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ અને ભવસંતતિના કારણરૂપ મિથ્યાત્વશલ્ય એ અઢાર પાપસ્થાનોનો હું ત્યાગ કરૂં છું. (૨૪૪-૨૪૬)

ભવસાગરમાં ભમતાં મેં એકેન્દ્રિયાદિક જે જીવોને સતાવ્યા હોય તે સર્વને શુદ્ધ હૃદયથી ખમાવું છું. (૨૪૭)

જે પાપાધિકરણ કર્યા હોય તેને સાવધાન બની નિંદુ છું. તત્ત્વથી જે શુદ્ધશીલ પાળ્યું હોય તેની અનુમોદના કરૂં છું. (૨૪૮)

ગ્લાન સાધુઓનું જે વૈયાવચ્ચ કર્યું હોય અને છ પ્રકારનું જે આવશ્યક આચર્યું હોય તેની અનુમોદના કરુ છું. (૨૪૯)

શ્રીજિનેશ્વર, સિદ્ધ-સાધુ-આર્હતધર્મનુ જ મારે શરણ છે. (૨૫૦)

उपधिं देहमाहारमुच्छ्वासेनान्तिमेन च ।
त्रिविधं व्युत्सृजाम्युच्चैर्निर्ममत्वविभूषितः ॥२५१॥

ये जानन्ति जिनाः सम्यगपराधान् मया कृतान् ।
तान् भूरिभावतः सर्वान्, गर्हेऽहं सिद्धसाक्षिकम् ॥२५२॥

एष जीवः कियत् पापं, छद्मस्थः स्मरति स्वयम् ।
यदहं न स्मराम्यत्र, मिथ्या दुष्कृतमस्तु तत् ॥२५३॥

वर्तमानजिनेन्द्राणां, सिद्धानां च पुरस्सरम् ।
प्राक् कृतं दुष्कृतं सर्वं, निन्दामि व्युत्सृजामि च ॥२५४॥

शुभध्यानपरो मृत्वा, नमस्कारपरायणः ।
भासुरे वैजयन्त्याख्ये, विमाने जातवान् सुरः ॥२५५॥

---

નિર્મમતાથી વિભૂષિત થઈ હું ઉપધિ અને આહારનો તથા અંતિમશ્વાસ પછી આ દેહને પણ ત્રિવિધે વોસિરાવું છું. (૨૫૧)

મારા કરેલા અપરાધોને શ્રીજિનેશ્વરો સમ્યક્ પ્રકારે જાણે છે તે સર્વ અપરાધોને ભૂરિભાવથી સિદ્ધનીસાક્ષીએ ગર્હા કરૂ છું. (૨૫૨)

છદ્મસ્થ એવો આ જીવ પોતે કરેલું પાપ કરેલું યાદ કરી શક ? માટે જે મારા સ્મરણમાં નથી એવું મારૂં દુષ્કૃત પણ મિથ્યા થાઓ (૨૫૩)

વર્તમાન જિનેશ્વરો અને સિદ્ધોની સમક્ષ પૂર્વકૃત સર્વ દુષ્કૃતને હું નિંદું છું અને તેનો ત્યાગ કરૂં છું. (૨૫૪)

આ રીતે શુભધ્યાન, નમસ્કાર પરાયણ, મરણ પામીને મહાબલ રાજર્ષિ વૈજયંત નામના દેદીપ્યમાન બીજા અનુત્તર વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. (૨૫૫)

अन्येऽपि मुनयः कृत्वाराधनां पावनाशयाः ।
तस्मिन्नेव विमानेऽगुः, पूर्वं सङ्केतिता इव ॥२५६॥

षडपि मुनय एते भावनापावनान्तः-
करणकमलभाजो ज्ञातसिद्धान्ततत्त्वाः ।
सुगुरुचरणसेवालब्धकीर्तिप्रचाराः
सुरसदनमगच्छन् वैजयन्ताभिधानम् ॥२५७॥

**इत्याचार्यश्रीविनयचन्द्रसूरिविरचिते श्रीमल्लिनाथस्वामिचरिते महाकाव्ये विनयाङ्केऽन्तरङ्गदेशनागर्भितः प्रथम-द्वितीयभवव्यावर्णनो नाम तृतीयः सर्गः ॥**

---

પવિત્ર આશયવાળા અન્યમુનિઓ પણ આરાધના કરીને જાણે પૂર્વે સંકેત કર્યો હોય તેમ તેજ વિમાનમાં દેવ થયા. (૨૫૬)

અર્થાત્ ભાવનાથી પવિત્ર અંતઃકરણરૂપ કમળવાળા, સિદ્ધાંતના તત્ત્વને જાણનારા, સુગુરુચરણસેવાથી વિશાળ કીર્તિ પ્રાપ્ત કરનારા એવા તે છએ મુનિઓ વૈજયંત નામના વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. (૨૫૭)

**આચાર્ય વિજય શ્રીવિનયચંદ્રસૂરિ વિરચિત શ્રીમલ્લિનાથ-ચરિત્ર મહાકાવ્યમાં વૈરાગ્યયુક્ત દેશના ગર્ભિત-મહાબલાદિ રાજર્ષિની આરાધના યુક્ત પહેલાં-બીજા ભવના વર્ણન સ્વરૂપ ત્રીજો સર્ગ પૂરો થયો.**

## अथ चतुर्थः सर्गः ।

जिनानामिव नाभेयः, सरसामिव मानसम् ।
तरूणामिव कल्पद्रुर्भरतश्चक्रिणामिव ॥१॥

देवानामिव सुत्रामा, ग्रहाणामिव भास्करः ।
द्वीपानामादिमो द्वीपो, जम्बूद्वीपोऽस्ति विश्रुतः ॥२॥ युग्मम्

---

# ચોથો સર્ગ

## ચોથાસર્ગમાં પ્રદર્શિત શ્રીમલ્લિનાથપ્રભુના જન્મકલ્યાણકનું વર્ણન.

(જંબૂદ્વીપ-ભરતક્ષેત્ર-વિદેહદેશ-મિથિલા નગરી-કુંભરાજાની-પ્રભાવતી રાણીની કુક્ષીમાં મહાબલદેવનું સ્ત્રીપણે ઉત્પન્ન થવું-પ્રભાવતીરાણીએ જોયેલા ૧૪ મહાસ્વપ્ન-સ્વપ્નવર્ણન-કુંવરીનો જન્મ-છપ્પનદિશાકુમારીઓએ કરેલ પ્રસૂતિકર્મ-સૌધર્મેન્દ્રનું આસનકંપ-પ્રભુજન્મકલ્યાણક ઉજવવા મર્ત્યલોકે અવતરણ-પ્રભુને લઈ મેરૂપર્વત ઉપર આગમન-અન્ય સર્વ ઈંદ્રાદિનું આગમન-જન્માભિષેક મહોત્સવ-ઈંદ્રમહારાજએ કરેલી સ્તવના-પ્રભુને સ્વસ્થાને સ્થાપી નંદીશ્વરદ્વીપે ગમન-અઠ્ઠાઈમહોત્સવ કરી સ્વસ્થાને પ્રસ્થાન-પ્રાતઃસમયે કુંભરાજાને મળેલી વધામણી-તેણે કરેલ જન્મમહોત્સવ-પ્રભુનો બાલ્યાવસ્થામાંથી યૌવનાવસ્થામાં પ્રવેશ-પ્રભુના રૂપવૈભવનું વર્ણન,)

શ્રીજિનેશ્વરોમાં શ્રીઋષભદેવ, સરોવરોમાં માનસરોવર, વૃક્ષોમાં કલ્પવૃક્ષ, ચક્રવર્તીઓમાં ભરતેશ્વર, દેવોમાં ઇંદ્ર અને ગ્રહોમાં સૂર્યની જેમ સર્વદ્વીપોમાં મુખ્ય એવો **જંબૂદ્વીપ** નામે પ્રખ્યાતદ્વીપ છે. (૧-૨)

तत्राऽस्ति भरतक्षेत्रं, क्षेत्रवत् प्राज्यविस्तरम् ।
बहुधान्यायसामर्थ्यं, यतः प्रसरति क्षितौ ॥३॥

विदेहविषयस्तत्र, ग्रामाकरपुराकुलः ।
नोपमानं नोपमेयमन्येषां दधते श्रिया ॥४॥

निधानानीव पुण्यानां, कुण्डानीव यशोऽर्णसाम् ।
प्रतिग्रामं प्रतिपुरं, यत्र चैत्यानि रेजिरे ॥५॥

यत्र ग्रामाः पुरायन्ते, स्वर्गायन्ते पुराण्यपि ।
उपमानविहीनानि, नगराणि गुरूणि तु ॥६॥

तत्राऽस्ति मिथिला नाम, नगरी श्रीगरीयसी ।
श्वस्तनीवचनानीव, गुणिन्यो यत्र योषितः ॥७॥

---

ત્યાં અત્યંત વિશાળ ભરતક્ષેત્ર છે. જ્યાં ક્ષેત્રની જેમ બહુધાન્ય સામર્થ્ય (બહુન્યાય સામર્થ્ય) પૃથ્વી પર વિસ્તાર પામે છે. (૩)

તે ક્ષેત્રમાં ગ્રામ-આકર-પુરથી વ્યાપ્ત એવો વિદેહ નામે દેશ છે. જે દેશ શોભા અને લક્ષ્મીમાં અન્ય દેશના ઉપમાન કે ઉપમેયને ધારણ કરતો નથી. (૪)

જ્યાં પુણ્યના નિધાનરૂપ, યશરૂપીજલના કુંડસમાન ચૈત્યો દરેક ગ્રામ અને નગરમાં શોભી રહ્યા છે. (૫)

જ્યાં ગામો તે નગરો જેવા અને નગરો તે સ્વર્ગ જેવા લાગે છે. જ્યાં મોટાનગરો તો ઉપમારહિત જ છે. (૬)

ત્યાં લક્ષ્મીથી ગરિષ્ઠ એવી મિથિલાનગરી છે. જ્યાં શ્વસ્તનકાળના વચનોની જેમ સ્ત્રીઓ બધી ગુણવંતી છે. (૭)

જ્યાં ચૈત્યોમાં ધૂપવેળાએ થતી ધૂપની શ્રેણીથી આકાશમા

यच्चैत्यधूपवेलोत्थधूमवल्लीभिरम्बरे ।
अयत्नपटवासत्वं, खेचरीणां वितन्यते ॥८॥

दधाना जगतीं श्लाघ्यास्तु रङ्गैः शुभदर्शनैः ।
प्रासादा यत्र राजन्ते, मत्तवारणभासुराः ॥९॥

यस्यां गणकृतं व्यर्थं, शास्त्रेष्वेव निशम्यते ।
विद्वद्गणकृतं विष्वक्, **प्रमाणं जिनवाक्यवत्** ॥१०॥

कुम्भभूर्वैरिगर्वाब्धेः, कुम्भः कीर्तिसुधाम्भसः ।
तत्राभूद् भूपतिः कुम्भः, कामकुम्भ इवार्थिनाम् ॥११॥

सश्रीके यस्य खड्गाब्धौ, शङ्खशीतांशुपुष्करे ।
कीर्तयः प्रत्यनीकानां, निपेतुर्निम्नगा इव ॥१२॥

---

વિદ્યાધરીઓના વસ્ત્રો વિના પ્રયત્ને સુગંધી થયા કરે છે. (૮)

ફરતા કોટવાળા, રંગ અને સારાદેખાવથી પ્રશંસનીય અને સુંદર વેદિકાથી દેદીપ્યમાન એવા પ્રાસાદો જ્યાં શોભી રહ્યા છે. (૯)

જ્યાં ગણકૃતકાર્ય શાસ્ત્રોમાં જ વ્યર્થ સંભળાતું, પણ સુજ્ઞ-ગણકૃત કાર્ય તો જિનવચનની જેમ સર્વત્ર પ્રમાણ જ ગણાતું હતું. (૧૦)

તે નગરમાં વૈરીના ગર્વરુપ સાગરને અગસ્ત્ય ઋષિ સમાન, કીર્તિરુપ અમૃતરસના કુંભ સમાન અને યાચકોને કામકુંભ સમાન કુંભનામે રાજા રાજ્ય કરતો હતો. (૧૧)

જેના લક્ષ્મીયુક્ત, શંખ, ચંદ્ર, પદ્મના ચિન્હવાળા તલવાર-રૂપ સાગરમાં શત્રુઓની કીર્તિ નદીઓની જેમ આવી આવીને પડતી હતી. (૧૨)

भ्रमन्त्याः शेषकैलासविधुव्याजाद् जगत्त्रये ।
यत्कीर्तेश्चन्द्रिका कान्तेर्वाऽसुकः स्थानभूरभूत् ॥१३॥

यत्खड्गः समितौ स्वर्गिमुक्तामुभयतः स्त्रजम् ।
समासाद्य दधौ कक्षान्वितदन्ताबलश्रियम् ॥१४॥

वक्त्रप्रभापराभूतपार्वणेन्दुः प्रभावती ।
सतीमतल्लिका तस्य, जज्ञे देवी प्रभावती ॥१५॥

तस्याः शीलमनश्लीलं लोकंप्रीणा गुणा अपि ।
रूपं सुरूपमुर्वश्याः, वाचोऽपि च सुधामुचः ॥१६॥

सुविस्तीर्णनितम्बश्रीर्या चचार शनैः शनैः ।
मत्पतेर्धृतभूपीठभारो मा भूद् महानिति ॥१७॥

---

શેષનાગ, કૈલાસ તથા ચંદ્રના બ્હાનાથી ત્રણે લોકમાં ભ્રમણ કરતી અને ચંદ્રિકા સમાન કાંતિયુક્ત જેની કીર્તિનું સમસ્ત વિશ્વ જ નિવાસસ્થાન હતું. (૧૩)

સમરાંગણમાં દેવતાઓ ચારેકોરથી નાંખેલી પુષ્પમાળાને પામીને જે-રાજાનું ખડ્ગ (તલવાર) બંધન રજ્જુથીયુક્ત હાથીની શોભાને ધારણ કરી રહ્યું છે. (૧૪)

મુખની કાંતિથી પૂર્ણિમાનાં ચંદ્રને પરાભવ પમાડનારી, સતીઓમાં શિરોમણિ, પ્રભાવયુક્ત પ્રભાવતી નામની તે રાજાને રાણી છે. (૧૫)

તે રાણી નિર્મલશીલધારિણી હતી. લોકોને આનંદ ઉપજાવે તેવા ગુણને ધારણ કરનારી, ઉર્વશીના રૂપસમાન રૂપવાળી અને જેની અમૃત જેવી મધુરવાણી હતી. (૧૬)

મારા પતિને પૃથ્વીને ધારણ કરનારો ભાર વધારે ન લાગે

बुभुजे कुम्भभूपालो, भोगसौख्यं तया समम् ।
लक्ष्म्येव लक्ष्मीरमणः, शच्येव च शचीपतिः ॥१८॥

इतो महाबलस्याथ, जीवः पूर्णनिजस्थितिः ।
प्रच्युत्याऽच्युतसत्कर्मा, वैजयन्तविमानतः ॥१९॥

अश्वयुक्संस्थिते चन्द्रे, क्रूरग्रहविवर्जिते ।
फाल्गुनश्वेतचतुर्थ्यां, दिवसे विजयाभिधे ॥२०॥

श्रीमत्कुम्भनृपागारे, देव्याः कुक्षाववातरत् ।
कन्दरायां सुवर्णाद्रेः, कल्पोपपदशाखिवत् ॥२१॥ त्रिभिर्विशेषकम्

तदावतारयामिन्यां, सुखसुप्ता महासती ।
वीक्षाञ्चक्रे क्रमादेतान्, महास्वप्नान् प्रभावती ॥२२॥

---

એવા હેતુથી જ જાણે સુવિસ્તીર્ણ નિતંબથી શોભતી તે ધીરે ધીરે ચાલતી હતી. (૧૭)

લક્ષ્મીની સાથે કૃષ્ણ અને ઇંદ્રાણીની સાથે ઇંદ્રની જેમ તે કુંભરાજા તેની સાથે સાંસારિક ભોગસુખ ભોગવતા હતા. (૧૮)

## વૈજયંતવિમાનથી મહાબલજીવનું ચ્યવન.

હવે અખંડિત ભાગ્યવંત મહાબલનો જીવ પોતાનું દેવભવનું આયુષ્ય પૂર્ણ કરી વૈજયંત વિમાનથી ચ્યવીને (૧૯)

ક્રૂરગ્રહ રહિત લગ્ને, અશ્વિનીનક્ષત્રમાં ચંદ્રમાનો યોગ થતાં ફાગણ સુદ ચોથના વિજયનામના દિવસે (૨૦)

શ્રીમાન કુંભરાજાના ભવનમાં મેરૂગિરિની મધ્યભૂમિમાં કલ્પવૃક્ષની જેમ પ્રભાવતી રાણીની કુક્ષિએ અવતર્યો. (૨૧)

**દેવલોકથી પ્રભુનું ચ્યવન એટલે**

गोक्षीरधारागौराङ्गः, ककुद्मान् मदमेदुरः ।
उन्नदन् मधुरध्वानमानन्दं प्रोद्गिरन्निव ॥२३॥

चतुर्भिर्दशनैः शुभ्रैरुपायैरिव भूपतिः ।
करी मदरुचिः प्रेङ्खद्रोलम्बरवडम्बरी ॥२४॥

रज्यद्भिरिव काश्मीरैः, राजितः स्कन्धकेशरैः ।
केशरी सौम्यकामास्यः, शरलीकृतबालधिः ॥२५॥

*करीश्वरकरक्रोडस्वर्णकुम्भजलोर्मिभिः ।*
संसिच्यमानपुण्यद्रुरिव लक्ष्मीः पुरःस्थिता ॥२६॥

कल्पद्रुपारिजातादिप्रसूनस्तोमगुम्फितम् ।
दाम दामाऽच्छिन्नमिव, चञ्चलायाः सदा श्रियाः ॥२७॥

---

**ચારગતિરૂપ સંસારના કેદખાનામાંથી મુક્તિ.**

તે રાત્રે સુખે સુતેલી મહાસતી પ્રભાવતીએ અનુક્રમે ચૌદમહાસ્વપ્નો જોયા. (૨૨)

ગોક્ષીરધારા સમાનશ્વેત, પરિપુષ્ટ જાણે આનંદના ઉદ્ગાર કરતો હોય તેમ મધુર શબ્દ કરતો **વૃષભ**, (૨૩)

ભ્રમણકરતા ભમરાઓના ધ્વનિનું અનુકરણ કરતો મદોન્મત્ત અને ચાર ઉપાયયુક્ત રાજાની જેમ ચારશ્વેતદાંતથી શોભતો **હાથી**. (૨૪)

જાણે કુંકુમથી રંગેલા સ્કંધના કેશથી સુશોભિત, સૌમ્ય અને મનોહરમુખવાળો અને સરળપૂંછડાવાળો **કેશરીસિંહ**, (૨૫)

ગજેન્દ્રના હાથમાં રહેલા સુવર્ણકુંભની જળધારાથી સિંચન કરાતા પુણ્યવૃક્ષ સરખી સન્મુખ ઉપસ્થિત **લક્ષ્મીદેવી**, (૨૬)

કલ્પવૃક્ષ અને પરિજાતક વિગેરે પુષ્પોથી ગુંથેલી અને સદા

तन्वन् कुवलयोलासं, दृक्चकोरमुदं दिशन् ।
राजमानः करै राजा, पुण्यपादपदोहदः ॥२८॥

भाभिरुद्द्योतिताशेषदिक्चक्रश्चक्रबान्धवः ।
पूर्वाद्रिमौलिमाणिक्यपद्मिनीवनवल्लभः ॥२९॥

सुवर्णकिङ्किणीक्वाणैर्जगतोऽशेषसंपदः ।
व्याहरन्निव सद्वंशभ्राजिष्णुश्चपलो ध्वजः ॥३०॥

नीलाम्बरोऽम्बरेणेव, रोचिष्णुः प्रबलैर्दलैः ।
कामकुम्भः श्रियो देव्याश्चित्रं लीलाविलासभूः ॥३१॥

आकण्ठं पूर्णमम्भोभिः, सुधाकुण्डमिवापरम् ।
तापोपतापविध्वंसि, पद्मरम्यं सरोवरम् ॥३२॥

ચંચળ લક્ષ્મીની જાણે અખંડિતમાળા હોય તેવી **પુષ્પમાળા** (૨૭)

કુવલય (પૃથ્વીમંડળ)ના ઉલ્લાસને કરતો, દષ્ટિરૂપ ચકોરને આનંદ પમાડતો, કિરણોથી શોભતો અને પુણ્યવૃક્ષના દોહદરૂપ (૨૮)

કાંતિથી દિશામંડળને પ્રકાશિત કરનાર, પૂર્વાચળરૂપ મુગુટના માણિક્યરૂપ અને પદ્મિનીવનનો વલ્લભ એવો **સૂર્ય** (૨૯)

સુવર્ણની ઘુઘરીઓના અવાજથી જગતની સમસ્ત સંપત્તિને કહેતો, તથા સારા વંશ (દંડ)થી સુશોભિત એવો **ચપળધ્વજ**, (૩૦)

અંબર (વસ્ત્ર)થી જાણે નીલાંબર હોય એવો પ્રબલ પુષ્પદળથી સુશોભિત અને લક્ષ્મીદેવીનું જાણે વિચિત્ર વિલાસસ્થાન હોય તેવો **કામકુંભ**, (૩૧)

જળથી સંપૂર્ણ ભરપૂર, જાણે બીજો સુધાકુંડ હોય તેવું, તાપ

मर्यादोदयरोचिष्णुर्भ्राजिष्णुर्वाहिनीशतैः ।
सार्वभौमभ्रमं चिन्वन्, गम्भीरः सरिताम्पतिः ॥३३॥

गर्भजीवस्फुरत्प्राज्यहर्षव्यतिकरादिव ।
विमानमनुगं स्फूर्जत्किङ्किणीक्वाणभासुरम् ॥३४॥

किं रोहणं करे कृत्वा, किंवा रत्नाकरं पुनः ।
रत्नोच्चयः पुरः पुण्यसम्पदा प्राभृतीकृतः ॥३५॥

दधानो वैद्रुमीं भ्रान्ति, ज्वालामालाकरालितः ।
उद्यद्दिनेशसदृशो, निर्धूमश्च विभावसुः ॥३६॥

इत्येतान् हर्षकल्पद्रोः, सुमेरुगिरिकन्दरान् ।
प्रभावती महादेवी, दृष्ट्वा स्वप्नान् व्यबुध्यत ॥३७॥ पञ्चदशभिः कुलकम्

---

અને ઉપતાપનો નાશક, પદ્મોથી રમ્ય એવું **પદ્મ સરોવર**, (૩૨)

મર્યાદાપૂર્વકના ઉદયથી સુશોભિત, સેંકડો નદીઓથી વિરાજિત, ગંભીર તથા સાર્વભૌમના ભ્રમને કરનાર એવો **સાગર**, (૩૩)

ગર્ભમાં આવેલા જીવના સ્ફૂરાયમાન અતિશય હર્ષના વ્યતિરેકથી જાણે પાછળ આવ્યું હોય એવું અને ચલાયમાન ઘુઘરીના રણકારથી દેદીપ્યમાન **દેવવિમાન**, (૩૪)

જાણે રત્નાકર કે રોહણાચલને હાથમાં લઈને પુણ્યસંપત્તિએ ભગવંતની આગળ ભેટ ધરી હોય તેવો **રત્નરાશિ**, (૩૫)

વિદ્રુમની ભ્રાંતિને ધારણ કરનાર જ્વાળામાલાથી વ્યાપ્ત, ઉદય પામતા સૂર્ય સરખો અને નિર્ધૂમ એવો **અગ્નિ** (૩૬)

એ પ્રમાણે હર્ષરૂપી કલ્પવૃક્ષને મેરૂપર્વતની ભૂમિ સરખા ચૌદ સ્વપ્નોને જોઈને મહાદેવી પ્રભાવતી જાગૃત થયા. (૩૭)

**इतस्तत्र समागत्य, सर्वेऽपि त्रिदशेश्वराः ।**
**चलत्कुण्डलमाणिक्यरचितेन्द्रधनुर्द्युतः ॥३८॥**

किरीटस्पृष्टभूपीठा, नेत्रैर्नीलोत्पलैरिव ।
प्रभावतीं समभ्यर्च्य, पेठुस्तवनमीदृशम् ॥३९॥

प्रभावति ! नमस्तुभ्यं, प्रभावातिशयान्विते ! ।
सद्वृत्ताऽदोषतीर्थेशरत्नरोहणचूलिके ! ॥४०॥

प्रभावमहिमालास्यमौषधं सदृशां परम् ।
अनूपेऽम्बुनिपानं च, मरौ नद्यवतारणम् ॥४१॥

दरिद्राणां धनमिदं, प्रपा भवपथे नृणाम् ।
यत्त्वया त्रिजगन्नाथो, ध्रियते कुक्षिकन्दरे ॥४२॥ युग्मम्

---

## કરે ઇંદ્રો સ્તવના. પ્રભુમાતાની કરે અર્ચના.

એ અવસરે ચલાયમાન કુંડલના માણેકથી ઇંદ્રધનુષ્યની પ્રભાને પ્રગટ કરનાર, સર્વ પણ ઇંદ્રો ભૂપીઠ (પૃથ્વી) ઉપર આવી, પોતાના મુગટો નમાવી, જાણે નીલકમલ જેવા નેત્રોવડે પ્રભાવતીની અર્ચા (પૂજા) કરીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. (૩૮-૩૯)

પ્રભાવના અતિશય યુક્ત તથા સદાચાર અને તીર્થેશરૂપ રત્નની રોહણભૂમિરૂપ હે પ્રભાવતી માતા ! તમને નમસ્કાર થાઓ (૪૦)

તમે પ્રભાવને લીધે મહીમંડલના એક મુખરૂપ, સમ્યક્ત્વી જીવોના પરમ ઔષધરૂપ નિર્જલ પ્રદેશમાં એક જળાશયરૂપ, મરૂદેશમાં નદીના અવતરણરૂપ, દરિદ્રોને ધનરૂપ અને સંસારમાર્ગમાં મનુષ્યોને પરબરૂપ એવા ત્રણ જગતના નાથને કુક્ષિમાં ધારણ કરો છો. (૪૧-૪૨)

प्रभावतीमिति स्तुत्वा, द्वीपे नन्दीश्वराभिधे ।
कृत्वा महोत्सवं स्थानं, स्वं स्वमीयुः सुरोत्तमाः ॥४३॥

स्वप्नान्तादपि जाग्रत्या, प्रभावत्या महीपतेः ।
कथयामासिरे प्रातर्यथादृष्टममून्यथ ॥४४॥

ऋजुना मनसा स्वप्नान्, विचार्य क्षोणिनायकः ।
आचख्याविति ते देव्यपत्यरत्नं भविष्यति ॥४५॥

विशेषतस्त्वमीषां तु, फलं ज्ञातुं धरेश्वरः ।
आजूहवत् प्रतीहारात्, स्वप्नशास्त्रविशारदान् ॥४६॥

पार्वणेन्दुवदाऽऽनन्दसम्पादनकृतोद्यमाः ।
वंशगोरोचनापुण्ड्रा, आजग्मुः स्वप्नपाठकाः ॥४७॥

---

આ પ્રમાણે પ્રભાવતીમાતાની સ્તુતિ કરીને ઇંદ્રો નંદીશ્વરદ્વીપે જઈ ત્યાં અષ્ટાન્હિકા મહોત્સવ કરીને પોતપોતાના સ્થાને ગયા. (૪૩)

## સ્વપ્નનિવેદન કરતા માતાજી.

## સ્વપ્નફલાદેશ સુણી હરખાતા માતાજી.

હવે સ્વપ્ન જોયા પછી બાકીની રાત્રી જાગૃત અવસ્થામાં પસાર કરતી પ્રભાવતી દેવીએ પ્રભાતે જેવી રીતે સ્વપ્નો જોયા તે રાજાને નિવેદન કર્યા. (૪૪)

એટલે સરળમનથી તેનો વિચાર કરી રાજાએ કહ્યું કે, હે દેવી તમને ઉત્તમ પુત્રરત્નની પ્રાપ્તિ થશે. (૪૫)

પછી એ સ્વપ્નોનું વિશેષ ફળ જાણવા માટે રાજાએ પ્રતીહાર દ્વારા સ્વપ્નશાસ્ત્રમાં વિશારદ એવા પંડિતોને બોલાવ્યા. (૪૬)

એટલે પૂર્ણિમાના ચંદ્રની જેમ આનંદ પમાડવામાં તત્પર અને

आर्यवेदोद्भवान् मन्त्रानुच्चार्योद्दामया गिरा ।
उपाविक्षन्नासनेषु, मराला नलिनेष्विव ॥४८॥

आसयामास भूपालो, जायां जवनिकान्तरे ।
अथैषा न्यगदत् स्वप्नानाऽऽप्ततत्त्वयुजा गिरा ॥४९॥

स्वप्नान् द्वासप्ततिं राजन् !, प्रशस्तान् कोविदा विदुः ।
तन्मध्यात् त्रिंशतं तेषु, महास्वप्नांश्चतुर्दश ॥५०॥

अर्हतां चक्रिणां माता, चतुर्दशैव पश्यति ।
हरेर्माता तथा सप्त, चतुरः सीरिणोऽपि च ॥५१॥

अमुत्र भरतक्षेत्रे, जिना अष्टादशाऽभवन् ।
चक्रिणोऽष्टौ भरताद्याः, षट्खण्डभरतेश्वराः ॥५२॥

---

वंश गोरोचननी रेखाओ कपाळमां करेली छे एवा स्वप्नपाठको राजसभामां आव्या. (४७)

ઉચ્ચસ્વરે આર્યવેદના મંત્રોચ્ચાર કરતા કમળ ઉપર હંસની જેમ તેઓ આસન પર બેઠા. (૪૮)

પછી રાજાએ પડદાની અંદર પ્રભાવતીરાણીને બેસાડ્યા અને તેણે આપ્ત-તત્ત્વયુક્ત વાણીથી સ્વપ્નો પ્રકાશિત કર્યા. (૪૯)

એટલે સ્વપ્નપાઠકો બોલ્યા કે, હે રાજન્ ! ૭૨ સ્વપ્નો પ્રશસ્ત ગણાય છે. તેમાંથી ત્રીશ અને તેમાં પણ ચૌદ સ્વપ્ન મોટા ગણાય છે. (૫૦)

જિનેન્દ્ર અને ચક્રવર્તીની માતા એ ચૌદ સ્વપ્નો જુવે છે. વાસુદેવની માતા સાત અને બળદેવની માતા તેમાંના ચાર જુવે છે. (૫૧)

આ ભરતક્ષેત્રમાં અઢાર જિનેશ્વરો અને છ ખંડ ભરતક્ષેત્રના

एकोनविंशतीर्थेशजनिरुद्राव्यतेऽधुना ।
अथवा चक्रिणो राजन् !, नवमस्य हि साम्प्रतम् ॥५३॥

परितुष्टोऽथ भूनाथस्तद्वचःश्रवणादसौ ।
ददौ ग्रामाकराद्युच्चैर्वासोऽलङ्करणादि च ॥५४॥

वस्त्रालङ्करणैरेते, कल्पद्रुमदलैरिव ।
राजमाना ययुर्गेहं, श्रिया श्रीदविडम्बिकाः ॥५५॥

देवानुभावसम्पूर्णमनोरथतया भृशम् ।
मुदितायाः सुखेनैव, गर्भो देव्या व्यवर्धत ॥५६॥

सार्धाष्टमदिने मासनवके गतवत्यथ ।
मार्गविशुद्धैकादश्यामश्विन्यां च निशाकरे ॥५७॥

---

સ્વામી એવા ભરત વિગેરે આઠ ચક્રવર્તી થઈ ગયા છે. (૫૨)

હવે ઓગણીશમા તીર્થંકરનો જન્મ સંભવે છે. અથવા હે રાજન્ ! નવમા ચક્રવર્તી હવે થવાના છે. (૫૩)

આ પ્રમાણે સાંભળી પરિતુષ્ટ થયેલા રાજાએ તેમને ગ્રામ, આકરાદિ ઉંચા વસ્ત્રો, અલંકારો દાનમાં આપ્યા. (૫૪)

એટલે કલ્પવૃક્ષના દલ સરખા તે અલંકારોથી શોભતા, લક્ષ્મીથી કુબેરની તર્જના કરનારા સ્વપ્નપાઠકો સ્વસ્થાને ગયા. (૫૫)

પછી દેવના પ્રભાવથી મનોરથો સંપૂર્ણ થતાં અત્યંત આનંદિત એવી તે મહારાણીનો ગર્ભ સુખપૂર્વક વૃદ્ધિ પામવા લાગ્યો. (૫૬)

આ પ્રમાણે નવ માસ સાડા આઠ દિવસ પૂર્ણ થતાં માગશર સુદ અગ્યારસના દિવસે અશ્વિનીનક્ષત્રમાં ચંદ્રમાનો યોગ થતાં (૫૭)

ग्रहेषूच्चस्थितेषूच्चैस्तज्जन्मौको दिदृक्षया ।
एकोनविंशमर्हन्तं, नीलाभं कुम्भलाञ्छनम् ॥५८॥

प्राग्जन्ममाययोपात्तस्त्रीकर्मत्वेन कन्यकाम् ।
प्रभावती प्रभूते स्म, गङ्गेव स्वर्णपद्मिनीम् ॥५९॥ त्रिभिर्विशेषकम्

अनुकूला ववुर्वातास्तज्जन्मसुखिता इव ।
सुप्रसन्ना दिशोऽभूवन्, कृतकृत्या इव प्रजाः ॥६०॥

अरिष्टानि क्षयं जग्मुः, शुभशस्यमभूद् जगत् ।
नारकाणामपि सुखमाकस्मिकमभूत् क्षणम् ॥६१॥

दिक्कुमार्यो विदित्वाऽथ, तज्जन्मासनकम्पतः ।
अधोलोकात् समाजग्मुरष्टौ देव्यः ससंभ्रमम् ॥६२॥ ताश्चैताः—

તથા જિનેશ્વરના જન્મગૃહને જોવાની ઈચ્છાથી જ ન હોય તેમ ગ્રહો બધા ઉચ્ચસ્થાને આવતાં, ગંગાનદી જેમ સુવર્ણ પદ્મિનીને ઉત્પન્ન કરે તેમ પ્રભાવતી દેવીએ પૂર્વે માયાથી સ્ત્રીવેદ ઉપાર્જન કરેલ હોવાથી કુંભલાંછન અને નીલવર્ણ યુક્ત એવા ઓગણીશમા તીર્થંકરરૂપ કન્યાને જન્મ આપ્યો. (૫૮-૫૯)

એટલે તેમના જન્મથી જાણે સુખ પામ્યા હોય તેમ અનુકૂળ પવન વાવા લાગ્યા. કૃતકૃત્ય થયેલી પ્રજાની જેમ દિશાઓ પ્રસન્ન થઈ. (૬૦)

સંકટો ક્ષય થયા, જગતના પુણ્યનો ઉદય થયો અને નારકીનાજીવોને પણ અકસ્માત્ ક્ષણભર સુખ ઉત્પન્ન થયું. (૬૧)

## છપ્પનદિગ્કુમારીકાઓનું આગમન.

પછી આસનકંપથી શ્રીજિનેશ્વરનો જન્મ જાણીને સંભ્રમથી અધોલોકની ભોગંકરા, ભોગવતી, સુભોગા ભોગમાલિની, સુવત્સા,

भोगङ्करा भोगवती, सुभोगा भोगमालिनी ।
सुवत्सा वत्समित्रा च, पुष्पमाला त्वनिन्दिता ॥६३॥

एकोनविंशतीर्थेशमम्बां च जगतांपतेः[1] ।
अनुप्रदक्षिणीकृत्य, नत्वा भक्त्येत्थमूचिरे ॥६४॥

समुद्द्योतितभुवने !, जगन्नायकजन्मना ।
जगद्वन्द्यगुणाधारे !, जगन्मातर्नमोऽस्तु ते ॥६५॥

अधोलोकनिवासिन्यो, वयमष्टौ जगन्नते ! ।
तीर्थकृज्जन्ममहिमां, कर्तुकामाः इहागताः ॥६६॥

अस्मत्तस्तद् न भेतव्यमुक्त्वा पूर्वोत्तरस्थिताः ।
प्राङ्मुखं सूतिकौकस्ताश्चक्रुः स्तम्भसहस्त्रयुक् ॥६७॥

વત્સમિત્રા, પુષ્પમાલા, અનિંદિતા એ આઠ દિક્કુમારી દેવીઓ આવી. (૬૨-૬૩)

જિન તથા જિનની માતાને પ્રદક્ષિણા દઈ ભક્તિપૂર્વક નમસ્કાર કરી કહેવા લાગી કે, (૬૪)

જગતનાયકના જન્મથી ભુવનને પ્રકાશિત કરનારી, અને જગતને વંદનીય એવા પ્રભુને ધારણ કરનારી હે જગત્માતા ! તમને નમસ્કાર થાઓ. (૬૫)

હે જગન્નતે ! અધોલોકવાસી અમે આઠદેવીઓ તીર્થંકરપ્રભુના જન્મનો મહોત્સવ કરવા માટે અહીં આવી છીએ. (૬૬)

માટે તમારે અમારાથી ભય પામવું નહિ. એમ કહીને તેમણે ઈશાનખૂણામાં હજારસ્તંભવાળું અને પૂર્વાભિમુખદ્વારવાળું એક સૂતિકાગૃહ બનાવ્યું (૬૭)

અને તેની ચારેબાજુ એકયોજન ભૂમિમાંથી સંવર્ત્તકવાયુવડે

१. 'त्रिजगत्पतेः' इत्यपि ।

अभितः सूतिकाधाम, ततः संवर्त्तवायुना ।
कण्टकतृणकाष्ठाद्यमायोजनमपाहरन् ॥६८॥

अथ संहृत्य पवनं, प्रणम्य जिननायकम् ।
आसन्नाऽऽसनमासीना, गायन्त्योऽस्थुर्यथाविधि ॥६९॥

सुवर्णाद्रिकृतावासास्तद्वदासनकम्पतः ।
ऊर्ध्वलोकात् समाजग्मुरष्टौ देव्यस्तथाऽपराः ॥७०॥

मेघङ्करा मेघवती, सुमेघा मेघमालिनी ।
तोयधारा विचित्रा च, वारिषेणा बलाहका ॥७१॥

विकृत्य जलदं कृत्वा, प्रशान्तरजसं महीम् ।
विधाय पुष्पवृष्टिं च, ता गायन्त्योऽवतस्थिरे ॥७२॥

पौरस्त्यरुचकादष्टौ, पूर्वस्या दिश आगताः ।
हस्तस्थदर्पणा देव्यो, जगुस्तत्रार्हतो गुणान् ॥७३॥

---

તેમણે કંટક-તૃણ-કાષ્ઠાદિક દૂર કર્યા. (૬૮)

પછી પવનને સંહરી શ્રીજિનેશ્વરને યથાવિધિ નમન કરીને ગીતો ગાતી તે પાસેના આશનપર બેઠી. (૬૯)

તે જ પ્રમાણે ઉર્ધ્વલોકવાસી મેરૂપર્વત પર વસનારી મેઘંકરા, મેઘવતી, સુમેઘા, મેઘમાલિની, તોયધારા, વિચિત્રા, વારિષેણા અને બલાહકા નામની આઠ દેવીઓ આસનકંપ થતાં ત્યાં આવી. (૭૦-૭૧)

અને મેઘ વિકુર્વી જળ વરસાવી પૃથ્વીપરની રજને શાંત કરી અને પુષ્પવૃષ્ટિ વરસાવીને ગુણો ગાતી ત્યાં ઊભી રહી. (૭૨)

પછી પૂર્વરૂચકથી નંદોત્તરા, આનંદા, સુનંદા, નંદિવર્ધના, વિજયા, વૈજયન્તી, જયન્તી, અપરાજિતા એ આઠ દેવીઓ ત્યાં

ताश्च नन्दोत्तरानन्दे, सुनन्दानन्दिवर्धने ।
विजया वैजयन्ती च, जयन्ती चाऽपराजिता ॥७४॥

अपाच्यरुचकाद्रिस्था, दक्षिणस्या दिशोऽपराः ।
अष्टावेत्य स्वदिग्भागेऽगायन् भृङ्गारपाणयः ॥७५॥ ताश्चेमाः—

समाहारा सुप्रदत्ता, सुप्रबुद्धा यशोधरा ।
लक्ष्मीवती शेषवती, चित्रगुप्ता वसुन्धरा ॥७६॥

ततस्तस्य गिरेरेव, प्रहृष्टा वारुणीदिशः ।
संस्थानं तत्र देव्योऽष्टौ, चक्रुर्व्यजनपाणयः ॥७७॥ ताश्चेमाः—

इलादेवी सुरादेवी, पृथिवी पद्मावत्यथ ।
एकनासाऽनवमिका, भद्राशोकेति नामतः ॥७८॥

एवमुत्तरदिग्भागादपि रुचकवर्तिनः ।
समेत्याष्टौ स्थितिं चक्रुस्तत्र चामरपाणयः ॥७९॥ ताश्चेमाः—

---

આવી હાથમાં દર્પણ લઈ જિનગુણ ગાતી ઊભી રહી. (૭૩-૭૪)

પછી દક્ષિણરૂચક પર વસનારી સમાહારા, સુપ્રદત્તા, સુપ્રબુદ્ધા, યશોધરા, લક્ષ્મીવતી, શેષવતી, ચિત્રગુપ્તા અને વસુંધરા એ આઠ દેવીઓ આવી. અને હાથમાં કળશ લઈ જિનગુણ ગાતી પોતાના દિગ્વિભાગમાં ઉભી રહી. (૭૫-૭૬)

પછી પશ્ચિમરૂચક પર્વતથી ઇલાદેવી, સુરાદેવી, પૃથિવી, પદ્માવતી, એકનાસા, નવમિકા, ભદ્રા અને અશોકા એ આઠદેવીઓ ત્યાં આવી અને હાથમાં પંખો લઈ ઊભી રહી. (૭૭-૭૮)

એજ રીતે ઉત્તરરૂચક પર વસનારી અલંબુસા, મિશ્રકેશી, પુંડરિકા, વારૂણી, હાસા, સર્વપ્રભા, શ્રી અને હ્રી એ આઠ દેવીઓ

अलम्बुशा मिश्रकेशी, पुण्डरीका च वारुणी ।
हासा सर्वप्रभा चैव, श्रीर्ह्रीरित्यभिधानतः ॥८०॥

चतस्रो विदिग्रुचकात्, सदीपा दिक्कुमारिकाः ।
चित्रा चित्रकनका सुतारा सौत्रामणी तथा ॥८१॥

प्रणिपत्य जगन्नाथं, जगन्नाथस्य मातरम् ।
ईशान्यादिविदिक्संस्था, बभूवुर्दीपपाणयः ॥८२॥

देव्योऽन्या मध्यरुचकात्, चतस्रः समुपस्थिताः ।
रूपा रूपाञ्चिका चाऽपि, सुरूपा रूपकावती ॥८३॥

ताश्चतुरङ्गुलीवर्जं, नालं छित्त्वा भुवोऽन्तरे ।
क्षिप्त्वा रत्नमयं रत्नदूर्वापीठं विचक्रिरे ॥८४॥

विहाय पश्चिमां जन्मगृहाद् दिक्षु तिसृष्वपि ।
रम्भागृहाणि चत्वारि, देव्यस्ताश्च विचक्रिरे ॥८५॥

---

ત્યાં આવી અને હાથમાં ચામર લઈને ઊભી રહી. (૭૯-૮૦)

પછી વિદિગ્રૂચક પર વસનારી, ચિત્રા, ચિત્રકનકા, સુતારા અને સૌત્રામણી એ ચાર દેવીઓ આવી અને જિનેશ્વર તથા જિનમાતાને પ્રણામ કરી હાથમાં દીપક લઈને ઇશાન વિગેરે વિદિશાઓમાં ઊભી રહી. (૮૧-૮૨)

પછી મધ્યરૂચકમાં વસનારી રૂપા, રૂપાંચિકા, સુરૂપા અને રૂપકાવતી એ ચાર દેવીઓએ ચાર અંગુલ છોડી નાલછેદીને જમીનમાં દાટી. તેની ઉપર રત્નમય પીઠિકા બનાવી (૮૩-૮૪)

અને જન્મઘરની પશ્ચિમદિશા સિવાય અન્ય ત્રણ દિશાઓમાં તેમણે ત્રણ કદલીઘર (કેળઘર) બનાવ્યા. (૮૫)

અને તે કદલીઘરોમાં પોતાના ચિત્તની જેવા વિશાળ અને

तेषां मध्ये चतुःशालं, विशालं निजचित्तवत् ।
प्रत्येकं रचयामासुः, सिंहासनविकस्वरम् ॥८६॥

दाक्षिणात्ये चतुःशाले, नीत्वाऽमुं विनिवेश्य च ।
सिंहासने सुतैलेनाऽभ्यानञ्जुर्मृदु मर्दनम् ॥८७॥

जनन्या सममभ्यर्च्य, शीघ्रमुद्वर्त्य च प्रभुम् ।
निन्यिरे निभृतं देव्यः, पौरस्त्ये कदलीगृहे ॥८८॥

तत्र गन्धाम्बुभिः पुष्पाम्बुभिः शुद्धाम्बुभिस्तथा ।
द्वावपि स्नपयित्वाथ, भूषयन्ति विभूषणैः ॥८९॥

नीत्वोत्तरस्या रम्भायाः, सदने हरिचन्दनैः ।
प्रज्वाल्याऽरणिना वह्निं, ताश्च भूतिं विचक्रिरे ॥९०॥

रक्षाबन्धं व्यधुस्ताश्च, जननीस्वामिनोः करे ।
रक्षा दुरितभिद्रेखां, लभते सर्ववस्तुषु ॥९१॥

---

સિંહાસનથી શોભાયમાન એવા ચાર શાલ (ચોક) બનાવ્યા (૮૬)

પછી દક્ષિણ ચતુઃશાલમાં પ્રભુને લઈ જઈ સિંહાસનઉપર બેસાડીને દિવ્યતેલથી તેમણે કોમળરીતે મર્દન કર્યું. (૮૭)

પછી જિન અને જિનમાતાનું અભ્યંગન તથા ઉદ્વર્તન કરીને તેમને પૂર્વના કદલીગૃહમાં લઈ ગઈ. (૮૮)

ત્યાં ગંધજળ, પુષ્પજળ, શુદ્ધજળ વડે તેમને સ્નાન કરાવીને આભૂષણોથી અલંકૃત કર્યા. (૮૯)

પછી ઉત્તરદિશાના કદલીગૃહમાં તેમને લઈ જઈ અરણિકાષ્ઠથી બાવનાચંદનને સળગાવી તેની વિભૂતિ કરી (૯૦)

અને તેની રક્ષાપોટલી પ્રભુના તથા માતાના હાથ ઉપર તેમણે બાંધી. કારણ કે સર્વવસ્તુઓમાં રક્ષા (રાખ) એ દુરિતભેદી એવી

पर्वतायुर्भवेत्युच्चैरुक्त्वा कर्णान्तिके प्रभोः ।
अवादयंस्ततो रत्नपाषाणौ कांस्यतालवत् ॥९२॥

सूतिकाधाम ता निन्युर्जननीं जिनमप्यथ ।
षट्पञ्चाशद्दिक्कुमार्यस्ता गायन्त्योऽवतस्थिरे ॥९३॥ इतश्च–

सौधर्मे प्रथमे कल्पे, कल्पेशोऽनल्पवैभवः ।
अनेकदेवदेवीनां, कोटीभिः परिवारितः ॥९४॥

गीयमानगुणग्रामो, गन्धर्वैः कोमलस्वनैः ।
स्तूयमानयशाश्चारु, चारणैर्बिरुदालिभिः ॥९५॥

दोधूयमानचमरो, देवनारीभिरादरात् ।
यावदास्ते हरिस्तावदासनं कम्पमासदत् ॥९६॥ त्रिभिर्विशेषकम्

---

રેખાને પામે છે. (૯૧)

પછી પ્રભુના કર્ણ પાસે દીર્ઘાયુ થાઓ એમ ઉંચા સ્વરે બોલીને તે દેવીઓએ કાંસાની તાલની જેમ બે રત્નપાષાણ વગાડ્યા (૯૨)

પછી જિન અને જનનીને પાછા સૂતિકા ઘરમાં લઈ જઈને છપ્પન દિકકુમારીઓ ગુણગાન કરતી ઊભી રહી. (૯૩)

એવામાં પ્રથમ સૌધર્મદેવલોકમાં અતિશય વૈભવશાળી કરોડો દેવ-દેવીઓથી પરવરેલા, (૯૪)

ગંધર્વો કોમળસ્વરથી જેના ગુણગાન કરી રહ્યા છે, ચારણો બિરૂદાવલિથી જેના ઉજ્જ્વળયશની સ્તવના કરી રહ્યા છે. (૯૫)

દેવાંગનાઓ આદરપૂર્વક જેને ચામર ઢાળી રહી છે. એવા સૌધર્મેન્દ્ર સૌધર્મસભામાં આવીને બેઠા. એટલે તેમનું આસન કંપાયમાન થયું. (૯૬)

આસનકંપથી રોષાયમાન થયેલ અંતરમાં રહેલા જ્વલંત

तत्प्रकम्पादसौ रुष्टस्ताम्रीकुर्वन् दृशोर्युगम् ।
अन्तर्ज्वलत्कोपवह्निज्वालाः प्रकटयन्निव ॥९७॥

वक्रीकुर्वन् भ्रुवोर्युग्मं, कोदण्डमिव भीषणम् ।
ज्वलज्ज्वालाकुलं पाणौ, वज्रं वज्रधरोऽधरत् ॥९८॥

तत्कोपाटोपमुद्वीक्ष्य, नम्रमौलिः कृताञ्जलिः ।
प्राचीनबर्हिषं प्रोचे, नैगमेषी चमूपतिः ॥९९॥

कथङ्कारं प्रभो ! कोपो, मयि सत्यपि तन्यते ।
शृणु स्वाऽऽसनकम्पस्य, कारणं श्रोत्रपारणम् ॥१००॥

द्वीपाद्ये जम्बूद्वीपेऽस्मिन्, वर्षे दक्षिणभारते ।
मिथिलायां महापुर्यां, श्रीमत्कुम्भमहीपतेः ॥१०१॥

पट्टदेव्याः प्रभावत्या, अद्यैव त्रिजगत्पतिः ।
एकोनविंशतीर्थेशो, भगवान् समजायत ॥१०२॥ युग्मम्

---

કોપાગ્નિથી જ્વાળાને પ્રગટ કરતા હોય તેમ લોચનને તામ્રવર્ણી (લાલ) કરતા અને ભીષણ ધનુષ્યની તેમ બંને ભ્રકુટીને વક્ર કરતા ઇંદ્રે બળતી જ્વાળાથી વ્યાપ્ત વજ્ર હાથમાં લીધું. (૯૭-૯૮)

એટલે નૈગમેષી સેનાપતિ તેમના કોપાટોપને જોઈ મસ્તક નમાવી અંજલિ જોડીને બોલ્યો કે, (૯૯)

હે પ્રભો ! આ સેવક હાજર છતાં તમે શા માટે કોપ કરો છો ? પરંતુ આપના આસનકંપનું શ્રોત્રના પારણારૂપ કારણ સાંભળો. (૧૦૦)

સર્વદ્વીપોમાં પ્રથમ જંબૂદ્વીપના દક્ષિણભરતક્ષેત્રમાં આવેલી મિથિલા મહાપુરીમાં શ્રીમાન્ કુંભરાજાની પ્રભાવતી નામની

तेनासनप्रकम्पोऽयं, तीर्थकृज्जन्मसूचकः ।
दिव्यसौख्यप्रमत्तानां, कथं वोऽवधिरन्यथा ॥१०३॥

श्रुत्वेदं त्रिदशाधीशस्तस्मिन् दुश्चिन्तिते निजे ।
मिथ्यादुष्कृतमवदन्, निन्दन्नात्मप्रमादिताम् ॥१०४॥

अथोत्थायाऽऽसनादिन्द्रः, सप्ताष्टौ च पदान्यऽदात् ।
संमुखं जिननाथस्य, ततः स्तोतुं प्रचक्रमे ॥१०५॥

सम्पूर्णस्त्वं त्रिभिर्ज्ञानैर्गर्भवासादपि प्रभो ! ।
अतोऽपि यो गुणोच्छ्रायः, स भवेत् कस्य गोचरः ॥१०६॥

एवं जिनस्तुतिं कृत्वा, सेनान्यं हरिणाननम् ।
आदिदेशेति सुत्रामा, गिरा धीरप्रशान्तया ॥१०७॥

---

પટ્ટરાણીએ આજે જ ત્રણ જગતના નાથ એવા ઓગણીશમા શ્રીતીર્થંકરપ્રભુને જન્મ આપ્યો છે. (૧૦૧-૧૦૨)

તેથી તીર્થંકરના જન્મને સૂચવનાર આ આસનકંપ છે. દિવ્યસુખમાં પ્રમાદી તમારૂં અવધિજ્ઞાન અન્યથા કેમ થાય છે? (૧૦૩)

આ પ્રમાણે સાંભળી પોતાના પ્રમાદની નિંદા કરતા ઈંદ્રે પોતાના એ દુશ્ચિંતિતનું મિથ્યા દુષ્કૃત દીધું. (૧૦૪)

**શક્રસ્તવદ્વારા પ્રભુજીની સ્તવના કરતા સૌધર્મેન્દ્ર.**

પછી આસન ઉપરથી ઉઠી શ્રીજિનેશ્વરની સન્મુખ સાત આઠ પગલાં ચાલી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. (૧૦૫)

હે વિભો ! તમે ગર્ભાવાસથી જ ત્રણજ્ઞાનથી પૂર્ણ છો. ઉપરાંત આપના અન્ય ગુણોત્કર્ષને તો કોણ સર્વથા જાણી શકે છે ? (૧૦૬)

આ પ્રમાણે સ્તુતિ કરી ઇંદ્રે ધીર અને પ્રશાંતવાણી વડે હરિણગમેષી સેનાપતિને આદેશ કર્યો. (૧૦૭)

जम्बूद्वीपे मिथिलायां, श्रीमत्कुम्भस्य भूपतेः ।
एकोनविंशस्तीर्थेशः, प्रभावत्यामजायत ॥१०८॥

कर्तुं तस्या जनिस्नात्रमाहूयन्तां दिवौकसः ।
कल्याणकोत्सवविधेरधिकारो यतोऽस्ति नः ॥१०९॥

अवादयदसौ घण्टां, परिमण्डलयोजनाम् ।
सुघोषां तन्निनादेन, घोषः सर्वास्वजायत ॥११०॥

द्वात्रिंशतीविमानानां, घण्टालक्षेष्वथ स्वनः ।
समकालं समुत्तस्थे, शब्दाद्वैतमभूत् तदा ॥१११॥

संभ्रान्तान् रणनैस्तासां, दृष्ट्वा तानिति सोऽवदत् ।
जन्मस्नात्रे जिनेन्द्रस्य, सहेन्द्रेण प्रसर्पताम् ॥११२॥

---

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં મિથિલાનગરીમાં શ્રીમાન્ કુંભરાજાની પ્રભાવતી રાણીના ઉદરથી ઓગણીશમા તીર્થંકરપ્રભુનો જન્મ થયો છે. (૧૦૮)

તેમના જન્મોત્સવ કરવા માટે સર્વદેવોને બોલાવો. કારણ કે કલ્યાણક ઉત્સવ કરવાનો આપણો અધિકાર છે. (૧૦૯)

એટલે નૈગમેષી સેનાપતિએ એક યોજનના ઘેરાવાવાળી સુઘોષા નામની ઘંટ વગાડી, તેના નાદથી બત્રીશ લાખ વિમાનોની બત્રીશલાખ ઘંટાઓમાં સમકાલે અવાજ થયો. એટલે આખું સૌધર્મદેવલોક તે સમયે શબ્દમય બની ગયું (૧૧૦-૧૧૧)

પછી તે ઘંટાનાદથી સંભ્રમિત થયેલા દેવોને જાણીને હરિણૈગમેષીએ ઉદ્‌ઘોષણા કરી કે, જિનેન્દ્રના જન્મસ્નાત્રમાં ઇંદ્રની સાથે સર્વે ચાલો. (૧૧૨)

એટલે કેટલાક દેવો ઇંદ્રની આજ્ઞાથી, કેટલા જિનભક્તિથી,

केऽपि शक्राज्ञया चेलुः, केचिद् भक्त्या जिनं प्रति ।
विचित्रैर्वाहनै रूढास्त्रिदशाः शक्रसन्निधौ ॥११३॥

पालको द्युसदीशेनाऽऽभियोगिकशिरोमणिः ।
आदिष्टो विदधे वेगाद्विमानं बहुमानतः ॥११४॥

भुजैरिव ध्वजैर्नृत्यच्छत्रैर्हसदिवोज्ज्वलैः ।
वीक्ष्यमाणं यदुत्तुङ्गैर्गवाक्षैर्नयनैरिव ॥११५॥

ततः प्रदक्षिणीकृत्य, प्राच्यसोपानवर्त्मना ।
द्युसन्नाथो विमानं तदारुरोह समं सुरैः ॥११६॥ युग्मम्

गन्धर्वनाट्यानीकाभ्यां, कौतुकाक्षिप्तमानसः ।
अभिस्वयम्भूरमणं, तेनाचालीत् पुरन्दरः ॥११७॥

---

વિચિત્ર વાહનોપર આરુઢ થઈને ઇંદ્રની પાસે આવ્યા. (૧૧૩)

પછી અભિયોગિક દેવોમાં મુખ્ય-એવા પાલક નામના દેવને ઇંદ્રે આદેશ કર્યો એટલે તેણે સત્વર મોટા પ્રમાણવાળુ વિમાન તૈયાર કર્યું. (૧૧૪)

**પાલક વિમાન દ્વારા પ્રભુજીની જન્મભૂમિ તરફ પ્રયાણ.**

પાલકવિમાનની શોભા તો જુઓ. ભુજાઓની જેમ ધ્વજાઓથી જાણે નૃત્ય કરતું હોય, ઉજ્જ્વળ છત્રોથી જાણે હાસ્ય કરતું હોય અને નેત્રોની જેમ ઉત્તુંગ ગવાક્ષોથી જાણે સર્વત્ર જોતું હોય (૧૧૫)

એવા તે વિમાનને પ્રદક્ષિણા દઈ સૌધર્મ ઇંદ્ર દેવોની સાથે પૂર્વના સોપાનમાર્ગથી તેમાં આરૂઢ થયા. (૧૧૬)

પછી ગંધર્વ અને નાટકરૂપ બે સૈન્યના ગાયન તથા નૃત્યરૂપ કાર્યથી કૌતુકીભૂત મનવાળા ઇંદ્ર સ્વયંભૂરમણ સમુદ્ર ભણી ચાલ્યા. (૧૧૭)

हस्तिवाहन ! मा गास्त्वं, पुरः सिंहभृतो मम ।
अश्वसादिन्नितो याहि, महिषो मम वाहनम् ॥११८॥

सर्पगामिन्नितो याहि, न मे तार्क्ष्यः सहिष्यते ।
मद्विमानं विमानाग्रैः, किं घट्टसि सुधाशन ! ॥११९॥

इत्थं सौधर्मकल्पस्य, देवानां परिसर्पताम् ।
कोलाहलैर्नभो व्यापि, सरिद्घोषैरिवाम्बुधिः ॥१२०॥

अथाऽसंख्यातद्वीपाब्धीनतिक्रम्य क्षणादपि ।
संक्षिपन् संक्षिपन्नुच्चैस्तद्ग्रन्थवत् पुरन्दरः ॥१२१॥

भारते दक्षिणे पुर्यां, मघवा समुपागतः ।
तस्मादुत्तीर्य तीर्थेशं, तदम्बां चाऽनमत्तराम् ॥१२२॥

---

તે સમયે હે હાથીના વાહનવાળા ! મારા સિંહના વાહન કરતાં તું આગળ ન જા. હે અશ્વવાહિન્ ! અહીંથી તું દૂર જા. કારણ કે મારૂં મહિષનું વાહન છે. (૧૧૮)

હે સર્પગામિન્ ! તું અહીંથી દૂર જા. નહિ તો મારો ગરુડ સહન નહિ કરી શકે. હે સુધાશન ! દેવ ! તારા વિમાનનો અગ્રભાગ મારા વિમાન સાથે કેમ ઘસાયા કરે છે. ? (૧૧૯)

આ પ્રમાણે બોલતા અને ચાલતા સૌધર્મદેવલોકના દેવોના કોલાહલથી નદીના ઘોષ(અવાજ)થી સમુદ્રની જેમ આકાશ વ્યાપ્ત થઈ ગયું. (૧૨૦)

### ઈંદ્રમહારાજાનું મિથિલાપુરમાં અવતરણ.

### ઈંદ્રનું પંચરૂપે પ્રભુને લઈ મેરૂશિખરે આગમન.

પછી ક્ષણવારમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રનું ઉલ્લંઘન કરી ગ્રંથની જેમ વિમાનને સંક્ષેપતાં સંક્ષેપતાં સૌધર્મેન્દ્ર દક્ષિણભરતમાં

प्रभावति ! प्रभायुक्ते !, जिनकल्पद्रुमप्रदे ! ।
नमो दत्तजगद्दीपे !, नमश्चिन्तामणिप्रदे ! ॥१२३॥

इति प्रभावतीं स्तुत्वा, दत्त्वा च स्वापिनीं हरिः ।
प्रतिरूपं प्रभोर्मुक्त्वा, चलितोऽभिसुराऽचलम् ॥१२४॥

वज्रं छत्रं जिनं बिभ्रच्चामरे च पृथक् पृथक् ।
इतीन्द्रः पञ्चरूपोऽभूद्, मार्गे मेरुं प्रति व्रजन् ॥१२५॥

ततो देवाङ्गनादेवकोटिलक्षमन्वितः ।
पूरयन् गगनं तूर्यघोषैर्हर्षमयैरिव ॥१२६॥

निमेषार्धेन गत्वाऽसौ, सुवर्णाचलचूलिकाम् ।
अतिपाण्डुकम्बलायां, शिलायां प्राङ्मुखः स्थितः ॥१२७॥

---

મિથિલાનગરીમાં આવ્યા અને વિમાનમાંથી ઉતરી જિન અને પ્રભુની માતાને તેણે નમસ્કાર કર્યા. (૧૨૧-૧૨૨)

પછી પ્રભાયુક્ત, જિનરૂપ કલ્પવૃક્ષને, જગતના એક દીપકને, ચિંતામણિરત્નને આપનારી એવી હે પ્રભાવતી માતા ! તમને નમસ્કાર થાઓ. (૧૨૩)

આ પ્રમાણે પ્રભાવતીની સ્તુતિ કરી, તેને અવસ્વાપિની નિદ્રા આપી, પ્રભુનું પ્રતિબંબ (પ્રતિરૂપ) તેની પાસે મૂકી પ્રભુને લઈને ઇંદ્ર મેરૂપર્વત તરફ ચાલ્યા. (૧૨૪)

મેરૂપર્વત તરફ જતાં માર્ગમાં વજ્રધારક, છત્રધારક, જિનધારક, બે ચામરધારક એમ ઇંદ્રે જુદા જુદા પાંચરૂપ કર્યા. (૧૨૫)

પછી લાખો અને કરોડો દેવો તથા દેવાંગનાઓ સહિત હર્ષમય વાજીંત્રના નાદથી ગગનને પૂરતા (૧૨૬)

ઇંદ્ર આંખના પલકારામાં (નિમિષમાત્રમાં) મેરૂપર્વતની ચૂલિકા

एवमीशानकल्पेशः, सनत्कुमारसंज्ञिकः ।
माहेन्द्रो ब्रह्मलोकेशो, लान्तकस्त्रिदशाधिपः ॥१२८॥

शुक्रशक्रः सहस्रार, आनतप्राणतेश्वरः ।
आरणाच्युतराजोऽपि, दशेत्थं कल्पवासवाः ॥१२९॥

श्रेणिद्वयनिकायेषु, दशसूभयतः क्रमात् ।
अमी विंशतिरिन्द्राः, स्युर्भवनानामधीश्वराः ॥१३०॥

पुर्यां चमरचञ्चायां, चमरेन्द्रो बलिस्तथा ।
धरणेन्द्रो भूतानन्दो, हरिस्सहहरिस्वभौ ॥१३१॥

वेणुदेवो वेणुदारी, त्वग्निशिखाग्निमाणवौ ।
वेलम्बप्रभञ्जनाख्यौ, सुघोषो भवनेश्वरः ॥१३२॥

महाघोषो जलकान्तो, जलप्रभ इति स्मृतः ।
पूर्णो विशिष्टशक्रश्च, त्वमितामितवाहनौ ॥१३३॥

---

પર જઈ અતિપાંડુકંબલા નામની શિલા ઉપર પૂર્વસન્મુખ બેઠા. (૧૨૭)

## વૈમાનિકાદિ દેવેન્દ્રોનું આગમન.

એજ પ્રમાણે ઈશાન, સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, શુક્ર, સહસ્ત્રાર, આનત-પ્રાણતેશ્વર તથા આરણ, અચ્યુતેશ્વર, એમ બીજા નવ વૈમાનિકનાં ઇંદ્રો ત્યાં આવ્યા. (૧૨૮-૧૨૯)

તથા ભવનપતિની દશનિકાયની બે બે શ્રેણીના અનુક્રમે ચમરેન્દ્ર, બલીન્દ્ર, ધરણેન્દ્ર, ભૂતાનંદ, હરિસ્સહ, હરિકાંત, વેણુદેવ, વેણુદારી, અગ્નિશિખ, અગ્નિમાણવ, વેલંબ, પ્રભંજન, સુઘોષ, મહાઘોષ, જલકાંત, જલપ્રભ, પૂર્ણ, વિશિષ્ટ, અમિત અને અમિતવાહન એ વીશ ઇંદ્રો ત્યાં આવ્યા. (૧૩૦-૧૩૩)

एवं च व्यन्तरश्रेण्योर्दक्षिणोत्तरकोणयोः ।
अष्टावष्टनिकायाः स्युस्तेष्विन्द्राः षोडश क्रमात् ॥१३४॥

कालशक्रो महाकालः, सुरूपः प्रतिरूपकः ।
पूर्णभद्रो माणिभद्रो, भीमो यक्षगणेश्वरः ॥१३५॥

महाभीमः किन्नरश्च, किंपुरुषस्ततः परम् ।
तथा सत्पुरुषमहापुरुषौ वासवाविमौ ॥१३६॥

अतिकायमहाकायौ, महोरगप्रभाविमौ ।
गीतरतिर्गीतयशा, गन्धर्वाणामधीश्वराः ॥१३७॥

तद्वदाप्रज्ञप्तिपञ्चज्ञप्त्यादीनां तु षोडश ।
व्यन्तराष्टनिकायाणां, वासवाः समुपागताः ॥१३८॥

तथाप्रज्ञप्तीनां शक्रः, संनिहितः समानकः ।
धाता विधाता च हरी, ऋषिश्च ऋषिपालकः ॥१३९॥

ईश्वरो महेश्वरश्च, सुवत्सकविशालकौ ।
हासहासरती श्वेतमहाश्वेतौ पुरन्दरौ ॥१४०॥

દક્ષિણ અન ઉત્તરબાજુથી વ્યંતરોની બે શ્રેણિના અનુક્રમે કાળ, મહાકાળ, સુરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ, કિન્નર, કિંપુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, અતિકાય, મહાકાય, ગીતરતિ અને ગીતયશા એ સોળ ઇંદ્રો આવ્યા. (૧૩૪-૧૩૭)

અણપન્ની-પણપન્ની (આપ્રજ્ઞપ્તિ, પંચપ્રજ્ઞપ્તિ) વિગેરે આઠ વાણવ્યંતર નિકાયના અનુક્રમે સંનિહિત, સમાનક, ધાતા, વિધાતા, ઋષિ, ઋષિપાલક, ઈશ્વર, મહેશ્વર, સુવત્સક, વિશાલક, હાસ, હાસરતિ, શ્વેત, મહાશ્વેત, પવકપતિ, પાવકપતિ એ સોળ ઇંદ્રો

पवकपावकपती, पवकानां तु वज्रिणौ ।
एवं षोडश देवेन्द्रा, आययुर्मेरुमूर्द्धनि ॥१४१॥

ज्योतिष्काणामशेषाणां, चन्द्रादित्यावधीश्वरौ ।
चतुःषष्टिरितीन्द्राणां, मेरुमूर्द्धानमाययौ ॥१४२॥

आदिदेशाऽच्युतेन्द्रोऽथाऽऽभियोगिकदिवौकसः ।
क्षीरोदादि समानेतुं, जिनस्नपनहेतवे ॥१४३॥

क्षीरोदादिसमुद्रेषु, गङ्गादिषु नदीषु च ।
तीर्थेषु मागधाद्येषु, ते गत्वा जगृहुर्जलम् ॥१४४॥

तद्वन्मृत्स्नापयोजादि, लात्वा क्षीरोदवार्द्धितः ।
गोशीर्षचन्दनादीनि, ते शक्रेभ्यो डुढौकिरे ॥१४५॥

---

મેરૂપર્વત ઉપર આવ્યા. (૧૩૮-૧૪૧)

તથા સમસ્ત જ્યોતિષ્કના ચંદ્ર અને સૂર્ય એ બે જાતિના સંખ્યાબંધ ઇંદ્રો આવ્યા. એમ બધા મળીને ચોસઠ ઇંદ્રો મેરૂપર્વતના શિખરપર હાજર થયા. (૧૪૨)

પછી અચ્યુતેન્દ્રે શ્રીજિનેશ્વરના સ્નાત્રને માટે ક્ષીરોદક વિગેરે લાવવા માટે આભિયોગિકદેવોને હુકમ કર્યો. (૧૪૩)

એટલે ક્ષીરોદધિ વગેરે સમુદ્રોમાંથી ગંગા વિગેરે નદીઓમાંથી અને માગધાદિ (માગધ, વરદામ, પ્રભાસ) તીર્થોમાંથી તેમણે જળ ગ્રહણ કર્યું (૧૪૪)

અને પ્રશસ્ત મૃત્તિકા (માટી) તથા કમળ વિગેરે પુષ્પો અને ગોશીર્ષચંદનાદિ લઈ આવીને તે સર્વ વસ્તુ તેમણે ઇંદ્રોને અર્પણ કરી. (૧૪૫)

सौवर्णान् राजतान् रात्नान्, स्वर्णरूप्यविनिर्मितान् ।
रत्नस्वर्णमयान् दिव्यान्, रजतस्वर्णरत्नजान् ॥१४६॥

रूप्यरत्नमयान् भौमान्, विचक्रुः कलशांश्च ते ।
अष्टोत्तरं सहस्रं स्यात्तेषां प्रत्येकमेव च ॥१४७॥ युग्मम्

अतिपाण्डुशिलापीठरत्नसिंहासने स्वयम् ।
सौधर्मेन्द्रो निषद्याऽङ्के, दधौ त्रिजगतांपतिम् ॥१४८॥

अच्युतेन्द्रस्ततो भक्त्या, कर्पूरागरुधूपितम् ।
मुमोच विश्वनाथस्य, पुरतः कुसुमाञ्जलिम् ॥१४९॥

ताड्यमानासु भेरीषु, मृदङ्गेषु स्वनत्स्वथ ।
मुहुरास्फाल्यमानासु, कांस्यतालासु निर्दयम् ॥१५०॥

---

**અડજાતિના આઠ હજાર જળકળશા.**

**ઈંદ્રોએ પ્રભુજીનો કરેલ જન્માભિષેક.**

પછી સુવર્ણના-રજતના-રત્નના-સુવર્ણ અને રજતના, સુવર્ણ અને રત્નના, રજત અને રત્નના રજત સુવર્ણ-રત્નના-માટીના- એમ આઠ જાતિના પ્રત્યેક ૧૦૦૮, (મૂળમાં अष्टोत्तरं सहस्रं स्यात् છે. તેનો સામાન્યથી અર્થ ૧૦૦૮ થાય પરંતુ આઠહજાર એવો અર્થ કરીએ તોજ મેળ બેસે.) આઠ જાતિના દિવ્ય કળશો તેમણે વિકુર્વ્યા. (૧૪૬-૧૪૭)

પછી અતિપાંડુકંબલા શિલાના પીઠ ઉપર રહેલા રત્ન સિંહાસન ઉપર બેસીને સૌધર્મેન્દ્રે પ્રભુને પોતાના ઉત્સંગમાં ધારણ કર્યા. (૧૪૮)

એટલે અચ્યુતેન્દ્રે કર્પૂર અને અગરુથી ધૂપિત એવી કુસુમાંજલિ ભગવંતની આગળ મૂકી. (૧૪૯)

પછી ભેરીઓના તાડન થતાં, મૃદંગોના ધ્વનિ થતાં, વારંવાર

स्मयमानैरिव न्यस्तविस्मेरकुसुमोत्करैः ।
अधीयानैरिव स्नात्र-श्लोकान् गुञ्जदलिच्छलात् ॥१५१॥

अच्युतेन्द्रेण तैः कुम्भैर्योजनाऽऽस्यैर्जगद्गुरोः ।
स्नात्रं चक्रे महानन्दात्, सुधाभुग्भिः समं निजैः ॥१५२॥ त्रिभिर्विशेषकम्

एवं द्वाषष्टिरन्येऽपि स्नात्रं, चक्रुर्जगत्पतेः ।
भक्त्या महत्याऽनुज्येष्ठं, सोदर्या इव हर्षतः ॥१५३॥

यदैकः कुरुते स्नात्रं, शक्रोऽन्ये हरयस्तदा ।
सर्वेऽर्हतः पुरः सन्ति, धृतचामरपाणयः ॥१५४॥

विकृत्य पञ्च रूपाणि, तद्वदीशानवासवः ।
सौधर्मेन्द्राधिपस्थाने दधन्नाथमवस्थितः ॥१५५॥

---

ઝાંઝનું આસ્ફાલન થતાં, મુખ પર સ્થાપન કરેલા વિકસિત કુસુમોથી જાણે હસતા હોય અને ગુંજારવ કરતા ભ્રમરોના બ્હાનાથી જાણે સ્નાત્ર શ્લોકો બોલતા હોય એવા એક યોજનપ્રમાણ મુખવાળા કળશોવડે અચ્યુતેન્દ્રે પોતાના દેવો સાથે મહાનંદપૂર્વક ભગવંતનું સ્નાત્ર કર્યું. (૧૫૦-૧૫૨)

પછી જયેષ્ઠની પાછળ કનિષ્ઠ બંધુઓની જેમ બીજા બાસઠ ઇંદ્રોએ પણ અતિશય ભક્તિપૂર્વક પ્રભુનું સ્નાત્ર કર્યું. (૧૫૩)

તેમાં જ્યારે એક ઇંદ્ર સ્નાત્ર કરતા હોય ત્યારે અન્ય સર્વે ઇંદ્રો હાથમાં ચામરાદિક લઈને પ્રભુ આગળ ઊભા રહેતા હતા. (૧૫૪)

પછી પૂર્વ પ્રમાણે ઈશાનેન્દ્ર પાંચરૂપ વિકુર્વી ભગવંતને ખોળામાં ધારણ કરીને સૌધર્મેન્દ્રનાં સ્થાને બેઠા. (૧૫૫)

अथ सौधर्मनाथोऽपि, चतुर्दिक्षु व्यधात् क्रमात् ।
वृषभांश्चतुरः स्फारस्फाटिकोपलनिर्मितान् ॥१५६॥

तेषामुत्तुङ्गशृङ्गाग्रप्रसृता गगनाङ्गणे ।
प्रसस्रुरम्भसामष्टौ, धाराश्चन्द्रकलोज्ज्वलाः ॥१५७॥

एकीभूय पतन्त्यस्ताश्चन्द्रकान्तसमुज्ज्वलाः ।
निम्नगा इव पाथोधौ, निपेतुः प्रभुमूर्द्धनि ॥१५८॥

स्नपयित्वेति तीर्थेशं, भाविनं त्रिदशाधिपः[१] ।
रत्नदर्पणवद्वेगाद्, ममार्जाङ्गं विभोरथ ॥१५९॥

ततो रत्नमये पट्टे, स लिलेखाऽष्टमङ्गलीम् ।
निजपुण्यैरिवाखण्डैस्तण्डुलै रूप्यनिर्मितैः ॥१६०॥

---

એટલે સૌધર્મેન્દ્ર - ચારેદિશામાં અનુક્રમે ઉંચા પ્રકારના સ્ફટિકરત્નના બનાવેલા હોય તેવા ઉજ્જવળ ચાર વૃષભના રૂપ વિકુર્વ્યા. (૧૫૬)

તેમના શૃંગોના અગ્રભાગમાંથી નીકળતી અને ચંદ્રિકા સમાન ઉજ્જવળ એવી આઠ જલધારા ગગનાંગણમાં ઉછળી એકત્ર થઈ સમુદ્રમાં જેમ નદીઓ પડે તેમ પ્રભુના મસ્તક પર પડવા લાગી. (૧૫૭-૧૫૮)

એ પ્રમાણે ભાવી તીર્થપતિને સ્નાન કરાવી ઇંદ્રે રત્નદર્પણની જેમ ભગવંતના અંગનું પ્રમાર્જન કર્યું. (૧૫૯)

પછી પોતાના પુણ્ય જેવા અખંડ અને રજતના બનાવેલા તંદુલથી ઇંદ્રે રત્નમય પટ્ટપર અષ્ટમંગલનું આલેખન કર્યું. (૧૬૦)

પછી ઇંદ્રે પ્રભુના અંગે વિલેપન કર્યું. અને પ્રત્યેક અંગે

---

१. 'त्रिदिवाधिपः' इत्यपि ।

ततो विलेपयामास, वासवोऽङ्गं जगत्पतेः ।
भूषणानि च प्रत्यङ्गं, वासवः[1] पर्यदीधपत् ॥१६१॥

विनिद्रपारिजाताद्यैः, कुसुमैः परमेश्वरम् ।
मुखकोशमनोहारि, पूजयामास वृत्रहा ॥१६२॥

उत्तार्य लवणं त्रिश्च, सर्वदोषविभेदकृत् ।
आरात्रिकमुपादत्त, पुरोभूय हरिर्विभोः ॥१६३॥

इतश्च विस्मिताः केचिद्, मञ्जु[2] गुञ्जन्ति भृङ्गवत् ।
केचिच्च बृंहितं चक्रुः, कुञ्जरा इव निर्जराः ॥१६४॥

केचित्तकारधौङ्कारं, वाद्यैरिव मुखैर्व्यधुः ।
सिंहनादं मुहुः केचिद्, नटा इव वितेनिरे ॥१६५॥

આભૂષણ પહેરાવ્યા. (૧૬૧)

પછી મુખકોશથી મનોહર થઈને ઇંદ્રે પારિજાતાદિક વિકસ્વર પુષ્પોથી પ્રભુની પૂજા કરી (૧૬૨)

અને સર્વદોષને ભેદી નાંખનાર એવું ત્રણવાર લૂણ ઉતારીને ઇંદ્રે ભગવંતની આગળ આરતિ કરી. (૧૬૩)

સ્નાત્ર દરમ્યાન કેટલાક દેવો વિસ્મિત થઈને ભ્રમરની જેમ મધુર ગુંજારવા કરતા હતા. કેટલાક કુંજર(હાથી)ની જેમ ગર્જના કરતા હતા. (૧૬૪)

કેટલાક વાદ્યની જેમ મુખથી તકાર અને ધોંકાર બોલતા હતા. કેટલાક નટની જેમ વારંવાર સિંહનાદ કરતા હતા. (૧૬૫)

કેટલાક જાણે દ્યુતમાં શરત જીત્યા હોય તેમ કોલાહલ કરતા હતા. અને કેટલાક મશ્કરા માણસની જેમ મશ્કરી કરી દેવોને

१. 'दीप्राणि' इति च । २. 'संजगुर्जातिभृङ्गवत्' अयमपि पाठः ।

केचित् कोलाहलं, चक्रुर्जितद्यूतपणा इव ।
अहासयन् सुरान् केचिद्, विटवद् नर्मभाषणैः ॥१६६॥

एवं जन्मोत्सवे कोऽपि, हर्षो जज्ञे दिवौकसाम् ।
वागीशोऽपि गिरां गुम्फैर्यं वर्णयितुमक्षमः ॥१६७॥

वामं जानुमथाऽऽकुञ्च्य, शिरोन्यस्तकरो हरिः ।
परमानन्दनिर्मग्नः, शक्रस्तवनमुज्जगौ ॥१६८॥

नमोऽर्हते भगवते, आदितीर्थकृते नमः ।
स्वयंसंबुद्धतत्त्वाय, नराणामुत्तमाय च ॥१६९॥

नरसिंहाय पुरुषपुण्डरीकाय ते नमः ।
नृवरगन्धकरिणे, नमो लोकोत्तमाय च ॥१७०॥

---

હસાવતા હતા. (૧૬૬)

એ પ્રમાણે જન્મોત્સવ અવસરે દેવતાઓને જે કાંઈ હર્ષ થયો તેનું વચન રચનાથી બૃહસ્પતિ પણ વર્ણન કરવાને અસમર્થ છે. (૧૬૭)

## શક્રસ્તવથી કરેલી સ્તવના.

પછી ડાબો ઢીંચણ સંકોચીને મસ્તકપર અંજલિ જોડી તથા પરમાનંદમાં નિમગ્ન થઈ ઇંદ્રે આ પ્રમાણે શક્રસ્તવવડે પ્રભુની સ્તુતિ કરીઃ- (૧૬૮)

"અર્હન્ત ભગવંત, ધર્મતીર્થની આદિ કરનારા, તીર્થંકર અને સ્વયંતત્ત્વજ્ઞાતા, હે વિભો ! તમને નમસ્કાર થાઓ." (૧૬૯)

પુરુષોમાં ઉત્તમ, પુરુષરૂપ કમળમાં પુંડરીક કમળ સમાન, પુરુષરૂપ હસ્તીમાં શ્રેષ્ઠ ગંધહસ્તી સમાન, લોકમાં ઉત્તમ એવા હે પ્રભો ! તમને નમસ્કાર થાઓ. (૧૭૦)

लोकनाथाय लोकानां, कृतोत्तमहिताय च ।
लोकानां तु प्रदीपाय, लोकप्रद्योतकारिणे ॥१७१॥

नमोऽस्त्वभयदात्रे च, चक्षुर्दात्रे च सर्वदा ।
मार्गदाय शरण्याय, बोधिदात्रे नमो नमः ॥१७२॥

धर्मदात्रे धर्मदेष्ट्रे, धर्माधिपतये नमः ।
धर्मसारथये धर्मचतुरन्तैकचक्रिणे ॥१७३॥

नमः सदाऽप्रतिहतज्ञानदर्शनधारिणे ।
विगतच्छद्मने नित्यं, जिनाय जापकाय च ॥१७४॥

तीर्णाय तारकायोच्चैर्बुद्धाय बोधकाय च ।
मुक्ताय मोचकाय सर्वज्ञाय सर्वदर्शिने ॥१७५॥

---

લોકના નાથ, લોકનું ઉત્તમ હિત કરનાર, લોકના દીપક સમાન, લોકને પ્રકાશિત કરનાર એવા આપને નમસ્કાર થાઓ. (૧૭૧)

અભય, ચક્ષુ, માર્ગ, શરણ અને સમ્યક્ત્વને આપનાર એવા હે નાથ તમને નમસ્કાર થાઓ. (૧૭૨)

ધર્મદાતા, ધર્મોપદેશક, ધર્મના અધિપતિ ધર્મરથના સારથિ અને ચર્તુગતિરૂપ સંસારનો અંત કરનાર ધર્મચક્રવર્તી એવા આપને નમસ્કાર થાઓ. (૧૭૩)

સદા અપ્રતિહત જ્ઞાન-દર્શનના ધારક, તથા છદ્મસ્થતાથી રહિત, જિન-જાપક એવા આપને નમસ્કાર થાઓ. (૧૭૪)

તરણ અને તારણ, બુદ્ધ અને બોધક, તેમજ મુક્ત અને અન્યને મુક્ત કરનાર સર્વજ્ઞ, સર્વદર્શી એવા આપને નમસ્કાર થાઓ. (૧૭૫)

शिवाऽचलाऽरुजाऽनन्ताऽक्षयाऽव्याबाधनिर्वृतौ ।
सम्प्राप्ताय नमस्तुभ्यमिति शक्रः स्तवं व्यधात् ॥१७६॥

कृतकृत्यमिवात्मानं, मन्यमानोऽर्हतो नतौ ।
रोमाञ्चितवपुः शक्र, [1]इति स्तोतुं प्रचक्रमे ॥१७७॥

नमस्तुभ्यं जिनाधीश !, परमानन्ददायिने ।
उल्लसत्करुणाक्षीरपाथोधिशशलक्ष्मणे ॥१७८॥

त्वया त्रिजगतां नाथ !, फलिनीदलकान्तिना ।
बद्धेन्द्रनीलमुकुट, इवाऽऽभाति सुराऽचलः ॥१७९॥

स्तुत्वेति मिथिलां गत्वा, हृत्वा च स्वापिनीमपि ।
भूत्वा मातुर्जिनं पार्श्वे, मुक्त्वा शक्रोऽभ्यधादिदम् ॥१८०॥

---

તેમજ શિવ, અચલ, અરૂજ, અનંત, અક્ષય, અવ્યાબાધ, અપુનરાવર્તન એવા નિર્વાણસ્થાનને પ્રાપ્ત થયેલા હે પ્રભો ! આપને નમસ્કાર થાઓ. આ પ્રમાણે સ્તવના કરી પોતાના આત્માને કૃતકૃત્ય માનતા તથા જિનેશને નમન કરતા એવા ઇંદ્રે રોમાંચિત થઈને આ પ્રમાણે વિશેષ સ્તુતિ કરી. (૧૭૬-૧૭૭)

"પરમાનંદ દાતા તથા ઉલ્લસાયમાન કરૂણારૂપ ક્ષીરસાગરને ચંદ્ર સમાન એવા હે જિનાધીશ ! તમને નમસ્કાર થાઓ. (૧૭૮)

હે ત્રિજગતનાથ ! પ્રિયંગુલતાના પર્ણસમાન કાંતિવાળા એવા તમારાથી એ મેરૂપર્વત જાણે ઇંદ્રનીલમણીનો મુગટ ધારણ કર્યો હોય તેવો શોભે છે." (૧૭૯)

આ પ્રમાણે સ્તુતિ કરીને મિથિલાનગરીમાં આવી, જિનમાતાની અવસ્વાપિની નિદ્રા દૂર કરી, તેમની પાસે ભગવંતને મૂકીને ઇંદ્ર મહારાજ આ પ્રમાણે બોલ્યા કે, (૧૮૦)

अस्मिन् स्वामिन्यकल्याणं, योऽधमश्चिन्तयिष्यति ।
तस्यार्कमञ्जरीवाऽऽशु, स्फुटिष्यति शिरः स्वयम् ॥१८१॥

पूरयित्वा विभोर्वेश्म, रत्नस्वर्णादिभिः स च ।
यात्रां नन्दीश्वरे कृत्वा, स्वं स्थानं हरयो ययुः ॥१८२॥

प्रभावतीमथ ज्ञात्वा, प्रसूतां सम्भ्रमान्विताः ।
स्त्रियः श्रीकुम्भभूपस्य, सुतोत्पत्तिं बभाषिरे ॥१८३॥

स्वकिरीटं विना ताभ्यः, स्वाङ्गिकं भूषणं ददौ ।
वृत्तिं च चक्रिरे यावद्, वेणिकामपि सप्तमीम् ॥१८४॥

रत्नस्वर्णादिभिः पूर्णं, गृहं वीक्ष्य नरेश्वरः ।
अज्ञासीत् तनयोत्पत्तौ, देवेन्द्राणां समागमम् ॥१८५॥

---

"આ સ્વામીનું જે અધમ અશુભ ચિંતવશે, તેનું શિર (મસ્તક) અર્ક(અર્જુન)મંજરીની જેમ સ્વયમેવ સત્વર ફૂટી જશે." (૧૮૧)

પછી સ્વર્ણરત્નાદિકથી પ્રભુનું ધામ (ઘર) ભરી દઈ નંદીશ્વરદ્વીપની યાત્રા કરીને ઇંદ્રો પોતપોતાના સ્થાનકે ગયા. (૧૮૨)

## કુંભરાજાને પ્રભુ જન્મની વધામણી.

હવે પ્રભાવતીને પ્રસૂતા જાણીને દાસીઓએ એકદમ ઉતાવળથી કુંભરાજાને તે પુત્રીજન્મનું નિવેદન કર્યું. (વધામણી આપી) (૧૮૩)

એટલે રાજાએ એક મુગુટ વિના પોતાના અંગપરના બધા આભૂષણો તેમને ઈનામમાં આપ્યા. અને સાત પેઢી સુધી તેમને પેન્શન કરી આપ્યું. અર્થાત્ ઘણું ધન આપ્યું. (૧૮૪)

પછી રત્નસુવર્ણાદિકથી પોતાના ધામ (ઘર)ને સંપૂર્ણ ભરેલું

ततो मुमुचिरे राज्ञा, कारागाराद् द्विषन्नृपाः ।
कारयाञ्चक्रिरे पूजा, जैनचैत्येषु सर्वदा ॥१८६॥

समाजग्मुरुपाध्यायाः, पठन्तः सुतमातृकाम् ।
उच्चावच्चपदैश्छात्रैर्वल्गद्भिर्मर्कटैरिव ॥१८७॥

चन्द्रार्कदर्शनं भर्तुस्तृतीयेऽह्नि प्रमोदतः ।
षष्ठीजागरणं षष्ठे, पितृभ्यां च व्यरच्यत ॥१८८॥

**गर्भस्थेऽस्मिन् प्रभौ मातुर्माल्यशयनदोहदम् ।**
**बभूव तन्मल्लिरिति, प्रभोर्नाम प्रतिष्ठितम् ॥१८९॥**

જોઈને રાજાએ પુત્રીજન્મમાં દેવેન્દ્રોનું આગમન જાણી લીધું. (૧૮૫)

અને સુતાજન્મની ખુશાલીમાં રાજાએ કેદખાનામાંથી શત્રુરાજાઓને મુક્ત કર્યા તથા જિનચૈત્યોમાં વારંવાર પૂજા અને ઉત્સવો કરાવ્યા. (૧૮૬)

તથા સુતમાતૃકાનો ઉચ્ચાર કરતા અને કરાવતા ઉપાધ્યાયો (મહેતા) વાંદરાની જેમ કુદતા એવા અનેક છાત્રો સાથે જ ત્યાં આવ્યા તેને રાજાએ પ્રસન્ન કર્યા. (૧૮૭)

પછી ત્રીજાદિને રાજારાણીએ પ્રભુને પ્રમોદથી સૂર્ય અને ચંદ્રના દર્શન કરાવ્યા અને છઠ્ઠે દિવસે તેમણે છઠ્ઠીજાગરણ કરાવ્યું. (૧૮૮)

પછી જ્યારે ગર્ભમાં પ્રભુ હતા ત્યારે માતાને પુષ્પશય્યામાં સુવાનો દોહદ થયો હતો. તેથી ભગવંતનું **મલ્લિ** એવું નામ રાખ્યું, (૧૮૯)

ભગવંત ક્ષુધા લાગે ત્યારે ઇંદ્રસંક્રમિત અંગુષ્ઠસુધાનું પાન કરતા

अङ्गुष्ठस्थां पपौ स्वामी, शक्रसंक्रमितां सुधाम् ।
**उदयेऽपि क्षुधः स्तन्यं, न पिबन्ति जिनेश्वराः ॥१९०॥**

रेजे देहः शुचिर्भर्तुरप्रक्षालितनिर्मलः ।
निरामयः सुगन्धिश्च, पूर्णकर्पूरपात्रवत् ॥१९१॥

पद्मकिञ्जल्कसुरभिर्बभौ श्वासो जगत्पतेः ।
गोक्षीरधारागौरे च, रेजाते रुधिरामिषे ॥१९२॥

विभोराहारनीहारौ, चर्मचक्षुरगोचरौ ।
चत्वारोऽतिशया एते, सहजोत्था गुणा इव ॥१९३॥

मज्जनस्तन्यनेपथ्यक्रीडालालनकर्मसु ।
कर्मठाः पञ्च धात्र्योऽथ, शक्रेण विनियोजिताः ॥१९४॥

---

હતા. કારણ કે **ક્ષુધાનો ઉદય થતાં શ્રીજિનેશ્વરો સ્તનપાન કરતા નથી.** (૧૯૦)

પ્રક્ષાલન વિના પણ નિર્મળ, નિરામય અને પૂર્ણ કર્પૂરના પાત્ર જેવો સુગંધી ભગવંતનો દેહ શોભતો હતો. (૧૯૧)

પ્રભુનો શ્વાસ કમલની રજ (પરાગ) જેવો સુગંધી હતો. અને ગોક્ષીર(ગાયના દૂધ જેવી)ધારા સમાન શ્વેતરૂધિર તથા માંસ શરીરમાં રહેલા હતા. (૧૯૨)

પ્રભુના આહાર અને નિહાર ચર્મચક્ષુને અગોચર હતા. સહજ નિષ્પન્ન ગુણોની જેમ આ ચાર અતિશય પ્રભુને જન્મથી જ હતા. (૧૯૩)

વળી સ્નાન-વિલેપન, વસ્ત્રો, ક્રીડા તથા લાલનપાલન કર્મમાં કુશળ પાંચધાત્રીઓને પ્રભુના પાલન માટે ઈંદ્રે નિયુક્ત કરી હતી. (૧૯૪)

તેમનાથી લાલનપાલન કરાતાં પ્રભુ વૃદ્ધિ પામવા લાગ્યા.

लाल्यमानः प्रभुस्ताभिर्देहोपचयमागमत् ।
क्रमेण यौवनं प्राप, त्रैलोक्यश्रीदृगौषधम् ॥१९५॥

पञ्चविंशतिधन्वोच्चो, नीलोत्पलदलच्छविः ।
वज्रर्षभसंहननधारी कलशलाञ्छनः ॥१९६॥

मल्लीसुरभिनिःश्वासो, निवासः सर्वसम्पदाम् ।
पाशो रतिप्रियन्यङ्कोः, श्रीमन्मल्लिरभात्तराम् ॥१९७॥ युग्मम्

नमन्नृपतिशीर्षेषु, कुन्दकान्तनखेन्दवः ।
विस्मेरकेतकीपत्रशोभां भेजुर्जगत्पतेः ॥१९८॥

एणीजङ्घोपमं जङ्घायुग्मं भाति जगत्पतेः ।
नाभिश्च सरितां भर्तृकल्पो लवणिमाश्रयः ॥१९९॥

---

અને અનુક્રમે ત્રિલોકની લક્ષ્મીની દૃષ્ટિને ઔષધસમ યૌવનવયને પામ્યા (૧૯૫)

એટલે પચીશ ધનુષ્ય પ્રમાણ ઉંચા, નીલોત્પલના દલ સમાન કાંતિવાળા વજ્રઋષભનારાચ સંઘયણના ધારક, કળશ લાંછનયુક્ત (૧૯૬)

પદ્મના જેવા સુગંધિત શ્વાસવાળા, સર્વસંપત્તિના નિવાસભૂત, રતિપતિરૂપ મૃગને પાશસમાન એવા શ્રીમાન્ **મલ્લિનાથ ભગવંત** અતિશય શોભવા લાગ્યા. (૧૯૭)

ભગવંતના મચકુંદના પુષ્પસમાન મનોહર નખના કિરણો નમતા રાજાઓના મસ્તક ઉપર વિકસિત કેતકીપત્રની શોભાને ધારણ કરતા હતા. (૧૯૮)

પ્રભુની બંને જંઘા મૃગની જંઘા સમાન અને લાવણ્યના આશ્રયરૂપ નાભિ-સાગર સમાન શોભતી હતી. (૧૯૯)

प्रभोर्वक्त्रश्रियं प्राप्तुं, मग्नमाकण्ठमम्बुजम् ।
रोलम्बरवर्[1]जव्याजाद्, मन्त्रजापं तनोत्यलम् ॥२००॥

प्रभोर्नेत्राब्जयोर्लक्ष्मीर्वाचि देवी सरस्वती ।
कलङ्कमिव संमार्ष्टुं, स्नेहादेकत्र तिष्ठतः ॥२०१॥

नव्यः श्रियः पतिः स्वामी, हिरण्यकशिपुप्रदः ।
यस्य वक्षःस्थिता लक्ष्मीर्जगत्काम्या विराजते ॥२०२॥

विद्रुमैरिव किंकिल्लिपल्लवैः कोमलैरिव ।
कुरुविन्दैरिवालिप्तं, प्रभोः पाणितलं बभौ ॥२०३॥

अलीकत्वं प्रभोः केशे वक्रत्वं लटभभ्रुवोः ।
तुच्छत्वं मध्यदेशेऽपि, नान्यत्र स्वामिनि स्थितम् ॥२०४॥

ભગવંતના મુખની શોભાને મેળવવાને જ જાણે કમળ કંઠ સુધી જળમાં નિમગ્ન થઈ ગયું હોય અને ભ્રમરના ગુંજારવના બ્હાનાથી જાણે સારી રીતે મંત્રજાપ કરતું હોય તેમ જણાતું હતું. (૨૦૦)

પ્રભુના નેત્રકમળમાં લક્ષ્મી અને વાણીમાં સરસ્વતી જાણે પોતાના કલંકને દૂર કરવા સ્નેહથી આવીને સાથે રહી હોય તેમ લાગતું હતું. (૨૦૧)

અહો ! ભગવંત તો એક નૂતન શ્રીપતિ હતા જે હિરણકશિપુપ્રદ (હિરણ્ય = સુર્વણ, કશિપુ = ભોજનાદિ, પ્રદ = આપનારી) હતા. જેમના વક્ષસ્થલ ઉપર રહેલી લક્ષ્મી (શોભા) જગતને ઇષ્ટ હોવાથી શોભતી હતી. (૨૦૨)

ભગવંતનું હસ્તતળ જાણે વિદ્રુમ, કિંકિલ્લિ લતાના કોમળ પલ્લવ અથવા પદ્મરાગમણિથી લિપ્ત કર્યું હોય તેવું શોભતું હતું. (૨૦૩)

પ્રભુના વાળમાં શ્યામપણું, ભ્રકુટીમાં વક્રપણુ, મધ્યભાગમાં

१. 'तुमुल' इत्यपि ।

अर्हंपूर्विकया सर्वैर्लक्षणैः पर्यलङ्कृतः ।
बभौ देहो जगद्भर्तुर्नद्योघैरिव वारिधिः ॥२०५॥

**को भवेद् जिनरूपस्य, निपुणो वर्णनं प्रति ।**
**देवदेहा अपि बभुर्यत्पुरोऽङ्गारका इव ॥२०६॥**

अलिककलितपाणिद्वन्द्वविभ्राजमानो
भवजलनिधिमज्जज्जन्तुपोतोपमस्य ।
जिनपरिवृढमल्लेः पुण्यवल्लेः स्वरूपं
विनयविनतमूर्तिर्वर्णयामास रूपम् ॥२०७॥

**इत्याचार्यश्रीविनयचन्द्रसूरिविरचिते श्रीमल्लिनाथस्वामिचरिते महाकाव्ये विनयाङ्के च्यवनजन्मकल्याणकद्वितयव्यावर्णनो नाम चतुर्थः सर्गः ॥**

---

જ તુચ્છતા હતી. બીજે ક્યાંય નહોતું. (૨૦૪)

નદીઓના પ્રવાહથી સમુદ્રની જેમ ભગવંતનું શરીર અહંપૂર્વિકાપૂર્વક સર્વલક્ષણોથી અલંકૃત શોભતું હતું. (૨૦૫)

**અહો ! જેમની આગળ દેવોના શરીર પણ અંગારા જેવા લાગતા હતા એવા ભગવંતના રૂપના વર્ણન કરવાને કોણ સમર્થ થઈ શકે ? (૨૦૬)**

છતાં લલાટ પર રચેલ અંજલિથી શોભાયમાન અને વિનયવડે વિનતમૂર્તિ એવા મેં ભવસાગરમાં ડૂબતા પ્રાણીઓને નાવસમાન તથા પુણ્યલતારૂપ શ્રીમલ્લિજિનેશ્વરના સ્વરૂપનું વર્ણન કરેલ છે. (૨૦૭)

**આ પ્રમાણે આચાર્ય વિજય વિનયચંદ્રસૂરિ વિરચિત શ્રીમલ્લિનાથસ્વામી ચરિત મહાકાવ્યમાં ચ્યવન-જન્મ કલ્યાણક-પ્રભુ સ્તવનાદિ સ્વરૂપ ચોથા સર્ગનો ગૂર્જરાનુવાદ પૂર્ણ થયો.**

# પાંચમો સર્ગ

## સર્ગપાંચમાં દર્શિત મિત્રોત્પત્તિદર્શન

પહેલામિત્ર - અચલનું સ્વર્ગથી ચ્યવન-સાકેતપુરમાં પ્રતિબુદ્ધિ રાજા તરીકે થવું - તેણે નિહાળેલ પુષ્પમુદ્‌ગર - મલ્લિકુંવરીના પુષ્પમુદ્‌ગરના વખાણ સુણી મલ્લિકુંવરીની માંગણી માટે કુંભરાજા પાસે મોકલેલ દૂત.

બીજામિત્ર - ધરણનું સ્વર્ગથી ચ્યવન - ચંપાપુરીમાં થયેલ ચંદ્રચ્છાય રાજા - તેની નગરીમાં વસતા અર્હન્નય શ્રાવકનું સમુદ્રસફરે ગમન - દેવે કરેલી પરીક્ષા - અર્હન્નયની ધર્મદઢતા - દેવે અર્પિત બે કુંડલની જોડ - એક જોડ મલ્લિકુંવરીને અર્પણ - બીજી ચંદ્રચ્છાયરાજાને અર્પણાવસરે કરેલી મલ્લિકુંવરીની વાત - રાજાને ઉત્પન્ન થયેલ તેના ઉપર સ્નેહાકર્ષણ - તેની માંગણી માટે કુંભરાજા પાસે મોકલેલ દૂત.

ત્રીજામિત્ર - પૂરણનું સ્વર્ગથી ચ્યવન - શ્રાવસ્તિ નગરમાં થયેલ રુકિમરાજા - તેની પુત્રી સુબાહુનો સ્નપનોત્સવ - તે અવસરે મલ્લિકુંવરીના સ્નપનોત્સવની થયેલી પ્રશંસા સુણી રુકિમરાજાને ઉદ્‌ભવેલી પ્રેમની સરવાણી. તેણે કુંભરાજા પાસે મોકલેલ દૂત.

ચોથામિત્ર - વસુનું સ્વર્ગથી ચ્યવન - વારાણસીનગરીમાં શંખરાજવી બનવું. મલ્લિકુંવરીના કુંડલયુગલનું ખંડન - સંધાણ માટે સુવર્ણકારોને બતાવવું - તેમણે તે સાંધવા બતાવેલી અસમર્થતા - કુંભરાજાએ તેને કાઢી મૂકવા - તેમનું શંખરાજવી પાસે આગમન - તેણે કરેલું મલ્લિકુંવરીનું રૂપવર્ણન - શંખરાજાને ઉત્પન્ન થયેલ પ્રેમાકર્ષણ - તેણે

કુંભરાજા પાસે મોકલેલ દૂત.

પાંચમામિત્ર - વૈશ્રમણનું સ્વર્ગથી ચ્યવન - હસ્તિનાપુરમાં થયેલ અદીનશત્રુ રાજા - અહીં મલ્લિકુંવરીના બંધુ મલ્લકુમારે ચિત્રાવેલી ચિત્રશાળા, ચિત્રકારે ચિતરેલું મલ્લિકુંવરીનું આબેહૂબ રૂપ - તેને જોતાં સાક્ષાત્ મલ્લિકુંવરી છે એવી મલ્લકુમારને થયેલી ભ્રમણા - મલ્લકુમારની ચિત્રકાર ઉપર નાખુશી - ચિત્રકારને કાઢી મૂકતાં તેનું અદીનશત્રુ રાજા પાસે આગમન - તેણે મલ્લિકુંવરીની બતાવેલી અપ્રતિમ છબી - તે જોતાં જ રાજાને તેના ઉપર ઉત્પન્ન થયેલો અનુરાગ. તેણે કુંભરાજા પાસે મોકલેલ દૂત.

છઠ્ઠામિત્ર - અભિચંદ્રનું સ્વર્ગથી ચ્યવન - કાંપિલ્યપુરમાં થયેલ જિતશત્રુ રાજા - અહીં મલ્લિકુંવરીએ ચોક્ષા જોગણનું તેના શૌચમતનું ખંડન કરી કરેલ અપમાન - તેનું ફરતાં ફરતાં જિતશત્રુરાજા પાસે આગમન - તેની પાસે રાજાએ પોતાના અંતઃપુરના કરેલ વખાણ - જોગણે કરેલ મલ્લિકુંવરીના રૂપનું વર્ણન - સાંભળીને રાજાને થયેલો અનુરાગ - તેણે કુંભરાજા પાસે મોકલેલ દૂત.

મલ્લિકુંવરીએ પૂર્વભવના છએ મિત્ર રાજાઓના દૂતોનું આગમન અવધિજ્ઞાનથી જાણી તે રાજવીઓને પ્રતિબોધ પમાડવા પોતાના જેવા રૂપવાળી એક સુવર્ણવર્ણી બનાવેલી પુતળી - તેને છદ્વારવાળા અંધારા ઓરડામાં સ્થાપવી - તે પોલી પુતળીના પોલાણવાળા ભાગમાં તાળવેથી પ્રતિદિન આહારનો એક એક કોળિયો નાંખવો - છએ રાજાના દૂતોનું એકસાથે મિથિલામાં આગમન - રાજસભામાં એકીસાથે પ્રવેશ - ક્રમિક છ એ દૂતોએ પોતપોતાના રાજા માટે મલ્લિકુંવરીની કરેલી માંગણી - કુંભરાજાએ છએ દૂતોનો એક સરખો કરેલો

તિરસ્કાર - તેમનું પોતપોતાના રાજા પાસે પુનરાગમન - તેઓના મુખે વાત સાંભળી છએ રાજાઓને ઉત્પન્ન થયેલો ક્રોધ - સેના સાથે તેમનું મિથિલાપ્રતિ પ્રયાણ - તેઓએ એકસાથે મિથિલાને ઘાલેલો ઘેરો - કુંભરાજાને ઉત્પન્ન થયેલી ચિંતા - મલ્લિકુંવરીએ છએ રાજાઓને ભિન્ન ભિન્ન ગુપ્તમાનવો વડે બોલાવવાનું કહેલું - કુંભરાજાએ કરેલો તેનો અમલ - છએ રાજાઓનું એકી સમયે આગમન - પુતળીવાળા ઓરડાના છદ્વાર પાસેની છ કોટડીમાં જુદા જુદા દ્વારેથી પ્રવેશ કરવું - ત્યાં પુતળીદર્શને સાક્ષાત્ મલ્લિકુમારીની ભ્રમણા - મસ્તકનું ઢાંકણું ખુલ્લુ કરવું - તેમાંથી ઉછળતી અત્યંત દુર્ગંધ - મલ્લિકુંવરી પ્રગટ થઈ તે નિમિત્તે કરેલો બોધ - પૂર્વભવનું કરાવેલું સ્મરણ - તેમને ઉત્પન્ન થયેલું જાતિસ્મરણજ્ઞાન - તેમણે મલ્લિકુંવરી પ્રત્યે કરેલી કર્તવ્યની પૃચ્છા - મલ્લિકુંવરીએ પોતાની દર્શાવેલી ચારિત્રગ્રહણની ઈચ્છા, તે જ માર્ગગ્રહણ કરવાની છએ રાજાઓએ કરેલી સ્વીકૃતિ - તૈયારી કરવા પોતપોતાના રાજ્યમાં ગમન.

આ બાજુ લોકાંતિકદેવોનું પ્રકટીકરણ - ધર્મતીર્થ પ્રવર્તાવવાની શ્રીમલ્લિનાથપ્રભુને કરેલી પ્રાર્થના - ભગવંતનું સાંવત્સરિક દાન - ભગવંતનો મહાભિનિષ્ક્રમણ મહોત્સવ - ભગવંતે સ્વીકારેલી પ્રવ્રજ્યા - ઈંદ્રમહારાજાએ કરેલી સ્તુતિ - સાધનાની પગદંડીએ પગરવ કરતાં પ્રભુજીને તે જ દિવસે કેવલજ્ઞાનની પ્રાપ્તિ - દેવોએ કરેલી સમવસરણની રચના - ઈંદ્રે કરેલી ગુણસ્તુતિ - છએ મિત્ર રાજાઓનું ત્યાં આગમન.

# अथ पञ्चमः सर्गः ।

इतश्च वैजयन्ताख्यविमानात् स परिच्युतः ।
जीवोऽचलस्य साकेते, प्रतिबुद्धिर्नृपोऽजनि ॥१॥

कामो वयसि पीयूषं, यो वचसि महीयसि ।
गीष्पतिः सदसि त्वष्टा, महसि क्षात्रसम्भवे ॥२॥

देवी पद्मावती तस्य, पद्मा पद्मापतेरिव ।
निश्छद्मसद्म निःशेषगुणानामनणीयसाम् ॥३॥

इतश्च तस्मिन्नगरे, गरीयो नागवेश्मनि ।
ईशान्यां दिशि नागानां प्रतिमाश्चिन्तितप्रदाः ॥४॥

आनर्चुस्ताः प्रतिदिनं, नागरा भक्तिसागराः ।
उपयाचितसन्ताने, सम्पूर्णे सति सर्वदा ॥५॥

---

હવે વૈજયંત નામના વિમાનથી ચ્યવીને અચલનો જીવ સાકેતપુરમાં પ્રતિબુદ્ધિ નામે રાજા થયો. (૧)

જે રૂપમાં કામદેવસમાન, વચનમાં અમૃતસમાન, સભામાં બૃહસ્પતિસમાન અને ક્ષત્રિયતેજમાં વિશ્વકર્મા સમાન હતો. (૨)

કૃષ્ણની લક્ષ્મીની જેમ અતિમહાન સમસ્ત ગુણોના સ્થાનરૂપ પદ્માવતી નામે તે રાજાની રાણી હતી. (૩)

તે નગરીની ઈશાનદિશામાં એક મોટા નાગમંદિરમાં ઈષ્ટાર્થ પૂરનારી અનેક નાગોની પ્રતિમા હતી. (૪)

માનતાઓ પૂર્ણ થતાં ભક્તિશાળી નગરવાસીઓ તે પ્રતિમાની દરરોજ પૂજા કરતા હતા. (૫)

એકવાર રાજાની રજા લઈને પદ્માવતી રાણી હર્ષ પામી

आपृच्छ्य क्षितिपं तासां, यात्रायै हर्षिताशया ।
अगात् पद्मावती देवी, नागदैवतवेश्मनि ॥६॥

प्रतिबुद्धिर्महीपालः, सशृङ्गारोऽसमः श्रिया ।
इमामन्वगमद् देवीं, केतकीमिव षट्पदः ॥७॥

पुष्पमण्डपिकां नागप्रतिमामनुनिर्मिताम् ।
विलोक्य मुद्गरं पौष्यं, चाऽवदद् नृपपुङ्गवः ॥८॥

सुबुद्धे ! सचिवाधीश !, त्वमस्मत्प्रेषणोत्सवैः ।
ईदृक्स्वरूपं स्त्रीरत्नं, जात्यरत्नमिवोज्ज्वलम् ॥९॥

राज्ञां वेश्मनि कुत्रापि, दक्ष ! वीक्षितवानसि ।
कौसुमं मुद्गरं बिभ्रद्भ्रमद्भ्रमरधोरणीम् ॥१०॥ युग्मम्

---

નાગદેવના મંદિરમાં તે પ્રતિમાઓની યાત્રા કરવા ગઈ. (૬)

શૃંગાર સજવાથી શોભામાં અસાધારણ પ્રતિબુદ્ધિ રાજા કેતકીની પાછળ મધુકરની જેમ તે રાણીની પાછળ ત્યાં આવ્યો. (૭)

પુષ્પમંડપમાં સ્થાપન કરેલી નાગપ્રતિમા અને પુષ્પમુદ્ગર જોઈને રાજાએ મંત્રીને કહ્યું કે, (૮)

"હે સુબુદ્ધિ મંત્રીશ્વર ! અમારા પ્રેષણોત્સવોમાં જાત્યરત્ન સમાન ઉજ્જ્વલ અને મધુકરોની શ્રેણી જ્યાં ભણી રહી છે. એવા કુસુમ મુદ્ગરને ધારણ કરનાર એવું સ્વરૂપવાન સ્ત્રીરત્ન અને આવો પુષ્પમુદ્ગર હે દક્ષ ! તેં કોઈ રાજભવનમાં જોયો છે ? (૯-૧૦)

એટલે સુબુદ્ધિ મંત્રીશ્વર હસીને બોલ્યો કે, "હે રાજેન્દ્ર ! તમારા આદેશથી હું મિથિલાનગરીમાં ગયો હતો. (૧૧)

ત્યાં નેત્રરૂપ મૃગલાને પાશ સમાન, મનરૂપ મુસાફરને

विहस्य सचिवाधीशः, सुबुद्धिर्न्यगदद् नृपम् ।
त्वदादेशेन भूमीश !, गतोऽहं मिथिलापुरीम् ॥११॥

कन्यकां कुम्भभूपस्य, नेत्रसारङ्गवागुराम् ।
मनोऽध्वनीनविश्रामद्रुमच्छायासहोदरीम् ॥१२॥

अनेकैर्लक्षणैः पुण्यैः, पुण्यैरिव समन्विताम् ।
मल्लीमित्यहमद्राक्षमस्राक्षमपि संमदम् ॥१३॥

तस्याः स्त्रीरत्नमुख्याया, आयुर्ग्रन्थौ महीपते ! ।
विधीयते सकोऽप्युच्चैर्निस्सीमः पुष्पमुद्गरः ॥१४॥

तवैष पुरतो यस्य, लक्षांशेनापि सर्वथा ।
न भाति किन्तु विच्छायदर्पणत्वं दधात्यहो ! ॥१५॥

यद्येकदापि श्रीमल्लेर्ददृशे रूपवैभवम् ।
तदा भूमिस्थितेनापि, प्राप्यतेऽनिमिषास्थितिः ॥१६॥

---

વિશ્રામવૃક્ષની છાયા સમાન, પુણ્યની જેમ અનેક પવિત્ર લક્ષણોથી યુક્ત મલ્લિકુમારીને જોઈને મારો ગર્વ બધો ગળી ગયો છે. (૧૨-૧૩)

હે રાજા ! સ્ત્રીરત્નોમાં મુખ્ય તેની વર્ષગાંઠ વખતે સુંદર રીતે અનુપમ પુષ્પમુદ્ગર રચવામાં આવે છે. (૧૪)

તેની આગળ આ તમારો પુષ્પમુદ્ગર લાખમાં ભાગે પણ શોભતો નથી. પણ નિસ્તેજ દર્પણ સમાન લાગે છે. (૧૫)

જો એકવાર પણ શ્રીમલ્લિકુમારીનું રૂપ જોવામાં આવે તો પૃથ્વી પર રહેવા છતાં અનિમેષ સ્થિતિ (દેવતા) પ્રાપ્ત થાય છે. (૧૬)

હે સ્વામિન્ ! મલ્લિકુમારીની છબી તો દર્પણમાં જ દેખાય

मल्लेः प्रतिकृतिः स्वामिन् !, दर्पणेष्वेव दृश्यते ।
उपमानं महाम्भोधेर्महाम्भोधिर्निगद्यते ॥१७॥

न मेरोरधिकः शैलो, मानसाद् न परं सरः ।
नाकाशादधिकं किञ्चित्, तद्रूपादधिकं नु किम् ? ॥१८॥

मल्लीरूपं न दृष्टं यैः, स्फारतारैर्विलोचनैः ।
स मन्ये नररूपेण, कूपमण्डूकसन्निभः ॥१९॥

सकर्णकर्णपीयूषं, श्रुत्वेति प्रतिबुद्धिराट् ।
रोमाञ्चैरञ्चितो देहे, कदम्बः कुसुमैरिव ॥२०॥

स पूर्वजन्मनः स्नेहाद्, वरीतुमथ कन्यकाम् ।
दूतं प्रैषीद् निसृष्टार्थं, कुम्भभूपान्तिके निजम् ॥२१॥

---

છે. કારણ કે **મહાસાગરની ઉપમા મહાસાગર** જ અપાય છે. (૧૭)

મેરૂપર્વત કરતાં અધિક મોટો પર્વત નથી. માનસરોવર કરતાં અધિક (મોટુ) સરોવર નથી, આકાશ કરતાં અધિક કાંઈ વસ્તુ નથી. મલ્લિકુમારીના રૂપ કરતાં અધિક રૂપ નથી. (૧૮)

હું ધારૂ છું કે જેમણે વિકસિત નયનથી મલ્લિકુમારીનું રૂપ જોયું નથી તેઓ નરરૂપધારી કુવાના દેડકા જ છે." (૧૯)

આ પ્રમાણે કુશળજનોના કર્ણને અમૃતસમાન વર્ણન સાંભળી કુસુમોથી કદંબવૃક્ષની જેમ પ્રતિબુદ્ધિરાજાના દેહપર રોમાંચ ખડા થઈ ગયા. (૨૦)

પછી પૂર્વભવના સ્નેહથી તે કન્યાને વરવાને માટે રાજાએ કુંભરાજા પાસે એક પોતાનો કાર્યકુશળ દૂત મોકલ્યો. (૨૧)

इति मल्लिनाथस्वामिपूर्वभवाचलप्रथममित्रोत्पत्तिः । इतश्च –

च्युत्वा धरणजीवोऽपि वैजयन्तविमानतः ।
अभूत् चम्पामहापुर्यां चन्द्रच्छायाभिधो नृपः ॥२२॥

विज्ञातजीवाऽजीवादितत्त्वः सत्त्वकृपापरः ।
चतुःपर्व्यां कृततपाः, समाधिश्रितपौषधः ॥२३॥

लब्धगृहीतपृष्टार्थो, पिहितद्वारबन्धुरः ।
वस्त्रपात्राऽऽसनावासप्रदः साधुजनेष्वलम् ॥२४॥

कृतज्ञो विनयी धीरः, परनारीसहोदरः ।
तस्यामेव महापुर्यां, श्रावकोऽर्हन्नयाह्वयः ॥२५॥ त्रिभिर्विशेषकम्

### ધરણ ચંપાપુરીમાં ચંદ્રચ્છાય રાજવી.
### મલ્લિકુમારી વરવા દૂતનું પ્રયાણ.

હવે ધરણનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને ચંપાપુરીમાં ચંદ્રચ્છાય નામે રાજા થયો (૨૨)

તે જ નગરીમાં જીવાજીવાદિ તત્ત્વનો જ્ઞાતા, ચાર પર્વતિથિ (૮,૧૪,૧૫ અને અમાવાસ્યા) તપ કરીને સમાધિપૂર્વક પૌષધ કરનાર, (૨૩)

લબ્ધ-ગૃહિત-પૃષ્ટાર્થને ધારણ કરનાર શ્રાવક લદ્ધટ્ઠા, ગહિયટ્ઠા, પુચ્છિયટ્ઠા હોય છે. એટલે કે સૂત્રાર્થના ગુરુમહારાજ પાસેથી વ્યાખ્યાનાદિ દ્વારા લબ્ધાર્થ, ગૃહિતાર્થ હોય છે અને કેટલાક અર્થપૂછીને ગ્રહણ કરનારા હોય છે. પાપના વ્યાપાર બંધ કરેલા હોવાથી બંધુર સાધુજનોને નિર્દોષ વસ્ત્ર, પાત્ર, આસન, વસતિ વિગેરે સારી રીતે આપનાર, (૨૪)

કૃતજ્ઞ, વિનયી, ધીર એન પરનારી સહોદર એવો અર્હન્નય

सोऽन्यदा वार्द्धियात्रायै, मनश्चक्रे महामतिः ।
क्षणमात्राद् दरिद्रघ्नं, सामुद्रं पर्युपासनम् ॥२६॥ यतः –

**इक्षुक्षेत्रं समुद्रश्च, योनिपोषणमेव च ।**
**प्रसादो भूभुजां चेति, क्षणाद् घ्नन्ति दरिद्रताम् ॥२७॥**

विविधं वित्तमादाय, समेतः सुहृदां गणैः ।
असौ वारांनिधेस्तीरमचालीदचलाशयः ॥२८॥

चारुवस्त्रपरीधानां, गृहीताक्षतभाजनाम् ।
अर्थसिद्धिमिवाद्राक्षीदायान्तीं पुरतः स्त्रियम् ॥२९॥

शकुनैः प्रेरितः पुण्यैरिव श्रेष्ठितनूद्भवः ।
प्राप वारांनिधेः कूलं, मूलं वाणिज्यशाखिनः ॥३०॥

---

નામનો શ્રાવક રહેતો હતો. (૨૫)

તે મહાબુદ્ધિશાળીને એકવાર સમુદ્રયાત્રા જવાનો વિચાર થયો. **સમદ્રની ઉપાસના કરવાથી ક્ષણમાત્રમાં દારિદ્રનો નાશ થાય છે.** કહ્યું છે કે, (૨૬)

**"ઈક્ષુક્ષેત્ર, સમુદ્ર, ગાય, ભેંશ વિગેરે ચતુષ્પદોનું પોષણ અને રાજપ્રસાદ એ દરિદ્રતાનો સત્વર નાશ કરે છે."** (૨૭)

પછી વિવિધ વસ્તુઓ લઈને મિત્રોની સાથે અચલ આશયવાલો અર્હન્નય સમુદ્રયાત્રાએ ચાલ્યો. (૨૮)

તે સમયે સુંદર વસ્ત્રધારી, અક્ષતના ભાજનવાળી કોઈ સ્ત્રીને સાક્ષાત્ અર્થસિદ્ધિની જેમ સામે આવતી તેણે જોઈ અર્થાત્ તેને શુભ શુકન થયા. (૨૯)

પુણ્યની જેમ શુભશુકનથી પ્રેરાયેલ તે શ્રેષ્ઠી વાણિજ્યરૂપવૃક્ષના મૂળસમાન સમુદ્રને સામે કાંઠે પહોંચ્યો. (૩૦)

स्वनामेव महाम्भोधेरावर्तादि विदन्ति ये ।
तेभ्यो निर्यामिकेभ्यः, स्वं ददौ सांयात्रिकाग्रणीः ॥३१॥

नीलीगुग्गुललाक्षाश्च, निम्बचीवरसंहतीः ।
असौ संग्राहयामास, हरिद्रादि विशेषतः ॥३२॥

शुक्रवारेऽथ विस्फूर्जज्जैत्रवादित्रसुन्दरम् ।
पोतं प्रपूरयामास, समुद्रार्चापुरस्सरम् ॥३३॥

ध्रुवचक्रप्रमाणेन, सिद्धान्तेनाऽथ साधुवत् ।
संचेरे सरितां नाथे, पोतो वेगेन वायुवत् ॥३४॥

शक्रः सभामुपासीन, उपार्हन्नयमार्हताः ।
त्रिदशानां पुरश्चक्रे, वर्णनं कलया गिरा ॥३५॥

---

તે અવસરે પોતાના નામની જેમ મહાસમુદ્રના આવર્તાદિ સર્વને જાણનાર નિર્યામકને તે સમુદ્રયાત્રા કરનારમાં મુખ્યગૃહસ્થે પુષ્કળ દ્રવ્ય આપી પ્રસન્ન કર્યા. (૩૧)

પછી નીલી (ગળી), ગુગ્ગલ, લાક્ષા, નિંબ, ચીવર અને હળદર વિગેરેની તેણે પુષ્કળ ખરીદી કરી. (૩૨)

અને શુક્રવારે સ્ફૂરાયમાન જયનશીલ વાજીંત્રોથી સુંદર એવું એ વહાણ સમુદ્રની પૂજાપૂર્વક તેણે સંપૂર્ણ ભર્યું. (૩૩)

એટલે સિદ્ધાંતાનુસાર સાધુ ચાલે તેમ ધ્રુવચક્રના આધારે તે વહાણ વાયુવેગે સમુદ્રમાં ચાલવા લાગ્યું. (૩૪)

એ અવસરે પોતાની સભામાં બેઠેલા ઈંદ્રે દેવોની આગળ મુધરવાણીથી અર્હન્નય શ્રાવકની ધર્મદઢતાની પ્રશંસા કરી. (૩૫)

તે સાંભળીને "મનુષ્ય કીટક છતાં દેવતાઓ પણ તેને ધર્મથી

मनुष्यकीटको धर्मादचाल्यस्त्रिदशैरपि ।
अवोचद् यद्वचः शक्रस्तदद्याऽलीकयाम्यहम् ॥३६॥

इति ध्यात्वा सुरः कश्चिद्, मत्सराध्मातमानसः ।
अधिवार्धि महामेघं, विचक्रे व्योममण्डले ॥३७॥

नीलीरक्तेव सर्वत्र, जजृम्भे घनमण्डली ।
पोतस्थजनजीवानां, ग्रसने राक्षसीयिता ॥३८॥

सत्त्वहेम्नः परीक्षायां, शाणायन्ते चिरद्युतः ।
गर्जितान्यपि जीवानां, ठात्कारा इव निग्रहे ॥३९॥

यथा यथा प्रवहणं, कम्पते चैत्यकेतुवत् ।
तथा तथाऽङ्गिनां भीतिग्रहिलानि मनांस्यपि ॥४०॥

---

ચલાયમાન કરી ન શકે." આવા ઇંદ્રના વચનો સાંભળી ઇંદ્રના વચનને હું આજ મિથ્યા કરું. (૩૬)

એમ ચિંતવી મનમાં મત્સર ધારણ કરી કોઈ મિથ્યાદષ્ટિ દેવતાએ સમુદ્ર ઉપર આકાશમંડળમાં મહામેઘ વિકુર્વ્યો. (૩૭)

એટલે મેઘમાલા સર્વત્ર નીલીરક્તના જેવી દીસવા લાગી અને વહાણમાં બેઠેલા માનવોને ગળી જવાને જાણે એક રાક્ષસી હોય તેવી દેખાવા લાગી. (૩૮)

સત્ત્વરૂપી સુવર્ણની પરીક્ષામાં વીજળીનો પ્રકાશ તે શરાણ જેવો અને પ્રાણીઓનો નિગ્રહ કરવામાં ગર્જના તે ઠાત્કાર જેવી જણાવા લાગી. (૩૯)

જેમ જેમ મંદિરના ધ્વજની માફક વહાણ ડોલવા લાગ્યું તેમ તેમ માણસોના મન પણ ભયથી વિહ્વળ થવા લાગ્યા. (૪૦)

પછી તરંગોના ઝપાટાથી વહાણ ડોલા ખાતું ઉંચે ઉછળવા

कम्पमाने प्रवहणे, वीचिभिः पूरिताम्बरे ।
स्पर्धया धीवरा वारि, चिक्षिपुश्चटसैर्बहिः ॥४१॥

विचक्रेऽथानिलं स्वर्गी, झञ्झावातभयङ्करम् ।
येनेक्षणानि पोतस्था, मिमीलुः स्वधिया समम् ॥४२॥

हा मातस्तात ! हा भ्रातर्हा बन्धो ! कुलदेवताः ! ।
अस्माकं कुरुताऽमुत्र, साहाय्यं महदापदि ॥४३॥

इत्यादिलोकसंलापैः, कर्णाय सूचिकोपमैः ।
व्यानशे रोदसीकूपो, निर्भीमैर्गर्जितैः समम् ॥४४॥

कुम्भलक्षैः करिष्यामि, स्नात्रं कुङ्कुमवाहिभिः ।
अमुष्माद् विधुरादाशु, देवि ! तारय तारय ॥४५॥

---

લાગ્યું. એટલે ખારવા સ્પર્ધાથી ચાટવાવતી પાણી ભરી ભરીને બહાર કાઢી નાંખવા લાગ્યા. (૪૧)

એ સમયે પેલા દેવતાએ ઝંઝાવાત કરતાં પણ ભયંકર પવન વિકુર્વ્યો. જેથી પોતમાં (વહાણમાં) બેઠેલા લોકોએ પોતાની બુદ્ધિની સાથે નેત્રોને પણ બંધ કરી દીધા. (૪૨)

હા માતા ! હા તાત ! હા ભ્રાત ! હા બંધો ! હા કુળદેવતા ! આ મહા આપત્તિમાં અમને સહાય કરો. (૪૩)

આ પ્રમાણે કર્ણને સૂચિકા (સોય) સમાન લોકોના પોકારથી ભયંકર ગર્જનાની સાથે ગગનમંડળ વ્યાપ્ત થઈ ગયું. (૪૪)

હે દેવી ! કુંકુમયુક્ત જળના ભરેલા લાખો ઘડાઓથી તમારૂં સ્નાત્ર કરીશ. માટે આ સંકટથી મારો ઉદ્ધાર કર, ઉદ્ધાર કર (૪૫)

ઈત્યાદિ અનેક પ્રકારની લોકો માનતાઓ કરવા લાગ્યા.

एवंरूपा विदधिरे, उपयाचितसंहतीः ।
**आर्ता हि देवतापादभक्तिं विदधतेतराम् ॥४६॥**

इत्युपद्रवमालोक्य, स्मृतपञ्चनमस्कृतिः ।
पवित्रासनमासीनः, प्रत्याख्यानसमाहितः ॥४७॥

वीतरागं मनोऽम्भोजे, विदधानः शुभाशयः ।
श्रावकोऽर्हन्नयोऽस्मार्षीदनित्यादिकभावनाम् ॥४८॥ युग्मम्

अमुमीदृग्विधं वीक्ष्य, क्षोभाय सुरपांसनः ।
विचक्रे रक्षसो रूपं, कालरात्रिसहोदरम् ॥४९॥

मुखज्वालास्फुलिङ्गोच्चैर्द्यां खद्योतमयीमिव ।
कुर्वन् हास्यच्छटापातैः, क्षमां फेनमयीमिव ॥५०॥

---

**"કારણ કે પીડાતા લોકો (દુઃખી લોકો) દેવચરણની બહુભક્તિ કરે છે."** (૪૬)

આ પ્રમાણેનો પ્રબળ ઉપદ્રવ જોઈને પંચપરમેષ્ઠિનું સ્મરણ કરતો, પવિત્ર આસન ઉપર બેસી, પ્રત્યાખ્યાન કરી પોતાના હૃદયકમળમાં વીતરાગને ધારણ કરી શુભાશયવાળો અર્હન્નય શ્રાવક અનિત્યાદિ ભાવના ભાવવા લાગ્યો. (૪૭-૪૮)

એટલે એને શુભ ભાવનામાં નિમગ્ન થયલો જોઈ તેને ક્ષોભ પમાડવા માટે તે અધમદેવે કાળરાત્રિ સમાન રાક્ષસનું રૂપ વિકુર્વ્યું. (૪૯)

મુખમાંથી નીકળતી જ્વાળાના અવિરત સ્ફૂલિંગ(કણિયા)થી આકાશને જાણે ખદ્યોત(ખજુવા)મય બનાવતો, હાસ્યચ્છટાના પાતથી પૃથ્વીને જાણે ફીણમય બનાવતો, (૫૦)

પાદરૂપ શિલાના ઘાતથી પૃથ્વીને જાણે પાતાળમાં દબાવી

पाददर्दुरिकाघातैरधः क्षोर्णी क्षिपन्निव ।
उच्चैः कलकलारावं, तन्वन् प्रलयरुद्रवत् ॥५१॥

उद्वहन् कर्तिकां पाणौ, प्रेतभर्तुः प्रियामिव ।
ऊचे नक्तंचरः क्रूरो, रे रे श्रावकपांसन ! ॥५२॥

मुञ्च धर्ममिमं मुञ्च, नो चेत् कर्तिकयाऽमुया ।
पातयिष्यामि ते मुण्डमखण्डं फलवत्तरोः ॥५३॥

बलाद् बलिं करिष्यामि, यादसां त्वां दुराशय ! ।
नाऽयं धर्मोऽर्गलो भावी, पततोऽम्भोधिपाथसि ॥५४॥

आत्मानं श्रावकत्वेन, भाषमाणः पदे पदे ।
कुरुषेऽम्बुनिधौ यात्रामहो ! निर्घृणधूर्वर ! ॥५५॥

एवं विभाषमाणेऽस्मिन्नर्हन्नय उपासकः ।
स्वध्यानाद् नाऽचलच्छैलः, किं वातेन प्रकम्पते ? ॥५६॥

---

દેતો અને પ્રલયકાળમાં રૂદ્રની જેમ, ઉંચે સ્વરે કલકલારવ (કિલકિલાટ) કરતો (૫૧)

યમની પ્રિયા સમાન શસ્રોને હાથમાં ધારણ કરતો એવો તે ક્રૂર રાક્ષસ બોલ્યો કે - "અરે શ્રાવકાધમ ! તારા ધર્મને સત્વર છોડી દે, નહિ તો વૃક્ષના ફળની જેમ આ શસ્રથી તારૂં અખંડમસ્તક જમીન પર પાડી દઈશ. (૫૨-૫૩)

અને હે દુરાશય ! બળાત્કારે જળજંતુઓને તારૂં બલિદાન આપીશ." સમુદ્રના અગાધજળમાં પડતાં તને તારો ધર્મ આડો આવે તેમ નથી. (૫૪)

અરે ! નિર્દયશિરોમણિ ! પોતાને પગલે પગલે શ્રાવક તરીકે ઓળખાવીને પાછો સદા સમુદ્રની સફર કર્યા કરે છે ? (૫૫)

એ પ્રમાણે દેવના કઠોર વાક્યોથી અર્હન્નય શ્રાવક પોતાના

भद्र ! सौधर्मशक्रेण, संस्तुतोऽसीति पर्षदि ।
त्रिदशैरपि स्वधर्मादचाल्योऽर्हन्नयः सुधीः ॥५७॥

तत्प्रशंसामिमां श्रुत्वा, परीक्षार्थमिहाऽऽगमम् ।
ममेदृक् चेष्टितं सर्वं, क्षमस्व करुणानिधे ! ॥५८॥

शिलोच्चय इवासि त्वं, मनागपि न कम्पितः ।
मत्तस्य दन्तिनो दन्तघातेनेव मया ननु ॥५९॥

दिव्यं कुण्डलयोर्द्वन्द्वं तस्मै दत्त्वा स नाकसद् ।
संहृत्य मेघवातादि, तिरोऽभूदभ्रगेन्दुवत् ॥६०॥

क्षेमेणाऽर्हन्नयो वार्धिं, तीर्त्वा गोष्पदवत् क्रमात् ।
गृहीताऽशेषभाण्डौघो, नगरीं मिथिलां गतः ॥६१॥

---

ध्यानथी जरापण चलायमान न थयो. शुं ? मेरुपर्वत पवनथी कंपे खरो ? (५६)

पछी प्रगट थईने ते देव बोल्यो के, "हे भद्र ! सौधर्मेन्द्रे सभामां तारी स्तुति करी के - अर्हन्नय श्रावकने स्वधर्मथी कोई देव पण चलायमान करी शके तेम नथी." (५७)

आवी प्रशंसा सांभळीने हुं अहीं तारी परीक्षा करवा आव्यो हतो. पण तेमां तुं पास थयो छे. माटे हे करुणानिधान ! मारो आ अपराध क्षमा कर. (५८)

मदोन्मत्त हस्तीना दंतघातथी पर्वतनी जेम माराथी तुं लेशमात्र पण चलायमान थयो नथी." (५९)

पछी ते देवे तेने दिव्यकुंडळनी बे जोड आपीने अने मेघ तथा वायु संहरीने मेघमां छूपायेला चंद्रनी जेम अदृश्य थई गयो. (६०)

अर्हन्नय श्रावक अनुक्रमे खाबोचीयानी जेम सुखपूर्वक समुद्रनुं

एकं श्रीकुम्भभूपस्य, प्राभृते कुण्डलद्वयम् ।
ददतेऽर्हन्नयः पोतवाहकः सादराशयः ॥६२॥

तदेवं पृथिवीनाथस्तां दिव्यां कुण्डलद्वयीम् ।
दुहित्रे नेत्रमित्रायै, श्रीमत्यै मल्लये ददौ ॥६३॥

अर्हन्नयाय पात्रज्ञो, दत्त्वोच्चैः पारितोषिकम् ।
विससर्ज महीपेन्दुर्यथाऽम्बु जलधिर्धनम् ॥६४॥

क्रीतविक्रीतनिःशेषभाण्डश्चम्पामुपागतः ।
चन्द्रच्छायनरेन्द्रस्य, सभामण्डपमभ्यगात् ॥६५॥

चकार प्राभृते श्रेष्ठी, द्वितीयां कुण्डलद्वयीम् ।
**पदार्थाः खलु युज्यन्त, उत्तमानामिहोत्तमाः** ॥६६॥

---

ઉલ્લંઘન કરી સમગ્ર વસ્તુઓ લઈ મિથિલાનગરીએ આવ્યો. (૬૧)

ત્યાં પોતવાહક અર્હન્નય શ્રાવકે આદરપૂર્વક શ્રીકુંભરાજા પાસે જઈને કુંડળની એક જોડ તેમને ભેટ કરી. (૬૨)

એટલે રાજાએ તે દિવ્યકુંડલની જોડી નેત્રના મિત્ર જેવી પોતાની પુત્રી શ્રીમતી મલ્લિકુમારીને આપી. (૬૩)

પાત્રજ્ઞ એવા રાજાએ સમુદ્ર જેમ જળ આપી તે મેઘને વિસર્જન કરે તેમ અર્હન્નયને ઉંચા પ્રકારનું પારિતોષિત આપીને વિસર્જન કર્યો. (૬૪)

પછી સમગ્ર વસ્તુઓનો  ક્રય-વિક્રય કરીને અર્હન્નય શ્રાવક ચંપાનગરીએ આવ્યો અને ત્યાં ચંદ્રચ્છાય રાજાના સભામંડપમાં આવી (૬૫)

બીજી દિવ્યકુંડલની જોડ તેણે તે રાજાને ભેટ કરી. કારણ કે **ઉત્તમપદાર્થો ઉત્તમજનોને જ યોગ્ય હોય છે** (૬૬)

राजोचेऽर्हन्नय ! श्रेष्ठिन् !, कुतोऽदः प्राप्तमीदृशम् ? ।
नेदृग् मर्त्यतले भावि, कान्त्या जितदिवाकरम् ॥६७॥

आदौ समुद्रवृत्तान्तं, विधाय श्रेष्ठिनन्दनः ।
अन्ते वितत्य चम्पाया, आगमं सर्वमब्रवीत् ॥६८॥

केयं मल्लीति पप्रच्छ, चन्द्रच्छायक्षितीश्वरः ।
**अपूर्वश्रवणे यत्नः, किं सकर्णस्य नो भवेत् ?** ॥६९॥

अथाऽसौ न्यगदच्छ्रेष्ठी, देव ! श्रीमिथिलापुरि ।
विजयी श्रीकुम्भभूपाल, इक्ष्वाकुकुलभूषणम् ॥७०॥

तत्सुता जननेत्राणामध्वगानामिव प्रपा ।
मल्लिर्मल्लिस्मिता चारुगुणवल्लीव जङ्गमा ॥७१॥

---

તે જોઈને રાજા બોલ્યો કે, "હે અર્હન્નય શેઠ ! આ કુંડળની જોડ તમને ક્યાંથી પ્રાપ્ત થઈ ? કારણ કે કાંતિમાં સૂર્યને જીતે એવા આ કુંડળ મનુષ્યલોકમાં સંભવે નહિ." (૬૭)

આ પ્રમાણે પ્રશ્ન સાંભળીને અર્હન્નયે પ્રથમ સમુદ્રનો અહેવાલ કહીને છેવટે ચંપામાં આવ્યો ત્યાં સુધીનો બધો વૃત્તાંત કહી સંભળાવ્યો. (૬૮)

તે સાંભળી રાજાએ પૂછ્યું, "તે એક જોડ જેને ભેટ આપી તે મલ્લિકુમારી કોણ છે ? તે કહે. કારણ કે **અપૂર્વવાત શ્રવણ કરવા માટે કયો કુશળ પુરુષ પ્રયત્ન ન કરે ?** (૬૯)

પછી તો શ્રેષ્ઠી બોલ્યો કે, "હે દેવ ! મિથિલાનગરીમાં ઇક્ષ્વાકુ કુલના ભૂષણરૂપ કુંભ નામે રાજા છે. (૭૦)

તે રાજાને મુસાફરોને પરબની જેમ લોકોના નેત્રોને આનંદ આપનારી કુસુમજેવા સ્મિતવાળી, સુંદરગુણોની જંગમ લતા જેવી

पुरो यस्या मुखस्योच्चैर्निर्माल्यमिव चन्द्रमाः ।
यस्याश्च नेत्रयोर्लक्ष्मीरलक्ष्मीरम्बुजव्रजे ॥७२॥

इत्थमाकर्ण्य चन्द्रेशः, प्राग्जन्मस्नेहमोहितः ।
मल्लीं वरीतुं प्राहैषीद्, दूतं कुम्भमहीपतेः ॥७३॥

**॥ इति श्रीमल्लिनाथस्वामिपूर्वभवद्वितीयमित्रोत्पत्तिः ॥**

इतश्च पूरणप्राणी, वैजयन्तं विहाय सः ।
श्रावस्त्यामभवत् पुर्यां, रुक्मी नाम क्षितीश्वरः ॥७४॥

तस्याऽभूद्धारिणी नाम, स्वर्देवीव महीचरी ।
रूपातिशायिनी शान्ता, कान्ताकारा सुलक्षणा ॥७५॥

---

મલ્લિકુમારી નામે પુત્રી છે. (૭૧)

જેના મુખની શોભા આગળ ચંદ્રમા તો તદ્દન નિર્માલ્ય લાગે છે. જેના બે નેત્રની કાંતિ આગળ કમળની કાંતિ નિસ્તેજ લાગે છે.” (૭૨)

આ પ્રમાણે સાંભળીને પૂર્વજન્મના સ્નેહથી મોહિત થઈ તેની માંગણી કરવા માટે ચંપાપતિએ કુંભરાજા પાસે એક દૂત મોકલ્યો. (૭૩)

**પૂરણનો જીવ શ્રાવસ્તિ નગરે બને રૂકિમરાજા.**

હવે પૂરણનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને શ્રાવસ્તિનગરીમાં રૂકિમ નામે રાજા થયો. (૭૪)

જાણે સ્વર્ગની દેવી પૃથ્વી પર આવી હોય એવી અતિશય રૂપવતી, શાંત, મનોહર આકારવાળી સારા લક્ષણોયુક્ત ધારિણી નામે તે રાજાની પટ્ટરાણી છે. (૭૫)

સુરેન્દ્રને લક્ષ્મી અને સમુદ્રને જેમ વાર્ધિસુતાની જેમ તે

अजनिष्ट तयोः सौम्या, सुबाहुर्नाम कन्यका ।
[1]लक्ष्मीरिव सुरेन्द्रस्य, समुद्रस्येव वार्धिजा ॥७६॥

साऽतीव धरणीभर्तुः, स्वप्राणेभ्योऽपि वल्लभा ।
इतरेभ्योऽप्यपत्यानि, किं पुनः पृथिवीभुजाम् ? ॥७७॥

साऽन्येद्युः परिवारेण, चतुर्मास्यां विशेषतः ।
अकार्यततरां स्नानक्षणं मङ्गल्यपूर्वकम् ॥७८॥

अन्तःपुरवधूलोकैर्मुदितैः स्नपिताऽसकौ ।
लवणोत्तारणायुक्तवस्त्रालङ्कारपूर्वकम् ॥७९॥

अङ्गीवङ्गीप्रभृतिभिश्चेटीभिः परिवारिता ।
प्रणन्तुं जनकं प्राप, सभामण्डपमुत्तमम् ॥८०॥ युग्मम्

---

રાજદંપતીને સૌમ્યસ્વભાવી સુબાહુ નામે કન્યા છે. (૭૬)

તે કન્યા રાજાને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય છે. **બીજા પ્રાણીઓને પણ પોતાના સંતાન પ્રિય હોય છે તો પછી રાજાઓને હોય એમાં આશ્ચર્ય શું ?** (૭૭)

એકવાર તે કન્યાએ પરિવારજનો પાસે ચાતુર્માસીને દિવસે મંગળવિધાનપૂર્વક વિશેષ સ્નાનમહોત્સવ કરાવ્યો. (૭૮)

એટલે અંતઃપુરની વધૂજનોએ હર્ષ પામીને લવણોત્તારણપૂર્વક તેને સ્નાન કરાવ્યું. પછી વસ્ત્રાલંકારથી મંડિત થઈ (૭૯)

અંગી-ચંગી વિગેરે દાસીઓથી પરિવરેલી તે પિતાને પ્રણામ કરવા ઉત્તમ સભામંડપમાં આવી. (૮૦)

એટલે વીણાની જેમ સદ્ગુણવતી તેને પોતાના ઉત્સંગમા

१. 'कलाकलापकलिता भाग्यभृङ्ग्या महोत्पलम्' इत्यपि पाठः ।

तामुत्सङ्गे समारोप्य, वल्लकीमिव सद्गुणाम् ।
सौविदल्लमभाषिष्ट, नृपः प्रेमतरङ्गितम् ॥८१॥

कन्यायात्रोत्सवो भद्रमुखेदृग्वीक्षितः क्वचित् ।
अथ स्मित्वाऽनददसौ, राजन् ! शृणु गिरं मम ॥८२॥

त्वदादेशेन भूमीश !, गतोऽहं मिथिलापुरीम् ।
श्रीकुम्भस्वामिनः पुत्र्याः, श्रीमल्लेः प्रवरद्युतेः ॥८३॥

आयुर्ग्रन्थो भवत्युच्चैः, स कोऽपि स्नपनक्षणः ।
यः स्वर्गेऽपि न संभाव्यः, किं पुनः पृथिवीतले ? ॥८४॥

जलधेर्जलधिर्यद्वत्, सुधायाश्च सुधा यथा ।
मल्लिरूपस्य ताद्रूप्यं, मल्ले रूपे व्यवस्थितम् ॥८५॥

સ્થાપીને રાજાએ પ્રેમથી તંરગિત થઈ અંતઃપુરના રક્ષકને કહ્યું કે, (૮૧)

"હે ભદ્ર ! કન્યાનો આવો સ્નાનોત્સવ તારા જોવામાં કોઈ ઠેકાણે આવ્યો છે ?" એટલે તે સ્મિતપૂર્વક બોલ્યો કે, (૮૨)

"હે રાજન્ ! તમારા આદેશથી એકવાર હું મિથિલાનગરીએ ગયો હતો. ત્યાં કુંભરાજાની શ્રેષ્ઠકાંતિવાળી મલ્લિપુત્રીની (૮૩)

વર્ષગાંઠ હતી તેનો અસાધારણ સ્નપનોત્સવ થયો હતો. તેનો મહોત્સવ સ્વર્ગમાં પણ નહિ થતો હોય તો પછી પૃથ્વીતળે તો ક્યાંથી જ થાય ? (૮૪)

જેમ સમુદ્રની ઉપમા સમુદ્રને જ, અમૃતની ઉપમા અમૃતને જ છે. તેમ એ મલ્લિકુમારીના રૂપની ઉપમા તેના રૂપમાં જ રહેલી છે. (૮૫)

પૃથ્વીતલ પર માનવમંડળરૂપ સાગરમાં અદ્વિતીય સ્ત્રીરત્ન અને

मर्त्यमण्डलपाथोधेः, स्त्रीरत्नं पृथिवीतले ।
तदेवोत्पन्नमाभाति, जगन्नयनकार्मणम् ॥८६॥

श्रुत्वेति प्राग्भवस्नेहाद्, भूमिनाथेन रुक्मिणा ।
अप्रेष्यततरां दूतो, निसृष्टार्थो धियां निधिः ॥८७॥

॥ इति श्रीमल्लिनाथस्वामिपूर्वभवतृतीयमित्रपूरणोत्पत्तिः ॥

इतश्च वसुजीवोऽपि, वैजयन्तविमानतः ।
च्युत्वा वाणारसीपुर्यां, शङ्खो नाम नृपोऽजनि ॥८८॥

श्रीमल्लेः कुण्डलद्वन्द्वं, तद्दिव्यं दैवयोगतः ।
तदा विजघटे कामं, रामणीयकमन्दिरम् ॥८९॥

राज्ञा संघट्टनायाऽस्य, मीलिताः स्वर्णकारकाः ।
तद्वीक्ष्य शून्यमनसोऽभूवन् संज्ञीतरा इव ॥९०॥

---

જગતના નેત્રને કાર્મણરૂપ તે એક જ ઉત્પન્ન થયેલા હોય તેમ લાગે છે.” (૮૬)

આ પ્રમાણે સાંભળીને પૂર્વભવના સ્નેહને આધીન થઈ બુદ્ધિનિધાન રૂકમીરાજાએ તેની માંગણીને માટે એક કુશળ દૂતને કુંભરાજા પાસે મોકલ્યો. (૮૭)

## વસુનો જીવ બને શંખરાજા.

હવે વસુનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને વાણારસીનગરમાં શંખ નામે રાજા થયો. (૮૮)

એકવાર શ્રીમલ્લિકુમારીના અત્યંત સુંદરતાના મંદિરરૂપ પેલા દિવ્યકુંડલયુગલ દૈવયોગે ખંડિત થયાં. (૮૯)

એટલે તે સાંધવા માટે રાજાએ અનેક સુવર્ણકારોને ભેગા

देव ! दिव्यमिदं दीप्यद्, नो संघट्टयितुं क्षमाः ।
**दिव्यानां हि पदार्थानां, दिव्या एव विधायिनः ॥९१॥**

ततो निर्वासिता राज्ञा, रुष्टेन स्वर्णकारकाः ।
नृपाऽप्रसादादीदृक्षं, न दूरे पुरवासिनाम् ॥९२॥

ते च वाराणसीं गत्वा, प्रणेमुः शङ्खभूभुजम् ।
कौतस्कुता इति क्ष्मापः, पप्रच्छ मधुराक्षरम् ॥९३॥

देवाऽमी मिथिलापुर्या, वासिनः स्वर्णशिल्पिनः ।
विज्ञानवल्लरीजालप्रावृट्कालघनाघनाः ॥९४॥

---

કર્યા અને કુંડલયુગલ દેખાડ્યા. તે કુંડલયુગલને જોઈ સર્વ સુવર્ણકારો અસંજ્ઞીની જેમ શૂન્યમનસ્ક થઈ બોલ્યા કે, (૯૦)

"હે દેવ ! અત્યંત દેદીપ્યમાન આ દિવ્યકુંડલ સાંધવા અમે કોઈ સમર્થ નથી. **કારણ કે દિવ્યપદાર્થોને દિવ્યપુરુષો જ સુધારી શકે.**" (૯૧)

આ પ્રમાણે સાંભળી રોષાયમાન થયેલા રાજાએ તે સર્વ સુવર્ણકારોને પોતાની નગરીમાંથી કાઢી મૂક્યા. કારણે રાજાનો અપ્રસાદ (અકૃપા) થતાં નગરવાસીઓને આવી શિક્ષા કાંઈ દૂર નથી. (૯૨)

પછી તે સુવર્ણકારોએ વાણારસીમાં જઈને શંખરાજાને પ્રણામ કર્યા. એટલે રાજાએ તેમને મધુર વાણીથી પૂછ્યું કે, "તમે ક્યાંના રહેવાસી છો ?" (૯૩)

તેઓ બોલ્યા કે, "હે દેવ ! વિજ્ઞાનરૂપ લતાજાળને વર્ષાકાળના મેઘસમાન એવા અમે મિથિલાનગરીના રહેવાસી છીએ. (૯૪)

હે રાજન્ ! ત્યાં રહીને સુવર્ણકારનું કામ કરતાં અમારા

वसतां तत्र चास्माकं, पूर्वजानां महीपते ! ।
वेणयः सप्त संभूताः, स्वर्णताडनभाजिनाम् ॥९५॥

मिथिलास्वामिना कुम्भराज्ञा कुण्डलयोजने ।
अनीशा ईश ! सर्वेऽमी, पूर्या निर्वासिता हठात् ॥९६॥

कुण्डलप्रक्रमप्राप्तं, श्रीमल्ले रूपमुत्तमम् ।
सद्वर्णैर्वर्णयामासुर्हर्षोत्कर्षमुपागताः ॥९७॥

आस्यस्य पुरतो यस्याः, शङ्के दासायते शशी ।
एतावतैव तद्रूपमसरूपं निरूप्यते ॥९८॥

पूर्वस्नेहातिरेकेण, तद्रूपश्रवणादपि ।
श्रुत्वेति तां वरीतुं तु, विशिष्टं विससर्ज सः ॥९९॥

---

પૂર્વજોની સાત પેઢી થઈ ગઈ. (૯૫)

પણ અત્યારે એક દિવ્યકુંડલ સાંધવાને અસમર્થ થયેલા અમને હે પ્રભુ ! મિથિલાના સ્વામી કુંભરાજાએ પોતાની નગરીમાંથી બળાત્કારે બહાર કાઢી મૂક્યા છે.” (૯૬)

આ પ્રમાણે કહ્યા પછી કુંડલના પ્રસંગથી પ્રાપ્ત શ્રીમલ્લિકુમારીના ઉત્તમરૂપને હર્ષોત્કર્ષ પામેલા તેમણે સુંદર વાક્યરચનાથી વર્ણવી બતાવ્યું. છેવટે કહ્યું કે, (૯૭)

“તેના મુખની આગળ ચંદ્ર પણ એક દાસ સમાન છે. એમ અમારૂં માનવું છે. અને એટલા માટે જ તેનું રૂપ અનુપમેય કહેવા યોગ્ય છે. (૯૮)

આ પ્રમાણે તેમના રૂપના શ્રવણથી અને પૂર્વના સ્નેહાતિરેકથી તેની માંગણી માટે શંખરાજાએ કુંભરાજા પાસે એક ચાલાક દૂતને મોકલ્યો. (૯૯)

॥ इति श्रीमल्लिनाथस्वामिपूर्वभवचतुर्थवसुमित्रोत्पत्तिः ॥

जीवो वैश्रमणस्याऽथ, वैजयन्तात् परिच्युतः ।
अदीनशत्रुनामाऽभूद्, भूपालो हस्तिनापुरे ॥१००॥ इतश्च –

श्रीमल्लेरनुजो मल्लो, नाम्ना यौवनमागतः ।
आजूहवच्चित्रकरान्, लेप्यकर्मविशारदान् ॥१०१॥

भित्तिर्विभज्य तेभ्योऽसौ, गोत्रिभ्य इव सम्पदः ।
सचित्रं कारयामासोन्मीलितं भागवर्तनैः ॥१०२॥

तेष्वेकश्चित्रकृद्वर्यो, लब्धदैवतसद्वरः ।
एकाङ्गदर्शनेनाऽपि, यथावस्थितरूपवित् ॥१०३॥

अन्तर्जवनिकं पादाङ्गुष्ठं मल्लेर्निरीक्ष्य सः ।
यथावद्रूपमलिखत्, सर्वाङ्गोपाङ्गशोभनम् ॥१०४॥

---

**વૈશ્રમણ જીવ બને હસ્તિનાપુરમાં અદીનશત્રુ રાજવી.**

હવે વૈશ્રમણનો જીવ વૈજયંતવિમાનથી ચ્યવીને હસ્તિનાપુરમાં અદીનશત્રુ નામે રાજા થયો. (૧૦૦)

અહીં મલ્લિકુમારીને મલ્લ નામે એક લઘુબાંધવ હતો તે યૌવનાવસ્થામાં આવ્યો. એટલે એણે ચિત્રકળામાં કુશળ ચિત્રકારને પોતાના માટે ચિત્રશાલા ચિતરવા બોલાવ્યા (૧૦૧)

અને ગોત્રીઓને સંપત્તિની જેમ તેમને સમાન ભાગે ભીંત વહેંચી આપી તેની ઉપર સરસચિત્રો કરાવ્યાં (૧૦૨)

તે ચિત્રકારોમાં એક ચિત્રકારને દૈવીવરદાન હતું તે શરીરના એકભાગ માત્રને જોવાથી યથાવસ્થિત આખું શરીર આલેખી આપનાર એક કુશળ ચિત્રકાર હતો. (૧૦૩)

તેણે પડદામાં રહેલ મલ્લિકુમારીના ચરણના અંગુઠાને જોઈ

मल्लस्तत्राऽगमत् क्रीडारसिको मित्रसंयुतः ।
श्रीमल्लिस्वामिनीरूपं, चित्रस्थमवलोकयत् ॥१०५॥

साक्षात्स्वसारमूर्ध्वस्थां, मन्यमानस्तथा पदैः ।
लज्जया प्रसरत्कुल्याजलवत् सेतुहेतुना ॥१०६॥ युग्मम्

निवृत्तं वेगतो धात्री, दृष्टिपात्रीचकार तम् ।
कथं पुत्र ! निवृत्तोऽसि, त्वरितं त्वरितैः पदैः ? ॥१०७॥

कुमारोऽप्यब्रवीदेवं, मातर्मे भगिनीपुरः ।
ऊर्ध्वा समस्ति खेलामि, कथं मित्रैरहं वृतः ? ॥१०८॥

सम्यग् निरूप्य धात्र्योचे, नेयं मल्ली तव स्वसा ।
किन्तु चित्रकृता पुत्र !, कृता भ्रान्तिप्रदा मुदा ॥१०९॥

---

સર્વ અંગોપાંગથી સુંદર યથાવસ્થિત તેનું રૂપ પોતાને વહેંચી આપેલી ભીંત ઉપર દોર્યું. (૧૦૪)

એકવાર ક્રીડારસિક મલ્લકુમાર પોતાના મિત્રો સાથે ત્યાં આવ્યો અને ચિત્રસ્થ મલ્લિકુમારી જોઈ (૧૦૫)

સાક્ષાત્ ઊભેલી પોતાની બહેન છે એમ સમજી પ્રસરતું નીકનું જળ જેમ સેતુ(પાળી)થી રોકાઈ જાય તેમ લજ્જાથી રોકાઈ જઈને તરત જ તે પાછો વળ્યો. (૧૦૬)

ધાત્રીએ તેને પાછો વળતો જોઈ કહ્યું કે, “હે વત્સ ! તું ઉતાવળે પગલે કેમ તરત જ પાછો વળ્યો.” (૧૦૭)

એટલે કુમાર બોલ્યો કે, “હે માત ! સામે મારીબેન ઊભા છે, તો મિત્રો સાથે હું શી રીતે ત્યાં જઈને ક્રીડા કરૂં ?” (૧૦૮)

એટલે બરાબર તપાસ કરીને ધાત્રી બોલી કે, “હે વત્સ ! ત્યાં તારી બેન ઊભી નથી. પણ ચિત્રકારે આનંદથી ભ્રાન્તિ

अथ क्रुद्धोऽनुजो मल्लेस्तस्य चित्रकृतो भृशम् ।
निकृत्य दक्षिणं पाणिं, स्वदेशाद् निरवासयत् ॥११०॥

विष्वग् भ्राम्यन् महीपीठं, गतवान् हस्तिनापुरे ।
अदीनशत्रुभूपाय, नमश्चक्रे कृताञ्जलिः ॥१११॥

स्ववृत्तान्तं यथाभूतं, मूलादारभ्य भूभुजः ।
श्रीमल्लिस्वामिनीरूपमेवं वर्णितवानथ ॥११२॥

नदीनां स्वर्धुनी यद्वत्सुमनस्स्वपि मालती ।
यद्वत् कामगवी गोषु, तद्वद् रूपवतीषु सा ॥११३॥

न दृष्टा येन सा मल्लिर्मनःकेकिघनाघनः ।
तस्य नेत्रद्वयं डित्थडवित्थयुगमञ्चति ॥११४॥

---

ઉપજાવે તેવું તેનું ચિત્ર બનાવ્યું છે. (૧૦૯)

એટલે મલ્લિકુમારીના લઘુબંધુએ અત્યંત કોપાયમાન થઈ તે ચિત્રકારનો જમણો અંગુઠો કાપી નંખાવી તેને પોતાના દેશમાંથી કાઢી મૂક્યો. (૧૧૦)

પૃથ્વીપીઠપર સર્વત્ર ભમતો ભમતો તે ચિત્રકાર હસ્તિનાપુર ગયો અંજલિ જોડી અદીનશત્રુરાજાને તેણે પ્રણામ કર્યા. (૧૧૧)

પછી મૂળથી માંડીને યથાભૂત પોતાનો સર્વ વૃત્તાંત રાજાને નિવેદન કરતાં શ્રી મલ્લિકુમારીના રૂપનું તેણે આ પ્રમાણે વર્ણન કર્યું. (૧૧૨)

“નદીઓમાં જેમ ગંગા, પુષ્પોમાં જેમ માલતી અને ગાયોમાં જેમ કામધેનુ- તેમ રૂપવતી રમણીઓમાં મલ્લિકુમારી સર્વોત્કૃષ્ટ છે. (૧૧૩)

મનરૂપી મયૂરને મેઘસમાન તે મલ્લિકુમારીને જેણે જોઈ નથી

यदीयं लिह्यते रूपं, लोचनैश्चुलुकैरिव ।
यदीयं वर्ण्यते चारुचरितं कविकुञ्जरैः ॥११५॥

एवं तद्वर्णनां कृत्वा, चित्रकृच्चित्रसंस्थिताम् ।
अर्चामदर्शयद् मल्लेर्दृशोरायुष्यकारिणीम् ॥११६॥

वीक्ष्येमां विस्मितः पूर्वस्नेहमोहितमानसः ।
तद्याचनाय दूतं स्वं, प्रैषीदुपमहीपति ॥११७॥

**॥ इति श्रीमल्लिनाथस्वामिपूर्वभवपरममित्रपञ्चमवैश्रमणोत्पत्तिः ॥**

इतश्च जम्बूद्वीपेऽस्मिन्, काम्पिल्यनगरे वरे ।
अभिचन्द्रस्य जीवोऽपि, च्युत्वा तस्माद्विमानतः ॥११८॥

---

તેના નેત્રયુગલ ડિત્થ-ડવિત્થની જેમ વૃથા છે. (૧૧૪)

ચુલુકની જેમ નેત્રો જેના રૂપના સર્વથા પાન કર્યા કરે છે અને કવિવરો જેના સુંદર ચરિત્રનું નિરંતર વર્ણન કર્યા કરે છે. તેવી તે પરમસુંદર છે." (૧૧૫)

આ પ્રમાણેનું વર્ણન કરી પેલા ચિત્રકારે ચક્ષુને ચમત્કાર પમાડનાર મલ્લિકુમારીની છબી રાજાને દેખાડી. (૧૧૬)

તે જોઈ વિસ્મય પામી તેમજ પૂર્વસ્નેહથી મોહિત બની તેની માંગણી કરવા માટે કુંભરાજાની પાસે તેણે પોતાનો દૂત મોકલ્યો. (૧૧૭)

## અભિચંદ્રજીવ કાંપિલ્યપુરે રાજવી.

હવે અભિચંદ્રનો જીવ વૈજયંત વિમાનથી ચ્યવીને આ જંબૂદ્વીપમાં કાંપિલ્યપુર નામના નગરમાં (૧૧૮)

યથાર્થ નામવાળો જિતશત્રુ નામે રાજા થયો. તેના પ્રતાપથી એકત્ર કરેલા ઘૃત(ઘીનો)પિંડની જેમ શત્રુઓ વિલય પામી જાય

जितशत्रुर्यथार्थाख्यः, समभूत्पृथिवीपतिः ।
यत्प्रतापाद् विलीयन्ते, द्विषः स्त्यानाज्यपिण्डवत् ॥११९॥ युग्मम्

धारिणीप्रमुखास्तस्य, सहस्रं प्राणवल्लभाः ।
अगण्यपुण्यलावण्या, भूचर्यो देवता इव ॥१२०॥

इतोऽभूद् मिथिलापुर्यां, चोक्षा नाम विचक्षणा ।
मन्त्रकार्मणरत्नानां, रोहणाचलचूलिका ॥१२१॥

त्रिदण्डमण्डितकरक्रोडा काषायिताम्बरा ।
शौचाय दधती दर्भसगर्भां जलकुण्डिकाम् ॥१२२॥ युग्मम्

साऽन्यदा कुम्भभूपस्य, कन्यान्तःपुरमुत्तमम् ।
अस्खलितगतिरगात्, सा वात्येव निरत्यया ॥१२३॥

श्रीमल्लिस्वामिपादान्ते, सोपाविक्षद् यथाविधि ।
निजं दर्शयितुं धर्मं, दम्भसंरम्भया गिरा ॥१२४॥

---

છે. (૧૧૯)

તે રાજાને સ્વર્ગમાંથી પૃથ્વી ઉપર આવેલી જાણે દેવાંગનાઓ જ ન હોય તેવી અને અગણ્યપવિત્ર લાવણ્યશાળી ધારિણી વિગેરે હજારો પ્રાણવલ્લભા છે. (૧૨૦)

અહીં મિથિલાપુરીમાં મંત્ર-કાર્મણરૂપ રત્નોની રોહણાચલચૂલિકા સરખી વિચક્ષણ ચોક્ષાનામની એક જોગણી રહે છે. (૧૨૧)

તે હાથમાં ત્રિદંડ, શરીર પર રંગીન વસ્ત્ર અને શૌચને માટે અંદર દર્ભ નાંખેલી જળકુંડિકાને ધારણ કરીને ફરે છે. (૧૨૨)

વાયુની જેમ નિર્બાધિત અને અસ્ખલિત ગતિવાળી તે જોગણી એકવાર કુંભરાજાની કન્યાઓના અંતઃપુરમાં આવી (૧૨૩)

અને દાંભિકવાણીથી સારીરીતે પોતાનો ધર્મ બતાવવા

जलशौचमयो धर्मस्तया ख्यातः सविस्तरः ।
तस्याः पुरः पुराणस्य, वाक्यैर्वाक्यविधिज्ञया ॥१२५॥

अथ प्रोवाच श्रीमल्लिर्धर्मोऽस्ति जलसङ्गमात् ।
जितं तर्हि झषैर्लोके, जलस्थाननिवासिभिः ॥१२६॥

सैवं शैवं निराचक्रे, शौचधर्मं सुयुक्तिभिः ।
मुखमर्कटिकां दत्त्वा, तां चेट्यो निरवासयन् ॥१२७॥

भवेद् यथेयं दुःखार्ता, सपत्नीजनमध्यगा ।
तथा वेगात् करिष्यामि, सा यान्तीति व्यचिन्तयत् ॥१२८॥

एवं विचिन्त्य दर्पेणाध्माता निर्गत्य पूर्वरात् ।
काम्पिल्यनगरं प्राप, पञ्चालमुखमण्डनम् ॥१२९॥

---

શ્રીમલ્લિકુમારીની આગળ પાસે આવી (૧૨૪)

અને બોલવામાં ચતુર એવી જોગણીએ મલ્લિકુમારી પાસે પુરાણના વાક્યોથી જળશૌચમય ધર્મનું વિસ્તારથી વર્ણન કર્યું. (૧૨૫)

તે સાંભળીને મલ્લિકુમારી બોલ્યા કે, "જો જળ સંગમથી ધર્મ થતો હોય તો જળાશયમાં રહેલા માછલાઓ સર્વલોક કરતાં વધારે ધર્મી ગણાય." (૧૨૬)

આમ કહ્યા છતાં જોગણે ફરી કેટલીક યુક્તિઓથી શૌચમય શૈવધર્મનું પ્રતિપાદન કર્યું. એટલે મુખ મરડીને દાસીઓએ તેને બહાર કાઢી મૂકી. (૧૨૭)

જતાં જતાં તેણે વિચાર કર્યો કે, "સપત્નીઓમાં પડીને જેમ આ મલ્લીકુમારી વધારે દુઃખી થાય તેવા ઉપાયો હવે જલ્દી કરુ." (૧૨૮)

આ પ્રમાણે વિચારીને દર્પથી બળતરા અનુભવતી ચોક્ષા તે નગરીમાંથી વિદાય થઈ પાંચાલદેશના મુખમંડનરૂપ (શોભા)

जितशत्रुः सभाप्राप्तां, तां वीक्ष्य स्मितचक्षुषा ।
विष्टरं दापयामास, **पूजनीया हि लिङ्गिनी** ॥१३०॥

महत्या प्रतिपत्त्या सा, पूजिता जगतीभुजा ।
**औचित्याचरणं सन्तः, शिक्ष्यन्ते किमु तादृशाः ? ॥१३१॥**

सा प्रोदिताशीर्वचना, तदासनमशिश्रियत् ।
**आशीर्मूलधनं यस्मादक्षयं लिङ्गधारिणाम् ॥१३२॥**

साऽवाद्यत महीभर्त्रा, महाभक्तितरङ्गितम् ।
नृपप्राणप्रियाभिश्च, **पतिमार्गाऽनुगाः स्त्रियः ॥१३३॥**

जलशौचपरो धर्मो, राजन् ! राजीवलोचने ! ।
न भूतो न च संभावी, प्रेत्याऽमुत्र प्रियङ्करः ॥१३४॥

---

કાંપિલ્યનગરમાં આવી (૧૨૯)

અને જિતશત્રુ રાજાની રાજસભામાં ગઈ. રાજાએ વિસ્મિત નયનથી જોઈ તેને આસન અપાવ્યું. કારણ કે, **"સંન્યાસિનીનો પણ સત્કાર કરવો જોઈએ."** (૧૩૦)

પછી બહુ જ પ્રતિપત્તિપૂર્વક (સન્માન) રાજાએ તેનો સત્કાર કર્યો. **શું તેવા સજ્જનોને ઔચિત્યાચરણ શીખવવું પડે છે ?** (૧૩૧)

પછી આશીર્વાદ આપીને તે આસનપર બેઠી **કારણ કે લિંગધારીઓ પાસે આશિર્વાદરૂપ અક્ષય મૂળધન** હોય છે. (૧૩૨)

પછી ભક્તિપૂર્વક રાજાએ અને રાણીઓએ તેણીને બોલાવી. કારણ કે **"સ્ત્રીઓ પતિના માર્ગને અનુસરનારી હોય છે."** (૧૩૩)

તે બોલી કે, હે રાજન્ ! હે કમલાક્ષીઓ ! આ ભવ અને

एवमाख्याय विरतां, तामुदीक्ष्य नृपोऽवदत् ।
भगवत्यखिला दृष्टा, मही सागरमेखला ॥१३५॥

ईदृगन्तःपुरं मातः !, क्वापि दृष्टं क्वचिच्छ्रुतम् ? ।
त्वादृशा दूरदृश्वानो, यद्भवन्ति व्रतस्थिताः ॥१३६॥

विलक्षं विस्मितं कृत्वा, चोक्षोचे भूभुजं प्रति ।
कूपमण्डूकसंकाशो, राजन् ! त्वमसि भूतले ॥१३७॥

या श्रीमन्मिथिलापुर्यां, कुम्भराजस्य पुत्रिका ।
श्रीमल्लिस्वामिनी देवललनाललिताकृतिः ॥१३८॥

तस्याः पादद्वयाङ्गुष्ठसंपदः पुरतस्तव ।
इदमन्तःपुरं सर्वमङ्गारादपि हीयते ॥१३९॥

---

પરભવમાં પણ પ્રિયંકર એવો જળ શૌચમય પરમધર્મ સમાન બીજો કોઈ ધર્મ થયો નથી ને થશે નહીં." (૧૩૪)

આ પ્રમાણે કહીને તે વિરામ પામી. એટલે રાજા બોલ્યો કે, "ભગવતી ! તમે સાગરપર્યંત પૃથ્વી જોઈ હશે ? (૧૩૫)

પણ હે માત ! મારા જેવું અંતઃપુર કોઈ ઠેકાણે જોયું છે કે સાંભળ્યું છે ? કારણ કે તમારા જેવા વ્રતધારી બહુ દુરદર્શી હોય છે. (૧૩૬)

આ પ્રમાણે પ્રશ્ન સાંભળી વિસ્મય પામેલી ચોક્ષા જોગણી રાજાને કહેવા લાગી કે, "હે રાજન્ ! આ પૃથ્વીતલ ઉપર તું કુવાના દેડકા જેવો લાગે છે. (૧૩૭)

કારણ કે મિથિલાપુરીમાં કુંભરાજાને દેવાંગના સમાન મનોહર-રૂપવાળી મલ્લિકુમારી નામે પુત્રી છે. (૧૩૮)

તેના ચરણના અંગુઠાની શોભા આગળ તારૂં સર્વ અંતઃપુર

शरीरलक्ष्मीः सा काऽपि, यस्या उपमितिः क्वचित् ।
न विद्यते त्रिभुवने, किमन्यत्परिगद्यते ? ॥१४०॥

जितशत्रुरिति श्रुत्वा, प्राग्जन्मस्नेहमोहितः ।
उपकुम्भमयुङ्क्ताऽसौ, तत्कृते दूतमग्रिमम् ॥१४१॥

**॥ इति श्रीमल्लिनाथस्वामिप्राग्भवषष्ठमित्राऽभिचन्द्रोत्पत्तिः ॥**

इत्थं प्राग्जन्ममित्राणां, षण्णामपि महाधियाम् ।
समागुर्युगपद् दूता, मिथिलायां महापुरि ॥१४२॥

ज्ञानत्रयधरः स्वामी, मल्लिस्तेषु कृपापरः ।
एवं विनिर्ममौ यस्मात्प्रतिबोधोद्यता जिनाः ॥१४३॥

કોલસાં કરતાં પણ હીન લાગે તેમ છે. (૧૩૯)

તેના આખા શરીરની શોભાની ઉપમા તો ત્રિભુવનમાં પણ મળી શકે તેમ નથી. વધારે શું કહેવું ? (૧૪૦)

આ પ્રમાણે સાંભળીને પૂર્વજન્મના સ્નેહથી મોહિત થઈ તેની માંગણી કરવાને માટે જિતશત્રુરાજાએ કુંભરાજા પાસે એક શ્રેષ્ઠ દૂતને મોકલ્યો. (૧૪૧)

## પૂર્વભવના મિત્રોના છએ દૂતોનું એકસાથે કુંભરાજા પાસે આગમન.

આ પ્રમાણે મહાબુદ્ધિવંત એવા પૂર્વજન્મના છએ મિત્રોના દૂતો એકીસાથે મિથિલા નગરીમાં આવ્યા. (૧૪૨)

હવે પૂર્વભવના છ મિત્ર પર કૃપાવંત અને ત્રણજ્ઞાનસંયુક્ત એવા ભગવંત શ્રીમલ્લિકુમારીએ તેમને ઉપદેશ આપવા આ પ્રમાણે રચના કરી. કારણ કે **શ્રીજિનેશ્વરો સદા પ્રતિબોધ કરવામાં તત્પર હોય છે.**" (૧૪૩)

अशोकवनिकायां तु, स्वर्णभित्तिविकस्वरे ।
सौधमध्यापवरके रत्नपीठमनोहरे ॥१४४॥

आत्मनः सदृशीं हैमीं, प्रतिमां सदलङ्कृताम् ।
इन्द्रनीलदृशं सोमां, विद्रुमाधरपल्लवाम् ॥१४५॥

कज्जलश्यामलकचां, प्रवालारुणपाणिकाम् ।
सद्वर्णां कलशाकारशिरसं लटभभ्रुवम् ॥१४६॥

आजानुदोर्युगां मध्यतुच्छां स्वच्छतनुद्युतिम् ।
गूढगुल्फां वृत्तजङ्घां, त्रिवलीभिस्तरङ्गिताम् ॥१४७॥पञ्चभिः कुलकम्

तस्यापवरकस्योच्चैः, पुरो भित्तावकारयत् ।
षड् द्वाराणि कपाटाभ्यां, पिहितानि बृहन्ति च ॥१४८॥

---

**કરે સુવર્ણપ્રતિમા નિજ રૂપકેરી,**
**મિત્રોને સ્મૃતિ કરાવે પૂર્વભવ કેરી.**

અશોક નામના ઉદ્યાનમાં સુવર્ણભીંતથી વિકસ્વર અને રત્નપીઠથી મનોહર એવા મહેલની અંદરના ઓરડામાં (૧૪૪)

પોતાના સરખી, સુંદર અલંકારોથી ઇંદ્રનીલ સમાન નેત્રવાળી રમ્યવિદ્રુમના જેવા અધરોષ્ઠરૂપ પલ્લવવાળી, (૧૪૫)

કાજળ જેવા શ્યામવાળવાળી, પ્રવાલ જેવા રક્ત હાથવાળી, સારા વર્ણવાળી, કળશના જેવી મસ્તકવાળી મનોહર ભ્રકુટીવાળી, (૧૪૬)

જાનુપર્યંત જેના બાહુ છે, મધ્યભાગ જેનો અતિકૃશ છે. સ્વચ્છ શરીરકાંતિવાળી, ચરણના ગુલ્ફ ગૂઢ છે. જંઘા વૃત્તાકાર છે. અને ત્રિરેખાથી જે સુશોભિત છે (૧૪૭)

એની એક સુવર્ણની પ્રતિમા કરાવી. તે ઓરડાને કપાટથી

द्वाराणां पुरतस्तेषां, लघ्वपवरिकास्तु षट् ।
प्रतिमापृष्ठभागेऽपि, द्वारमेकमकारयत् ॥१४९॥

आतालुशुषिरोदर्यामर्चायां त्रिजगद्गुरुः ।
सकलाहारपिण्डीं तु, प्रक्षिप्य बुभुजेऽन्वहम् ॥१५०॥

इतश्चैषां समं दूताः, श्रीकुम्भनृपवेश्मनि ।
आगत्य प्रणिपत्येदं, क्रमेणाऽथ बभाषिरे ॥१५१॥

देव ! साकेतपूर्नाथशत्रून्माथप्रतापवान् ।
प्रतिबुद्धिः सुबुद्धीनां, रत्नानामिव सेवधिः ॥१५२॥

वीरभोगीणदोर्दण्डो, महाबाहुर्महाबलः ।
रूपन्यक्कृतकन्दर्पः, सदर्पपरिविग्रहः ॥१५३॥

---

બંધ રાખેલા છ મોટા દ્વાર કરાવ્યા (૧૪૮)

તે દ્વારો આગળ નાની નાની છ ઓરડીઓ કરાવી અને પ્રતિમાની પાછળના ભાગમાં એક દ્વાર કરાવ્યું. (૧૪૯)

પછી તાલુથી ઉદરપર્યંત પોલાળવાળી તે પ્રતિમાની અંદર ભગવંત પ્રતિદિન આહાર કરતી વેળા બધી જાતનો આહારનો મિશ્ર પિંડ નાંખીને પછી ભોજન કરવા લાગ્યા. (૧૫૦)

હવે છએ રાજાઓના છએ દૂતો એકીસાથે કુંભરાજાના દરબારમાં આવ્યા. અને પ્રણામપૂર્વક અનુક્રમે તેઓ કહેવા લાગ્યા. (૧૫૧)

**છ મિત્રના દૂતો આવી, મલ્લિકુમારીની કરે માંગણી**

પ્રથમદૂત બોલ્યો કે, "હે રાજન્ ! રત્નોની જેમ સુબુદ્ધિનાનિધાન, વીરપુરષોને ઉચિત બાહુદંડવાન વળી તે મહાબાહુ, મહાપરાક્રમી, રૂપથી કંદર્પનો તિરસ્કાર કરનાર,

स्वेष्टसोदरवद् मेने, यो धर्मं धर्मवत्सलः ।
गुरुवाक्यमिवाऽमंस्त, वचनं मन्त्रिणां शुचि ॥१५४॥

असौ मल्लीं तव सुतां, परिणेतुं महीपतिः ।
याचते हि सतां याच्ञा, विफलाऽपि न ह्रीकरी ॥१५५॥

**अस्य कस्याऽपि देयेयं, कन्या परधनं यतः ।**
जामाता त्वीदृशः प्राप्यो, न कुत्राऽपि गवेषितः ॥१५६॥

**अथ द्वितीयदूतोऽपि,** जगाद वदतां वरः ।
देव ! चम्पापुरीस्वामी, पीनस्कन्धो महाभुजः ॥१५७॥

---

અભિમાનપૂર્વક સર્વત્ર લડાઈ કરનાર તથા શત્રુઓને પરાભવ પમાડનાર પ્રતાપી સાકેતપુરનો સ્વામી **પ્રતિબુદ્ધિ** રાજા છે. જે ધર્મવત્સલ છે. તેથી ધર્મને પોતાનો ઇષ્ટ બંધુ માને છે. અને મંત્રીઓના પવિત્રવચનને ગુરુવચનની જેમ માને છે. (૧૫૨-૧૫૪)

તે રાજા તમારી મલ્લિકુમારીને પરણવા માંગે છે. કેમ કે **સજ્જનો પાસે યાચના કરતાં કદાચ તે નિષ્ફલ જાય તો પણ લજ્જાસ્પદ નથી.** (૧૫૫)

વળી હે રાજેન્દ્ર ! **કન્યા એ પારકું ધન છે. ગમે તેને આપવી તો પડે જ છે.** માટે આવો જમાઈ શોધતા પણ તમને મળનાર નથી.” (૧૫૬)

પછી બોલવામાં કુશળ બીજો દૂત બોલ્યો કે, “હે રાજા ! મોટા સ્કંધવાલો, મહાભૂજાવાળો, કુલીન, કલંકરહિત, સત્યવાદી, સત્યપ્રતિજ્ઞાવાળો, સમરાંગણમાં સત્કીર્તિ મેળવનાર. કીર્તનીય ગુણવાળો, પૂર્ણિમાના ચંદ્ર સમાન મુખવાળો અને ચંપાનગરીનો

कुल्यः कलङ्कविकलः, सत्यगीः सत्यसङ्करः ।
सङ्कराजितसत्कीर्तिः, कीर्तनीयगुणोत्करः ॥१५८॥

पूर्णेन्दुवदनच्छायश्चन्द्रच्छायक्षितीश्वरः ।
मार्गयति तव सुतां, मल्लीमुद्वाहपर्वणि ॥१५९॥

**तृतीयेनाऽपि** बभणे, श्रावस्तीनगरीश्वरः ।
अग्रणीर्भटकोटीनां, कृतज्ञः प्राज्ञपुङ्गवः ॥१६०॥

निकषः शूरताहेम्नः, शरण्यः शरणार्थिनाम् ।
उद्यानं दानदाक्षिण्यस्थैर्यधैर्यमहीरुहाम् ॥१६१॥

रुक्मी नाम महीपालः, पालितक्षत्रियव्रतः ।
परिणेतुं महानन्दात्, कन्यकां तव वाञ्छति ॥१६२॥ त्रिभिर्विशेषकम्

**चतुर्थोऽप्य**ब्रवीदेवं, देव ! काशीपुरीश्वरः ।
निशाकरोज्ज्वलयशाः, कल्पद्रुरनुजीविनाम् ॥१६३॥

---

સ્વામી **ચંદ્રચ્છાયરાજા** આપની સુતા મલ્લિકુમારીને પરણવા માંગે છે. (૧૫૭-૧૫૯)

પછી ત્રીજો દૂત બોલ્યો કે, "હે નૃપ ! કોટિ સુભટોમાં અગ્રણી, કૃતજ્ઞ, પ્રાજ્ઞશિરોમણિ, શૌર્યરૂપ સુવર્ણના નિકષરૂપ, શરણાર્થીજનને શરણરૂપ, દાન, દાક્ષિણ્ય, સ્થૈર્ય, ધૈર્યરૂપ વૃક્ષોના ઉદ્યાન સમાન, ક્ષત્રિયવ્રતપાલક, શ્રાવસ્તી નગરીનો સ્વામી **રૂકમીરાજા** બહુ જ આનંદપૂર્વક આપની કન્યાને પરણવા ઈચ્છે છે." (૧૬૦-૧૬૨)

પછી ચોથો દૂત બોલ્યો કે, "હે દેવ ! ચંદ્ર જેવા ઉજ્જવળ યશવાળો, સેવકજનોને કલ્પવૃક્ષ સમાન, ન્યાયપરૂકંદને મેઘસમાન, અમોઘવચની, પાપનાશક, મહાદાતા, સૂર્ય જેવો પ્રતાપી દુર્દર્શનીય,

सदा सदाचारप्रथप्रवीणः क्षितिनायकः ।
दानशौण्डः प्रतापेन, दुर्निरीक्षः खरांशुवत् ॥१६४॥

सदा सदाचारप्रथप्रवीणः क्षितिनायकः ।
शङ्खभूमानिमां पाणिगृहीतीं कर्तुमीप्सति ॥१६५॥ त्रिभिर्विशेषकम्

**इतश्च पञ्चमोऽ**प्यूचे, यद्धास्तिनपुरेश्वरः ।
स्मररूपोपमः संख्यनिर्व्यूढप्रौढविक्रमः ॥१६६॥

सालप्रांशुर्महास्कन्धो, गुणज्ञो गुणिनां वरः ।
अदीनशत्रुभूपालस्त्वत्कन्यां हत ! याचते ॥१६७॥ युग्मम्

**षष्ठोऽ**पीत्थमथोवाच, देव ! काम्पील्यभूपतिः ।
अमेयसेनो निर्मायः, शुनासीरपराक्रमः ॥१६८॥

जितान्तरारिषड्वर्गो, जितदुर्दान्तशात्रवः ।
जितशत्रुस्तव सुतां, मद्वाचा याचतेतराम् ॥१६९॥ युग्मम्

---

સદાચારના માર્ગમાં સદા પ્રવીણ, કાશીનગરીનો સ્વામી **શંખરાજા** આપની કુમારીને પોતાની વલ્લભા બનાવવા ઈચ્છે છે.'' (૧૬૩-૧૬૫)

પાંચમો દૂત બોલ્યો કે, ''હે રાજન્ ! રૂપમાં કામદેવ સમાન, યુદ્ધમાં પ્રૌઢ પરાક્રમ પ્રગટ કરનાર, સાલવૃક્ષ સમાન ઉન્નત મહાસ્કંધવાલો, ગુણજ્ઞ, ગુણીજનોમાં અગ્રેસર (શ્રેષ્ઠ) અને હસ્તિનાપુરનો નાયક **અદીનશત્રુરાજા** તમારી કન્યાની માંગણી કરે છે.'' (૧૬૬-૧૬૭)

છઠ્ઠો દૂત બોલ્યો કે, ''હે રાજન્ ! અપરિમિત સેનાવાળો, માયારહિત, ઈંદ્રસમ પરાક્રમી, અંતરંગ છ શત્રુઓને જિતનાર, દુર્દાંતશત્રુઓને પરાભવ પમાડનાર, કાંપિલ્યનગરનો સ્વામી

श्रुत्वेदं कुम्भराजोऽपि, जगादैवं कृतक्रुधः ।
ईदगाशापराः किं वः, स्वामिनो नेह लज्जिताः ? ॥१७०॥

त्रैलोक्यजनतारत्नं, कन्यारत्नमनुत्तरम् ।
शक्रैरपि नमस्कार्यं, विवाहाय कथं भवेत् ? ॥१७१॥

अस्या जन्मनि देवाद्रौ, मिमीलुस्त्रिदशेश्वराः ।
अस्याः शरीरवृद्धिश्च, बभूव सुधयाऽन्वहम् ॥१७२॥

येनाऽचिन्ति विरूपं भो, एनां प्रति दुराशया ! ।
तस्यार्कमञ्जरीवोच्चैरस्फुटत् खण्डशः शिरः ॥१७३॥

---

**જિતશત્રુરાજા** આપની કન્યાને પરણવા ઈચ્છે છે." (૧૬૮-૧૬૯)

**કુંભરાજા વાત સુણી કોપે,**

**મલ્લીકુમરીની આણ ન લોપે.**

આ પ્રમાણે સાંભળી કુંભરાજા ક્રોધ કરી બોલ્યા કે, આવી અપ્રાપ્ય વસ્તુની ઈચ્છા કરતાં તમારા સ્વામીઓને લજ્જા કેમ ન આવી ? (૧૭૦)

કારણ કે ત્રણભુવનમાં રત્નસમાન, ઈંદ્રોને પણ નમનીય, એવા અનુત્તર કન્યારત્નનો વિવાહ શી રીતે થાય ? (૧૭૧)

જેના જન્મસમયે ઈંદ્રો મેરૂપર્વત ઉપર ભેગા થયા હતા, ત્યાં લઈ જઈને જન્મ મહોત્સવ કર્યો હતો, જેના શરીરની વૃદ્ધિ નિરંતર અમૃતપાનથી જ થઈ છે, (૧૭૨)

જે ખરાબદાનતથી તેનું ખરાબ ચિંતવશે તેનું મસ્તક અર્કમંજરી ની જેમ સત્વર ખંડિત થઈ જાય છે. (૧૭૩)

અરે દૂતો ! તમે અઘટિત માંગણી કરનારા હોવાથી વધ

वधार्हा अपि भो ! नूनं, विमुक्ता दौत्यकर्मणा ।
**स्त्रीबालदूतमूकादीन्, न घ्नन्ति न्यायवेदिनः** ॥१७४॥

भ्रूसंज्ञाप्रेरिता राजपुरुषाः परुषाक्षरम् ।
शीघ्रं निष्काशयामासुरेतांस्ताडनपूर्वकम् ॥१७५॥

एवं ते न्यक्कृताः कामं, गत्वाऽख्यन् स्वामिनोऽखिलम् ।
अथ तेषां मनःकुण्डे, क्रोधवह्निरदीप्यत ॥१७६॥

प्रयाणभेरीभाङ्कारैर्दूरं दूरं प्रसर्पिभिः ।
व्यानशे रोदसीकूपो, नदीघोषैरिवार्णवः ॥१७७॥

तेषां बलजलैर्लोलैराच्छाद्यत समन्ततः ।
प्रलयक्षुभिताम्भोधिवीचीभिरिव भूतलम् ॥१७८॥

---

કરવા યોગ્ય છો, છતાં દૂત હોવાથી તમને મુક્ત કરવામાં આવે છે. **"કારણ કે ન્યાયવેત્તાઓ સ્ત્રી, બાલ, દૂત અને મૂંગાપ્રાણી વિગેરેનો ઘાત કરતા નથી."** (૧૭૪)

પછી આંખના ઈશારાથી પ્રેરાયેલા રાજપુરુષોએ કઠોરવચન અને તાડનપૂર્વક તેમને તરત જ બહાર કાઢી મૂક્યા. (૧૭૫)

## રાજાઓનું સૈન્ય સહિતનું આગમન.

અત્યંત તિરસ્કારથી ખેદ પામેલા તે દૂતોએ જઈને પોતપોતાના સ્વામીને બધી હકીકત વિસ્તારપૂર્વક કહી બતાવી, એટલે તે રાજાઓના મનરૂપકુંડમાં ક્રોધરૂપ અગ્નિ પ્રદીપ્ત થયો. (૧૭૬)

પછી તેમની અત્યંતદૂર સુધી પ્રસરનાર પ્રમાણભેરીના અવાજથી, નદીના અવાજથી સાગરની જેમ આકાશતલ વ્યાપ્ત થઈ ગયું. (૧૭૭)

પ્રલયકાળમાં ક્ષોભ પામેલા સાગરના તંરગોથી વસુધાતલની

चेलुः षडपि मानार्ता, मूर्ता वर्षधरा इव ।
विततैर्ध्वजिनीपक्षैः, क्षोभयन्तः क्षितेस्तलम् ॥१७९॥

रथै रथमयीवाभूद्, गजैर्गजमयीव भूः ।
अश्वैरश्वमयीवाऽपि, भटैर्भटमयीव नु ॥१८०॥

धातुमत्तामिव कुथान्, विकिरन्तो विकस्वराम् ।
गण्डशैलश्रियं भेजुर्जङ्गमां गन्धहस्तिनः ॥१८१॥

कुर्वाणाः स्थलवद् धूलीपटलीभिः सरांस्यपि ।
स्थलान्यपि हयखुरपुटैश्च कमलाकरान् ॥१८२॥

---

જેમ તેમના ચપલ લશ્કરરૂપ જળથી ચારેદિશાઓ આચ્છાદિત થઈ ગઈ. (૧૭૮)

પછી જાણે મૂર્તિમંત વર્ષધર પર્વત હોય તેમ વિસ્તૃત ધ્વજાઓરૂપ પક્ષોથી પૃથ્વી મંડલને ક્ષોભ પમાડતા, માનાર્ત તે છએ રાજાઓ પોતપોતાના નગરેથી ચાલ્યા. (૧૭૯)

તે સમયે તેમના રથોથી રથમય, હસ્તીઓથી હસ્તીમય, અશ્વોથી અશ્વમય, સુભટોથી સુભટમય પૃથ્વી લાગતી હતી. (૧૮૦)

પંચરંગી કંબળોને પૃષ્ઠપર ધારણ કરવાથી જાણે વિકસ્વર ધાતુમત્તાને વિખેરતા હોય તેવા ગંધહસ્તીઓ ગંડશૈલની શોભાને ધારણ કરવા લાગ્યા. (૧૮૧)

ધૂલીપટલથી સરોવરને પણ સ્થલ જેવું કરતા, અશ્વોના ખરીપુટથી સ્થળોને પણ કમળાકર સમાન બનાવતા, (૧૮૨)

વિસ્તૃત ફણાધારી સર્પો જેમ ચંદનવૃક્ષનો, યોગીઓ

स्फारस्फारस्फटावन्तश्चन्दनद्रुलतामिव ।
देहयष्टिमिव श्वासनिरोधाद् योगवेदिनः ॥१८३॥

प्रवेशनिर्गमद्वारं, निषेधन्तः पदे पदे ।
अरुन्धन् मिथिलां वार्धिवीचयो द्वारकामिव ॥१८४॥ त्रिभिर्विशेषकम्

तेन रोधेन कुम्भोऽपि, खिन्नाऽऽखिन्नः कदाचन ।
चिन्तासन्तानवान् जज्ञे, हृतपाणिस्थवित्तवत् ॥१८५॥

उद्विग्ना इव किं तातपादास्तिष्ठन्ति साम्प्रतम् ? ।
इत्यूचे भगवान् मल्लिर्योजिताञ्जलिकुड्मलः ॥१८६॥

उद्वेगकारणं रोधलक्षणं क्षितिनायकः ।
सर्वमाख्यत् पुरो मल्लेः, सद्गुरोरिव भाविकः ॥१८७॥

---

શ્વાસનિરોધથી જેમ દેહયષ્ટિનો અને સમુદ્રના તંરગો જેમ દ્વારિકાનગરીનો નિરોધ કરે તેમ પગલે પગલે જવા-આવવાના માર્ગોને રોકતા છએ રાજાઓએ પોતાના લશ્કરવડે મિથિલાનગરીને ઘેરો ઘાલ્યો. (૧૮૩-૧૮૪)

### કુંભરાજા શત્રુ સૈન્યથી ચિંતાતુર.

તેમના ઘેરાથી જાણે હાથમાંથી ધન હરાઈ ગયું હોય તેમ કુંભરાજા ખેદાતુર અને અતિ ચિંતાતુર થઈ ગયો. (૧૮૫)

એટલે તેમની પાસે આવી અંજલિજોડીને શ્રીમલ્લિકુમારી તેમને કહેવા લાગ્યા કે, "હે તાત ! આપ અત્યારે ઉદ્વિગ્ન કેમ જણાવો છો ? (૧૮૬)

આવો પ્રશ્ન થવાથી સદ્ગુરૂની પાસે ભાવિક ભક્તની જેમ રાજાએ મલ્લિકુમારી આગળ નગરીનિરોધ રૂપ ઉદ્વેગનું કારણ કહી સંભળાવ્યું. (૧૮૭)

मल्लिरप्यवदत् तात !, युगपद् गूढपूरुषैः ।
युष्मभ्यं दास्यते मल्लीत्युक्त्वा सर्वान् प्रबोधय ॥१८८॥

आकार्या मम ते सर्वे, ततोऽपवरकेष्वपि ।
प्रच्छन्नाः सायमानेयाः, स्वल्पलोकपरिच्छदाः ॥१८९॥

तथैव विहिते सायं, राजानो मुदिताशयाः ।
उपागताः पुरो मल्लेः, प्रतिमां वीक्ष्य विस्मिताः ॥१९०॥

मल्लीति ददृशे दिष्ट्या, ध्यायन्त इव चेतसि ।
कृतकृत्यममन्यन्त, स्वात्मानं सिद्धमन्त्रवत् ॥१९१॥

पृष्ठद्वारविभागेन, प्रतिमाया नृपात्मजा ।
उदघाटयत् प्रतिमान्तः, स्थितं तालुचीवरम् ॥१९२॥

---

એટલે ભગવંતે કહ્યું કે, હે તાત ! તમે ગુપ્તપુરુષો દ્વારા એકી સાથે છએ રાજાઓને કહેવડાવો કે- "મલ્લિકુમારી હું તમને આપીશ." (૧૮૮)

પછી સાંજે અલ્પ રસાલા સાથે ગુપ્તરીતે તેમને અશોકવનમાં બનાવેલા પેલા નાના ઓરડાઓ પાસે બોલાવજો. (૧૮૯)

કુંભરાજાએ એ પ્રમાણે અમલ કર્યો. એટલે હર્ષ પામેલા છએ રાજાઓ ત્યાં આવ્યા અને પોતપોતાની સમક્ષ મલ્લિકુમારીની મૂર્તિ જોઈને વિસ્મય પામ્યા. (૧૯૦)

"અહો ! મલ્લિકુમારીને આપણે ભાગ્યયોગે જ જોઈ શક્યા." એમ અંતરમાં ચિંતવતા તેઓ જાણે મંત્ર સિદ્ધ થયો હોય તેમ પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યા. (૧૯૧)

**નિજ સુંદરપ્રતિમા ઢાંકણ ખોલે,**

**રાજાઓના આંતરચક્ષુ ખોલે.**

निक्षिप्तकुथितग्रासगन्धः प्रासरदुच्चकैः ।
दुःसहो लशुनस्येव, सर्वतोऽपसरज्जनः ॥१९३॥

अहिगोश्वानमृतकदुर्गन्धादपि दुःसहः ।
गन्धः षण्णामपीशानां, व्यानशे नासिकापुटीम् ॥१९४॥

तद्गन्धाच्छातकुन्ताग्रप्रहारादिव कातराः ।
अधोमुखा अजायन्त, मृतप्रियसुता इव ॥१९५॥

तानवाचो विलोक्योच्चैरूचे मल्लिर्जगद्गुरुः ।
किं यूयं न्यङ्मुखा जाता, भारार्तशिरसो यथा ? ॥१९६॥

---

પછી મલ્લિકુમારીએ પ્રતિમાની પાછળ રહીને પ્રતિમાને આચ્છાદિત કરેલું તાળવા પરનું વસ્ત્ર ઉઘાડ્યું. (૧૯૨)

એટલે લસણના ગંધ જેવો અંદર નાંખેલ અને કોહી ગયેલા અન્નનો અત્યંત દુઃસહ દુર્ગંધ ચારેબાજુ પ્રસર્યો. (૧૯૩)

((આ વાક્ય જણાવે છે કે માત્ર એક એક કોળીઓ નાંખવાથી અમુકદિવસમાં આની દુર્ગંધ ઉછળી તો આ શરીરમાં દરરોજ ૩૨ કવળ- નંખાય તે શરીરમાં કેવી દુર્ગંધ હોવી જોઈએ ? આવું દુર્ગંધી શરીર જે ચામડીથી મઢેલું છે તે મોહ કરવા યોગ્ય શી રીતે હોય ?)) તેથી સર્વલોકો ત્યાંથી તૂર્ત દૂર થઈ ગયા. સર્પ, બળદ અને કૂતરાના શબની દુર્ગંધ કરતા પણ અતિદુઃસહ દુર્ગંધ તે છએ રાજાઓના નાસિકાપુટમાં દાખલ થયો. (૧૯૪)

એટલે તેઓ અસહ્યદુર્ગંધને લીધે તીક્ષ્ણભાલાના અગ્રભાગના પ્રહારથી કાયરલોકોની જેમ અને જેમનો પ્રિયપુત્ર મરી ગયો હોય તેવા લોકોની જેમ તેઓ અધોમુખવાળા થઈ ગયા. (૧૯૫)

તેમને મૌનપણે ઊભા રહેલા જોઈ મલ્લિકુમારી બોલ્યા કે,

सोढुं न शक्नुमो नूनममुं दुर्गन्धमुच्चकैः ।
एवं बभाषिरे वस्त्रप्रान्तैः पिहितनासिकाः ॥१९७॥

तान् स्वामी प्रत्युवाचेदं, प्रतिबोधपरायणः ।
सौवर्णी प्रतिमा यद्वद्, दृश्यमाना मनोहरा ॥१९८॥

तथा वराङ्गनाः स्मेरनीलेन्दीवरलोचनाः ।
विण्मूत्रश्लेष्ममज्जासृग्मलधातुप्रपूरिताः ॥१९९॥

अकाम्यानपि रामाणां, काम्यानिव शरीरके ।
शरीरांशान् प्रपश्यन्त्यनुरागहतलोचनाः ॥२००॥

पीतोन्मत्तो यथा लोष्ठं, सुवर्णं मन्यते जनः ।
तथा स्त्रीसङ्गजं दुःखं, सुखं मोहान्धमानसः ॥२०१॥

---

"અરે રાજાઓ ! તમે જાણે મસ્તક પર ભારથી દબાયેલા હો તેમ કેમ થઈ ગયા છો ? (૧૯૬)

એટલે વસ્ત્રના છેડાથી નાસિકા બંધ કરીને તેઓ બોલ્યા કે, આ દુઃસહદુર્ગંધ અમે સહન કરી શકતા નથી." (૧૯૭)

પછી તેમને પ્રતિબોધ કરવા ભગવંત બોલ્યા કે :- જેમ સુવર્ણની પ્રતિમા માત્ર જોતાં જ મનોહર લાગે છે. (૧૯૮)

તેમ વિકસિત નીલકમળ જેવા લોચનવાળી સુંદર રમણીઓ પણ વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મ, ચરબી, રક્ત અને મળથી ભરેલી હોવા છતાં પણ (૧૯૯)

અનુરાગને આધીન બનેલા નયનવાળા લોકોને તે પ્રિય લાગે છે. અને તે રમણીઓના શરીરના અવયવો ન ઈચ્છવા યોગ્ય (અકામ્ય) છતાં પણ તેઓ અતિપ્રિય માનીને જુએ છે. (૨૦૦)

જેમ કમળાના રોગવાળો માટીના ઢેફાંને પણ સુવર્ણ માની લે

जटी मुण्डी शिखी मौनी, वल्कली सुतपा अपि ।
**ब्रह्माऽप्यब्रह्मशीलश्चेत्तदा मह्यं न रोचते ॥२०२॥**

कण्डूयन् कच्छुरः कच्छूं, यथा दुःखं सुखीयति ।
दुर्वारमन्मथावेशविवशो रतिजं तथा ॥२०३॥

नार्यो यैरुपमीयन्ते, काञ्चनप्रतिमादिभिः ।
आलिङ्ग्यालिङ्ग्य तान्येव, किमु कामी न तृप्यति ? ॥२०४॥

यदेवाङ्गं गोपनीयं, कुत्सनीयं च योषिताम् ।
तत्रैव हि जनो रज्यन्, केनाऽन्येन विरज्यते ? ॥२०५॥

---

છે તેમ મોહાંધ મનવાળા લોકો સ્ત્રીસંગથી ઉત્પન્ન થતાં દુઃખને સુખ માની લે છે. (૨૦૧)

જટાધારી, મુંડન કરાવનાર, શિખાધારી, વલ્કલધારી, સારો તપસ્વી હોય કે અબ્રહ્મસ્વભાવી તો તે પણ પસંદ કરવા લાયક નથી. (૨૦૨)

ખસવાળો જેમ ખસને ખજવાળતાં દુઃખને સુખ માને છે તેમ દુર્વાર મન્મથ (કામદેવ)ના આવેગને વશ થયેલા માણસો કામભોગના દુઃખને સુખ માની લે છે. (૨૦૩)

જેઓ સ્ત્રીઓને સુવર્ણમૂર્તિ વિગેરેની ઉપમા આપે છે. તેઓ તે મૂર્ત્યાદિકનું વારંવાર આલિંગન કરીને શા માટે તૃપ્ત થતા નથી! (૨૦૪)

સ્ત્રીઓનું જે અંગ ગોપનીય અને કુત્સનીય છે ત્યાં જ જ્યારે લોકો રક્ત થાય છે, ત્યારે તેના બીજા અંગથી તો તેઓ શી રીતે વિરક્ત થાય ? (૨૦૫)

અહો ! માંસ અને અસ્થિ(હાડકા)ઓથી નિર્મિત છતાં મોહથી

मोहादहह ! नारीणामङ्गैर्मांसास्थिनिर्मितैः ।
चन्द्रेन्दीवरकुन्दादि, सदृक्षीकृत्य दूषितम् ॥२०६॥

एवं संसारकाराया, रामाया रूपवर्णनाम् ।
श्रुत्वा कुर्वन्तु मा रागमङ्गनाङ्गस्य सङ्गमे ॥२०७॥

इतो भवात् तृतीये मे, भवन्तः सुहृदोऽभवन् ।
समानवयसस्तुल्यभुक्तवैषयिकक्षणाः ॥२०८॥

युगपत् तुल्यनिर्मुक्तसावद्यावद्यचेष्टिताः ।
युगपत् तुल्यविहितचतुर्थादितपःपराः ॥२०९॥

स्मरतेति न किं यूयं, प्राक्तनं भवचेष्टितम् ? ।
अहं वः सप्तमं मित्रं, कथाख्यानाद् महाबलः ॥२१०॥

---

લોકો સ્ત્રીના અંગોપાંગને ચંદ્ર, કમળ અને કુંદપુષ્પ વિગેરેની સરખા બનાવી દઈને-તેમની ઉપમાઓ આપીને તે તે વસ્તુઓને દૂષિત કરે છે. (૨૦૬)

માટે સંસારના કેદખાનારૂપ સ્ત્રીના રૂપનું વર્ણન સાંભળીને અંગનાના અંગસંગમમાં રાગ કરવા યોગ્ય નથી. (૨૦૭)

**શ્રી મલ્લીકુમારીએ દર્શાવેલ સંસારત્યાગની ભાવના.**

**જાતિસ્મરણ થતાં છએ રાજાની અનુસરણની ભાવના.**

વળી આ ભવથી પૂર્વના ત્રીજાભવમાં તમે સમાનવયવાળા મારા મિત્રો હતા. અને તે વખતે સરખી રીતે આપણે વિષયસુખ ભોગવ્યા છે. (૨૦૮)

અને તે વિષયોને આપણે એકીસાથે ત્યાગ કરીને મુનિપણામાં એકી સાથે સરખી રીતે ઉપવાસાદિક તપસ્યાઓ કરી છે. (૨૦૯)

તો તે પૂર્વભવની ચેષ્ટાને તમે કેમ યાદ કરતા નથી ? તે

श्रुत्वेदं वचनं वाणीदेवताहस्तपुस्तकम् ।
जातिस्मरणमेतेषामुत्पेदे कर्मलाघवात् ॥२११॥

अथ जालकपाटानि, तीर्थेश उदघाटयत् ।
एतेऽभ्यागत्य सर्वेऽपि, प्रमोदाश्रुजलाविलाः ॥२१२॥

प्रबोधोन्मुक्तकालुष्याः, शारदीन घना इव ।
भगवन्तं प्रणम्येदमाख्यन् षडपि भक्तितः ॥२१३॥

स्मरामः प्राग्भवे पूज्यपादाः ! सप्ताऽपि सत्तपः ।
अकृष्महि चतुर्थादि, कर्मघर्मघनोदयम् ॥२१४॥

बोधिता अधुना स्वामिपादैर्देशनयाऽनया ।
आदिशन्तु विधेयं यद्भवन्तो गुरवो हि नः ॥२१५॥

---

વખતે હું તમારો મહાબલ નામે સાતમો મિત્ર હતો. (૨૧૦)

આ પ્રમાણે વચનો સાંભળી સરસ્વતીના હાથમાં રહેલ પુસ્તકની જેમ કર્મની લઘુતાથી તેઓ જાતિસ્મરણ જ્ઞાન પામ્યા. (૨૧૧)

એટલે ભગવંતે દ્વારના બારણા ઉઘાડ્યા. હર્ષાશ્રુ પાડતાં તે સર્વે અંદર આવ્યા. (૨૧૨)

તથા શરદઋતુના મેઘની જેમ ઉપદેશથી કલુષતા રહિત થઈને ભગવંતને પ્રણામ કરી તે છએ રાજાઓ ભક્તિપૂર્વક આ પ્રમાણે કહેવા લાગ્યા, (૨૧૩)

"હે ભગવંત ! આપણે સાતેય પૂર્વભવમાં કર્મરૂપ ઘામ(બફારા)ને મેઘના ઉદય સમાન ઉપવાસાદિ સત્તપ કર્યું હતું. તે અમને યાદ આવે છે. (૨૧૪)

અત્યારે આપે આ ઉપદેશથી અમને જાગૃત કર્યા છે માટે હવે

अथोवाच जगन्नाथः, पाथःपूर्णघनस्वनः ।
अहं संसारकान्तारं, विमुच्याऽनिष्टगेहवत् ॥२१६॥

मुक्तिसंवननं कर्मनिर्नाशनकृतोद्यमम् ।
सत्तपस्यां ग्रहीष्यामि, भविष्यामि च निर्ममः ॥२१७॥ युग्मम्

स्वामिन्नमी वयं तावद्, युष्मन्मार्गप्रवर्तनम् ।
करिष्यामो गुरोर्मार्गे, प्रवृत्तानां शुभं नृणाम् ॥२१८॥

इत्युदीर्य पुनर्नाथं, नमस्कृत्य शुभाशयाः ।
षडपि क्ष्माभुजोऽगच्छन् स्वां, पुरीं स्वबलैः सह ॥२१९॥

---

અમને કરવા યોગ્ય આદેશ કરો. કારણ કે આપ હવે અમારા ગુરુ છો. (૨૧૫)

પછી ભગવંત પાણીથી ભરેલા મેઘસમાન ગંભીર વાણીથી બોલ્યા કે, "હું અનિષ્ટઘરની જેમ આ સંસારરૂપવનનો ત્યાગ કરીને (૨૧૬)

મક્તિરમણીના વશીકરણરૂપ અને કર્મનો નાશ કરવા સમર્થ એવી દીક્ષા ધારણ કરી નિર્મમ થવા ઇચ્છું છું. (૨૧૭)

આ પ્રમાણે સાંભળીને તે રાજાઓ બોલ્યા કે, હે સ્વામિન્ ! તો અમે પણ આપના માર્ગે પ્રવર્તશુ. કારણ કે **"ગુરુના માર્ગે ચાલતાં મનુષ્યોનું કલ્યાણ થાય છે."** (૨૧૮)

આ પ્રમાણે કહી પ્રભુને ફરી નમસ્કાર કરી શુભાશયવાળા તે છએ રાજાઓ પોતપાતોના લશ્કર સાથે પોતપોતાના નગરે ગયા. (૨૧૯)

**લોકાંતિકદેવનુ આગમન. જણાવે દીક્ષા અવસર.**

**પ્રભુનું સંવત્સરી દાન.**

इतः पञ्चमकल्पस्य, विमानेऽरिष्टनामनि ।
लोकान्तिकानां देवानामासनानि चकम्पिरे ॥२२०॥

तत्कम्पादवधिज्ञानप्रयोगादपि ते सुराः ।
सारस्वतादयः सर्वेऽजानन् दीक्षाक्षणं प्रभोः ॥२२१॥

एत्य श्रीमल्लिनाथाग्रे, तेऽवोचन्निति भक्तितः ।
सर्वजगज्जीवहितं, स्वामिन् ! तीर्थं प्रवर्तय ॥२२२॥

स्वामी ग्राहस्थ्यवासेऽपि, वैराग्यैकनिकेतनम् ।
विज्ञप्तस्तैर्विशेषेण, दीक्षायां सत्वरोऽजनि ॥२२३॥

अथ वात्सरिकं दानं, समारेभे जगत्पतिः ।
**सर्वे येन महारम्भा, दानपूर्वा महात्मनाम् ॥२२४॥**

હવે પાંચમા દેવલોકના અરિષ્ટ નામના પ્રતરમાં રહેનારા નવલોકાંતિક દેવોના આસનો કંપાયમાન થયા. (૨૨૦)

તેથી અવધિજ્ઞાનથી તે સારસ્વતાદિ નવે પ્રકારના દેવોએ પ્રભુનો દીક્ષા અવસર જાણ્યો. (૨૨૧)

એટલે તરત શ્રીમલ્લિનાથ સ્વામી આગળ આવી ભક્તિથી તેઓ આ પ્રમાણે કહેવા લાગ્યા કે, "હે ભગવાન્ ! સર્વ જગતના જીવોને હિતકારક એવું ધર્મતીર્થ પ્રવર્તાવો." (૨૨૨)

એટલે ભગવંત તો પૂર્વે ગૃહવાસમાં પણ વિરાગી તો હતા જ, ઉપરાંત લોકાંતિક દેવોની વિજ્ઞપ્તિથી પ્રભુ દીક્ષા લેવા માટે વિશેષ ત્વરિત થયા. (૨૨૩)

પછી ભગવંતે સાંવત્સરિક મહા દાન દેવાનો પ્રારંભ કર્યો. કારણ કે **"મહાત્માઓની સર્વક્રિયાઓ દાનપૂર્વક જ હોય છે."** (૨૨૪)

शृङ्गाटकचतुष्कादिस्थानेषु प्रतिवासरम् ।
आरभ्य सूर्योदयतो, घोषणां स्वाम्यकारयत् ॥२२५॥

यो येनार्थी स तद्वस्तु, गृह्णातु निजयेच्छया ।
एवं वर्षावधि प्रातः, प्रातरुद्घोष्यते जनैः ॥२२६॥

धनानि धनदो यक्षः, शक्रादेशाद् दिने दिने ।
आहृत्य भ्रष्टनष्टानि, पूरयत्यम्बुवद् घनः ॥२२७॥

सर्वत्रेच्छानुमानेन, दीयन्ते कुञ्जरा हयाः ।
रथाभरणवस्त्राणि रत्नानां राशयस्तथा ॥२२८॥

करभा वेसराश्चापि, नगराणि गुरूण्यपि ।
ग्रामग्रामा धराऽऽरामा, यथाकामं धनादयः ॥२२९॥ युग्मम्

---

ભગવંત ત્રણખુણાવાળા રસ્તા, ચારરસ્તા વગેરે રસ્તાઓ પર સૂર્યોદય થતાં પ્રતિદિન ઘોષણા કરાવતા કે, (૨૨૫)

"જેને જે વસ્તુ જોઈએ તેને તે વસ્તુની યાચના પ્રભુ પાસે કરવી અને લઈ જવી." તે પ્રમાણે ભગવંતે એક વર્ષ સુધી પ્રતિદિન પ્રભાતે માણસો પાસે ઘોષણા કરાવી. (૨૨૬)

તે દરમ્યાન ઇંદ્રના આદેશથી કુબેર યક્ષ, જે ધનના સ્વામી ભ્રષ્ટ અને નષ્ટ થયેલ હોય તેવું ધન અનેક સ્થાનકોથી લાવીને મેઘ જેમ પૃથ્વી પર જળ પૂરે તેમ પ્રતિદિન પૂરૂં કરતો હતો.(૨૨૭)

એટલે ભગવંત સર્વને ઇચ્છાનુસાર હાથીઓ, ઘોડા, રથો, આભરણો, વસ્ત્રો, રત્નો, ઊંટો, ખચ્ચરો, મોટા નગરો, ઘણા ગામો, બગીચા, જમીન તથા ધનાદિક આપતા હતા. (૨૨૮-૨૨૯)

स्वेच्छया याचमानेभ्यो, यद् गृहाद्वस्तु दीयते ।
पल्यङ्कासनयानादि, संख्यातुं शक्यते न तत् ॥२३०॥

कोटीमेकां सुवर्णस्य, लक्षाण्यष्टौ दिने दिने ।
सूर्योदयात्प्रातराशकालं यावद् ददौ विभुः ॥२३१॥

सर्वाङ्के दत्तवान् स्वामी, हेमकोटित्रयीशतम् ।
अष्टाशीतिं च कोटीनां, लक्षाशीतिं च सर्वतः ॥२३२॥

सांवत्सरिकदानान्ते, सौधर्माधिपतिः स्वयम् ।
दीक्षोत्सवं विधित्सुः सन्, समागाच्चलितासनः ॥२३३॥

सलिलापूर्णसौवर्णकुम्भसम्भृतपाणिभिः ।
सुरैः शक्रः समं दीक्षाभिषेकं कृतवान् प्रभोः ॥२३४॥

પોતાની ઈચ્છાનુસાર યાચના કરનારા લોકોને જે કાંઈ વસ્તુઓ આપવામાં આવતી તેનું પરિમાણ કરવું અશક્ય હતું. (૨૩૦)

તો પણ અનુમાનથી દરરોજ સૂર્યોદયથી ભોજન સમય સુધી ભગવંત ૧ક્રોડ ૮ લાખ સોનામહોરનું દાન આપતા હતા. (૨૩૧)

આ રીતે વર્ષ પર્યન્તના દાનની સંખ્યા ૩૮૮ ક્રોડ ૮૦ લાખ સોનામહોર દાન કર્યું. (૨૩૨)

**ઈંદ્ર મહારાજે કરેલ પ્રભુનો મહાભિનિષ્ક્રમણ મહોત્સવ.**

સાંવત્સરિક મહાદાનના પ્રાન્તે આસન ચલાયમાન થવાથી સૌધર્મેન્દ્ર પોતે પરિવાર સહિત દીક્ષામહોત્સવ કરવાની ઈચ્છાથી ત્યાં આવ્યા. (૨૩૩)

અને જળપૂર્ણ સુવર્ણકળશો હાથમાં લઈને દેવો સાથે તેમણે ભગવંતને દીક્ષાનો અભિષેક કર્યો. (૨૩૪)

પછી દિવ્ય ગોશીર્ષચંદનથી ભગવંતના અંગનું વિલેપન કરીને

विलिलेप प्रभोरङ्गं, दिव्यैर्गोशीर्षचन्दनैः ।
मौलौ सन्तानपुष्पैश्चाऽबध्नाद् धम्मिलमद्रिभित् ॥२३५॥

वासांस्यलंकृतीः शक्रः, स्वामिनं पर्यधापयत् ।
जयन्तीनामशिबिकां, रचयामास च स्वयम् ॥२३६॥

दत्तहस्तसुरेन्द्रेणारुरोहैनां जगद्गुरुः ।
पश्चादमर्त्यैर्मर्त्यैश्चाग्रभागे सा समुद्धृता ॥२३७॥

पार्श्वतो मल्लिनाथस्य, चकाशे चामरद्वयम् ।
धर्मशुक्लाभिधध्यानयुग्मं मूर्तमिवाऽमलम् ॥२३८॥

वादित्राणां महाघोषैर्व्यानशे सकला दिशः ।
अधर्मवार्तां सर्वत्र, सर्वतस्तिरयन्निव ॥२३९॥

---

પ્રભુના મસ્તક પર ઇંદ્રે સુગંધીપુષ્પોની સુંદરરચનાવડે ધમ્મિલ (કેશપાશ) પ્રભુ સ્ત્રીપણે હોવાથી અંબોડો બાંધ્યો (૨૩૫)

અને ભગવંતને તેણે દિવ્ય વસ્ત્રાલંકારો ધારણ કરાવ્યા. પછી ઇંદ્રે પોતે ભગવંત માટે જયંતી નામની શિબિકા તૈયાર કરાવી. (૨૩૬)

એટલે ઇંદ્રે આપેલા હાથના ટેકાવડે તે શિબિકામાં આરૂઢ થયા. પાછળના ભાગમાં દેવોએ અને આગળના ભાગમાં મનુષ્યોએ તે શિબિકા ધારણ કરી (ઉપાડી) (૨૩૭)

વળી જાણે સાક્ષાત્ નિર્મલધર્મ અને શુક્લધ્યાન હોય તેમ ભગવંતની બંને બાજુ બે ઉજ્જ્વળ ચામરો શોભવા લાગ્યા. (૨૩૮)

જાણે પ્રભુ અધર્મવાર્તાનો સર્વથા નિષેધ કરવા માંગતા હોય તેમ વાજીંત્રોના મહાઘોષથી સર્વદિશાઓ વ્યાપ્ત થઈ ગઈ. (૨૩૯)

वृन्दारकाणां वृन्देभ्यः, स्पष्टो जयजयारवः ।
उत्तस्थे मोहराजस्य प्रवासपटहोपमः ॥२४०॥

क्षणमग्रे क्षणं पृष्ठे, पौरास्तस्थुः प्रमोदतः ।
स्वामिनो विरहं सोढुमप्रौढा इव सर्वतः ॥२४१॥

केऽप्यारुरुहुरट्टाग्रं, सौधाग्राणि च केचन ।
सन्मञ्चाग्राणि केचिच्च, प्रभोर्दर्शनकाम्यया ॥२४२॥

हस्त्यश्वरथपादातपौरवृन्दपरावृतः ।
श्रीमत्कुम्भमहीपालश्चचाल जिनपृष्ठतः ॥२४३॥

करिणीपृष्ठविन्यस्तमञ्चिकासनमासिता ।
प्रभावत्यपि गोत्रस्त्रीसंहत्या पर्यलङ्कृता ॥२४४॥

---

મોહરાજના પ્રવાસના પટહસમાન દેવો ઉંચે શબ્દે જય જયારવ કરવા લાગ્યા. (૨૪૦)

જાણે ભગવંતનો વિરહ સહવા અસમર્થ હોય તેમ નગરજનો પ્રમોદથી ક્ષણવાર આગળ અને ક્ષણવાર પાછળ ઊભા રહેવા લાગ્યા. (૨૪૧)

એ સમયે કેટલાક નગરવાસીઓ ભગવંતને જોવાની ઇચ્છાથી અગાશી ઉપર, કેટલાક હવેલીના ઉપલા ભાગ પર, કેટલાક માંચડા ઉપર બેસી ગયા. (૨૪૨)

ભગવંતની પાછળ હાથી, ઘોડા, રથ તથા નગરજનોના પરિવારસહિત શ્રીમાન્ કુંભરાજા ચાલવા લાગ્યા. (૨૪૩)

અને ગોત્રીય સ્ત્રીઓ સાથે ભગવંતની માતા પ્રભાવતી પણ હાથણીની પીઠપર રચેલા આસન (અંબાડી)માં બિરાજમાન થયા. (૨૪૪)

स्वामिदीक्षाश्रुतेरुत्कैः, प्रविव्रजिषुभिः समम् ।
राजभिस्त्रिशतीसंख्यैः सहर्षैरग्रतः स्थितैः ॥२४५॥

स्त्रीणामप्यान्तरपरीवाराणां च त्रिभिः शतैः ।
दिदृक्षुभिः परं पौरैरुत्सवं समुपागतैः ॥२४६॥

पूर्णपार्श्वो जगन्नाथो, मिथिलामध्यवर्त्मना ।
वधूपाणिमिवादातुं, दीक्षामुत्को वरो यथा ॥२४७॥

शिबिकावाहिनस्तत्र, दिव्याभरणभासुराः ।
अदधुर्भूगतानेकाश्विनीनन्दनवैभवम् ॥२४८॥

तदा श्रीमल्लिनाथस्य, तस्मिन्निष्क्रमणोत्सवे ।
गतक्षूणो दिदृक्षूणां, क्षोभः स्त्रीणां क्षणादभूत् ॥२४९॥

---

ભગવંત દીક્ષા લે છે તે વાત સાંભળી ઉત્કંઠિત થયેલા, તેમની સાથે દીક્ષા લેવાને ઇચ્છતા, હર્ષપૂર્વક આગળ આવી ઊભેલા અને ૩૦૦ સ્ત્રીઓના આંતર પરિવાર યુક્ત, એવા ત્રણસો રાજા તથા આ પરમ મહોત્સવ જોવાને આતુર થઈને ઉપસ્થિત થયેલા, (૨૪૫-૨૪૬)

નગરવાસીથી પરિવરેલા ભગવંત ઉત્સુકવર જેમ વધુને પરણવા નીકળે તેમ મિથીલાનગરીના મધ્યમાર્ગથી નીકળ્યા. (૨૪૭)

ત્યાં દિવ્યાભરણોથી દેદીપ્યમાન શિબિકાવાહકો જાણે પૃથ્વી ઉપર આવેલા વૈભવથી અશ્વિનીકુમાર હોય તેવા શોભવા લાગ્યા. (૨૪૮)

તે સમયે ભગવંતનો નિષ્ક્રમણોત્સવ જોવાને આતુર બનેલી લલનાઓને ક્ષણવાર ક્ષોભ ખૂબ વધી પડ્યો. (૨૪૯)

अर्धप्रोतस्फुरत्काञ्च्या, प्रस्खलन्त्यः पदे पदे ।
तुङ्गजालकमध्यासुः, काश्चित् स्वामिदिदृक्षया ॥२५०॥

काश्चिद् देशान्तरायातप्रियवार्ता अपास्य ताः ।
स्वामिदीक्षोत्सवं द्रष्टुं, चेलुश्चपललोचनाः ॥२५१॥

काश्चिदिभ्याङ्गनाः पौत्रजन्म श्रुताऽपि पावनम् ।
न दत्त्वा हर्षदानान्यधावन्तोद्दामवल्गितम् ॥२५२॥

चेलाञ्चलांश्चलदृशश्चञ्चच्चामरवैभवात् ।
काश्चिच्च चालयामासुश्चलहाववपुर्लताः ॥२५३॥

पुण्याङ्कुरानिवाऽमोघान्, लाजान् काश्चन चिक्षिपुः ।
काञ्चन तन्दुलान्मौलौ, शुक्लध्यानलवानिव ॥२५४॥

---

સ્વામીને જોવાની ઇચ્છાથી ઉતાવળને લીધે અડધી બાંધેલી લટકતી મેખલાને લીધે પગલે પગલે સ્ખલના પામતી કેટલીક રમણીઓ ગવાક્ષમાં આવીને બેઠી. (૨૫૦)

કેટલીક ચપળાક્ષીઓ દેશાંતરથી આવેલા પોતાના પતિના સમાચારની પણ દરકાર ન કરતાં ભગવંતનો દીક્ષામહોત્સવ જોવા ચાલી. (૨૫૧)

કેટલીક ગૃહસ્થની સ્ત્રીઓ પોતાના પૌત્રનો પવિત્ર જન્મ સાંભળીને પણ હર્ષદાન આપવા ન રોકાતાં એકદમ દોડતી ચાલી. (૨૫૨)

ચંચળ હાવભાવયુક્ત શરીરલતાવાળી કેટલીક ચંચળ આંખોવાળી ચંચળચામરની જેમ પોતાના વસ્ત્રોના છેડા ચલાવવા લાગી. (૨૫૩)

કેટલીક પ્રમદાઓ અમોઘ પુણ્યાંકુર સરખા લાજા (ધાણી જેવા

शीतांशुकरमित्राणि, पूर्णपात्राणि काश्चन ।
विदधुः करराजीवे, यशांसीव जगद्गुरोः ॥२५५॥

स्वाम्यङ्कपूर्णकुम्भस्य, स्पर्धिनः काश्चिदङ्गनाः ।
पूर्णकुम्भान् करक्रोडे, दधुः श्रेयःफलोपमान् ॥२५६॥

तत्र काश्चित् प्रनृत्यन्ति, जातपुत्रोत्सवा इव ।
गोत्रवृद्धा इव जगुर्मङ्गलान्यपि काश्चन ॥२५७॥

सुरेन्द्राणां चतुःषष्टिनाट्यानीकैः प्रभोः पुरः ।
नाट्यानि चक्रिरे व्योम्नि, गन्धर्वनगराणि वा ॥२५८॥

---

માંગલિક પદાર્થ) અને કેટલીક શુક્લધ્યાનના લવ સદશ અક્ષત ભગવંતના મસ્તક ઉપર ઉછાળવા લાગી. (૨૫૪)

કેટલીક સુંદરીઓ ભગવંતનો જાણે યશ હોય તેવા ચંદ્રમા સમાન પૂર્ણપાત્રો પોતાના હસ્તકમળમાં ધારણ કરવા લાગી. (૨૫૫)

કેટલીક રમણીઓ ભગવંતના ઉત્સંગમાં રહેલા પૂર્ણકુંભની સ્પર્ધા કરનારા તથા જાણે શ્રેયઃફળો હોય તેવા પૂર્ણકુંભો પોતાના હાથમાં ધારણ કરવા લાગી. (૨૫૬)

કેટલીક કામિનીઓ જાણે પુત્રજન્મનો મહોત્સવ હોય તેમ નાચ કરવા લાગી. કેટલીક ગોત્રવૃદ્ધાઓની જેમ મંગળગીતો ગાવા લાગી. (૨૫૭)

આકાશમાં જાણે ગાંધર્વનગરોની રચના કરતા ઇંદ્રોના ચોસઠ પ્રકારના નૃત્યકારો ભગવંતની આગળ નાટક કરવા લાગ્યા. (૨૫૮)

ત્યાં એકત્ર થયેલા દેવો, માનવો, પાતાલવાસી દેવોથી જાણે

मर्त्यैरमर्त्यैः पातालवासिभिस्तैरुपागतैः ।
एकत्रैव कृतवती, त्रिलोकी कौतुकादिव ॥२५९॥

मिथिलामण्डनं राजगन्धर्वा नवगीतिभिः ।
अगायंस्त्रिजगन्नाथगुणग्रामाननेकधा ॥२६०॥

इभ्यसामन्तवर्गाणां, संमर्दाद् गलितच्युतैः ।
हारै रचितपूजेव, पूरभूत् सर्वतोमुखी ॥२६१॥

निर्ममोऽपि जगन्नाथो, मङ्गलानि पदे पदे ।
प्रतीयेषाऽनुचराणां, **सेवास्थितिविदो जिनाः** ॥२६२॥

कांश्चिन्नमस्यतो देवानाकाशे भुवनाधिपः ।
कृतार्थान् विदधे स्मेरनयनाम्भोजवीक्षणैः ॥२६३॥

---

કૌતુકથી ત્રણે લોક એકત્ર થયા હોય તેમ લાગતું હતું. (૨૫૯)

મિથિલાના મંડનરૂપ રાજાના ગવૈયાઓ પણ નવીનવી ગીતિથી ભગવંતના અનેકરીતે ગુણગાન કરવા લાગ્યા (૨૬૦)

ઈભ્યજનો (શ્રેષ્ઠીઓ) અને સામંતવર્ગની પરસ્પર અથડામણથી તૂટીને પડી ગયેલા હારોથી જાણે સર્વત્ર નગરીની પૂજા થયેલી હોય એવો દેખાવ થઈ રહ્યો. (૨૬૧)

એ વખતે ભગવંત નિર્મમ છતાં પણ પગલે પગલે સેવકજનોના મંગળોને સ્વીકારવા લાગ્યા. કારણ કે - **શ્રીજિનેશ્વરો પણ સેવાસ્થિતિ જાણનારા હોય છે.** (૨૬૨)

આકાશમાં રહી નમસ્કાર કરતાં કેટલાક દેવોને ભગવંત વિકસિત નેત્રકમળથી નિહાળીને કૃતાર્થ કરવા લાગ્યા. (૨૬૩)

એ રીતે સુરાસુર માનવોથી કરાતા મહોત્સવપૂર્વક ભવવાસના

एवं सुरासुरनरैः, क्रियमाणमहोत्सवः ।
पुरीगोपुरमुल्लङ्घ्य भववासनिवासवत् ॥२६४॥

कुमुदागोदसंमत्तरोलम्बरवडम्बरैः ।
अर्थैरिव महाकाव्यं, सूचितस्मरकेतकैः ॥२६५॥

एलालवङ्गकक्कोलनागरङ्गादिभूरुहैः ।
सदाशापसृतैः पूर्णमिव साधुमनोरथैः ॥२६६॥

अभ्रंलिहानोकहेषु, बद्धदोलं कुमारकैः ।
मुखासवाद्यैः पौरीभिः, पूर्यमाणद्रुदोहदम् ॥२६७॥

चाल्यमानलताचक्रं, क्रीडया पौरबालकैः ।
उच्चीयमानसुमनोमालिनीभिः कराम्बुजैः ॥२६८॥

---

નિવાસની જેમ નગરીનું ગોપુર (મુખ્યદ્વાર) ઓળંગીને (૨૬૪)

સ્મર અને કેતકી પુષ્પનું સૂચન કરનાર, અર્થોથી મહાકાવ્યની જેમ કુમુદના આમોદ (સુગંધ)થી મદોન્મત્ત થયેલા ભમરાઓના ગુંજારવથી શબ્દાયમાન, (૨૬૫)

સદાશાથી વિસ્તાર પામેલી સાધુઓના મનોરથોની જેમ એલાયચી, લવિંગ, કંકોલ, નારંગાદિ વૃક્ષોથી પૂર્ણ, (૨૬૬)

જ્યાં ગગનસ્પર્શી વૃક્ષોમાં બાળકોએ હીંચકા બાંધેલા છે એવા, જ્યાં નગરવાસી લલનાઓ મુખમાંથી કાઢેલા આસવાદિકથી વૃક્ષના દોહદ પૂર્ણ કરી રહી છે એવા, (૨૬૭)

પૌરબાળકો જ્યાં ક્રીડા કરતા છતા લતાઓને ચલાયમાન કરી રહ્યા છે એવા, પોતાના કરકમળથી પુષ્પો વીણતી કુમારિકાઓ જ્યાં ક્રીડા કરી રહી છે એવા, (૨૬૮)

વળી મનોહર ગુંજારવ કરતી કોયલના નાદથી જાણે ભગવંતને

मञ्जुगुञ्जत्पिकीनादैराह्वदिव जगद्गुरुम् ।
महोद्यानमथ प्राप, श्रीमन्मल्लिजिनेश्वरः ॥२६९॥

अथाव्याच्छिबिकारत्नात्पोतादिव महाभुजः ।
उत्ततार स्वबाहुभ्यां, तरीतुं भववारिधिम् ॥२७०॥

उज्झाञ्चकार निःशेषं, नेपथ्यादि जगद्गुरुः ।
निर्मोकमिव नागेन्द्रो, मिथ्यात्वमिव तत्त्ववित् ॥२७१॥

अदूष्यं देवदूष्यं स्वाराजस्त्रिजगदीशितुः ।
स्कन्धे चिक्षेप सुज्ञानाऽग्रयानमिव मूर्तिमत् ॥२७२॥

पञ्चविंशतिधन्वोच्चः, कृतषष्ठमहातपाः ।
मार्गशुक्लस्यैकादश्याः, पूर्वाह्णे भेऽश्वयुज्यथ ॥२७३॥

---

બોલાવતું હોય એવા મહોદ્યાનમાં શ્રીમલ્લિનાથ પ્રભુ પધાર્યા. (૨૬૯)

પછી સ્વબાહુથી જાણે ભવસાગર તરવાને ઇચ્છતા હોય તેમ નાવપરથી મહાબાહુની જેમ ભગવંત તે શિબિકા પરથી નીચે ઉતર્યા. (૨૭૦)

અને તત્ત્વજ્ઞ જેમ મિથ્યાત્વનો અને નાગેન્દ્ર જેમ કાંચળીનો ત્યાગકરે તેમ પ્રભુએ સમગ્રવસ્ત્રાદિકનો ત્યાગ કર્યો. (૨૭૧)

પછી સુજ્ઞાનનું અગ્રયાન હોય એવું એક અદૂષિત દેવદુષ્યવસ્ત્ર ઇંદ્રે ભગવંતના સ્કંધપર મૂક્યું. (૨૭૨)

એટલે અશ્વિની નક્ષત્રયુક્ત માગશર સુદિ એકાદશીના દિવસે પ્રથમ પહોરે છઠ્ઠ તપ કરીને, (૨૭૩)

પચવીસ ધનુષ્યની કાયાવાળા શ્રીમલ્લિનાથ ભગવંતે પોતે

श्रीमन्मल्लिजिनाधीशः, पञ्चभिर्मुष्टिभिः स्वयम् ।
केशानुत्पाटयामास, मूर्तिमद्विषयानिव ॥२७४॥

प्रत्यैच्छत् त्रिदशाधीशः, स्वामिदत्तप्रसादवत् ।
अब्दमुक्तोम्बुवत् पृथ्वी, निजचेलाञ्चलेन सः ॥२७५॥

अद्रिभित्स्वामिनः केशान्, कज्जलश्यामलश्रियः ।
प्राक्षिपत् क्षीरपाथोधौ, निर्मलीकरणाय वा ॥२७६॥

वेगात् तत्रैत्य सद्भक्तिरूर्ध्वीकृतकरद्वयः ।
तुमुलं वारयामास, वासवो नटवद् नृणाम् ॥२७७॥

उक्त्वा सिद्धनमस्कारं, सामायिकमथोच्चरन् ।
चारित्रं जगृहे स्वामी, मुक्तिसंवनननौषधम् ॥२७८॥

---

સાક્ષાત્ વિષયોની જેમ પંચમુષ્ટિથી કેશનો લોચ કર્યો. (૨૭૪)

એટલે મેઘથી મુક્ત થયેલ પાણી જેમ પૃથ્વી ગ્રહણ કરે, તેમ ભગવંતે આપેલા પ્રસાદની જેમ ઇંદ્રે તે કેશોને પોતાના વસ્ત્રના છેડામાં ગ્રહણ કર્યા. અને ભગવંતના કજ્જલ જેવા શ્યામ કેશને નિર્મળ કરવાને ઇચ્છતા હોય તેમ તેણે ક્ષીરસાગરમાં જઈને ક્ષેપ્યા. (૨૭૫-૨૭૬)

પછી સત્વર પાછા આવીને સદ્ભક્તિપૂર્વક નટની જેમ બંને હાથ ઉંચા કરી ઇંદ્રે માણસોને કોલાહલ કરતા અટકાવ્યા (૨૭૭)

એટલે શ્રીસિદ્ધભગવંતને નમસ્કાર કરીને સામાયિકનો ઉચ્ચાર કરતાં ભગવંતે મુક્તિવધુને વશ કરવાના ઔષધરૂપ ચારિત્ર અંગીકાર કર્યું (૨૭૮)

તે વખતે કેવળજ્ઞાનના લાભનો જાણે અનઘ સત્યંકાર (કોલ)

मनःपर्यायसंज्ञं च, ज्ञानं भर्तुरभूत् तदा ।
केवलज्ञानलाभस्य, सत्यङ्कार इवानघः ॥२७९॥

नारकाणामपि सुखमाकस्मिकमजायत ।
सौदामिन्या इव द्योतः, क्षणं च नरकेऽजनि ॥२८०॥

त्रिशतीप्रमिता भूपास्त्रिशतीप्रमिताः स्त्रियः ।
संवेगाम्भःकृतस्नानाः, प्राव्रजन्ननु तीर्थपम् ॥२८१॥

ततः प्रदक्षिणीकृत्य, श्रीमल्लिस्वामिनं जिनम् ।
वाचा पीयूषहारिण्याऽऽरेभे स्तोतुं पुरन्दरः ॥२८२॥

नमो मल्लिजिनेशाय, कुमारब्रह्मचारिणे ।
वैराग्यद्रुपयोदाय, क्लेशावेशाग्निवारिणे ॥२८३॥

---

હોય એવું મનઃપર્યાયજ્ઞાન ભગવંતને ઉત્પન્ન થયું. (૨૭૯)

અને સાતે નરકમાં વીજળીના પ્રકાશની જેવો ક્ષણભર ઉદ્યોત થયો. (૨૮૦)

આ વખતે ભગવંતની પાછળ સંવેગરૂપ જળથી જેમણે સ્નાન કરેલ છે એવા ત્રણસો રાજાઓ અને ત્રણસો સ્ત્રીઓએ દીક્ષા અંગીકાર કરી. (૨૮૧)

પછી ભગવંતને ત્રણ પ્રદક્ષિણા આપીને ઇંદ્ર અમૃતસમાન મનોહર વાણીથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. (૨૮૨)

"બાળ બ્રહ્મચારી, વૈરાગ્યવૃક્ષને મેઘસમાન, કલેશાગ્નિના આવેશને જળ સમાન હે ભગવંત ! તમને નમસ્કાર થાઓ. (૨૮૩)

હે સ્વામિન્ ! જળથી પદ્મપત્રની જેમ કર્મોથી તમે અસંસ્પૃષ્ટ

कर्मभिस्त्वमसंस्पृष्टः, पद्मपत्रमिवोदकैः ।
तव संसारवासोऽपि, मुक्तिवास इवाऽजनि ॥२८४॥

मैत्र्यादिवासनापूतं, दूतं शाश्वतशर्मणि ।
नाऽभिभूतं मदेनापि, स्मरामि तव शासनम् ॥२८५॥

स्वामिन् ! विश्वोपकाराय, तपस्यां प्राप्तवानसि ।
मार्गद्रुः पान्थसार्थाय, फलैः फलति पेशलैः ॥२८६॥

त्वज्जितस्त्रिजगन्नाथाऽनङ्गत्वं दधते स्मरः ।
दग्धो दुग्धेन यो लोके, स फूत्कृत्य पयः पिबेत् ॥२८७॥

इत्थं जगत्पतिं स्तुत्वा, भक्तिप्रह्वः पुरन्दरः ।
अनुनाथं धरापीठं, त्रिर्नमो विदधेतराम् ॥२८८॥

છો. વળી આપનો સંસારવાસ પણ મુક્તિવાસ જેવો જ હતો. (૨૮૪)

હે વિભો ! મૈત્રી વિગેરે ભાવનાઓથી પવિત્ર શાશ્વતસુખના એક દૂતરૂપ અને મદથી અનભિભૂત આપના શાસનનું હું વારંવાર સ્મરણ કરૂ છું. (૨૮૫)

હે ભગવંત આપે જગતના ઉપકારને માટે દીક્ષા ગ્રહણ કરી છે. કારણ કે માર્ગવૃક્ષ મુસાફરોના ઉપકારને માટે જ રમણીય ફળોથી ફલિત થાય છે. (૨૮૬)

હે પ્રભો ! આપનાથી પરાજિત થયેલ કામદેવ અનંગપણાને ધારણ કરે છે. કારણ કે દૂધથી દાઝેલો માણસ જળને પણ ફૂંકીને પીએ છે.” (૨૮૭)

આ પ્રમાણે જગત્પતિની સ્તુતિ કરીને ભક્તિથી નમ્ર ઇંદ્રે ભગવંતની પાછળની ધરાપીઠને ત્રણવાર નમસ્કાર કર્યા (૨૮૮)

अथ च्छत्रायमाणस्याऽशोकद्रोः प्रवरे तले ।
अप्रमत्त प्रतिमायां श्रीजिनो लम्बिभुजद्वयः ॥२८९॥

अप्रमत्तः संयतादिगुणस्थानानि तत्क्षणम् ।
आश्रित्य घातिकर्माणि, पुप्लोष ध्यानपावके ॥२९०॥

तस्मिन्नेव क्षणे विश्वभर्तुर्विश्वप्रकाशकम् ।
उत्पेदे केवलज्ञानं, सर्वपर्यायतत्त्ववित् ॥२९१॥

अथ क्षणात् सहस्राक्षः, प्रयुक्तावधिना स्वयम् ।
उत्पन्नं केवलज्ञानमज्ञासीदुक्तवत् तदा ॥२९२॥

अपनिन्युर्हरेराज्ञाविधेर्वायुकुमारकाः ।
योजनप्रमिते क्षेत्रे, तृणकाष्ठादि विस्तृतम् ॥२९३॥

---

પછી છત્રાકારે રહેલ અશોકવૃક્ષની નીચે ભૂજા લાંબી કરીને ભગવંત પ્રતિમાએ-કાઉસ્સગ્ગધ્યાને રહ્યા. (૨૮૯)

એટલે અપ્રમત્ત સંયતાદિ ગુણસ્થાનોનો આશ્રય કરનારા પ્રભુના ધ્યાનરૂપ અગ્નિમાં ઘાતિકર્મો ભસ્મીભૂત થઈ ગયા (૨૯૦)

અંને તેજ વખતે સર્વ દ્રવ્ય-ગુણ પર્યાયને જણાવનારૂં અને વિશ્વપ્રકાશક એવું કેવળજ્ઞાન પ્રભુને ઉત્પન્ન થયું. (૨૯૧)

**સમવસરણ રચે સુર-દેશના દે જિનભાણ.**

અવધિજ્ઞાનના ઉપયોગથી પ્રભુને ઉત્પન્ન થયેલ કેવળજ્ઞાન તરત જ ઇંદ્રના જાણવામાં આવ્યું. (૨૯૨)

એટલે ઇંદ્રના આદેશથી વાયુકુમાર દેવોએ યોજનપ્રમાણ ભૂમિમાં રહેલ તૃણકાષ્ઠાદિ સર્વ દૂર કર્યું. (૨૯૩)

મેઘકુમાર દેવોએ જાણે શુદ્ધ સ્વાતિનક્ષત્રમાં ઉત્પન્ન થયેલ હોય

तत्र गन्धाम्बुभिः शुद्धस्वातिज्योतिर्भवामिव ।
रजःपुञ्जप्रशमनीं, वृष्टिं चक्रुर्दिवौकसः ॥२९४॥

स्वर्णरत्नशिलाजालैस्तूद्बबन्धुर्महीतलम् ।
सुरास्तत्र भृतैश्चैत्यमध्यवद् मेध्यबुद्धयः ॥२९५॥

जानुदघ्नीं पञ्चवर्णामामोदाद् मत्तषट्पदाम् ।
विकूणिकां कूणयन्तीं, वृष्टिं पौष्पीं व्यधुः सुराः ॥२९६॥

कृत्वाऽन्तर्मणिमयस्तूपमभितस्तमधः सुराः ।
रैकपिशीर्षकं वप्रं, व्यधुर्भुवनवासिनः ॥२९७॥

ज्योतिष्कास्तद् द्वितीयं तु, सद्रत्नकपिशीर्षकम् ।
चक्रिरे काञ्चनैः सूर्यरश्मिभिरिव पिण्डितम् ॥२९८॥

---

તેવી અને રજપુંજને શાંત કરનારી સુગંધી જળની વૃષ્ટિ કરી. (૨૯૪)

પછી શુદ્ધબુદ્ધિવાળા વ્યંતર દેવોએ ત્યાં ચૈત્યના મધ્યભાગની જેમ પૃથ્વીતળને સુવર્ણ અને રત્નથી બાંધી દીધું. (૨૯૫)

દેવોએ મધુરગંધથી ભમરાઓને પ્રમત્ત કરનારી અને મનને પ્રસન્ન કરનારી એવી જાનુપ્રમાણ ષટ્ઋતુના પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરી. (૨૯૬)

પછી ભવનપતિદેવોએ પ્રથમ સુવર્ણના કાંગરાવાળો રજતનો ગઢ રચ્યો. (૨૯૭)

જ્યોતિષદેવોએ સૂર્યના કિરણો એકત્ર થયા હોય એવા સુવર્ણથી રત્નના કાંગરાવાળો બીજો સુવર્ણ ગઢ રચ્યો. (૨૯૮)

તથા વૈમાનિક દેવોએ જાણે રોહણાચલથી લાવ્યા હોય તેવા

रत्नैः प्राकारमुत्तुङ्गं, रोहणाद्रेर्हृतैरिव ।
सुरा वैमानिकाश्चक्रुर्माणिक्यकपिशीर्षकम् ॥२९९॥

वप्रं वप्रं प्रति कृता, प्रतोलीनां चतुष्टयी ।
चतुर्दिगन्तलोकानामाह्वातुमिव दूतिकाः ॥३००॥

उपरिष्टात् प्रतोलीनां, तोरणानि चकाशिरे ।
विलोकितुं दिगन्तानि, स्थितानीवोर्ध्वमम्बरे ॥३०१॥

मुखन्यस्ताम्बुजाः पूर्णकलशास्तोरणस्थिताः ।
रेजिरे मोहसंतप्तान्, भव्यान् सेक्तुमिवोद्यताः ॥३०२॥

प्रतोलीनां पुरो दिव्या, वाप्यः सौवर्णपङ्कजाः ।
क्रीडार्थमिव कैवल्यलक्ष्म्या इव सुदीर्घिकाः ॥३०३॥

प्रतिद्वारं धूपघट्यः, स्फुरद्धूपाः पदे पदे ।
विपद्दंशविनाशाय, निर्मितास्त्रिदशेश्वरैः ॥३०४॥

---

રત્નોથી માણિક્યના કાંગરાવાલો ત્રીજો રત્નગઢ રચ્યો. (૨૯૯)

દરેક કિલ્લામાં જાણે ચારે દિશાના લોકોને બોલાવવાને દૂતિકાઓ હોય તેવી ચાર પ્રતોલી (દરવાજા) રચી. (૩૦૦)

તેની ઉપર જાણે દિગંત જોવાને ઉંચે આકાશમાં રહ્યા હોય તેવા તોરણો શોભવા લાગ્યા (૩૦૧)

તથા જેના મુખ ઉપર કમળો રાખેલા છે એવા તોરણ પર રહેલા પૂર્ણકળશો જાણે મોહથી સંતપ્ત બનેલા ભવ્યોને સિંચન કરવા તૈયાર હોય તેમ શોભવા લાગ્યા. (૩૦૨)

તે પ્રતોલીની આગળ જાણે કૈવલ્યલક્ષ્મીની ક્રીડા કરવાની વાવડીઓ હોય તેવી સુવર્ણકમળવાળી દિવ્યવાપી ઓ શોભવા લાગી. ઇંદ્રોએ જાણે વિપત્તિરૂપદંશનો નાશ કરવા ગોઠવેલી અને

देवच्छन्दं जगद्भर्तुर्विश्रामाय दिवौकसः ।
प्राकारे मध्यमे चक्रुः, पूर्वोदीच्यां यथास्थिति ॥३०५॥

धनुः शतत्रयं पांशुं, चैत्यद्रुं पत्रलं ततम् ।
तृतीयशालमध्योर्व्यां, विदधुर्व्यन्तरामराः ॥३०६॥ युग्मम्

ततः सिंहासनं दिव्यं, चारुणी चामरे अपि ।
त्रैलोक्यविभुताशंसि, शुभ्रं छत्रत्रयं सुराः ॥३०७॥

सर्वाश्चर्यैरिव कृतं, निर्मितं मङ्गलैरिव ।
संकीर्णमिव लक्ष्मीभिर्हर्षैर्मूर्तैरिवावृतम् ॥३०८॥

जगच्चित्रैद्रुवि व्याप्तं, निधानैरिव सेवितुम् ।
चक्रे समवसरणं, शरणं पर्वणामिव ॥३०९॥

---

પગલે પગલે જેમાં ધૂપ સ્ફૂરાયમાન છે એવી ધૂપઘટીઓ પ્રતિદ્વારે શોભવા લાગી. (303-304)

દેવોએ ભગવંતને વિશ્રામ લેવા મધ્યકિલ્લામાં ઈશાનખૂણામાં યથાસ્થિત એક દેવચ્છંદ રચ્યો. (305)

પછી વ્યંતરદેવોએ ત્રીજા કિલ્લાની મધ્યભૂમિમાં 300 ધનુષ્ય (પ્રભુના શરીરથી બાર ગણું) ઉન્નત,પત્રયુક્ત તથા એક યોજન વિસ્તૃત ચૈત્યવૃક્ષ બનાવ્યું. (306)

ત્યારપછી દેવોએ ત્રૈલોક્યના વૈભવને સૂચવનાર શુભ્રછત્રનું ત્રિક, દિવ્યસિંહાસન તથા બે સુંદર ચામર પ્રત્યેક દિશાએ રચ્યા. (307)

આ પ્રમાણે સર્વ આશ્ચર્યો અને મંગળોથી બનાવેલ હોય, શોભાથી જાણે સંકીર્ણ થયેલું હોય, જાણે સાક્ષાત્ હર્ષથી આવૃત્ત હોય, જગતના ચિત્રોથી વ્યાપ્ત હોય અને નવેનિધાનો જાણે તેની

एकत्र दिव्यरम्भोरुकरताडितदुन्दुभीः ।
एकत्र पञ्चसुग्रामप्रपञ्चस्थिरकिन्नरम् ॥३१०॥

एकत्र लेप्यललनाकरकुम्भगलज्जलम् ।
एकत्र रममाणस्वऋकुभारकृतहुंकृति ॥३११॥

एकत्र स्वर्वधूलोकहल्लीसककृतोत्सवम् ।
एकत्र किन्नरीगानदत्तश्रवणकिन्नरम् ॥३१२॥

(पञ्चभिर्द्वितीयश्लोकमध्यक्रियाकुलकम्)

मुहुः संचार्यमाणेषु, लक्ष्मीलीलागृहेष्विव ।
स्वर्णमयेषु पद्मेषु, न्यस्य पादौ सुकोमलौ ॥३१३॥

---

સેવા કરવા આવ્યા હોય અને દેવાને પણ શરણ લેવા લાયક તેવું એકબાજુ દેવાંગનાઓ કરતલથી દુંદુભી વગાડી રહી છે. એક તરફ પંચ સુગ્રામની રચનામાં કિન્નરો વ્યગ્ર થયેલા છે. એકબાજુ દેવાંગનાઓએ હાથમાં લીધેલા કુંભોમાંથી જળ ઝરી રહ્યું છે. એક તરફ રમતા સ્વર્ગીય કુમારો હુંકારા કરી રહ્યા છે. એક બાજુ દેવાંગનાઓ રાસડા ગાઈને મહોત્સવ કરી રહી છે. તથા એક બાજુ જયાં કિન્નરો કિન્નરીઓનું ગાન સાંભળી રહ્યા છે એવું સમવસરણ દેવોએ રચ્યુ. (૩૦૮-૩૧૨)

**નવસુવર્ણ કમળ ઉપર પદાર્પણ.**

**પૂર્વદ્વારથી સમવસરણે પદાર્પણ.**

પછી વારંવાર સંચારિત કરેલા અને જાણે લક્ષ્મીના લીલાગૃહ હોય એવા સુવર્ણકમળો પર પોતાના સુકોમળ ચરણો સ્થાપતા, (૩૧૩)

पुरस्ताद् बन्दिभिरिव, त्रिर्जयेति विभाषकैः ।
अमरैर्दर्श्यमानाऽध्वा, देवीभिर्गीतमङ्गलः ॥३१४॥

पूर्वद्वारात् प्रविश्योच्चैरूचैत्यद्रोश्च प्रदक्षिणाम् ।
**विदधेऽवश्यकार्याणि, जिना अपि वितन्वते ॥३१५॥**

नमस्तीर्थायेति वचो धीरधीरमुदीरयन् ।
दिव्यसिंहासने तस्थौ, कुम्भाङ्कः कुम्भभूर्जिनः ॥३१६॥

कन्दर्पजनयं नाथ !, त्वां दृष्ट्वाऽशोकपादपः ।
प्रनृत्यति चलैः पत्रैः, सलीलमिव पाणिभिः ॥३१७॥

---

આગળ બંદીજનોની જેમ વારંવાર જય જય શબ્દ બોલતા દેવો જેમને માર્ગ બતાવી રહ્યા છે અને દેવીઓ જેમના મંગલગીતો ગાઈ રહી છે. (૩૧૪)

એવા ભગવંતે પૂર્વદ્વારથી સમવસરણમાં પ્રવેશ કર્યો. ચૈત્યવૃક્ષને ત્રણ પ્રદક્ષિણા આપી, કારણ કે, **"અવશ્ય કરવાનું તો શ્રીજિનેશ્વરો પણ કરે છે."** (૩૧૫)

પછી **"ધર્મતીર્થને નમસ્કાર હો"** એમ ગંભીર અને ધીર વચનથી બોલતા અને જેમને કુંભનું લાંછન છે એવા ભગવંત દિવ્યસિંહાસન પર પૂર્વ સન્મુખ બિરાજમાન થયા. (૩૧૬)

## ઈંદ્ર મહારાજે કરેલી ગુણગણસ્તવના.

તે વખેત ઈંદ્રે ભગવંતની આ પ્રમાણે સ્તુતિ કરી, મન્મથનું મથન કરનારા હે નાથ ! આપને જોઈ અશોકવૃક્ષ પોતાના ચંચળ પત્રરૂપ હસ્તો ઉછાળી જાણે લીલા સહિત નૃત્ય કરતું હોય તેમ ભાસે છે. (૩૧૭)

દિવ્યધ્વનિના રસાસ્વાદમાં લુબ્ધ અને તેમાં જ અંતર એકતાન

दिव्यध्वनिरसास्वादलुब्धास्त्वत्पादपङ्कजम् ।
तदेकतानहृदयाः, सेवन्ते सततं मृगाः ॥३१८॥

स्यूते इव करैरिन्दोः, फेनैरिव करम्बिते ।
तव पार्श्वे जगन्नाथ !, रेजाते चामरे इमे ॥३१९॥

तव सिंहासनं नाथ !, धत्ते सुरगिरिश्रियम् ।
अप्रकम्प्यं परैः कामं, चारुकल्याणभाजनम् ॥३२०॥

भाति भामण्डलं पृष्ठे, पिण्डीकृतमहः सुरैः ।
उदयद्द्वादशादित्यतेजःस्तोमविडम्बकम् ॥३२१॥

श्रीमल्लेर्भुवनाधीशदिवि दुन्दुभिवादनम् ।
विधत्ते मोहनीयादिमलिम्लुचपराभवम् ॥३२२॥

થઈ ગયું છે. એવા મૃગો સતત આપના પાદપંકજને સેવે છે. (૩૧૮)

જાણે ચંદ્રમાના કિરણથી અથવા સમુદ્રના ફીણથી બનાવેલા હોય એવા ઉજ્વળ બે ચામર હે નાથ ! આપની બંનેબાજુ શોભી રહ્યા છે. (૩૧૯)

પરવાદીઓથી બિલકુલ અપ્રકંપ્ય અને શ્રેષ્ઠ કલ્યાણ (સુવર્ણ)ના ભાજનરૂપ એવું આપનું સિંહાસન મેરૂપર્વતની શોભાને ધારણ કરે છે. (૩૨૦)

હે ભગવન્ ! ઉદય પામતા બાર સૂર્યના તેજસમૂહને વિડંબના પમાડનારૂં તથા દેવોએ એકત્ર કરેલા તેજના સમૂહરૂપ ભામંડળ આપના પૃષ્ઠભાગમાં શોભી રહ્યું છે. (૩૨૧)

હે મલ્લિજિનાધીશ ! આકાશમાં વાગતો દુંદુભીનો નાદ મોહનીયાદિક ચોરોનો પરાભવ કરે છે. (૩૨૨)

त्रये स्युस्त्रिजगन्नाथ !, जम्बूद्वीपे यदीन्दवः ।
तेनोपमीयते छत्रत्रितयं मूर्ध्नि भासुरम् ॥३२३॥

**स्तुत्वेति विरते शक्रे, श्रीकुम्भः पृथिवीपतिः ।**
**विरचय्याञ्जलीबन्धं, स्तुतवानिति भक्तिभाक् ॥३२४॥**

धन्य ईक्ष्वाकुवंशोऽयं, प्रसिद्धोऽजनि भारते ।
यस्मिन् भवादृशा जाताः, सुवृत्ता मौक्तिकोपमाः ॥३२५॥

येन स्मरेण तीर्थेश !, कुम्भदासीकृतं जगत् ।
स त्वयोन्मूलितो जीर्णपादप इव वात्यया ॥३२६॥

---

હે જગન્નાથ ! આપના મસ્તકે રહેલા દેદીપ્યમાન ત્રણ છત્ર જો જંબૂદ્વીપમાં ત્રણ ચંદ્રમા હોયતો તેની ઉપમા આપી શકાય. (અર્થાત્-જંબૂદ્વીપમાં ત્રણ ચંદ્ર નથી તેથી તારા ત્રણ છત્ર અનુપમેય છે.) (૩૨૩)

આ પ્રમાણે સ્તુતિ કરીને ઇંદ્ર વિરામ પામ્યા એટલે શ્રીમાન્ કુંભરાજા ભક્તિપૂર્વક હાથ જોડી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. (૩૨૪)

"ભારતમાં ભાગ્યવંત ઇક્ષ્વાકુવંશ આજે વિશેષ પ્રસિદ્ધ થયો છે. જેમાં સુવૃત્ત મૌક્તિક સમાન આપના જેવા તીર્થંકર ઉત્પન્ન થાય છે. (૩૨૫)

હે તીર્થેશ ! જે કામદેવે સમસ્ત જગતને દાસ બનાવી દીધેલ છે તે કામદેવનું વાયુ જેમ જીર્ણવૃક્ષનું ઉન્મૂલન કરે તેમ સમૂળ ઉન્મૂલન કર્યું છે." (૩૨૬)

આ રીતે ભગવંતની સ્તુતિ કરી મનમાં હર્ષ પામતા શ્રી કુંભરાજા જાણે વારંવાર જોવાથી પણ તુપ્ત ન થયા હોય તેમ

स्तुत्वेति सत्यमर्हन्तं, श्रीकुम्भो मुदिताशयः ।
अतृप्त इव तीर्थेशवक्त्रराजीवमैक्षत ॥३२७॥

सांवत्सरिकदानान्तं, विज्ञाय स्वपुरीं तदा ।
विहाय षडपि प्राप्ता, भूभुजस्ते शमादृताः ॥३२८॥

स्पृष्ट्वा भूमीतटं मूर्ध्ना, योजिताञ्जलयोऽखिलाः ।
एवमारेभिरे स्तोतुं, गिरा धीरप्रशान्तया ॥३२९॥

पूर्वस्मिन् जन्मनि स्वामिन् !, तारकोऽसि यथा भृशम् ।
तदेदानीं विवाहस्य, क्षणं देशनयाऽनया ॥३३०॥

भवप्रतिभयं नष्टं, तव मूर्तिविलोकनात् ।
**खेलन्ति कौशिकास्तावद्, यावन्नोदेत्यहर्पतिः ॥३३१॥**

---

ભગવંતના મુખકમળને જોઈ રહ્યા. (૩૨૭)

**મલ્લિકુંવરીથી પ્રતિબોધ પામેલા છએ મિત્રનું આગમન.**

એવામાં સાંવત્સરિક દાનની સમાપ્તિ જાણીને પોતાની રાજધાનીનો ત્યાગ કરી સમતાવંત પૂર્વોક્ત છએ રાજાઓ ત્યાં આવ્યા (૩૨૮)

અને ભૂમિતલને લલાટથી સ્પર્શ કરી અંજલિ જોડી તે બધા ધીર અને પ્રશાંત વાણીથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યા. (૩૨૯)

"હે સ્વામિન્ ! જેમ આપ પૂર્વજન્મમાં અમારા તારક થયા હતા તેમ આ ભવમાં પણ વિવાહ નિમિત્તે આવેલા અમને દેશના આપીને આપે ચેતવ્યા છે. (૩૩૦)

હે વિભો ! આપની મૂર્તિ જોવાથી હવે અમારે સંસારનો ભય

इति विनयविनम्रा भक्तिभाजो नरेन्द्रा-
स्त्रिभुवनगुरुमेनं मल्लिनाथं प्रणम्य ।
मरुदधिपतिपृष्ठे पृष्ठतामादधाना
जिनवचनवितानं श्रोतुमुत्का न्यषीदन् ॥३३२॥

**इत्याचार्यश्रीविनयचन्द्रविरचिते श्रीमल्लिनाथस्वामिचरिते महाकाव्ये विनयाङ्के दीक्षाकेवलज्ञानोत्पत्तिसंकीर्तनो नाम पञ्चम सर्गः ।**

---

રહ્યો નથી. કારણ કે **"જ્યાં સુધી સૂર્યોદય ન થાય ત્યાં સુધી જ ઘુવડ ખેલ કરી શકે છે."** (૩૩૧)

આ પ્રમાણે સ્તુતિ કરીને વિનયથી નમ્ર અને ભક્તિવંત તે રાજાઓ ત્રિભુવનગુરુ શ્રીમલ્લિનાથને પ્રણામ કરી ભગવંતની વાણી સાંભળવાને ઉત્સુક થયા છતાં ઇંદ્રની પાછળ બેઠા. (૩૩૨)

**આ પ્રમાણે આચાર્યશ્રી વિનયચંદ્રસૂરિ વિરચિત શ્રીમલ્લિનાથચરિત્ર મહાકાવ્યમાં છમિત્રસંગમ-પ્રભુની દીક્ષા-કેવલજ્ઞાન-સમવસરણાદિના વર્ણન સ્વરૂપ પાંચમો સર્ગ પૂરો થયો.**

## સૂરિરામ ત્રિપદી

છોડવા જેવો સંસાર

મેળવવા જેવો મોક્ષ

લેવા જેવી દીક્ષા

### મધ્યસ્થ ક્યાં સુધી કહેવાય ?

જજ મધ્યસ્થ ખરો ! પણ એ ક્યાં સુધી ? જ્યાં સુધી એ વાદી-પ્રતિવાદીની વાત જ ન સમજે; ત્યાં સુધી જ. સમજ્યા પછી તો એ સત્યનો પક્ષપાતી થાય છે. અસત્ય સામે એ આંખ લાલ કરે છે. રાજ્યનો સાક્ષી પણ જો ખોટો જણાય, તો એ એની ઝાટકણી કાઢ્યા વિના રહેતો નથી. સાચું-ખોટું સમજ્યા પછી જે મધ્યસ્થ રહે, એ કદી સાચો ધર્મ પણ ન પામી શકે !

त्वां प्रपद्यामहे नाथं, त्वां स्तुमस्त्वामुपास्महे ।
त्वत्तो हि न परस्त्राता, किं ब्रूमः किमु कुर्महे ॥१॥

તમને અમે નાથ તરીકે સ્વીકારીએ છીએ,
તમારી સ્તુતિ કરીએ છીએ. તમારી જ ઉપાસના કરીએ છીએ.
હિ=જેકારણથી, તમારાથી અન્ય ત્રાતા નથી=આ સંસારમાં
રાગાદિથી રક્ષણ કરનાર તમારા સિવાય બીજો કોઈ નથી. અમે શું
બોલીએ ? અર્થાત્ સ્તુતિ સિવાય શું બોલીએ ? અમે શું કરીએ ?
અર્થાત્ તમારી ઉપાસના સિવાય અમે શું કરીએ ?



Creative
9723341415 / 8488882043
aakar Design factor